## સત્યયુગની રૂપરેખા

સત્યયુગની વાસ્તવિકતા તથા સંસ્થાપનનો સંપૂર્ણ ખ્યાલ તો એક મહાગ્રંથ દ્વારા જ આપી શકાય છતા સંક્ષિપ્તમાં :-

(૧) પરમાત્મા છે.

(૨) આ પરમાત્મા **सत्परं चिद्घनं करुणात्मकं ब्रह्म।** છે એટલે કે માયા રહિત સત્ જેનું સ્વરૂપ છે. જ્ઞાનના અર્કરૂપ ચૈતન્ય જેનું લક્ષણ છે તથા કેવળ કરૂણા જેનો સ્વભાવ છે. તેવા શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ છે.

(૩) પરમાત્માના આ સમ્યક્ સ્વરૂપને જ પોતપોતાના ઈષ્ટનું સ્વરૂપ ગણી જગતના લોકો જો તેને જ હૃદયમાં રાખી તેની સાક્ષીએ જીવન જીવશે તો વ્યક્તિગત રીતે : મનુષ્ય સુખ, શાંતિ તેમજ સત્ સંપતિનો અધિકારી થશે તેમજ સમષ્ટિ રીતે : વિશ્વશાંતિ, સાત્ત્વિક સમૃદ્ધિ સાથે સમગ્ર જગત એક કલ્યાણ રાજ્ય બની જશે.વળી પરમાત્મનું સ્વરૂપ સંપૂર્ણ સત્ હોવાથી પૃથ્વી પર ઉગતો સૂર્ય પણ સત્યયુગનો જ હશે.

**પરમાત્મન્ શ્રી સત્ ચિત્ આત્મન્**

સત્યયુગાવતાર શ્રી સત્ ચિત્ આત્મન્ પ્રભુશ્રીનું જીવનલીલા દર્શન

ॐ ह्रीं ऋतम्

# સત્યયુગાવતાર
# શ્રી સત્ ચિત્ આત્મન્ પ્રભુશ્રીનું
# જીવનલીલા દર્શન







**અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ**

## સત્યયુગની રૂપરેખા

સત્યયુગની વાસ્તવિકતા તથા સંસ્થાપનનો સંપૂર્ણ ખ્યાલ તો એક મહાગ્રંથ દ્વારા જ આપી શકાય છતા સંક્ષિપ્તમાં :-

(૧) પરમાત્મા છે.

(૨) આ પરમાત્મા **सत्परं चिद्घनं करुणात्मकं ब्रह्म।** છે એટલે કે માયા રહિત સત્ જેનું સ્વરૂપ છે. જ્ઞાનના અર્કરૂપ ચૈતન્ય જેનું લક્ષણ છે તથા કેવળ કરૂણા જેનો સ્વભાવ છે. તેવા શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ છે.

(૩) પરમાત્માના આ સમ્યક્ સ્વરૂપને જ પોતપોતાના ઈષ્ટનું સ્વરૂપ ગણી જગતના લોકો જો તેને જ હૃદયમાં રાખી તેની સાક્ષીએ જીવન જીવશે તો વ્યક્તિગત રીતે : મનુષ્ય સુખ, શાંતિ તેમજ સત્ સંપતિનો અધિકારી થશે તેમજ સમષ્ટિ રીતે : વિશ્વશાંતિ, સાત્ત્વિક સમૃદ્ધિ સાથે સમગ્ર જગત એક કલ્યાણ રાજ્ય બની જશે.વળી પરમાત્મનું સ્વરૂપ સંપૂર્ણ સત્ હોવાથી પૃથ્વી પર ઉગતો સૂર્ય પણ સત્યયુગનો જ હશે.

**પરમાત્મન્ શ્રી સત્ ચિત્ આત્મન્**


સત્યયુગાવતાર શ્રી સત્ ચિત્ આત્મન્ પ્રભુશ્રીનું જીવનલીલા દર્શન

ॐ ह्रीं ऋतम्


# સત્યયુગાવતાર
# શ્રી સત્ ચિત્ આત્મન્ પ્રભુશ્રીનું
# જીવનલીલા દર્શન

ॐ







**અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ**

ૐ

**'ઈશ્વર પ્રાપ્તિ જ માનવ જીવનનો ઉદ્દેશ છે'**

- પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાન.

# સત્યયુગાવતાર

## 'શ્રી સત્-ચિત્-આત્મન્ પ્રભુશ્રીનું જીવનલીલા દર્શન'


**:: લેખક ::**

**ભક્તશ્રી જયંતિભાઈ રતિલાલ ભટ્ટ**


**અહિંસાના પાલન વિના આધ્યાત્મિકતા શક્ય નથી.**

-પરમાત્મન્ શ્રી આત્મન્ ભગવાન

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | સત્યયુગશ્રી રામજી મંદિર,<br>ભક્ત પરિવાર, ન્યાલ ભક્ત આશ્રમ,<br>બાલ સંરક્ષણ ગૃહ સામે, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.<br>મો. ૯૪૨૬૪ ૧૯૦૨૮, ૯૪૨૬૭ ૧૯૦૨૮ |
| પ્રત | : | ૧૦૦૦ |
| તારીખ | : | તા. ૨૧-૦૪-૨૦૨૧, શ્રી રામનવમી |
| પ્રાપ્તિ સ્થાન | : | સત્યયુગશ્રી રામજી મંદિર<br>ન્યાલભગત આશ્રમ, બાળ અદાલત સામે,<br>ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.<br>બાલ સંરક્ષણ ગૃહ સામે, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨. |
| વેચાણ કિંમત | : | ૨૦૦/- |
| ડિઝાઈનીંગ/ પ્રિન્ટેડ બાય | : | કામનાથ પ્રાઈવેટ લીમીટેડ |

**સર્વ હક્ક લેખકને જ સ્વાધીન છે.**

ૐ

## પ્રસ્તાવના

પરમ પૂજ્ય પ્રભુશ્રીના 'જીવન લીલા દર્શન' પુસ્તકની આ દ્વિતીય આવૃતિ પ્રગટ કરતા ધન્યતા અનુભવું છું.

પ્રસ્તુત પુસ્તક દ્વારા પૂજ્ય શ્રી આત્મન્ ભગવાનનું (પ્રભુશ્રી) દિવ્ય જીવન, અવતારી કાર્ય તથા જ્ઞાનોપદેશનો યથાર્થ પરિચય કરાવવાનો છે. પ્રભુશ્રીનું જીવન જ પરમ ઉપદેશરૂપે હતું. તેઓશ્રીએ જીવમાત્રના કલ્યાણાર્થે ત્રીસ વર્ષ સુધી અવિરત અતિ કઠિન તપસ્યા કરી હતી. તેમનું કરુણામય હૃદય અહર્નિશ વિશ્વના જ શ્રેય અર્થે ચિંતિત હતું. એ રીતે તેઓશ્રીની આ માનવીય ભૂમિકા કોઈપણ સંત કે ભક્તથી તદ્દન ભિન્ન સ્થાપિત થયેલી હતી. તેઓશ્રીએ આપેલું જ્ઞાન સંપૂર્ણપણે અધ્યાત્મલક્ષી હતું. એટલે કે મનુષ્યને ઈશ્વર સબંધે એક નૂતન જીવન દૃષ્ટિ પુરી પાડે છે. આવું પ્રભુશ્રીનું ભવ્યતાતિભવ્ય જીવન કેમ દર્શાવવું ? મારાં સામર્થ્યમાં ન હોવા છતાં તેઓશ્રીની કૃપા થકી યથાશક્તિ પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત પુસ્તક લખવાની મને પ્રેરણા કઈ રીતે થઈ તે જણાવતા પૂર્વે પ્રભુશ્રી સાથેના મારા સંસ્મરણો સંક્ષિપ્તમાં દર્શાવવા યથોચિત થશે.

મારા પૂર્વના કોઈ યોગે પ્રભુશ્રીનું પ્રથમ દર્શન મને તા. ૨૬-૧૧-૧૯૭૨ ના રોજ થયું હતું. ભક્ત શ્રી શુકલભાઈ મને તેઓશ્રીના દર્શને લઈ ગયા હતા. તેઓશ્રીનું તેજસ્વી મુખારવિંદ અને મધુર વાણીથી પ્રથમ દર્શને જ અત્યંત પ્રભાવિત થઈ ગયેલો. પરંતુ તેઓશ્રીને ઓળખવાની મારામાં શક્તિ ન હતી.

ૐ

તેઓશ્રીએ મને અભ્યાસ વિષે થોડું પૂછેલુ તે સિવાય કોઈ વાતચીત થયેલ ન હતી.

ત્યાર પછીના બે વર્ષનો ગાળો મારા સાંસારિક જીવનનો અત્યંત કઠિન સમય હતો. તે દરમ્યાન કોઈ વખત પ્રભુશ્રીના દર્શને ગયેલો પરંતુ તેમની પ્રેમાળ સ્મૃતિ હૃદયમાં સતત રહ્યા કરતી. તેઓશ્રી વિષે જાણવાની પ્રબળ ઉત્કંઠા થયા કરતી અને તેથી નજીકમાં રહેતા ભક્તના સંપર્કમાં રહેતો.

કોઈપણ સંતને ઓળખવા તેમની દિનચર્યા જાણવી આવશ્યક છે. વિશેષ તો તેમના આહાર-શયન (થાળી-પથારી) જ ઓળખનું પ્રાથમિક લક્ષણ છે. પ્રભુશ્રી વિષે જાણવા મળેલું કે ''તેઓશ્રી અત્યંત મિતાહારી છે. એક વખત ભક્તો સાથે જ સાદુ ભોજન (પ્રસાદ) લે છે. અને નિજખંડમાં દર્ભની સાદડી પર બે-ચાર કલાક આરામ કરે છે. તેમના ખંડમાં પુસ્તકો સિવાય કંઈ રાખતા નથી.'' આમ પ્રભુશ્રી સંપૂર્ણ ત્યાગી અને પવિત્ર તપોમય જીવનમાં રહેતા હતા.

એક વખત અચાનક તે ભક્તને ઘરે જવાનું થયું. તેમની પૂજામાં પ્રભુશ્રીના કૃશ સ્વરૂપની છબીનું દર્શન કર્યું ત્યારે તો માની ન શક્યો કે તેઓશ્રીએ આટલું તપ કર્યું હશે ! આમ હવે પ્રભુશ્રીને હૃદયથી સંપૂર્ણ સ્વીકાર્યા પછી સમસ્યા એ થઈ કે મારા ઇષ્ટ શ્રી રામકૃષ્ણ ભગવાન હોવાથી પ્રભુશ્રીને સ્વીકારવા કઈ રીતે ?

ઈ.સ. ૧૯૭૪, ૯ ડીસેમ્બરે પ્રભુશ્રીએ મને બોલાવ્યો અને આગામી પ્રલય વિષે વિસ્તૃત સમજ આપી તેમજ એક વર્ષ સત્યયુગ શ્રી રામજી મંદિરે અખંડધૂનમાં જવા આદેશ આપ્યો. પ્રભુશ્રીના આદેશને મારું અહોભાગ્ય સમજી શ્રી મંદિરે નિયમિત ધૂનમાં જવાનો પ્રારંભ કર્યો. મારા સાંસારિક જીવનનાં અત્યંત વિષમ દિવસોમાં ક્યારેક સાયકલ પણ ન હોય તેવી સ્થિતિમાં દૂરથી ચાલતા અખંડધૂનમાં જતો હતો. જો કે અંતર્યામી પ્રભુશ્રીથી આ બધું અજાણ ન

ॐ

હતું. પ્રત્યેક એકાદશીએ રાત્રે 'શ્યામલ'માં જતો. 'ભજો રે મન રામકૃષ્ણ હરિ' એ ભજન સાંભળતા અત્યંત ભાવ થતો. જ્યારે પ્રણામ કરી રજા લેતો ત્યારે પ્રભુશ્રી અચૂક બીજા દિવસે પ્રસાદ લેવાનું આમંત્રણ આપતા. આ રીતે તેઓશ્રી ક્યારેય ભૂલ્યા વગર પ્રસાદરૂપી કૃપા થકી મારા આધ્યાત્મિક જીવનનું ઘડતર કરી રહ્યા હતા. વધુમાં સમયાંતરે મારી ઇષ્ટ સંબંધી દ્વિધા પણ દૂર થઈ ગઈ હતી.

હવે પ્રભુશ્રી મને અવારનવાર કોઈ કાર્ય અર્થે બોલાવતા. પાસે બેસાડી પ્રસાદ લેવડાવતા અને કંઈક ઉપદેશ પણ આપતા હતા. ઈ.સ. ૧૯૭૬ (શ્રાવણમાસ)માં ગાંધીનગર એક મહીનો શ્રી શુકલભાઈને ત્યાં અખંડધૂનમાં જવાનું થયું હતું. ઈ.સ. ૧૯૭૭ અને ઈ.સ. ૧૯૭૮ દરમ્યાન પ્રભુશ્રીએ જ મને પ્રોત્સાહિત કરી મારો અભ્યાસ પૂર્ણ કરાવ્યો હતો. મારા દુન્યવી જીવનનો કઠિન સમય પણ થોડો હળવો થયો હતો.

એક સવારે પૂજ્યશ્રીના દર્શને (શ્યામલ) ગયો. તેઓશ્રી દાદરા પાછળ દાતણ કરી રહ્યા હતા. પ્રણામ કર્યા પછી મને કહ્યું, **''આ પરમાત્માનું કાર્ય વિશ્વકલ્યાણનું છે. આ કાર્યમાં હૃદયથી સમર્પિત થઈ રહેવું એમાં જ જીવનની સાચી સાર્થકતા છે. આવી ઉમદા તક જીવનમાં ક્યારેક જ મળે છે.''** પ્રભુશ્રીના  આ શબ્દોથી મારું અંતર કકળી ઉઠ્યું તેઓશ્રીના ઉપવાસ તથા પુસ્તકના લેખનનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. મારા પૂર્વજન્મના કોઈ યોગે હું નિયમિત પ્રભુશ્રીના સાન્નિધ્યમાં સેવામાં પ્રવૃત થયો. તેઓશ્રી સાથે પરસ્પર કાર્યમાં એવી સંવાદિતા નિર્માણ થઈ કે દિવસોના દિવસો તેમના શ્રીચરણોમાં પસાર થવા લાગ્યા. આમ સતત ચાર વર્ષ સુધી તેઓશ્રીનું પવિત્ર સાન્નિધ્ય મળતું રહ્યું.

ભક્તવત્સલ પ્રભુના સ્વધામ પ્રયાણ (ઈ.સ.૧૯૮૨) પછી ઘણા વર્ષો વિતી ગયા. તેઓશ્રીના જીવન અને કાર્ય વિષે કોઈ પુસ્તક પ્રગટ થઈ શક્યુ ન

ૐ

હતું. મને કોઈ વખત સહજ વિચાર ઉદ્‌ભવતો કે કોઈ અંતરંગ ભક્ત આ કાર્ય કરે તો લોકો પ્રભુશ્રીને જાણી-સમજી શકે. એક વખત ઓચિંતા ભક્ત શ્રી કરસનભાઈ રાઠોડ કે જેઓ પ્રભુશ્રીના અંતરંગ ભક્ત તથા બાળ સખા હતા તેઓ મારે ત્યાં આવ્યા અને પ્રભુશ્રીના જીવન વિષે લખવા પ્રેરિત કર્યો. હવે મારા માનસમાં તીવ્ર મનોમંથન શરૂ થયું. પ્રભુશ્રી સાથેના ભૂતકાળના સંસ્મરણો જીવંત થયા. તેઓશ્રી જ્યારે પુસ્તકનું લેખન મારી પાસે કરાવતા તે દરમ્યાન તેના વસ્તુ-વિષયની વ્યવસ્થિત સમજ આપતા અને કોઈ વખત કહેતા કે, ''આ નોંધી લેજો તમોને ભવિષ્યમાં ઉપયોગી થશે.'' આમ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનના ગહન વિષયની ઘણી વાતો પ્રભુશ્રીના સ્વમુખે સાંભળવા મળી હતી. પ્રસંગોચિત સહજ વાતમાં એમ પણ કહેતા કે, ''આ કાર્ય (પુસ્તકનું) તમારે જ કરવાનું થશે.'' પ્રભુશ્રીના આ ગુઢાર્થ શબ્દનો સુચિતાર્થ ત્યારે સમજી શક્યો ન હતો. વળી તેઓશ્રીના અંતિમ દિવસોમાં બનેલી ઘટના પણ પુસ્તક-લેખનના સમર્થનરૂપ હતી તેમ કહી શકાય ! નાસિક જવાના આગલા દિવસે સવારે હું પ્રભુશ્રી સન્મુખ બેઠો હતો. તેઓશ્રીએ મારા પર દૃષ્ટિ કરી પછી ધીમા સ્વરે પ્રાર્થના કરી રહ્યા હતા કે, ''જયંતિભાઈને (ભટ્ટ) કાંઈ ન થાય, ભગવાન તેમની રક્ષા કરે... રક્ષા કરે.'' આમ પ્રભુશ્રીએ જ મારી આ કાર્યાર્થે રક્ષા કરી હતી. એ જ રીતે નાસિક જતા પહેલા ગુજરાતી ગૌરક્ષાના પુસ્તકનું અપૂર્ણ કાર્ય મને સોંપ્યું હતું. તેમજ નાસિકમાં પણ મારી પાસે થોડું લખાવ્યું હતું. સક્ષિપ્તમાં કહીએ તો પ્રભુશ્રીએ સાંકેતિક રીતે જે કંઈ કહેલ અથવા મારી પાસે કરાવેલ તેનો સાર એ જ હતો કે પ્રભુશ્રીના પુસ્તક લેખનનું કાર્ય મારે સત્કર્તવ્યરૂપે કરવાનું હતું.

હવે પ્રશ્ન એ થયો કે પ્રભુશ્રીના દિવ્યજીવન અને તેમની અલૌકિક આધ્યાત્મિક લીલાને શબ્દદેહ કેમ આપવો ? પુસ્તક લેખન અર્થે ક્યો આધાર લેવો ? આ સંદર્ભમાં ઊંડા ચિંતન પછી મારા માનસમાં એક સ્પષ્ટ ચિત્ર આકાર પામતું ગયું.

ૐ

પ્રભુશ્રીના દીર્ઘ સાન્નિધ્યમાં રહેવાથી તેઓશ્રીનું જીવન, ક્રિયા-કાર્યો, વ્યવહારો, તથા પરમાત્મા સાથેની એકરૂપતા પ્રત્યક્ષ જોઈ હતી. વળી તેઓશ્રી પ્રસંગોચિત જે કંઈ બોધપ્રદ વાતો કે ઉપદેશરૂપે કહેતા તે મારી સ્મૃતિમાં રહેતું. તેથી અગત્યની નોંધ ઘરે આવી સંક્ષિપ્તમાં લખી લેતો હતો. 'શ્યામલ'માં તેઓશ્રીના દર્શને આવતા ભક્તો સાથે પ્રભુશ્રી આધ્યાત્મિક જ્ઞાનની ગહન વાતો ઘણા સમય સુધી કરતા. આ વાતો સાંભળવાનું મને પણ સૌભાગ્ય મળતું હતું. પ્રભુશ્રીનું પ્રગટ-અપ્રગટ સાહિત્ય, પત્રો વગેરે પણ પ્રસ્તુત પુસ્તકના લેખનમાં મુખ્ય આધારરૂપ બને તેમ હતા. આવી રીતે પ્રભુશ્રીના સર્વાંગી જીવનની એક સ્પષ્ટ રૂપરેખા મારા માનસમાં તૈયાર થઈ ગઈ.

પ્રભુશ્રીના અંતરંગ ભક્ત તથા બાળમિત્ર શ્રી બચુભાઈ તથા શ્રી કરસનભાઈએ પણ પ્રભુશ્રી વિષે ઘણી રસપ્રદ વાતો કહી હતી. (તેમની કેસેટ પણ બનાવેલ હતી.) તેમજ પ્રભુશ્રીના અમેરિકાના સહાધ્યાયી શ્રી શાંતિભાઈ શાહે પણ ત્યાંના જીવનની ઘણી વાતો કહી હતી. જે પ્રસ્તુત પુસ્તકમાં નોંધ કરેલ છે. પરંતુ પ્રભુશ્રીના પૂર્વજો તથા કૌટુંબિક જીવન વિષે કોઈ નોંધપાત્ર વિગત પ્રાપ્ત થઈ શકેલ નથી. પ્રભુશ્રીએ મુંબઈ તથા પુનામાં દસેક વર્ષ અભ્યાસ કરેલો તેની પણ કોઈ વિગત મળી શકેલ નથી.

પ્રસ્તુત પુસ્તકના હાર્દ સમાન તેઓશ્રીનું ''બ્રહ્મ અને માયા'' વિષેનું જ્ઞાન પ્રકરણ-૧૧માં વ્યવસ્થિત રીતે સમજાવ્યું છે. તેઓશ્રીના અવતારી કાર્યને સમજવા આ પાયાનું જ્ઞાન જ મુખ્ય આધાર છે. શ્રી રામકૃષ્ણ ભગવાને તેમના અવતારી કાર્ય દ્વારા માયા વિષેની સમજ 'કામિની-કાંચન' રૂપે આપેલી તે જ માયાને પ્રભુશ્રીએ તેના સ્વરૂપ-સ્વભાવ અનુસાર માયા અને મહામાયા (અવિદ્યામાયા)માં વિભાજીત કરીને વ્યવસ્થિત સમજ આપી છે. બ્રહ્મ વિરોધી આ શક્તિ જ જગતના મહત્ અંશના અનિષ્ટનું મૂળ છે. વાસ્તવિકતામાં તેનું જ આધિપત્ય પૃથ્વી પર રહેલું છે.

ૐ

અહીં એ સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે શ્રી રામકૃષ્ણ ભગવાન અને શ્રી આત્મન્ ભગવાન (પ્રભુશ્રી)નું અવતારી કાર્ય એક જ ધ્યેયને પરિપૂર્ણ કરવાનું હતું. શ્રી રામકૃષ્ણ ભગવાને જે પરમાત્મા વિરોધી માયા શક્તિનું રહસ્યજ્ઞાન આપ્યું તે જ જ્ઞાનના પાયા પર પ્રભુશ્રીનું 'સત્-સંસ્થાપન' અને 'માયા-નિર્મૂલન'નું કાર્ય હતું. આમ તેઓશ્રી વચ્ચે કાર્યાત્મક એકત્વનો ગાઢ સંબંધ રહેલો હતો. અને તેથી જ પ્રભુશ્રીએ પૂજામાં શ્રી રામકૃષ્ણ ભગવાનને સ્થાપિત કરી નિત્યની આરતીમાં પ્રથમ શ્લોકમાં તેમને ''સત્યયુગ-ધારિન'' રૂપે દર્શાવ્યા છે.

પૂજ્ય આત્મન્ પ્રભુશ્રીનું કાર્ય 'સત્-સંસ્થાપન' કરવાનું હતું પરંતુ ઈ.સ.૧૯૭૫થી વિશ્વપર પ્રલયની પ્રબળ શક્યતાને કારણે 'પ્રલય નિવારણ'નું કાર્ય જ મુખ્ય બની ગયું. અને તે અર્થે જ સમગ્ર તપોશક્તિ પ્રયોજેલ હતી. તેઓશ્રી આધ્યાત્મિકતાના વિષય પર એક ક્રાંતિકારી વિસ્તૃત પુસ્તક લખવા ઇચ્છતા હતા. પણ તે લખી શક્યા ન હતા. આમ પ્રલયના સંદર્ભમાં જ જીવનના અંતિમ ચાર વર્ષ (ઉપવાસ સાથે) ગાય તથા મૂકજીવોના પુસ્તક લેખનમાં જ વ્યસ્ત રહ્યા હતા. આવી અકલ્પ્ય કઠિન તપસ્યાને કારણે શરીર અત્યંત કૃશ થઈ જવાથી ઈ.સ. ૧૯૮૨માં દેહત્યાગ (મહાસમાધિ) કરવો પડ્યો હતો.

પ્રભુશ્રીનું આ જગતને મુખ્ય પ્રદાન બ્રહ્મમંત્ર- ''ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ''નું છે. બાર વર્ષની એકધારી કઠિન તપોસાધના ફળ સ્વરૂપ આ અમોઘ શક્તિશાળી બ્રહ્મમંત્રનું વ્યષ્ટિ-સમષ્ટિના કલ્યાણાર્થે પ્રવર્તન કર્યું હતું. એ જ રીતે પ્રલયાત્મક આપત્તિઓના નિવારણ અર્થે બ્રહ્મમંત્રની અખંડધૂન (અધ્યાત્મ યજ્ઞ) અખંડ પ્રાર્થનારૂપે પ્રયોજેલ હતી. તેની સંપૂર્ણ પ્રાયોગિક સફળતા પછી વિશ્વની અનેકવિધ સમસ્યામાં તેની ઉપયોગિતા સમજાવી હતી. આ પુસ્તકના પ્રકરણ-૧૫માં તેની સવિસ્તાર સમજ આપી છે.

પ્રસ્તુત પુસ્તકનો એક ઉદ્દેશ આધ્યાત્મિક જીવનનો સર્વોચ્ચ આદર્શ

ૐ

દર્શાવવાનો છે. પ્રભુશ્રીએ આધ્યાત્મિકતાના પાયાના સિદ્ધાંતો જેવા કે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વિગેરેનું સૂક્ષ્માતિત પાલન કર્યું હતું. વિશેષમાં તેમના નિત્યના જીવનમાં આચાર, નિયમો, કર્તવ્ય, ક્રિયા-કાર્યો તથા તપસ્યા વિગેરે પણ એટલા જ પ્રેરણાદાયી હતા. આમ પ્રભુશ્રીએ સ્વઆચરણ દ્વારા જ બતાવ્યું હતું કે 'આધ્યાત્મિક જીવન કેવું હોવું જોઈએ.'

પૂજ્ય પ્રભુશ્રીએ 'શ્યામલ'માં ચૌદ વર્ષ સુધી બ્રહ્મભાવે રહીને અલૌકિક લીલાઓ કરી હતી. આ લીલાઓ માનવ સ્વરૂપે પરબ્રહ્મ શ્રી રામલાલા ભગવાન સાથે તેમજ બ્રહ્મ સ્વરૂપે ભાવિક ભક્તો સાથે કરી હતી. કૃપાપાત્ર ભક્તોને બ્રહ્મસલિલરૂપે અનેક આધ્યાત્મિક અનુભૂતિઓ (દર્શન, ભાવ, જ્ઞાન, આનંદ વિ.) કરાવી હતી તેમજ તેમને આપદ્‌કાળની સ્થિતિમાંથી ઉગારી જીવનરક્ષા પણ કરેલી હતી. આ રીતે પ્રભુશ્રીની ભક્તવત્સલતા તથા કરુણાત્મક કૃતજ્ઞતાનું દર્શન પ્રસંગોચિત જોવા મળતું હતું. વાસ્તવમાં આવા લીલાત્મક પ્રસંગો જ તેઓશ્રીના અવતારત્વની જ્ઞાન-સમજ મેળવવામાં ઉપયોગી છે કારણ કે તે માયિક ચમત્કૃતિ કે માયિક પ્રલોભનોથી તદ્દન ભિન્ન છે. પ્રસ્તુત પુસ્તકમાં સ્થાન મર્યાદાને કારણે આવા લીલાત્મક પ્રસંગોને સમાવી શકાયેલ નથી. તેઓશ્રીની કૃપા થયે વ્યવસ્થિત સંકલન દ્વારા પુસ્તકાકારે પ્રગટ થઈ શકશે.

સંક્ષિપ્તમાં તો એટલું જ કહેવાનું છે કે લોકો તેઓશ્રીએ આપેલ ઉપદેશ યથાર્થ રીતે સમજી, ઈશ્વરમાં શ્રદ્ધાન્વિત બની અને તેઓશ્રીએ આપેલ પાંચ સાધન-સિદ્ધાંતોને યથાશક્તિનુસાર જીવનમાં આચરશે તો વિશ્વમાં અસત્ એટલે કે અવિદ્યામાયા શક્તિનું સામ્રાજ્ય ક્રમશઃ અસ્ત થતું જશે. વિશેષ તો બ્રહ્મમંત્રની અખંડધૂનરૂપ પ્રાર્થના જ વિશ્વની પ્રત્યેક જટિલ સમસ્યાનો અમોઘ ઉપાય છે. આ રીતે જ વિશ્વમાં સત્-સુખ, શાંતિ અને સમૃદ્ધિનું પ્રવર્તન થઈ શકશે.

આ બીજી આવૃત્તિમાં કેટલાક સુધારા વધારા કર્યા છે. સુજ્ઞ ભાવિકજનોને નમ્ર વિનંતી કે પુસ્તકના યથાર્થ હાર્દને સમજવા પ્રયત્ન કરે અને તેમાં રહી ગયેલ

ૐ

હકીકત દોષ કે ભાષાકીય ક્ષતિને ક્ષમ્ય કરે.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન-કાર્યમાં સર્વ કોઈ સહયોગી પરમાત્માની કૃપાના અધિકારી છે જ. પરમાત્મા તેમને શુદ્ધ ભક્તિનું પ્રદાન કરે એ જ અંતરની પ્રાર્થના છે.

લી. પૂજ્ય પ્રભુશ્રીની ચરણરજ

જયંતિભાઈ ભટ્ટ

'પ્રભુશ્રી'
કિડવાઈનગર શેરી નં. ૩,
રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
ફોન : ૦૨૮૧-૨૫૮૫૫૫૦
મો. C/o. : ૯૪૨૬૭૧૯૦૨૮
તા. ૦૪-૦૧-૨૦૨૦

ૐ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| **૧** | **બાલ્યજીવન તથા અભ્યાસકાળ** | **૧૮** |
| | પૂજ્ય પ્રભુશ્રીનો આવિર્ભાવ | |
| | • બાલ્યકાળ - શૈક્ષણિક અભ્યાસ | |
| **૨** | **અભ્યાસ અર્થે અમેરિકા પ્રયાણ** | **૨૫** |
| | અમેરિકામાં પ્રવેશ | |
| | • તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી | |
| | • આર્થિક સમસ્યા | |
| | • મહાનિબંધની પૂર્ણતાએ આત્મસાક્ષાત્કાર | |
| | • અમેરિકામાં (ન્યૂયોર્ક) સાધનાનો પ્રારંભ | |
| **૩** | **ભારતમાં પુનરાગમન** | **૩૯** |
| | ભારતમાં પ્રવેશ | |
| | • પવિત્ર તીર્થોની યાત્રા | |
| | • સાધના સ્થાનો- | |
| | જામનગર - (દેવનિવાસ) | |
| | રાજકોટ - (નવલકુટિર) | |
| | કુતિયાણા - (રામકૃષ્ણ સદન) | |
| | જૂનાગઢ - (સનાતન ધર્મશાળા) | |
| | જામનગર - (શ્રીકૃષ્ણ આશ્રમ - ભનજી ભાણજીની વાડી) પ્રસંગો :- | |
| | સંહિતાઓનું વાંચન - ઈ.સ. ૧૯૬૫નું યુદ્ધ - ગૌરક્ષા આંદોલન | |
| | પુષ્પહારનો પ્રસંગ - પ્રભુશ્રી પર મલિનપ્રયોગ - | |
| | ભક્તશ્રી મેઘજીભાઈની રક્ષા | |
| **૪** | **સત્યયુગ અધિષ્ઠાન - 'શ્યામલ'** | **૫૫** |

ૐ


'શ્યામલ'માં ચૌદ વર્ષ

- આધ્યાત્મિક વ્યક્તિત્વ
- 'શ્યામલ'-સ્થાનની આંતર વ્યવસ્થા
- 'શ્યામલ'માં ભક્તિમય ક્રિયા-કાર્યો
- પૂ. પ્રભુશ્રીની દિનચર્યા
- પૂ. પ્રભુશ્રીના નિત્યનિયમ
- 'શ્યામલ'માં આરતી-પ્રસાદ
- પરમાત્મા પ્રત્યેના-આદર, મર્યાદા, ભાવ, પવિત્રતા, કર્તવ્ય

**૫ ભક્તવૃંદનું નિર્માણ** ૭૩

પૂ. પ્રભુશ્રીના ભક્તોનું આગમન અને તેમની સાથેનો સંબંધ

- મર્યાદિત ભક્ત પરિવાર
- ભક્તોને ત્યાં પધરામણી
- ભક્તો સાથેનો આધ્યાત્મિક સંબંધ
- પ્રભુશ્રીના આર્થિક વ્યવહારો
- વિવિધ દર્શનાર્થીઓ - શ્રીમૌની મહારાજ
- શ્રી રણછોડદાસજી મહારાજ - શ્રીપ્રેમભિક્ષુક મહારાજ
- શ્રી સતી માતાજી (ધનકુંવરબાઈ સ્વામી) - શ્રી હરિરામબાપા
- શ્રી કુટી મહારાજ - શ્રી નારાયણ સ્વામી
- ભક્તોના સંબંધમાં સહનશીલતા

**૬ જુદી જુદી ભાવમય અવસ્થાઓ** ૮૮

- ભાવ દર્શન
- બ્રહ્મભાવ
- ઋષિભાવ
- ભક્તભાવ - બાળલીલાનું દર્શન
- માનવભાવ

**૭ તપસ્યાપૂર્ણ જીવન** ૧૦૦

તપસ્યાનું સ્વરૂપ

ૐ


- સાક્ષાત્કાર પછીની તપોસાધના
- તપના સાધનો - સ્નાન - જાગરણ - ઉપવાસ
- દૈનિક ધ્યાન
- આધ્યાત્મિકતાને સ્પર્શતી કેટલીક બાબતોઃ- ગંગાજળ - તુલસીજી ગાય
- શુભ સૂચક વસ્તુઓ - શુભ સમય (મુહૂર્ત), સાત્વિક આહાર
- અપવિત્ર વસ્તુઓ
- કરકસર અને ઉદારતા - તિતિક્ષા
- સારાંશ

૮ **બ્રહ્મચર્યાત્મક પવિત્રતા** ૧૧૭

- આર્યોની આધ્યાત્મિક સંસ્કૃતિ
- પ્રભુશ્રીના પ્રજ્ઞાન આધારિત સિદ્ધાંત
- સર્વોચ્ચ પવિત્રતા
- પ્રભુશ્રીના જીવનમાં બ્રહ્મચર્યાત્મક પવિત્રતા
- 'શ્યામલ'માં પવિત્ર આચાર-વ્યવહારો
- માનવ જીવનમાં પવિત્રતાનું સ્થાન
- સારાંશ

૯ **સત્યનું પાલન** ૧૨૮

- સત્યપાલનનું મહત્ત્વ
- સત્-અસત્ વચ્ચેની નિર્ણાયકતા
- સત્યના પાલનનો સિદ્ધાંત
- ત્રણ પ્રકારના સત્યો - વસ્તુ નિષ્ઠ, વચન નિષ્ઠ, વ્રત નિષ્ઠ
- ત્રણ સત્યો- ગુણાત્મક દૃષ્ટિએ
- સત્યનો પ્રતિનિધિ : પરિપાલન, અવલોકન, સંશોધન પ્રસરણ તથા સંરક્ષણ
- સત્યના પાલક માટે આવશ્યક સદ્‌ગુણો
- પ્રભુશ્રીના જીવનમાં સત્ય-પાલન
- સત્ય પાલન અર્થે વ્યવહારિક ઉપદેશ

ૐ

**૧૦ પૂ. પ્રભુશ્રીની આધ્યાત્મિક શક્તિઓ** **૧૪૦**

- પ્રાર્થના
- પ્રલયાત્મક આપત્તિમાં પ્રાર્થના
- વ્યક્તિક સ્વરૂપની પ્રાર્થના
- પ્રભુશ્રીની અન્ય સત્ શક્તિઓ
- ભક્તોને થતી અનુભૂતિઓ
- સારાંશ

**૧૧ પૂ. પ્રભુશ્રીનું તત્ત્વજ્ઞાન - બ્રહ્મ અને માયા** **૧૫૧**

- સત્યયુગ ધારિન શ્રી રામકૃષ્ણ પરમાત્મન
- પ્રભુશ્રીએ મહામાયા (અવિદ્યામાયા)નું રહસ્ય પ્રગટ કર્યું
- અવિદ્યામાયા (મહામાયા) - સ્વરૂપ - સ્વભાવ
- બ્રહ્મની વ્યાખ્યા - સ્વરૂપ તથા સ્વભાવ
- દર્શનો, પ્રેરણા કે આંતરવાણી (અવાજ)
- અવતારો : પરિબ્રહ્મ પરમાત્માના અવતાર - માયાના અવતાર
  અવિદ્યામાયાના અવતાર - સંમોહન - પ્રકૃતિના અવતાર
- બ્રહ્મ અને માયાપ્રેરિત - આનંદ, સુખ, શાંતિ
- લોકોમાં પ્રવર્તતી અજ્ઞાન પ્રેરક (અસત્) માન્યતાઓ
- ઈશ્વરનો વાસ ક્યાં રહેલો છે ?
- પ્રલય
- સારાંશ

**૧૨ પ્રાસંગિક કાર્યો** **૧૭૯**

- 'શ્યામલ'માં પ્રાસંગિક કાર્યો
- ખંડિત શ્રીમૂર્તિનો વિવાદાસ્પદ બનાવ
- સેલમનો પ્રસંગ
- ક્રાંતિકારી આધ્યાત્મિક પુસ્તક
- સત્યયુગ શ્રીરામજી મંદિર : પ્રાસ્તાવિક
  પ્રાણપ્રતિષ્ઠા પૂર્વેનું કાર્ય - શ્રીમૂર્તિનું ઘડતર - નિજમંદિર

ॐ
પ્રાણપ્રતિષ્ઠા - આધ્યાત્મિક સિદ્ધાંતો - પ્રાર્થના ખંડ
અખંડધૂન - શ્રીમંદિરની વિશિષ્ટતાઓ - સારાંશ
સમાપન
• પ્રલય નિવારણ તથા તેના પૂરક કાર્યો
**૧૩ આધ્યાત્મિક સાહિત્ય - સંગીત - કલા - ભજનો** ૧૯૫
• આધ્યાત્મિક સાહિત્ય - લેખન શૈલી
• ભજનો - સ્તવનો
• સંગીત અને કલા
• ભક્તિ સંગીત - આધ્યાત્મિક કલાચિત્રો
આધ્યાત્મિકતાને વેંચાય નહીં
**૧૪ સત્યયુગ સંસ્થાપન - પ્રલય નિવારણ** ૨૦૮
પ્રભુશ્રીનું અવતારી કાર્ય સત્-સંસ્થાપન
સત્યયુગનું ભવ્ય દર્શન
• અધ્યાત્મયુગનું આયોજન
સત્સભાન સમાજ - ધર્મોનું અધ્યાત્મિકરણ - ધર્મશાસ્ત્રોનું
શુદ્ધિકરણ - સામાજિક શાસ્ત્રોનું સત્નીતિકરણ
• વિશ્વરાજ્ય
• સત્યયુગની રૂપરેખા
• પ્રલય નિવારણ - પૂર્વભૂમિકા - પ્રલયની નિશ્ચિતતા તથા
ઉપાય - પ્રલયનું કારણ - કર્મનો સિદ્ધાંત
• પ્રલય નિવારણના સાધનો
• ઉપસંહાર
**૧૫ બ્રહ્મમંત્ર તથા અખંડધૂન રૂપ બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞ** ૨૨૮
• પ્રાસ્તાવિક - બ્રહ્મમંત્રનો ઉદ્ભવ - બ્રહ્મમંત્રનો ભાવાર્થ
બ્રહ્મમંત્રના વિવિધ પ્રયોજન તથા ઉપયોગીતા
બ્રહ્મમંત્રના વિશિષ્ટતા દર્શક - સારરૂપ મહત્ત્વના મુદ્દાઓ
• અખંડધૂન (બ્રહ્મયજ્ઞ - અધ્યાત્મયજ્ઞ - ઋતયજ્ઞ)

ૐ

કીર્તન ભક્તિ - અખંડ સંકીર્તન - પ્રભુશ્રી પ્રવર્તિત
અખંડધૂન - અખંડધૂનના પ્રવર્તન પૂર્વેની ભૂમિકા

- પ્રભુશ્રીનું અખંડધૂન વિષેનું સંક્ષિપ્ત લખાણ
  શિર્ષક - મૂળભૂત આવશ્યક અંગો - બ્રહ્મમંત્ર - અધ્યાત્મ
  વિજ્ઞાન - અખંડધૂનનો ધ્યેય - અખંડ-અતૂટતા
- અખંડધૂન (બ્રહ્મયજ્ઞ)ના વ્યક્તિગત આધ્યાત્મિક લાભો
  સાધના - ઉપાસના - આરાધના
- ત્રિવિધ આધ્યાત્મિક લાભ - આત્મોન્નતિ - ઈશ્વર સેવા
  વિશ્વકલ્યાણ
- અખંડધૂન એક અખંડ પ્રાર્થના છે
- અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞનો મુખ્ય ધ્યેય
- પરમાત્માનો સત્ સંકલ્પ
- અખંડધૂનના નિયમો

**૧૬ કરુણા - અહિંસા ધર્મ - ગૌરક્ષા** ૨૭૧

- પ્રાસ્તાવિક
- કરુણા
- સર્વજીવ - રક્ષા, સદ્ધર્મ પ્રતિષ્ઠા
- અહિંસા - આહાર - ખોરાક - રોગ ઔષધ - સંશોધન
  મનોરંજન (આનંદ પ્રમોદ) મિથ્યા સૌંદયાર્થે
  ધાર્મિક વિધિઓ - ન્યાય નિર્ણયમાં અહિંસા - સંતતિ
  નિયમનમાં અહિંસા
- અમાનુષી કૃત્રિમ ઉછેર તથા અક્ષમ્ય સંવર્ધન -
  પશુ, પક્ષી તથા જળચરો - ઘોર પાપમય હિંસા
- અંતરિક્ષ
- ગૌરક્ષા - પ્રાસ્તાવિક - ગાયનું આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ
- ગૌરક્ષામાં અવરોધક સમસ્યા

**૧૭ અધ્યાત્મ જ્ઞાનોપદેશ** ૩૦૦

ૐ


- પ્રાસ્તાવિક
- જ્ઞાનોપદેશનો સારરૂપ શ્લોક - પાંચ સાધન - સિદ્ધાંતોનું મહત્ત્વ
- અધ્યાત્મ જીવનની આંતર ચાવી
- 'એક સંતનો અનુભવ' પુસ્તિકા
- શ્લોકમાં દર્શાવેલ સત્યયુગના પાંચ સાધનની સમજ
  સત્ય - કરુણા - બ્રહ્મચર્યાત્મક પવિત્રતા - સત્કર્તવ્ય
  બ્રહ્મમંત્ર ધ્યાન (જપ)
- શુદ્ધ ભક્તિ - પરાભક્તિ અને પરમાત્મ કૃપા
  શુદ્ધ ભક્તિ અને શુદ્ધ જ્ઞાન - સિદ્ધાંતલક્ષી ભાવ
- પ્રભુશ્રીનો અન્ય ઉપદેશ - આત્મા - ઉચ્ચજીવન અને
  નિમ્નજીવન - કર્મનો નિયમ અને તપસ્યા
- સમાપન

**૧૮ સ્વધામ પ્રયાણ - મહાસમાધિ** ૩૩૩

- ચાર વર્ષના ઉપવાસ
- પ્રેસનું કાર્ય - અન્યકાર્યો
- પૂ. પ્રભુશ્રીની બીમારી
- ગૌમાતાના ગુજરાતી પુસ્તકનો પ્રારંભ
- પુસ્તક લેખનમાં અવરોધ
- ઉપવાસના પારણા
- મહામાયાનો ભરડો - મહાસમાધિનો આદેશ
- માયાપ્રેરિત અસત્ દર્શનો - જમીનપર પડી જતા કળ વળી ગઈ
- પ્રભુશ્રીને ધૂનખંડમાં પધરાવ્યા
- ભક્તોની વ્યવસ્થા
- પ્રભુશ્રીનો પ્રાગટ્ય દિવસ
- પુસ્તકની વ્યવસ્થા વિષે સૂચના
- ભટ્ટભાઈને સોંપેલ કાર્યોની યાદી
- પ્રભુશ્રીનો 'શ્યામલ'માં અંતિમ દિવસ

ૐ


- મુક્તિધામ (નાસિક) જવાની તૈયારી – નાસિક જવા પ્રસ્થાન
- મુક્તિધામ પ્રથમ દિવસ – બીજો દિવસ – પ્રભુશ્રીની ગંભીર સ્થિતિ – પ્રભુશ્રીનો અંતિમ દિવસ – પંચવટી સ્મશાનગૃહે અંતિમવિધિ

**૧૯ બ્રહ્મલીલા સાર** ૩૬૨

- સત્પ્રવર્તક શ્રી આત્મન્ પ્રભુશ્રીના અવતારત્વનું સંક્ષિપ્તદર્શન
- પ્રભુશ્રીએ અવતારી કાર્ય દ્વારા વિશ્વને કરેલું પ્રદાન
- અવતારી જીવનમાં અવરોધક પરિબળો – સમસ્યાઓ
- પ્રચાર કે પ્રસિદ્ધિથી અલિપ્ત
- ‘શ્યામલ’ આધ્યાત્મિક પ્રયોગશાળા
- અંતિમ ઉપદેશ

**પરિશિષ્ટ**

**પરિશિષ્ટ – ૧** ૩૭૫

પ્રભુશ્રીના સ્વધામ પ્રયાણ પછીની સ્થિતિ પર દૃષ્ટિપાત

**પરિશિષ્ટ – ૨** ૩૮૧

પૂજ્ય પ્રભુશ્રીના જન્મગ્રહો

**પરિશિષ્ટ – ૩** ૩૮૩

સંહિતાના અભ્યાસી છાયા શાસ્ત્રીનો પત્ર

**પરિશિષ્ટ – ૪** ૩૮૪

સંતશ્રી મૌની મહારાજનો પત્ર

**પરિશિષ્ટ – ૫** ૩૮૫

શ્રીરામકૃષ્ણ મિશનને લખેલ પત્ર

**પરિશિષ્ટ – ૬** ૩૮૭

જપનું માહાત્મ્ય

**યાદી** ૩૯૦

શ્રી સત્ ચિત્ આત્મન્ પ્રભુશ્રીનું સાહિત્ય

પ્રભુશ્રીની વેબસાઈટ

ॐ


नमो

परमात्मने

श्री सत्-चित्-आत्मने

सत्ययुग-प्रवर्तिने

नमः



करूणात्मकं ब्रह्म, अध्यात्म-सलीलम्,
कृत - स्थापनायै, धृत वर्ष्मनं वै।
तत् सत् ब्रह्म-रूपाय, चिद्धन-स्वरूपाय,
परमात्मने श्री सत्-चित्-आत्मने नमः।।

ॐ
**ॐ**
**नमो**
**परमात्मने**
**श्री सत्-चित्-आत्मने**
**सत्ययुग-प्रवर्तिने**
**नमः**

પ્રકરણ - ૧

## બાલ્યજીવન તથા અભ્યાસકાળ

ભારતવર્ષની પશ્ચિમે આવેલ સૌરાષ્ટ્ર (વઢવાણ)માં સત્યયુગાવતાર પ.પૂ.પ્રભુશ્રીનું આ અવની પર પ્રાગટય શ્રાવણ સુદ - ૫, અનંત પંચમી (તા. ૨૪-૦૭-૧૯૧૭)ના પૂનિત દિવસે પ્રભાતે સાત વાગે થયેલું હતું.

એવું કહેવાય છે ને કે પવિત્ર બ્રહ્મપુરુષોના પ્રાગટ્ય સમયે કોઈ ને કોઈ શુભ સંકેત સંજ્ઞાત્મકરૂપે મળતો જ હોય છે; અને એ રીતે જ પ્રભુશ્રીના પ્રાગટ્ય સમયે પણ બનેલું હતું. **તેમની બાલશૈયા કે જ્યાં તેમને પોઢાડેલ હતા ત્યાં જ એક તાજો કંકુયુક્ત સોપારીનો ત્રોફો આવીને પડેલ હતો.** વધુમાં તેમના પ્રાગટ્ય સમયે ક્ષણભર આંખ આંજી નાખે તેવો દિવ્ય પ્રકાશનો ઝબકારો પણ થતો જોવા મળેલ હતો. તો આ સંકેત તેમના ભાવિના ભવ્ય અવતારી દિવ્ય જીવનના સંકેત રૂપે હતો તેમ સ્પષ્ટપણે કહી શકાય.*

*પૂ. પ્રભુશ્રીના મોટા બહેન (અમૃતબેન) તેમના પ્રાગટ્ય સમયે ઓરડામાં હાજર હતા તેમણે સ્વમુખે કહેલ નોંધ આ પ્રમાણે છે.

પૂ. પ્રભુશ્રીના પ્રાગટ્યના સમયે ઓરડાની અંદર તેમના માતુશ્રી, સુચાણીબેન અને અમૃતબેન ત્રણ વ્યક્તિ હતા. પ્રભુશ્રીનો જન્મ થતાં જ વિજળી જેવો ખૂબ તેજસ્વી ચમકારો થયો. સુચાણીબેન તથા અમૃતબેનની આંખો અંજાઈ ગઈ. ત્યાર બાદ પ્રભુશ્રીને એક નાની ખાટલીમાં પોઢાડવામાં આવ્યા કે તુરત જ એક લીલો કંકુયુક્ત સોપારીનો ત્રોફો ખાટલીમાં આવી પડ્યો. પ્રભુશ્રીના ચહેરા ઉપર અલૌકિક તેજનો પુંજ હતો.

ૐ



પરમ પૂજ્ય પ્રભુશ્રીનું મૂળ સાંસારિક નામ પ્રતાપભાઈ હતું. તેઓશ્રીના માતાનું નામ લીલાવંતીબેન તથા પિતાશ્રીનું નામ દેવજીભાઈ હતું. પરમ વૈષ્ણવ ધર્મપ્રિય માતા-પિતાનું આ સૌથી નાનું સંતાન હતું અને તેથી કુટુંબમાં સૌનું વાત્સલ્ય સહજ રીતે જ તેમના પ્રત્યે વિશેષ રહેલું હતું.

પુણ્યાત્મા શ્રી દેવજીભાઈ માધાણી વ્યવસાયે શિક્ષક હતા. અને પ્રભુશ્રીના જન્મ સમયે વઢવાણમાં રહેતા હતા. પણ ત્યાર પછી તેઓ વઢવાણથી રામોદ (ગોંડલ) રહેવા આવેલા હતા. પ્રભુશ્રી તો ત્યારે હજુ ચારેક વર્ષના હતા. આ રીતે રામોદમાં બે વર્ષ રહ્યા બાદ વળી કોટડાસાંગાણીમાં રહેવાનું થયું હતું. આમ બાલ્યકાળના ગ્રામ્યજીવન પછી પ્રભુશ્રી જ્યારે આઠેક વર્ષના થયા ત્યારે જ માધાણી કુટુંબ સ્થાયી રીતે જામનગર રહેવા આવેલ હતું.



પ્રભુશ્રીની બાલ્યાવસ્થાની તસ્વીર

પૂ. પ્રભુશ્રી કોઈ કોઈ વખતે ભક્તોને તેમના બાલ્યકાળની લીલાઓનું રસપાન કરાવતા. વિશેષ તો કોટડાસાંગાણીમાં રહેલા એ વખતનું બધું જ તેમની સ્મૃતિમાં હતું. ત્યાં તેમના પિતાજીએ ગાયો રાખેલી અને તેમની ખૂબ જ સેવા કરતા હતા. તેમના ઘરમાં સદાચારનું મહત્ત્વ ઘણું વિશેષ હતું. ઘરમાં એક વખત બહારવટીયા આવેલા ત્યારે

ૐ

બાળ પ્રભુશ્રીને ઘાસના પૂળામાં સંતાડી દીધા હતા...... કોઈ વખત ગોંડલમાં કૈલાસ બાગે ફરવા જતા...... આવી આવી ઘણી વાતો તેમના સ્વમુખે સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ હતું.



પ્રભુશ્રી નિત્યદર્શને જતા તે
શ્રી રામચંદ્રજી ભગવાનનનું મંદિર (જામનગર)

માધાણી પરિવાર જામનગરમાં સ્થાયી થયા પછી પ્રભુશ્રીએ જામનગરમાં રહીને જ મેટ્રીક સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ન્યૂ સ્કૂલ તથા નવાનગર હાઈસ્કૂલમાં તેઓશ્રીએ શિક્ષણ લીધું હતું. એવા તેજસ્વી કે અભ્યાસ દરમ્યાન હંમેશાં તેઓ વર્ગમાં પ્રથમ નંબરે જ ઉત્તીર્ણ થતા હતા. એ રીતે તેમની સમગ્ર શૈક્ષણિક કારકિર્દી યશસ્વી રહી હતી.

અસાધારણ બૌદ્ધિક પ્રતિભાની સાથેસાથે બાલ્યકાળથી જ તેઓશ્રીમાં વિશુદ્ધ ભક્તિના પરમ ઉચ્ચ સંસ્કારો જોવા મળતા હતા. વિશિષ્ટ કે ચમત્કારિક સ્વરૂપની ઘટનાઓ તેમના બાલ્યજીવનમાં બની હોય તેમ જાણવા મળેલ નથી.* પણ...

**(ચાલુ)** ત્યાર પછી ઓસરીમાં બેઠેલ તેમના પિતાજીને સુચાણીબેને લીલો સોપારીનો કંકુવાળો ત્રોફો આપી સમગ્ર ઘટનાની વાત કરી. તુરત જ તેમના પિતાશ્રી સોપારીનો ત્રોફો રૂમાલમાં વીટી નજીકમાં રહેતા જ્યોતિષી પાસે ગયા અને એમ કહ્યું કે ૨૦ મિનિટ પહેલા મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે. તેની કુંડળી બનાવો. જ્યોતિષીએ કુંડળી બનાવી કહ્યું કે જે ઓરડામાં બાળકનો જન્મ થયો છે, તે ઓરડામાં જઈને તપાસ કરો તમારા ઘરમાં ન હોય એવી કંઈક નિશાની આવી હશે ! તુરત જ તેમના પિતાજીએ રૂમાલમાં વીટેલ લીલો સોપારીનો ત્રોફો બતાવ્યો. વધુમાં જ્યોતિષીએ કહ્યું કે 'આ સમાન્ય મનુષ્ય નથી આ તો સાક્ષાત્ નારાયણ તમારે ઘેર પધાર્યા છે. આ બાળક લગ્ન નહીં કરે. જગત ભવિષ્યમાં આમને પૂજશે. પૂ. પ્રભુશ્રીના માતુશ્રીને પણ જન્મના પૂર્વે ઉપર્યુક્ત ઘટનાનું સ્વપ્ન આવેલ હતું.

* તેઓશ્રી નિજભક્તોને ઉપદેશ આપતા ત્યારે ચમત્કારોને જરાપણ મહત્ત્વ આપતા પણ નહિ. તેમની દૃષ્ટિએ શુદ્ધ પારમાર્થિક ભક્તિનું જ સર્વોચ્ચ સ્થાન હતું.

ૐ

તેમનું સરળ અને સત્યમય જીવન જ સહજ રીતે પ્રકાશમાં આવતું હતું. તેમના સંપર્કમાં આવનાર સૌ કોઈ સાથે તેઓશ્રીનું વર્તન કરુણાપૂર્ણ અને પ્રેમાળ હતું. પરમાત્મા પ્રત્યે સ્વાભાવિક ખેંચાણ તો હંમેશાં રહ્યા કરતું હતું. અને **તેથી તેઓ નજીકના પંચેશ્વરના રામજી મંદિરે નિત્ય દર્શન કરવા જતા હતા. દર્શન કરતાં કરતાં જ સહજ અંતર્મુખ થઈ જતા અને એ સ્થિતિમાં સમયનું કોઈ ભાન રહેતું નહીં.** પરમાત્મામાં પૂર્ણ રીતે એકાકાર થઈ જતા હતા. આ પ્રમાણે દર્શને જવાનો એક રોજીંદો સહજ નિત્યક્રમ બની ગયેલ હતો.


પ્રભુશ્રી બાળમિત્રો સાથે

તેમને વાપરવા માટે તે સમયે એક પૈસો આપવામાં આવતો, તેમાંથી ત્રણ પાઈ છૂટી કરાવી હંમેશાં એક પાઈ શ્રીરામ ભગવાનના મંદિરે મૂકતા. એટલે બાલ્યકાળમાં જ તેમની ઈશ્વર પ્રત્યેની પ્રબળ ભક્તિ અને દિવ્ય આકર્ષણ આવા પ્રસંગો પરથી જાણી શકાય છે.

રામાયણની વાતો સાંભળવી તેમને અતિશય પ્રિય હતી. અવારનવાર તેઓશ્રી રામનામનું રટણ કરતા હતા. રાત્રે સૂતા પહેલા પણ 'રામ' બોલતા અને રામ બોલ્યા પછી કોઈ સાથે કંઈ વાત કરતા નહીં, અને તરત જ નિદ્રાધિન થઈ જતા હતા.

જ્યારે જ્યારે તેઓ તેમના બાળસખાઓ સાથે નિર્દોષ આનંદ-મસ્તી કરતા બેઠા હોય, ત્યારે અચાનક જ તેઓ થોડીક ક્ષણ અવાચક જેવી સ્થિતિમાં અંતર્મુખ બની જતા હતા. જો કે આવી સ્થિતિ બહુ જ અલ્પ સમય માટે જ રહેતી હતી. આવું અવારનવાર શા માટે થતું રહેતું તેનું રહસ્ય અન્ય કોઈ સમજી શકતા નહીં.

ૐ

તેઓશ્રીને જ્યારે પણ આ વિષે પૂછવામાં આવતું ત્યારે તેઓશ્રી મૌન જ રહેતા. આથી તેમના મિત્રો દ્વારા તેઓશ્રીને કોઈ માનસિક નબળાઈ હશે એમ માની લેવામાં આવતું હતું.*

ઘણા વર્ષો પછી ('શ્યામલ'માં) પ્રભુશ્રીને આ વિષે પૂછવામાં આવેલું ત્યારે આપશ્રીએ સ્પષ્ટતા કરેલ કે, **'નવેક વર્ષની મારી વયથી જ એક પ્રકારની (યોગીક ધારણારૂપે) સાધના શરૂ થઈ ગયેલી હતી અને તેથી એ (બ્રહ્મ) શક્તિ જ સતત તેમનામાં ખેંચી રાખતી હતી. તેથી મારું મન ગમે તે ક્ષણે અંતર્મુખ થઈ જતું હતું.'**

તેથી એટલું તો આ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે તે દિવ્યશક્તિ (પરબ્રહ્મ પરમાત્મા) એ તેમના અવતારી સ્વસ્વરૂપની પ્રતીતિ તેમના ઉચ્ચ અભ્યાસના અંતિમ ચરણ સુધી થવા દીધેલ ન હતી. વર્ષો સુધી તે બ્રહ્મ–તત્ત્વ તેમનામાં અપ્રગટ સ્વરૂપે જ વિલસી રહેલ હતું. આ તત્ત્વ જ તેમને હંમેશાં પરમાત્મા તરફ ખેંચી રાખતું હતું. અને તેઓશ્રીના મનને ક્યારેય દુન્યવી જીવન તરફ જવા દેતું નહોતું.

વધુમાં અહીં એ પણ કહી શકાય કે તેમના સમગ્ર અભ્યાસકાળ દરમ્યાન તે દિવ્ય સચ્ચિદાનંદ શક્તિએ તેમને ક્યારેય ભાવ, ધ્યાન, સમાધિ કે દર્શનો જેવી કોઈ વિશિષ્ટ સ્થિતિ નિત્યના જીવનમાં થવા દીધેલ નહોતી. માત્ર તેમની સાહજિક ભક્તિ અને ઈશ્વરીય આકર્ષણ સાથે ઉચ્ચ જીવનને જ ટકાવી રાખેલ હતું, કારણ કે આવું જો સતત થતું રહેતું હોત તો તેઓ એકાગ્રતાપૂર્વક ઉચ્ચ અભ્યાસ કેવી રીતે કરી શકયા હોત ?

વર્ષો પછી તેમની બ્રહ્મમય અવસ્થામાં પણ તેમને ભૂતકાળના બાલ્ય જીવનની ઘટનાઓની સ્મૃતિ થઈ આવતી હતી. તેઓ કહેતા કે **'પરમાત્માએ...**

---

* શ્રી કરસનભાઈ તથા શ્રી બચુભાઈ પ્રભુશ્રીના બાળમિત્રો હતા. વર્ષો પછી તેઓ પ્રભુશ્રીના અંતરંગ ભક્ત બની ગયા હતા. તેમની પાસેથી પ્રભુશ્રીના બાલ્યકાળની ઘણી વાતો સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

ૐ

**બાલ્યકાળથી જ મારું સતત ધ્યાન રાખેલ હતું.'** આ સંદર્ભમાં એક પ્રસંગ કહ્યો હતો.

''એક વખત શાળામાં અમારા સમગ્ર વર્ગને કતારમાં ઉભા રાખી સ્ટીક (લાકડી) ફટકારવાની સજા થયેલી હતી. દરેકનો ક્રમ આવતો જાય તેમ તે પ્રમાણે સ્ટીક ફટકારતા હતા. જ્યારે મારો વારો આવ્યો ત્યારે મને માર્યા વગર જ જવા દીધેલ હતો. મને તેથી આશ્ચર્ય થયું પણ પછીથી એ સમજાયું કે તે (અંદર રહેલ) પરમાત્માએ જ મને માર ખાતાં બચાવેલ હતો.''

આવી નાની નાની ઘટનાઓ પણ તેમના પરમાત્મા સાથેના ઉચ્ચ સંબંધ અને શ્રદ્ધાની સાક્ષી પૂરતા હતા.

તેઓ મેટ્રીકમાં ઉચ્ચવર્ગમાં ઉતીર્ણ થયા પછી આગળ અભ્યાસ અર્થે મુંબઈ ગયા હતા. અને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રવેશ મેળવેલ હતો પ્રારંભમાં તેઓ વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થયેલા હતા. કારણ કે તેઓ એક સારા ડોક્ટર બને તેવી સૌ કોઈ વડીલોની ઇચ્છા હતી. પણ પ્રભુશ્રી માટે તે શક્ય બન્યું ન હતું. આનું કારણ ભવિષ્યમાં તેઓને દેડકા કાપવા જેવા હિંસક પ્રયોગો કરવા પડે તેની કલ્પના માત્રથી દ્રવી ઉઠતા, વિજ્ઞાન પ્રવાહ છોડીને વિનયન પ્રવાહમાં દાખલ થયા હતા.

આ પ્રમાણે તેઓએ ઈ.સ. ૧૯૪૦માં ઉચ્ચવર્ગમાં અર્થશાસ્ત્ર સાથે બી.એ.નો અભ્યાસ અને ઈ.સ. ૧૯૪૨માં અર્થશાસ્ત્ર-રાજ્યશાસ્ત્ર સાથે એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. વળી આ સાથે જ એલએલ.બી.નો અભ્યાસ પણ કરી લીધો હતો. ત્યાર પછી તેમની ઇચ્છા એલએલ.એમની પદવી પ્રાપ્ત કરવાની હતી. આ જ ઉદ્દેશથી તેઓ પૂનાની ડેક્કન કોલેજમાં દાખલ થયા હતા. એ રીતે ઈ.સ. ૧૯૪૫માં આ પદવી પણ ઉચ્ચવર્ગમાં ઉતીર્ણ થઈને પ્રાપ્ત કરેલ હતી.

આટલું ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી તેઓ વિદેશમાં જઈ પીએચ.ડીની પદવી મેળવવા ઇચ્છતા હતા. તેમની તે સમયની આંતરિક ઇચ્છા તો એવી હતી કે

ૐ

વિદેશથી આ ડીગ્રી મેળવીને ભારતમાં એક સામાજિક શાસ્ત્રોનું મહાવિદ્યાલય (School of Social Sciences) સ્થાપવું. તેમની પરિકલ્પનાનું આ મહાવિદ્યાલય એક નમૂનેદાર આદર્શ વિદ્યાલય બની રહે કે જેમાં સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવવા પ્રેરાય તેવી તેમની આંતર ઇચ્છા હતી. આમ આવા ઉદાત્ત ધ્યેય સાથે તેઓશ્રીએ અમેરિકા જવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. તેઓ જે વિષયમાં પીએચ.ડી. થવા ઇચ્છતા હતા તે આંતરરાષ્ટ્રીય કાયદાનું (International Law) સર્વશ્રેષ્ઠ શિક્ષણ તે સમયે માત્ર કોલંબિયા યુનિવર્સિટી (અમેરિકા)માં જ મળી શકે તેમ હોવાથી તેમનું અમેરિકા જવું અનિવાર્ય બન્યું હતું.

હવે જ્યારે અમેરિકા જવાનું નિશ્ચિત થઈ ગયું ત્યારે તેમને સતાવતો મુખ્ય પ્રશ્ન એ હતો કે ત્યાં વિદેશમાં રહીને તેઓ તેમના આચાર-વિચાર, ધર્મ વગેરે કેવી રીતે સાચવી શકશે ? અને તેથી જ કોઈ કોઈ આપ્તજન સમક્ષ તેમની આ આંતરવ્યથાને વ્યક્ત પણ કરતા. તેઓ પૂછતા કે 'મારી ભક્તિનું શું થશે?' એટલે તેમનું વિશુદ્ધ ભક્ત હૃદય વિદેશ જતા પહેલાં કંઈક દુઃખની લાગણી તો અવશ્ય અનુભવતું હતું. આમ છતાં તેમની ઉચ્ચ અભ્યાસ અર્થેની પ્રબળ ઇચ્છાને કારણે તેમનું દૃઢ મનોબળ જે કાંઈ અવરોધ આવે તેના પ્રતિકાર માટે તૈયાર જ હતું.

---

નોંધ : – પૂ. પ્રભુશ્રીએ તેમનું આધ્યાત્મિક નામ 'સત્-ચિત્-આત્મન્' ધારણ કરેલ હતું. પરંતુ ભક્તોમાં પ્રચલિત પ્રિય સંબોધન તો 'પ્રભુશ્રી' થતું હતું. તેથી પ્રસ્તુત પુસ્તકમાં સર્વ સ્થાને આ જ નામથી સંબોધેલ છે.

ૐ

# आत्मानुं स्मृति परा जागृति

प्रकरण - २

## અભ્યાસ અર્થે અમેરિકા પ્રયાણ

પૂ. પ્રભુશ્રી 'આંતરરાષ્ટ્રીય કાયદા'ના વિષય પર પીએચ.ડી. થવા અર્થે અમેરિકા જવા ઈ.સ. ૧૯૪૯ના જાન્યુઆરીમાં નીકળ્યા હતા.

અમેરિકા પહોંચ્યા પછી તેમને ત્યાં અનેક પ્રતિકુળ પરિસ્થિતિઓ સામે સંઘર્ષ કરવો પડ્યો હતો. પ્રથમ તો તેમને ભારતનું અને અમેરિકાનું સામાજિક જીવન તદ્દન જ વિરોધાભાસી જણાયું. ત્યાંની શૈક્ષણિક પદ્ધતિ પણ ભારત કરતા તદ્દન ભિન્ન હતી. ત્યાંના અભ્યાસક્રમો ભારત કરતાં ઓછા સમયમાં પૂરા કરી દેવામાં આવતા હતા. તેમજ ત્યાંનું શીખવવાનું ધોરણ પણ ઘણું ઊંચું હતું એ દૃષ્ટિએ પ્રભુશ્રીને પીએચ.ડી.માં પ્રવેશ મેળવવો જરા કઠિન હતો.

આહારની બાબતમાં પણ તેમને અનુકૂળ એવુ સાત્ત્વિક શાકાહારી ભોજન સુલભ હતું નહીં. તેથી તેઓ બ્રેડ, ટમેટાનું સૂપ, દૂધ વગેરેથી ચલાવી લેતા હતા. વધુમાં મગફળીની તૈયાર મળતી શીંગ કાયમ પોતાની પાસે રાખતા હતા.

જો કે અમેરિકાનું જીવન કેટલીક દૃષ્ટિએ તેમને ઘણું પસંદ હતું. ત્યાંના લોકોની સ્વચ્છતા તથા સુઘડતાની હંમેશાં પ્રશંસા કરતા હતા. તેઓશ્રીએ ત્યાંથી એક પત્રમાં લખેલું કે 'પ્રથમ દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવી અહીંની સ્વચ્છતા છે. અહીંના રસ્તા આપણા ઘર કરતાં પણ વધુ સ્વચ્છ જોવા મળે છે.... તેવી જ રીતે ત્યાંના લોકોની કાર્ય પ્રત્યેની નિષ્ઠા તથા વ્યવહારમાં પ્રામાણિકતાના પણ તેઓ પ્રશંસક હતા. આમ છતાં અમેરિકન જીવનમાં અભક્ષ્ય આહાર અને (નિમ્ન) અનૈતિક વ્યવહારો જીવન સુખનું સાધન હતા, જે આધ્યાત્મિક વિકાસ આડે મુખ્ય

અવરોધક હતા. છતાં પણ આવા પ્રતિકુળ વાતાવરણમાં **પ્રભુશ્રી અમેરિકામાં સાડા પાંચ વર્ષ રહ્યા હતા અને જીવનની અણિશુદ્ધ પવિત્રતા જાળવી રાખી હતી.**

**તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી :**

પૂ. પ્રભુશ્રી અમેરિકામાં લગભગ સાડા પાંચ વર્ષ રહ્યા હતા. તેમાંના પ્રથમ ચાર વર્ષ તો અભ્યાસમાં જ વ્યસ્ત રહ્યા હતા. તેઓશ્રીનું અત્રે આવવાનું પ્રયોજન જ આંતરરાષ્ટ્રીય કાયદામાં પીએચ.ડી.ની પદવી મેળવવાનું હતું. પરંતુ અમેરિકા આવ્યા પછી ખબર પડી કે પીએચ.ડીના અભ્યાસ માટે પ્રવેશ મેળવવો સરળ ન હતો. તે માટે જુદા જુદા વિષયના ૧૫-૨૦ ટેસ્ટ પેપરો આપવા પડતા હતા. તેમાં ઉતીર્ણ થયા પછી જ પીએચ.ડીમાં પ્રવેશ માટેની યોગ્યતા મળતી હતી. આમ મુશ્કેલી છતાં પ્રભુશ્રીએ સખત પરિશ્રમ દ્વારા ટેસ્ટ પેપરોમાં સફળતા મેળવી, કોલંબિયા યુનિવર્સિટીમાં પીએચ.ડી. થવા માટેનો પ્રવેશ મેળવી લીધો હતો. આ સંદર્ભમાં પ્રભુશ્રીએ જ સ્વમુખે વાત કરતા કહેલું કે ''પીએચ.ડી. થવા આવનાર ત્યાંના કેટલાય તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં મળતા હતાશ થઈ, રડતા પાછા ફરતા મેં જોયેલા હતા.'' તો આ પરથી કોલંબિયા યુનિવર્સિટીનું શૈક્ષણિક ધોરણ કેટલું ઉચ્ચ હશે તેનો ખ્યાલ આવે છે.


કોલંબિયા યુનિવર્સિટી(U.S.A.)ના બગીચામાં લેવાયેલ તસ્વીર

આ વિશાળ યુનિવર્સિટીની પ્રતિષ્ઠા (Reputation) ત્યારે એટલી ઊંચી

ૐ

હતી કે પ્રભુશ્રીના કહેવા પ્રમાણે આકસ્મિક સંજોગોમાં તમે રસ્તા પરની કોઈ અજાણી વ્યક્તિને તમારું યુનિવર્સિટીનું ઓળખપત્ર બતાવી ઉછીની રકમ માગો તો તરત જ મળી શકતી હતી.

ત્યાર પછી પ્રભુશ્રીએ તેમના ગાઈડના માર્ગદર્શન નીચે મહાનિબંધ લેખનનો પ્રારંભ કર્યો ત્યાં જ તે પ્રોફેસરની બદલી અન્ય સ્થાને થતા ફરીથી બીજા ગાઈડ પ્રો.લીસીટઝીનના માર્ગદર્શન નીચે મહાનિબંધ લખવો શરૂ કરેલ હતો. આ રીતે પ્રારંભથી નાની-મોટી મુશ્કેલીઓ આવતી જ રહી હતી.

આ સંશોધન મહાનિબંધના લેખનની પૂર્વે ફરીથી તેમણે એમ.એ.ની ડીગ્રી મેળવી લીધી હતી. અને એ રીતે ત્રણ ત્રણ અનુસ્નાતક પદવીઓ ધારણ કરવાનો એક વિક્રમ સ્થાપી દીધેલ હતો !


રાજ્યશાસ્ત્રના વિદ્વાન લેખક હેરોલ્ડ લાસ્કી

પૂ. પ્રભુશ્રી અમેરિકામાં રહ્યા હતા તે દરમ્યાન ની કેટલીક નોંધપાત્ર વિગતો જાણવા મળેલ હતી.*

- તેમના એક જર્મન પ્રોફેસર શ્રી લુસબોમે તો જાતે ભારત સરકારને પત્ર લખી તેમની મહત્તમ બૌદ્ધિક પ્રતિભાનો ભારતના હિતાર્થે ઉપયોગ કરવા સૂચન કરેલું હતું.
- હેરોલ્ડ લાસ્કી (રાજ્યશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન લેખક) સાથે તો તેમને ગાઢ પરિચય હતો. શ્રી લાસ્કી જ્યારે ઈંગ્લાંડથી અમેરિકા આવતા ત્યારે

* શ્રી શાન્તિભાઈ શાહ પ્રભુશ્રી સાથે અમેરિકામાં અભ્યાસ કરતા અને તેમની બાજુની રૂમમાં જ રહેતા હતા. પછીથી તેઓ 'શ્યામલ' પ્રભુશ્રીના દર્શને અવારનવાર આવતા હતા. પ્રભુશ્રીના સ્વધામ પ્રયાણ પછી બે વખત તેમને મળવાનું થયેલ હતું. તેમણે પ્રભુશ્રી વિષે અમેરિકાના સમયની ઘણી વાતો કહી હતી

તેમને મળતા હતા. શ્રી લાસ્કીના એક પુસ્તકમાં રહી ગયેલ ક્ષતિ બાબત પ્રભુશ્રીએ તેમનું ધ્યાન દોર્યું હતું અને લાસ્કીએ તે ભૂલ સુધારી કોલંબિયા યુનિવર્સિટીને જાણ પણ કરી હતી.

- ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલજી જ્યારે અમેરિકાના પ્રવાસે ગયેલા ત્યારે તેમની સાથે પ્રભુશ્રીની મુલાકાત થયેલ હતી. પ્રભુશ્રીએ તેમને એક કાવ્ય પણ લખીને આપ્યું હતું. તેઓ પ્રભુશ્રીથી ઘણા જ પ્રભાવિત થયા હતા અને અભ્યાસ પૂર્ણ કર્યા પછી ભારતમાં ઉચ્ચ હોદ્દા પર નિમણુકનો પ્રસ્તાવ આપ્યો હતો.
- અંગ્રજી ભાષા પર તેઓશ્રીનું પ્રભુત્વ અસાધારણ હતું. તેમણે લગભગ સો જેટલા અંગ્રેજી કાવ્યો પણ લખ્યા હતા. શેક્સપિયરનું અંગ્રેજી સાહિત્ય તેમને ભાષાકીય દૃષ્ટિએ ઘણું જ પ્રિય હતું.

આવી ઘણી વાતો પ્રભુશ્રી સંબંધે જાણવા મળી હતી. ટૂંકમાં આ બધાના સારરૂપે એટલું તો અવશ્ય કહી શકાય કે તેમની બૌદ્ધિક પ્રતિભા અસાધારણ હતી અને તેમના જીવન-વ્યવહાર ખૂબ જ ઉચ્ચ હતા.

અભ્યાસ સિવાય પ્રભુશ્રી અન્ય કોઈ બાબતોમાં વિશેષ રસ ધરાવતા ન હતા. કોઈ કોઈ વખત ત્યાંના શ્રીરામકૃષ્ણ આશ્રમે દર્શન કરવા જતા હતા. તે સમયે ત્યાંના અધ્યક્ષ સ્વામી બોધાનંદ હતા. આ સ્વામીજીને પ્રભુશ્રીને જોતાં જ સ્વામી વિવેકાનંદની પ્રતીતિ થઈ આવી હતી. પરંતુ આ વાત તેમણે કોઈ અગમ્ય કારણસર જાહેર કરી ન હતી.

**આર્થિક સમસ્યા :**

અમેરિકાના ખર્ચાળ સામાજિક જીવન વચ્ચે રહીને તેમણે જ્યારે અભ્યાસ કરવાનો હતો ત્યારે આર્થિક ખેંચ પણ તેમને એટલી જ સહન કરવી પડેલ હતી,

**(ચાલુ)** તેમણે એ પણ વાત કરેલ કે પ્રભુશ્રીએ લખેલ મહાનિબંધ જળમાં પધરાવ્યા પછી મિત્રોના અત્યંત આગ્રહથી ડીગ્રી માટે ફરી વખત મહાનિબંધ લખ્યો હતો. પરંતુ ઈશ્વરાદેશ થતા તેને પણ જળમાં પધારવી દીધો હતો

ૐ

તેથી જ સ્તો તેઓ ખૂબ જ કરકસરથી રહીને અભ્યાસ કરતા હતા. કોઈ વખત તેમના એ મુશ્કેલીના દિવસોની વાતો યાદ કરતા કહેતા કે ‘‘... ટમેટાનું સૂપ અને બ્રેડ ખાઈને ચલાવી લેતો હતો... ટમેટા પણ થોડા નબળા લેતો હતો અને તેમાંથી નકામો ભાગ કાઢી બાકીનાનું સૂપ બનાવી લેતો હતો...’’

સાધનાકાળ દરમ્યાન કોઈ વખત એવું પણ બનતું કે મકાનનું ચડતર ભાડું ચુકવવા બહાર પૈસા લેવા જતા અને પાછળથી મકાન માલિક તેને તાળું મારી દેતા. અંતે ખૂબ જ સમજાવટ પછી ખોલી આપતા હતા.

અપોષક અને અનિયમિત આહારને કારણે તેમને પેટમાં થોડીઘણી તકલીફ રહેતી અને તેથી જ સારણગાંઠનું ઓપરેશન પણ કરાવવું પડેલ હતું.

આર્થિક સમસ્યાનાં સંદર્ભમાં જ તેમણે એક પ્રસંગ કહ્યો હતો.

એક વખત યુનિવર્સિટી તરફથી તેઓશ્રીને કોઈ ગુજરાતી કૃતિનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાની તક પ્રાપ્ત થયેલી હતી. આ ભાષાંતર દ્વારા પુરસ્કારરૂપે તેમને થોડી રકમ મળી શકે તેમ હતી. તેથી તેઓશ્રીએ મેઘાણીની શૌર્ય, ટેક અને નૈતિક મૂલ્યો આધારિત બહારવટીયાઓની કથાઓનું ભાષાંતર કરવા નક્કી કર્યું. પરંતુ તેમના ભાગ્યે હંમેશા આર્થિક ખેંચમાં જ રહેવાનું સર્જાયું હતું. આ ભાષાંતર કાર્ય માટે પ્રભુશ્રીની જગ્યાએ અન્યની પસંદગી થતા તેઓશ્રી આટલી નાની રકમ પણ મેળવી શક્યા ન હતા.

ટૂંકમાં તેઓશ્રીના સમગ્ર જીવન દરમ્યાન ઘણી આર્થિક મુશ્કેલી રહી હતી, જે એક રીતે તેમનું માનસિક તપ બની રહી હતી. પણ આટલી મુશ્કેલી છતાં તેમનું કોઈ કાર્ય ક્યારેય અટક્યું ન હતું. કોઈને કોઈ સગા-સ્નેહી કે મિત્ર દ્વારા આવશ્યક રકમ ઉછીની મળી જ રહેતી હતી. એ રીતે પરમાત્મા હંમેશાં તેમનું ધ્યાન રાખતા હતા.

**મહાનિબંધ (Thesis)ની પૂર્ણતાએ આત્મસાક્ષાત્કાર :**

લગભગ ચાર વર્ષ આ મહાનિબંધના લેખન-સંશોધનમાં જ પસાર થઈ

ૐ

ગયા હતા. તેમની સમગ્ર શક્તિ આ સંશોધન પાછળ જ નિચોવાઈ ગઈ હતી. તેથી તેઓશ્રી થાક અને કંટાળો પણ અનુભવતા હતા. હવે તેમને ભારત પાછા જવાની પ્રબળ તાલાવેલી જાગી હતી.


મહાનિબંધને ટાઈપ કરવા આપેલ તે પરત આવી ગયો હતો. માત્ર તેને નિષ્ણાત પ્રોફેસરો સમક્ષ 'ડીફેન્ડ' કરવાની એક ઔપચારિક પ્રક્રિયા જ બાકી હતી. **પરંતુ વિધિયોગ કંઈક જુદો લખાયો હતો. તેમને આ સમયે જ આત્મસાક્ષાત્કાર થતા તે મહાનિબંધને જળમાં પધરાવી દઈને ઈશ્વરીય આદેશ અનુસાર તપોસાધનામાં એકલીન થઈ ગયા.**

વિચાર થાય છે કે જ્યારે સંસારના સઘળા સુખો તેઓશ્રીના ચરણોમાં પડેલા હતા અને પૃથ્વી પરના સઘળા ભૌતિક સુખનું સ્વર્ગ સામે જ ઉભેલું હતું, ત્યારે પળના પણ વિલંબ વગર ઈશ્વરાદેશ અનુસાર મહાનિબંધને જળમાં પધરાવી દેવો તે સાધારણ ઘટના ન હતી ! કારણ કે જે પીએચ.ડી થવા અર્થે તો તેમણે વતનથી આટલે દૂર અમેરિકામાં આવી, ચાર ચાર વર્ષ સુધી અત્યંત કષ્ટ સહન કર્યું હતું. છતાં પણ આ ડીગ્રીનો ઈશ્વરાદેશ અનુસાર ત્યાગ કરતા તેઓશ્રી જરા પણ અચકાયા નહીં.

તેઓશ્રીને ડીગ્રી મેળવ્યા પછી વિશ્વસ્તરની આંતરરાષ્ટ્રીય સંસ્થા યુ.એન. (U.N.)માં કે હેગની વિશ્વ અદાલતમાં (જજ તરીકે) ઉચ્ચ હોદ્દો મળી શકે તેમ હતો. (તેમના જ ઈજીપ્તના મિત્ર અબદુલ્લાની હેગમાં જજ તરીકે નિમણુંક થઈ હતી.) પરંતુ તેમણે તો ત્યાગનો જ ભવ્ય આદર્શ જ ચરિતાર્થ કરવાનો હતો. **આધ્યાત્મિકતા પાસે દુન્યવીતાનું કોઈ મૂલ્ય નથી તે પ્રસ્થાપિત કરવાનું હતું.**

તેમના પીએચ.ડી.ના ગાઈડ ડો. લીસીટઝીનને પણ તેમના નિર્ણયથી આશ્ચર્ય થયું. તેમણે અફસોસ વ્યક્ત કરેલ કે મહાનિબંધ જળમાં પધારવી દેવાને બદલે તેમને પાછો આપ્યો હોત તો તે જ્ઞાનનો લાભ ઘણાને મળી શકત!

ૐ


અમેરિકા સ્થિત ભારતીય રાજદૂત શ્રી ગગનવિહારી મહેતા

પ્રભુશ્રીને તેમના આ માર્ગ પરથી પાછા વાળવા માટે પણ ઘણો પ્રયાસ થયો હતો. જાણવા મળેલું કે ત્યાંના ભારતીય એલચી શ્રી ગગનવિહારી મહેતા પણ તેમને સમજાવવા ગયા હતા. પરંતુ તેઓએ પણ પ્રભુશ્રીના દિવ્ય વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને તેમનો આધ્યાત્મિકતાનો માર્ગ જ યોગ્ય માન્યો હતો. કારણ એ કે આ ભવ્ય ત્યાગ કોઈ ક્ષણિક આવેશના પરિણામે થયેલ ન હતો. પરંતુ આત્મસાક્ષાત્કારની વાસ્તવિક અનુભૂતિ અને સત્ય પ્રમાણ પછી જ તેમણે આ માર્ગ પર જવા નિશ્ચય કર્યો હતો.

**અમેરિકા (ન્યૂયોર્ક) માં સાધનાનો પ્રારંભ :**

પૂ. પ્રભુશ્રીએ અમેરિકામાં રહીને જે કંઈ સાધના કરેલી હતી, તે વિષે તેઓશ્રીએ સ્વમુખે પ્રસંગોચિત વાતો કરેલી હતી. આ સિવાય અન્ય પાસેથી પણ કેટલીક અલભ્ય વિગતો જાણવા મળેલી હતી. આ પરથી એટલું તો સ્પષ્ટ થતું હતું કે **તેઓશ્રીની આ તપોસાધના અત્યંત કઠિન સ્વરૂપની હતી.**

જ્યારે તેમણે અતિ પરિશ્રમે પૂર્ણ થયેલ મહાનિબંધ હડસન નદીના જળમાં પધરાવી દીધો તે પૂર્વે તેમના સમગ્ર જીવનને આમૂલ પરિવર્તિત કરનારી એક મહત્ત્વની ઘટના બની હતી.

તેઓશ્રી એક બગીચામાં બેઠા હતા તે દરમ્યાન એક પ્રચંડ શક્તિની અનુભૂતિ તેમના શરીરમાં થતી જણાઈ. થોડી ક્ષણ તો તેઓ ભયભીત થઈ દિગ્મૂઢ બની ગયા. એ જ સ્થિતિમાં તેઓશ્રી ઝડપથી નિવાસ સ્થાને પહોંચ્યા. ત્યાં

ૐ

પહોંચ્યા પછી તેમને (અંતરવાણી) સ્પષ્ટ સંભળાયું કે **''દુન્યવી ક્ષેત્રે જે કંઈ (અભ્યાસ) કરવાનું હતું. તે હવે પૂર્ણ થયેલ છે.... તેથી સર્વ કંઈ ત્યાગ કરી, સાધનામાં પ્રવૃત થાઓ....''**

હવે તેઓશ્રીને સમજાયું કે જે (પરાત્પર) શક્તિની બગીચામાં અનુભૂતિ થયેલ તે જ શક્તિ તેમને આદેશ આપી રહેલ હતી. બાલ્યકાળથી જે બ્રહ્મતત્ત્વ તેમને અંતર્મુખ રાખીને તેમની પાસે તપ કરાવી રહેલ તે જ પરમતત્ત્વ (પરમાત્મા)એ તેમને તેમના સ્વસ્વરૂપની સ્પષ્ટ પ્રતીતિ કરાવી દીધી હતી. આ સાથે પરમાત્માએ એ પણ સ્પષ્ટ કહી દીધું હતું કે, **તેમનું પ્રાગટ્ય કોઈ સામાન્ય માનવ સ્વરૂપે નહીં, પણ સમષ્ટિના કલ્યાણ અર્થે એક વિશિષ્ટ પ્રયોજનાર્થે થયેલ છે.**

પરમાત્માના આવા સ્પષ્ટ આદેશ પછી તેઓશ્રીએ અભ્યાસના અસંખ્ય પુસ્તકો તથા પીએચ.ડીનો અતિ કષ્ટે તૈયાર કરેલો મહાનિબંધ, ડીગ્રીઓ વગેરે ત્યાંની (ન્યૂયોર્કની) હડસન નદીમાં પધરાવી દીધા અને એક અકલ્પનીય મહાસાધનાનો પ્રારંભ કર્યો.

જ્યારે આ સાધનાનો પ્રારંભ કરેલો ત્યારે પોતાની પાસેની સઘળી વસ્તુઓ જળમાં પધરાવી દીધી હતી. માત્ર ફોન કરવા રૂમમાં એક સિક્કો રાખેલ હતો, જેથી જરૂર પડ્યે મિત્ર સાથે ફોનથી વાત કરી શકાય. તે વખતે તેમને પરમાત્માનો આદેશ મળ્યો કે, **'સંપૂર્ણ ત્યાગ કરો.'** તેમને તરત જ ખ્યાલ આવ્યો કે રૂમમાં એક સિક્કો હજી પડેલ છે, આથી તુરત જ બહાર જઈને તે સિક્કો પણ ફેંકી આવ્યા. **એટલે ત્યાગમાં પણ પૂર્ણતા સાથે માત્ર ને માત્ર પરમાત્માનું જ અવલંબન હોવું જોઈએ એ સત્ય પરમાત્માએ પ્રભુશ્રીને સાધનાના પ્રારંભ સાથે જ સ્પષ્ટ રીતે સમજાવી દીધું.**

ઈ.સ. ૧૯૫૨ના ડિસેમ્બરમાં તેઓશ્રીએ શરૂ કરેલ આ સાધના દોઢેક વર્ષ ચાલુ રહી હતી. જે કંઈ આદેશ કે પ્રેરણા પરમાત્મા થકી મળતા રહેતા તે પ્રમાણે જ સાધનાનો ક્રમ ચાલતો રહેતો હતો. કેટલીક વખત સતત ઉપવાસ તો ક્યારેક સતત

ૐ

જાગરણ કરવાનો આદેશ મળતો હતો, તો વળી ક્યારેક જાગરણ અને ઉપવાસ સાથે પણ કરવાના થતા હતા.

એક વખત એવું બન્યું કે અખંડ જાગરણ અને અખંડ જપ સાથે ઉપવાસ કરવાના હતા. આવી સ્થિતિમાં કદાચ ભીંતનો થોડો ટેકો પણ લેવાય તો ઝોલું આવી જવાની શક્યતા રહેલી હતી. આથી રૂમમાં સતત ચાલતા ચાલતા જ જપ કરતા હતા. આ સાથે ઉપવાસ તો ચાલુ જ હતા. આવી કઠિન તપસ્યા વચ્ચે માત્ર કોફી લેવાની આજ્ઞા મળતા તેઓશ્રી કોફી બનાવવા બેઠા પણ સતત જાગરણને કારણે મસ્તક ઉકળતી કોફીની તપેલીમાં લથડી પડ્યું. આખું મુખ સખત રીતે દાઝી ગયું તેમ છતાં આદેશ પ્રમાણે કોઈપણ દવા લેવા બહાર ગયા નહીં અને ચમત્કાર એ થયો કે થોડા જ દિવસમાં મુખમંડળ પરના સફેદ ડાઘ મટી જઈને પૂર્વવત્ સારું થઈ ગયું !


તેઓશ્રીની આ વિધવિધ પ્રકારની સાધનાનું સ્વરૂપ જ એટલું કષ્ટમય હતું કે તેમાં મનોબળને તેની ઉચ્ચ ભૂમિકાએ સતત પણે ટકાવી રાખવાનું હતું. એટલે તેમાં જરા સરખો પણ આનંદ કે રાહત લઈ શકાય તેમ ન હતા. આ અવિરત ચાલતી સાધના દરમ્યાન તેમાં સહજ પણ સુખ કે હળવાશને સ્થાન ન હતું. અને કદાચ જો તે માટે પ્રયત્ન કરાયેલ હોય તો સ્પષ્ટ પણે નકારમાં આદેશ મળતો હતો. આ સંદર્ભમાં એક નાનો પ્રસંગ હોવા છતાં સાધનાની તીવ્રતાને સમજવામાં ઉપયોગી થશે.

એક સમયે ઉપવાસમાં તેઓશ્રીને માત્ર ચાર મોસંબી લેવાની આજ્ઞા મળી હતી, અને તે પણ માત્ર એક જ સમયે લઈ લેવાની રહેતી હતી. દરમ્યાન જાગરણ અને ઉપવાસ બન્ને સાથે ચાલતા હોવાથી પ્રભુશ્રીએ એવું વિચાર્યું કે આ ચાર મોસંબી જો થોડા સમયનાં અંતરે લેવામાં આવે તો કંઈક રાહત મળે અને માનસિક હળવાશ અનુભવી શકાય. પણ જેવો આ વિચારનો અમલ શરૂ કર્યો કે તરત જ આદેશ મળ્યો કે ''બધી મોસંબી એક જ સમયે લઈ લેવાની છે.'' એટલે આવી નાની સરખી

ૐ

છૂટને પણ આ અતિ કઠિન સાધનામાં કોઈ અવકાશ ન હતો.

એક વખત તો આદેશ પ્રમાણે **સળંગ ૧૨૦ દિવસના ઉપવાસ કરવાના થયા હતા !** આ ઉપવાસ માત્ર ચા પર રહીને કરવાના હોવાથી શરીર ખૂબ જ કૃશ થઈ ગયું. ચાલવાની શક્તિ પણ રહી ન હતી. ચા બનાવવા પણ બેઠા બેઠા ઢસડાઈને જતા હતા. આવી સ્થિતિમાં બહાર દૂધ લેવા રસ્તો ઓળંગવો તો અસહ્ય કષ્ટમય બનતું હતું. આમ દિવસ-રાત જપ સ્મરણમાં પસાર કરતા હતા. વસ્ત્રમાં ધોતિયાનો એક કટકો વીંટતા અને રાત્રે કંતાન (કોથળા) પર સૂઈ જતા. આ સાથે પંચકેશ પણ રાખેલ હતા. જે તસ્વીરમાં જોઈ શકાય છે.*



ન્યુયોર્ક (U.S.A)માં સાધનામાં સ્થિત પ્રભુશ્રી (ઇ.સ.૧૯૫૨)

આ પ્રમાણે એવી અલગ અલગ પ્રકારની અકલ્પનીય કઠિન સાધનાઓનો આદેશ અનુસાર અમલ કરતા રહેવાનું હતું કે જે સાંભળીને પણ અવાચક થઈ જવાય. તેઓશ્રીએ કોઈ વખતે આ બધી વાતો કરતાં કહેલું કે **''મારી આ સાધનાઓનો દોઢેક વર્ષનો સમય એવી રીતે પસાર થઈ ગયેલો કે સૂર્ય ક્યારે ઉગતો અને ક્યારે આથમતો તેનો મને ખ્યાલ રહેતો નહીં.''**

વચ્ચે તેઓશ્રીએ છએક માસ ભગવાન શ્રીરામચંદ્રની બાળસ્વરૂપે (રામલાલાશ્રી) ભક્તિ-સાધના કરી હતી. આ સાધનામાં બાળસ્વરૂપને વિવિધ

* કોઈ આકસ્મિક યોગે પરિચિત વ્યક્તિ દ્વારા તેમના ભંડકીયાના વેન્ટિલેશનમાંથી પાડી લેવાયેલ તસ્વીર જે ભારત મોકલવામાં આવી હતી. આ પણ પરમાત્માનો જ સંકેત હશે, કેમ કે તે તસ્વીરની આજે પૂજા થાય છે.

ૐ

પકવાનો બનાવીને ધરાવતા હતા, તેમજ બાળસ્વરૂપે જે કંઈ આવશ્યક સેવા કરવાની હોય તે પણ ભક્તિપૂર્વક કરતા હતા. તે હેતુપૂર્તિ માટે પાકશાસ્ત્રનું પુસ્તક મેળવી તેમાંથી જોઈને ધરાવવા માટેની વિવિધ મિઠાઈઓ બનાવતા હતા.

એક વખત બાળસ્વરૂપ શ્રીરામલાલાને જલેબી ખાવાની ઇચ્છા થઈ તેથી પ્રભુશ્રીએ તે બનાવવાની રીત જાણી. જરૂરી સામગ્રી લઈને સંપૂર્ણ તૈયારી કરી. જલેબી બનાવવા બેઠા પરંતુ દરેક વખતે જલેબીનું ગુંચળું (આકાર) બરાબર થતું ન હતું. જલેબી પૂરી થવા આવી અને છેલ્લી એક બનાવવાની બાકી હતી. પ્રભુશ્રીને થતું હતું કે હવે જો આકાર બરાબર નહીં થાય તો શું થશે ? પણ તે છેલ્લી જલેબીનો આકાર બરાબર ગોળ બન્યો અને પછી તો તેઓશ્રીએ અપાર આનંદ સાથે ભાવપૂર્વક બાળ રામલાલાને પ્રસાદ ધરાવ્યો.

આ ધરાવેલ પ્રસાદ વિષે પણ વધુ જાણવું રસપ્રદ બનશે.

તેઓશ્રી પરમાત્માના આદેશાનુસાર ઉપવાસ કરતા હોવાથી નિત્યનો ધરાવેલ પ્રસાદ પણ લઈ શકતા નહીં. માત્ર તેમાંથી એકાદ કણ લઈને બાકીનો પ્રસાદ યોગ્ય સ્થાને પહોંચાડવા તેમના દૂર રહેતા એક બુદ્ધિસ્ટ પ્રોફેસરને ઘેર આપવા જતા, કેમ કે તે પ્રોફેસરને પ્રસાદ પ્રત્યે ખૂબ આદરભાવ હતો. પણ શિયાળામાં સખત બરફથી આચ્છાદિત રસ્તા પર જવું મુશ્કેલ હતું અને રાત્રે જાગરણને કારણે ચાલતા રહેવાથી પગ ખૂબ જ સોજી જતા હતા. તેથી જોડા પણ પગમાં આવી શકતા ન હતા. બીજી તરફ જોડા પહેર્યા વગર બરફ પર કેમેય ચાલી શકાય તેમ ન હતું. એટલે પ્રસાદને અન્ય યોગ્ય સ્થાને પહોંચાડવા કોઈ આફ્રિકન અમેરિકનને પૂછતા તો તે પણ આ પ્રસાદ લેવાની ના પાળતા હતા. આમ કોઈ કોઈ વખત તો અત્યંત દુઃખ સાથે બધા પ્રસાદને પાણીમાં પધરાવી દેવો પડતો હતો. આમ પ્રસાદ પ્રત્યેનો આદરભાવ જાળવવા તેઓશ્રી અનેકવિધ કષ્ટ સહન કરતા હતા.

**આધ્યાત્મિકતાના પંથે જનાર કોઈપણ વ્યક્તિને બાહ્ય અને આંતરિક**

ૐ

**એમ બન્ને બાજુથી સહન કરવાનું હોય છે અને તેમાં પણ પ્રભુશ્રીની જેમ જેમણે કોઈ વિશ્વહિતાર્થે કંઈક વિશિષ્ટ પ્રદાન કરવાનું હોય તેમણે તો અનેકગણા બાહ્ય સંઘર્ષોનો સામનો તથા આંતર તપસ્યા કરવી પડે છે.**

આત્મસાક્ષાત્કારના સામાન્ય સિદ્ધાંતમાં આપશ્રી એક અપવાદરૂપ હતા. સામાન્ય મનુષ્યને વર્ષો સુધી કરેલી સાધનાના ફળ સ્વરૂપે આત્મસાક્ષાત્કાર થાય છે, જ્યારે પ્રભુશ્રીને પ્રથમ જ અનાયાસે આત્મસાક્ષાત્કાર થયો હતો. ત્યાર પછી જ વ્યક્તિગત તેમજ સમષ્ટિગત કલ્યાણઅર્થે તપોસાધના કરવાની થઈ હતી. વળી આ તપસ્યાનું સ્વરૂપ પણ સામાન્ય મનુષ્યે આધ્યાત્મિકતાના માર્ગે કરવાની તપસ્યા કરતા અનેકગણું વિશેષ ઉચ્ચ અને કષ્ટપ્રદ રહેલ હતું.

આમ પ્રભુશ્રીએ ન્યૂયોર્કની (અમેરિકા) એક હોટલના બેઝમેન્ટ* કે જ્યાં દિવસે પણ લાઈટ કરવી પડતી હતી, ત્યાં આ અત્યંત કઠિન સાધના પૂર્ણ કરી હતી. હવે સ્વાસ્થ્ય પણ પૂર્વવત્ થઈ ગયું હતું. અને પોતાની માતૃભૂમિમાં પાછા જવા મનથી ઝંખી રહ્યા હતા.


ભારત તો સનાતન કાળથી જ આધ્યાત્મિક પવિત્ર તપોભૂમિ છે અને તેથી જ તો આ ભૂમિ પર જ વૈશ્વિક કલ્યાણની તપોસાધના તથા કાર્ય કરવા ઉચિત હતા. તેથી ઈ.સ. ૧૯૫૪ના મધ્યમાં પરમાત્માનો આદેશ મળતા જ તેઓશ્રી સ્ટીમરમાં બેસી ભારત પાછા આવવા નીકળ્યા.


અહીં એક પ્રશ્ન એવો પણ ઉદ્ભવે છે કે પ્રભુશ્રીએ સાક્ષાત્કાર પછી દોઢ વર્ષ સુધી ત્યાં અમેરિકામાં રહીને જ તપોસાધના શા માટે કરી હશે? શું આ સમૃદ્ધ અમેરિકા (પ્રભુશ્રી વિષેની સંહિતામાં જણાવેલ પાતાળલોક)માં તપ કરાવી તેના દ્વારા ભારત અને વિશ્વનું કલ્યાણ કરવા ઇચ્છતા હશે ? પરંતુ એ તો સમય આવ્યે જ ખ્યાલ આવે !

---

* પ્રભુશ્રી અમેરિકામાં ત્રણચાર મકાનમાં રહ્યા હતા. અંતિમ સાધના હોટલના બેઝમેન્ટમાં પૂર્ણ કરી હતી.

ૐ





ૐ

## પ્રભુશ્રીના અભ્યાસ-જીવનનો અંતિમપત્ર

૨૪ ઓકટોબર, ૧૯૫૨

ચિ.ભાઇ લક્ષ્મીચંદ

તારો નૂતન વર્ષાભિનંદનનો કાગળ વાંચી અત્યંત આનંદ થયો. આ વખતે નવુ વર્ષ ક્યારે છે તેનો ચોક્કસ ખ્યાલ રહ્યો નહિ પણ હજુ બહુ મોડુ નથી થયું તેના તને નવા વર્ષના હાર્દિક અભિનંદન પાઠવું.

મારી થીસીસ લખાઇ ગઇ છે. પ્રોફેસર Ok કહે એટલે તેને Type કરાવવાની છે. અને પછી તો Defend કરવાની એક બે કલાકની વાત છે. હજુ છપાવતા એક મહીનો નીકળી જશે.

થોડું થોડું કરતા સમય ઘણો નીકળી ગયો. અને હું તો ખુબ જ કંટાળી તેમજ થાકી ગયો છું પણ હવે એ વિષે વિચાર કરવાનો અર્થ નથી.

ત્યાંના ખબર લખતા રહો તો ઘણું સારું. આસ્તે આસ્તે હિન્દુસ્તાનના કાગળો ઘણા ઓછા થઇ ગયા છે. ચિ.ભાઇ રતીએ સાત આઠ મહિના પહેલા કાગળ લખ્યો હતો.

ચિ. અ.સૌ. ચંપા, ચિ.બાબા તથા ચિ.બેબીને આશિષ.

કાગળ વખત મળ્યે જરૂર જરૂર લખશો.

લી. પ્રતાપના આશીષ

ૐ

# બ્રહ્મનિષ્ઠ-તપોયુક્ત-આધ્યાત્મિક ભારત

પ્રકરણ - ૩

## ભારતમાં પુનરાગમન



અમેરિકાથી ભારત પુનઃ પધાર્યા ત્યારે મુંબઇ બંદરે લેવાયેલ તસ્વીર(ઇ.સ.૧૯૫૪)

ઈ.સ.૧૯૫૪માં પ્રભુશ્રી પોતાની માતૃભૂમિ ભારત પાછા ફર્યા હતા. વિદેશયાત્રાના ભવ્ય પુરુષાર્થ, ત્યાગ અને સાધનાની કથા અહીં પૂર્ણ થતી હતી.

હવે ભારતમાં આવ્યા પછી તેઓશ્રીને પરમાત્માના આદેશ અનુસાર વિશ્વકલ્યાણ અર્થે તપોસાધના કરવાની હતી અને એ સાથે આધ્યાત્મિક જીવનનો સર્વોચ્ચ આદર્શ પણ પ્રસ્થાપિત કરવાનો હતો. એટલે કે આશ્રમ વ્યવસ્થાથી પર રહી, અધ્યાત્મ માર્ગની વાસ્તવિક ભૂમિકા બતાવવાની હતી. તેથી જ તેઓશ્રીએ તેમની અગાઉ થયેલી સગાઈ રદ કરી, લગ્ન કર્યા ન હતા. એવી જ રીતે ભગવા વસ્ત્રો પણ ધારણ કર્યા ન હતા. આમ ગૃહસ્થાશ્રમ કે સંન્યાસાશ્રમથી તેઓ પર જ રહ્યા હતા.

તેઓશ્રી સ્વદેશાગમન બાદ પ્રથમ ચૌદ વર્ષ જામનગર, રાજકોટ, કુતિયાણા તથા જૂનાગઢ રહ્યા હતા અને પછીના અંતિમ ચૌદ વર્ષ 'શ્યામલ' રાજકોટમાં એક જ સ્થાને રહ્યા હતા. જો કે આ બધા વર્ષોની સમયબદ્ધ અને કડીરૂપ

ૐ

માહિતી મળી શકેલ નથી. પરંતુ તેમની વિવિધ તપોસાધનાની અંતર્ગત પ્રેરણાનુસાર સમગ્ર ભારતના પવિત્ર તીર્થધામોની યાત્રા, 'શ્યામલ'માં પધાર્યા પૂર્વે જ કરી લીધી હતી.

**પવિત્ર તીર્થધામોની યાત્રા :**

આપણા પ્રાચીન દિવ્ય તીર્થસ્થાનો પ્રત્યે પ્રભુશ્રીને અનન્ય શ્રદ્ધા તથા ભાવ હોવાથી, જે સ્થાને જવાની પ્રેરણા થતી ત્યાં તુરત જ પધારતા હતા. આ પ્રમાણે તેઓશ્રી ચારધામ, શ્રીઅમરનાથ (કાશ્મીર), કાશી, અયોધ્યા જેવા કેટલાય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રાએ ગયા હતા. કેટલીક વખત તો એક સ્થાને ગયા પછી ફરીથી ત્યાં જ જવાનું થતું હતું, કારણ કે જે સંકલ્પ તથા ભાવના સાથે ત્યાં ગયેલ હોય તે પ્રમાણે જ તેમને ક્રિયાવિધિ કરવાના રહેતા હતા. જો તે પ્રમાણે તે સંકલ્પ પરિપૂર્ણ થઈ શકેલ ન હોય તો આવ્યા પછી પુનઃ ત્યાં જવું પડતું હતું. આ રીતે બે વખત શ્રીઅમરનાથ, શ્રીબદરીનાથ, શ્રીરામેશ્વર વગેરે તીર્થસ્થળોએ જવાનું થયું હતું. કલકત્તા તો તેમના ભગવાન શ્રીરામકૃષ્ણદેવ સાથેના પૂર્વસંબંધને કારણે સત્તરથી અઢાર વખત જવાનું થયું હતું. કોઈ વખત તો કલકત્તાથી સવારે આવ્યા પછી ફરી પ્રેરણા થતા સાંજે જ કલકત્તા જવા નીકળી જતા હતા.

**સામાન્ય રીતે તીર્થમાં તેઓશ્રી ત્રણ દિવસ વિતાવતા હતા. ઉપવાસ તો કરતા જ અને સાથે પૂજા-અર્ચના, આરતી, ધ્યાન, દાન પણ એટલા જ ભાવથી કરતા હતા. દર્શન કર્યા પછી અચૂકપણે, માગીને પણ પ્રસાદ લેતા હતા. તીર્થમાં હોય ત્યાં સુધી તપ વિશેષરૂપે કરતા હતા.**

પ્રભુશ્રી જામનગર, રાજકોટ, કુતીયાણા, જૂનાગઢ આ ચાર સ્થળોએ ચૌદ વર્ષ રહ્યા હતા. તે દરમ્યાન ત્યાં બનેલ ઘટનાઓ તથા પ્રસંગોની પ્રાપ્ય વિગત અત્રે આપવાનો પ્રયાસ કર્યો છે.

ૐ


## જામનગર ('દેવ નિવાસ', - ૧૯૫૪-૫૬) :



પ્રભુશ્રીનું નિવાસ સ્થાન (જામનગર)
(સાધનાકાળ-ઈ.સ. ૧૯૫૪-૫૬)

અમેરિકાથી પરત આવ્યા પછી બે-ત્રણ વર્ષ જામનગર તેમના બાલ્યકાળના નિવાસ સ્થાન 'દેવ નિવાસ'માં રહ્યા હતા. તે વખતની કોઈ નોંધનીય ઘટના જાણવા મળી નથી. પરંતુ તેમની તપોસાધના ત્યાં યથાવત્ રીતે ચાલુ રહી હતી. નિત્ય પંચેશ્વરના શ્રીરામજી મંદિરે દર્શન-આરતી અર્થે તેઓશ્રી પધારતા હતા. પોતાના નિવાસે એક જુદા કક્ષમાં પૂજા-ધ્યાનમાં નિત્ય લીન રહેતા હતા.

## રાજકોટ ('નવલ કુટીર', - ૧૯૫૭-૬૪) :



'નવલ કુટીર' સાધના સમય
ઈ.સ. ૧૯૫૭-૬૪ (રાજકોટ)

ઈ.સ.૧૯૫૭ની આસપાસ પ્રભુશ્રી જામનગરથી અહીં શ્રીવલ્લભદાસભાઈ (તેમના દુન્યવી મોટાભાઈ)ના નિવાસ સ્થાન 'નવલ કુટીર' માં રહેવા પધાર્યા હતા. અહીં અગાસી પર એક પર્ણકુટી બાંધીને તેમાં ઋષિ જેવું તપોમય જીવન ગાળતા હતા. આ સમય દરમ્યાન આધ્યાત્મિકતાના પાયાના સિદ્ધાંતો સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરેનું ચુસ્તપણે પાલન કરતા હતા. વધુમાં પ્રેરણાનુસાર ખુલ્લે પગે જ રહેતા,

સિવેલા કપડા પણ પહેરતા નહીં તેમજ ઉપવાસ-જપ કરતા. કોઈ જાતનું વાંચન પણ નહીં કરવાનો પરાત્પરનો આદેશ મળેલ હતો, જેનું તેઓ અક્ષરશઃ પાલન કરતા.

રાજકોટમાં રહેલા તે દરમ્યાન પરમ પૂજ્યશ્રી જુદા જુદા સ્થાનોએ દેવદર્શને જતા. રૂખડિયા હનુમાનની જગ્યામાં અખંડધૂન થતી ત્યાં પણ ઘણી વખત જતા અને ધૂનમાં ભાગ લેતા હતા. વીરપુર પણ ઘણી વખત ગયેલા હતા. વીરપુર જવા તેમના ભાણેજની મોટરમાં વહેલી સવારે નીકળતા અને સૂર્યોદય થતા સુધીમાં તો પાછા રાજકોટ આવી જતા. જાણવા મળેલુ કે વીરબાઈ મા ને ભગવાને ધોકો-ઝોળી સાથે એક શ્રીમૂર્તિ આપી હતી. પ્રભુશ્રી તે શ્રીમૂર્તિને હસ્તમાં લઈ ભાવથી ઝુલાવતા અને પછી ત્રીસ-ચાલીસ મીનીટમાં રાજકોટ પાછા આવી જતા. (પ્રભુશ્રી સો કિ.મી.થી વધુ ઝડપે એ સમયે ગાડી ચલાવી શકતા.) વીરપુર પહોંચીને ત્યાં ગાડીને હંમેશાં ગામની બહાર પાદરમાં જ ઊભી રાખતા અને દર્શન કરવા ખુલ્લા પગે જ જતા હતા.

કલકત્તા તો આપશ્રી અસંખ્ય વખત પધાર્યા હતા. એક વખત તો ત્યાં સળંગ છ માસ જુદા જુદા લીલા સ્થાનો (કામારપુકુર, જયરામવાટી, વગેરે) માં પ્રેરણાનુસાર રહ્યા હતા. તે જ રીતે **એક વખત અઢાર દિવસ માત્ર ચા પર ઉપવાસ કરીને 'શ્રીરામકૃષ્ણ કથામૃત'નું ગહન અધ્યયન કર્યું હતું. આ અધ્યયન દરમ્યાન કાંઈપણ આંતર સ્વરૂપે તેમના દિવ્ય અવતારી કાર્યના સંદર્ભમાં જે કંઈ પણ જાણવાનું હતું તે બધું જ અનુભૂતિ સાથે જાણ્યું હતું.**

પ્રભુશ્રીને બહ્મભાવે રહેવાનો આદેશ પણ પરમાત્મા તરફથી અહીં જ મળેલો હતો અને ત્યાર પછીથી તેઓશ્રી સ્વસ્વરૂપની આરતી કરાવતા હતા. એ જ રીતે તેઓશ્રીને સિદ્ધિની પ્રાપ્તિ પણ થઈ હતી, પરંતુ તેમણે તે **સિદ્ધિનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો.**

નવલકુટિરના નિવાસ દરમ્યાન જીવ માત્ર પ્રત્યે અપાર કરુણાના દર્શન

ૐ

તેઓશ્રીમાં થતા હતા. કોઈપણ યાચક તેમની પાસે આવતો તો તેને ખાલી હાથે પાછો ક્યારેય જવા દેતા ન હતા. સાધુ-સંત, બ્રાહ્મણ પ્રત્યે તો વિશેષ આદરભાવ રાખતા અને તેઓ માગે તે પ્રમાણે તેમને જોઈતી વસ્તુ (અનાજ, કપડા અને વાસણ) અપાવતા હતા. કેટલીક વખત તો તેમની પાસે હઠાગ્રહી સાધુઓ પણ આવતા અને ચોક્કસ વસ્તુની માગણી કરતા હતા. પ્રભુશ્રીએ તેમને પણ ક્યારેય નારાજ થવા દીધા ન હતા.

પ્રભુશ્રી જમવા બેસતા હોય અને જો કોઈ યાચક આવી ચડે તો તેમના ભાણામાં જે કંઈ પીરસ્યું હોય તે બધું જ યાચકને આપી દેતા હતા. એક વખત શિયાળાની રાત્રે કડકડતી ઠંડીમાં કોઈ ભિખારી કપડાની માગણી કરતો નીકળેલ. પ્રભુશ્રીના કાને તેનો અવાજ પડતા તરત જ તેમણે પહેરેલું સ્વેટર કાઢીને રસ્તા પરના ભિક્ષુકને આપી દીધું. તે આખી રાત્રિ તેમણે પર્ણકુટીરમાં જ કડકડતી ઠંડીમાં જ વિતાવી. **આમ તેમણે કરુણા ધર્મને વાસ્તવિક જીવનમાં પણ એટલો જ પાળી બતાવ્યો હતો.**

અત્રે એક બીજો પ્રસંગ પણ નોંધનીય છે. એક વખત તેમના ભાણેજ દર્શનાર્થે આવેલા અને સાથે ધરવા માટે પેંડાનું મોટું પેકેટ લેતા આવ્યા હતા. તે દરમ્યાન એ જ સમયે કોઈ યાચક બારણે આવી ચડતા પ્રભુશ્રીએ તે પેંડાનું આખું પેકેટ જ તેને આપી દેવા સુચવ્યું. તેમના ભાણેજે સહેજ કચવાતે મને પ્રભુશ્રીની પ્રસન્નતાર્થે પેંડાનું પેકેટ યાચકને આપી દીધું. પ્રભુશ્રીએ તો તે પેંડાનો પ્રસાદ રૂપે સ્વીકાર કરી તેમને અંતરના આશીર્વાદ આપ્યા જ હતા. આમ પ્રભુશ્રીમાં અપાર કરુણા સાથે અમાપ ઉદારતાના પણ દર્શન થતા હતા.

પ્રભુશ્રીની સત્-સંસ્થાપન તથા તે અર્થેના મુખ્ય સાધન એવા બ્રહ્મમંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'ની સંપૂર્ણ ભૂમિકા આ સમય દરમ્યાન તૈયાર થઈ હતી.

એક વખત તેમની સન્મુખ બેઠેલ ભક્ત શ્રી રમણિકભાઈને ખુલ્લી આંખે

ૐ

પ્રભુશ્રીમાં તેમના ઇષ્ટ ભગવાન શ્રીકૃષ્ણનું મનોહર દર્શન થયું હતું. આ જ પ્રમાણે બીજા પણ કેટલાક ભક્તોને તેમના ઇષ્ટ સ્વરૂપોના દર્શન પ્રભુશ્રીમાં થતા હતા. ભક્તોને પ્રભુશ્રીમાં પોતપોતાના ઇષ્ટ સ્વરૂપે થતા દર્શનો તેમને મળેલા બ્રહ્મભાવે રહેવાના આદેશનું પ્રત્યક્ષ પ્રામાણ્ય હતું.

આમ તો શ્રી વલ્લભદાસભાઈએ પ્રભુશ્રીની 'નવલ કુટીર'માં ઘણી સેવા કરી હતી. પરંતુ એક વખત સત્ય અર્થે સૈદ્ધાંતિક સમસ્યા ઉદ્‌ભવતા પ્રભુશ્રી આ સ્થાન છોડી બીજે દિવસે કુતિયાણા જવા નીકળી ગયા હતા.

આ સંદર્ભમાં નિખાલસપણે પ્રભુશ્રીએ વાત કરેલી કે 'હું બીજે દિવસે કુતિયાણા જવા નીકળ્યો તેને બદલે તે જ દિવસે મારે નીકળી જવું જરૂરી હતું.(એક રાત્રી રોકાયા) અને તેને કારણે પરમાત્મા સાથેના સંબંધમાં આજપર્યંત દુઃખ રહ્યું છે !' આમ પ્રભુશ્રી કેટલું સૂક્ષ્મ સત્ય પાલન કરતા હતા તે સમજી શકાય છે.

**કુતિયાણા ('શ્રીરામકૃષ્ણ સદન', – ૧૯૬૪ – ૬૮) :**

પ્રભુશ્રી ઈ.સ. ૧૯૬૪ના અંતમાં રાજકોટથી પ્રસ્થાન કરી કુતિયાણા પધાર્યા હતા. અહીં શ્રી રમણીકભાઈના મકાન 'શ્રી રામકૃષ્ણ સદન'માં લગભગ બે માસ રોકાયા હતા. બીજી વખત અહીં ઈ.સ. ૧૯૬૮માં છ માસ રોકાયા હતા. આ સમય દરમ્યાનના કેટલાક પ્રસાદીરૂપ પ્રસંગો અહીં આપ્યા છે.



'શ્રી રામકૃષ્ણ સદન', કુતીયાણા
(ઇ.સ. ૧૯૬૪ અને ૧૯૬૮)

ૐ

પ્રભુશ્રીનું તપ અહીં આવ્યા ત્યારે ઘણું જ વિશેષ જોવા મળતું હતુ. અને તેથી તેમના શરીરમાંથી કોઈ વખત દિવ્ય-પ્રકાશ નીકળતો જોઈ શકાતો.

આ સંદર્ભમાં એવું બનેલું કે એક વખત રાત્રે પ્રભુશ્રી ખુલ્લી અગાસીમાં શ્રી રામનામ સંકીર્તન કરવા માટે બિરાજ્યા હતા. તેમની સન્મુખ ભક્ત શ્રી રમણીકભાઈ તથા બાજુમાં જ રહેતા શ્રી ભીખુભાઈ બેઠા હતા. તેમના દાદીમા પણ બાજુમાં અગાસીમાં બેસીને સંકીર્તન સાંભળતાં હતાં. અચાનક પ્રભુશ્રીના મસ્તકમાંથી આંખને આંજી નાખે તેવો ખૂબ જ તેજોમય પ્રકાશ નીકળ્યો. બન્ને ભક્તો તો આંખ જ ખોલી ન શક્યા.

શ્રી ભીખુભાઈ ઘરે ગયા ત્યારે તેમના દાદીમાએ પૂછ્યું કે અગાસીમાંથી બેટરી (ટોર્ચ) કેમ કરતો હતો ? ત્યારે ભીખુભાઈએ કહ્યું કે, ''દાદીમા, એ પ્રકાશ બેટરીના શેરડાનો ન હતો પણ પ્રભુશ્રીના મસ્તકમાંથી નીકળી રહેલ હતો.'' આમ અવતારી બ્રહ્મપુરુષોના શરીરમાંથી પ્રકાશ નીકળવો એ સાહજિક છે. પ્રભુશ્રીના દેહમાંથી દિવ્ય પ્રકાશ નીકળતો હોય તેવા દર્શનો ઘણા ભક્તોને થયા હતા.

કુતિયાણા રહ્યા તે દરમ્યાન અદૃષ્ટ શક્તિના બે અનુભવ પ્રભુશ્રીએ સ્વમુખે કહેલા હતા :

તેઓશ્રી જ્યારે નીચેથી ઉપરના માળે જવા દાદરો ચડતા ત્યારે દાદરાની મધ્યમાં બાજુ પરના ગોખમાં સુરાપુરા (પિતૃઓ) ની પથ્થરની કેટલીક મૂર્તિઓ તેમના જોવામાં આવેલી હતી. પ્રભુશ્રી જ્યારે અહીંથી પસાર થતા ત્યારે તે મૂર્તિઓમાં રહેલા આત્માઓ તેમના માર્ગમાં સૂક્ષ્મરૂપે અવરોધ બની ઊભા રહેતા હતા. આવું નિત્ય થતું હોવાથી પ્રભુશ્રીએ તે આત્માઓની સદ્‌ગતિ અર્થે કેટલોક સમય પ્રાર્થના કરેલી અને પછીથી આ અવરોધ બંધ થઈ ગયો હતો. એટલે કે તેમને સદ્‌ગતિ મળી ગઈ હતી.

એ જ રીતે એક વખત ઓચિંતા મકાન પર પથ્થરો પડવા લાગેલ હતા. પણ

ૐ

પથ્થરો ક્યાંથી આવી રહેલા તે જાણી શકાતું નહોતું. પોલીસ અધિકારી પણ તે બાબત તપાસ કરી ગયા હતા. વળી પ્રભુશ્રી પ્રત્યે તો કોઈને સ્હેજ પણ દ્વેષભાવ હતો જ નહિ કે જેથી આવું કૃત્ય કરે. આમ રહસ્યમય રીતે મકાન પર પથ્થરો પડવા ચાલુ રહેલ હતા. ત્યાર પછી પ્રભુશ્રીએ નીચે ફળીયામાં શ્રી હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરી અને પછી તુરત જ આ ઉપદ્રવ બંધ થઈ ગયો હતો !

પ્રભુશ્રીએ આ વિષે સ્પષ્ટતા કરેલી કે અંતરિક્ષના કોઈ દુષ્ટ પરિબળ જ આ કૃત્ય કરતા હતા. માનવજીવનમાં આવા નિમ્ન પરિબળો ખલેલ પહોંચાડતા જ હોય છે. **પ્રભુશ્રી તેથી જ દરેક સ્થાનમાં હનુમાનજીને સ્થાનના રક્ષક દેવ રૂપે સ્થાપી અખંડ જ્યોત પણ રાખતા હતા.**

પ્રભુશ્રી પાસે ભક્ત શ્રી ભાઈશંકરભાઈ કોઈ કોઈ વખત દર્શને આવતા રહેતા. આ પવિત્ર ભક્તે એક વાત કહી હતી. પ્રભુશ્રી જ્યારે બહાર દર્શને જવા નીકળતા ત્યારે નીચા મસ્તકે જ ચાલતા હતા. વિશેષ તો બહેનોની મર્યાદા બહુ જાળવતા. એક વખત ચાલતા ચાલતા શેરી પુરી થઈ ગઈ તેનો ખ્યાલ જ ન રહ્યો અને માથું દિવાલ સાથે અથડાઈ ગયું. કપાળે મોટું ઢીમણું થઈ ગયું. પ્રભુશ્રીને જ્યારે પૂછ્યૂં ત્યારે તે સંદર્ભમાં સ્પષ્ટતા કરી હતી. આમ પ્રભુશ્રીને પોતાના સૈદ્ધાંતિક પાલનમાં ઘણી વખત સહન કરવાનું થતું હતું. આમ છતા તેઓ અચળપણે સિદ્ધાંતોનું પાલન કરતા અને ભક્તો સમક્ષ ઉચ્ચ ઉદાહરણ રજુ કરતા.

### જૂનાગઢ (સનાતન ધર્મશાળા, - ઈ.સ. ૧૯૬૪ - ૬૫)

કુતિયાણા બે માસ રહ્યા પછી ઈ.સ. ૧૯૬૪ના અંતમાં પરમપૂજ્ય પ્રભુશ્રી જૂનાગઢ આવ્યા હતા. અહીં થોડો સમય તેમના ભાણેજ શ્રી રતીભાઈ બાબરીયાના ઘરે રોકાયા હતા. ત્યાર પછી ગિરનાર તળેટીમાં આવેલ સનાતન હિન્દુ ધર્મશાળામાં રહ્યા હતા. તેમની સાથે ત્યાં ભક્તશ્રી રમણીકભાઈ પણ રહેતા.

ॐ



સનાતન ધર્મશાળા, જુનાગઢ (ઇ.સ.૧૯૬૫)


અહીંના વસવાટ દરમ્યાન પ્રભુશ્રી આજુબાજુના ધર્મસ્થાનો શ્રી લંબેહનુમાન, શ્રી ભવનાથ મહાદેવ, શ્રી વાઘેશ્વરી માતાજીના દર્શને જતા. ગિરનાર પર્વત પરના અંબાજીમાનું ચિન્મય સ્વરૂપ દર્શનીય હોવાથી ત્યાં પણ જવાનું ખેંચાણ હંમેશાં રહેતું. તેથી તેઓશ્રી ઘણી વખત અંબાજી માતાના દર્શન કરવા ગયા હતા અને ત્યાં માતાજીની પૂજા-અર્ચના કરી હતી. જે ભાવ કે સંકલ્પ મનમાં સ્ફૂરે તે રીતે જ તેને પૂર્ણ કરતા હતા. ગિરનાર ચડતા પહેલા જો સંકલ્પ કરેલો હોય કે 'અખંડજપ કરતા કરતા જ પગથિયા ચડવા છે અને પછી જ દર્શન કરવા છે' તો તે રીતે જ ચડવાનું શરૂ કરતા હતા. પરંતુ વચ્ચે જો કોઈપણ કારણસર અખંડજપ તૂટી જાય તો ફરી પાછા ત્યાંથી નીચે ઉતરીને પુનઃ જપ કરતા ચઢવાનું શરૂ કરતા હતા ! આ રીતે **એક જ કાર્ય કે ક્રિયાને જ્યાં સુધી પૂર્ણતાથી સિદ્ધ ન થાય ત્યાં સુધી પુનઃ પુનઃ કરવાનું તેમના જીવનમાં સહજ અને સ્વાભાવિક રીતે થતું રહેતું હતું.**

આ ધર્મશાળામાં એક સંન્યાસી તેમને અવારનવાર મળતા. આ સંન્યાસી એક સવારે જૂનાગઢ ગામમાં જવા નીકળ્યા ત્યારે પ્રભુશ્રીએ તેમને પૂછ્યું, 'આજે કેમ જાવ છો ?' તેમણે જવાબ આપ્યો કે આજે પેન્સન લેવાનું છે. પ્રભુશ્રીએ સહેજ સ્મિત સાથે કહ્યું, 'સંન્યાસીએ તો માત્ર ઈશ્વર પર જ નિર્ભર રહેવાનું હોય !'

ટૂંકમાં આ વાતનું તાત્પર્ય એ હતું કે સંન્યાસ ધારણ કર્યા પછી એકમાત્ર પરમાત્માનું જ અવલંબન ધ્યેયની પૂર્ણતાએ પહોંચાડી શકે. આમ પ્રભુશ્રી સત્ય હોય તે ઉચિત સ્થાને મધુરતાથી કહેતા.

ૐ

**જામનગર ('શ્રીકૃષ્ણ આશ્રમ' - ભનજી ભાણજીની વાડી, - ઈ.સ. ૧૯૬૫-૬૮)**



કૃષ્ણ આશ્રમ, ભનજી ભાણજીની વાડી, જામનગર (ઇ.સ. ૧૯૬૫-૬૮)

જૂનાગઢ સનાતન ધર્મશાળામાં થોડો સમય રહી પ્રભુશ્રી જામનગર ભનજી ભાણજીની વાડીએ રહેવા આવ્યા હતા. આ જગ્યા એ સમયે શહેરથી થોડી દૂર એકાંતમાં હતી. આજુબાજુ ખુલ્લા ખેતરો હોવાથી રાત્રિના સમયે અહીં આવવું મુશ્કેલ બનતું. અહીં પણ તેમના ભાણેજ શ્રી રતીભાઈ આવશ્યક સેવા કરતા હતા.*

પ્રભુશ્રી અહીં ત્રણ વર્ષ રહ્યા તે દરમ્યાન મહત્ અંશે મૌન રાખી વિશ્વકલ્યાણ અર્થેની સાધનામાં જ એકલીન રહેતા હતા. માત્ર મર્યાદિત ભક્તોને રવિવારે દર્શને આવવાની રજા આપી હતી. આ સમય દરમ્યાન ઘણી મહત્ત્વપૂર્ણ ઘટનાઓ બની હતી, જેમાની કેટલીક તો નોંધપાત્ર છે.

**બ્રહ્મમંત્રનું પ્રવર્તન :**

પૂ. પ્રભુશ્રીએ સતત બાર વર્ષ કઠોર તપોસાધના કરી તેના ફળસ્વરૂપ તેમના પવિત્ર પ્રજ્ઞાન દ્વારા ઉદ્ભવેલ વિશ્વકલ્યાણ અર્થેના બ્રહ્મમંત્રનું પ્રવર્તન ઈ.સ.૧૯૬૫માં કર્યું હતું. આ મંત્રની પ્રાયોગિક સફળતા ભક્તશ્રી બચુભાઈ દ્વારા અનુભવાયેલ હતી. બચુભાઈને આ મંત્ર થકી ઘણી આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ હતી અને અજપાજપની સ્થિતિ પ્રાપ્ત થયેલ હતી. માત્ર શ્રી બચુભાઈને કોઈપણ સમયે પ્રભુશ્રી પાસે વાડીએ જવાની છૂટ હતી.

---

* શ્રી રતીભાઈની જૂનાગઢથી અહીં નોકરી થતાં નજીકમાં મકાન રાખી સેવા કરતા.

ૐ

**સંહિતાઓનું વાંચન :**

આપણા હિંદુ ધર્મશાસ્ત્રોમાં ભૃગુ, વરાહ, સૂર્ય, ચંદ્ર જેવી પ્રાચીન સંહિતાઓ વર્ષો પહેલા ઋષિઓએ રચેલી છે. આ ઋષિઓ આર્ષદૃષ્ટા હોવાથી ભવિષ્યમાં બનવાની ઘટનાઓ તેમની દિવ્યદૃષ્ટિથી અગાઉથી જ જોઈ શકતા હતા. તેથી જ તેમની રચેલ સંહિતાઓમાં વર્તમાન સમયના માનવજીવનની ઘણી બાબતો વર્ણવાયેલી જોવા મળે છે. આ બધું જાણવા માટે જરૂર માત્ર સંહિતાના અનુભવી વાંચનકારની છે.

પ્રભુશ્રી જ્યારે વાડીમાં તપસ્યા કરી રહ્યા હતા ત્યારે યોગાનુયોગ સંહિતાના એક ઊંડા અભ્યાસી શ્રી શાંતિપ્રસાદનું* ત્યાં આવવાનું થયુ હતુ. આ વિદ્વાનને પ્રભુશ્રીના પ્રથમ દર્શને જ કમળ પર 'ૐ'નું તેજોમય દર્શન થયું હતું. તેમણે જુદી જુદી ચાર સંહિતાઓમાંથી (ભૃગુ, સૂર્ય, ચંદ્ર, વરાહ) પ્રભુશ્રીને સ્પર્શતી ઘણી બાબતો કહી હતી. આ બધા વાચનના સારરૂપે એટલું કહેલ કે, **''પ્રભુશ્રી સત્ ધર્મ થકી પૃથ્વી પરથી પ્રલયના નિવારણ તથા જગતમાં સત્યયુગ-સંસ્થાપન માટે અવતાર ધારણ કરેલ પૂર્ણાવતાર, પરબ્રહ્મ નારાયણ જ છે.''**

શ્રીશાંતિપ્રસાદે આ બધી સંહિતાઓમાંથી પ્રભુશ્રીના પ્રાગટ્યથી લઈને મહાસમાધિ સુધીની અસંખ્ય બાબતો વાંચી સંભળાવી હતી. તેમાં પ્રભુશ્રીના દિવ્યજીવનની ઘણી સૂક્ષ્મ બાબતોની પણ નોંધ કરાયેલી હતી. તેમાં પવિત્રતા, આચાર સંબંધી ઋષિભાવ, મુશ્કેલીમાં હિમાલય જવું, પાતાળલોક (અમેરિકા)માં ઉચ્ચ અભ્યાસ અર્થે જવું વગેરે બાબતોનો ઉલ્લેખ જોવા મળતો

* પૂ. પ્રભુશ્રીના મોટાભાઈ શ્રી વલ્લભદાસભાઈ પાટણ (ગુજરાત) ના છાયાશાસ્ત્રી શ્રી શાંતિપ્રસાદ પાસે પોતાના જ્યોતિષ પ્રશ્નોના સમાધાનાર્થે ગયા હતા. આ શાસ્ત્રીને સંહિતા પરથી ભવિષ્યનું કથન કરવાનું સચોટ જ્ઞાન હતું. તેમણે વલ્લભદાસભાઈને સંહિતા જોઈને કહ્યું કે, ''..... તમે ચાર ભાઈ છો.... સૌથી નાના ભાઈ અત્યારે વિશ્વકલ્યાણ અર્થે વાડીમાં તપ કરે છે. તેઓ સાક્ષાત્ પરબ્રહ્મ નારાયણ છે....'' વલ્લભદાસભાઈ આ સાંભળીને ચોંકી ઉઠ્યા અને શ્રી શાંતિપ્રસાદને સાથે લઈને તુરત જ જામનગર વાડીએ પહોંચ્યા જ્યાં પ્રભુશ્રી તપ કરતા હતા.

હતો. ટૂંકમાં **પ્રભુશ્રી માટે બ્રહ્મભાવે રહી કાર્ય કરવામાં આ સંહિતાઓ અત્યંત માર્ગદર્શક બનેલી હતી. બીજા શબ્દોમાં તે કરુણાત્મક બ્રહ્મ સત્યયુગાવતાર પ્રભુશ્રીની જન્મકુંડળી રૂપે હતી તેમ પણ કહી શકાય.***

**ઈ.સ. ૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ :**

ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાન સાથે યુદ્ધ વખતે પ્રભુશ્રી ભારતના રક્ષણાર્થે સતત પ્રાર્થના કરતા અને આપશ્રીને સ્પષ્ટ પ્રતીતિ થઈ હતી કે પરમાત્મા ભારતનું રક્ષણ કરી રહ્યા છે. પછી તેમણે વાડીમાં આવતા કોઈ ભક્તને કહ્યું હતું કે નિર્ભય રહેજો કાંઈ જ થવાનું નથી. અને ખરેખર એક પણ બોમ્બ તે વિસ્તારમાં ફૂટ્યો ન હતો.

**ગૌરક્ષાનું આંદોલન (ઈ.સ. ૧૯૬૬-૬૭) :**

દેશભરમાં ગૌરક્ષાનું આંદોલન વ્યાપકપણે શરૂ થયું ત્યારે કેટલાક સંતો જેવા કે પૂરીના શંકરાચાર્ય, પ્રભુદત્ત બ્રહ્મચારી, વગેરેએ ગૌરક્ષા અર્થે આમરણ ઉપવાસ શરૂ કર્યા. પ્રભુશ્રીને ત્યારે એવું લાગ્યું કે આ સંતોનું જીવન બચાવવું અનિવાર્ય છે. તેથી તેઓશ્રીએ સાધનાની વચ્ચે મૌનવ્રત છોડીને સંતોની રક્ષા અર્થે પ્રાર્થના શરૂ કરી. આ સાથે રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાન જેવા સત્તાધીશોને તાર તથા પત્રથી આ સંતોનું મૂલ્યવાન જીવન બચાવવા અનુરોધ કર્યો. તેઓશ્રીએ લખ્યું કે **સંતો પૃથ્વી પર માનવતાના અર્ક રૂપ છે.** જો કે પૂરીના શંકરાચાર્યે સંકલ્પથી વિપરીત ધ્યેય પ્રાપ્તિ પૂર્વે જ ઉપવાસ છોડી સત્ય પાલનનું વ્રત તોડતા પ્રભુશ્રીને ઘણું દુઃખ થયું હતું.

**પુષ્પહારનો પ્રસંગ :**

પ્રભુશ્રીની સાધના - ભક્તિ ક્યા સ્વરૂપની અને કેટલી કષ્ટમય હતી તેનો સ્પષ્ટ ખ્યાલ નિમ્ન લિખિત પ્રસંગ પરથી આવે છે.

---

* આ સંહિતાઓ પ્રભુશ્રીના કબાટમાં રાખેલી હતી. તેઓ કોઈ વખત તેનો ઉપયોગ કરતા હતા.

ૐ

એક સવારે પ્રભુશ્રીને પરાત્પર પરમાત્મા થકી પ્રેરણા થઈ કે, ''પરમાત્માને પુષ્પનો હાર પહેરાવવાનો છે.'' તેથી તેઓશ્રી તરત જ વાડીએથી સાયકલ પર જામનગર શહેરમાં પુષ્પનો હાર લેવા માટે નીકળ્યા. જ્યારે હાર લઈને પાછા આવી પરમાત્માને પહેરાવવા જતા હતા ત્યાં જ તેમને પરમાત્મા દ્વારા સંભળાયું કે 'તે સ્વીકાર્ય નથી.' તેથી ફરીથી શહેરમાં બીજો હાર લેવા માટે ગયા અને આવીને હાર પહેરાવવા જતા હતા ત્યાં પુનઃ તે જ પ્રમાણે સંભળાયું. તેથી ફરીને ત્રીજી વખત હાર લેવા માટે ગયા, પણ દરેક વખતે આવીને હાર પહેરાવતા પરમાત્મા દ્વારા તેનો સ્વીકાર થતો ન હતો. આ રીતે સાંજ પડી ગઈ! હવે પ્રભુશ્રીને પણ થતું હતું કે આ વખતે પણ પરમાત્મા હાર સ્વીકારશે કે નહીં? સાંજે છેલ્લો હાર લઈને આવ્યા ત્યારે તો દુકાનનાં બધા જ હાર ખલાસ થઈ ગયા હતા. પણ તે છેલ્લા હારનો પરમાત્માએ સ્વીકાર કર્યો અને તેથી પ્રભુશ્રીએ રાહત અને આનંદ અનુભવ્યા હતા !

તો ઉપર્યુક્ત પ્રસંગને જાણીને કોઈપણને આશ્ચર્ય ઉપજે પણ આ પ્રસંગનો હાર્દ સમજીએ તો પ્રભુશ્રીની જીવનપર્યંતની સમગ્ર ભક્તિ–સાધના એવા સ્વરૂપની હતી કે **પરમાત્મા જે રીતે, જે પ્રમાણે કોઈ પણ ક્રિયા–કાર્ય કરવાનો આદેશ આપે તે પ્રમાણે જ અનુસરવાનુ હતુ.** તેમાં સહેજ પણ બાંધછોડને અવકાશ ન હતો. **પરમાત્મા કદાચ જીવન માગે તો તે પણ આપવા માટે તેઓ હંમેશા તૈયાર રહેતા હતા.**

પ્રભુશ્રીએ પ્રસંગ કહ્યો ત્યારે હસતા હસતા બોલ્યા કે ''પરમાત્મા શા નિમિત્તે, કોના અર્થે આ બધુ તપ કરાવતા હશે ? એક સાથે આટલા હાર પહેરાવવા કહ્યું હોત તો !''

આવો જ હારનો બીજો પ્રસંગ કલકત્તા ગયા ત્યારે બન્યો હતો. પ્રેરણાનુસાર (દક્ષિણેશ્વર) માતાજીને હાર પહેરાવવા સવારથી સ્વહસ્તે હાર બનાવવા બેઠા. પ્રેરણાનુસાર સુંદર હાર બનાવવાનું છેક સાંજે પૂર્ણ થયું. હાર

લઈને દક્ષિણેશ્વર પહોંચ્યા. મંદિર બંધ થવાને એક મિનિટ જ બાકી હતી. પ્રભુશ્રીએ પ્રસન્નતાપૂર્વક હાર માને પહેરાવ્યો. આમ જો એક મિનિટ મોડા પહોંચ્યા હોત તો દિવસપર્યંત હાર બનાવવાનું તપ વ્યર્થ જાત.

**પ્રભુશ્રી પર મલિન પ્રયોગ :**

આ વાડીમાં પ્રભુશ્રી પર એક નિમ્નકોટિના સાધુએ મલિન પ્રયોગ કર્યો હતો. આ વાત ભક્તશ્રી બચુભાઈ પાસેથી જાણી હતી. વાત એમ બની કે વાડીમાં પ્રભુશ્રીના નિવાસ સ્થાનની સામે એક નિમ્નકોટિના સાધુ આવીને ઉતરેલા હતા. આ સાધુ પાસે કોઈ સિદ્ધિ રહેલ હોવાથી તેના દ્વારા તેણે પ્રભુશ્રીને આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પ્રભુશ્રી તો સાધુ પ્રત્યેના સહજભાવથી તેની પાસે જતા અને કંઈક ભેટ પણ આપતા હતા. પણ જ્યારે પ્રભુશ્રીને તેની સિદ્ધિનો ખ્યાલ આવ્યો ત્યારે તેને ઠપકો આપેલ અને સિદ્ધિનો ઉપયોગ નહીં કરવા સમજાવ્યુ હતુ.

આ સાધુની આંતરિક ઇચ્છા પ્રભુશ્રી જ્યાં રહેતા હતા ત્યાં રહેવાની હતી. તેથી તેને પ્રભુશ્રી પ્રત્યે ઈર્ષા-ભાવ થયેલો હતો. વધુમાં પ્રભુશ્રીએ તેને સિદ્ધિ સંબંધે ઠપકો આપેલ તેથી તે વધુ ચિડાયેલ હતા.

હવે આ સાધુએ ભક્તશ્રી બચુભાઈને તેની સિદ્ધિ દ્વારા હેરાન કરવાનું શરૂ કર્યું. રાત્રે ડેલી ખખડાવે અને બચુભાઈ ખોલે તો કોઈ હોય નહીં. એક વખત બચુભાઈને દર્શન થયું કે, આ સાધુ પોતાની સિદ્ધિ વડે અગ્નિ પ્રગટ કરી પ્રભુશ્રી તરફ મોકલે છે, પણ તે અગ્નિ પ્રભુશ્રીની પ્રદક્ષિણા કરી ફરી પાછો સાધુ પાસે આવીને તેના મુખમાં પ્રવેશે છે.

હવે જ્યારે બચુભાઈ પ્રભુશ્રી પાસે વાડીએ ગયા ત્યારે ત્યાં આરતી પછી પ્રભુશ્રીના પગના તળીયામાં ડામ આપેલ હોય તેવા ચાંભા પડી ગયા હતા. તેમણે પ્રભુશ્રીનું ધ્યાન એ તરફ દોર્યું અને સાધુ વિષેના દર્શનની વાત કરી.

ૐ

પ્રભુશ્રીએ કહ્યું કે, **''પરમાત્માએ તેમની કરુણાથી આ અગ્નિને તેમના શરીર પર લઈ લીધો હતો અને તેથી પગમાં ડામ પડી ગયા હતા.''** પણ જો તેમણે તપોબળ વડે તેનો પ્રતીકાર કર્યો હોત તો તે સાધુને ઘણું સહન કરવું પડત ! જો કે ત્યાર પછી તે સાધુને કોઈ સાથે કજીયો થતા ત્યાંથી જતા રહ્યા હતા.

**ભક્તશ્રી મેઘજીભાઈની રક્ષા :**

આ વાડીમાં ભક્તશ્રી મેઘજીભાઈ પ્રભુશ્રી સમીપે રોકાયેલા હતા. ત્યારે અચાનક તેઓ બીમાર પડી જતા કોઈ તેમને દવાખાને લઈ ગયા. તેમના ગયા પછી પ્રભુશ્રીને પ્રેરણા થઈ કે, ''મેઘજીભાઈનું કંઈક અનિષ્ટ થવાનું છે.'' તેથી તેઓશ્રીએ તેમની રક્ષા અર્થે પ્રાર્થના કરી. બરાબર તે જ સમયે નર્સ મેઘજીભાઈ પાસે પેનિસીલીનનું ઈંજેક્શન ભરીને ઉભી હતી. પરંતુ નર્સને મગજમાં ઝબકારો થયો અને તેથી ભરેલું પૂર્ણ ઈંજેક્શન ન આપતા થોડુંક જ ટેસ્ટ માટે આપ્યું. ઈંજેક્શન આપતાં જ મેઘજીભાઈ બેભાન થઈને પડી ગયા. જો કે પછી થોડી વારમાં ભાનમાં આવી ગયેલ. પણ પૂર્ણ ઈંજેક્શન આપવામાં આવ્યું હોત તો શું થાત ? પ્રાર્થનાને કારણે જ તેમની રક્ષા થઈ હતી.

પરમકૃપાળુ ભક્તવત્સલ શ્રી પ્રભુશ્રી દ્વારા ભક્તોની રક્ષાના આવા અગણિત પ્રસંગો બન્યા હતા જે બધા અત્રે વર્ણવવા અશક્ય છે બન્ને કર જોડી તેઓશ્રીના પૂનિત ચરણોમાં શત શત વંદન.

પ્રભુશ્રી લગભગ ત્રણ વર્ષ વાડીમાં રહ્યા તે દરમ્યાન શ્રી અમરનાથ ભગવાનની યાત્રાએ બીજી વખત ગયા હતા. તેમજ શ્રી અંબાજી મા ના (ઉ.ગુજરાત) દર્શને પણ ઘણી વખત ગયા હતા. આ યાત્રાઓ ઘણી જ સૂચક હતી. તેઓશ્રીએ **પોતાના આંતર બ્રહ્મ-તત્ત્વનું શિવ અને શક્તિ સાથેનું સંપૂર્ણ એકત્વ સ્થાપિત કર્યું હતું.**

વધુમાં આ સમય દરમ્યાન ઘણા જાણીતા સંતો-ભક્તો પણ અહીં

ૐ



કુતીયાણાથી રાજકોટ આવવા નીકળ્યા ત્યારે ગરબી ચોકમાં પ્રભુશ્રીની ભાવમય આરતી કરી વિદાય આપવામાં આવેલ હતી (ઇ.સ.૧૯૬૮)

પધારેલા હતા. સંત શ્રી રણછોડદાસજી બાપુ, શ્રી પ્રેમભિક્ષુક મહારાજ, શ્રી યોગીજી મહારાજ (સ્વામીનારાયણ સંપ્રદાય), મહંત શ્રી આણદાબાવા આશ્રમ વગેરે આવેલા અને ઘણો સમય પ્રભુશ્રી સાથે વાર્તાલાપ પણ કરેલો હતો. ઘણી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ એમનાં દર્શને આવેલી હતી. શ્રી રામજી મંદિરના ટ્રસ્ટી શ્રી બારદાનવાલા શેઠ પણ તેઓશ્રીના દર્શને આવતા હતા. અને મંદિર સંબંધે પ્રભુશ્રી તેમને સૂચનો કરતા હતા. જાણીતા જૈન સાધ્વી સતીમાં (ધનકુંવરબાઇ) પણ પ્રભુશ્રી પ્રત્યે ખૂબ ભાવ રાખતા હતા. જોકે તેઓ જાતે દર્શને આવી શકતા નહીં. પરંતુ ભક્ત બચુભાઈ દ્વારા પ્રણામ કહેવડાવતા હતા.

જામનગરથી તા. ૧૨-૪-૬૮ ના રોજ નીકળી કુતિયાણા પુનઃ પધાર્યા હતા. અહીં છ માસ રોકાઈને ત્યાંથી દશેરાના શુભ દિવસે રાત્રે રાજકોટ આવવા નીકળ્યા હતા ત્યારે નવરાત્રી ગરબી ઉત્સવ ચાલતો હતો પ્રભુશ્રીની કુતિયાણાના ગરબી ચોકમાં જાહેરમા પુષ્પમાળા પહેરાવી ભવ્ય આરતી કરવામાં આવી હતી અને પછી શ્રીફળ હાથમાં આપી ભાવમય વિદાય આપી હતી.*

---


*પ્રભુશ્રીએ તે સમયની તસ્વીર જોઈ કહેલું કે, 'આ સ્વરૂપમાં તેમનો બ્રહ્મરૂપે પ્રગટ આવિર્ભાવ રહેલો છે.' શુકનના શ્રીફળ ને પણ સાચવી ને રાખ્યું હતું.

ॐ

अध्यात्म - प्रतिष्ठानम्, सत्ययुगस्य - नवविधानम् ।

प्रકરણ - ૪

# સત્યયુગ અધિષ્ઠાન - 'શ્યામલ'



'શ્યામલ'માં નિત્ય થતી પૂજાના કબાટની તસ્વીર

રાજકોટના પ્રખ્યાત સરદારનગર વિસ્તારમાં આવેલું 'શ્યામલ' એ પ્રભુશ્રીનું ચૌદ વર્ષ સુધી લીલા સ્થાન બનેલ હતું. ઈ.સ. ૧૯૬૮ ના અંતમાં આપશ્રી કુતિયાણાથી અહીં પધાર્યા હતા અને અમુક અપવાદ સિવાય ક્યાંય બહાર ગયા ન હતા. તેઓશ્રીને વિધવિધ સાધના થકી જે કંઈ (આંતર-ખોજ દ્વારા) જ્ઞાનની પ્રાપ્તિ થયેલ તેના નિચોડરૂપ અનેકવિધ દિવ્ય-લીલાઓ અહીં જ થયેલી હતી. તેમના પરમ દિવ્ય આધ્યાત્મિક જીવનની અનેકાનેક ઘટનાઓ ભવ્ય અને ચમત્કારિક લાગે તેવી હતી. પણ વાસ્તવમાં તેમનું પવિત્ર જીવન કોઈ ચમત્કાર કે સિદ્ધિથી પર હતું. તેમનું વિશુદ્ધ અને સાદગીભર્યું જીવન તો કઠોર તપસ્યા અને પૂર્ણ પવિત્રતાથી ભરેલું હતું. **તેમના પવિત્ર જીવનમાં તો શુદ્ધ ભક્તિ, અધ્યાત્મજ્ઞાન અને વિશ્વ પ્રેમ જ મુખ્ય હતા.** ચૌદ ચૌદ વર્ષ સુધી આ એક જ સ્થાનમાં રહીને, 'શ્યામલ' ને સત્-અધિષ્ઠાનમાં પરિવર્તિત કરી દીધું હતું, અને આ પ્રમાણે એક અદભુત દિવ્ય જીવનની પૂર્ણતાની પ્રતીતિ કરાવેલ હતી.

**આધ્યાત્મિક વ્યક્તિત્વ :**

પૂ. પ્રભુશ્રીનું બાહ્ય આધ્યાત્મિક વ્યક્તિત્વ સદા દર્શનીય રહ્યું હતું

ૐ



'શ્યામલ'માં પ્રભુશ્રીની આરતી સમયનું સ્વરૂપ
(શ્રી રામનવમી તા. ૨૪-૦૩-૧૯૮૦)

તેઓશ્રીનું ઊંચું પાતળું અને મજબૂત શરીર તપથી કૃશ થયેલું હતું. છતાં પણ તે ચિન્મય શરીર હંમેશા સ્ફૂર્તિમય અને તાજગીભર્યું હોય તેવું જ પ્રતીત થતું. સાદાઈના પ્રતીકરૂપે આપશ્રી ખાદીનો શ્વેત ઝભ્ભો અને ધોતી ધારણ કરતા હતા. મસ્તક પર ખુલ્લા કેશ રાખતા અને સદા સત્ય, પ્રિય અને મધુર વાણી બોલતા.

**તેમની ઊંચી અને ભવ્ય સુડોળ કાયામાં આર્યવર્તના કોઈ પ્રાચીન તપસ્વી ઋષિની સ્મૃતિ થઈ આવતી હતી તેમનું તેજસ્વી મુખારવિંદ તેમના આધ્યાત્મિક વ્યક્તિત્વને પૂર્ણ રીતે પ્રગટ કરતુ હતુ. તેમના સાદા, સૌમ્ય અને સાત્વિક દેહમાંથી હંમેશા દિવ્યતેજ પ્રસરી રહેતું હતું.**

તેમના શારીરિક અંગો સામુદ્રિક શાસ્ત્રે બતાવેલા બ્રહ્મપુરુષના ઉત્તમ લક્ષણોને સારી રીતે વ્યક્ત કરતા હતા. **તેમના શ્રી હસ્ત ગોઠણ સુધી લાંબા (આજાન બાહુ) હતા, વર્ણ ગૌર હતો, લલાટ ભવ્ય હતુ, છાતી વિશાળ હતી અને આંખોમાંથી સદા કરુણા વહેતી હતી.**


તેમનું દિવ્ય સાનિધ્ય મનને શીતલતા આપનાર અને હૃદયમાં પરમ શાંતિ કરનાર હતું. તેમના સમગ્ર અસ્તિત્વમાંથી પવિત્રતાની અલૌકિક સુગંધ પ્રસરતી રહેતી. તેમનું દર્શનમાત્ર પાવનકારી હતું, દિવ્યાનંદ કરાવનાર હતું.

ૐ

**'શ્યામલ' સ્થાનની આંતર-વ્યવસ્થા :**

પ્રભુશ્રીએ અમેરિકાથી આવ્યા પછી ચૌદ વર્ષ જુદાજુદા સ્થાને રહીને સાધના કરેલી હતી. જે સ્થાનમાં તેમને સૈદ્ધાંતિક રીતે સુસંગત અનુકૂળતા પ્રાપ્ત થયેલ ત્યાં તેઓશ્રી રહ્યા હતા. આ સમય દરમ્યાન તેમણે અંગત નિવાસસ્થાન કે સંપત્તિ ઉભી કરી ન હતી. પરંતુ પછીથી તેઓશ્રીને તેમના આધ્યાત્મ જ્ઞાન પર આધારિત વ્યવસ્થિત વૈશ્વિક કલ્યાણનું કાર્ય કરવાની પ્રબળ આવશ્યકતા જણાઈ હતી.

ઈ.સ. ૧૯૬૮ના અંતમાં તેમની ઇચ્છા અનુસાર અનુકૂળ યોગ થતાં કુતિયાણાથી રાજકોટ 'શ્યામલ'માં પધાર્યા હતા. આ મકાન ભક્ત શ્રી રાજેન્દ્રભાઈ રાયાનુ હતુ. આમ આ નાનકડું મકાન ('શ્યામલ') ભાડે રાખી તેમના સત્ સંસ્થાપનના મહાકાર્યનો સ્થાયી રીતે પ્રારંભ કર્યો. પ્રભુશ્રી અહીં રહેવા પધાર્યા ત્યારે તેમાં ઉપર-નીચે એક ખંડ અને ઓસરીની સુવિધા હતી. પણ પછી ધીમે ધીમે આવશ્યકતા અનુસાર તેમાં કેટલાય સુધારા કરાવતા ગયા હતા.


પ્રભુશ્રીનો(ખુરશી) હિંડોળો (નિજખંડ)

'શ્યામલ'ના નીચેના ભાગે ભક્તોનું નિવાસસ્થાન હતું. જ્યાં સામાન્ય રીતે આઠ-દસ ભક્તો રહેતા હતા. તેની ઉપરના ખંડનો પૂજા, ધૂન, સત્સંગ તથા પ્રસાદ લેવા અર્થે ઉપયોગ થતો હતો. પ્રારંભમાં તો પ્રભુશ્રી આ પૂજાખંડમાં જ આરામ કરતા અને તેમાં જ રહેતા હતા. પણ પછીથી ઉત્તરોત્તર ભક્તોની સંખ્યામાં વધારો થતો ગયો અને તે સાથે આ જ ખંડમાં સેવાપૂજા, નિત્યની આરતી,

ૐ

વગેરેને કારણે તેમને વિશ્રાંતિ તેમજ લેખનના કાર્યમાં ખુબ જ અગવડ ઊભી થવા લાગી તેથી એ ખંડની અગાસીમાં સીમેન્ટના ધાબા પર જ પતરાની છતવાળો એક સાદો ઓરડો તથા ઓસરી ઊભા કરી દીધા હતા.

આ ઓરડો ખૂબ જ સાદો, સ્વચ્છ અને સુઘડ રખાયેલ હતો. જોકે ઉનાળાના સખત તાપમાં તેના પતરા નીચે બેસવું એ એક રીતે જોતા પંચાગ્નિ જેવું તપ બની રહેતું હતું. પ્રભુશ્રીના આ નિજખંડમાં, ઓરડાની મધ્યમાં ખુરશીમાંથી બનાવેલ હિંડોળો હતો તેની બાજુમાં શયન માટે દર્ભની એક સાદડી પડી રહેતી હતી વધુમાં પાણીની એક માટલી અને દિવાલની ભીંતના કબાટમાં પુસ્તકો સિવાય તેમની અંગત કોઈ વસ્તુ હતી નહીં.

પ્રભુશ્રીના દેહત્યાગ પૂર્વેના અંતિમ ચાર વર્ષો દરમ્યાન  પુસ્તક લેખન સાથે ઓસરીમાં કમ્પોઝનું પણ કાર્ય થતું હતું અને તેથી તે સમયે તો આ નિજખંડ એક નાનકડા પ્રેસ જેવો થઈ ગયેલ હતો.

ઇ.સ. ૧૯૭૪ થી શરૂ કરાયેલ અખંડધૂનના કારણે સામાન્ય રીતે આઠ-દસ ભક્તો અહીં રહેતા હતા. વધુમાં પુસ્તક તથા અન્ય કાર્ય અર્થે પણ બીજા ગૃહસ્થ ભક્તો આવતા રહેતા. આ બધા ભક્તો માટે રહેવા તથા પ્રસાદ(જમવાની)ની વ્યવસ્થા આ નાના મકાનમાં જ કરવાની હોવાથી ઘણી અગવડ પડતી હતી.

'શ્યામલ'ના પૂજાખંડનો ઉપયોગ અનેકવિધ કાર્યોમાં થતો હતો. ત્યાં જ સેવા-પૂજા તથા આરતી થતા. પ્રભુશ્રી પણ અહીં આવીને ભક્તો સાથે બિરાજતા અને ઉપદેશ કે સૂચનો કરતા હતા. તેમજ બધા જ ભક્તો પ્રસાદ પણ અહીં જ લેતા હતા અને અખંડધૂન તો સદા બે ભક્તો કરતા રહેતા હતા. એટલે 'શ્યામલ' ધામનો **આ ખંડ ખરેખર જ સમગ્ર આધ્યાત્મિક પ્રવૃત્તિનું કેન્દ્ર બિંદુ બની ગયેલ.**

ૐ

આ ખંડમાં પ્રવેશતા પહેલા, ઓસરીમાં જમણી બાજુ નાનું રસોડું અને ડાબી બાજુ પ્રભુશ્રીના નિજખંડનો દાદરો હતો તેથી ઓસરીમાં તો માત્ર ચાલવા જેટલી જ જગ્યા રહેતી હતી. રસોડું પણ એટલું તો સાંકડું હતું કે એમાં બે થી વધુ ભક્ત જઈ શકતા નહીં, તેમ છતાં આટલા નાના રસોડામાં પણ પૂર્ણ પવિત્રતા તથા આચાર સાથે પ્રસાદ બનાવવામાં આવતો હતો. રસોડામાં દરેક વસ્તુને તેના ચોક્કસ સ્થાને સ્વચ્છ અને સુઘડ રીતે રાખવાનો પ્રભુશ્રીનો વિશેષ આગ્રહ રહેતો હતો. આમ આ રસોડામાં નિત્ય પંદર-વીસ ભક્તોનો પ્રસાદ બનતો અને ઉત્સવ પ્રસંગે તો પચાસથી વધુ ભકતોનો પ્રસાદ તૈયાર થતો હતો. આ સાથે શ્રી રામલાલાશ્રીને ધરાવવાનો પ્રસાદ તથા પ્રભુશ્રી માટે પણ પ્રસાદ અહીં જ બનાવવામાં આવતો હતો.

**'શ્યામલ'માં ભક્તિમય ક્રિયાકાર્યો :**

'શ્યામલ' ધામ વિષે આટલું જાણ્યા પછી એમ કહી શકાય કે તે કોઈ વિશાળ આશ્રમ કે મંદિર ન હતું, માત્ર રહેણાંકનું એક નાનું સરખું મકાન હતું તેમ છતાં આટલા નાના સ્થાનમાં પણ તેની સ્વચ્છતા, સુઘડતા તથા વ્યવસ્થા ધ્યાનાકર્ષક હતી. આ સ્થાનનું સમગ્ર વાતાવરણ પવિત્રતા તથા દિવ્યતાથી ભરેલું હતું. તેમાં થતાં સઘળા ક્રિયાકાર્યોમાં પરમાત્માની અનન્ય સેવા ભક્તિ તેમજ વ્યવહારોમાં સંપૂર્ણ સત્યનું પાલન મુખ્યતયા જોવા મળતા હતા.


નાસિક યાત્રા (ઈ.સ.૧૯૮૧)

ૐ

આ સ્થાન અહર્નિશપણે ભક્તિમય ક્રિયાઓથી ગુંજતુ રહેતુ હતુ. અહીં ત્રણ વખત (સવાર-બપોર-સાંજ) પરમાત્માની આરતી થતી હતી. તેમજ બાળસ્વરૂપ રામલાલાને જગાડવા પોઢાડવા તેમજ જુદા જુદા સમયે ઉચિત પ્રસાદ બનાવી ધરાવવો, વગેરે ભક્તિમય સેવાની ક્રિયાઓ દિવસભર ચાલતી રહેતી હતી. આ સાથે વિશ્વકલ્યાણ અર્થે (સત્યયુગ સંસ્થાપન-પ્રલય નિવારણ) બ્રહ્મમંત્રની અખંડધૂન સદા (દિવસરાત)બે ભક્તો કરતા રહેતા હતા.

એકાદશીનું માહાત્મ્ય પ્રભુશ્રીને વિશેષરૂપે હતું. આ પવિત્ર દિવસે 'શ્યામલ' માં ભક્તો ઉપવાસ કરતા અને રાત્રે ધૂન-ભજનની રમઝટ બોલતી હતી. ઘણા સ્થાનિક ભક્તો આવતા અને મોડી રાત્રી સુધી અલૌકિક ભાવમય કીર્તન ચાલતું હતું. પ્રભુશ્રી પણ પૂર્ણ એકાગ્રતાથી આ કીર્તનમાં ભક્તો સાથે જોડાતા અને તે સમયે સમગ્ર વાતાવરણ દિવ્ય ભક્તિરસથી ભરપુર બની જતું હતું.

પરમાત્માના સત્ય અવતારોના પ્રાગટ્ય ઉત્સવ 'શ્યામલ' માં નિયમિતપણે ઉજવવામાં આવતા હતા. ત્યારે બહારગામથી પણ કેટલાય ભક્તો આવતા હતા. આ ઉત્સવ બે દિવસ ચાલતા હતા. પ્રથમ દિવસે પ્રાગટ્ય આરતી થતી અને તે દિવસે ભક્તો ઉપવાસ કરતા હતા.* બીજા દિવસે તેની ઉજવણીરૂપે પારણું કરાતું. પ્રભુશ્રી બધા જ ભક્તોને બંને દિવસ દરમ્યાન ભાવપૂર્વક પ્રસાદ લેવડાવતા હતા. નાના બાળકોને પણ યાદ કરી પ્રેમપૂર્વક પ્રસાદ લેવડાવતા. આ દિવસોમાં 'શ્યામલ' અહર્નિશ ભજન-કીર્તનોથી ગુંજતું રહેતું. આમ આ દિવસો મંગલમય આનંદ સાથે ભક્તોના જીવનનો ધન્ય સમય બની રહેતાં હતાં.

'શ્યામલ'માં પ્રત્યેક શનિવારે હનુમાન ચાલીસાના ૧૦૮ પાઠ કરવામાં આવતા હતા. પ્રભુશ્રીએ સૂચવ્યા પ્રમાણે કોઈ ભક્ત સવારે હનુમાનજી મહારાજના ચિત્રજી પાસે આસન પાથરી, દીપ પ્રગટાવી અને તુલસીના કુંડાને

*ઉપવાસના દિવસે ફરાળ પીરસવામાં આવતું.

ૐ


નાસિક યાત્રા (ઇ.સ.૧૯૮૧)

સામે રાખી ૧૦૮ પાઠ કરતા હતા. તે દિવસે તે ભક્તે માત્ર ફળાહાર કરવાનો રહેતો. કોઈવાર વિશેષ પ્રયોજન અર્થે પણ પાઠ કરાવતા હતા. તેમના ઉપરના નિજખંડમાં પણ અવારનવાર કોઇ આસુરી કે મલિન શક્તિનો ઉપદ્રવ થતા હનુમાન ચાલીસાના પાઠ કરાવતા હતા. દર શનિવારે ૫૦૦ ગ્રામ પેંડા હનુમાનજી મહારાજને ધરાવવાનો નિયમ હતો. **અખંડ જ્યોત પણ આ સ્વરૂપ પાસે સદા પ્રગટેલી રહેતી હતી.**

આવા ઘણા ભક્તિમય કાર્યો 'શ્યામલ'માં નિત્ય થતા રહેતા. ગૌરક્ષાના કાર્ય દરમ્યાન દર મહિને ગાયને ઘાસ નીરવામાં આવતુ. ગાય તથા શ્વાનનો ગ્રાસ પણ નિત્ય કઢાવતા હતા. ગાયને કોઈ દિવસ એઠું ખાવાનું આપતા નહીં. ગાય માટે ડેલી પાસે પાણીનો અવેડો પણ બનાવવા નક્કી કરેલ, પણ મ્યુનિસિપાલીટીની મંજૂરી મળી નહીં. પ્રભુશ્રીને આથી બહુ જ દુઃખ થયું હતું.

બ્રહ્મમંત્રનું લેખનકાર્ય પણ થતું રહેતું હતું. તે માટે સુંદર નોટબુક છપાવીને પ્રભુશ્રી ભક્તોને આપતા. ઘણા ભક્તો નિયમિત રીતે બ્રહ્મમંત્ર લેખન કરતા હતા.

એવી જ રીતે પરમાત્માની પ્રેરણાનુસાર નિશ્ચિત ધ્યેયપૂર્તિ અર્થે ભક્તોને સામૂહિક રીતે અખંડધૂન કરતા તીર્થોમાં મોકલતા હતા. ચારધામ ઉપરાંત અંબાજી, પંઢરપુર, શ્યામરામ (નાસિક), સંકટમોચન હનુમાનજી(કાશી), અમરનાથ, હરિદ્વાર જેવા સનાતન ધર્મના ચિન્મય સ્થાનો પ્રત્યે પ્રભુશ્રીને ખૂબ જ આકર્ષણ રહેતું અને તેથી વ્યક્તિગત રીતે પણ ભક્તને ત્યાં મોકલતા હતા. આપશ્રી 'શ્યામલ'માં પધારતા કોઈપણ સાધુ-સંતોને પણ ખૂબ ભાવપૂર્વક

ભોજન લેવડાવતા હતા.

'શ્યામલ' માં દર્શને આવનાર કોઈપણ વ્યક્તિને સ્નાન કરી સ્વચ્છ કપડે જ દર્શનાર્થે આવવાનો નિયમ હતો. (જો કે આ નિયમ પાછળથી કરાયેલ હતો.)

**પૂ. પ્રભુશ્રીની દિનચર્યા :**

પ્રભુશ્રીના જીવનમાં અપાર તપ, ઉચ્ચભક્તિ, અધ્યાત્મજ્ઞાન અને સંપૂર્ણ સત્યનું પાલન મુખ્યત્વે રહેલા હતા અને તેથી જ તેને અનુરૂપ તેમની દિનચર્યા તેમના નિત્ય જીવનમાં હંમેશા જોવા મળતી હતી.

**આધ્યાત્મિક પુરુષોનાં જીવનમાં આહાર અલ્પ અને નિદ્રા ખૂબ જ ઓછી હોય છે.** તે પ્રમાણે પ્રભુશ્રી પણ બે-ચાર કલાકથી વધુ નિદ્રા લેતા નહિ. વળી તેમનો વિશ્રામનો સમય પણ નિશ્ચિત હતો નહીં. જ્યારે શરીર અતિશય થાક અનુભવે ત્યારે સાદડી પર લંબાવી દેતા. આહારમાં પણ ખૂબ જ મિતાહારી હતા. સાદો, હળવો આહાર માત્ર એક જ વખત ભક્તો સાથે (બપોરે ત્રણ ચાર વાગ્યે) લેતા હતા. જો કે અવાર-નવાર ઉપવાસ તો કરતા જ હતા. દેહત્યાગ પૂર્વેના ચાર વર્ષ માત્ર ચાર કપ ચા અને એક ગ્લાસ મોસંબીના રસ પર રહીને જ ઉપવાસ કર્યા હતા.

ઉપવાસ કે સામાન્ય બીમારીમાં પણ તેમની દૈનિક તપસ્યા તથા સ્નાન, ધ્યાન, આરતી, નિત્ય નિયમ (પાઠ), વગેરે યથાવત જ ચાલુ રાખતા હતા. કાળની મર્યાદાથી પર રહીને દિવસ કે રાત્રિની મર્યાદા વગર તેમનો આ નિત્યક્રમ નિરંતર ચાલતો રહેતો હતો. મધ્યરાત્રિએ પણ તેમનું આ બધું કાર્ય થતું રહેતું હતું.

તેમના 'શ્યામલ'ના ચૌદ વર્ષના નિવાસ દરમ્યાન સમગ્ર કાર્ય તથા દિનચર્યાનું કોઈ એક જ નિશ્ચિત સ્વરૂપ જોવા મળેલું ન હતું. પ્રારંભમાં અહીં પધાર્યા ત્યારે ક્યારેક બહાર દર્શને પણ જતા હતા. પરંતુ ત્યાર પછી વધુ ભક્તો આવતા થયા તેમજ કાર્યની સ્થિતિ પણ પ્રેરણા કે અનુભૂતિના આધારે બદલાતી ગઈ, તે પ્રમાણે તેમની દિનચર્યામાં પણ ફેરફાર થતો ગયો હતો.

ૐ

**ઈ.સ. ૧૯૭૫ પછી તો 'પ્રલય નિવારણ'ના કાર્યને જ અગ્રતા આપી હતી. પરંતુ ઈ.સ. ૧૯૭૮ના જુલાઈથી ગાય તથા મૂક જીવોની થતી અમાપ હિંસાના સંદર્ભમાં ઉપવાસ શરૂ કર્યા અને તે સાથે ગૌરક્ષાના પુસ્તક-લેખનનો પ્રારંભ કર્યો હતો.**


આ પુસ્તક લેખન સાથે તેના કંપોઝનું કાર્ય પણ તેમના સાનિધ્યમાં જ થતું હતું. પછી ગોઠવાયેલ બીબાને મુદ્રણ અર્થે પ્રેસમાં મોકલતા હતા. પ્રુફ રીડિંગ પણ તેઓ સ્વયં કરતા હતા. **નાની સરખી ક્ષતિ માટે પણ છપાઈ ગયેલ પાના ફરીથી છપાવતા હતા.** આ રીતે પુસ્તક સંબંધી લેખન સાથે આર્થિક તેમજ ટેકનિકલ સંપૂર્ણ વ્યવસ્થા તેઓ જ સંભાળતા હતા.

વધુમાં ઉપવાસ સાથે તેમની દૈનિક તપસ્યા, માનસપૂજા, ધ્યાન, વગેરે નિત્યક્રમ પણ અવિરતપણે ચાલુ જ રહેતા હતા. પરંતુ ઉઠતાની સાથે જ તેમનું સમગ્ર મન લેખન સંબંધી કાર્યમાં જ કેન્દ્રિત થયેલું રહેતું અને તેથી ઘણી વખત તો સાંજે નીચે પધાર્યા પછી દાતણ કરતા અને પછી જ દૈનિક ધ્યાન, સ્નાન, આરતી, વગેરે પૂર્ણ કરી મોડેથી ચાનો પ્રસાદ લેતા હતા. (અહીં એ સ્પષ્ટતા જરૂરી છે કે કબાટમાં પધરાવેલ શ્રી રામલાલા હરિની બાળ સ્વરૂપે સેવા-પૂજા, આરતી, વગેરે તો નિયમિત અને નિયમાનુસાર ભક્તો જ કરતા રહેતા હતા.)

સામાન્ય ક્રમમાં બહારથી આવતા ભક્તો સાથે પણ સત્સંગ-માર્ગદર્શનમાં કેટલોક સમય ગાળતા હતા. વળી 'શ્યામલ'નું સમગ્ર સંચાલન તેઓ સ્વયં કરતા હોવાથી તેમની સાથે રહેતા ભક્તોને પણ અવારનવાર સલાહ-સૂચનો આપવાના થતા હતા. આ સાથે દરેક કાર્યો તથા નિયમોનું યોગ્ય પાલન થાય તે અર્થે સૂક્ષ્મતમ ધ્યાન રાખતા હતા. તેઓશ્રીની સ્મરણશક્તિ એટલી તો તીવ્ર હતી કે જુદા જુદા ભક્તોને સોંપેલ કાર્ય સંબંધે બે-ત્રણ દિવસ પછી પણ યાદ કરીને કાર્યની પ્રગતિ વિષે પૃચ્છા કરવાનું ચૂકતા નહિ.

ૐ

## નિત્ય નિયમ :



નાસિક યાત્રા (ઈ.સ.૧૯૮૧)

પરમ પૂજ્ય પ્રભુશ્રી પરમાત્મા સાથેના સંબંધમાં જે કંઈ 'નિત્ય નિયમ' વર્ષોથી પાળતા હતા તેનું પાલન ગમે તેવી વિપરીત સ્થિતિમાં પણ અવશ્ય કરતા હતા. તેમને બ્રહ્મભાવે રહેવાના મળેલ પરમાત્માના આદેશ પછી 'નિત્યનિયમ'ની કોઈ આવશ્યકતા રહેતી ન હતી. પણ તેમના ભક્તિમય સંસ્કારો તેમજ અન્ય માટે પ્રેરણારૂપ 'આદર્શ' સ્થાપવા આ અચૂકપણે કરતા હતા.

નિત્યના સ્નાન, ધ્યાન, પૂજા-આરતી પછી રાત્રે સૂતા પહેલા 'રામનામ સંકીર્તન' પણ અચૂક કરતા હતા. કાર્યની વ્યસ્તતા, થાક કે બીમારીની સ્થિતિમાં પણ તેમના આ નિત્ય નિયમનો તેમણે ક્યારેય ભંગ થવા દીધો ન હતો.

## હવે કેવી રીતે રામનામ લેતા તે જાણીએ :

જ્યારે 'રામનામ સંકીર્તન' લેવાનું શરૂ કરતા ત્યારે કોઈ સાથે બોલ્યા વગર આંખો બંધ કરી મનની પૂર્ણ એકાગ્રતા સાથે લેતા હતા. **કોઈ અનિવાર્ય કારણસર બોલવાનું થતું તો ફરીથી પહેલેથી જ રામનામ શરૂ કરતા હતા.** તેમની મનોભૂમિ એવી હતી કે જે ભાવ સાથે શબ્દ ઉચ્ચારે તેવા જ આંતર ભાવ કે દર્શનની અનુભૂતિ તેઓ કરતા હતા. (દા.ત. 'દંડકવન જન પાવન રામ' એ પંક્તિ સાથે તે શબ્દના ઉચ્ચારમાં ભગવાન રામચંદ્રજીએ દંડકવન પાવન કર્યું એ સ્વરૂપમાં નિહાળતા હતા.) આ પ્રમાણેના આંતરભાવ સાથે સંપૂર્ણ રામનામ પૂરા કરવામાં ઘણો સમય લાગતો હતો. **વચ્ચે જો ઉપવાસ કે થાકના કારણે**

ૐ

**ઝોલું આવી જતું તો ફરીથી પહેલેથી જ શરૂ કરતા હતા.** અને કેટલીક વખત તો વારંવાર ઝોલું આવી જતા પુનઃ પુનઃ શરૂ કરવામાં સવાર પડી જતી હતી આમ સવાર સુધી સતત રામનામ ચાલુ રહેતા હતા.

પ્રભુશ્રી કહેતા કે, **''પરમાત્મા સાથે એક નિત્ય સંબંધ સ્થાપવા નિત્યનિયમ હોવો ખૂબ જરૂરી છે અને તેને ટકાવી રાખવાથી જ ભક્તિમાં શ્રદ્ધેયતા ઘનીભૂત થાય છે.''** સંક્ષિપ્તમાં કહીએ તો સામાન્યક્રમમાં તો 'નિત્યનિયમ'નું પાલન સરળતાથી થઈ શકતું હોય છે, પણ વિપરીત સંજોગો કે પ્રતિકૂળ પરિસ્થિતિ વખતે જ તેનું પાલન કરવું કઠિન હોય છે.

પ્રભુશ્રીની આ સમગ્ર દિનચર્યાનો સાર જોઈએ તો તેઓશ્રીની સર્વ ક્રિયાઓ ભક્તિમય હતી અને વ્યવહારોમાં કેન્દ્રસ્થાને પરમાત્મા જ રહેલા હતા. પરમાત્મા સાથેનો તેમનો સંબંધ (એક દિવ્ય-વ્યક્તિત્વરૂપે) પ્રત્યક્ષ જીવંત સ્વરૂપે રહેલો હતો. અને તે અનુસાર તેમની લીલાઓ થતી રહેતી હતી. આ લીલાઓમાં ઈશ્વર પ્રત્યેનો સર્વોચ્ચ ભાવ, આદર તથા મર્યાદા જોવા મળતા હતા. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ તો એટલો ઉત્કટ હતો કે **એક માનવ દેહથી આટલી ઊંચી સ્થિતિએ પરમાત્મા સાથે પ્રેમ કઈ રીતે થઈ શકતો હશે !** પરમાત્મા પ્રત્યે જે પ્રબળ ખેચાણ, શ્રી ચૈતન્ય મહાપ્રભુ તથા શ્રી રામકૃષ્ણ પરમહંસમા જોવા મળતું હતું તેવું જ પ્રબળ ઈશ્વરીય આકર્ષણ પ્રભુશ્રીમાં પણ જોવા મળતું હતું. પ્રભુશ્રીની ભાવમય અવસ્થા તેમની આંતર સ્થિતિએ રહેલી હતી, છતાં પણ તેમના ક્રિયા-વ્યવહારોમાં તો આ બધું જ પ્રેમની પરાકાષ્ટારૂપે સ્પષ્ટ પણે જોઈ શકાતું હતું.

હવે ઉપર્યુક્ત રીતે 'શ્યામલ'માં આરતી, પ્રસાદ, કર્તવ્ય, ભાવ, મર્યાદા, સેવા વગેરેના સંબંધમાં જે કાંઈ કાર્યો તથા વ્યવહારો જોવા મળતા તે સંદર્ભમાં જાણીએ.

ૐ

**આરતી :**

પૂ. પ્રભુશ્રીને આરતીનુ માહાત્મ્ય વિશેષ પણે હતું. તેઓ કહેતા કે, **''આરતીના સમયે પરમાત્માનો પ્રગટ આવિર્ભાવ થતો હોય છે.''** અને તેથી જ સ્તો ભક્તોને ગમે તેટલા અગત્યના કાર્યો મૂકીને આરતીમાં હાજર રહેવા ભારપૂર્વક કહેતા હતા. કોઈ ભક્ત આરતીમાં કોઈ કારણસર હાજર ન રહે તો તેને બોલાવીને ઠપકો પણ આપતા હતા. આરતી દરમ્યાન જ ભક્તોને દર્શન કે ભાવની અનુભૂતિ વિશેષ થતી જોવા મળતી હતી. પરમાત્માની કૃપાવર્ષા પણ આરતી સમયે જ વિશેષ થતી હતી.

આરતી પૂર્ણ થયા પછી હાજર દરેક ભક્તો આરતી લઈને સાષ્ટાંગ પ્રણામ કરતા. અને ત્યાર પછી તેઓશ્રી દરેક ભક્તોને કૃપા-આશિષ રૂપે જળ તથા ગુલાબની પાંખડી આપતા હતા. ઉત્સવ કે વિશેષ પ્રસંગે તો આરતીનું સ્વરૂપ અતિ દિવ્ય અને ભવ્યાતિભવ્ય જોવા મળતું હતું. ભક્તોની ઉપસ્થિતિ પણ આવા પ્રસંગોએ વિશેષ રહેતી હતી.

ભક્તિમય જીવનમાં 'આરતી'ને પ્રભુશ્રી એટલું બધુ મહત્ત્વ આપતા હતા કે વર્ષો પહેલા જ્યારે વાળંદ પાસે તેઓ દાઢી કરાવવા બેઠા હતા તે જ સમયે બાજુના મંદિરમાં આરતીની ઝાલર સાંભળતા અડધી દાઢીએ જ ઊભા થઈ ઝડપથી મંદિર પહોંચીને આરતીમાં ઉભા રહ્યા હતા !

'શ્યામલ'માં પ્રત્યક્ષ નિહાળેલું છે કે પ્રભુશ્રી પોતાના ખંડમાં લેખનકાર્ય કરી રહ્યા હોય ત્યારે નીચેના પૂજાખંડનો આરતીનો ધ્વનિ સંભળાય ત્યારે તરત જ તે કાર્યને પડતું મૂકી આંખો બંધ કરીને મનથી આરતીમાં જોડાઈ જતા. આરતી પૂર્ણ થયા પછી જ પુનઃ કાર્ય શરૂ કરતા.

તેઓશ્રી ભક્તોને આરતીનું મહત્ત્વ સમજાવતા કહેતા કે, ''જંગલમાંથી મોટરમાં જઈ રહ્યા હોઈએ અને દૂર આરતીનો ઘંટારવ સંભળાય તો ત્યાં જ ગાડી

ૐ

ઉભી રાખી મનથી આરતીમાં જોડાઈ જવું જોઈએ. તેમાં જ પરમાત્મા પ્રત્યે નો ભાવ-આદર રહેલા છે.''

**પ્રસાદ :**



નાસિક યાત્રા (ઈ.સ.૧૯૮૧)

પ્રસાદનો અર્થ જ 'કૃપા' થાય છે, તેથી પ્રભુશ્રી ભક્તોને જે કાંઈ આધ્યાત્મિકતા પ્રદાન કરતા તે પ્રસાદના માધ્યમ દ્વારા જ આપતા હતા. **પ્રસાદને તેઓ સાક્ષાત પરમાત્માનું સ્વરૂપ સમજતા હતા, તેથી તેનો એક કણ પણ જમીન પર પડી જાય તો શોધીને ઉચિત સ્થાને મૂકતા હતા.**

'શ્યામલ'માં જે કાંઈપણ ખાદ્ય વસ્તુ ઉપયોગમાં લેવાતી તેને પરમાત્માને ધરીને પછી જ પ્રસાદરૂપે લેવાતી હતી. ચાને પણ પરમાત્માના પ્રસાદરૂપે જ લેવામાં આવતો. અને તેથી 'શ્યામલ'માં આવતા કોઈપણને ચા લીધા વગર ક્યારેય જવા દેતા નહીં. પ્રસાદમાં પરમાત્માની કૃપા શક્તિની વર્ષોની પ્રત્યક્ષ અનુભૂતિ પછી પ્રભુશ્રીએ પ્રસાદ બનાવવામાં તથા તેને ધરાવીને પ્રત્યેકને આપવામાં સૂક્ષ્મ કાળજી લીધેલી હતી.

'શ્યામલ'માં ધરાવાતી પ્રસાદી બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયા જાણવી રસપ્રદ છે.

બાળ સ્વરૂપ શ્રી રામલાલાને જુદા જુદા સમયે ધરાવાતો પ્રસાદ આ નાના રસોડામાં પવિત્રતા તથા આચારના પૂર્ણ પાલન સાથે તૈયાર કરવામાં આવતો હતો. તે સમયે પ્રસાદ બનાવનાર સિવાય અન્ય કોઈથી રસોડામાં પ્રવેશી શકાતું નહીં. પ્રસાદ બનાવનાર ભક્તે સ્નાન કરી, સ્વચ્છ કપડે જ રસોડામાં જઈ શકાતું.

ૐ

પ્રસાદની સામગ્રી તથા વાસણો પણ ભક્તોના વાસણોથી અલગ રાખવામાં આવતા. પ્રસાદ જ્યારે બનતો હોય ત્યારે બહારથી કોઈ અશુદ્ધ રજકણો, દુર્ગંધ કે કોઈની દૃષ્ટિ પણ તેના પર પડે નહીં તે માટે બારીને બંધ કરી દેવામાં આવતી. બનાવનાર ભક્તના મોઢાનો શ્વાસ પણ પ્રસાદને સ્પર્શે નહીં તે માટે મુખ પર કપડું બાંધીને રાખવામાં આવતું તેમજ તે સમય દરમ્યાન સતત મનમાં જપ કરતાં કરતાં જ પ્રસાદ તૈયાર કરવામાં આવે તેવો પ્રભુશ્રીનો વિશેષ આગ્રહ રહેતો હતો.

આ રીતે બનાવેલો પ્રસાદ યોગ્ય પાત્રમાં ઢાંકીને ધરાવવામાં આવતો હતો. કબાટમાં પધરાવેલા શ્રી રામલાલાને ધરાવવા જતી વખતે કોઈ આડા ઉતરે નહીં તેની ખાસ કાળજી રાખવામાં આવતી હતી. આ રીતે પ્રસાદ શ્રીરામલાલાને ભાવપૂર્વક ધરાવવામાં આવતો. પ્રભુશ્રી કહેતા કે, **''જો તપ અને ભાવ સાથે પૂર્ણ પવિત્રતાથી પ્રસાદ ધરાવેલ હોય તો પરમાત્મા તે અવશ્ય ગ્રહણ કરે છે.''** નિત્યના ક્રમમાં ધરાવતા પ્રસાદ પર પરમાત્મા કૃપાદૃષ્ટિ કરતા જ હોય છે, અને વળી કોઈ કોઈ વખત તેમાંથી પ્રસાદ ગ્રહણ પણ કરતા હોય છે.

પ્રભુશ્રીને કેટલીય વખત એવા પ્રસાદના દર્શનો થયેલા હતા કે જેમાં પરમાત્માએ સ્વયં પ્રસાદને આરોગેલ હોય ! કોઈ કોઈ વખત ધરાવેલ પ્રસાદ પર દિવ્ય પ્રકાશનો ધોધ વરસતો હોય તેવા પણ દર્શન થયા હતા. તેથી આવો પ્રસાદ તો દરેક ભક્તને એકાદ કણ પણ મળી જાય તેવો પ્રયત્ન કરતા હતા.

આ સાથે 'શ્યામલ'માં પ્રસાદના આદર તથા પવિત્રતા અર્થે નાની લાકડાની પાટલી પર જ થાળી, વાટકો વગેરે મૂકવામાં આવતા. જમીન પર પ્રસાદ મુકાય જાય તો તેને બહાર પધરાવી દેવો પડતો હતો.

પ્રસાદની પવિત્રતા અર્થે એને હસ્તમાં લેતા પહેલા અને પછી હાથ ધોવાનો એક સામાન્ય નિયમ હતો. દરેક ભક્તે તેનું પાલન કરવું જ પડતું હતું. (બેઠેલા આસનને હાથ અડવાથી તેની સૂક્ષ્મ અપવિત્રતા હાથને સ્પર્શે છે.)

ૐ

આ પ્રમાણે પ્રભુશ્રીએ પ્રસાદનું માહાત્મ્ય યથાર્થ રીતે દર્શાવ્યું હતું. પ્રસાદની દિવ્યતાની અનુભૂતિ ઘણા ભક્તોને થયેલી હતી. વળી પ્રસાદ થકી ભક્તોની રક્ષા પણ થયેલી હતી. સારરૂપે કહીએ તો પ્રસાદએ પ્રભુશ્રીનું આધ્યાત્મિકતા પ્રદાન અર્થેનું એક માધ્યમ હતું.

**પરમાત્મા પ્રત્યેના–આદર, મર્યાદા, ભાવ, પવિત્રતા તથા કર્તવ્ય વિષે :**

પરમાત્મા સાથે ભક્તોનો એક દિવ્યવ્યક્તિત્વના સ્વરૂપે જે ભક્તિમય સંબંધ રહેલો છે તેમાં આદર, મર્યાદા, ગૌરવ, પવિત્રતા તથા કર્તવ્ય જેવી અનેક બાબતોનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. પ્રભુશ્રી તેનું સૂક્ષ્મપણે ધ્યાન રાખતા હતા. તેમની આંતરિક સ્થિતિ જે રીતે પરમાત્મા સાથે જોડાયેલી હતી, તેનું પ્રતિબિંબ તેમના બાહ્ય વ્યવહારોમાં પણ જોવા મળતું હતું અને તેથી કોઈ માની જ ન શકે તેટલી ઉચ્ચ સ્થિતિએ પરમાત્મા પ્રત્યે આદર, ગૌરવ, મર્યાદા, વગેરે પૂર્ણપણે જાળવતા હતા.

તેઓશ્રીના પરમાત્મા સાથેના આ વિશિષ્ટ ભક્તિમય સંબંધના સંદર્ભમાં 'શ્યામલ'માં પણ એક આદર્શ નિયમરૂપે તેનું આચરણ સૌ કોઈએ કરવાનું રહેતું હતું. તેથી ત્યાં રહેતાં ભક્તોએ એ જ રીતે વ્યવહારમાં પણ તે રીતે વર્તવું આવશ્યક હતું.

ભક્તો માટે એક આધ્યાત્મિક શિસ્તરૂપે કહી શકાય તેવી નૈતિક આચાર સંહિતા 'શ્યામલ'માં અમલમાં હતી, જેમ કે પરમાત્મા સન્મુખ પીઠ દઈને ઉભા રહી શકાય નહીં, ગમે તે રીતે પગ રાખીને બેસાય નહીં, કાળા (અશુભ) રંગના કે રેશમી વસ્ત્રો પહેરાય નહીં, ગમે તેવી રીતે વાત કરાય નહીં, વગેરે.

પ્રભુશ્રીએ સ્પષ્ટપણે કહેલ કે, **''પરમાત્મા સાથે કોઈ વસ્તુ કે વિષયનો સંબંધ એવી રીતે ન હોવો જોઈએ કે જેના દ્વારા થતા વ્યવહાર કે કાર્યમાં પરમાત્માનું ગૌરવ હણાતું હોય; તેમની મર્યાદા તૂટી જતી હોય; તેમના આદરનો ભંગ થતો હોય; તેમના પ્રત્યેનો ભાવ નષ્ટ થતો હોય, અથવા તો**

ૐ

**તેમના પ્રત્યેના કર્તવ્યથી વિમુખ થવાતું હોય !''**



નાસિક યાત્રા
(ઇ.સ.૧૯૮૧)

જેમકે સિનેમા કે થિયેટર સાથે પરમાત્માનું નામ જોડવામાં આવે, કે બીડી-સિગારેટ સાથે કોઈ આધ્યાત્મિક નામ-પ્રતીકના ઉપયોગ કરવામાં આવે તો તે સુસંગત નથી તેમજ તે ઉચિત પણ નથી. અપવિત્ર વસ્તુ સાથે પરમાત્માનું નામ કદાપિ જોડવું જોઈએ નહીં. ઉચિત સ્થાને જ પરમાત્માની સ્મૃતિરૂપે નામ રાખવા જોઈએ, જેમ કે કોઈ ગૃહ, બાગ કે વ્યક્તિના નામ પરમાત્મા સાથે જોડાયેલ હોય તો તે યોગ્ય જ છે. અને તે રીતે જ પરમાત્માનો સુયશ પૃથ્વી પર પ્રસરે છે.

તેથી પ્રભુશ્રી જ્યારે પણ પરમાત્માના નામ કે સ્વરૂપને એવા સ્થાને જોતા કે જેમાં પરમાત્માનું ગૌરવ હણાતું હોય તો તે અર્થે ઉચિત વિરોધ દર્શાવતા હતા. એક વખત ભગવાન શ્રીકૃષ્ણની પોસ્ટલ ટિકિટ બહાર પડયાનું જાણમાં આવતા તેમને અત્યંત દુઃખ થયેલું અને રાષ્ટ્રપતિને તાર કરીને તેનો ઉચિત વિરોધ પ્રદર્શિત કરેલ હતો. આનું કારણ એ કે ટિકિટ પર પોસ્ટના સિક્કા મારવામાં આવે તો તેમાં પરમાત્માનો આદર કે મર્યાદા જળવાતા નથી. આ સાથે દુઃખી હૃદયે મનોમન પ્રાર્થના પણ કરતા હતા કે આવી ભૂલો કોઈ ન કરે.

આ સંદર્ભમાં જાણેલું કે જ્યારે કારમાં દર્શને જતાં ત્યારે રસ્તા પર કોઈએ જાહેરાત માટે પરમાત્માનું નામ કે પ્રતીક લખેલા હોય તો ગાડીને બાજુમાંથી લઈને ચલાવતા હતા.

તેમના સાનિધ્યમાં કોઈને માત્ર 'રામ' કે 'કૃષ્ણ' નામ બોલતા સાંભળે તો કહેતા કે પરમાત્માનું નામ પૂર્ણ આદર-સન્માનથી બોલવું જોઈએ. જેમ કે ભગવાન 'શ્રીરામચંદ્રજી', ભગવાન 'શ્રીકૃષ્ણ', વગેરે.

ૐ

નિજખંડમાં પરમાત્માના કોઈ ચિત્રનું પેઈન્ટિંગ કરાવતા ત્યારે પ્રભુશ્રી તેમના હિંડોળા પરથી નીચે બેસી જતા. ચિત્ર દોરનાર ભક્તશ્રી પ્રદ્યુમનભાઈથી હિંડોળો થોડો ઉંચો હતો. તેથી પરમાત્માના (ચિત્રના) આદર અર્થે તેઓશ્રી નીચે બેસતા હતા.

ઓરડામાં કોઈ કાગળની ચબરખી પડી હોય અને તેમાં પરમાત્માનું નામ હોય તો સ્વયં તેને હાથમાં લઈ મસ્તક પર ભાવથી ચડાવીને, એક બાજુ ઉંચે પધરાવી દેતા હતા.

તેઓશ્રી એટલે સુધી કહેતા કે, ''પૂજારી જ્યારે ભગવાનની સેવા કરવા મંદિરમાં પ્રવેશે ત્યારે તેને પણ વંદન કરવા જોઈએ કારણ કે **જે વસ્તુ કે વ્યક્તિ પરમાત્મા સાથે સંબંધિત છે તેને પણ પૂર્ણ આદર સન્માન આપવા જોઈએ.''**

**પવિત્રતા :**

પૂ. પ્રભુશ્રી પરમાત્માની સેવામાં જે કોઈ વસ્તુ ઉપયોગમાં લેવાતી હોય તેની પવિત્રતા પૂર્ણ રીતે જાળવતા હતા. જમીન પર કોઈ વસ્તુ પડી જાય તો તે વસ્તુને વિસર્જિત કરવી પડતી હતી. તેનું કારણ એ કે જમીન પર મનુષ્યોના પગના અપવિત્ર રજકણો પડેલા હોવાથી વસ્તુઓને તેનો સ્પર્શ થતાં તેની પવિત્રતા નષ્ટ થાય છે અને તેથી પ્રભુશ્રી જમીન પર પડેલી કિંમતી વસ્તુઓ પણ વિસર્જિત કરાવી દેતા હતા.

પ્રભુશ્રીને વ્યક્તિગત રીતે તો અપવિત્ર દુર્ગંધ માત્રથી સ્નાન કરવું પડતું હતું. તેમની પવિત્રતા અર્થેની મનોભૂમિ એટલી ઉચ્ચ હતી કે મનથી જ કોઈ વસ્તુ અપવિત્ર લાગે તો તરત જ તેનું વિસર્જન કરાવી દેતા હતા. **તેઓશ્રી જે વસ્તુ કે વિષયને યાદ કરતા કે તુરત તેમના સ્મૃતિપટ પર આવી જતી અને તેથી ગંગાજળનું આચમન લઈ લેતા.** (ગૌરક્ષાનું પુસ્તક લખતી વખતે 'Meat' શબ્દ આવે કે તુરત જ બાજુમાં પડેલ ગંગાજળની શીશીમાંથી આચમન લઈ લેતા હતા.)

ॐ

**પવિત્રતા અર્થે ગંગાજી તથા તુલસીજીનું તેઓશ્રીને વિશેષ માહાત્મ્ય હતું,** અને તેથી પ્રભુશ્રી યથાસ્થાને તેનો વિવિધ ઉપયોગ કરતા રહેતા હતા.

તેઓશ્રી દ્વારા પાળવામાં આવતી પવિત્રતાના સંબંધમાં તો એક નાનું પુસ્તક લખી શકાય તેમ છે તેમના પુણ્યશ્લોક જીવનમાં અનેક એવા પ્રસંગો બન્યા હતા કે જેમાં આ વિષયની સૂક્ષ્માતિત બાબતો સમાયેલી હતી.

એવી જ રીતે સત્કર્તવ્ય પરાયણતાના સંદર્ભમાં જોઈએ તો પ્રભુશ્રી જ્યારે યાત્રાએ જતા ત્યારે જે તે મંદિરની બહાર શ્રીહનુમાનજી તથા શ્રીગણેશજીની મૂર્તિ પર ધૂળ બાઝી ગયેલી હોય તો તુરત જ તેઓ સ્વયં તેને સાફ કરવા બેસી જતા હતા. ઘણી વખત જે તે મંદિરના ટ્રસ્ટી કે પૂજારીને પણ કંઈ અયોગ્ય લાગે તો વિવેકપૂર્વક જણાવતા હતા.

ઉપર્યુક્ત સમગ્ર વિષયના સારરૂપ જોઈએ તો **પરમાત્મા સાથેના આવશ્યક સંબંધમાં ભાવ, આદર, મર્યાદા, કર્તવ્ય, વગેરેનું જે મહત્ત્વ છે તેનું નાની-નાની સૂક્ષ્મ બાબતોના ચીવટપૂર્વકના પાલન દ્વારા એક ઉચ્ચ આધ્યાત્મિક આદર્શનું તેઓશ્રીએ સંસ્થાપન કર્યું હતું.**

ૐ

**ભક્ત સંગે, દિવ્ય ઉમંગે, ગૌર રંગે હરિ**
**ઈષ્ટભાવે, પાન કરાવે, પ્રેમ રસ ભરી ભરી**

પ્રકરણ - ૫

# ભક્તવૃંદનું નિર્માણ

પૂ. ભક્તવત્સલ પ્રભુશ્રી 'શ્યામલ'માં પધાર્યા પછી ધીમે ધીમે એક નાનકડા ભક્તવૃંદનું નિર્માણ થતું ગયું હતું. સ્વાભાવિક ભક્તિભાવથી પ્રેરાઈને આવેલા આ ભક્તો ક્રમશઃ પ્રભુશ્રીના અંતરંગરૂપ બની ગયા હતા. તેમ છતાં આ ભક્તો સાથે તેઓશ્રીનો ગુરુ-શિષ્યની પરંપરા અનુસારનો કોઈ સંબંધ ન હતો. તેવી જ રીતે પ્રભુશ્રીએ તેમને મંત્ર, કંઠી કે દીક્ષા એવું કંઈ પણ આપેલ ન હતું તેમજ શક્તિપાત જેવી કોઈ ક્રિયાઓ પણ કરેલ ન હતી. માત્ર શુદ્ધ ભક્તિપૂર્ણ સંબંધથી દરેકને તેમના પોતાના જ માની અપનાવેલ હતા.

તેઓશ્રી પાસે આવનાર દરેક વ્યક્તિ 'ભક્ત'ના સન્માનનીય શબ્દ સાથે આદરપાત્ર રહેલી હતી. પ્રભુશ્રી દરેકને તેમના નામ સાથે 'તમે' શબ્દથી સંબોધિત કરીને આદર આપતા હતા. નાના બાળક સુધ્ધાને પ્રભુશ્રી 'તમે' જ માનવાચક રીતે કહી સંબોધિત કરતા હતા. દરેક ભક્તની માત્ર આધ્યાત્મિક ઉન્નતિ કઈ રીતે થાય એ દૃષ્ટિથી જ વિશેષ ધ્યાન રાખતા હતા.

તેઓશ્રી નિજભક્તોના આધ્યાત્મિક શ્રેય માટે હંમેશાં ચિંતિત રહેતા હતા. ભક્તોના આત્મિક કલ્યાણને જ પ્રાધાન્ય આપતા હોવા છતાં તેમની દુન્યવી મુશ્કેલીઓમાં પણ શક્ય તેટલા સહાયરૂપ થતા હતા. ભક્તોની બીમારીમાં તેમના માટે ફળોનો પ્રસાદ મોકલતા અને તેમના પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટે પરમાત્માને પ્રાર્થના કરતા હતા. તેમજ આંતરપ્રેરણા થતાં ક્યારેક વળી માનતા માનવા જેવી ક્રિયાવિધિ પણ કરતા હતા. આર્થિક મુશ્કેલીમાં

ॐ



ધ્યાનસ્થ પ્રભુશ્રી (ભક્તશ્રી રમણીકભાઇના ઘરે પધાર્યા ત્યારે લેવાયેલ તસ્વીર)

મુકાયેલ ભક્ત માટે બીજા પાસેથી ઉછીના પૈસા લઈને પણ તેને મદદરૂપ થતા હતા. તેમની ભક્ત પ્રત્યેની સહજ કરુણા એટલી હતી કે કોઈ ભક્તને ફાટેલ વસ્ત્રમાં જુએ કે તરત જ નવું વસ્ત્ર મંગાવી દેતા હતા. બહારગામથી આવેલ ભક્તને મધ્યરાત્રિએ પણ પ્રસાદરૂપે કંઈક જમાડતા હતા. તેઓશ્રી સ્વયં અમુક સંજોગોમાં બીમાર ભક્તોને માટે ચા બનાવી આપતા. **તેમની કરુણા અને પ્રેમનો વ્યાપ એટલો ઊંડો હતો કે આવા અનેક ઉદાહરણોથી પણ તેને પર્યાપ્ત રીતે સમજાવી શકાય તેમ નથી.**

શુદ્ધ હૃદયના અને સરળ ભક્તો માટે તો તેઓશ્રી હંમેશા વ્યાકુળ રહેતા, અને આવા ભક્ત ને થોડા દિવસ ન જુએ તો યાદ કરીને પણ બોલાવતા અને કૃપારૂપે પ્રસાદ આપતા હતા. ભક્તને ખ્યાલ પણ ન આવે તે રીતે તેની આંતર સ્થિતિનું નિરીક્ષણ કરતા અને તેના આત્મિક કલ્યાણની પ્રાર્થના કરતા હતા. સર્વ સાધારણ ઉપદેશ તો બધા ભક્તોને આપતા હતા. પણ કોઈ કોઈ ભક્તને તેની વિશિષ્ટ પ્રકૃતિ અનુસાર ચોક્કસ રીતે ભક્તિમાં આગળ વધવા ઉપદેશ આપતા હતા. ઈશ્વરની અનહદ કૃપા છતાં પણ ભક્તોની આધ્યાત્મિક પ્રગતિનો આધાર તેમની પોતાની આધ્યાત્મિક પ્રગતિ સાધવાની ઉત્કંઠા પર નિર્ભર રહે છે. અને તેથી જ પૂર્વજન્મના ઉચ્ચ આત્માઓ પણ ઉત્કંઠાના અભાવે આગળ

ૐ

પ્રગતિ કરી શકતા નથી.

**મર્યાદિત ભક્ત પરિવાર :**

પરમ કૃપાળુ પ્રભુશ્રી તેમનો ભક્ત પરિવાર મર્યાદિત રહે તેમ ઇચ્છતા હતા. વધુ પડતા લોકોને મળવાથી તેઓને આંતરિક રીતે ઘણું સહન કરવું પડતું હતું. તેથી જ દર્શને આવનાર કોઇ પણ નવી વ્યક્તિઓને અગાઉથી પ્રભુશ્રીની રજા મેળવવી આવશ્યક હતી. સાચા અને યોગ્ય જિજ્ઞાસુને તો તેઓશ્રી હંમેશા આવકારતા હતા.

પ્રભુશ્રીએ એક વખત વાત કરતાં કહેલું કે ''આજ સુધીમાં હજારેક વ્યક્તિ અહીં દર્શનાર્થે આવી ગયેલ છે. પરંતુ મારી પાસેથી કોઈ પણ ખાલી હાથે ગયું નથી.'' તો આનો સીધો અર્થ એ જ થાય છે કે દરેકને થોડી-ઘણી 'આધ્યાત્મિકતા' તો કૃપારૂપે પ્રદાન કરેલી હતી. તેથી જ સ્તો આવનારના શુદ્ધિકરણ અર્થે તેમણે આવશ્યક તપસ્યા પણ કરવી પડતી હતી. આ કારણસર જ મર્યાદિત લોકોને મળવાનું થાય તેમ તેઓશ્રી ઈચ્છતા હતા.

**ભક્તોને ત્યાં પધરામણી :**

પ્રભુશ્રી 'શ્યામલ'માં પધાર્યા પછી માત્ર અપવાદરૂપ જ ભક્તોને ઘેર પધરામણી કરી હતી. પણ પછી તેના જ વિકલ્પ રૂપે ભક્તોને ત્યાં પ્રેરણાનુસાર સેવાઅર્થે પરમાત્માના ચિત્રજી પધરાવતા હતા.



ભજનમાં લીન ભક્તો

આ ચિત્રજી પધરાવતા પહેલા પ્રભુશ્રીને તે અર્થે તપ કરવું પડતું હતું. આ સંપૂર્ણ પ્રક્રિયા ખરેખર જાણવા જેવી છે.

ૐ

પ્રથમ તો પરમાત્માનું જે સ્વરૂપ પધરાવવાનું હોય તે ચિત્રજીનું સૂક્ષ્માતિત ચિત્રકામ પોતાના જ સાંનિધ્યમાં ચિત્રકાર ભક્ત પાસે કરાવતા હતા. આ કાર્ય અહર્નિશ ચાલ્યા કરતું હતું. વળી તેમાં પણ સૂક્ષ્મતમ પવિત્રતા જાળવતા હતા. જ્યારે તે પૂર્ણ થાય ત્યારે ચિત્રજીને શુભ દિવસે, સારા મુહૂર્તમાં પૂજામાં પધરાવતા. પ્રભુશ્રી તે ચિત્રની જાતે જ નિત્ય સેવા-પૂજા, ધ્યાન કરતા હતા. જ્યારે તે સ્વરૂપ પૂર્ણ ચિન્મય બની જાય તે પ્રમાણે તેઓશ્રીને દર્શન થાય પછી જ ભક્તને ઘેર પધરાવતા હતા.

જે દિવસે અને સમયે પધરાવવાનું નક્કી થાય ત્યારે જે તે ભક્તને તે અગાઉથી જણાવતા હતા. શુભ મુહૂર્તમાં ચિત્રજીની આરતી કરવામાં આવતી અને પછી કોઈ ભક્તની મોટરમાં તે ચિન્મય ચિત્રજીને સુંદર પેટીમાં પધરાવી, પવિત્રતાપૂર્વક તે ભક્તને ઘરે લઈ જવામાં આવતા. **આમ ધૂન કરતા ભક્તો તે ચિત્રજી લઈને જતા હતા ત્યારે જાણે સાક્ષાત્ પરમાત્મા જઈ રહ્યા હોય તેવું દિવ્ય વાતાવરણ સર્જાતું.** આમ આ સમગ્ર પ્રક્રિયા એક નાના સરખા ઉત્સવ જેવી બની જતી હતી.

સ્થાનિક તેમજ બહારગામના અનેક ભક્તોને ત્યાં આવા ચિન્મય ચિત્રો પધરાવેલ હતા. વિશેષરૂપે તો ભગવાન શ્રીરામકૃષ્ણ દેવના ચિત્રજી ભક્તોને ઘેર પૂજામાં પધરાવતા હતા.

**ભક્તો સાથેનો આધ્યાત્મિક સંબંધ :**

પ્રભુશ્રી તેમના આ લઘુ-ભક્તવૃંદ સાથે કયા સ્વરૂપનો આધ્યાત્મિક સંબંધ રાખતા તે જાણવું આવશ્યક છે.

આગળ જોયું કે પ્રભુશ્રી તેમના ભક્તો સાથે કોઈ ગુરુ-શિષ્યના સંબંધે જોડાયેલા ન હતા. આમ છતાં તેમની ભૂમિકા એક અર્થમાં ગુરુથી પણ વિશેષ હતી. બ્રહ્મભાવે રહીને પ્રભુશ્રી ભક્તોનું સર્વાંગી ધ્યાન રાખતા. તેમને આધ્યાત્મિક

ૐ

ઉન્નતિ અર્થે આવશ્યક માર્ગદર્શન આપતા અને આવશ્યક સહાય પણ કરતા. ભક્તની જો પૂર્ણભાવે પ્રભુશ્રીમાં નિષ્ઠા હોય અને આધ્યાત્મિકતામાં આગળ વધવા પ્રબળ ઉત્કંઠા હોય તો પ્રભુશ્રીમાં રહેલ પરમાત્મા જ (પ્રભુશ્રીને) સીધા આદેશ દ્વારા ભક્ત અર્થે આવશ્યક તપસ્યા કરાવતા તથા અન્ય ક્રિયા-વિધિ પણ કરાવતા હતા, એ રીતે ભક્તના માર્ગમાં રહેલ અવરોધો દૂર કરતા હતા.

તેથી જ પ્રભુશ્રીએ કોઈ વખત પ્રસંગોચિત (યોગ્ય ભક્તને) કહેલું કે, **''અહીં આવ્યા પછી તમારા ગુરુનો આ (પોતાનામાં) સ્વરૂપમાં લય થઈ જાય છે.''**

પરંતુ પ્રભુશ્રીના આ મર્મ કથનને ત્યારે ભક્તો સમજી શક્યા ન હતા. ગર્ભિત રીતે તેઓશ્રીએ સ્પષ્ટ કહી દીધું હતું કે **અવતારી બ્રહ્મસ્વરૂપે તેઓશ્રી ભક્તના પરમગુરૂ રૂપે જ હતા. પરંતુ તેઓશ્રીને ગુરુપણું પસંદ ન હતું.** તેઓશ્રી ભક્તોમાં પૂજાવા કે તેમની કોઈપણ પ્રકારની સેવા લેવા ઇચ્છતા ન હતા. તેઓશ્રી તો જે પરમ સત્ય હોય એ જ સમજાવી દેતા અને તેઓશ્રી એ ગુરુરૂપે ક્યારેય કોઈ ભક્તની વસ્તુ (દક્ષિણા) કે અંગત કોઈ સેવા લીધી ન હતી. ઊલ્ટાનું ભક્તોને તેમના જન્મદિવસે કંઈક આધ્યાત્મિક ભેટ (પુસ્તક, વગેરે) આપતા હતા.

પ્રભુશ્રીએ ગુરુ વિષે સ્પષ્ટ કહ્યું હતું કે આજની ગુરુ પરંપરામાં સાધારણ ગુરુ અને સદ્‌ગુરુ વચ્ચે એક સ્પષ્ટ ભેદ રહેલો છે. સદ્‌ગુરુ મળવા ખરેખર મુશ્કેલ છે. સાચા આધ્યાત્મિક ગુરુ જ શિષ્યને બ્રહ્મજ્ઞાન આપી પરમાત્માને માર્ગે લઈ જઈ શકે છે. ગુરુ પણ વ્યક્તિના જન્મોજન્મના સમગ્ર કર્મો પોતાના પર લઈ ઇચ્છિત મોક્ષ અપાવી શકતા નથી. વ્યક્તિની પરમાત્માને માર્ગે જવાની પ્રબળ વ્યાકુળતા સાથેની શુદ્ધ આંતરનિષ્ઠા, શરણાગતી, આજ્ઞાંકિતતા, વગેરે સદ્‌ગુણો હોય તો જ સાચા ગુરુ આધ્યાત્મિક ઉન્નતિ કરાવી શકે છે. **વાસ્તવમાં સર્વ ગુરુઓના ગુરુ તો પરિબ્રહ્મ વિષ્ણુ-સ્વરૂપ દક્ષિણામૂર્તિ**

**શિવભગવાન જ છે. અને તેઓ જ બ્રહ્મજ્ઞાનના આદ્યસ્ત્રોત છે. સદ્ગુરુમાં તેમનો વાસ જ શિષ્યોને બ્રહ્મજ્ઞાન આપે છે.**

એટલે ''ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ,....'' એ શ્લોક અનુસાર શબ્દશઃ ગુરુ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન કે શિવભગવાન થઈ શકે જ નહીં. માત્ર ગુરુના સ્થાનનો મહિમા દર્શાવવા જ આ પ્રમાણે કહેવાયું છે. જે ગુરુ હોય તે પણ ભગવાન વિષ્ણુના આશ્રિત જ હોય ત્યારે તે સાક્ષાત્ વિષ્ણુ કઈ રીતે થઈ શકે ? તેથી ગુરૂનો સંબંધ જ્યાં સુધી પરમાત્મા સાથે રહેલો છે ત્યાં સુધી જ તેનું ગુરુપણું યથાર્થ છે. જ્યારે તે ગુરુ પરમાત્માની ભક્તિ છોડી માત્ર પૂજાવાની જ ઈચ્છા રાખે છે, ત્યારે તેના હૃદયમાં બ્રહ્મના સ્થાને માયાનો વાસ થઈ જાય છે. તેથી આવા ગુરુ વાસ્તવમાં માત્ર મોટા સમૂહ વચ્ચે રહીને પૂજાતા એક પ્રચારક બની જાય છે, અને તેને કારણે પરમાત્માને સ્થાને માત્ર ગુરુનો જ મહિમા વધી જાય છે. (ગુરુની મૂર્તિની જ પૂજા વિશેષ થાય છે.) પરિણામ સ્વરૂપ તેના આશ્રિતોને સાચો આધ્યાત્મિક લાભ થઈ શકતો નથી. તેથી જ પ્રભુશ્રીએ કહેલું કે, **''ગુરુરૂપે રહેલ સંતે પણ ભક્તિ છોડવી ન જોઈએ તેમજ તેણે સિદ્ધિઓથી પણ દૂર રહેવું જોઈએ.''**

આજના ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ મહદ્ અંશે 'લોભી ગુરુ અને લાલચું ચેલો' જેવો પરસ્પર સ્વાર્થમય હિતો પર ટકેલો છે. તેથી સાચા જિજ્ઞાસુ-સાધકે તો પરમાત્માને જ પોતાના ગુરુપદે સ્થાપી આગળ વધવું જોઈએ.

સંક્ષિપ્તમાં કહીએ તો પ્રભુશ્રીએ સમજાવેલ આ રહસ્ય જ્ઞાનને બહુ અલ્પ ભક્તો જ સમજી શક્યા હતા, અને તેથી તેમના માનેલા ગુરુ પ્રત્યેનો મમતભાવ છોડી શક્યા ન હતા. પરંતુ જે ભક્તોની પ્રભુશ્રી પ્રત્યે પરાત્પર ભાવે અનન્યતા, શરણાગતી, આજ્ઞાંકિતતા, નિષ્કામતા, વગેરે હતા, તેટલા અંશે તેમને આધ્યાત્મિક લાભ પણ વિશેષ થયેલ હતો.

ॐ

ઘણા ભક્તો પ્રભુશ્રી પાસે આવ્યા ત્યારે પ્રારંભમાં તેમને અનેક અલૌકિક અનુભવો થયેલા તેમજ આધ્યાત્મિક ઉન્નતિ પણ સારી થઈ હતી પરંતુ ઉપર્યુક્ત રીતે શ્રદ્ધા-નિષ્ઠાનું સાતત્ય જાળવી શકેલ ન હોવાથી આધ્યાત્મિકતામાં આગળ વધી શક્યા ન હતા.

પ્રભુશ્રીએ આવનાર દરેક ભક્તને તેમના ગુરુ, મંત્ર કે ઇષ્ટ સંબંધી અંગત માન્યતામાં સ્વતંત્ર જ રાખેલ હતા. તેમ છતાં હંમેશા તટસ્થ ભાવે સાચું આધ્યાત્મજ્ઞાન યોગ્ય ભક્તોને આપવાનું ચૂકતા નહીં.

આ પ્રમાણે પ્રભુશ્રી માત્ર સાધારણ ગુરુરૂપે ન રહેતા પરમ ગુરુની સર્વોત્તમ ભૂમિકામાં રહેલા હતા. અને એ ભૂમિકાએથી ભક્તોનું શક્ય તેટલું સર્વાંગી કલ્યાણ તેઓશ્રીએ કરેલ હતું. સંક્ષિપ્તમાં કહીએ તો તેઓશ્રી એ ભક્તોને જે કંઈ આપ્યું તેમાં આધ્યાત્મિકતાનું મૂલ્ય જ મુખ્ય છે તે વિસરાવું ન જોઈએ.

**પ્રભુશ્રીના આર્થિક વ્યવહારો :**

આગળ જોયા મુજબ પ્રભુશ્રીના જીવનમાં સત્યનું પાલન જ મુખ્ય હતું અને સત્યનો સંબંધ તેમના કાર્યમાં મુખ્યત્વે અર્થ (પૈસા) સાથે રહેલો હતો. તેથી પ્રભુશ્રીએ તેમના આવશ્યક વ્યવહારો ચલાવવા જે પાયાના ઉચ્ચ સિદ્ધાંતો નક્કી કરેલા તે પ્રમાણે જ આર્થિક વ્યવહારો પણ કરતા હતા. અને આ જ કારણસર તેમને ઘણીવાર સહન પણ કરવું પડ્યું હતું.

પ્રભુશ્રીએ પ્રથમ નિયમ એ રાખેલો કે જે સત્યનું પાલન કરે તેની જ આર્થિક સેવા સ્વીકારવી. અમેરિકાથી આવ્યા પછી ચૌદ વર્ષ સુધી તેમના કુટુંબીઓની સેવા આ પ્રમાણે સ્વીકારી હતી. કુટુંબ પ્રત્યેના તેમના ઋણાનુબંધ અનુસાર સત્ય પાળતા કુટુંબીજનોના રૂપિયા સ્વીકારતા હતા.

પરંતુ રાજકોટ 'શ્યામલ'માં પધાર્યા પછી એક સ્વતંત્ર મકાનમાં પ્રભુશ્રી અને તેમના મર્યાદિત ભક્ત પરિવારનો આર્થિક નિભાવ કઠિન બન્યો હતો. અખંડધૂનના

ૐ

(ઈ.સ. ૧૯૭૫) પ્રારંભ પછી આઠ-દસ [૧] ભક્તો સાથે રહેતા હતા. આ ઉપરાંત કાર્ય અર્થે બીજા ભક્તો પણ આવતા રહેતા. આ બધાના ભોજનનો ખર્ચ, વધુમાં લેખન કાર્ય અર્થે ખર્ચ, સેવા-પૂજા તથા બીજા અનેક આકસ્મિક ખર્ચાઓ થતા હતા.

પ્રભુશ્રીને સત્ય પાળતા અને નિયમિત સહાય કરતા કુટુંબના સભ્યો [૨] મર્યાદિત હતા. તેથી તેઓશ્રીએ સત્ય પાળતા ભક્તો પાસેથી રકમ લેવાનું નક્કી કર્યું. પરંતુ તેઓશ્રી ભક્તોની આર્થિક સહાય માત્ર ઉધાર રકમ તરીકે જ લેતા હતા. વળી તે સાથે એ પણ નિયમ રાખેલો કે ભક્તની આર્થિક સ્થિતિ સધ્ધર હોય અને આપવા માટે પૂર્ણ ભાવ હોય તો જ તેની રકમ સ્વીકારતા હતા. આ કારણે નિયમિત સહાય કરી શકે તેવા ભક્તો પણ મર્યાદિત રહેતા હતા. જ્યારે ખર્ચની માત્રા દિનપ્રતિદિન વધતી જતી હતી.

તેમને ઘણા ધનાઢ્ય વ્યક્તિઓ કોરો ચેક આપવા તૈયાર હતા. પણ પ્રભુશ્રીએ પાયાના સત્યના સિધ્ધાંતને ભોગે એ સ્વીકાર્ય કરેલ નહીં. આવી વ્યક્તિઓને પણ પ્રભુશ્રી જીવનમાં સત્ય પાળવા સમજાવતાં અને કહેતા કે, ''સત્ય પાળવાથી આવક ઘટી જાય તો પણ વ્યવહાર સારી રીતે ચાલતો હોય તો જીવનમાં સત્ય જ પાળવું જોઈએ. અસત્યનું ધન કોઈ ધાર્મિક-કાર્યમાં લેનાર અને આપનારનું આધ્યાત્મિક શ્રેય કરી શકતું નથી. લેનારે તે માટે તપ-પ્રાયશ્ચિત દ્વારા તેને શુદ્ધ કરવું પડે છે. અથવા તે ધનરૂપી કર્મ લેવા જ પડે છે.'' અને તેથી જ કોઈ કોઈ ઉચ્ચ કોટિના ભક્તને કહેતા પણ ખરા કે, 'અડધો રોટલો ખાઈને પણ સત્ય પાળવું જોઈએ.'

પ્રભુશ્રીએ સત્યયુગ સંસ્થાપનના કાર્યમાં થતા ખર્ચના નિભાવ અર્થે નિયમિત સત્યની આવક અર્થે સત્ય આધારિત ધંધો-ઉદ્યોગ સ્થાપવા ઘણો જ

૧)પ્રભુશ્રી સાથે રહેતા દરેક ભક્તો ત્યાગી ન હતા. તેમાનાં ઘણાને આવશ્યકતાનુસાર નોકરી કે અભ્યાસ કરવો પડતો હતો. તેમજ ચાર-પાંચ ગૃહસ્થ ભક્તો નિયમિત સેવાર્થે આવતા રહેતા હતા.

૨)પ્રભુશ્રીને નિયમિત થોડી રકમ શ્રી મહેશભાઈ (U.S.A.) મોકલતા હતા. પરંતુ તેમની ઘણી મર્યાદા હતી. શ્રી વલ્લભદાસભાઈ તરફથી પણ સેવા-સામગ્રી પહોંચાડવામાં આવતી હતી. આમ છતાં 'શ્યામલ'ના વ્યવહારો ચલાવવા આ બધું અપર્યાપ્ત હતું.

ૐ

પ્રયત્ન કર્યો હતો. (ભક્ત શ્રી કરસનદાસભાઈ રાઠોડ સાથેનો સમગ્ર પત્રવ્યવહાર તેની સાક્ષીરૂપે છે.) પરંતુ અનેકવિધ કારણસર તેમાં સફળતા મળી ન હતી.

સારાંશમાં કહીએ તો એમણે ઉધાર લીધેલ સમગ્ર રકમ ચૂકવાઇ ગઇ હતી. પરમ પ્રભુશ્રીએ તેમના જીવનમાં આર્થિક પ્રશ્ને સંપૂર્ણ સત્યનું પાલન કર્યું હતું. જો કે આ બધું વિગતવાર એક જુદા પ્રકરણ દ્વારા સમજાવી શકાય તેમ છે જે અત્રે અપ્રસ્તુત છે.

**વિવિધ દર્શનાર્થીઓ :**

પ્રભુશ્રીના દર્શનાર્થે સમાજના વિવિધ વર્ગોમાંથી અનેક વ્યક્તિઓ આવેલી હતી. તેમાંથી કેટલાક તેમના ભક્તો પણ બની ગયેલા અને પ્રભુશ્રીના શ્રીચરણોમાં દર્શનાર્થે અવારનવાર આવતા રહેતા.


તેમના દર્શનાર્થે આવનાર વ્યક્તિઓમાં સામાજિક અગ્રણીઓ, રાજકારણીઓ, સમાજસેવકો, ઉદ્યોગપતિઓ, પત્રકારો, ડૉક્ટરો, વકીલો, પ્રોફેસરો, વગેરે, હતા. પ્રભુશ્રી આ દરેકનો સમભાવે આદર-સત્કાર કરતા હતા. તેમની સમક્ષ આ બધા એક સરખા આસન પર બેસતા અને દરેકને એક સરખો જ પ્રસાદ આપવામાં આવતો. (પ્રસાદ લીધા બાદ દરેકે તેમનો થાળી-વાટકો જાતે જ સાફ કરવાનો રહેતો હતો.)

સંતો, ભક્તો, સંન્યાસીઓ તથા બ્રાહ્મણો પ્રત્યે પ્રભુશ્રીને વિશેષ આદરભાવ હતો. આવી વ્યક્તિઓ પધારે ત્યારે પ્રભુશ્રી સ્વયં તેમને આસન પાથરી આપતા તેમજ તેમના માટે ચા-પ્રસાદ વગેરે લઈ આવતા હતા. તેમને જોઈતી વસ્તુઓ કપડા-વાસણ પણ મંગાવી આપતા હતા. કોઈ દુઃખી બ્રાહ્મણ કે અન્યને ગુપ્ત રીતે મદદ પહોંચાડતા હતા. તેવી જ રીતે દ્વાર પર આવેલ કોઈ યાચકને ખાલી હાથે પરત જવા દેતા નહીં.

પ્રભુશ્રીના સંપર્કમાં આવેલ અનેક સંત-ભક્ત કક્ષાની વ્યક્તિઓમાં કેટલીક ઉલ્લેખનીય છે, તેમાંથી જે સ્મૃતિમાં છે તેવા સંતોનું પરિચય દર્શન કરીએ.

ૐ

## શ્રી મૌની મહારાજ (ભાવનગર) :


બ્રહ્મસ્વરૂપ સંતશ્રી હરિહરમુનિ મહારાજ (ભાવનગર)

ભાવનગરના આ સંત પ્રભુશ્રી પ્રત્યે ખૂબ જ ઊંચો પૂજ્યભાવ રાખતા હતા. બાળક જેવા સરળ સ્વભાવના આ સંત જ્યારે 'શ્યામલ' આવતા ત્યારે પ્રભુશ્રીને જોતા જ ભેટી પડતા હતા. એવી જ રીતે પ્રભુશ્રીને પણ તેમના પ્રત્યે એટલો પ્રેમ હતો કે તેઓ જ્યારે બીમાર પડેલ ત્યારે પ્રભુશ્રી તેમની તબીયત પૂછવા જાતે જ ભાવનગર પધાર્યા હતા. આમ તો પ્રભુશ્રી ક્યાંય આ રીતે બહાર નીકળતા નહીં, છતાં મૌની મહારાજ પ્રત્યેના વિશેષ સ્નેહભાવને કારણે આ શક્ય બન્યું હતું.

શ્રી મૌની મહારાજના પત્રો લઈ તેમના ભક્તો પ્રભુશ્રી પાસે આવતા. તેમાં તેઓશ્રી લખતા કે, **''તેમને નિત્ય વહેલી સવારે ભગવાન શ્રીરામકૃષ્ણ રૂપે પ્રભુશ્રીના દર્શન થાય છે.''**

પ્રભુશ્રીએ તેમને આધ્યાત્મિક સૂચનો કરેલા હતા. લોકોને ચરણસ્પર્શ કરવા દેવાની ના પાડી હતી. આનુ કારણ એ હતુ કે મૌની મહારાજનો અતિ સરળ સ્વભાવ હોવાથી તેમને ભક્તના ચરણસ્પર્શથી ઘણું સહન કરવું પડતું હતું.*

*પૂજ્ય પ્રભુશ્રીએ આ વિષે સમજાવ્યું હતું કે કોઈપણ સંત પાસે જઈએ ત્યારે તેને ચરણસ્પર્શ કરવો જોઈએ નહીં. આથી એ સંતમાં સ્પર્શ કરનારનું તમસ્–અપવિત્રતા પ્રવેશી જાય છે. જેથી સંતને તે ભોગવીને કે તપથી શુદ્ધ કરવું પડે છે. એવી જ રીતે જો સંત ખોટા હોય કે અવિદ્યાના ઉપાસક હોય તો તેની મલીનતા–તમસ વગેરે ચરણ સ્પર્શ કરનાર વ્યક્તિને સ્પર્શે છે. આથી કોઈપણ સંત–ભક્તને થોડા દૂરથી એ ભાવે પ્રણામ કરવા કે જો તેના હૃદયમાં ઈશ્વર હોય તો તેને પ્રણામ કરું છું. તેથી જો ખોટા સંતને પ્રણામ થઈ જાય તો પણ નુકસાન થશે નહીં.

ૐ

**શ્રી રણછોડદાસજી મહારાજ :**

પ્રભુશ્રી જ્યારે ભનજી ભાણજીની વાડીમાં (જામનગર)તપોસાધના કરતા ત્યારે શ્રી રણછોડદાસબાપુ ત્યાં ઘણી વાર પધારેલા હતા. પ્રભુશ્રીની બાજુની જ જગ્યામાં શ્રી રણછોડદાસબાપુએ અગાઉ કાષ્ટમૌનની સાધના કરેલી હતી, અને તેથી ત્યાં નાનું મંદિર બનાવેલ હતું. અહીં જ્યારે આવતા ત્યારે લગભગ પ્રભુશ્રીને મળતા પણ હતા. તેમની સાથે ઘણો વાર્તાલાપ પણ થતો હતો. શ્રીરણછોડદાસબાપુએ કોઈને એક વખત કહેલું કે, **ये (प्रभुश्री) छुपा हुआ लाल है ।**

**શ્રી પ્રેમભિક્ષુક મહારાજ :**

અખંડધૂનના પ્રણેતા શ્રી પ્રેમભિક્ષુક મહારાજ પણ વાડીએ (જામનગર) પધારેલ હતા. જ્યારે તેઓ પધાર્યા ત્યારે જ એવું બન્યું કે ઓરડામાં એક મોટો કાળોતરો (કોબ્રા) નાગ આવી ચડ્યો. પ્રભુશ્રીએ તેમને અભય રહેવા કહ્યું અને થોડીવાર પછી નાગ ત્યાંથી જતો રહ્યો હતો. પછીથી અખંડધૂન વિષે રસપ્રદ વાર્તાલાપ થયો હતો.(આ કોબ્રા નાગ અવારનવાર ત્યાં આવી જતો હતો. ઘણા ભક્તોએ જોયેલો હતો.)

**શ્રી યોગીજી મહારાજ (શ્રી સ્વામીનારાયણ સંપ્રદાય) :**

બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના વંદનીય સંતશ્રી યોગીજી મહારાજ તેમના સંતો સાથે વાડીએ (જામનગર) પધારેલા હતા. પ્રભુશ્રી સાથે તેમનો ઘણો સત્સંગ પણ થયો હતો.

**શ્રી સતી માતાજી (ધનકુંવરબાઈ સ્વામી) :**

જામનગરના આ જૈન તપસ્વીની શ્રી સતી માતાજી ઘણી જ ઊંચી આધ્યાત્મિક અવસ્થાએ પહોંચ્યા હતાં. તેમના દર્શને ઘણા જૈન તથા જૈનેતર લોકો આવતા રહેતા. તેઓ ક્ષત્રિય વંશના હોવાથી તેમની વાણી ધારદાર અને કાવ્યાત્મક

હતી. જે પણ સત્ય હોય તે નિર્ભયતાથી કહી દેતા હતા.

પ્રભુશ્રીના દર્શન માટે તેઓ અત્યંત ઉત્કંઠા ધરાવતા હતા. પણ પ્રભુશ્રીને બહેનોના દર્શનની સૈદ્ધાંતિક મર્યાદા હોવાને કારણે દર્શન કરી શક્યા ન હતા. તેથી ભક્ત શ્રી બચુભાઈ દ્વારા સતીમા પ્રભુશ્રીને પ્રણામ કહેવડાવતા હતા.

પ્રભુશ્રીના સ્વધામ પ્રયાણ પછી તેમના ભક્તો જ્યારે સતીમા પાસે ગયેલા ત્યારે એમની સાથે ઘણો સત્સંગ થયો હતો. સતીમા એ જણાવેલ કે ''પ્રભુશ્રીના દર્શન તો દુર્લભ હતા. તેમના પ્રત્યક્ષ દર્શન કરનારા ખરેખર ભાગ્યશાળી છે. **તેમણે તપ દ્વારા લોહીમાંસ તો રહેવા દીધા ન હતા પણ હાડકાયે ગાળી નાખ્યા હતા !** તેઓ સાક્ષાત્ રામકૃષ્ણ પરમહંસ જ હતા.'' વધુમાં સતીમાએ જણાવેલ કે પ્રભુશ્રીએ તેમને પણ એક પ્રાણઘાતક અકસ્માતમાંથી ઉગારી લીધા હતા.

**શ્રીહરિરામ બાપા :**

જસદણના આ સંત ઘણા જ સરળ સ્વભાવના હતા તેઓ કોઈ કોઈ વખત 'શ્યામલ' પ્રભુશ્રીના દર્શને આવતા હતા. પ્રભુશ્રી તેમનો સ્નેહપૂર્વક આદરસત્કાર કરતા તેમજ પ્રસાદ લેવડાવતા હતા. જસદણમાં તેમનું સુંદરકાંડના પાઠ અને અન્નક્ષેત્રનું મુખ્ય કાર્ય હતું. સહજ પૂજ્યભાવથી ઘણા લોકો તેમને જસદણના જલારામ બાપા કહેતા હતા.

**શ્રી કુટી મહારાજ :**

વિનોબાભાવેના પટ્ટશિષ્ય શ્રી કુટી મહારાજે વર્ષો સુધી તેમની સાથે રહીને ભૂદાન સેવાનું કાર્ય કર્યું હતું. તેઓ બંને હાથે લકવાગ્રસ્ત હતા, છતાં તેમનું મનોબળ ખૂબ જ દઢ હતું. વયોવૃદ્ધ થવા છતાં મહારાજ પ્રવૃત્તિશીલ રહેતા હતા. રાષ્ટ્રીય શાળામાં ઉતરેલા ત્યારે નિત્ય સાંજે પ્રભુશ્રીના દર્શને આવતા હતા. ફળાહારનો પ્રસાદ લીધા પછી પ્રભુશ્રી સાથે અંગ્રેજીમાં ઘણો સમય જ્ઞાન-ચર્ચા કરતા હતા. તેઓ સ્વભાવે ઘણા જ સરળ હતા.

ૐ

પવનાર (વર્ધા) મુકામે તેમના આશ્રમે પ્રભુશ્રીના ભક્ત ગયેલા ત્યારે પ્રભુશ્રીને ખાસ યાદ કરી હૃદયનો ભાવ પ્રગટ કરેલો હતો. તેઓ દક્ષિણના એક સંત તરીકે પ્રખ્યાત હતા.

**શ્રી નારાયણ સ્વામી :**

આ વંદનીય સંત ચાણોદ પાસેની જગ્યા (યમહાસ)માં રહીને નિત્ય ૨૨ કલાક જપ કરતાં અને માત્ર બે કલાક જ આરામ કરતા હતા. આ પ્રમાણે ત્રણ વર્ષ છ મહિના અને ચોવીસ દિવસ પછી તેમને ખુલી આંખે શ્રીવિષ્ણુ પરમાત્માનો સાક્ષાત્કાર થયો હતો અને ભગવાને તેમને બદ્રીનાથ જવાની આજ્ઞા કરેલી હતી. શ્રી નારાયણ સ્વામીનો ઉપદેશ સંક્ષિપ્તમાં પ્રગટ થયો હતો. પ્રભુશ્રી તેમનું આવું પવિત્ર જીવન જાણી પ્રત્યક્ષ તેમને દર્શન આપવા હરિદ્વાર ગયા હતા. આ ઉપરાંત પ્રભુશ્રીએ આ સંતના જીવન ઉપદેશમાંથી લોકોને પ્રેરણા મળે તે હેતુથી 'એક સંતનો અનુભવ' પુસ્તિકા છપાવીને વહેંચી હતી.

આમ પ્રભુશ્રી ઉચ્ચકોટિના સંતો-ભક્તોના પરોક્ષ કે પ્રત્યક્ષરૂપે સંપર્કમાં આવેલા હતા. વળી પોતાના ભક્તોને તેમના વિષે ઘણી વાતો પણ કરતા હતા. શ્રીડોંગરેજી મહારાજ, શ્રીમધુસુદન મહારાજ (નારાયણ સરોવર), શ્રી સંતદાસજી મહારાજ (ગિરનાર) વિષે તેમણે ભક્તો સાથે વાતો કરી હતી.

પ્રસંગોચિત કોઈ ઉપદેશની વાત કરતા હોય ત્યારે પણ ભૂતકાળના અનેક સંતો-ભક્તોને યાદ કરતા હતા. જેમકે જપ વિષેનો આદર્શ બતાવવો હોય તો દક્ષિણભારતના ભક્ત કવિ અને સંગીતકાર શ્રીત્યાગરાજનું ઉદાહરણ આપતા. કોઈ ટેક વિષે કહેવું હોય તો ભક્ત બોડાણાની વાત કરતા. સરળતા વિષે કહેવું હોય તો શ્રીરામકૃષ્ણ ભગવાનના ભક્ત શ્રીનાગ મહાશયનું દ્રષ્ટાંત આપતા હતા. આમ પ્રભુશ્રીના ઉપદેશમાં ઘણા સંતો-ભક્તો વિષે વિશેષ જાણવા મળતું હતું. પ્રભુશ્રીએ સંતો વિષે કહેલું કે, **'સંતો પૃથ્વી પર**

**માનવતાના અર્કરૂપ છે.'**

સારાંશમાં કહીએ તો પ્રભુશ્રીનું આ કથન અતિ મનનીય, ચિંતનીય અને સ્મરણીય છે **''પરમાત્મા પૂજનીય છે, સંતો વંદનીય છે અને વડીલો આદરણીય છે.''** સંતો-ભક્તોની ભક્તિ પરમાત્માના સ્થાને કરવી ઉચિત નથી. પૂજા તો પરમાત્માની જ થવી જોઈએ. સંતોને પણ ઉચિત આદર-સન્માન આપી તેમનું ગૌરવ જાળવવું જોઈએ. તેમની યોગ્ય સેવા પણ કરવી જોઈએ.

**ભક્તોના સંબંધમાં સહનશીલતા :**

'શ્યામલ'માં પ્રભુશ્રી દીર્ઘ સમય રહ્યા તે દરમ્યાન ભક્તોના સંબંધમાં તેમને સહન પણ ઘણું કરવું પડ્યું હતું. ભક્તોની 'સકામતા' એટલે કે દુન્યવી આકાંક્ષાઓને કારણે તેમને ઘણું સહન કરવાનું થતું હતું. પ્રભુશ્રીની સહજ કરુણા અને કૃતજ્ઞતાને કારણે તેમની નજીકના ભક્તોની સકામતા (દુન્યવી આકાંક્ષાઓ) પરિપૂર્ણ કરવા તેમને વિશેષ તપ કરવું પડતું હતું. તેથી જ ભક્તોને નિષ્કામતાનો બોધ તેઓશ્રી હંમેશા આપતા. 'શ્યામલ'ના પૂજાખંડમાં પ્રવેશતા જ સામે ભીંત પર 'નિષ્કામતા'નું સૂત્ર મુકાવ્યું હતું.

માનવ સહજ નિર્બળ પ્રકૃતિના ભક્તોનો અવિદ્યા-માયાશક્તિ લાભ લઈ પરસ્પર દ્વેષ, વિવાદ કે સંઘર્ષ ઊભા કરી પ્રભુશ્રીના દિવ્ય અવતારી કાર્યમાં અવારનવાર અંતરાય ઊભો કરતા હતા. જો કે પ્રભુશ્રી તો ક્ષમાશીલ અને કરુણાના સાગર હતા આથી તેમણે અંતરંગ ભક્તોનું કર્તવ્ય વિષે ખુલ્લો પત્ર ભક્તોને લખી તેમાં વિસ્તૃત રીતે નિષ્કામતા તથા અન્ય અવતારત્વની જ્ઞાન-સમજ આપી હતી.

સંક્ષિપ્તમાં કહીએ **તો સત્-આધ્યાત્મિક વિભૂતિઓ સામે સમગ્ર વિશ્વના મલિન-આસુરિક પરિબળો સ્થૂળ કે સૂક્ષ્મરૂપે લડતા જ હોય છે. અને આવી સ્થિતિમાં તેમનું પવિત્ર તપ તથા અંતરંગ ભક્તોની અનન્ય નિષ્ઠા જ આ મહાન વિભૂતિઓનું રક્ષણ કરી શકે છે.**

## પ્રભુશ્રીના ઈષ્ટ બાળસ્વરૂપ
## રામલાલા શ્રીહરિ



**સરયુ તીરે, સ્તુન્વન્ નીરે, વ્યુષિત અયોધ્યા ધામ;**
**આદિત્ય-ભવને, આનંદ-વદને, ખેલે ચિદ્‌ઘન રામ!**
**ચલો રે મન સાંકેતપુરી ધામ;**
**નીરખવા ઉદિત ચૈતન્ય રામ!**

ૐ

**જેમનું હૃદય શુદ્ધ છે, મન ખુલ્લું છે અને ઈશ્વર દર્શનની પ્રબળ ઉત્કંઠા છે તેઓ જ ઈશ્વર અવતારને ઓળખી શકે છે.**

પ્રકરણ - ૬

# જુદી જુદી ભાવમય અવસ્થાઓ

પૂ. પ્રભુશ્રીને યથાર્થ સ્વરૂપે સમજવા તેમના જીવનના બાહ્ય ક્રિયાત્મક વ્યવહારોની પાછળ રહેલ આંતર ભાવોને સમજવા એટલા જ જરૂરી છે. તેમની આંતર ભૂમિકાના ઊંડાણપૂર્વકના અભ્યાસથી જોઈ શકાય છે કે તેઓશ્રી જુદાજુદા ચાર ભાવોમાં સ્થિત રહેતા હતા. આ ચારે ભાવો વિષે તેઓશ્રીએ જ જુદા જુદા સમયે, તેને સમર્થન આપતી વાતો કરેલી હતી. તેને આધારે આપણે તેમનામાં રહેલ ભાવોનું સમ્યક્દર્શન કરશું.

અવતારી બ્રહ્મ સ્વરૂપે તેમની વિશિષ્ટતા એ હતી કે તેઓ અંગત રીતે આ ભાવોને જીવનમાં ધારણ કરીને તેમના વ્યવહારો કરતા હતા. એટલે તેઓશ્રીનો પરમાત્મા તથા લોકો સાથેનો સંબંધ તેમજ વ્યક્તિગત આચરણના ક્રિયા-કાર્યો આ ચોક્કસ ભાવોને અનુરૂપ હતા. આ રીતે તેમની જીવનલીલામાં બ્રહ્મભાવ, ઋષિભાવ, ભક્તભાવ તથા માનવભાવ મુખ્યત્વે જોવા મળતા હતા.

**૧. બ્રહ્મભાવ :**

'બ્રહ્મભાવ'એ પ્રભુશ્રીનો મુખ્ય ભાવ હતો. આ ભાવે રહેવાનો તેમને પરમાત્માનો આદેશ રાજકોટમાં 'નવલકુટીર'માં તેઓશ્રી સાધના કરતા તે દરમ્યાન મળ્યો હતો. ત્યાર પછી તેઓશ્રી આ ભાવને અનુસરી રહેતા હતા તેમજ સ્વસ્વરૂપની આરતી ઉતરાવતા હતા.

તેમના 'બ્રહ્મભાવ'ને સરળતાથી સમજવો થોડો કઠિન છે. તે માટે તેમની

ૐ

પરબ્રહ્મ પરમાત્મા સાથેના વિશિષ્ટ સંબંધની ભૂમિકાને સમજવી જરૂરી છે.



પ્રભુશ્રીને અમેરિકામાં તેમના સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થયો હતો ત્યારે પરમાત્માએ તેમના પ્રાગટ્યનું વિશિષ્ટ પ્રયોજન તેમને સ્પષ્ટ રીતે જણાવ્યું હતું. **આ સાથે વિવિધ આધ્યાત્મિક અનુભૂતિઓ દ્વારા સ્પષ્ટ પ્રતીતિ કરાવી હતી કે તેમનું સ્વરૂપ એ સ્વયં પોતાનું (પરમાત્માનું) સ્વરૂપ છે. એટલે કે 'તમે' અને 'હું' બંને એક જ સ્વરૂપ છીએ તેમ સમજાવ્યું હતું.** ત્યાર પછી પ્રભુશ્રીએ તેમના ચાર વર્ષના પરિશ્રમના અંતે તૈયાર કરેલ પીએચ.ડી.નો મહાનિબંધ જળમાં પધરાવી દીધો હતો અને અકલ્પનીય કષ્ટમય તપોસાધનાનો પ્રારંભ કર્યો હતો. એ સાધના પછી પ્રભુશ્રીનું સંપૂર્ણ ઐક્ય પરમાત્મા સાથે સ્થાપિત થઈ ચૂકેલ હતું.

ભારત પરત આવ્યા પછી તેઓશ્રી તેમની ખાસ અંગત વ્યક્તિઓ સિવાય પોતાના સ્વરૂપ વિષે કોઇને જણાવતા નહીં. પત્ર વ્યવહાર કરતા તેમાં પણ માત્ર 'આત્મન્' એટલે કે એક આત્મા સ્વરૂપે જ પોતાને સંબોધિત કરીને લખતા હતા.

હવે જ્યારે 'નવલકુટિર'માં પરમાત્માનો બ્રહ્મભાવે રહેવાનો આદેશ મળ્યો ત્યારે તેને સંપૂર્ણ અનુસરવું સહજ અને અનિવાર્ય હતું. 'શ્યામલ' માં પધાર્યા પછી તેમની 'બ્રહ્મભાવે' રહેલી ભૂમિકા તેમના પ્રત્યેક વ્યવહારમાં સ્પષ્ટપણે જોઈ

શકાતી હતી. તેમને સાધારણ ક્રમમાં કરાતી તપસ્યા કરતા પણ ઘણી વધારે તપસ્યા કરવી પડતી હતી. તેમના શરીર-મનને સંપૂર્ણ પવિત્ર સ્થિતિમાં જ રાખવા પડતા હતા, અને તેને કારણે કોઈપણના સ્પર્શ માત્રથી સ્નાન કરવું પડતું હતું. કોઈ દુર્ગંધ આવી જતી તો પણ સ્નાન કરવું પડતું હતું. કોઈપણના ઉપયોગમાં લેવાયેલી વસ્તુ તેમના માટે ઉપયોગમાં લઈ શકાતી નહીં તેથી તેમની રોજિંદી વપરાશની વસ્તુઓ અલાયદી રાખવી પડતી હતી.[૧]

બીમારી કે ઉપવાસની અસહ્ય નબળાઈમાં પણ કોઈની સેવા લઈ શકતા નહીં. સ્વઅર્થેના સમગ્ર કાર્યો જાતે જ કરતા હતા. આ પ્રમાણે બ્રહ્મભાવે રહેવામાં તેમને અનેકવિધ રીતે સહન કરવું પડતું હતું. તેમનામાં રહેલા બ્રહ્મ સાથે સ્વસ્વરૂપનું ઐકય વ્યવહારમાં પણ પૂર્ણપણે જાળવવું પડતું હતું.

**તેમની ભક્તિમય ક્રિયાઓમાં સ્પષ્ટ દર્શન થતું કે તેમનામાં અખંડપણે રહેલ સચ્ચિદાનંદ પરમાત્મા (શ્રીરામલાલા) નિત્ય લીલાઓ કરતા હતા. આ સ્વરૂપ તેમને સહાય કરતું, માર્ગદર્શન આપતું અને અને દર્શનો થકી ભવિષ્યની પ્રેરણા પણ આપતું હતું. આ સ્વરૂપની જ નિત્ય આરતી થતી હતી અને તે પણ માત્ર પવિત્ર (બ્રહ્મચર્ય પાળતી) વ્યક્તિ દ્વારા જ કરી શકાતી હતી.**[૨]

આરતી દરમ્યાન  પ્રભુશ્રીને અગરબત્તી કે પુષ્પના હારની સુગંધ માત્રને મનથી દૂર રાખવી પડતી હતી. જાગૃતતા રાખવા છતાં તેમનાથી સુગંધ લેવાઈ ગયાનું લાગે તો બીજી અગરબત્તી પ્રગટાવવા જણાવતા આમ ઘણી બાબતોમાં અંદરના દિવ્યસ્વરૂપને સ્વીકાર્ય ન બને તો તે ક્રિયા પુનઃ પુનઃ કરવાની થતી...

૧)સંહિતામાં લખ્યા પ્રમાણે તો તેમની દર્ભની સાદડીને કોઈના પગનો સ્પર્શ થઈ જાય તો તે નહીં વાપરવાનું સૂચન હતું. એવી જ રીતે પ્રભુશ્રીને વપરાશની વસ્તુમાં કોઈનો ઈચ્છા ભાવ આવી જાય તો પણ તેનું વિસર્જન કરી દેવું પડતું હતું. ટૂંકમાં બીજાથી ઉપયોગ કરાયેલ વસ્તુ સ્વઅર્થે વાપરી શકાતી નહીં.

૨)'શ્યામલ'માં પધાર્યા પછી અમુક સમયે આરતી માત્ર બ્રહ્મચારી જ કરી શકતા હતા.

ૐ

હતી. આમ સમગ્ર આરતી દરમ્યાન પ્રભુશ્રીના અંદર રહેલા બ્રહ્મ સ્વરૂપની આરતી થઈ રહેલ છે તેનું સ્વયં પ્રભુશ્રી ધ્યાન રાખતા હતા.

બ્રહ્મ ભાવે તેમના સ્થૂળ સ્વરૂપની મર્યાદા સહજ જ રાખવાની રહેતી હતી. પ્રાકૃતભાવે કોઈ ભક્તથી મર્યાદા લોપ થતા તેમને યોગ્ય સૂચન કરવું પડતું અને કદાચ જો પ્રભુશ્રી આવી નાની બાબતોમાં ઉપેક્ષા સેવે તો તરત જ અંદરનું બ્રહ્મ સ્વરૂપ ધ્યાન દોરતું હતું. **પ્રભુશ્રીની વ્યવહારિક કાર્યોમાં થતી કોઈપણ ભૂલ માટે અંદરનું સ્વરૂપ તેમને સતતપણે જાગૃત રાખતું હતું.**

**આવી રીતે પ્રભુશ્રીના દિવ્ય વ્યક્તિત્વમાં સ્થૂળ અને પરા બંને સ્વરૂપના દર્શન થતા હતા.** પ્રકૃતિના આશ્રયે ધારણ કરેલ શરીર, મન અને બુદ્ધિ વાસ્તવમાં પૂર્ણ રીતે પરાત્પર પરમાત્મા સાથે જ જોડાયેલા હતા. તેમને પોતાનું વ્યક્તિગત અહમ્‌થી ઉદ્‌ભવતું વ્યક્તિત્વ જ ન હતું. છતાં દુન્યવી વ્યવહારો અર્થે માનવીય ભૂમિકામાં પણ આવશયકતાનુસાર રહેતા હતા. તેમના સ્થૂળ અને આંતરિક દિવ્ય સ્વરૂપને સમજવા એક દૃષ્ટાંત જોઈએ –

એક વખત કોઈ ભક્તને બહારગામ જવાનું થતાં પ્રભુશ્રી પાસે રજા લેવા આવ્યા. ભક્તે પ્રણામ કર્યા પછી પ્રભુશ્રીએ કહ્યું, ''ન જાવ તો સારું!'' પરંતુ ભક્તે જ્યારે રજા આપવા ભારપૂર્વક આગ્રહ કર્યો ત્યારે પ્રભુશ્રીએ કહ્યું, ''(મને) અંદરથી કહેવામાં આવ્યું છે તે તમોને જણાવું છું. જવું કે ન જવું તે તમારી ઈચ્છા પર છોડું છું.'' અંતે ભક્તે ન જવાનું સ્વીકાર્યું.

ઉપર્યુક્ત પ્રસંગ પરથી સ્પષ્ટ થાય છે કે સ્થૂળ સ્વરૂપે તો તેઓ તટસ્થ જ રહ્યા હતા. માત્ર અંદરના દિવ્ય સ્વરૂપે જ જવાની ના કહી હતી. વધુ ઊંડાણથી વિચારીએ તો સમજાય કે તે દિવ્ય સ્વરૂપ જ જાણતું હતું કે તે ભક્તે તે સમયે જવું યોગ્ય નથી. આમ ઘણા પ્રસંગોમાં પ્રભુશ્રીથી અજ્ઞાતપણે બનેલી ઘટનાઓમાં તેમના દિવ્ય પરાત્પર બ્રહ્મસ્વરૂપે જ પ્રભુશ્રીના સ્વરૂપે દર્શન

ૐ

આપેલ અને ભક્તોને મદદ કરેલ હતી. વાસ્તવમાં આ બંને સ્વરૂપો એક જ હતા, એકમેકથી અભિન્ન હતા.

સામાન્ય માનવ સંસર્ગથી ઉદ્ભવતા કર્મોનું વિમોચન તેમને તપસ્યા દ્વારા જ કરવાનું રહેતું હતું. કરુણા કે કૃતજ્ઞતાથી કોઈનું દુઃખ દૂર કરવા ઇચ્છે તો તેમના જ શરીર-મનને તે ભોગવવાના થતા હતા. આમ તેમનામાં રહેલ પરમાત્મા પ્રભુશ્રીને (કર્મો શુદ્ધ કરવામાં) સીધી રીતે મદદરૂપ થઇ શકતા નહીં અને તેથી જ અવતારી બ્રહ્મપુરુષ દ્વારા નિષ્કામતાનું જ્ઞાન આપવા છતાં અન્યોની સકામતાને કારણે અકલ્પ્ય કષ્ટ સહન કરવું પડે છે. લોકોમાં એક પ્રચલિત માન્યતા એવી છે કે બ્રહ્મપુરુષો ઈચ્છે તે પ્રમાણે બધું કરી શકે છે, પરંતુ એ સંપૂર્ણ સત્ય નથી.

**પ્રભુશ્રીને સામાન્ય વ્યવહારમાં કે તેમના કાર્ય-પ્રયોજનમાં તેમનું અધ્યાત્મ જ્ઞાન તથા તપસ્યા જ આધારરૂપ હતા.** પરમાત્મા જે તે પરિસ્થિતિમાં તેમને આદેશ આપતા હતા, પરંતુ પ્રભુશ્રી તો માત્ર તેમને પ્રાર્થના જ કરી શકતા હતા. જો કે પ્રાર્થના થકી જ પ્રભુશ્રીએ મહત્તમ કાર્યો સિદ્ધ કર્યા હતા.

આ રીતે પ્રભુશ્રીની તેમના આંતર સ્વરૂપ પરમાત્મા સાથેની લીલાઓ સામાન્ય મનુષ્યથી સહજ રીતે સમજી ન શકાય તેવી છે. પ્રભુશ્રી કોઈ કોઈ વખત એમના ગૂઢ અને ગહન દર્શનોની વાતો યોગ્ય અંતરંગ સમક્ષ કહેતા હતા. તેનાથી એ પણ સ્પષ્ટ થતું હતું કે પ્રભુશ્રી સ્થૂળ સ્વરૂપે માન-સન્માન, પ્રસિદ્ધિ કે પૂજાવાની ઇચ્છાથી પર હતા, તેમ છતાં એ પણ વાસ્તવિકતા હતી કે 'બ્રહ્મભાવ'ની સુરક્ષા એ તેમનું સત્કર્તવ્ય હતું. તેઓશ્રી અમેરિકાથી આવ્યા પછી 'આત્મન્' એટલે કે એક આત્મારૂપે જ રહ્યા હતા. જો કે કુટુંબીઓ એમને 'ભાઈ' કે અન્ય સંબંધથી સંબોધતા પરંતુ ઈ.સ.૧૯૭૫માં જ્યારે 'પ્રલય નિવારણ' અર્થે અખંડધૂન ઠેક ઠેકાણે કરાવવી આવશ્યક લાગી ત્યારે જ તેઓશ્રીએ મૌની મહારાજના પત્રમાં તેમનું 'બ્રહ્મભાવ'નું

ૐ

રહસ્ય અને અવતારી-પ્રાગટ્ય જાહેર કર્યું. 'શ્યામલ'ના ભક્તો પૂરતા મર્યાદિત પ્રભુશ્રીને આ રીતે જાહેરમાં પ્રગટ થવું પડ્યું. છતાં પ્રભુશ્રી તેમના ભક્તોને કહેતા કે 'તમારો અંતરાત્મા સ્વીકારે તોજ મારી વાત સ્વીકારજો.' પછીથી જાહેર પત્રિકામાં પ્રભુશ્રીએ 'સત્યયુગાવતાર શ્રી સત્-ચિત્ત-આત્મન્ ભગવાન' એમ લખવા સમંતિ આપી હતી.

આમ પ્રભુશ્રીનું જીવન સતત તપોમય સ્થિતિમાં રહેવા સાથે પરમાત્મા, ભક્તો તથા લોકો સમક્ષ પ્રત્યેક ક્ષણ જાગૃતતામાં રાખવાનું થતું હતું.

**૨. ઋષિભાવ :**

પ્રભુશ્રી અમેરિકાથી પરત આવ્યા પછી તેમનું જીવન ઋષિભાવને અનુરૂપ હતું. **આ ઋષિભાવમાં મુખ્યત્વે ત્યાગ તપસ્યા, પવિત્રતા, તિતિક્ષા, જેવા સદ્‌ગુણોનું પ્રાધાન્ય રહેલું હોય છે.** તેથી જ પ્રભુશ્રી 'નવલકુટીર'માં અગાસી પર ઘાસની પર્ણકુટીમાં રહેતા હતા. મર્યાદિત વસ્ત્ર, સાદડી પર શયન, ખુલ્લા પગે જ ચાલવાનું, ઉપવાસ તથા જાગરણ વગેરે મુખ્ય હતા. 'શ્યામલ'માં પધાર્યા પછી પણ તેઓશ્રીનું દૈનિક જીવન એક તપસ્વી ઋષિ જેવું જ જોવા મળતું હતું. સનાતન ધર્મમાં વિદિત એક ઋષિ જેવા જ આચારો તેઓશ્રી પાળતા હતા. દર્ભાસન પર જ શયન કરતા હતા; સ્નાન તો પવિત્રતા અર્થે જ્યારે જરૂર જણાય ત્યારે કરી જ લેતા હતા; આહારમાં અત્યંત મિતાહારી હતા; એક ઋષિની જેમ આધ્યાત્મિકતાના પાયાના નિયમો- સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, વગેરેનું ચુસ્તપણે પાલન કરતા હતા; અને કોઈપણ વસ્તુનો સંચય તો કદિપણ કરતા નહીં.

આમ પ્રભુશ્રીનું સમગ્ર બાહ્ય જીવન એક પરમ તપસ્વી જેવું હતું. પ્રભુશ્રીએ બ્રહ્મભાવે રહેવા સાથે આ ભાવને પણ એટલો જ જતનપૂર્વક જાળવી રાખ્યો હતો.

ૐ

### ૩. ભક્તભાવ :

પ્રભુશ્રીના ઈષ્ટ બાળ સ્વરૂપ શ્રી રામલાલા હતા. બાલ્યકાળમાં પણ તેઓશ્રીએ ભગવાન શ્રી રામચંદ્રજીની ભક્તિ કરેલી હતી. પણ સાક્ષાત્કાર પછીથી તેઓ આ બાળ સ્વરૂપની ઈષ્ટરૂપે ભક્તિ કરતા હતા. તેઓશ્રીમાં જે દિવ્ય સ્વરૂપ નિત્ય અખંડપણે બિરાજતું હતું તે શ્રી રામલાલાનું જ હતું.

બ્રહ્મભાવ અને ભક્તભાવ એ બન્ને બાહ્ય રીતે તદ્દન વિરોધાભાસી લાગે છે. કારણ કે પ્રભુશ્રીને બ્રહ્મભાવે રહેવાના મળેલા આદેશ પછી આ ભક્તિમય ક્રિયાઓની કોઈ આવશ્યકતા રહેલી ન હતી આમ છતાંપણ તેઓ નિત્યના જીવનમાં ભક્તભાવે સેવાપૂજા કરતા હતા. આનું એક કારણ એ હતું કે **બ્રહ્મભાવે રહેવાનો આદેશ જગત સમક્ષનો હતો. એટલે કે લોકો સાથેના વ્યવહારમાં એ પ્રમાણે મર્યાદાનુસાર રહેવાનું હતું. પરતુ પરબ્રહ્મ સાથે તેમના આ પંચમહાભૂતના માનવ શરીર–મનને ભક્તિભાવથી જ જોડી રાખવાના હતા.** પરબ્રહ્મ પરમાત્મા (શ્રી રામલાલા) સાથે તેઓ ભક્તભાવે જ રહેતા હતા. તેથી જ સ્તો આ ભક્તિમય ક્રિયાઓ આવશ્યક જણાતી હતી. શ્રી ચૈતન્ય મહાપ્રભુ, શ્રી સ્વામીનારાયણ ભગવાન, શ્રી રામકૃષ્ણ ભગવાન, વગેરે અવતારી પુરુષોને પણ તેમના ઈષ્ટ સ્વરૂપે પરમાત્માનું નિશ્ચિત સ્વરૂપ રહેલું હતું, જેની સાથે નિરંતર અનન્ય ભક્તિમય સંબંધથી તેઓ જોડાયેલા હતા.

પ્રભુશ્રીની ભક્તિમય સેવાઓ કરવાનું બીજું કારણ તેઓશ્રીએ જ સ્પષ્ટ કરેલ કે મારા બાલ્યકાળના ભક્તિયુક્ત સંસ્કારો હંમેશા તે કરવા માટે ખેંચતા હતા. તેથી તેઓ ભક્તિ–સેવાને છોડી શક્યા ન હતા.

વધુમાં ત્રીજું કારણ એ પણ સંભવિત છે કે તેઓ આદર્શ ભક્તિના પ્રતિષ્ઠાપન માટે સૌ કોઈને તેમની જીવનલીલામાંથી પ્રેરણા મળે તેમ ઈચ્છતા હતા. તેઓશ્રીએ સૂત્રરૂપે સત્યયુગના સીલમાં લખાવ્યું હતું કે 'શુદ્ધ ભક્તિ વિવર્ધનાર્થે'

ૐ

**સાધારણ જનસમાજ માટે ભક્તિ જ પરમાત્મા પ્રાપ્તિનું એકમાત્ર સરળ અને સુલભ સાધન છે.** પરાભક્તિ શું છે, તે કેવી હોવી જોઈએ તે પ્રભુશ્રીના જીવનલીલા દર્શન દ્વારા જ જોઇ શકાતું હતું.

**બાળલીલાનું દર્શન :**



હવે શ્રીબાળ રામલાલા સ્વરૂપ સાથેની તેઓશ્રીની ભક્તિમય લીલાનું દર્શન કરીએ.

પ્રભુશ્રીનો આ બાળ સ્વરૂપ શ્રી રામલાલા ભગવાન સાથેનો સંબંધ એક જીવંત દિવ્ય-વ્યક્તિત્વરૂપે પ્રત્યક્ષ જોઈ શકાતો હતો. તેઓશ્રી કહેતા કે નિષ્કામ ભક્તિ અર્થે બાળ સ્વરૂપ વધુ અનુકૂળ છે. તેમાં સેવા જ કરવાની હોય છે. (બાળક પાસે શું માંગી શકાય?) તેથી પ્રભુશ્રી નિત્યના જીવનમાં આ સ્વરૂપ સાથે નિરંતર ઓતપ્રોત રહેતા જોવા મળતા હતા. તેમના નિજખંડમાં તેમની પાસે બાળલાલાનું એક ખૂબ જ નાનું સ્વરૂપ (ચિત્રમાં) રાખતા હતા. આ સ્વરૂપને ઘણી વખત હસ્તમાં રાખી નીરખ્યા કરતા. કોઈ વખત મંદ મંદ હસતા અને આંખે અડાડી દર્શન કરતા. કોઇ વખત તેની સાથે આનંદ વિનોદ પણ કરતા. બીજનો ચંદ્ર ઉગેલ હોય ત્યારે આ સ્વરૂપને હસ્તમાં લઇ ઓસરીની બારીમાંથી બીજના ચંદ્રના દર્શન કરાવતા અને ત્યારે આ બાળ સ્વરૂપ બીજને જોઈ હસતું હોય તેમ લાગતું હતું ! તેવી જ રીતે આરતીના સમયે કબાટમાંથી બાળ સ્વરૂપને ખૂબ જ કોમળતાથી હસ્તમાં લઇ ઝુલાવતા હતા, અને આરતી પૂર્ણ થયા પછી ગાદી સાથે

ૐ

અત્યંત હળવેકથી આ સ્વરૂપને કબાટમાં પધરાવતા હતા. આમ બાળ સ્વરૂપને સહેજ પણ કષ્ટ ન થાય તેની સંપૂર્ણ કાળજી રાખતા હતા.

વધુમાં આ સ્વરૂપ સાથે તેમના પૂર્ણ ઐક્યનું દર્શન તો ત્યારે જ જોઈ શકાયેલ કે જ્યારે ચાર વર્ષના સતત ઉપવાસથી શરીર ખૂબ જ કૃશ થઇ ગયેલું હતું. ત્યારે પણ તેમની નિત્યની માનસપૂજા પછી શ્રીરામલાલાના સ્વરૂપને એકાદ કલાક સુધી ઉભા ઉભા જ પવન નાખતા હતા. સતત ઉભા રહેવાથી પગમાં ખાલી ચડી જતી ત્યારે થોડી થોડી વારે પગ પછાડતા રહેતા તેમજ હાથમાં થાક લાગે ત્યારે બીજા હાથથી પહેલા હાથને ટેકો આપતા હતા. આમ તેમની શ્રી રામલાલા સાથેની ઉત્કટ ભાવભક્તિનું તાદૃશ્ય દર્શન થતું હતું.

તેઓશ્રી નિત્ય સ્નાન કરી કબાટ પાસે આવી માનસપૂજા કરતા હતા. માનસપૂજાને ભક્તિમાં શ્રેષ્ઠ પ્રકારની પૂજા ગણાઇ છે. વર્ષો સુધી સ્થૂળરૂપે શરીરથી સેવા–પૂજા કર્યા પછી જ પરમાત્માની કૃપાથી માનસપૂજાના અધિકારી થવાય છે. તેઓશ્રીની મનોભૂમિ એટલી ઉચ્ચ હતી કે જે પ્રમાણે વિચાર કરે તે પ્રમાણે જ તેમની સામે દૃશ્ય પ્રત્યક્ષ થતું હતું.

તેમની અનેક નાની–મોટી ક્રિયાઓમાં પરમાત્મા સાથેના ભક્તિભાવનું પ્રત્યક્ષ દર્શન થતું હતું. જેમ કે સવારે ઉઠતા સાથે જ મસ્તક પાસેના કબાટનું બારણું ખોલી માથું ટેકવી અનેક વખત પ્રણામ કરતા. આ પ્રમાણે દિવસ દરમ્યાન અનેક વખત આવું જોવા મળતું હતું. આ સમજવા એક દૃષ્ટાંત જાણીએ.

શ્રી રામલાલા ભગવાનને કબાટમાં પ્રસાદ ધરાવવામાં પણ જો કશી કચાસ રહી જાય તો પ્રભુશ્રીમાં રહેલ સ્વરૂપને તેની અનુભૂતિ થતી હતી. તેથી સેવામાં આવી કોઈપણ ક્ષતિ માટે જે તે ભક્તને ઠપકો આપતા હતા.

એક વખત કબાટમાં શ્રી રામલાલાને દૂધ ધરાવવામાં આવ્યું હતું. જે હજુ ગરમ હોવા છતાં પણ ધરાવી દીધેલ હતું. થોડીવાર પછી જેમણે દૂધ ધરાવેલ તે

ૐ

જ ભક્ત પ્રભુશ્રી પાસે તેમના નિજખંડમા આવ્યા ત્યારે પ્રભુશ્રીએ થોડા ગુસ્સા સાથે કહ્યું કે, ''આવું ગરમ દૂધ શ્રી રામલાલાને ધરાવાય ? જુઓ મારી આ જીભ !'' ત્યાર પછી પ્રભુશ્રીએ તેમની લાલ થઈ ગયેલ જીભ બતાવી.

આ પરથી જાણી શકીએ છીએ કે પ્રભુશ્રીનું આ સ્વરૂપ સાથે કેટલું ઐક્ય હશે ! અને **સમસ્ત બ્રહ્માંડોના પાલક પરમાત્મા** આ બાળ સ્વરૂપમાં રહીને તેમની સાથે અદ્‌ભુત દિવ્ય લીલાઓ કરી રહેલ હતા.

પ્રભુશ્રીએ તેમના જ્ઞાન અને ભક્તિ દ્વારા સ્પષ્ટ દર્શાવ્યું હતું કે પરમાત્મા તેમની સહજ કરુણાથી જીવ પર કૃપા કરે છે. આ કૃપાનું સ્વરૂપ અને પ્રકાર જીવની ભક્તિના આધાર પર રહેલ છે. વિશેષમાં પરમાત્મા ભક્ત સાથે અનેકવિધ દિવ્ય લીલાઓ પણ કરે છે. તેના દુન્યવી જીવનમાં સહાય કરે છે, આનંદ આપે છે, પ્રેમ આપે છે અને ઉચ્ચકક્ષાનું સાત્વિક સુખ આપે છે દુન્યવી જીવનના વૈરાગ્યયુક્ત ત્યાગ પછી સર્જાતા શૂન્યાવકાશને પરમાત્મા જ ક્રમશઃ પૂર્ણ કરી દે છે.

આમ ભક્ત અને ભગવાનની લીલાના અલૌકિક સંબંધને પ્રચલિત વેદાંતના શુષ્ક અને નિરસ જ્ઞાન સાથે સહેજપણ સુમેળ થઈ શકતો નથી. તેથી જ પ્રભુશ્રી આવા શુષ્કજ્ઞાનથી દૂર રહેવા જ કહેતા હતા. જો કે પ્રભુશ્રીએ શ્રીરામગીતાનું અદ્વૈત જ્ઞાન સ્વીકાર્ય કરેલ હતું. શ્રી સ્વામીનારાયણ ભગવાને પણ (વચનામૃતમાં) જે ચાર પ્રકારના કુસંગીઓથી દૂર રહેવા ઉપદેશેલ છે, તેમાં એક શુષ્ક વેદાંતી પણ છે.

**૪. માનવ ભાવ :**

માનવ ભાવ એટલે કે સામાન્ય મનુષ્યમાં જે સુખ-દુઃખ, શારીરિક પીડા, ચિંતાઓ, લાગણીઓ, વગેરેનો અનુભવ થાય તેવા જ અનુભવો બ્રહ્મપુરુષના જીવનમાં પણ જોવા મળતા હોય છે. તેમને પણ સુખ-દુઃખ થતાં હોય છે. તેમને પણ રોગની પીડા અનુભવાતી હોય છે. અને આવું બધું થવું એ એક માનવભાવનું સહજ લક્ષણ છે.

ૐ

પંચમહાભૂતના શરીરમાં બ્રહ્મતત્ત્વ પ્રવેશે છે ત્યારે એક જીવાત્મા જે કંઈ મનુષ્યશરીરના ધર્મોને અનુસરે છે તે રીતે આ બ્રહ્મપુરુષને પણ મનુષ્ય શરીરના ધર્મોને અનુસરવું પડે છે. જો કે **તેઓ ઇચ્છે તો તેમની યોગિક શક્તિથી પ્રકૃતિથી પર થઈ શકતા હોય છે. તોપણ તેઓ સાધારણ માનવરૂપે રહીને જ તેમનું કર્તવ્ય નિભાવવાનું ઉચિત સમજતા હોય છે.** તેમનું જે અધ્યાત્મજ્ઞાન હોય છે તેના આધાર પર શરીર-મન દ્વારા તપસ્યા કરતા રહીને સર્વના કલ્યાણ માટે અવિરત પ્રયત્નશીલ રહે છે.


એટલે ઈશ્વરાવતાર હોય તે સામાન્ય માનવીની જેમ હસે છે અને રડે પણ છે. આમ છતાં માનવ ભાવથી પર થવા જ્યારે ઈચ્છે ત્યારે ઈશ્વરમાં મનને જોડી દે છે અને આ સમગ્ર સંસારને વિસરી જાય છે.

દુન્યવી કાર્યોમાં જ્યારે પ્રભુશ્રી પ્રવૃત થઈ અન્યોને સમજ આપતા હોય ત્યારે એક માનવરૂપે જ તેમનું વર્તન રહેતું. બાળક સાથે તેઓશ્રી બાળક બની જતા અને બાળકને પણ એવું જ લાગતું કે પ્રભુશ્રી તો બસ અમારા જ છે. કોઈ વખત પ્રસંગોચિત નિર્દોષભાવે હસતા ત્યારે તો લાગતું કે સામાન્ય મનુષ્ય જેવું વર્તન કરતા પ્રભુશ્રી શું સાચે જ બ્રહ્મ વિષેનું તત્ત્વવજ્ઞાન આપનાર અવતારી પુરુષ છે ? સામાન્ય માનવીની જેમ તેમને પણ શારીરિક થાક લાગતો હતો, પ્રસંગોચિત્ત માનસિક ચિંતાઓ પણ થતી હતી અને વ્યવહારોમાં આઘાત-પ્રત્યાઘાત પણ અનુભવતા હતા. કોઇનું મરણ થાય તો બ્રહ્મભાવે મનથી પર રહી સ્થિતપ્રજ્ઞ રહેતા પણ થોડીવારે માનવભાવે તેની સ્મૃતિ થતાં ત્યારે એટલા તો વ્યથિત થઇ જતા હતા કે મૃત વ્યક્તિના નિકટના સ્વજનથી પણ તેમનું દુઃખ અને શોક સવિશેષ રહેતા !

આમ માનવભાવ એ પણ તેમનો સહજ ભાવ હતો, અને તે તેમના ઘણા ક્રિયા-વ્યવહારોમાં વ્યક્ત થતો હતો. છતાં પણ માનવભાવમાં પણ પરમાત્માનો આદર, મર્યાદા, ગૌરવ, પૂર્ણ રૂપે જાળવતા હતા. સારાંશમાં કહીએ તો પંચમહાભૂતમાં પડી બ્રહ્મ સુધ્ધા રડે છે. **એટલે કે મનુષ્ય દેહ ધારણ કરનાર**

ॐ

**ઈશ્વરને પણ આ પૃથ્વી પર આવી સામાન્ય મનુષ્યની જેમ રડવું પડે છે.** તેથી જ શ્રીરામકૃષ્ણ ભગવાન ઘણી વખત કહેતા કે 'પંચમહાભૂતમાં પડે ત્યારે બ્રહ્મ સુધ્ધા રડે.' કારણ કે પ્રકૃતિના આશ્રયે રહેલા બ્રહ્મ સુગુણ-સાકાર દિવ્ય સ્વરૂપે છે, જ્યારે તેમની અંદર રહેલા પરબ્રહ્મ નિર્ગુણ-નિરાકાર ચૈતન્ય સ્વરૂપે છે. હવે જ્યારે ચૈતન્ય સ્વરૂપ નિરાકાર બ્રહ્મ જે વિશ્વકલ્યાણનો સંકલ્પ કરે છે તેને પૂર્ણ કરવાનું કાર્ય તેમનું અવતારી સુગુણ સાકાર સ્વરૂપ તેમના તપ અને પ્રજ્ઞાન દ્વારા કરે છે.



ૐ

## જગતમાં આધ્યાત્મિકતા પ્રવર્તાવવા તથા પાલન કરાવવાના ભગીરથ કાર્યમાં તપસ્યાની અનિવાર્ય આવશ્યકતા છે.

પ્રકરણ - ૭


# તપસ્યા પૂર્ણ જીવન



પૂજ્ય પ્રભુશ્રી આરતી પૂર્ણ કરી ગુફામાંથી બહાર આવી રહ્યા છે.
(અમરનાથ યાત્રા ઈ.સ. ૧૯૬૭)

**જય જય તપ પરં અપાર;**
**તુરીયે તમ-રજ-ભંજનહાર;**
**કારુણ્ય, અનંત, અપરંપાર;**
**પાવિત્ર્ય, ત્રૈલોક્ય-તારણહાર;**
**શંભો, શુદ્ધ બોધ-આધાર!**

ॐ



અમરનાથ યાત્રા (ઈ.સ.૧૯૬૭)

પૂ. પ્રભુશ્રીના સમગ્ર અવતારી જીવનમાં 'તપસ્યા' એક અનિવાર્ય અંગ બની ગયેલ. સાધનાના પ્રારંભના વર્ષોમાં કરેલી કષ્ટપ્રદ તપસ્યા પછી તેઓશ્રીનું માનવું હતું કે પછીના વર્ષોમાં ('સત્-સંસ્થાપન'ના કાર્ય દરમ્યાન) આટલી વધુ કઠિન તપસ્યા કરવાની જરૂર રહેશે નહીં. પણ તેમ છતાં બન્યું એવું કે પ્રલય નિવારણ તથા નિર્દોષ જીવોની રક્ષા અર્થે જીવનલીલાના અંતિમ વર્ષોમાં અતિ કઠિન અને કષ્ટપ્રદ તપસ્યા કરવી પડી હતી.

**તપસ્યાનું સ્વરૂપ :**

શરૂઆતમાં તો ઘણા વર્ષો સુધી તેમનું મન એક પ્રકારની તપ સમાધિમાં જ રહેલું હતું. જેના વિષે તેઓશ્રીએ કહ્યું હતું કે, **''કોઈપણ સાધના તપસ્યા વગર શક્ય નથી, અને તેઓશ્રીની બાબતમાં આ તપસ્યા એક જાતની યોગિક ધારણાના રૂપમાં રહેલ છે. આ પ્રકારની સાધના યોગિક દષ્ટિએ તપસ્યાનું ઊંચામાં ઊંચું સ્વરૂપ ગણાય છે, કારણ કે તેમાં મન એક જાતની તપ- સમાધિમાં જ રહે છે. આ પ્રમાણેનું તપ કોઈપણ જાતના ભગીરથ કાર્ય પાર પાડવામાં અનિવાર્ય રીતે આવશ્યક હોવાથી તે સાધનાનું મુખ્ય અંગ જ બની ગયેલ છે.''**

**સાક્ષાત્કાર પછીની તપોસાધના :**

પ્રભુશ્રી 'શ્યામલ'માં (ઈ.સ.૧૯૬૮) પધાર્યા તે પૂર્વે પણ તેમણે ઘણી તપોસાધના કરી હતી. બાલ્યકાળમાં પણ અજ્ઞાતરૂપે તેમનાં આંતર મનનું

ૐ

પરમાત્મા પ્રત્યેનું પ્રબળ ખેંચાણ તથા પ્રત્યેક કાર્યમાં 'રામ'ના સ્મરણ સાથે કરવાનો સહજ સ્વભાવ એ પરમાત્મા જ કરાવી રહ્યા હતા. આ અજ્ઞાત સાધના (યોગીક ધારણા) પરમાત્મા જ તેમના ચિત્તને શુદ્ધ રાખવા કરાવી રહ્યા હતા. તેથી જ તેમનું મન સમગ્ર અભ્યાસકાળ દરમ્યાન ક્યારેય નિમ્નકોટીના સુખો પર ગયું ન હતું.

પરંતુ સાક્ષાત્કાર પછીની તપોસાધના તો અત્યંત કઠોર અને કષ્ટમય હતી. જેમાં સળંગ ૧૨૦ દિવસના ઉપવાસ અને અન્ય વિગતો આપણે આગળ જોઈ ગયા છીએ.

અમેરિકાથી આવ્યા પછી પણ તેમની તપોસાધના ચાલુ જ રહી હતી. રાજકોટ 'નવલ કુટીર'માં બિરાજતા ત્યારે અગાસી પર પર્ણકુટી બાંધીને તપોસાધના કરતા હતા. અગાશીમાં બપોરે ઉનાળાના ધોમધખતા તાપમાં પણ તેઓશ્રીને જપ કરતા અનેક ભક્તોએ જોયા છે. પછી કુતિયાણા અને જામનગર ગયા ત્યાં પણ તેમની તપોસાધના યથાવત ચાલુ જ રહી હતી. તે સમયે તેમનું તપોબળ એટલું બધું હતું કે શરીરમાંથી કોઈ કોઈ વખત આંખો આંજી નાખે તેવો પ્રકાશ નીકળતો હતો. (તેમની સાથે રહેતા ભક્તે આ અનુભવ કર્યો છે.)

આમ પ્રભુશ્રી નિરંતર તપોમય સ્થિતિમાં રહેતા હતા. તેમનુ તપ પૂર્ણતયા પવિત્ર હતું, જેને અવશ્ય 'સુતપ' જ કહી શકાય ! કારણ કે આ તપ સત્ સાધન દ્વારા, સત્ ક્રિયા થકી અને સત્ પ્રયોજન-(વિશ્વકલ્યાણ) અર્થે હતું. પ્રભુશ્રી કહેતા કે તપ હંમેશા ચિત્તની શુદ્ધિ તથા વિશ્વકલ્યાણ અર્થે જ કરવું જોઈએ. સકામ કે નિમ્ન ઈચ્છાપૂર્તિ માટે તપનો ઉપયોગ કદાપિ કરવો જોઈએ નહીં.

આધ્યાત્મિકતાના મૂળભૂત સિદ્ધાંત સત્ય, અહિંસા તથા બ્રહ્મચર્યનું સદૈવ પાલન એ સૌથી ઊંચું તપ છે. વળી તેમાં પણ સત્યનું પાલન એ તો કલિયુગની મુખ્ય તપસ્યા છે. શ્રીરામકૃષ્ણ ભગવાનનો સંદર્ભ ટાંકી પ્રભુશ્રી કહેતા કે, 'સત્યનું પાલન એ કલિયુગની તપસ્યા છે.' તેથી આજના દુષિત સમયમાં માત્ર

ૐ



અમરનાથ યાત્રા (ઇ.સ.૧૯૬૭)

સત્યનું પાલન કરવામાં આવે તો તે એક મોટું તપ જ બની રહે છે.

**પ્રભુશ્રી આ સિદ્ધાંતોનું સૂક્ષ્મતમ પાલન કરતા હતા અને તેથી તેમના માટે તો આ બધા મહાવ્રતોનું પાલન કરવું એ જ સર્વોચ્ચ સ્વરૂપની તપસ્યા હતી.**

હવે પ્રભુશ્રીના તપના મુખ્ય સાધનો વિષે જાણીએ.

**સ્નાન :**

તેઓશ્રીના શારીરિક તપના મુખ્ય સાધનો ઉપવાસ, જાગરણ અને સ્નાન હતા. આ બધામાં સ્નાન એ એક એવું તપ હતું કે જે પ્રક્રિયા તેમને કલાક બે કલાકથી વધુ નિત્ય કરવી પડતી હતી. તેમાં પણ શિયાળામાં ઠંડા પાણીથી બે-ત્રણ વખત સ્નાન કરવાનું થતું ત્યારે તો તે અસહ્ય કષ્ટપ્રદ બની જતું હતું.

**તેમનું 'સ્નાન' એટલે માત્ર શરીર શુદ્ધિ જ ન હતી, પણ જળ દ્વારા દેહ પર ઊભા થયેલા અથવા આવેલા કોઈપણ કર્મરૂપે અશુદ્ધિને વિસર્જિત કરવાની પ્રક્રિયા હતી.** જો કે આ વસ્તુ સહેલાઈથી સમજાવી શકાય તેમ નથી, કારણ કે જ્યારે કોઈ તેમના સંપર્કમાં આવતા ત્યારે (પ્રથમ દર્શન દરમ્યાન) તે વ્યક્તિની અમુક અશુદ્ધિ (કર્મ) પ્રભુશ્રીના (ચિન્મય) પવિત્ર શરીરને સહજ સ્પર્શી જતી હતી, અને તેથી તેમને તેમના ચિન્મય શરીરને તપસ્યા દ્વારા જ શુદ્ધ કરવાનું રહેતું. જો તેમ કરવામાં ન આવે તો આ અશુદ્ધિને કારણે પ્રભુશ્રીએ શરીર-મન પર કોઇ પીડા સહન કરવી પડતી હતી. તેથી ઘણી વખત તો તેઓશ્રી મધરાતે જાગી જતા, ઊઠીને વળી સ્નાન કરવા જતા હતા, કારણ કે દિવસ દરમ્યાન  આવેલ કોઈની અશુદ્ધિ હજુ

રહી ગયેલ હોય તે દૂર કરવી પડતી હતી. આમ પ્રેરણા થતાં તે પ્રમાણે કરતા હતા.

કોઈ વખત વ્યક્તિની સકામતા કે દુન્યવી ઈચ્છા કૃતજ્ઞતાવશ પૂર્ણ કરવા માટે તપસ્યા જ એક માત્ર ઉપાય રહેતો. અને તે સ્નાન દ્વારા પૂર્ણ કરતા હતા. એવી જ રીતે સાથે રહેતા કોઈ ભક્તની શુદ્ધિ અર્થે અથવા નિજસ્થાન ('શ્યામલ')માં કોઈ મલિન પરિબળ અનુભવાતા સ્નાનરૂપી તપસ્યા થકી શુદ્ધ કરતા હતા. કોઈ વખત તો સ્નાન કરીને બહાર આવે અને કોઈ દુર્ગંધ આવી જાય તો પુનઃ સ્નાન કરવા જવું પડતું.

આ સાથે એ પણ જાણવું જરૂરી છે કે તેમના જીવનમાં નિત્ય કરાતી વૈશ્વિક કલ્યાણની પ્રાર્થના પાછળ પણ તપ હોવું આવશ્યક હતું, કારણ કે **કોઈ પણ પ્રાર્થના પાછળ તપસ્યાનું બળ હોય તો જ તે શીઘ્ર ફળદાયી બની શકે છે.**

આમ પ્રભુશ્રીના નિત્યના જીવનમાં સ્નાન દિવસમાં બે વખત તો કરવાનું થતું જ હતું, અને કોઈ વખત આવશ્યકતા અનુસાર વિશેષ પણ કરવું પડતું હતું. વળી અશુદ્ધ કર્મની માત્રા અનુસાર સ્નાનનો સમય પણ નિશ્ચિત રહેતો નહીં. તેથી કોઈ વખત બાથરૂમને તેઓશ્રી વિનોદમાં 'અગ્નિકુંડ' કહેતા હતા. (અગ્નિકુંડમાં જે સહન કરવાનું થાય તેનાથી પણ વિશેષ બાથરૂમમાં સ્નાન રૂપી તપ દ્વારા સહન કરવું પડતું હતું.)

**જાગરણ :**

સ્નાન સાથે જાગરણ અને ઉપવાસ પણ તેઓશ્રીની તપસ્યાના અન્ય મહત્ત્વના અંગ હતા તફાવત એ હતો કે આ બન્ને નિત્યપણે નહીં પણ પ્રસંગોપાત કરવાના થતા હતા.

ઘણી વખત તેઓશ્રી રાત્રે સૂવા માટે દર્ભાસન પાથરે ત્યાં જ જાગરણ કરવાની પ્રેરણા થતી હતી. આમ સખત થાક અને ઊંઘની તીવ્ર સ્થિતિમાં પણ પ્રેરણા પ્રમાણે જાગરણ કરવું પડતું હતું. દરમ્યાન જો એકાદ મટકું (ઝોલું) પણ

ॐ

આવી જાય તો બીજા દિવસે ફરીથી જાગીને પૂર્ણ કરવું પડતું હતું. શિવરાત્રીના મહાપર્વ દરમ્યાન તો આગળ પાછળ દિવસ દરમ્યાન (કુલ ૩૬ કલાક) નિદ્રા પણ લેતા નહીં. તેમની દૃષ્ટિએ જાગરણ દરમ્યાન એકાદ ક્ષણ પણ નિદ્રા આવી જાય તો જાગરણનું (પૂર્ણ) ફળ મળે નહીં. જાગરણને તેઓશ્રી ઘણું ઉચ્ચ પ્રકારનું તપ ગણતા હતા. તેથી જ સ્તો કહેતા કે એકાદશી જેવા પવિત્ર દિવસોમાં ઈશ્વરનું ભજન તથા જાગરણ કરવું જોઈએ.

**ઉપવાસ :**

તપસ્યાના સાધન રૂપે 'ઉપવાસ' તો સામાન્ય રીતે અવારનવાર કરતા હતા. કોઈ વખત માત્ર ચા પીને તો કોઈ વખત થોડું ફરાળ લઈને ઉપવાસ કરતા હતા. આ ઉપવાસ જુદા જુદા હેતુ અર્થે, કોઈ નિમિત્તે અથવા કોઈ તપસ્યાના ભાગરૂપે કરવાના થતા હતા.

અન્યના કર્મો પોતાના ઉપર લઇ લેવાની પ્રક્રિયાના ભાગરૂપે પણ ઉપવાસ કરતા હતા. ઉદાહરણ તરીકે જોઈએ તો કેટલાક ભક્તોને અખંડધૂન કરતા ચારધામની યાત્રાએ મોકલ્યા હતા ત્યારે પ્રભુશ્રીને એવી પ્રેરણા થઇ કે યાત્રાએ ગયેલ ભક્તોમાંથી કોઈ ભક્ત બીમાર પડી જવાના છે, અને તેથી તેઓશ્રીએ આખા મહિના સુધી ઉપવાસ ચાલુ જ રાખ્યા હતા. વળી એ દરમ્યાન પ્રભુશ્રીને સતત શરદી અને ઉધરસ પણ ચાલુ જ રહ્યા હતા. પરંતુ યાત્રાએ ગયેલા ભક્તોમાંથી કોઈનો વાળ પણ વાંકો થયો નહોતો. આમ અન્યોના હિતાર્થે ઘણી વખત ઉપવાસ કરતા હતા.

કોઈ વખત બાહ્ય દૃષ્ટિએ નાની સરખી જણાતી બાબતમાં પણ ઉપવાસ કરતા હતા. ઉદાહરણ તરીકે ફળીયામાં કોઈએ ઝાડની ડાંળખી તોડી નાખેલ હોય તો તે અર્થે તે દિવસે પ્રેરણાનુસાર ઉપવાસ કરી લેતા હતા. 'શ્યામલ'માં અખંડધૂન નિયમિતપણે ચાલતી તેમાં કોઈ વખત ધૂન તૂટી ગયાનું જાણમાં આવતું તો તે અર્થે ઉપવાસ કરી લેતા હતા.

ૐ

તપની પરાકાષ્ટારૂપે જીવનના અંતિમ ચાર વર્ષ પુસ્તક લેખન દરમ્યાન અખંડ ઉપવાસ કરેલા હતા ! એ વખતે ઉપવાસમાં માત્ર ચાર કપ ચા અને એક ગ્લાસ મોસંબીનો રસ જ લેતા હતા. એ રીતે માત્ર ચા અને મોસંબીના રસ પર જ ચાર વર્ષ સતત ઉપવાસ કર્યા હતા.

આ ઉપવાસની સાથે દૈનિક અન્ય કાર્યો તો વળી યથાવત ચાલુ રાખતા હતા. તેમના કપડા પણ સ્વયં ધોઈ લેતા હતા. શરીર એટલું બધું કૃશ થઈ ગયેલ કે કોઈથી જોઈ શકાય તેમ ન હતું ! વધુમાં પોષકતત્ત્વોના અભાવે નબળાઇ તથા ડાબી આંખે મોતીયો આવી ગયેલ હતો. વળી જન્મથી એક જ કિડની હોવાથી કલાકો સુધી એક જ આસને બેસી લખતા તેથી તેને પણ નુકસાન થવાનો ભય રહેતો હતો. આમ અનેક શારીરિક વ્યાધિઓ પણ તેમને ઉપવાસમાં સતાવતી હતી. છતાં પણ પ્રભુશ્રી દૃઢ મનોબળથી સંકલ્પ પ્રમાણે જે કંઈ તપ-ક્રિયા કરવાના થતાં તે અવશ્ય કરતા હતા. ઘણી વખત તો ચા લેવાથી ઉબળિયા આવતા પણ તેના વિકલ્પમાં કંઈ લઈ શકાતું નહીં. દવા પણ બે ત્રણ અપવાદ સિવાય કંઈ લેતા નહીં.

આવા કષ્ટમય ઉપવાસની સ્થિતિમાં જ્યારે શિયાળામાં કપડા પૂરા સુકાયા ન હોય તો ભીના પણ પહેરી લેતા હતા અને દર્ભાસન પર જ સૂઇ જતા. એ જ રીતે ઉનાળાના સખત તાપમાં નિજખંડમાં જ પતરા નીચે બેસી આખો દિવસ લખ્યા કરતા હતા. પંખો પણ ક્યારેય રાખતા નહીં. તેમના નિજખંડના હિંડોળા પર એક લાકડાનું પાટિયું લગાડેલ હતું. તેથી સતત ઉપવાસથી કૃશ થયેલ શરીરથી તેના પર બેસતા કષ્ટ તો ખૂબ થતું પણ તેમ છતાંય ગાદી રાખતા નહીં.

પ્રભુશ્રીને નિરંતર આટલી ઉગ્ર તપસ્યા કરતા જોઇ એક વખત તેમને પૂછવાનું મન થયું કે, ''આપ જે (માત્રામાં) તપસ્યા કરો છો તેટલી દરેકે ઈશ્વરના માર્ગે જવા અર્થે કરવાની જરૂર છે ?'' ત્યારે તેઓશ્રીએ સ્પષ્ટ જવાબ આપતા સમજાવ્યું કે તેમની તપસ્યા મુખ્યત્વે સમષ્ટિ કલ્યાણ અર્થે તેમજ તેના જ પૂરક કાર્યો અર્થે કરવી પડે છે. દરેક વ્યક્તિએ પરમાત્માને માર્ગે જવા આટલી તપસ્યા કરવાની

ૐ

આવશ્યકતા નથી, પરંતુ અમુક માત્રામાં તો તપસ્યા અનિવાર્ય જ છે. આમ તપ એ આધ્યાત્મિક જીવનમાં ખરેખર અનિવાર્ય છે. પરંતુ પ્રભુશ્રી જેટલી માત્રામાં તપ કરવું એ સૌ કોઈ માટે જરૂરી નથી.

આ પ્રમાણે પ્રભુશ્રીને વૈશ્વિક તપસ્યા સાથે જુદા જુદા અન્ય હેતુ અર્થે બીજી તપોસાધના પણ કરવી પડતી હતી. કોઈ વખત કેવળ કરૂણા કે કૃતજ્ઞતાવશ વિશેષ તપ કરવું પડતું, તો વળી કોઈ વખત ચોક્કસ આધ્યાત્મિક કાર્ય પૂર્વે તેની સફળતા અર્થે તપસ્યા કરવી પડતી હતી. આંતર પ્રેરણા કે દર્શનને આધારે પણ તપસ્યા કરવી પડતી. પરંતુ જ્યારે અકારણ કોઈ દુન્યવી વ્યક્તિના સંદર્ભમાં તપસ્યા કરવી પડે ત્યારે સહજ વાત કરતા કહેતા કે, ''બિનજરૂરી લોકોના સંપર્કથી (તેમની સકામતાને કારણે) સમષ્ટિ કલ્યાણના સ્થાને આ ધોબીનું (બીજાના કર્મો ધોવાનું) કાર્ય કરવું પડે છે.''

અંતરિક્ષના અદૃષ્ટ નિમ્ન આસુરિક પરિબળો પણ તેમના કાર્યમાં અવરોધો ઊભા કરતા હતા. આવા અંતરિક્ષના પરિબળોનો પ્રતિકાર માત્ર તેમના તપોબળથી જ થઇ શકતો હતો. જ્યારે જીવનલીલાના અંતિમ દિવસોમાં માયાના મલિન પરિબળો હેરાન કરતા ત્યારે કહેતા કે, ''...કાર્યની વ્યસ્તતા (ગૌરક્ષા પુસ્તક)ને કારણે તપ ઘટી જવાથી આ પરિબળો હેરાન કરી રહ્યા છે. પણ જ્યારે તપનું બળ પર્યાપ્ત માત્રામાં હતું ત્યારે કોઈ ભક્તને પણ ઊંની આંચ આવવા દીધી નથી...''

આમ સમષ્ટિના શ્રેયના પરોપકાર કાજે જુદાજુદા હેતુસર વિવિધ સ્વરૂપની તપસ્યા તેમણે જીવનપર્યંત કરેલી હતી.

**દૈનિક ધ્યાન :**

'ધ્યાન' એ એક દૃષ્ટિએ પ્રભુશ્રીની યોગિક ધારણારૂપે તપસ્યા જ હતી. બીજા શબ્દોમાં કહીએ તો ધ્યાન એ તેમના પરમાત્મા સાથેના ઐક્યની ભાવપૂર્ણ મનો-પ્રક્રિયા હતી. પ્રભુશ્રીનું ધ્યાન કોઈ ચોક્કસ સ્થાને બેસી આંખો

ૐ



અમરનાથ યાત્રા (ઇ.સ.૧૯૬૭)

બંધ કરીને કરવાનું ન હતું. પણ તેમના નિત્યના જીવનમાં નિજખંડમાંથી નીકળી પુનઃ સ્નાન-આરતી કરી, પાછા આવે તે દરમ્યાન જુદા જુદા સ્થાને કરવાનું હતું.

હવે તેઓશ્રી નિત્ય જે જે સ્થાનો ઉપર ધ્યાન કરતાં તે વિષે જાણીએ.

પ્રભુશ્રી તેમના નિજખંડમાંથી નીકળે ત્યારે શ્રી રામલાલાનું (બાળ સ્વરૂપ) ધ્યાન કરતા પછી ઉંબરો પણ સ્મરણ-ધ્યાન કરી ઓળંગતા અને દાદરા પર (મધ્યમાં) પગથિયા પર જ ઉભા ઉભા ઓસરીની દિવાલ પર ૐ ની તકતીનું ધ્યાન પાંચ થી પચ્ચીસ મિનિટ સુધી કરતા હતા. ત્યારબાદ બાથરૂમમાં સ્નાન અર્થે જતા અને કપડા ધોઈ કલાક-બે કલાક તપરૂપે સ્નાન કરી, બાથરૂમના બારણા પાસે જ ઊભા રહી સામેની દિવાલ પર કાચમાં મઢેલ અક્ષરોમાં શ્રીરામકૃષ્ણ ભગવાનનું તથા બાજુમાં શ્રીશારદા માતાજીનું ધ્યાન કરતા હતા. આ ધ્યાન પણ ઘણો સમય ઉભા ઉભા જ કરતા હતા. ત્યાર પછી ઓસરીમાં પાણીયારા પર શ્રીહનુમાનજીનું પણ કેટલોક સમય ધ્યાન કરતા હતા. અને પછી પૂજાખંડના કબાટમાં વિવિધ ઈશ્વરીય સ્વરૂપોની માનસિક પૂજા કરતા. તથા ધ્યાન કરતા હતા. આ બધું પૂર્ણ થયે દિવેલિયું પ્રગટાવવાનું કહેતા અને પછી આરતી થતી હતી. ત્યારબાદ પ્રસાદીનું જળ ભક્તોને આપીને પોતા માટે ચાનો પ્રસાદ લેતા હતા. ત્યાર પછી પુનઃ દર્શન કરી, જરૂર હોય તો ધ્યાન કરીને પછી જ ઉપર જતા હતા. આ પ્રમાણે સહેજે ત્રણ-ચાર કલાક થઈ જતા હતા. દિવસ-રાત દરમ્યાન બે

ૐ

વખત તો આ પ્રમાણે જ તપસ્યા દૈનિક ધ્યાન દ્વારા થતી હતી. સંક્ષિપ્તમાં કહીએ તો જેટલી વખત સ્નાન કરવાનું થાય તેટલી વખત આ બધા સ્થાનો પર ધ્યાન કરવાનું થતું હતું.

**આધ્યાત્મિકતાને સ્પર્શતી કેટલીક બાબતો :**

**પ્રભુશ્રીના તત્ત્વજ્ઞાન પર આધારિત જે સિદ્ધાંતો પ્રસ્થાપિત કરેલા તે અનુસાર જ તેમના જીવન વ્યવહારો કે ક્રિયાઓ થતા રહેતા હતા.** જેને પવિત્ર માનવામાં આવેલ છે અથવા જેના દ્વારા પવિત્રતા સ્થાપી શકાય છે તેવી વસ્તુઓને તેમના જીવનમાં મહત્ત્વનું સ્થાન મળેલ હતું. આમ પવિત્ર, શુભ કે સાત્ત્વિક સ્વરૂપની જે વસ્તુઓ તેમના આધ્યાત્મિક જીવનમાં ઉપયોગી બનેલ તેમના વિષે જાણીએ.

**ગંગાજળ :**



અમરનાથ યાત્રા (ઇ.સ.૧૯૬૭)

ગંગાજળ એ સ્વયં પવિત્ર છે અને અપવિત્ર સ્થાન કે વસ્તુને પવિત્ર કરનાર (પાવક) છે. પવિત્ર અને અપવિત્ર એ આધ્યાત્મિક દૃષ્ટિએ સૂક્ષ્મ અને આંતર અનુભૂતિનો વિષય છે. પ્રભુશ્રી જ્યારે કોઈ મલિન કે અપવિત્ર વ્યક્તિના પ્રવેશથી સ્થાન અપવિત્ર થયાનું અનુભવે ત્યારે ત્યાં ગંગાજળનો છંટકાવ કરાવી દેતા હતા. ગંગાજળનો ઉપયોગ પ્રભુશ્રી ઘણી બાબતોમાં કરતા હતા. ગંગાજળની એક શીશી પોતાના હિંડોળા પર રાખતા અને ઘણી વખત તેમાંથી આચમન લેતા. ગૌરક્ષાના પુસ્તક લેખનમાં માંસ (Meat) શબ્દનો ઉલ્લેખ આવે ત્યારે ગંગાજળનું આચમન લઈ લેતા હતા. કોઈ અપવિત્ર વ્યક્તિ કે વસ્તુનું નામ લેવાય તો ગંગાજળ અચૂક લઇ લેતા હતા. તેમની મનોભૂમિ એટલી તો શુદ્ધ અને સૂક્ષ્મ હતી કે નામ લેતા સાથે તે વસ્તુ મનોપટ પર પ્રત્યક્ષ થતી હતી.

ૐ

તેમના નિજખંડના પ્રવેશના બારણાની બન્ને બાજુ ગંગાજળની બે લોટીઓ પધરાવેલ હતી. આ લોટીઓ પર ધૂળ ન લાગે તેથી તેને દશ્ય-પ્લાસ્ટિકના ડબ્બામાં રાખેલ હતી. એક ગંગાજળની લોટી તેમના હિંડોળા ઉપર છતમાં લટકાવેલ હતી. તેઓશ્રી માનસિક ભાવથી કોઈપણ સમયે તે લોટીમાંથી ગંગાજી વહી રહ્યા છે તેવું માનસિક ગંગા-સ્નાન કરી લેતા હતા.

ડેલીએ દાદરો ચડતાં પણ ગંગાજળની નળવાળી બરણી મુકેલ જેથી આવનાર આચમન લઈને જ ઉપર જાય. ઘણા ભક્તોને ઘરે પણ પ્રભુશ્રીએ ગંગાજળની લોટી પધરાવી હતી. **આમ પ્રભુશ્રી ગંગાજળને સાક્ષાત બ્રહ્મજળ માનતા હતા.** તે પાવનકારી જળ અપવિત્રને પવિત્ર કરે છે તેથી તેનું મહત્ત્વ પ્રભુશ્રીને ખૂબ જ હતું.

**તુલસીજી :**

તુલસીને પણ પ્રભુશ્રી ખૂબ જ પવિત્ર માનતા હતા. બાથરૂમ પાસે તુલસીનો સુંદર કયારો બનાવ્યો હતો. ભગવાનને ધરાવાતા પ્રસાદમાં તુલસીનું પાન અચૂક પધરાવતા. હનુમાન ચાલીસાના પાઠ જ્યારે કરવામાં આવતા ત્યારે ત્યાં તુલસીનું કુંડુ અને દીવો પ્રગટાવી રાખવામાં આવતા હતા. વૃક્ષોમાં તુલસીને પ્રભુશ્રી સાક્ષાત બ્રહ્મશક્તિ માનતા હતા.

**ગાય :**

પશુઓમાં ગાય સૌથી પવિત્ર પ્રાણી છે. પરંતુ પ્રભુશ્રી ગાયને માતા સ્વરૂપે જોતા હતા. ગાયની રક્ષા અર્થે જ ચાર વર્ષ ઉપવાસ તથા પુસ્તક લેખન કર્યું હતું. ગાયને નિત્ય 'ગૌગ્રાસ' આપતા અને ગાયના દૂધની ચા પીતા. આમ ગાય વિષે પ્રભુશ્રીને જે પ્રેમ ભાવ અને આદર હતો તે વર્ણવી શકાય નહિ તેટલો ઉચ્ચકોટિનો હતો.

પ્રભુશ્રી સૂવા માટે હંમેશા દર્ભની સાદડી ઉપયોગમાં લેતા હતા, કારણ કે દર્ભને પણ તેઓશ્રી અત્યંત પવિત્ર માનતા હતા.

આમ ગંગાજી, તુલસીજી, ગાયમાતા, દર્ભ તથા સંતો-ભક્તો વગેરેને

ૐ

પ્રભુશ્રી પવિત્ર સ્વરૂપે જોતા હતા. તેનું કારણ એ કે આ બધા સ્વભાવથી જ સાત્ત્વિક અને પવિત્ર છે અને તેથી તેમનો પરમાત્મા સાથે અખંડ સંબંધ રહેલો છે. તેના કારણે જ પ્રભુશ્રીનો આ બધા સાથેનો ઉચ્ચ આધ્યાત્મિક સંબંધ જોવા મળતો હતો.

પ્રભુશ્રી જેનાથી શુભ ભાવ પ્રગટે અથવા જે શુભકારક છે તેવી વસ્તુ-વિષયનો વ્યવહારમાં ઉપયોગ કરતા હતા. દા.ત. પરમાત્માની સ્મૃતિ આકાશી રંગ (આસમાની) દ્વારા થતી હોવાથી વ્યવહારમાં પ્રભુશ્રી આ રંગને જ પ્રાધાન્ય આપતા હતા (ભીંત, કપડા વગેરે). જ્યારે કાળો રંગ તમસ-અંધકારનું પ્રતીક હોવાથી તેને અશુભ માનતા અને તેથી તેવી વસ્તુ ઉપયોગમાં લેતા નહીં. (દા.ત. કાળા રંગની ગાડી, સ્વીચ, કપડા વગેરે.)

**શુભ સમય (મુહૂર્ત) :**

**પ્રભુશ્રી કોઈપણ નવા કાર્યનો પ્રારંભ શુભ મુહૂર્તમાં જ કરતા હતા.** પુસ્તકનાં છાપકામમાં તો દરેક નવા પાનાં શુભ ચોઘડિયામાં જ છાપવા શરૂ કરતા હતા. કોઈ નવી વસ્તુ ઉપયોગમાં લેવાની હોય ત્યારે તેને શુભ ચોઘડિયામાં ઈશ્વરને ધરાવીને પછી જ વાપરતા હતા. અને જ્યારે ભક્તોને બહારગામ જવાનું હોય ત્યારે અચૂક શુભ મુહૂર્તમાં જ રજા આપતા હતા. મુહૂર્ત સારું ન હોવાને કારણે પ્લેન કે ટ્રેનની ટિકિટ રદ કરવી પડે તો તેને ગૌણ સમજતા હતા. યાત્રામાં જતા ભક્તોને શુભમુહૂર્તમાં આરતી પછી પ્રસાદ આપી રજા આપતા અને તેમના રક્ષણની પ્રાર્થના કરતા હતા.*

આ સાથે પ્રવાસમાં નીકળતી વખતે શુભ શુકન થાય તો તેને પણ પ્રવાસ માટે મંગલકારી હોવાનું માનતા હતા.

*અનિવાર્ય અને અસાધારણ સંજોગોમાં ટ્રેનમાં જવું જ પડે તેમ હોય તો અપવાદરૂપે વિકલ્પ આપતા કે, ટ્રેનમાં બેઠા પછી જ્યારે શુભ મુહૂર્ત શરૂ થતું હોય તે સ્ટેશને બધા સામાન સાથે ઉતરીને પુનઃ પ્રાર્થના સાથે ચડવું એટલે કે ત્યારથી પ્રવાસનો પ્રારંભ કરવો.

ૐ

**સાત્ત્વિક આહાર :**

આહારમાં પણ સાત્ત્વિક વસ્તુઓને જ ઉપયોગમાં લેતા હતા તામસિક કે અપવિત્ર વસ્તુ રસોડામાં લાવવાની જ મનાઈ હતી. આહાર સાદો અને સાત્ત્વિક રહે તેનું પ્રભુશ્રી ધ્યાન રાખતા. એ સાથે જ પ્રભુશ્રી ભક્તો માટે પોષક આહારનું પણ પર્યાપ્ત ધ્યાન રાખતા હતા.

**અપવિત્ર વસ્તુઓ :**

ઘણી વસ્તુઓને પ્રભુશ્રી અપવિત્ર માનતા હતા. તેથી સ્વાભાવિક રીતે આવી વસ્તુઓ 'શ્યામલ'માં નીચેના રૂમમાં જ રાખતા હતા ચર્મને સહજ રીતે જ અપવિત્ર માનવામાં આવે છે, અને તેથી તેવી ચર્મની બનાવેલી કોઈ વસ્તુ ઉપયોગમાં લેતા નહીં. 'શ્યામલ'ના પૂજારીને તો પગરખાનો સ્પર્શ થતાં પણ સ્નાન કરવું પડતું હતું. હારમોનીયમ અને ઢોલકમાં ચામડું વપરાતું હોવાથી પાછલા વર્ષોમાં તેનો પણ ઉપયોગ બંધ કરેલ હતો.

એવી જ રીતે વર્તમાનપત્ર કે અખબારને* પણ અપવિત્ર ગણતા હતા. તેથી જ અખબારના કાગળમાં કોઈપણ વસ્તુ 'શ્યામલ'માં લાવવામાં આવતી નહીં. વર્તમાનપત્રમાં આવતા અશ્લીલ ચિત્રો તથા ગંદા લખાણોને કારણે તેમને નીચેના રૂમમાં જ રાખવામાં આવતા. ઈશ્વરની સેવાપૂજા કરનારને તો અખબારને સ્પર્શ કર્યા પછી પુનઃ સ્નાન કરી લેવું પડતું હતું. પ્રભુશ્રી પણ જ્યારે નીચે આવે ત્યારે જ વર્તમાનપત્ર પર નજર ફેરવી લેતા હતા.

રેશમી વસ્ત્રોમાં પણ જીવ હિંસા થતી હોવાથી ભક્તોને તેવા વસ્ત્રો પહેરવા મનાઈ કરી હતી. પ્રભુશ્રી સ્વયં તો ઊનના કપડા પણ વાપરતા નહીં. ઘેંટા જેવા નિરુપદ્રવી જીવ પ્રત્યેની કરુણાને કારણે તેવા વસ્ત્રો પહેરતા તેમને દુઃખ થતું હતું.

*વર્તમાનપત્રોમાં હિંસા–અશ્લીલતા વગેરે સમાચારો રહેલા હોવાથી શ્રીરામકૃષ્ણ ભગવાન પણ અડતા નહીં.

ૐ

**કરકસર અને ઉદારતા :**

આધ્યાત્મિક પુરુષોનું જીવન અને વ્યવહાર કેવા હોવા જોઈએ તેનો સર્વોત્તમ આદર્શ પ્રભુશ્રીના જીવનમાંથી જોવા મળે છે.

તેમનું ઋષિ જેવું ઉદાત્ જીવન ત્યાગ અને તપસ્યાથી જ પરિપૂર્ણ હતું. તેમના પ્રત્યેક દૈનિક વ્યવહારમાં તે સ્પષ્ટપણે પ્રતિબિંબિત થતું હતું. તેમની સાદાઈ અને કરકસર એટલા હતા કે તેઓ જે પેનથી લખતા તે પણ માત્ર ૫૦ પૈસાની (લાલ-બ્લુ) હોલ્ડર બોલપેન વાપરતા હતા. પહેલાં હંમેશા નકામા પડેલા કાગળમાં લખી લેતા અને પછી તેમાંથી જોઈને ટાઈપ કરાવતા હતા. વસ્ત્રોમાં પણ તૈયાર મળતો સાદો ખાદીનો ઝભ્ભો પહેરતા. જ્યારે તે ફાટી જતો ત્યારે તેને સંધાવી ફરીથી વપરાશમાં લેતા હતા. પહેરવાના આ વસ્ત્રો પણ તેઓશ્રી મર્યાદિત જ રાખતા. સુવામાં પણ દર્ભની સાદડી અને સુતરાઉ ચાદરનો જ ઉપયોગ કરતા. આમ તેમના જીવન વ્યવહારોમાં સાદાઈ અને કરકસર ડગલેને પગલે જોવા મળતા હતા.

પરંતુ આવું કરકસરભર્યું જીવન હોવા છતાં તેમની ઉદારતાનું તો માપ જ કાઢી શકાય તેમ ન હતું. તેમની પાસેની કોઈપણ વસ્તુ જો કોઈ માગે તો તુરત જ વિના સંકોચે આપી દેતા હતા. શિયાળાની તીવ્ર ઠંડીમાં પણ સુતરાઉ મફલર બનાવી ઉપયોગમાં લેતા હતા. પણ જો તેમની પાસે શિયાળાની કડકડતી ઠંડીમાં કોઈ ભક્ત ખુલ્લા માથે આવે તો તરત જ પોતાનું મફલર આપી દેતા હતા.

લેખન કાર્યમાં ઉપયોગી થઈ શકે તે માટે એક ટેપરેકોર્ડર મંગાવેલ હતું.* પણ પછી તેમની ઉદારતાને કારણે કોઈને કોઈ ભક્તને આપી દેતા. આવી રીતે બે-ત્રણ ટેપરેકોર્ડર ભક્તોને આપી દીધા હતા અને પછીથી રાખવાનું જ બંધ કરી દીધું.

*પ્રેરણાનુસાર જ્યારે સ્મૃતિમાં આવે ત્યારે તે વિચારોને ટેપ કરી શકાય તેમ જ પછીથી તેને અનુકુળતાએ ટાઈપ કરાવી લેવાય એવા હેતુથી ટેપરેકોર્ડર મંગાવેલ હતું.

ૐ

તેમની ઉદારતા ભક્તો સાથેના વ્યવહારમાં પ્રત્યક્ષ જોવા મળતી હતી. ભક્તવત્સલ ભગવાન પોતાના ભક્તો માટે કપડા તથા ખાવા માટેની સારી વસ્તુઓ મંગાવી આપતા હતા. એવી જ રીતે જોઈતી અન્ય વસ્તુ પણ કિંમતી હોવા છતાં મંગાવી આપતા હતા.

આમ છતાં ભક્તોના ઉડાઉપણા કે પ્રમાદ માટે ઠપકો પણ આપવાનું ચૂકતા નહીં. એક વખત કોઈ ભક્તે ભાડેથી સાયકલ લાવીને રાત્રે ત્યાં 'શ્યામલ'માં જ મૂકી રાખેલ હતી. જેથી રાત્રિનું ભાડું તેની આળસને કારણે ચુકવવું પડેલ હતું. પ્રભુશ્રીને આ જાણીને દુઃખ થયું હતું અને તે ભક્ત ને યોગ્ય ઠપકો પણ આપ્યો હતો. રાત્રે કોઈ ભક્ત બત્તી ચાલુ રાખી સૂઈ ગયેલ હોય તો પ્રભુશ્રી આવીને લાઇટ બંધ કરી જતા હતા.

**પ્રભુશ્રી શિખામણ આપતા કહેતા કે વાણી, પાણી અને પૈસો એ ત્રણેનો આધ્યાત્મિક વ્યક્તિએ ખૂબ જ સંયમપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.** સંક્ષિપ્તમાં કહીએ તો આધ્યાત્મિક જીવનમાં સમ્યક્ કરકસર અવશ્ય કરવી જોઈએ પણ કંજૂસાઇ તો ન જ હોવી જોઈએ. એવી જ રીતે ઉદારતા હોવી જોઈએ પણ ઉડાઉપણું તો ન જ હોવું જોઈએ.

**તિતિક્ષા (સહનશીલતા) :**

તપસ્યા એ નિજ ઇચ્છાથી કરવાની હોય છે, જ્યારે તિતિક્ષામાં સ્થિતિ કે સંજોગોને કારણે સહન કરવાનું થાય છે. તિતિક્ષા આધ્યાત્મિક જીવનમાં આગળ વધવામાં ખૂબ જ ઉપયોગી થઇ શકે છે. ઉચિત સમયે સહન નહીં કરવાથી ઘણી વખત અનાયાસે મળતો આધ્યાત્મિક લાભ ગુમાવી બેસવાનું થાય છે.

પ્રભુશ્રીની તિતિક્ષાશક્તિની પરાકાષ્ઠા તેમના જીવનમાં નાના મોટા પ્રસંગોમાં જોવા મળતી હતી. આ સંદર્ભમાં તેઓશ્રીની તિતિક્ષાશક્તિનો એક પ્રસંગ જાણવા જેવો છે :

એ સમયે પ્રભુશ્રીના ઉપવાસ ચાલુ હતા અને શારીરિક નબળાઈ ઘણી હતી.

ॐ

દિવસભર લેખન કાર્યના અસહ્ય થાક પછી નિત્ય નિયમ રાબેતા મુજબ પૂર્ણ કરી છેક મોડી રાત્રે વિશ્રામ લેવાનું થયું. હજુ તો સાદડી પાથરીને શ્રમિત દેહને આરામ આપ્યો અને હજુ નિદ્રા આવે તે પહેલા જ બહારગામથી એક ભક્ત દર્શને આવ્યા. તેમણે તેમના સ્વભાવ અનુસાર પ્રભુશ્રીના દર્શન કરીને જ જવાનો આગ્રહ રાખ્યો. બીજા ભક્તોએ તેમને ઘણું સમજાવ્યા કે પ્રભુશ્રી આજે ખૂબ થાકી ગયા છે અને હમણાં જ સૂતા છે. પણ તેમણે કોઈનું માન્યું નહીં અને દર્શન કરવાનો હઠાગ્રહ ચાલુ જ રાખ્યો. અંતે પ્રભુશ્રીને જણાવવું પડ્યું. પ્રભુશ્રીની સ્થિતિ એવી હતી કે તેઓશ્રી બેઠા પણ થઇ શકતા ન હતા. છતાં તેમણે આવેલ ભક્તને પોતાની પાસે બોલાવ્યા અને હસતા હસતા જ આવકાર આપીને પ્રેમથી તેમની સાથે કેટલીક વાતો પણ કરી. તેમને રજા આપ્યા પછી તરત જ પરમાત્મા દ્વારા સ્નાન કરવાની પ્રેરણા થઈ અને તેથી નીચે પધાર્યા. તેમનો સ્નાન પછીનો નિત્યક્રમ પૂર્ણ કર્યો. તેમની શારીરિક સ્થિતિની તો કલ્પના પણ ન થઈ શકે ! કરુણામયી પ્રભુશ્રીની તિતિક્ષાની કસોટી લેતા આવા અનેક પ્રસંગો સ્મૃતિપટ પર રહેલા છે.

આવા પ્રસંગો તો અવારનવાર બનતા જ રહેતા. અડધી કલાક કોઈની રાહ જોતા તિતિક્ષામાં ઉભા ઉભા જ પસાર કરી દેતા હતા. બીમારી કે નબળાઈ હોય ત્યારે પણ શારીરિક સંતાપ વેઠીને પોતાનું કાર્ય પૂર્ણ કરતા હતા. એકાદ કલાક જેટલો સમય આરતી ચાલતી ત્યારે તેમના પગ પર મચ્છરો ચોંટી ગયા હોય છતાં એ સ્થિતિમાં પણ આરતી પૂર્ણ કરતા જ.

**સારાંશ :**

પ્રભુશ્રીએ જીવનપર્યંત અકલ્પ્ય કઠિન તપસ્યા કરી હતી. આવી કઠીન સાધના તથા તપસ્યા દ્વારા તેની ફળશ્રુતિ રૂપે શું સિદ્ધ કર્યું હતું? પ્રભુશ્રીએ એ જ સમજાવ્યું હતું કે,

**‘‘પ્રભુશ્રી લાવવા મથતા નૂતનયુગનું મુખ્ય લક્ષણ દાખવતા એક જ**

ૐ

**શબ્દ 'સત્' તેમજ વ્યક્તિ અને વિશ્વને જીવનની વાસ્તવિક દિશા બતાવવા સત્યયુગના બીજરૂપ એક જ વાક્ય 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' (બ્રહ્મમંત્ર)ની આધ્યાત્મિક સિદ્ધિ તથા સંપૂર્ણતા આવી એકધારી સાધના તથા તપસ્યા વિના કેવળ અશક્ય છે.''**

સંક્ષિપ્તમાં કહીએ તો સત્ય (યુગ) સંસ્થાપનનો ધ્યેય અને તે ધ્યેયને પૂર્ણ કરવાનું સાધન-મહામંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' આ બન્ને તેમની સંપૂર્ણ તપોસાધનાના નિચોડ (અર્ક) રૂપ કહી શકાય તેમ છે.

**'અવિદ્યાશક્તિ (મહામાયા)ના વાસ્તવિક સ્વરૂપના રહસ્યજ્ઞાનમાં જ સમગ્ર માનવજાતિની આધ્યાત્મિક ઉન્નતિની શક્યતા તેમજ સારાએ વિશ્વમાં સત્યયુગ સંસ્થાપન રૂપ નવનિર્માણનું મંડાણ રહેલ છે.'**

**'બ્રહ્મ અને માયા - અવિદ્યાના ભિન્નત્વ તથા વિરુદ્ધત્વના સિદ્ધાંતમાં જ સત્યયુગનું શિલારોપણ તેમજ પ્રવર્તમાન અવતારી કાર્યની આધારશિલા છે.'**

**- શ્રી સત્ ચિત્ આત્મન્ ભગવાન**

ૐ

**અખંડ અવાસના**
**અંબા ઉપાસના**

પ્રકરણ - ૮

## બ્રહ્મચર્યાત્મક પવિત્રતા

પૂ. પ્રભુશ્રીએ આધ્યાત્મિકતાના મૂળભૂત પાંચ સાધન-સિદ્ધાંતો આપેલા છે.* તેમાનો જ એક સિદ્ધાંત બ્રહ્મચર્યાત્મક પવિત્રતા છે. સમગ્ર માનવ જીવનને સ્પર્શતા આ સિદ્ધાંતનું મહત્ત્વ આત્મિક વિકાસમાં અનિવાર્ય હોવાથી પ્રભુશ્રીએ તેની સૂક્ષ્માતિત આવશ્યકતાઓને આચરણ દ્વારા જ બતાવી હતી. તેથી અધ્યાત્મ વિજ્ઞાન અનુસાર બ્રહ્મચર્યાત્મક પવિત્રતાના સિદ્ધાંતના હાર્દને સમજવા અત્રે પ્રયત્ન કરીશું.

**આર્યોની આધ્યાત્મિક સંસ્કૃતિ :**

પ્રાચીન આર્યોની આધ્યાત્મિક સંસ્કૃતિમાં 'બ્રહ્મચર્ય પાલન'નું આગવું સ્થાન સ્થાપિત થયેલું છે. આર્યજીવનના ચાર આશ્રમોમાં ત્રણ આશ્રમોમાં (બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, સંન્યાસ)તો બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય હતું જ. તેવી જ રીતે આર્યધર્મો જેવા કે હિન્દુ, બૌદ્ધ, જૈન વગેરેના મુખ્ય પાંચ સિદ્ધાંતો (સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ)માં પણ બ્રહ્મચર્યનું સ્થાન સમાંતરપણે રહેલું છે. મહર્ષિ પતંજલિના યોગસૂત્રોમાં બતાવેલા પાંચ 'યમ'માં પણ એક 'બ્રહ્મચર્ય' છે. વિશેષ તો આજ સુધીના અવતારી પુરુષો, સંતો-ભક્તો તથા યોગીઓએ પણ બ્રહ્મચર્ય પાલનની મહત્તાને આધ્યાત્મિકતાના અનિવાર્ય અંગ રૂપે સાર્વત્રિકપણે સ્વીકાર્ય કરેલ છે. એટલે ભારતીય સંસ્કૃતિના આ ગૌરવરૂપ વારસાને આધ્યાત્મિક અનિવાર્યતા રૂપે સૌ કોઈએ સ્વીકારવાનું રહે છે.

*૧. સત્ય, ૨. કરુણા, ૩. સત્કર્તવ્ય, ૪. બ્રહ્મમંત્ર ધ્યાન (જપ) અને ૫. બ્રહ્મચર્યાત્મક પવિત્રતા

ૐ

**પ્રભુશ્રીના પ્રજ્ઞાન પર આધારિત સિદ્ધાંત :**

ભારતીય આધ્યાત્મિક જીવનનો આદર્શ બ્રહ્મચર્યના પાલનમાં રહેલો છે, અને તેથી પ્રભુશ્રીએ પણ તેને એટલું જ ઊંચું મહત્ત્વ આપેલું છે. વળી તેઓશ્રીએ આ સિદ્ધાંતને અધ્યાત્મ વિજ્ઞાન અનુસાર 'બ્રહ્મ અને અવિદ્યા માયાના ભિન્નત્વ'ના તત્ત્વજ્ઞાનને આધારે સમજાવેલ છે.

તેઓશ્રીએ સમજાવેલ તત્ત્વદર્શન પ્રમાણે **'બ્રહ્મ અને માયા' એ બંને ભિન્ન શક્તિઓ છે એટલું જ નહીં પણ એકબીજાની સંપૂર્ણ વિરોધી છે.** તેથી બંનેના માર્ગ, સાધન તથા સિદ્ધાંતો પણ એકબીજાથી તદ્દન જુદા છે. બ્રહ્મનો (પરમાત્માનો) સંબંધ બ્રહ્મચર્યાત્મક પવિત્રતા સાથે રહેલો છે, જ્યારે **અવિદ્યા-માયા(મહામાયા)નો સંબંધ અપવિત્રતા સાથે રહેલો છે, અવિદ્યા-માયા આધારિત મલિન તંત્રમાર્ગ-વામમાર્ગમાં પાંચ અપવિત્રતા (પંચમકાર) જ મુખ્ય સાધન છે.** તેથી આવા નિમ્ન સિદ્ધિ અર્થેના માર્ગે જવા અપવિત્ર થવું પડે છે. પરંતુ **આ માર્ગે સાધકને પરમાત્માની પ્રાપ્તિ કોઈ દિવસ થઈ શકતી જ નથી.**

**સમગ્ર જીવસૃષ્ટિમાં રહેલ વિજાતિય આકર્ષણનો મૂળભૂત સ્રોત અવિદ્યા-માયા શક્તિ છે.** એટલે કોઈ પણ સ્ત્રી-પુરુષ વચ્ચે રહેલ નિમ્ન સ્તરનું (દૈહિક સુખ) શારીરિક આકર્ષણ એ ઈશ્વર પ્રેરિત નહીં પણ અવિદ્યા-માયા પ્રેરિત છે, કારણ કે જો આ આકર્ષણ ઈશ્વરપ્રેરિત હોત તો ઈશ્વર પ્રાપ્તિ અર્થે બ્રહ્મચર્ય પાલનને આટલું મહત્ત્વ જ ન અપાયેલ હોત. આથી જ સત્શાસ્ત્રોએ બ્રહ્મચર્યના સિદ્ધાંતને ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં એક પાયાના સિદ્ધાંત રૂપે પ્રસ્થાપિત કરેલ છે.

આમ પરમાત્મા સાથેનો જીવનો સંબંધ માત્ર અને માત્ર બ્રહ્મચર્યાત્મક પવિત્રતા થકી જ થવો શક્ય છે. પરમાત્માનો આવિર્ભાવ જ્યાં પવિત્રતા રહેલી છે ત્યાં જ થવો શક્ય છે. તેથી જ પ્રભુશ્રીએ કહેલું કે, **'' જ્યાં જ્યાં આત્યંતિક પવિત્રતા છે ત્યાં ત્યાં ચૈતન્યનો આવિર્ભાવ છે.''** એટલે કોઈપણ વ્યક્તિ કે સ્થાનમાં બ્રહ્મચર્યાત્મક

ૐ

પવિત્રતાના સ્થાપન દ્વારા જ પરમાત્માનું ચૈતન્ય આવિર્ભૂત કરી શકાય છે.

પરંતુ માનવ જીવનની એક કરુણ વાસ્તવિકતા એ છે કે દરેક મનુષ્ય અવિદ્યા-માયાના નિમ્ન કોટીના દૈહિક આકર્ષણથી મુક્ત નથી. અને તેથી જેટલે અંશે આ આકર્ષણથી દૂર રહી શકાય તેટલે અંશે પરમાત્માની નજીક જઈ શકાય. શ્રીતુલસીદાસેજી એ સત્ય જ કહ્યું છે કે.......

**जहाँ राम वहाँ काम नहीं, जहाँ काम नहीं राम ।**

**तुलसी कैसे रहि सकै, रवि-रजनी एक ठाम ॥**

પરિણામ સ્વરૂપ પરમાત્માનો આવિર્ભાવ આ પૃથ્વી પર મર્યાદિત સ્થાનો તેમજ વ્યક્તિઓમાં જોવા મળે છે.

સંક્ષિપ્તમાં સાર એ છે કે બ્રહ્મચર્યના યથાર્થ પાલન વગર કોઈ પણ મનુષ્યને સચ્ચિદાનંદ પરમાત્માનો પૂર્ણ સાક્ષાત્કાર થવો અશક્ય છે. છતાં એ પણ સત્ય છે જે મનુષ્ય પરમાત્માને માર્ગે જવા ખરેખર ઉત્સુક છે તેના પર પરમાત્માની કૃપા થતા વિષય વાસના આપોઆપ છૂટતી જાય છે.

**સર્વોચ્ચ પવિત્રતા :**

આત્યંતિક પવિત્રતા કોને કહેવી? પ્રભુશ્રીની આર્ષદૃષ્ટિમાં **પવિત્રતાનું સર્વોચ્ચ સ્વરૂપ બ્રહ્મચર્યાત્મક પવિત્રતા છે.** આ પવિત્રતા જ સૌથી ઊંચી પવિત્રતા છે. જો કે તે સ્થૂળ આંખે જોઈ શકાતી નથી. પણ બ્રહ્મનિષ્ઠ આધ્યાત્મિક પુરુષો તેની અવશ્ય અનુભૂતિ કરી શકે છે. માત્ર બાહ્ય સ્વરૂપની સ્વચ્છતાથી આ પવિત્રતા આવી શકતી નથી. સુઘડ અને સ્વચ્છ, ભવ્ય સ્થાન (જેમ કે રાજમહેલ) પણ બ્રહ્મચર્યાત્મક પવિત્રતાની દૃષ્ટિએ મલિન (અપવિત્ર) હોઈ શકે છે.

બ્રહ્મકેન્દ્રિત પવિત્રતા અને અવિદ્યા માયા પ્રેરિત અપવિત્રતા વચ્ચે રહેલ ભેદની અનુભૂતિ બ્રહ્મ પુરુષો જ કરી શકે છે. પરંતુ સાધારણ જન સમાજ તેમની

ૐ

સામાન્ય બુદ્ધિથી વ્યવહારોમાં આ સિદ્ધાંતને અંતરમનથી સ્વીકારે ત્યારે જ એક સત્-સભાન સમાજની રચના શક્ય છે. લોકોને એટલો ખ્યાલ તો હોવો જોઈએ કે આ (વ્યક્તિ કે વસ્તુ) પવિત્ર છે કે અપવિત્ર છે.

બ્રહ્મચર્યાત્મક પવિત્રતાનું પ્રગટીકરણ તેને અનુરૂપ આચાર વ્યવહારો પર નિર્ભર છે. મુખ્યત્વે સ્ત્રી-પુરુષો વચ્ચેનો સંયમયુક્ત પવિત્ર વ્યવહાર જ આ સિદ્ધાંતનો મુખ્ય આધાર સ્તંભ છે. તેથી સામાજિક જીવનમાં જેટલા અંશે ભાઈઓ તથા બહેનો વચ્ચે મર્યાદા રહી શકે તેટલે જ અંશે પવિત્રતાનું સ્થાપન થઈ શકે છે, અને જ્યાં આવી પવિત્રતા ઘનીભૂત થાય છે ત્યાં જ પરમાત્માનું ચૈતન્ય પ્રગટે છે. પવિત્ર તીર્થો તથા સાચા સંતોના દર્શન આ સંદર્ભમાં જ પાવનકારી કહેવાયા છે.

**પ્રભુશ્રીના જીવનમાં બ્રહ્મચર્યાત્મક પવિત્રતા :**

પ્રભુશ્રીને સાક્ષાત્કાર થયો તે પૂર્વેનું તેમનું સમગ્ર જીવન અણીશુદ્ધ પવિત્ર રહેલું હતું. અમેરિકામાં અભ્યાસકાળ દરમ્યાન બહેનો સાથે ખૂબ જ મર્યાદિત વ્યવહાર રાખતા હતા. જરૂર સિવાય કોઈ સાથે વાત પણ કરતા નહીં. પરંતુ સાક્ષાત્કાર પછી ભારત આવ્યા બાદ **તેમના કાર્ય પ્રયોજનને અનુલક્ષી એક વિશિષ્ટ જીવન પદ્ધતિને અનુસરવાનું હતું.** સંન્યાસ ધર્મનો સ્થૂળ રૂપે અંગીકાર નહીં કર્યો હોવા છતાં તેનાથી પણ ઊંચા ચુસ્ત નિયમો પાળવાના હતા. આવી જીવન પદ્ધતિમાં તપસ્યા, ભક્તિ સાથે બહેનોથી સંપૂર્ણ અલિપ્ત રહેવું અનિવાર્ય હતું. તેથી જ ભારત આવ્યા પછી તેમણે અગાઉ થયેલું સગપણ છોડી દીધું હતું. તેમના સર્વોચ્ચ આદર્શ સાથે પવિત્ર લગ્નજીવનનું પાલન પણ અશક્ય હતું.

તેમનું કાર્ય પ્રયોજન વ્યાપક સમષ્ટિ કલ્યાણનું હતું. તેથી આવા મંગલકારી પ્રયોજનને અનુસરતું ઉદ્દાત્ જીવન આચરણ પણ એટલું જ અનિવાર્ય હતું. જેમ કે શ્રી ચૈતન્ય મહાપ્રભુને વ્યાપક લોકકલ્યાણની પ્રબળ ભાવના જાગૃત થઇ ત્યારે તેમના માટે સંન્યાસ ધારણ કરવો અનિવાર્ય બનેલ હતો. શ્રી રામકૃષ્ણ ભગવાનને

ૐ

સત્ય શોધવા મલિન તંત્રમાર્ગની સાધનામાં ઉતરવું પડ્યું હતું. એ જ રીતે પ્રભુશ્રીને **સત્-સંસ્થાપનનું ભગીરથ કાર્ય કરવાનું હોવાથી પૂર્ણતઃ પવિત્ર જીવનમાં બ્રહ્મભાવે રહેવાનું હતું.**

આવા દિવ્ય જીવનમાં પવિત્ર આચરણ થકી એક મહાન આદર્શ પ્રસ્થાપિત કરવાનો હતો. તેથી અષ્ટાંગ બ્રહ્મચર્યના શાસ્ત્રોક્ત નિયમને અનુસરી બહેનોથી સંપૂર્ણ અલિપ્ત રહેવું અત્યંત જરૂરી હતું. બ્રહ્મચર્યાત્મક પવિત્રતાના સિદ્ધાંતને તેની સૂક્ષ્મતમ આવશ્યકતા અનુસાર આચરણથી પરિપૂર્ણ કરવાનું તેમનું ધ્યેય હતું.

**'શ્યામલ'માં પવિત્ર આચાર વ્યવહારો :**

પ્રભુશ્રીનું નિજસ્થાન 'શ્યામલ' તેમની આધ્યાત્મિક પ્રયોગશાળા હતી કે જ્યાં તેમણે પ્રત્યેક આધ્યાત્મિક સિદ્ધાંતની સૂક્ષ્મતમ્ બાબતોને સ્વ આચરણ થકી પાળીને બતાવેલ હતી. એ રીતે બ્રહ્મચર્યાત્મક પવિત્રતાનો આધ્યાત્મિકતા સાથે કેવો સંબંધ છે તે સુસ્પષ્ટ કર્યું હતું.

પવિત્ર જીવનનો આદર્શ મુખ્યત્વે ભાઇઓ-બહેનો વચ્ચેની મર્યાદામાં રહેલ છે અને તેથી જ પ્રભુશ્રીએ 'શ્યામલ'માં બહેનો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ સંબંધ રાખ્યો ન હતો. 'શ્યામલ'માં બહેનોને તેઓશ્રી દર્શન આપતા ન હતા તેમજ પ્રવેશની પણ અનુમતિ નહોતી. આમ છતાં બહેનો પ્રત્યે ખૂબ જ ઊંચો આદરભાવ રાખતા હતા. ઘણા બહેનો પણ પ્રભુશ્રીના ભક્ત હતા. તેઓ સ્થૂળરૂપે દૂર રહીને પણ પ્રભુશ્રી દ્વારા આધ્યાત્મિક લાભની પ્રાપ્તિ કરતા હતા. 'શ્યામલ'માં આવતા દરેક ભક્તોને વિદાયવેળા પ્રભુશ્રી અચૂકપણે સાકરનો પ્રસાદ આપતા હતા. કોઈ વખત પ્રેરણાનુસાર પ્રભુશ્રી કોઈ કોઈ બહેનોને કૃપારૂપે પ્રસાદ મોકલાવતા હતા. ભાવિક સ્ત્રીભક્તોને પણ પ્રભુશ્રીના દર્શન થયાના પ્રસંગો બન્યા હતા. બહેનો 'શ્યામલ'માં આવી નહીં શકવાથી જ તેમના માટે સત્યયુગશ્રી રામજી મંદિરે પરાંબા શ્રીશ્રી શારદા માતાજીની જન્મ જયંતિના દિવસે પ્રભુશ્રીએ સામૂહિક પ્રસાદનું આયોજન કરતા હતા.

ૐ

વ્યવહારિક દૃષ્ટિએ પણ 'શ્યામલ'નું મકાન ઘણું નાનું હોવાથી પવિત્રતાની જાળવણી અર્થે બહેનોને પ્રવેશ આપવો ઉચિત ન હતો. તેથી જ એક નિયમરૂપે તેમાં કોઈ જ અપવાદ રાખ્યો ન હતો. તેમના વયોવૃદ્ધ બહેનને પણ દર્શન આપવાની ના કહેલ હતી. આમ નિયમરૂપે સંતકોટિના સ્ત્રી-ભક્ત કે નાની બાલિકાને પણ દર્શન આપેલા ન હતા.

**પ્રભુશ્રીની દૃષ્ટિમાં એક દીર્ઘ સમજ સ્પષ્ટપણે હતી કે નાની સરખી છૂટછાટ ક્રમશઃ ભવિષ્યમાં સમગ્ર સિદ્ધાંતનો ભોગ લઈ શકે છે.** આ સંદર્ભમાં ભગવાન બુદ્ધનું દૃષ્ટાંત આપતા સમજાવેલ કે તેમણે કરુણાવશ થઈ તેમની માતાને બૌદ્ધ સંઘમાં પ્રવેશ આપ્યો હતો, પણ પછીથી સમજાયેલું કે તેમ કરવું બરાબર ન હતું. અને તેથી તેમણે કહેવું પડેલ કે, 'જે ધર્મનું આયુષ્ય પાંચ હજાર વર્ષનું છે તે હવે અડધું (૨૫૦૦ વર્ષ) થઈ જશે.'

પરિણામ આપણે જોઈ શક્યા છીએ કે બૌદ્ધ ધર્મમાં ભાઈઓ અને બહેનોના સંઘો વચ્ચે અનિચ્છનીય સંબંધોએ ધર્મની આંતરશક્તિને ક્ષીણ કરી નાખી હતી. આમ ક્રમશઃ બૌદ્ધ ધર્મ ભારતવર્ષમાંથી લુપ્ત થતો ગયો.

તેથી જ શ્રી સ્વામીનારાયણ ભગવાને તો સંન્યાસીઓને સ્ત્રીનું મુખ પણ નહીં જોવાની આજ્ઞા કરેલી છે. તે જ રીતે શ્રીરામકૃષ્ણ ભગવાને સંન્યાસીઓને લાકડાની પુતળીને પણ સ્પર્શ કરવાની ના કહેલ છે. તો એમ અવશ્યપણે કહી શકાય કે આવા અવતારી બ્રહ્મપુરુષોની દૃષ્ટિ પવિત્રતાના સૂક્ષ્મ વિષયને જોઇ શકતી હોય છે. તેથી જ પ્રભુશ્રીએ તેમના નિયમોમાં સહેજ પણ છૂટછાટ રાખી ન હતી.

તેઓશ્રીએ લખ્યું છે કે, ''પ્રભુશ્રીની દૃષ્ટિમાં બહેનોનું સ્થાન પુરુષોથી લેશમાત્ર પણ નીચું નથી.'' વધુમાં એ પણ કહેલ કે, ''તેઓશ્રીને આ ભાવે રહેવાને કારણે કોઈપણ વર્ગ પરમાત્માની કૃપાનો અનાધિકારી થતો નથી.'' ઉલ્ટાનું પ્રભુશ્રીએ બહેનો માટે કહેલ કે, ''બહેનોમાં વાત્સલ્યભાવની પ્રબળતા વિશેષ

ૐ

હોવાથી, તેઓ આ ભાવને જો પરમાત્મામાં સમર્પિત કરી શકે તો આધ્યાત્મિકતામાં શીઘ્ર આગળ વધી શકે છે આનું કારણ એ છે કે બહેનોનું કોમળ હૃદય ભક્તિ માટે ખૂબ જ અનુકૂળ છે.

આમ પ્રભુશ્રી બહેનોને પ્રત્યક્ષ દર્શન આપતા નહીં, પરંતુ બહેનોને આધ્યાત્મિક દૃષ્ટિએ પુરુષો જેટલું જ સન્માન આપતા હતા.

પ્રભુશ્રીના નિજસ્થાન ‘શ્યામલ’માં પણ પવિત્રતાના સિદ્ધાંત અર્થે બારીઓ તથા દીવાલો પર એવી વ્યવસ્થા કરેલી કે જેથી અંદરની તથા બહારની વ્યક્તિ કોઈને જોઈ શકે નહીં. સાથે રહેતા બ્રહ્મચારી ભક્તોની પવિત્રતા અર્થે તેમને પણ ગૃહસ્થ ભક્તોને ઘેર આવશ્યકતા સિવાય મોકલતા નહીં. તેમજ જ્યાં બહેનોની ભીડ રહેતી હોય તેવા મંદિરોમાં પણ દર્શને જવાની ના કહેતા હતા. યોગ્ય ભક્તોને તો એટલે સુધી કહેતા કે બહેનોના કંઠે ગવાયેલ ભજનો પણ સાંભળવા ઉચિત નથી.

કોઈ આધ્યાત્મિક કાર્યક્રમ અર્થે ભક્તોને સમૂહમાં યાત્રાએ જવાનું થતું ત્યારે તેમની સાથે માતૃતુલ્ય બહેનોને પણ લઈ જવાની ના કહેતા હતા. એટલું જ નહિ પણ આવા ચૂસ્ત નિયમો અનુસરવા પાછળના દુરોગામી પરિણામોની અસર વિષે સમ્યક્ સમજ પણ આપતા હતા.

તેમના દર્શને આવતા ગૃહસ્થ ભક્તોને પણ તેઓશ્રી બ્રહ્મચર્યાત્મક પવિત્રતા અર્થે ઉપદેશ આપતા. ભક્તો વચ્ચે પરસ્પર માત્ર આધ્યાત્મિક સંબંધ રહે તેવું જ ઈચ્છતા હતા. એક વખત તેઓશ્રીએ સાંભળ્યું કે કોઈ ભક્તે બીજા ભક્તના પત્નીને ધર્મના બહેન માનેલ છે, ત્યારે આવી બધી વાતો સાંભળી સખત નારાજગી વ્યક્ત કરેલ હતી.

વેકેશનમાં પ્રવાસે જતા ભક્તોને મસૂરી કે કાશ્મીર જેવા ફરવાના સ્થળોએ જવાને બદલે શ્રીબદરીનાથ જેવા પવિત્ર યાત્રાના સ્થાને જવા સૂચન કરતા. કારણ એ કે ફરવાના સ્થાન માત્ર આનંદ-પ્રમોદની જીવનચર્યાને કારણે અપવિત્ર હોય છે.

ૐ

વિદેશ જતાં ભક્તને તો આધ્યાત્મિક દૃષ્ટિએ ભારત બહાર જવાની સ્પષ્ટ ના જ કહેતા હતા.* આનું કારણ એ છે કે વાતાવરણની મલિનતા ગમે તેવા ઉચ્ચ પુરુષોને પણ સૂક્ષ્મ રીતે સ્પર્શતી જ હોય છે અને તેથી વિદેશથી આવતા (ખાસ) ભક્તને હરિદ્વાર ગંગા સ્નાન કર્યા પછી જ 'શ્યામલ' આવવાનું સૂચન કરતા હતા. એવી જ રીતે ભક્તો બસમાં કે ટ્રેનમાં પ્રવાસે જાય ત્યારે તેમને યાત્રામાં બહેનો સાથે જરૂરથી વિશેષ પરિચય કે સંપર્ક રાખવા ના કહેતા. કારણ તેનાથી યાત્રામાં થનારા આધ્યાત્મિક લાભથી વંચિત રહેવાની શક્યતા હતી.


'શ્યામલ' સ્થાનની પવિત્રતાનું પણ પ્રભુશ્રી સતત નિરીક્ષણ કરતા. અહીં દર્શને આવતી કોઈ વ્યક્તિમાં વધુ પડતી (બ્રહ્મચર્યાત્મક) અપવિત્રતા રહેલ હોય તો પ્રભુશ્રીને તુરંત તેનો ખ્યાલ આવી જતો અને તેના ગયા પછી તે સ્થાને ગંગાજળનો છંટકાવ કરતા હતા. એ જ રીતે પ્રેરણા થતા શુદ્ધિ અર્થે હનુમાન ચાલીસાના પાઠ કરાવતા હતા. તેમજ આવી વ્યક્તિ જો નિયમિત આવતી હોય તો તેને વિવેકપૂર્વક આવવાની પણ ના કહેતા હતા.

તેમની સાથે રહેતા ભક્તોમાં પણ આવી થોડી ઘણી અશુદ્ધિનો ખ્યાલ આવી જાય તો પછી તેને તપસ્યા તથા પ્રાર્થના થકી શુદ્ધ કરતા. તેટલો સમય તેને રસોડામાં તથા સેવાપૂજાના કાર્યથી દૂર રાખતા હતા.

પ્રભુશ્રી દ્વારા પાળવામાં આવતી પવિત્રતાની સૂક્ષ્મતા તેમના પ્રત્યેક વ્યવહારમાં જોવા મળતી હતી. તેઓશ્રીએ ચાર વર્ષના ઉપવાસ ગાયના દૂધની ચા પર રહીને કર્યા હતા. ભક્તશ્રી શિવાભાઇ પટેલની આ ગાયે સતત ચાર વર્ષ સુધી પ્રભુશ્રી માટે દૂધ આપ્યું હતું. પ્રભુશ્રી પણ એ ગાયની એટલી જ સંભાળ રખાવતા હતા. ગાયને ગમે ત્યાં રખડવા દેતા નહીં તેમજ તેને એઠું કાંઈ ખાવા દેતા નહીં. ગાય માટે ખાસ

*પ્રભુશ્રી અમેરિકામાં પાંચ વર્ષ અભ્યાસ અર્થે રહ્યા હતા અને તેથી તેઓ વિદેશી વાતાવરણની મલિનતા આધ્યાત્મિકતાના સંદર્ભમાં સારી રીતે જાણતા હતા.

ૐ



પ્રભુશ્રીના ઉપવાસ દરમિયાન ભક્તશ્રી શિવાભાઇ આ ગાયનું દૂધ નિત્ય પહોંચાડતા

ધરાવેલ પ્રસાદ મોકલાવતા. ગાયને દોહનારે પ્રથમ જાતે સ્નાન કરીને પછી ગાયને સ્નાન કરાવવું પડતું. પછી તે દોયેલ દૂધ ખૂબ જ પવિત્રતાપૂર્વક શિવાભાઈ 'શ્યામલ' લઈને આવતા હતા. વધુમાં આશ્ચર્ય તો એ વાતનું થાય કે આ ગાય પ્રભુશ્રી માટે રાત્રે બે વાગ્યે પણ દૂધની જરૂર હોય તો દોહવા દેતી હતી ! આમ દૂધ આપનાર ગાય તથા દૂધની સેવા કરનાર ભક્ત તેમની કૃપાના સાચા અધિકારી બન્યા હતા.

આવી રીતે પવિત્રતા અર્થેના અનેકવિધ ક્રિયાત્મક વ્યવહારો 'શ્યામલ'માં જોઈ શકાતા હતા. અહીં તો માત્ર સ્મૃતિમાં રહેલ થોડાં જ ઉદાહરણોની નોંધ કરેલી છે.

**માનવ જીવનમાં (બ્રહ્મચર્યાત્મક) પવિત્રતાનું સ્થાન :**

પ્રભુશ્રી આ સમગ્ર સિદ્ધાંતની ફળશ્રુતિમાં એ જ સમજાવવા ઇચ્છતા હતા કે માનવજીવનમાં જેટલા અંશે બ્રહ્મચર્યાત્મક પવિત્રતાનું સ્થાપન થઈ શકે તેટલા અંશે લોકહૃદયમાં ઈશ્વરીય પ્રકાશ વધુ સારી રીતે આરૂઢ થઈ શકે. મનુષ્યમાત્રમાં એટલી સમજ શક્તિ છે કે તે જ્ઞાનયુક્ત સંયમ દ્વારા પવિત્રતા કેળવી શકવા સક્ષમ છે.

ગૃહસ્થ ભક્તોને શ્રી રામકૃષ્ણ ભગવાનનો ઉપદેશ યાદ અપાવી કહેતા, ''ગૃહસ્થોએ બે બાળકો પછી ભાઈ-બહેનની જેમ રહેવું જોઈએ. આ (પશુભાવ) છોડી પતિ-પત્નીએ સાથે રહી પરમાત્માની ભક્તિ કરવી જોઈએ.'' આ રીતે ગૃહસ્થ જીવનમાં સમજપૂર્વક સંયમ દ્વારા પવિત્ર રહેવું શક્ય છે જ, અને તો જ ગૃહસ્થ જીવનમાં સાચા સુખ, શાંતિ તથા સમૃદ્ધિની સુવાસ પ્રગટે.

ૐ

એવી જ રીતે સામાજિક જીવનમાં પણ જુદા જુદા ક્ષેત્રોમાં (બ્રહ્મચર્યાત્મક) પવિત્રતા અર્થે ભાઈઓ તથા બહેનો વચ્ચે શક્ય હોય ત્યાં મર્યાદિત અને જરૂર પૂરતો જ સંપર્ક કે વ્યવહાર સ્થાપિત કરવો જોઈએ. બહેનો તથા ભાઈઓ માટે શિક્ષણ તથા વ્યવસાયના અલગ-અલગ સ્થાન આધ્યાત્મિક દૃષ્ટિએ ઈષ્ટ છે જ. દા.ત. મહિલા કોલેજમાં માત્ર બહેનો જ હોવા જોઈએ. આમ કરવાથી પવિત્રતાની જાળવણી સહજ રીતે થઈ શકે છે. સામાજિક જીવનમાં ઉચ્ચ ચારિત્ર્ય નિર્માણ દ્વારા પવિત્રતાનું વાતાવરણ ઊભું કરી શકાય અને આવું પૂનિત વાતાવરણ જ આધ્યાત્મિકતાનું પૂરક - પ્રેરક બની શકે.

**ધાર્મિક ક્ષેત્રમાં તો બ્રહ્મચર્યાત્મક પવિત્રતાની અત્યંત આવશ્યકતા છે.** સમાજને આધ્યાત્મિકતાનું પ્રદાન તો ધાર્મિક સંસ્થાઓ દ્વારા જ થતું હોય છે. તેથી જ ધાર્મિક સંસ્થાઓ (આશ્રમ, મંદિર, મઠ, વગેરે)માં તો ભાઇઓ-બહેનો વચ્ચે સંપૂર્ણ મર્યાદા જળવાય તે અત્યંત જરૂરી છે. આ સંદર્ભમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સચોટ ઉપદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ આજ્ઞા આપી છે,

''સ્ત્રીઓની ભેગી સભા ભરવી નહીં, ભેગી કથાવાર્તા પણ કરવી નહીં, મંદિરમાં બેઉ માટે દર્શનના દ્વાર જુદા રાખવા, સાધુની દૃષ્ટિ પડે તે રીતે સ્ત્રીઓએ હરવું-ફરવું નહીં. સ્ત્રીઓની જગ્યામાં સાધુઓએ જવું નહીં.''*

તો આ પ્રમાણે આચરણથી જ ધર્મસ્થાનની પવિત્રતા જળવાઈ શકે છે. તેથી મહંતો, સંન્યાસીઓ કે ધર્માચાર્યોના નિવાસસ્થાનમાં બહેનોએ જવું બિલકુલ ઉચિત નથી. બહેનોના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે તેમના જુદા જ સત્સંગ મંડળો સ્થપાય તે જરૂરી છે. જાહેર દેવસ્થાનોમાં પણ ભાઈઓ-બહેનો માટે સંપૂર્ણ અલાયદી વ્યવસ્થા હોવી અત્યંત જરૂરી છે. તેમની બેઠક વચ્ચે પાર્ટીશન કે પડદો હોવો જ જોઈએ અને તેમના પ્રવેશ દ્વાર પણ જુદા જ હોવા જોઈએ.

---

૨૨. શ્રી સ્વામીનારાયણ કથામંગલ, લે. રમણલાલ સોની પા.નં. ૬૪(ઇ.સ.૧૯૭૯)

ૐ

પ્રભુશ્રી નિર્મિત સત્યયુગ શ્રી રામજી મંદિરમાં ભાઇઓ-બહેનો વચ્ચેની મર્યાદા જળવાય તે માટે ઉપર્યુક્ત રીતે વ્યવસ્થા કરાયેલ છે.

પ્રભુશ્રીએ જે સ્થાનોમાં અખંડધૂન શરૂ કરાવેલ ત્યાં ભાઈઓ અને બહેનો વચ્ચે મર્યાદા જાળવવા ખાસ સૂચન કરેલ હતું. તેમણે એક નિયમરૂપે ભાઈઓ-બહેનો વચ્ચે પડદો-પાર્ટીશન રાખવાની આજ્ઞા કરેલ હતી. તેમજ અખંડધૂનમાં ભાગ લેતી બહેનો માટેનો સમય સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો જ રાખેલ હતો. રાત્રિના બહેનોને ધૂનમાં આવવાની સ્પષ્ટ મનાઇ કરેલ હતી.

તેઓશ્રીએ (ભાઈઓ તથા બહેનો માટે) આદર્શ કીર્તનગૃહ (અખંડધૂન) કેવું હોવું જોઈએ તેનો પણ વ્યવસ્થિત નકશો આપ્યો હતો.

**સારાંશ :**

પ્રભુશ્રીના 'બ્રહ્મચર્યાત્મક પવિત્રતા'ના આ સિદ્ધાંતનો સાર એ જ છે કે **સમગ્ર જીવસૃષ્ટિમાં પરસ્પર વિજાતીય આકર્ષણની પ્રેરક શક્તિ અવિદ્યા-માયા છે, જે પશુઓ સહિત મનુષ્યોમાં પણ કામની પ્રેરક છે. આ શક્તિ બ્રહ્મ વિરોધિની છે, અને મનુષ્યોને સત્ય પરમાત્માથી હંમેશા દૂર રાખે છે. તેથી મનુષ્યોના સંયમયુક્ત જીવન દ્વારા જ (બ્રહ્મચર્યાત્મક) પવિત્રતાનું સ્થાપન શક્ય છે. આ પ્રમાણે પવિત્રતાનું પાલન એ આધ્યાત્મિક જીવનનો આધારસ્તંભ છે.** સ્વામી વિવેકાનંદે એટલે જ કહ્યું છે કે, ''કોઈપણ રાષ્ટ્રની સમૃદ્ધિનો માપદંડ તેમાં રહેલી આધ્યાત્મિકતા છે. માત્ર ભૌતિકતાથી કોઈ રાષ્ટ્ર વાસ્તવમાં સુખી થઈ શકે નહીં.'' અને પ્રભુશ્રી પણ કહેતા કે, ''માનવ જીવનનું કોઈ પણ કાર્ય સામાજિક દૃષ્ટિકોણથી નહીં પણ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી થવું જોઈએ. કારણ કે **આધ્યાત્મિકતા વગર સત્‌સુખ કે સત્‌શાંતિ મળી શકે નહીં.''** આમ આધ્યાત્મિકતાના સ્થાપન અર્થે સંપૂર્ણ મર્યાદાશીલ જીવન વ્યવહાર જ ઈશ્વર સાથેનો સ્થાયી સબંધ સ્થાપવામાં સહાયરૂપ થશે.

ॐ

## सुसत्यं वद सत्-धर्म चर

પ્રકરણ - ૯

# સત્યનું પાલન

માનવ જીવનમાં સત્યના પાલન પર પરમ પૂજ્ય પ્રભુશ્રીએ ખૂબ જ ભાર મૂક્યો છે. તેમની પાસે આવનાર સૌ કોઈ વ્યક્તિઓને તેમણે સત્યનું પાલન કરવા વિવેકપૂર્વક સમજાવ્યું હતું. સત્યનું પાલન આધ્યાત્મિક જીવન માટે તો અનિવાર્ય છે જ પણ દુન્યવી જીવનમાં પણ એટલું જ આવશ્યક છે. એકાંતમાં રહેતા સાધુ-સંતો તો સત્યનું પાલન સરળતાથી કરી શકે છે, પણ પ્રવર્તમાન સામાજિક જીવનના અટપટા અસત્-વ્યવહારો વચ્ચે રહીને સત્યનું પાલન કરવું એ ખૂબ જ કઠિન છે. અને તેથી જ શ્રી રામકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, **''સત્યનું પાલન એ કલિયુગની તપસ્યા છે.''** કલિયુગમાં બીજા બધા તપ કરતા સત્યનું પાલન કરવું એ જ મોટું તપ છે.

**સત્યપાલનનું મહત્વ :**

આધ્યાત્મિકતાના માર્ગે અગ્રેસર થવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષ માટે પ્રથમ તો સત્ય પાળવાનું વ્રત લેવું અનિવાર્ય છે, કારણ કે શ્રીરામકૃષ્ણ ભગવાને કહ્યું છે તેમ **સત્યના પાલન વગર ઈશ્વર પ્રાપ્તિ શક્ય નથી.** આધ્યાત્મિકતાના પાંચ સાધન-સિદ્ધાંતોમાં 'સત્ય' પ્રથમ છે. સત્ય ન પાળનાર ગમે તેટલા જપ-વ્રત-તપ કે દાન-પુણ્ય કરે તો પણ તેનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થઈ શકતું નથી જ. ઘણી વખત તો કોઇ અસત્કર્મ મનુષ્યના સઘળા જપ-તપનો નાશ કરાવી દે છે. ક્યા અસત્ કર્મનું કેવું અને કેટલું ફળ ભોગવવાનું થશે તે ચોક્કસ રીતે કહી શકાતું નથી. તેથી **સત્ય એ આધ્યાત્મિક જીવનનો પાયો છે.**

સત્ય પાળવું શરૂઆતમાં કઠિન તો છે, પરંતુ અંતમાં તે મીઠું-મધુરું બની રહે છે. વળી એ રીતે સત્ય પાળવાથી મનુષ્ય અસત્ કર્મોથી પણ બચી જાય છે.

ૐ

આ ઉપરાંત સત્યનું પાલન કરનાર વ્યક્તિ સામાજિક દૃષ્ટિએ પણ આદરપાત્ર બની રહે છે, કારણ કે વર્તમાનયુગના વ્યવહારો મહત્ અંશે અસત્ય પર આધારિત હોય ત્યારે સમાજમાં વિશ્વાસ મૂકવા માટે સત્ય પાળતી વ્યક્તિ જ એકમાત્ર આધાર રૂપ બને છે.

સત્યપાલનના બીજા પણ અસંખ્ય લાભો છે. જો કે સત્ય પાળનારને પ્રારંભમાં સહન પણ ઘણું કરવું પડે છે, પણ સમયાંતરે ક્રમશઃ સત્ (બ્રહ્મ)ની શક્તિ તેના જીવનમાં પ્રેરક બળ પણ આપતી રહે છે.

**સત્-અસત્ વચ્ચેની નિર્ણાયકતા :**

આ વિષે પ્રભુશ્રીએ સમજાવ્યું છે કે સત્યનો સંબંધ 'સત્' સાથે રહેલો છે. 'સત્'એ બ્રહ્મનો જ પર્યાય શબ્દ છે. તેથી સત્ (બ્રહ્મ) આધારિત જે કાંઈ આ જગતમાં રહેલું છે તે જ સત્ય છે. એટલે સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ આ પરથી થઈ શકે છે. બ્રહ્મનો સ્વભાવ અને સ્વરૂપ '**सत्परं चिद्घनं करुणात्मकं**' છે.* આવા બ્રહ્મ સાથે જે કંઈ વસ્તુ, વિષય કે મનુષ્ય રહેલા છે તેને જ સત્ય કહી શકાય. (અવિદ્યા-માયા અસત્નું સ્વરૂપ છે અને તેનું દરેક લક્ષણ બ્રહ્મના સ્વભાવથી વિરુદ્ધનું છે.)

પરંતુ માનવ જીવનના વ્યવહારોમાં સત્-અસત્નો નિર્ણય કેમ કરવો?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સમાજમાં 'સત્' આધારિત જે નીતિનું નિર્માણ થાય તે સત્-નીતિ બની રહે છે. આવી નીતિના આધાર પર મનુષ્યના જીવનના વ્યવહારોનું સંચાલન કરવા જે નિયમો, પદ્ધતિઓ, આચારો, કાયદાઓ બનાવવામાં આવે તેના આધાર પર સત્-અસત્ વચ્ચેનો નિર્ણય સરળતાથી થઈ શકે છે. પ્રભુશ્રીએ સત્ય પર આધારિત નીતિને 'ઋતનીતિ' કહી હતી. 'ઋત'નો અર્થ સત્ય થાય છે. આવી ઋત-નીતિ પર આધારિત નૈતિક-આધ્યાત્મિક નિયમોનો સમૂહ કે જેમાં સમાજ, કુટુંબ, શાસન એમ દરેક ક્ષેત્રે એ પ્રમાણે નિયમો ઘડવામાં આવે કે જેના

*આ બ્રહ્મની વ્યાખ્યાની સમજ પ્રકરણ – ૧૧ માં આપી છે.

આધારે સત્ય-અસત્ય વચ્ચેનો નિર્ણય સરળતાથી સહજ રીતે થઈ શકે, અને તે રીતે આધ્યાત્મિક દૃષ્ટિએ સમાજમાં સત્-સ્થાપન થઈ શકે.

**સત્યના પાલનનો સિદ્ધાંત :**

સત્યનું પાલન કરવા પ્રભુશ્રીએ જે સિધ્ધાંત સમજાવ્યો છે તેનો સંક્ષિપ્ત સાર નીચે પ્રમાણે છે.

**મન-વચન-કર્મ (વિચાર, વાણી અને વર્તન)થી સત્યનું પાલન :**

સત્યનું પાલન હંમેશા મન, વચન અને કર્મથી કરવું જોઈએ. એટલે કે વિચાર, વાણી અને વર્તન દ્વારા સંપૂર્ણપણે સત્યનું પાલન કરવું જોઈએ. દા.ત. પિતાની સંપત્તિ મેળવવાના આશયથી પુત્રે કરેલી સેવા એ વર્તનથી સત્ય છે પણ મનથી સત્ય નથી. આવી જ રીતે ઘણા દૃષ્ટાંતો આપી શકાય કે જેમાં વાણીમાં સત્ય હોય પણ વ્યવહારમાં ન હોય, અથવા મનથી સત્ય હોય તો વ્યવહારમાં અસત્ય હોય છે. સારરૂપે કહીએ તો **मनसा, वाचा, कर्मणा** એ ત્રણેથી સત્ય પાળીએ ત્યારે જ સત્યનું સંપૂર્ણ પાલન કર્યું કહેવાય. પ્રભુશ્રી વિરચિત પ્રાર્થનોપનિષદ આ સિદ્ધાંતનું સ્પષ્ટિકરણ આ રીતે આપે છે, ''મારા વાણી વિચાર તથા વર્તનમાં વિસંવાદિતા ન રહો, વિસંવાદિતા ન રહો.''

**ત્રણ પ્રકારના સત્યો : વસ્તુનિષ્ઠ, વચનનિષ્ઠ, વ્રતનિષ્ઠ :**

'વસ્તુનિષ્ઠ' સત્ય એટલે જે કોઈ વસ્તુ કે વિષયના સંદર્ભમાં જે પ્રમાણે જોયેલું હોય,જાણેલું હોય કે અનુભવેલું હોય, તે પ્રમાણે જ વ્યવહારમાં બીજાને કહેવું જોઈએ. તેથી વધારે કે ઓછું કહેવું તે અસત્ય છે. ઘણા લોકો પોતાની પ્રસિદ્ધિ અર્થે અથવા ભય-દબાણ કે સ્વાર્થથી પ્રેરાઈને વધારે કે ઓછું કહીને વાત કરતા હોય છે, જે અસત્ય છે.

'વચનનિષ્ઠ' સત્ય એટલે જે કોઈ વચન કોઈપણને આપલું હોય તો તેનું

ૐ

પાલન કોઈપણ ભોગે કરવું જ જોઈએ.વચન નાનું હોય કે મોટું પણ તે પાળવામાં પૂર્ણ નિષ્ઠા તો રાખવી જ જોઈએ. દા.ત. સામાન્ય વ્યવહારમાં કોઈને મળવાનો સમય આપેલ હોય તો તે નાનું વચન હોવા છતાં પાળવું જોઈએ. જો તે શક્ય ન હોય તો અગાઉથી તે વ્યક્તિને જાણ કરી દેવી જોઈએ. **વચન પાલનની અસમર્થતા માટે અગાઉથી જણાવી દેવાથી સત્ય ટકી રહે છે.** કેટલીક વખત એવું પણ બને કે વચન પાળી શકાય તેવી સ્થિતિ જ ન હોય. જેમ કે પગપાળા યાત્રામાં જવાનું વચન આપેલ હોય પણ પગમાં ઈજા થાય તો કેમ ચાલી શકાય ? આવા સમયે જેને વચન આપેલ હોય તેને સમયસર જણાવી દેવું જરૂરી છે.

'વ્રતનિષ્ઠ' સત્ય એટલે જીવનમાં જે કોઈ નાના-મોટા વ્રતો કે નિયમો પાળવાનો સંકલ્પ કરેલ હોય તો તેનું પાલન પૂર્ણપણે કરવું જોઈએ.આધ્યાત્મિકતામાં તો વ્રતો-નિયમોનું મહત્ત્વ વિશેષ છે. પરંતુ દુન્યવી જીવનમાં પણ નાના-મોટા નિયમોને પાળતા રહેવું જોઈએ.

નાના નિયમો પાળવાથી જ મહાવ્રતોના પાલનની દૃઢતા પ્રાપ્ત થાય છે.મહાવ્રતો જેવા કે સત્ય, અહિંસા, બ્રહ્મચર્યનું પાલન કોઈપણ કાળ-સ્થળે અખંડ રાખવાનું હોય છે, પરંતુ નિયમોમાં અપવાદ થઈ શકે છે. ઉદાહરણ તરીકે કઠિન યાત્રામાં અસત્ય તો ન જ બોલાય પણ પાણી ન મળે તો સ્નાન માટેનો નિયમ અપવાદરૂપ થઈ શકે છે.

ઉપર્યુક્ત ત્રણે પ્રકારના સત્યોનું પાલન 'સત્યવ્રત' માટે તદ્દન અનિવાર્ય છે.

**ત્રણ સત્યો - ગુણાત્મક દૃષ્ટિએ :**

સત્યના ગુણાત્મક સ્તરની દૃષ્ટિએ પ્રભુશ્રીએ ત્રણ વિભાગ દર્શાવ્યા છે, જેમાં આધ્યાત્મિક સત્ય, નૈતિક સત્ય અને ભૌતિક સત્યનો સમાવેશ થાય છે.

જે સત્ય પરમાત્મા કે તેના સંબંધમાં રહેલું છે તે 'આધ્યાત્મિક સત્ય' છે અને

ૐ

તે સૌથી ઉચ્ચ પ્રકારનું સત્ય છે જ્યારે આધ્યાત્મિકતાને અનુસરતી નીતિના આધાર પર રહેલ સત્ય એ 'નૈતિક સત્ય' છે. તેથી નૈતિક મૂલ્યો એ વ્યવહારમાં માનવજીવનના ઉચ્ચ કર્તવ્યરૂપ છે. દૃષ્ટાંતરૂપે જોઈએ તો માતા-પિતાની સેવા કરવી, વડીલોને આદર આપવો, દુઃખીને સહાય કરવી, વગેરે. દુન્યવી જીવનના વ્યવહારોમાં જે સત્ય પાળવાનું હોય છે તે 'ભૌતિક સત્ય' છે. જેમાં આર્થિક વ્યવહારો, માન્ય કાયદાનું પાલન, નોકરી વગેરે દુન્યવી ફરજોનો સમાવેશ થઈ જાય છે.

ઉપર્યુક્ત ત્રણે પ્રકારના સત્ય પાલનનું મહત્ત્વ સરખું જ છે. ત્રણે પ્રકારના સત્યનું મનુષ્યે સંપૂર્ણ પાલન કરવું જોઈએ. પરંતુ જ્યારે અગ્રતાક્રમ આપવાનો પ્રશ્ન ઉદ્ભવે ત્યારે પ્રથમ આધ્યાત્મિક સત્ય, ત્યાર પછી નૈતિક સત્ય અને છેલ્લે ભૌતિક સત્યને અનુસરવું જોઈએ.

આધ્યાત્મિક સત્યના પાલન અર્થે પ્રભુશ્રીએ સૂચવેલા પાંચ સાધનમાં એક 'સત્-કર્તવ્ય' છે. આમ ઈશ્વર પ્રત્યેના કર્તવ્યને જ પ્રભુશ્રીએ માનવ જીવનમાં અગ્રસ્થાન આપેલ છે. ભગવાન શ્રી રામકૃષ્ણદેવે યથાર્થ કહ્યું છે, **'ઈશ્વર પ્રાપ્તિ જ માનવજીવનનો ઉદ્દેશ છે.'**

**સત્યનો પ્રતિનિધિ : પરિપાલન, અવલોકન, સંશોધન, પ્રસરણ તથા સંરક્ષણ**

જે કોઈ વ્યક્તિ તેના જીવનમાં સત્ય પાળવાનો સંકલ્પ એટલે કે સત્યનું વ્રત ધારણ કરે ત્યારે તે સત્યનો 'પ્રતિનિધિ' બને છે. આવા સત્યના પ્રતિનિધિનું કર્તવ્ય પ્રભુશ્રીએ સારી રીતે સમજાવ્યું છે.

સત્યના પ્રતિનિધિએ તેના વ્યક્તિગત જીવનમાં તો સત્યનું સંપૂર્ણ પાલન કરવું આવશ્યક છે, પરંતુ તેટલું જ પર્યાપ્ત નથી. તેણે અન્ય લોકોને પણ 'સત્ય' સન્મુખ કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. વધુમાં વધુ લોકો સત્ય પાળતા થાય તેવા તેના સંનિષ્ઠ પ્રયત્નો હોવા જોઈએ.

ૐ

આ સંદર્ભમાં સત્ય શોધવા માટે જીવનમાં અવલોકન કરતા રહેવું જોઈએ. **કોઈપણ વસ્તુ કે વિષયમાં અવલોકન કરતા રહેવાથી તેમાં રહેલ સત્યનું સંશોધન થઈ શકે છે.** ત્યાર પછી જે સત્યનું સંશોધન કર્યું હોય તેના સ્પષ્ટ તારણો લોકો સમક્ષ મૂકવા જોઈએ. તે માટે વ્યવસ્થિત રીતે, ઉચિત માધ્યમ (Media) દ્વારા, વધુમાં વધુ લોકો જાણે તે રીતે તેનું પ્રસારણ કરવું જોઈએ.

આ સાથે 'સત્ય'નું સંરક્ષણ પણ એટલું જ જરૂરી છે. સંશોધિત થયેલ અથવા અસ્તિત્વમાં રહેલ સત્યનું કોઈ ખંડન કરી તેને અસત્ય રૂપે ખપાવવા પ્રયાસ કરે ત્યારે સત્યના પ્રતિનિધિએ તેનું સંરક્ષણ કરવાનું કર્તવ્ય છે.

**કોઈપણ સનાતન સિદ્ધાંત કે સત્ય હકીકતના ખંડન સામે તેનું યોગ્ય રીતે સંરક્ષણ કરવામાં ન આવે તો લાંબા ગાળે તે અસત્ય જ સત્ય બની જાય છે. ધર્મના ક્ષેત્રમાં તો આવા અનેક અસત્યો સત્યનું રૂપ ધારણ કરી આજે પણ સાચા ધર્મની વચ્ચે આવીને ઊભેલા છે અને મનુષ્યોને પરમાત્માના સત્યજ્ઞાનથી વિમુખ રાખેલ છે.** દા.ત. બલિપ્રથા, અબ્રહ્મચર્યાત્મક ક્રિયાવિધીઓ, વગેરે.

એ જ રીતે સત્યનું પાલન કરતી વ્યક્તિને તેના પાલનમાં સહાયક થવું એ પણ સત્યના સહાયક રૂપે મહત્ત્વનું કાર્ય છે. હવે ઉપર્યુક્ત સંપૂર્ણ સિદ્ધાંત સ્પષ્ટ રીતે સમજવા માટે એક દૃષ્ટાંત જોઈએ.

સત્ય પાળનાર વ્યક્તિને જાણવામાં આવે કે માંસાહાર દરેક રીતે અયોગ્ય જ છે તો (જો તે માંસાહાર કરતો હોય તો) તેને તુરત બંધ કરી દેવો જોઇએ. પણ તે સાથે માંસાહાર કરતા લોકોનું અવલોકન પણ કરતાં રહેવું જોઈએ, અને પછી તેમાંથી જે સત્ય પ્રાપ્ત થાય તે (સંશોધન) લોકો સમક્ષ મૂકવું જોઈએ. માંસાહારથી થતી હાની જેવી કે શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક તથા આધ્યાત્મિક દૃષ્ટિએ લોકો સમક્ષ યોગ્ય માધ્યમ (વર્તમાન પત્ર, ટી.વી., વગેરે) દ્વારા મૂકવા જોઈએ. એ રીતે સત્યનું પ્રસારણ કર્યા પછી જો કોઇ તેનો વિરોધ કરી તેને ખોટો

સાબિત કરવા પ્રયત્ન કરે તો તેનો યોગ્ય માર્ગે પ્રતિકાર કરવો જોઈએ અને એ રીતે તેનું સંરક્ષણ પણ કરવું જોઈએ.

**અસત્યનો પ્રતિકાર પણ સત્યના માર્ગે જ થવો જોઈએ તેમાં હિંસા કે દ્વેષ કદાપિ ન હોવા જોઈએ પ્રતિકારના અંતિમ ઉપાયરૂપે પ્રભુશ્રીએ 'પ્રાર્થના અને સમજાવટ'ના માધ્યમને ઉત્તમ સાધન કહ્યું છે.**

**સત્યના પાલક માટે આવશ્યક સદ્‌ગુણો :**

સત્યના પ્રતિનિધિ માટે પ્રભુશ્રીએ કેટલાક આવશ્યક સદ્‌ગુણો બતાવ્યા છે, જે સત્યનું પ્રતિનિધિત્વ કરનારને ઘણા જ ઉપયોગી છે.

સત્ય-પાલક વ્યક્તિમાં શ્રદ્ધા, નિષ્ઠા અને પ્રિયતા પૂર્ણ રીતે હોય તો જ તે સફળ પ્રતિનિધિ થઈ શકે છે.

**'સત્યનું પાલન કોઈ પણ ભોગે કરવું જ છે' એવો દૃઢ વિશ્વાસ એ જ સત્ય નિષ્ઠા છે. જ્યારે 'સત્યનું પાલન કરીશ તો મને સત્-શક્તિ સહાય કરશે જ' આવો મનોભાવ એ સત્યમાં અટલ શ્રદ્ધા છે.** આમ અંતઃકરણપૂર્વક શ્રદ્ધા અને નિષ્ઠા સત્ય માટે રહેલ હોય તો જ તે વ્યક્તિ સત્યનું સારી રીતે પાલન કરી શકે છે.

આ સાથે 'સત્યપ્રિયતા' એટલે કે સત્ય પ્રિય લાગવું જોઈએ. જો સત્યપ્રિયતા નહીં હોય તો સત્ય પાળવું એક બોજારૂપ બની જાય છે.

સત્ય પાળનારે અન્ય લોકો કે જેઓ જીવનમાં ખોટું કરે છે તેમના પ્રત્યે દ્વેષ કે ઘૃણા ન રાખવા જોઈએ, પણ તેમને સત્યના ઈષ્ટ માર્ગે વાળવા તેમના પ્રત્યે નમ્રતા, સરળતા અને પ્રેમભર્યો વ્યવહાર કરવો જોઈએ. બિનજરૂરી વિવાદ કે સંઘર્ષને સ્થાને (ન્યાયયુક્ત સત્ય આધારિત) સમજાવટ દ્વારા શુદ્ધ સંવાદ રચવો જોઈએ. પોતે 'સત્યવાદી' છે તેવો મિથ્યાડંબર કે અહમ ક્યારેય રાખવો જોઈએ નહીં. તેમજ પોતે સાચો છે એટલે ક્રોધ પણ કરવો જોઈએ નહીં. **કડવું સત્ય પણ મધુર શબ્દોમાં કહેવું જોઈએ.** પ્રભુશ્રીએ **'सुसत्यं वद सध्धर्म चर'** સુવાક્યમાં

ૐ

'સુસત્ય' સારી રીતે સમજાવેલ છે.

''..... સુ-સત્યં તો રજમાત્ર દ્વેષ વિનાનું, પરમ હિતકારી પ્રિયપણે કહેલ, સાધ્ય-સાધનની વિસંવાદિતા વિનાનું, સનૈતિકતા તથા આધ્યાત્મિકતા સાથે સીધો સંબંધ ધરાવતું.... તત્ત્વ દૃષ્ટિએ ગહન તેમજ દીર્ઘદૃષ્ટિ તથા વિચારશીલતા પર અવલંબતું....''

**પ્રભુશ્રીના જીવનમાં સત્ય-પાલન :**

**પ્રભુશ્રીનું જીવન એટલે સત્યના સિદ્ધાંતનું સંપૂર્ણ દર્શન.** સત્યને યથાર્થ રીતે સમજવું હોય તો પ્રભુશ્રીના જીવનનો અભ્યાસ, ચિંતન અને મનન કરવાથી સમજી શકાય છે. તેમણે મન, વચન અને કર્મથી સત્યના સિદ્ધાંતનું સૂક્ષ્માતિત પાલન કર્યું હતું. **વ્યવહારમાં સત્ય કેટલી ઊંચાઈ સુધી કઈ રીતે પાળી શકાય છે તે તેમણે પ્રત્યક્ષપણે દર્શાવ્યું હતું.** આ પ્રમાણે માત્ર સિદ્ધાંત જ આપ્યો ન હતો પણ તેની વ્યવહારિક ભૂમિકાને પણ સુસ્પષ્ટ કરી હતી. તેથી તેમનું આચરણ એ જ સત્યના સિદ્ધાંતનો સર્વોચ્ચ આદર્શ હતો, પૂર્ણ માપદંડ હતો.

તેમના નિજ જીવનમાં કેટલાય સિદ્ધાંતો-નિયમોનું પાલન કરતા હતા. આધ્યાત્મિકતામાં નિયમ પાલનનું મહત્ત્વ સવિશેષ હોવાથી અકલ્પ્ય કષ્ટ સહન કરીને, પ્રત્યેક નિયમોનું નિયમિતપણે પૂર્ણ પાલન કરતા. **તેઓશ્રીએ ક્યારેય કોઈપણ નિયમમાં સહેજ પણ બાંધછોડ કરી ન હતી.** સત્ય અર્થેની ઘણી બાબતો તો પોતાની રીતે જ પાળતા હતા. કોઈને તેનો ખ્યાલ પણ આવતો નહીં. પરંતુ કોઈ વખત પૂછવામાં આવતું ત્યારે જ તેની સ્પષ્ટતા કરતા હતા.

નિજ જીવનમાં સંપૂર્ણ સત્ય-પાલનથી મુખ્યત્વે આર્થિક બાબતોમાં તેઓશ્રીને વિશેષ સહન કરવું પડ્યું હતું. તેમના જીવનમાં સત્યની આવક જ સ્વીકાર્ય હતી અને તેથી સત્ય પાળતી વ્યક્તિ પાસેથી જ કેટલીક મર્યાદા સાથે રકમ લઈ શકતા હતા. આમ જોઈતી રકમ સરળતાથી મળી શકતી નહીં, અને તેથી

ૐ

હંમેશા તેમને આ માનસિક-તપ થતું રહેતું. આ સાથે અસત્-કર્મની શુદ્ધિ અર્થે અથવા અપવિત્ર હોવાથી કે અન્ય કારણે કાર્યાર્થેની મૂલ્યવાન વસ્તુને પણ જળમાં વિસર્જીત કરી દેવી પડતી હતી. તેથી ફરીથી નવી વસ્તુ મંગાવવા આર્થિક ભોગ આપવાનો થતો હતો. આ પ્રમાણે સત્ય પાલન દ્વારા પ્રભુશ્રીને જે સહન કરવું પડેલ તે ભાગ્યે જ અન્ય કોઈને થયું હશે!*

પ્રભુશ્રી કોઈપણ વ્યક્તિને 'સત્ય' કહેવામાં ભય કે સંકોચ રાખતા નહીં. યોગ્ય વ્યક્તિને, ઉચિત સમયે જે સત્ય જણાવવું આવશયક લાગે ત્યારે તેને બોલાવી મધુર શબ્દોમાં જણાવી દેતા હતા. આથી તેમની ઘણી નિકટની વ્યક્તિને દુઃખ થતું હતું. અને તેથી તેઓ ભાવવિમુખ થઇ પ્રભુશ્રીથી દૂર થઇ જતા હતા. આ કારણસર પ્રભુશ્રીને તેમના અવતારી કાર્યમાં વિક્ષેપ થતો હતો. પ્રભુશ્રીનું કાર્ય જ 'સત્-સંસ્થાપન' હતું તેથી જે સત્ય હોય તે કોઈને કહે નહીં તો પછી કાર્ય કેવી રીતે થઈ શકે ? **આમ અંતરથી અનુભવાયેલ કોઈપણ 'સત્ય' પછી તે વ્યક્તિગત હોય કે જાહેરજીવનનું હોય પણ તે હંમેશા સુસ્પષ્ટ કરી દેતા હતા.** આવી રીતે ધર્મ કે અન્ય ક્ષેત્રની મહાન વ્યક્તિઓની ક્ષતિઓ પણ તેમણે અંતરંગ ભક્તો સમક્ષ પ્રસંગોપાત સ્પષ્ટ કરી હતી.

આધ્યાત્મિક સત્ય સાથે દુન્યવી જીવનના સત્યો કે જેમાં કાયદા વગેરેનો સમાવેશ થાય છે તેનું પાલન પણ એટલું જ મહત્ત્વનું છે. તેથી પ્રભુશ્રી માન્ય કાયદાનું પણ સંપૂર્ણ પાલન કરતા હતા, અને સાથે રહેતા ભક્તોએ કાયદા પાલનમાં સામાન્ય ભૂલ કરી હોય તો તેને ઠપકો આપી યોગ્ય પ્રાયશ્ચિત અવશ્ય કરાવતા હતા. દા.ત. ભક્તે ખોટી બાજુ (Wrong Side)થી વાહન ચલાવ્યાનું જાણે તો તેવી નજીવી બાબતમાં પણ તેને પુનઃ ત્યાં મોકલી સાચા રસ્તેથી ફરીથી આવવાનું કહેતા હતા.

આમ સત્ય પાલનમાં નાની-નાની બાબતોની પણ એટલી કાળજી રાખતા કે પ્રસંગોપાત વાતચીત દરમ્યાન કહેવામાં સહેજે ભૂલ થઈ ગઈ હોય તો પછીથી યાદ

*ભગવાનની સેવા અર્થે કિંમતી વસ્ત્રો મંગાવ્યા પછી જો નીચે જમીન પર પડી જાય તો તેનું વિસર્જન કરી દેવું પડતું હતું.

ૐ

આવતા તેની સ્પષ્ટતા અચૂક કરી લેતા હતા. તેમના અંગત જીવનની ભૂતકાળની નાની એવી ભૂલને પણ કદી છુપાવતા નહીં.

સંક્ષિપ્તમાં કહીએ તો તેઓશ્રીની સમક્ષ જે સત્ય મનમાં પ્રગટ થાય તેનો યોગ્ય રીતે અમલ કરતા હતા. (જો કે તેમને ઉદ્‌ભવતો વિચાર જ એક 'સત્ય' બનીને રહેતો હતો, કારણ કે તેમની પ્રજ્ઞા જ પૂર્ણ સત્યને વરેલી હતી.) કોઈ સ્વાભાવિક વાત પણ પછીથી તેમના કાર્ય વ્યવહારમાં જોઈ શકાતી હતી.

**સાથે રહેતા ભક્તોના સદ્‌ગુણો કે નબળા ગુણોને વ્યક્તિગત કે જાહેરમાં કહેતા હતા.** એકાદ સદ્‌ગુણને પણ ઘણા ભક્તો સમક્ષ કહી આનંદ અનુભવતા હતા. જો કે કોઈના દુર્ગુણ માટે તેમને દુઃખ પણ થતું હતું.

**સત્યપાલન અર્થે વ્યવહારિક ઉપદેશ :**

સત્યપાલનમાં ઊભી થતી વ્યવહારિક ગૂંચવણો સંબંધે પ્રભુશ્રી પ્રસંગોચિત ઘણું જ ઉપયોગી માર્ગદર્શન આપતા હતા.

**પ્રભુશ્રી દુન્યવી કાયદાઓના પ્રખર અભ્યાસી હતા. અને ન્યાયશાસ્ત્રનું તો ખૂબ ઊંડું જ્ઞાન ધરાવતા હતા. આ સાથે 'પરમ સત્ય'ને આત્મસાત્ કરેલું હોવાથી સત્ય-પાલનની વ્યવહારિક ગૂંચવણોનું નિવારણ કેમ કરવું તે સારી પેઠે જાણતા હતા.** ભક્તો કે અન્ય દર્શનાર્થી આ સંદર્ભમાં પૂછતા ત્યારે સત્યને અનુરૂપ તર્કબદ્ધ અને બુદ્ધિગમ્ય રીતે તેનો ઉત્તર આપતા હતા.

તેઓશ્રીએ કહેલી અથવા બોધેલી વ્યવહારિક બાબતોમાંથી કેટલાક મનનીય મુદ્દાઓ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

જ્યારે કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ તમને પ્રશ્ન પૂછી તેનો 'હા' કે 'ના' માં જવાબ માંગે ત્યારે સરળ 'સત્યપાલક' વ્યક્તિ મૂંઝાઈ જાય છે. ત્યારે તેના જવાબમાં સ્પષ્ટ કહી દેવું જોઈએ કે, 'તમારા પ્રશ્નનો હું જવાબ આપવા માંગતો નથી.' (તમારા દરેક પ્રશ્નના જવાબ આપવા હું બંધાયેલ નથી.) વળી ઘણીવાર

ૐ

મૌન રહેવું પણ ઉચિત જ હોય છે. દ્વિધાત્મક, બિનજરૂરી અને સત્ય સાથે સંબંધ ન હોય તેવા પ્રશ્ન પૂછી સત્યપાલક વ્યક્તિને મૂંઝવતા હોય છે. આ પ્રસંગે મૌન રહેવું જ ઉચિત છે. તેમાં સત્યપાલનનો ભંગ થતો નથી. **પણ જ્યારે મૌન રહેવાથી 'સત્ય'ને નુકસાન થતું હોય ત્યારે તેને પ્રગટ કરી દેવું જ યોગ્ય છે.**

- સત્યના પાલનમાં કોઈ અપવાદ હોઈ શકે નહીં. સત્યનું પાલન સંપૂર્ણ હોવું જોઈએ, જેમાં અર્ધસત્ય કે અસ્પષ્ટ હોવું પાલવે નહીં.
- કરુણાને લીધે કે કોઈનું ભલું કરવા અર્થે અસત્યનો આશ્રય લઇ શકાય નહીં. કોઈ શુભ કાર્ય પણ સત્યથી જ થવું જોઈએ. સંક્ષિપ્તમાં કહીએ તો સત્યના ભોગે કરુણા કે દયાના કાર્ય કરી શકાય નહીં.
- નાના બાળકો પાસે પણ અસત્ય બોલવું જોઈએ નહીં. બાળકને આપેલ નાનુ વચન પણ પાળવું જોઈએ.
- હાસ્ય વિનોદ કે ગમ્મત અર્થે પણ અસત્ય બોલવું જોઈએ નહિ. આનંદ નિર્દોષ હોવો જોઈએ. ખોટું બોલીને કોઈને હસાવવા કે આનંદ આપવો યોગ્ય નથી.
- જીવનમાં જે સત્ય પાળે છે તેનું જ ધન કે સંપત્તિ આધ્યાત્મિક શ્રેય કરનાર છે. અસત્યનું ધન આધ્યાત્મિકતાના સંદર્ભમાં ઉપયોગી થઈ શકતું નથી.
- એક જ મનુષ્યના જીવનમાં સત્યની અને અસત્યની એમ બંને આવકને જુદી પાડી શકાય નહીં.
- જીવનમાં જે સત્ય પાળતા નથી તેનું તે ધન કે સંપત્તિ અન્યને આપે ત્યારે આપનાર વ્યક્તિના અસત્ કર્મો પણ તેની સાથે લેનાર વ્યક્તિ પર આવે છે.
- નાના બાળકો તથા મૂંગા જીવોને અસત્યનું અન્ન ખાવાથી કે આપવાથી અસત્-કર્મો તેને સ્પર્શતા નથી. (કારણ કે તેને સત્-અસત્ના વિવેકની સમજ હોતી નથી.)
- મનુષ્ય સત્યપાલનનું વ્રત લે પછી જ તેની સંપત્તિ આધ્યાત્મિકતામાં શ્રેય

ૐ

કરનાર બને છે, કારણ કે ત્યાર પછીથી જ તેના ભૂતકાળના સમગ્ર કર્મોના શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ થાય છે. (એટલે કોઈ મનુષ્ય એક વખત ઘણું અસત્ય કરી પુષ્કળ ધનની પ્રાપ્તિ કરી લે અને પછી સત્યપાલનનો નિર્ણય કરે તો તેથી તેના ભૂતકાળના કર્મોનો નાશ થતો નથી, પણ સત્ય પાળવાથી તે સત્-શક્તિ જ તેના ધનના યોગ્ય ઉપયોગ વડે અસત્ કર્મો શુદ્ધ કરી દે છે.)

- અયોગ્ય સમયે અને સ્થાને બિનજરૂરી, વિવાદાસ્પદ પ્રશ્ન કે જેમાં સંઘર્ષની શક્યતા હોય ત્યાં સાચું સત્ય પણ જણાવવું હિતાવહ નથી. ત્યારે બને ત્યાં સુધી મૌન જ પાળવું જોઈએ.
- સત્યપાલનનું વ્રત લેનાર એકાદ-બે વખત ભૂલ થાય તો ઈશ્વરની ક્ષમા માંગી શકે, પણ વારંવાર સત્ય ભંગ કરતા રહેવાથી વ્રત અખંડ રહેતું નથી.

સારાંશમાં કહીએ તો પ્રભુશ્રીનું કાર્ય પ્રયોજન સત્-સંસ્થાપન હતું અને તેથી જ તેઓશ્રી સત્ય પાલનના સિદ્ધાંતમાં આટલા ઊંડાણ સુધી ગયા હતા. લોકો માટે તેમનો સિદ્ધાંત એક કલ્પના નહીં પણ વાસ્તવિકતા બની રહે તે હેતુથી જ તેની પ્રત્યેક આવશ્યકતાઓને સ્વઆચરણથી જ પરિપૂર્ણ કરી હતી. આ પ્રમાણે તેમના જીવન અને કાર્યના સુમેળનું દર્શન તેમના 'સત્ય'ના સિદ્ધાંતમાં વ્યક્ત થયેલ છે, અને તેથી જ સ્તો **તેઓશ્રી 'સત્યયુગાવતાર' તરીકે ઓળખાયા છે.**

**સત્યના પાલનથી તત્કાળ જે સહન કરવાનું થશે તેના કરતા અસત્યથી ભવિષ્યમાં અનેક ગણું વધુ સહન કરવાનું થશે.**

**- શ્રી સત્ ચિત્ આત્મન્ ભગવાન**

ॐ

**જ્યાં સત્-સંકલ્પ છે, ત્યાં ઉચ્ચ સિદ્ધિ અવશ્ય છે.**

પ્રકરણ - ૧૦

# પૂ. પ્રભુશ્રીની આધ્યાત્મિક શક્તિઓ

સત્યયુગ પ્રવર્તક શ્રી આત્મન્ ભગવાન



**જય જય સત્, સુગુણ સાકાર;**
**ચૈતન્ય નિર્ગુણ, નિરાકાર;**
**આનંદ, અખંડ, નિર્વિકાર;**
**આત્મન્, અવિદ્યા, માયા પાર;**
**વિષ્ણો, વિમલવિશ્વ-આધાર!**

ૐ

આપણે જોઈ ગયા કે પ્રભુશ્રી તેમના જીવનમાં કોઈ પણ ચમત્કાર કે સિદ્ધિઓથી સંપૂર્ણપણે દૂર રહ્યા હતા. તેઓશ્રી આધ્યાત્મિક માર્ગમાં આ બધાને માત્ર અવરોધક નહીં પણ એક અનિષ્ટ સમજતા હતા. **ભગવાન શ્રી રામકૃષ્ણદેવે તો સિદ્ધિઓને 'વિષ્ટાતુલ્ય' કહી છે.** એથી જ સ્તો બ્રહ્મપુરુષો હંમેશા સિદ્ધિઓથી દૂર રહેતા હોય છે. પરંતુ આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં પ્રાર્થના દ્વારા ઈશ્વરકૃપાથી સહજક્રમમાં આવી ઘટનાઓ બનતી રહેતી હોય છે.

વાસ્તવમાં ચમત્કારો તો માયા-અવિદ્યામાયાના ઉપાસકો તેમની સિદ્ધિ દ્વારા પ્રદર્શિત કરતા હોય છે. તેઓ તેમની સિદ્ધિ દ્વારા અશક્યને શક્ય બનાવી, કર્મના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરી, પ્રકૃતિના નિયમોમાં હસ્તક્ષેપ કરતા હોય છે. જ્યારે સત્-પુરુષો તો જીવાત્માના આત્મકલ્યાણ અર્થે પ્રાર્થના શક્તિ દ્વારા શક્ય તેટલા સહાયભૂત થતા હોય છે. એટલે પરમાત્મા તેમની અપાર કરુણા થકી પ્રાર્થનાના ફળ સ્વરૂપે જે કંઈ કૃપા કરે છે તે ચમત્કારી સ્વરૂપનું લાગે છે. પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં આ એક સાહજિક બાબત છે. પ્રભુશ્રીની જીવનલીલામાં આવી તો અસંખ્ય ઘટનાઓ બનેલી હતી.

**પ્રાર્થના :**

પૂ. પ્રભુશ્રીની આધ્યાત્મિક શક્તિ મુખ્યત્વે પ્રાર્થનાની શક્તિ રૂપે જોવા મળેલ હતી. પ્રાર્થના એ તેમનું મુખ્ય આધ્યાત્મિક સાધન હતું. કોઈ પણ વિશેષ કે પ્રાસંગિક કાર્યમાં સૌ પ્રથમ પરમાત્માને પ્રાર્થના જ કરવાનું તેઓશ્રી ઉચિત માનતા હતા.

પ્રાર્થના વિષે તેઓશ્રીએ સમજાવ્યું છે કે તે નિષ્કામતા આધારિત શુભ હેતુ અર્થે જ કરવી જોઈએ. તે સાથે શુદ્ધ હૃદયની પ્રાર્થના શીઘ્ર ફળદાયી બને છે. પ્રાર્થનાની અસરકારતા અર્થે પવિત્ર તપ પણ હોવું જરૂરી છે. આમ, **શુદ્ધ હૃદયની શુભ અને નિષ્કામ પ્રાર્થના ત્વરિત ફળ આપનાર છે અને તેની શક્તિ પણ અમાપ છે.**

વધુમાં એ પણ સમજવું જરૂરી છે કે પ્રાર્થના કર્યા પછી તેમાં અપેક્ષિત

ૐ

પરિણામની ધારણા રાખવી યોગ્ય નથી, કારણ કે પરમાત્મા તો કરુણામય છે તેમજ સર્વજ્ઞ પણ છે. તેથી જેમાં વધુમાં વધુ મનુષ્યનું આત્મિક શ્રેય રહેલું હોય તે રીતે (દીર્ઘ દૃષ્ટિથી) પ્રાર્થનાનું ફળ આપે છે. દૃષ્ટાંત તરીકે બીમાર વ્યક્તિ માટે દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરીએ ત્યારે પરમાત્માને યોગ્ય લાગે તો આયુષ્ય આપે, પણ જો તે વ્યક્તિને વધુ જીવન આપવાથી તે વધુ કર્મબંધનથી બંધાવાનો હોય કે વધુ પીડાઓથી રીબાવાનો હોય તો પછી તેને સદ્‌ગતિ આપે છે. પણ આ બધું તો માત્ર પરિબ્રહ્મ પરમાત્મા જ જાણતા હોય છે. તેથી જ **પ્રાર્થનામાં પરમાત્મા પાસે કોઈ જીદ તો ન જ કરવી જોઈએ.**

**પ્રલયાત્મક આપત્તિમાં પ્રાર્થના :**

પ્રભુશ્રીની પ્રાર્થનાની શક્તિ વ્યાપક રીતે પ્રલયાત્મક આપત્તિઓને અટકાવવામાં જ પ્રયોજાયેલ હતી. ઈ.સ. ૨૦૦૦ સુધી જગત પર પ્રલયની મહાઆપત્તિની સંભાવના જોતા તેમની સમગ્ર શક્તિને (અખંડધૂનના રૂપમાં) પ્રાર્થના દ્વારા પ્રલયાત્મક આપત્તિને અટકાવવામાં જ કેન્દ્રિત કરી હતી. તેમના સંદર્ભમાં લખાયેલ સંહિતાઓમાં પણ પ્રલયાત્મક આપત્તિઓમાં પ્રાર્થનાનો જ આશ્રય લેવાનું સૂચન હતું. તેથી જ તેઓશ્રી નિત્યની સામૂહિક પ્રાર્થના સાથે જ્યારે પણ જગતના કોઈ પણ ભાગમાં અઘટિત થવાના સમાચાર (રેડિયો કે અખબાર દ્વારા) જાણતા કે તરત જ વિશેષ સામૂહિક પ્રાર્થના કરાવતા હતા. વાવાઝોડા જેવી ગંભીર આપત્તિઓના સમાચાર મળતા ત્યારે રાત્રિના બે વાગ્યે પણ ભક્તોને નિદ્રામાંથી જાગૃત કરી સામૂહિક પ્રાર્થના કરાવતા હતા. આવી રીતે અસંખ્ય વખત કરાયેલી પ્રાર્થનાનું તત્કાળ શુભ પરિણામ પણ જોઈ શકાયેલ હતું. (આવી સફળ પ્રાર્થનાઓની વ્યવસ્થિત નોંધ થઈ શકેલ નથી પણ કેટલીક 'પ્રલયનિવારણ' પુસ્તિકામાં આપેલી છે.) તેઓશ્રીની ઉપર્યુક્ત પ્રાર્થના શક્તિના સમર્થનરૂપે એક ઉદાહરણ જોઈએ.

ઈ.સ.૧૯૭૯ની ૧૨મી જૂને અમેરિકાના વૈજ્ઞાનિકોએ જાહેર કરેલું કે કૃત્રિમ ઉપગ્રહ 'સ્કાયલેબ' તેની ભ્રમણ કક્ષામાંથી નીકળી જતા તેના અવશેષો એક

ૐ

માસ પછી પૃથ્વી પર કોઈપણ સ્થાને પડશે. પ્રભુશ્રીને આ બાબત જાણવામાં આવતા તે અર્થે પ્રાર્થના કરાવેલ હતી. તે ઉપગ્રહના અવશેષ પડવાના બે ચાર દિવસ અગાઉ તો સમગ્ર વિશ્વ ચિંતિત હતું, કારણ કે માનવ વસ્તી પર પડે તો ઘણું નુકસાન થવાની શક્યતા હતી. દરમ્યાન પ્રભુશ્રીએ જ્યારે પ્રાર્થના કરાવેલ ત્યારે તેના પ્રત્યુત્તરમાં એક ભક્તને એવું દર્શન થયેલ કે તે 'સ્કાયલેબ' કોઈ સમુદ્રમાં પડી રહ્યું હતું. અને વાસ્તવમાં નિયત સમયે તા-૧૧-૭-૭૯ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે ઓસ્ટ્રેલિયા પાસેના સમુદ્રમાં પડ્યાના સમાચાર મળેલા હતા.

આમ પ્રાર્થના થકી જાનમાલનું વ્યાપક નુકસાન નિવારી શકાયું હતું. વળી પ્રાર્થનાના જ પ્રત્યુત્તર રૂપે 'સ્કાયલેબ' પડ્યા પહેલા આગામી તેનું દર્શન થયું હતું. પ્રાર્થના શક્તિના સામર્થ્યનો આ પ્રત્યક્ષ પુરાવો જ હતો ને !

પ્રભુશ્રીએ પ્રવર્તિત કરેલ બ્રહ્મમંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' પણ વ્યષ્ટિ-સમષ્ટિના કલ્યાણની એક સ્વરૂપની પ્રાર્થના જ છે. એવી જ રીતે આ બ્રહ્મમંત્રની અખંડધૂનરૂપ 'બ્રહ્મયજ્ઞ' પણ અધ્યાત્મ વિજ્ઞાન અનુસાર તેમની સમગ્ર તપ શક્તિના અમોઘ બળરૂપે છે કે જેના દ્વારા પ્રલય અટકાવવા તથા વિશ્વમાં સત્-સ્થાપનના અનેકવિધ કાર્યો અર્થે અહર્નિશ અખંડ પ્રાર્થના કરાય છે. આમ પ્રાર્થના જ તેમનું વૈશ્વિક કલ્યાણ અર્થેનું આધારપૂર્ણ સાધન હતું.

**વૈયક્તિક સ્વરૂપની પ્રાર્થનાઓ :**

પ્રભુશ્રીની પ્રાર્થનામાં ખરેખર અમોઘ શક્તિ હતી. તેઓશ્રી જ્યારે પણ કરુણાવશ કોઈપણ સંદર્ભમાં પ્રાર્થના કરતા ત્યારે તેનું પરિણામ તત્કાળ જ અનુભવાતું હતું. આવી રીતે અસંખ્ય પ્રસંગોએ કોઈને મહાબીમારીમાંથી, તો કોઈને ભયંકર અકસ્માતમાંથી, તો કોઈને કૌટુંબિક મુશ્કેલીમાંથી બચાવ્યા હતા. આવા બે-ચાર પ્રસંગ વાચકોની જાણ માટે અહીં નોંધેલા છે.

પ્રભુશ્રીના એક અનન્ય ભક્તે કોઈ આપદ્ પરિસ્થિતિને કારણે જીવનને

પૂર્ણ કરવાનો દુઃખદ નિર્ણય કર્યો. તેથી રાત્રે પર્યાપ્ત માત્રામાં અફીણ ખાઈને તેઓ સૂઈ ગયા. પરંતુ જ્યારે સવારે ઊઠીને દાતણ કરવા બેઠા ત્યારે યાદ આવ્યું અને આશ્ચર્ય થયું કે, ''રાત્રે આટલું બધું અફીણ લેવા છતાં આ જીવન કેમ ટકી રહ્યું છે ?'' તરત જ દોડતા પ્રભુશ્રી પાસે પહોંચ્યા અને બધી સત્ય હકીકત કહી સંભળાવી. પ્રભુશ્રીએ હસતા હસતા માત્ર એટલું જ કહ્યું કે, ''કેમ! ભગવાને મીરાબાઈનું ઝેર નહોતું લઈ લીધું? ભગવાન તો ભક્તની રક્ષા કરતા જ હોય છે !''

એવી જ રીતે 'શ્યામલ'માં કોઈ ભક્ત સાથે નાનો બાળક આવેલ હતો. આ બાળકે રમતા રમતા અજાણતા જ પાળી પાસેના ખાલી ઈલેક્ટ્રિક હોલ્ડરમાં આંગળી નાખી દીધી. તે વખતે સંજોગોવશાત તેની સ્વીચ ચાલુ હોવાથી શોક લાગતા બાળકે ભયંકર ચીસ પાડી પ્રભુશ્રી એ સમયે ઉપરના ખંડમાં લેખનમાં વ્યસ્ત હતા. તેમણે બાળકની ચીસ સાંભળતા જ તરત જ આંખો બંધ કરી મનોમન પ્રાર્થના કરી. થોડીવારમાં બધું જ શાંત થઈ ગયું. નીચે જઈને જોયું તો બાળક શાંત બેઠો હતો કે જાણે કઈ જ બન્યું ન હોય! આ ચમત્કાર તો તેઓશ્રીની પ્રાર્થના શક્તિથી જ શક્ય બન્યો.

એક વખત પ્રભુશ્રી પાસે એક ભક્ત નિરાશ વદને આવ્યા અને કહ્યું કે, ''હું આપને આ છેલ્લા પ્રણામ કરવા આવ્યો છું. મારે દવા પીને જીવન ટૂંકાવવું હતું, પણ આપને પ્રણામ કરી રજા લઈને જવું યોગ્ય માન્યું.'' પ્રભુશ્રીએ કારણ પુછતા તેમણે કહ્યું કે, ''મોરબી જળ હોનારતમાં મારું સર્વસ્વ ઘર, દુકાન બધું નાશ થઈ ગયું છે. મોટું કુટુંબ હવે બીજાને ઘરે ક્યાં સુધી રાખવું? સંતાનોને ક્યાં રાખવા? હવે બીજો કોઇ જ ઉપાય નથી.'' તેઓના વિદાય થયા પછી ભક્તો પાસે પ્રાર્થના કરાવી.*

બે-ચાર દિવસ પછી જ તેમનો આ સંદર્ભમાં પત્ર આવ્યો હતો. તેમાં લખ્યું હતું કે પ્રભુશ્રીના દર્શન પછી મકાન રહેવા મળી ગયું છે. અડધી સમસ્યાઓ હલ થઈ ગઈ છે....વગેરે. ટૂંકમાં કહીએ તો અસ્તવ્યસ્ત થઈ ગયેલ જીવનમાં પ્રાર્થનાના બળે રાહત મળી હતી અને જીવન પણ ટકી ગયું હતું.

*આવી કોઈપણ સમસ્યા વખતે ભક્તોને પ્રાર્થના કરવા કહેતા. જો કે સ્વયં પણ આંતર સ્વરૂપે પ્રાર્થના કરતા.

ૐ

**છેલ્લું દૃષ્ટાંત આ સંદર્ભમાં જાણીએ :**

ઈ.સ.૧૯૭૮-૭૯ના વર્ષ દરમ્યાન જ્યારે શ્રી મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન હતા ત્યારે તેમની સાથે પ્રભુશ્રીને ગૌરક્ષા અર્થે પત્રવ્યવહાર ચાલતો હતો. આ સમય દરમ્યાન બે વખત તેમની રક્ષા પ્રાર્થનાથી કરાયેલી હતી. એક વખત 'શ્યામલ'માં કોઈને દર્શન થયું કે મોરારજીભાઈનું જીવન ભયમાં છે તેથી પ્રભુશ્રીએ તુરત જ સામૂહિક પ્રાર્થના કરાવી. ત્યાર પછી જાણવા મળ્યું કે જોરહટ (આસામ) પાસે તેમનું પ્લેન કાદવમાં પડ્યું હતું અને તેમનો ચમત્કારિક બચાવ થયો હતો. આ જ પ્રમાણે જ્યારે રશિયાના પ્રવાસે જવાના હતા ત્યારે તેમના માથે મૃત્યુનો ભય હોવાનું જણાતા પ્રાર્થના કરાયેલી અને ત્યાં પણ તેમની રક્ષા થયેલી હતી.

તો ઉપર્યુક્ત બંને પ્રસંગે અગાઉથી દર્શન કે પ્રતીતિ થતા તેમની રક્ષા અર્થે પ્રાર્થના કરાયેલી અને તેમનો વાળ પણ વાંકો થયો ન હતો. (પ્રભુશ્રી દુન્યવી પ્રસિદ્ધિથી દૂર રહેતા હોવાથી આ બાબત જાહેરમાં કોઈપણને જણાવવા દીધી ન હતી.)

આ પ્રમાણે પ્રભુશ્રી વ્યક્તિગત નાના-મોટા પ્રસંગોમાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં કે આપત્તિ વખતે માત્ર પ્રાર્થનાનો જ આશ્રય લેતાં હતા. તેમની શુદ્ધ હૃદયની પ્રાર્થનાનું તત્કાળ શુભ પરિણામ પણ જોઈ શકાતું હતું.

**પ્રભુશ્રીની અન્ય સત્-શક્તિઓ :**

આધ્યાત્મિક સાધનામાં સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય જેવા મહાવ્રતોના એકધારા અખંડ પાલનથી કેટલીક આધ્યાત્મિક શક્તિઓ સહજ ઉદ્‌ભવે છે.

કોઈપણ નિયમનું એકધારા પૂર્ણ બાર વર્ષ પાલન કરવામાં આવે તો તેના ફળ સ્વરૂપ અમુક ઉચ્ચ સિદ્ધિ શક્તિરૂપે પ્રાપ્ત થાય છે. આ જ રીતે સત્યના પાલનથી પ્રભુશ્રી સત્-અસત્‌નો નિર્ણય સહજપણે કરી શકતા હતા. આ જ બળે તેમણે 'બ્રહ્મ અને માયા'ના રહસ્યભેદનું તત્ત્વજ્ઞાન જગતને આપ્યું હતું. એવી જ રીતે પવિત્ર મનાતા વેદ જેવા ગ્રંથોમાં રહેલ અસત્‌ને પણ ગૌરક્ષાના પુસ્તકમાં સ્પષ્ટપણે દર્શાવી આપ્યું હતું.

ॐ

એ જ રીતે અહિંસાના અખંડ પાલનથી તેમને 'સમભાવ'ની ઉચ્ચ દૃષ્ટિ પ્રાપ્ત થયેલ હતી. તેથી જ ગમે તેવા દુષ્ટ માણસનું અનિષ્ટ નહીં ઇચ્છતા પણ તેની દુષ્ટતાને જ ધિક્કારવા (નષ્ટ કરવા) કહેતા હતા. સમભાવની ઉચ્ચ દૃષ્ટિને કારણે જ ચાર વર્ષના પુસ્તક લેખનમાં મૂકજીવો પ્રત્યે અપાર કરુણા અખંડ વહેતી હતી.

બ્રહ્મચર્યાત્મક પવિત્રતા વિષે તો આગળના પ્રકરણમાં લખ્યું જ છે. તેઓશ્રીની પવિત્રતાની સૂક્ષ્મતા એટલી હતી કે 'શ્યામલ'માં કોઈ અપવિત્ર વ્યક્તિ દાખલ થાય ત્યાં જ તેમને તેમના નિજખંડમાં સૂક્ષ્મ દુર્ગંધ આવતી હતી.

એક વખત એક જાણીતા સંગીતકારના ભજનોની ટેપ કોઈ તેમને સાંભળવા માટે મૂકી ગયું. પ્રભુશ્રીએ માત્ર થોડી વખત તેનો અવાજ સાંભળીને જ કહ્યું કે, ''આ વ્યક્તિ અપવિત્ર (બ્રહ્મચર્યાત્મક દૃષ્ટિએ) છે''... આમ કોઈના અવાજથી પણ તે વ્યક્તિ વિષે જાણી લેતા હતા.

આ પ્રમાણેની સહજ આધ્યાત્મિક શક્તિને પરિણામે 'શ્યામલ'માં આવનાર કોઇપણ દર્શનાર્થીના અંતરના ઊંડાણને તેઓશ્રી સ્પષ્ટ જોઈ શકતા હતા. વ્યક્તિને જોતાં જ તેના જીવનનો ખ્યાલ પ્રભુશ્રીને આવી જતો અને તેથી આધ્યાત્મિક જીવનમાં આગળ વધી શકે તેવી શક્યતા હોય તો જ તેને ફરીથી આવવા કહેતા હતા. ખરેખર સરળ અને શુદ્ધ હૃદયની વ્યક્તિને મળવા માટે તો તેઓશ્રી વ્યાકુળ પણ રહેતા હતા.

આવી જ રીતે પૂર્વજન્મના કોઈ કોઈ જીવાત્મા સાથેના તેમના પૂર્વના સંબંધો પણ ક્યારેક સ્પષ્ટ કરી દેતા હતા.

પ્રભુશ્રીને અન્ય સ્થાન કે વ્યક્તિના સંદર્ભમાં રહેલી સ્થિતિનો પણ ઘણી વખત ખ્યાલ આવી જતો હતો. **એટલે તેઓશ્રી ઈચ્છે ત્યારે અન્ય સ્થાને રહેલી સ્થિતિ વિષે જાણી તે માટે સૂચન કરતા હતા.** આવા અસંખ્ય પ્રસંગોમાંથી એકાદ નાનો પ્રસંગ જોઈએ તો એક વખત બહારગામ ધૂન-ભજનનો કાર્યક્રમ રાખેલ હતો.

ૐ

ત્યારે પ્રભુશ્રીએ સહજ ધ્યાનદષ્ટિથી જોતા તે સ્થાને સૂચનરૂપે કહેવડાવ્યું કે આરતી માટે રાખેલ ભગવાનના ચિત્રજીને માણસો બેસે છે તે ખુરશી પર ન પધરાવતા બાજોઠ પર પધરાવો જ યોગ્ય છે. આમ પ્રભુશ્રી પરમાત્માની આદર-મર્યાદાની જાળવણી અર્થે જરૂરી સૂચન મોકલતા હતા.

એવી જ રીતે અન્ય એક પ્રસંગે સત્યયુગ શ્રી રામજી મંદિરે દેવદિવાળી પ્રસંગે અન્નકૂટ બનાવનાર ભક્ત પ્રસાદ ધરાવી સવારે પ્રભુશ્રી પાસે રજા લેવા માટે આવ્યા. પ્રભુશ્રી સહેજ સ્મિત સાથે બોલ્યા ''તમે શ્રી રામલાલા ભગવાનને ધરાવેલ પડીયામાં તીખા કડક ગાંઠીયા ધરાવેલ છે. તેઓ બાળ સ્વરૂપ હોવાથી માત્ર પોચા અને મોળા ગાંઠીયા જ ખાઈ શકે.'' આમ પ્રભુશ્રીએ નિજસ્થાન 'શ્યામલ'માં બેઠા બેઠા જ સત્યયુગ શ્રી રામજી મંદિરના સંપૂર્ણ અન્નકુટનું દર્શન કર્યું હતું ! તે ઉપર્યુક્ત વાત પરથી સ્પષ્ટ રીતે જાણી શકાય છે.

આવી રીતે ઈશ્વરની સેવા-પૂજામાં કોઈ ક્ષતિ હોય, જેમ કે વર્તમાનપત્રના કાગળમાં સામગ્રી લાવેલ હોય કે અપવિત્ર થઈ ગઈ હોય તો તેનું વિસર્જન કરાવી પુનઃ લાવવા કે બનાવવાનું સૂચન કરતા હતા.

**ભક્તોને થતી અનુભૂતિઓ :**

પ્રભુશ્રીનું પ્રચંડ સંકલ્પ બળ એ ખરેખર તો તેમની આંતર બ્રહ્મ-શક્તિનું જ બળ હતું. તેથી તેઓશ્રી પ્રેરણા અનુસાર કોઈ કોઈ યોગ્ય ભક્તોને આધ્યાત્મિકતાની ઉચ્ચ અનુભૂતિ કરાવી શકતા હતા.

સામાન્ય રીતે પ્રસંગોચિત કે આરતીના સમયે કોઈ કોઈ ભક્તને સુંદર દર્શન થતાં હતાં. એકાદશી જેવા શુભ દિવસોએ મોડી રાત્રી સુધી ભજન-કીર્તનની રમઝટ બોલતી, અને ત્યારે એક અલૌકિક વાતાવરણ છવાઈ જતું. આ સમયે કોઈ કોઈ ભક્તને હૃદયમાં એટલો પ્રબળ ભાવ પ્રગટ થતો કે ઊભા થઈને નાચવા લાગતા તો વળી કોઈ કલાકો સુધી ધ્યાનસ્થ થઈ જતા હતા, કોઈને વિરહભાવ

પ્રગટ થતાં આંખોમાંથી અવિરત અશ્રુપ્રવાહ વહેતો, તો કોઈને આનંદ, ઉદ્દીપન આધ્યાત્મિક જ્ઞાન જેવી અનુભૂતિઓ થતી હતી. ટૂંકમાં ભક્તની આંતરસ્થિતિ અનુસાર પ્રભુશ્રીમાં બિરાજતા સચ્ચિદાનંદ  પરમાત્મા આવી બધી અનુભૂતિઓ કરાવતા હતા. આવી અનુભૂતિઓ આધ્યાત્મિકતાના સામ્રાજ્યમાં સાહજિક ક્રમમાં ઈશ્વર કૃપા રૂપે થતી હતી. **જેમ ચંદનના વૃક્ષ પાસે જનારને શીતલતા અને સુગંધ મળે છે, તેવી જ રીતે પૂર્ણ આધ્યાત્મિક પુરુષના સાન્નિધ્યમાં આ પ્રમાણે સ્વાભાવિક રીતે થતું હોય છે.**

પ્રભુશ્રી પાસે આવનાર ઘણા ભક્તોને તેમના ઈષ્ટના (પોતપોતાના ઈષ્ટ ઈશ્વર) દર્શન થયા હતા. તેમજ કોઈને વિશેષ અનુભૂતિઓ પણ થયેલી હતી. આ દર્શન વ્યક્તિની આંતરિક શુદ્ધિ તથા ઈશ્વર કૃપા ઉપર આધારિત હતા.

**આધ્યાત્મિક અને માયિક શક્તિ :**

'શ્યામલ'માં વર્ષોપર્યંત પ્રભુશ્રીએ દિવ્ય-લીલાઓ કરી હતી અને તેના દ્વારા દર્શાવ્યું હતું કે વાસ્તવિકતામાં આધ્યાત્મિક શક્તિ શું છે. તેઓશ્રીની આધ્યાત્મિક અનુભૂતિઓ દ્વારા તેઓશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય માયિક સામ્રાજ્યથી તદ્દન ભિન્ન છે. આ સ્પષ્ટીકરણનું કારણ એ હતું કે વાસ્તવમાં લોકોએ માયિક સિદ્ધિ અને ચમત્કારોને જ ઈશ્વરનું રાજ્ય માની લીધેલ છે. હવે એક દૃષ્ટાંત દ્વારા આ વિષયને સમજીએ.

'શ્યામલ'માં પ્રભુશ્રીના દર્શને એક ભક્ત આવ્યા હતા. પ્રભુશ્રીએ ક્ષેમકુશળ  પૂછતા એ ભક્ત કહે, ''આપની કૃપાથી ધંધો હમણાં ખૂબ વધી ગયો છે. સહેજેય નવરાશ મળતી નથી''... પ્રભુશ્રીએ સહેજ હસતાં કહ્યું, ''ભગવાનની કૃપાથી નહીં પણ માયાની કૃપાથી.''

પછી વિશેષમાં સમજાવ્યું કે, જે ધન-સંપત્તિ (ધંધામાં) વધવાથી ઈશ્વર ભક્તિ ઓછી થાય અને તેમાં જ મન પ્રવૃત રહે, તો તેવી કૃપા ઈશ્વર કેવી રીતે કરે ? ઈશ્વર તો સુખી જીવનનિર્વાહ અપાવે પણ વધુ પડતી સંપત્તિ જે ભક્તિ અર્થે

ૐ

આત્મકલ્યાણમાં બાધક હોય તે કોઈ દિવસ આપે જ નહીં. આમ માયા જ મનુષ્યને ભૌતિક કાર્યોમાં ડૂબાડી રાખે છે. જેથી પરમાત્મા તરફ તે આગળ વધી શકતો નથી.

માયાના પ્રવર્તકો તેમની નિમ્નકોટીની ભૌતિક સિદ્ધિઓ દ્વારા લોકોને ભોળવીને તેમની ધન-સંપત્તિમાં વૃદ્ધિ કરાવી દે છે. અને પછી ભક્તિના બાહ્યાડંબર નીચે તેમના આત્માનું કલ્યાણ (ઉર્ધ્વગતિ) થવા દેતા નથી. **તેથી આધ્યાત્મિક માર્ગે જનારે તો સિદ્ધિઓથી હંમેશા દૂર રહેવું જ ઈષ્ટ છે.** પ્રભુશ્રીનું તપ પરાકાષ્ઠાએ હતું ત્યારે તેમને પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી, પરંતુ તેમણે તેનો સ્વીકાર કરેલ ન હતો, આનું કારણ એ કે સિદ્ધિ એ પરમાત્મા પ્રેરિત નથી. તેથી જ આવી સિદ્ધિ અપનાવેલ સંતો તેમનું તથા તેમના અનુયાયીઓનું આધ્યાત્મિક કલ્યાણ કરી શકતા નથી. એટલું ચોક્કસ છે કે જેની પાસે સિદ્ધિઓ હોય તેનો દુન્યવી પ્રભાવ વધી જાય છે અને તે ધાર્યા કામો ચમત્કારો દ્વારા કરી શકે છે. પરંતુ અંતમાં તો આવા ચમત્કારોનું મહત્ત્વ વધી જાય છે અને સાચો આધ્યાત્મિક ઉપદેશ વિસરાઈ જાય છે. તેથી જ પ્રભુશ્રીએ તેમના પ્રવર્તમાન અવતારી કાર્યમાં ચમત્કારોથી સંપૂર્ણ દૂર રહી, કર્મના સિદ્ધાંત અને પ્રકૃતિના નિયમો અનુસાર જ રહેવાનું યોગ્ય માન્યું હતું.

પ્રભુશ્રી તેમની સત્ શક્તિ દ્વારા કોઈ પણ ચમત્કાર કરવા સક્ષમ હતા. જે રીતે પરમાત્મા પોતાના યોગબળે માનવ જન્મ ધારણ કરે છે, તે જ રીતે પૃથ્વી પર પ્રકૃતિમાં પરિવર્તન કરીને ચમત્કાર કરી જ શકે છે. પાણીનું ઘી બનાવવું હોય તો સંકલ્પ માત્રથી કરી શકે છે. પરંતુ પ્રભુશ્રીનું અવતારી કાર્ય જ આધ્યાત્મિકતાના આદર્શરૂપે હતું. તેમાં આ પ્રકારના ચમત્કારોને કોઈ સ્થાન ન હતું.

અવતારી બ્રહ્મપુરુષ આ જગતથી પર હોય છે. તેઓ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણથી ઉપર મહાકારણમાં પણ જઈને પાછા આવી શકે છે. અંતિમ સમાધિ - 'નિર્વિકલ્પ'માં ગયા પછી પુનઃ મૂળ સ્થિતિમાં આવી શકે છે, જ્યારે સાધારણ મનુષ્ય માટે આ શક્ય હોતું નથી. ભગવાન શ્રી રામકૃષ્ણ દેવ અવતારી બ્રહ્મરૂપે

ૐ

હોવાથી જ અનેક બ્રહ્મ-પ્રાપ્તિની સાધનાઓ સિદ્ધ (સફળ) કરી શક્યા હતા એટલું જ નહીં પણ તંત્રમાર્ગમાં પણ જઈ શક્યા હતા. સાધારણ મનુષ્ય માટે તો એકાદ સાધના પૂર્ણ કરવામાં જ જીવન સમાપ્ત થઈ જાય છે.

પ્રભુશ્રીએ ક્યારેય તેમની શક્તિનો આવો દુરુપયોગ કર્યો ન હતો.* કોઈ પ્રસંગે કરુણાવશ બીજાના દુઃખને પોતાના શરીર પર લઇ સહાયરૂપ થયા હતા.

**સારાંશ :**

પ્રભુશ્રીએ ચૌદ વર્ષ સુધી 'શ્યામલ'માં રહીને અનેકવિધ કાર્યો સાથે ભક્તોનું પણ એક કુટુંબના વડાની જેમ ધ્યાન રાખેલું હતું. તેમની પાસે પોતાની દુન્યવી ભૌતિક સંપત્તિ કે કોઈ રહેઠાણ પણ ન હતું. પણ પરમાત્માની શક્તિથી જ સત્ય આધારિત સઘળા વ્યવહારો કરતા હતા. આટલા નાના મકાનમાં સતત આર્થિક ભીંસ વચ્ચે પણ તેમના સાન્નિધ્યમાં રહેનાર સૌ કોઈને તો પરમ આનંદ અને શાંતિની જ અનુભૂતિ થતી હતી. કોઈ પણ જાતની મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તેમનું કાર્ય ક્યારેય અટક્યું ન હતું. તેમજ કોઈપણ અઘટિત બનાવ કે અનિચ્છનીય કાર્ય 'શ્યામલ'માં ક્યારેય થયેલું ન હતું. કેટલીય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ તેમના દર્શને આવી ગયેલ હતી, તેમ છતાં તેઓશ્રી જાહેર જીવનથી સંપૂર્ણ અલિપ્ત જ રહ્યા હતા. **આટલું ભવ્યતાતિભવ્ય આધ્યાત્મિક વ્યક્તિત્વ હોવા છતાં તેઓશ્રી જેરીતે ઇચ્છતા તે પ્રમાણે જ ચૌદ વર્ષ સુધી જાહેરમાં પ્રગટ થયા વગર, પ્રાર્થના શક્તિથી વિશ્વનું શ્રેય કરતા રહ્યા હતા. અને આ જ તેમની એક પરબ્રહ્મ સ્વરૂપે રહેલ ચૈતન્ય શક્તિ જીવમાત્રનું આજે પણ કલ્યાણ કરી રહેલ છે.**

---

*પ્રભુશ્રીને પરમાત્મા દ્વારા કોઇ શક્તિ પ્રાપ્ત થયેલ હોય તોપણ એ જેને ઉપયોગી હોય તેને આપી દેતા હતા. એક વખત તેમને લોકોને રોગથી સાજા કરવાની શક્તિ(Healing Power) પ્રાપ્ત થઇ હતી એ શક્તિ તેમણે તેમના ભત્રીજા કમલભાઈ ડોક્ટર હોવાથી તેને આપી દીધી હતી. જો કે શ્રી કમલભાઈ દ્વારા નિયમનું પાલન ન જળવાતા તે શક્તિ તેમની પાસે રહી ન હતી.

ૐ

**માયા એ ઈશ્વરની દાસી નથી**
**પણ તેની વિરોધી શક્તિ છે**

પ્રકરણ - ૧૧

# પૂ. પ્રભુશ્રીનું તત્ત્વજ્ઞાન - બ્રહ્મ અને માયા

સત્યયુગ ધારિન શ્રી રામકૃષ્ણ પરમાત્મન્



**ૐ સ્થાપકાય સદ્ધર્મસ્ય, સર્વ સુધર્મ સ્વરૂપિણે,**
**અવતાર વરિષ્ઠાય, અધ્યાત્મ-વિજ્ઞાન અધીષ્ઠાય,**
**શ્રી રામકૃષ્ણાય સત્યયુગ-ધારિણે નમઃ**

ૐ

પૂ. પ્રભુશ્રીના તત્ત્વજ્ઞાનના પાયામાં 'બ્રહ્મ અને માયા'ના ભિનત્વનો સિદ્ધાંત સમાયેલો છે. આ સિદ્ધાંતની તલસ્પર્શી સમજ માટે ભગવાન શ્રી રામકૃષ્ણદેવ સાથેના તેમના પૂર્વ સંબંધની ભૂમિકા જાણવી અત્યંત જરૂરી છે. પ્રભુશ્રી જ્યારે 'શ્યામલ'માં પધાર્યા ત્યારે તેમના કાર્ય-પ્રયોજનની રૂપરેખા સ્પષ્ટ થઈ ચૂકી હતી. તેઓશ્રીને અમેરિકામાં સાક્ષાત્કાર થયો ત્યારે તેમના અવતારી પ્રાગટ્યનો સ્પષ્ટ ખ્યાલ આવેલ પણ ત્યાર પછી તેમની ભારતમાં ચૌદ વર્ષની અવિરત તપોસાધના તથા સત્-પ્રજ્ઞા થકી મેળવેલ આધ્યાત્મિક અનુભવો દ્વારા સ્પષ્ટ થયું હતું કે 'સત્-સંસ્થાપન' એ જ તેમનું મુખ્ય કાર્ય છે, અને આ કાર્યના પાયામાં રહેલું તત્ત્વજ્ઞાનએ 'બ્રહ્મ અને માયા'ના ભિન્નત્વનો સિદ્ધાંત છે. તેથી પ્રથમ ભગવાન શ્રી રામકૃષ્ણદેવ સાથેનો તેમનો અવતારી કાર્યાત્મક સંબંધ શું હતો તે જાણી લઈએ.

**સત્યયુગધારિન શ્રી રામકૃષ્ણ પરમાત્મન્ :**

પ્રભુશ્રી પરાત્પરની પ્રેરણાનુસાર અઢારેક વખત કલકત્તા ગયા હતા. એક વખત તો ત્યાં છ માસ સુધી શ્રી રામકૃષ્ણદેવના આધ્યાત્મિક લીલા-સ્થાનોમાં રહ્યા હતા. તેઓશ્રીએ 'શ્રીરામકૃષ્ણ કથામૃત'નું ઊંડું અધ્યયન અઢાર દિવસ ઉપવાસ સાથે કર્યું હતું. આમ તેમની આ સઘળી સાધનાઓ થકી એ સ્પષ્ટ થયું હતું કે **ભગવાન શ્રી રામકૃષ્ણ દેવે જે વિવિધ સાધનાઓ કરી હતી અને પ્રભુશ્રીને જે કાર્યો કરવાના હતા તેમની વચ્ચે એક ચોક્કસ કડીરૂપ સંબંધ સ્થાપિત થયેલો હતો.**

પ્રભુશ્રીએ આ વિષે સમજાવ્યું હતું કે શ્રી રામકૃષ્ણ ભગવાને વિવિધ ધર્મ, પંથો અને ભાવોની સાધનાઓ કરેલી હતી અને તેની પૂર્ણતાએ પહોંચ્યા હતા. તેઓશ્રીએ સઘળી સાધનાઓના અંતે એક જ બ્રહ્મ-તત્ત્વની અનુભૂતિ કરી હતી.

આ બ્રહ્મમાર્ગની સાધનાઓ પછી તેમણે મલિન તંત્ર માર્ગની કષ્ટમય સાધના શાસ્ત્રોક્ત રીતે પાર્થિવ દેહના ભોગે કરી હતી. જો કે તે મલિન સાધનાઓ

શરીરથી પવિત્ર રહી (બ્રહ્મચર્યાત્મક) સંતાન ભાવે કરી હતી. પરંતુ તેમના ચિન્મય શરીરને આ મલિન સાધનાઓથી ખૂબ જ સહન કરવું પડ્યું હતું. ચોસઠ તંત્રની આ બધી સાધનાઓ તંત્રશાસ્ત્રના અભ્યાસી ભૈરવી બ્રાહ્મણી પાસે ત્રણ ચાર વર્ષમાં પૂર્ણ કરી હતી.

**તંત્ર માર્ગની સાધના દ્વારા શું મેળવ્યું ?**

આ સાધનાઓનો ઉદ્દેશ અન્ય સાધનાઓ દ્વારા જે રીતે એક જ બ્રહ્મ-તત્ત્વની પ્રાપ્તિ થઈ હતી તેવી જ રીતે (ચોસઠ) તંત્રમાર્ગની સાધના દ્વારા શું પ્રાપ્ત થાય છે તે જાણવાનો હતો.

આ સાધના દ્વારા મલિન ક્રિયા-વિધિ સાથે આગળ વધતાં તેમને જે જે અનેક દર્શનો તથા અનુભૂતિઓ થતી રહેલ તે પરથી સ્પષ્ટપણે જોઈ શક્યા કે **આ માર્ગે બ્રહ્મની (પરમાત્માની) પ્રાપ્તિ થઈ શકતી નથી. આ માર્ગે માત્ર નિમ્ન સિદ્ધિઓ જ મળે છે.**

શ્રી રામકૃષ્ણ ભગવાનને અનેક દર્શનો થયેલ. તેમાંનું એક દર્શન આ સંપૂર્ણ સાધનાના રહસ્યને સમજવા પર્યાપ્ત છે જે નીચે પ્રમાણે હતું :

''એક અપૂર્વ સુંદર સ્ત્રી ગંગામાંથી બહાર આવી ધીરે ધીરે પગલા માંડી પંચવટીમાં આવે છે પછી જોઉં છું તો એ બાઈ પૂર્ણ ગર્ભવાળી છે, ત્યાર પછી જોઉં છું કે એ બાઈએ મારી નજર આગળ એક છોકરાને જન્મ આપ્યો અને તે તેને ઘણા સ્નેહથી ધવરાવે છે, બીજી ક્ષણે જોઉં છું તો તે બાઈ કઠોર કરાળ મુખવાળી થઈને પોતાના જ સંતાનને ગળી જઈ ફરીથી ગંગાની અંદર દાખલ થઈ ગઈ.'' *

આ દર્શન પરથી એમ સમજી શકાય છે કે જે સુંદર સ્ત્રીએ ગર્ભધારણ કરેલ છે તે જ બાળકને જન્મ આપી, પાળીપોષીને, વળી પોતે જ ખાઈ જાય છે. એટલે કે તે એક એવી શક્તિ છે જે પ્રજનન અને સંહારનું કાર્ય કરે છે.

*શ્રી રામકૃષ્ણ લીલા પ્રસંગ ભાગ-૨ પાનું ૨૬૨ (ઈ.સ. ૧૯૭૬)

ૐ

શ્રી રામકૃષ્ણ ભગવાન આ સાધનાના ફળ સ્વરૂપે જોઈ શક્યા હતા કે પરમાત્માથી ભિન્ન એક બીજી શક્તિ છે જે પરમાત્માની વિરોધી છે. પછીથી તેમના સમગ્ર ઉપદેશમાં તેમણે **કામિની-કાંચનના રૂપે દર્શાવી એ આ જ મહામાયા શક્તિ છે.**

**પ્રભુશ્રીએ મહામાયા (અવિદ્યા માયા) નું રહસ્ય પ્રગટ કર્યું :**

પ્રભુશ્રીએ તેમની દીર્ઘ સાધનાના અંતે શ્રી રામકૃષ્ણ ભગવાનની તંત્ર સાધનાનો ઉદ્દેશ અને નિષ્કર્ષ સ્પષ્ટ જાણી, અનુભવી અને લખ્યું કે, **શ્રી રામકૃષ્ણ ભગવાને ....બ્રહ્મ તરફ લઈ જનારી પરબ્રહ્મ પરમેશ્વરની સત્-વિદ્યા શક્તિથી અવિદ્યા માયા (મહામાયા)નુ સંપૂર્ણ ભિન્નત્વ તેમજ નખશિખ વિરુદ્ધત્ત્વ સિધ્ધ કર્યું.**

**''પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાનના ભગીરથ અવતારી કાર્યની આ અનુપમ સિદ્ધિ જ સત્યયુગનું શિલારોપણ તેમજ હાલના અવતારી કાર્યની આધારશીલા છે.''**

શ્રી રામકૃષ્ણ ભગવાને અતિ વિકટ સાધનાને અંતે જે 'સત્ય' શોધ્યું તે પોતાની પાસે જ રાખ્યું હતું, જે નીચેના કથન પરથી સમજી શકાય છે.

'.... હાથમાં ફૂલ લઈને માને કહ્યું કે, ''મા ! આ લો તમારી પવિત્રતા, આ લો તમારી અપવિત્રતા, મને શુદ્ધ ભક્તિ આપો. મા ! આ લો તમારું પુણ્ય, આ લો તમારું પાપ મને શુદ્ધ ભક્તિ આપો.... એમ ન બોલી શક્યો કે મા ! આ લો તમારું સત્ય અને આ લો તમારું અસત્ય.... સત્યને ત્યજી દઇ શક્યો નહીં'' (રામકૃષ્ણ કથામૃત ભા. ૧. પા. ૩૦૯)

પ્રભુશ્રીએ ઉપર્યુક્ત કથનના સંદર્ભમાં સમજાવ્યું કે શ્રી રામકૃષ્ણ ભગવાને 'મા'ને જે સત્ય ન આપ્યું અને પોતાની પાસે રાખ્યું તેમાં જ **જગતમાં આવનાર સત્યયુગનું નવનિર્માણ રહેલ છે. બ્રહ્મ અને માયાના આ રહસ્યજ્ઞાનમાં જ**

ૐ

**સમગ્ર માનવજાતિની આધ્યાત્મિક ઉન્નતિની શક્યતા રહેલી છે.**

આમ શ્રી રામકૃષ્ણ ભગવાને જે મહામાયા શક્તિને.* બ્રહ્મથી જુદી કરી બતાવી તેને પ્રભુશ્રીએ પ્રવર્તિત કરી હતી. એ રીતે મહામાયા વિષેના સ્વરૂપ તથા સ્વભાવની ઊંડાણથી વ્યવસ્થિત સમજ આપી છે.

તેથી જ પ્રભુશ્રીએ શ્રી રામકૃષ્ણ ભગવાનને 'સત્યયુગ ધારણ કરનાર' **(ૐ नमो परमात्मने श्रीरामकृष्णाय सत्ययुग धारिणे नम:)** તરીકે સંબોધેલ છે, અને તેમના દરેક લખાણ પૂર્વે શ્રી રામકૃષ્ણદેવને આ પ્રમાણે પ્રણામ કરી લખાણની શરૂઆત કરતા હતા. તેમજ શ્રી રામકૃષ્ણ ભગવાનના પ્રાગટ્ય દિનથી જ 'સત્યયુગ સંવત'ની શરૂઆત થયેલ છે. શ્રીમા શારદામણીએ તો સ્પષ્ટ કહેલ કે, 'તેમના (શ્રી રામકૃષ્ણદેવના) આવિર્ભાવ પછી સત્યયુગ શરૂ થયો છે.' એટલે પ્રભુશ્રીએ પણ શ્રીરામકૃષ્ણ દેવને તે રીતે જ પૂજામાં પધરાવેલ હતા. તેટલું જ નહીં પણ ભક્તોને ત્યાં પણ શ્રી રામકૃષ્ણ ભગવાનના ચિત્રજી પૂજા અર્થે પધરાવતા હતા. વળી ભક્તોને પણ પ્રભુશ્રીમાં શ્રી રામકૃષ્ણ ભગવાનના અનેક વખત દર્શન થયા હતાં. સંક્ષિપ્તમાં કહીએ તો **પ્રભુશ્રીના આધ્યાત્મ જ્ઞાનનો પાયો ભગવાન શ્રી રામકૃષ્ણ દેવની અકલ્પનીય કસ્ટમય સાધનાઓમાં સમાયેલો હતો.**

**અવિદ્યામાયા (મહામાયા) :**

આ જગતમાં જે રીતે સ્થૂળ આંખે આપણે પ્રકાશ અને અંધકાર, શુદ્ધ અને અશુદ્ધ એવા બે સ્પષ્ટ વર્ગીકરણ કરી શકીએ છીએ તે જ રીતે આ (દૃષ્ટ) જગતથી પર બે પ્રકારની શક્તિ અસ્તિત્વ ધરાવે છે. જેની પ્રભુશ્રીએ 'બ્રહ્મ અને માયા' આ બે વર્ગીકરણ દ્વારા વૈજ્ઞાનિક પરિભાષામાં એક સિદ્ધાંત રૂપે વ્યવસ્થિત સમજ આપી છે.

---

*શ્રી રામકૃષ્ણ ભગવાને કહ્યું છે કે 'કામિની અને કાંચન એ જ માયા.' પ્રભુશ્રીએ આ માયાના વ્યવસ્થિત વિભાજન દ્વારા માયા અને મહામાયા (અવિદ્યામાયા)ની સમજ આપી છે. માયા એ ધનસંપત્તિ છે જ્યારે અવિદ્યામાયા એટલે કે મહામાયા એ નિમ્ન ભોગવાસના છે.

ૐ

એક સત્ શક્તિ છે તો બીજી અસત્ શક્તિ છે. જે સત્ શક્તિ છે તે પરમાત્માની છે અને જે અસત્ શક્તિ છે તે અવિદ્યા-માયા (મહામાયા)ની છે. **આ બન્ને ક્રિયાશીલ શક્તિઓ તેમના સ્વભાવ અને સ્વરૂપથી એકબીજાથી તદ્દન ભિન્ન છે એટલું જ નહીં પરંતુ મહામાયા એ બ્રહ્મની વિરોધી શક્તિ છે.**

આ પ્રમાણે બંનેના માર્ગ જુદા છે; એકનો માર્ગ બ્રહ્મમાર્ગ છે જ્યારે બીજો અવિદ્યા-માયાશક્તિનો માર્ગ છે જેને વામમાર્ગ કહેલ છે. બંનેની ઉપાસના પદ્ધતિ તદ્દન જુદી છે; તેમના સાધન-સિદ્ધાંતો પણ જુદા છે. બ્રહ્મમાર્ગ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય જેવા સિદ્ધાંતોના પાયા પર સ્થાપિત થયેલો છે. જ્યારે મહામાયા શક્તિ (વામમાર્ગ)નો માર્ગ તેનાથી તદ્દન વિરુદ્ધ પંચમકાર (માંસ, મદ્ય, મિથુન, વગેરે) જેવા ધૃણાસ્પદ સાધન તથા ક્રિયાઓ પર અવલંબિત છે. સંક્ષેપમાં કહીએ તો **એક માર્ગ બ્રહ્મ તરફ લઈ જનાર આત્મકલ્યાણનો માર્ગ છે, જ્યારે બીજો માર્ગ માત્ર નિમ્નકોટિની સિદ્ધિઓની પ્રાપ્તિ દ્વારા આત્માનું અધઃપતન કરાવનાર માર્ગ છે.** આ પ્રમાણે બંને માર્ગનું સ્વરૂપ, ક્ષેત્ર તથા ધ્યેય જોતા સ્પષ્ટપણે કહી શકાય કે તે એકબીજાના પૂરક નહીં પણ તદ્દન વિરુદ્ધના માર્ગો છે.

પ્રભુશ્રીએ વામમાર્ગ વિષે લખ્યું છે કે, **''વામમાર્ગ દ્વારા મનુષ્ય કદી પણ બ્રહ્મને પામી શકે નહીં, કારણ કે જે શક્તિની ઉપાસના મનુષ્ય આ માર્ગ દ્વારા કરી રહેલ છે તે વાસ્તવમાં બ્રહ્મ નથી, બ્રહ્મની શક્તિ નથી, એટલું જ નહીં પરંતુ જગતના સર્વ જીવો પર નિમ્ન કોટિનું વર્ચસ્વ ધરાવતી બ્રહ્મની વિરોધિની શક્તિ મહામાયા છે.''**

વધુમાં તેની અસર વિષે સમજાવ્યું કે, ''વામમાર્ગથી તો મનુષ્ય મલિન સંસ્કારોને કારણે અવિદ્યાના સંસારરૂપ વિષમ ચક્રમાં પડી, કર્મબંધનની કારમી ચક્કીમાં પીસાતો જ રહે અને તેથી જ એક અજ્ઞાનની ઊંડી ગર્તા સમાન છે.... વામમાર્ગ તથા બ્રહ્મમાર્ગ એક સીધી લીટીની જ બે વિરુદ્ધ દિશાઓ હોવાથી

ૐ

બ્રહ્મમાર્ગ સિવાય ગંતવ્ય સ્થાને પહોંચવું શક્ય નથી.''

પ્રભુશ્રીએ વિશેષમાં આ સંદર્ભમાં સમજાવ્યું હતું કે યુગોથી એક યા બીજા સ્વરૂપે અવિદ્યામાયાનો પરમાત્મા સાથે સંઘર્ષ થતો રહે છે. જુદા જુદા ધર્મોમાં પણ આ શક્તિને શયતાન, રાક્ષસ, પીશાચ, મહામાયા, ડીમન(Demon) કે ડેવિલ (Devil) જેવા નામોથી સંબોધવામાં આવેલ છે. ભારતમાં પણ પ્રાચીનકાળમાં બે પ્રકારની ઉપાસનાઓ જોવા મળતી હતી. એક વર્ગ ઉચ્ચ પ્રકૃતિ પૂજક હતો, જ્યારે બીજો વર્ગ નિમ્ન પ્રકૃતિ તોષક હતો. કાળક્રમે આ બંને ઉપાસનાઓ ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિના જ અંગરૂપ બની ગઈ. જેનું પ્રમાણ અથર્વવેદમાંથી (તેમાં મલિનવિદ્યા, જાદુટોણા વગેરેની વિગતો લખાયેલ છે) મળી આવે છે. તેથી જ આજ સુધી તંત્રમાર્ગની મલિન વામમાર્ગીય ઉપાસનાઓ પણ ગોપનીય સ્વરૂપે એક યા બીજી રીતે ચાલુ રહેલ છે.

હવે પ્રભુશ્રીના અધ્યાત્મ ક્રાંતિકારી જ્ઞાનસભર શબ્દોમાં **અવિદ્યામાયા** (મહામાયા) વિષે જાણીએ–

- **''પ્રાચીનકાળથી જ ધર્મોમાં એક અથવા બીજા સ્વરૂપે, નિર્દોષ પશુઓ, મનુષ્યો તથા નાના બાળકો સુધ્ધાંના હિંસાત્મક યજ્ઞોની પ્રેરક :''**

  (હિંસક યજ્ઞો તથા બલિ પ્રથાની પ્રેરક આ જ શક્તિ છે. વેદકાળથી આજ સુધી ઈશ્વરના સ્વરૂપે કે તેના નામે પશુઓ, બાળકો કે બત્રીસ લક્ષણા માનવીના ભોગ ચઢાવવાની પ્રેરણા આ જ શક્તિ આપે છે. કેટલાક સરળ અને ભાવિક મનુષ્યોને દર્શન કે અદશ્ય વાણીની પ્રેરણાથી તેના ઈષ્ટના સ્વાંગમાં દર્શન આપીને નિમ્ન કક્ષાનો ભોગ માગે છે. આમ આ શક્તિના પાયામાં હિંસા રહેલી છે.)

- **''અપવિત્ર અબ્રહ્મચર્યાત્મક નિમ્ન પ્રવૃત્તિઓની પોષક''** :–

  (મનુષ્યની નિમ્ન ઈચ્છાઓને પોષી, જીવોના સર્જન અને અંતમાં તેમનો જ નાશ કરાવી, અતિશય કષ્ટ આપે છે. આ શક્તિ નાગણની જેમ તેના બચ્ચાને જન્મ

આપી પછી તેને જ ખાઈ જાય છે. શ્રી રામકૃષ્ણ ભગવાને આ સંદર્ભમાં જ કહ્યું છે, ''સંતાન ઉત્પાદનની શક્તિ અને ઈશ્વર પ્રાપ્તિની શક્તિ શું એક ? બ્રહ્માનંદ અને વિષયાનંદ શું એક ?''– રામકૃષ્ણ કથામૃત ભાગ – ૨, પાના નં. ૫૪૬/૫૪૭)

- **''અસત્ પ્રેરણાઓ તથા ભયજનક દર્શનો દ્વારા અકથ્ય અનિષ્ટો તથા વહેમોની પરંપરાની સર્જક '' :-**

(મનુષ્યને એવા દર્શનો આપે છે કે જેથી તે ઈશ્વરે આપેલ છે તેમ માની મનુષ્ય હિંસા, ક્રૂરતા કે અબ્રહ્મચર્યાત્મક કાર્યો કરવા પ્રેરાય છે, અને તેને પરિણામે ઊભી થતી કુપરંપરાઓ તથા માન્યતાઓ સમાજમાં વર્ષો પર્યંત ચાલતી જ રહે છે.)

- **''તમસ્રૂપ આવરણ વડે વિવેકબુદ્ધિને આચ્છાદિત કરી મનુષ્યને પરિબ્રહ્મ ઈશ્વરના તથા પોતાના વાસ્તવિક સ્વરૂપ-જ્ઞાનથી વંચિત રાખનારી '' :-**

(મનુષ્યની વિવેકબુદ્ધિને તમસ્રૂપ આવરણથી ઢાંકી દે છે કે જેથી બુદ્ધિ સત્-અસત્નો યોગ્ય નિર્ણય લઈ શકતી નથી. તેને ઈશ્વરનું સત્ય જ્ઞાન થવા દેતી નથી. તેથી જ શુદ્ધ બુદ્ધિ એટલે કે 'પ્રજ્ઞા પ્રસ્થાપિત' બુદ્ધિ થાય કે જેથી સત્ય જ્ઞાન આવી શકે એવી મુમુક્ષુએ પ્રાર્થના કરવી જોઈએ.)

- **''ધર્મમાં અસત્ ધર્મની સૂક્ષ્મ જડો ફેલાવી સત્-ધર્મનાં મધ્યવર્તી મૂળ સત્યને કચડી નાખી, સમ્યક્ ધર્મનો લોપ કરી વિકૃતધર્મની વૃદ્ધિ કરનારી'' :-**

(સત્-ધર્મના ક્ષેત્રમાં એવું કોઈ અસત્ય દાખલ કરી દે છે કે જે પછી તે જ ધર્મનો આધાર બની સમગ્ર ધર્મને વિકૃત બનાવી દે છે. અને ધર્મના સાચા હાર્દને નષ્ટ કરી નાખે છે. આપણા ધર્મશાસ્ત્રો તપાસીએ તો તેમાં વેદકાળથી અત્યાર સુધી રચાયેલા અસંખ્ય શાસ્ત્રોમાં હિંસા, અપવિત્રતા, અશ્લીલતા કે અસત્ પ્રમાણો રહેલા જોવા મળે છે, અને આ બધા જ અસત્યો આપણા ધર્મના એક અંગરૂપ બની ગયા છે. તેમને શાસ્ત્ર પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે ! તેથી જ સ્તો શ્રી રામકૃષ્ણ ભગવાને ધર્મશાસ્ત્રોને ખાંડ અને રેતીના મિશ્રણ કહેલ છે.)

ॐ

- **''અસત્ય, અપવિત્રતા તથા કેવળ હિંસા પર રચાયેલ ઘોર અસત્ધર્મ વામમાર્ગમાં આત્યંતિક ઈશ્વર પ્રાપ્તિની અપેક્ષા કરાવી, તપ, તિતિક્ષા તથા વિવેકસાધ્ય બ્રહ્મમાર્ગ પરની શ્રદ્ધા તથા નિષ્ઠાને નષ્ટ કરનારી'' :-**

  (ઘણી વખત ઈશ્વરના માર્ગે જવા ઇચ્છુક મનુષ્યને વામમાર્ગ તરફ ઢસડી જાય છે. આ વામમાર્ગ (તાંત્રિકમાર્ગ)માં જ ઈશ્વર પ્રાપ્તિનો આભાસ ઊભો કરાવી દે છે. આ માર્ગમાં રહેલ સિદ્ધિઓ, આકર્ષણો અને ચળકાટથી વ્યક્તિમાં રહેલી સૂક્ષ્મ ભૌતિક આકાંક્ષાઓને પોષીને તેને હંમેશને માટે બ્રહ્મમાર્ગથી દૂર કરી દે છે. તેને તપ-તિતિક્ષાના ઈશ્વર તરફ લઈ જતા માર્ગ પરથી ચલિત કરી તેની શ્રદ્ધા અને નિષ્ઠાનો નાશ કરી દે છે.)

- **''અસજાગ મુમુક્ષુઓને માયિક દર્શનો દ્વારા મોક્ષમાર્ગ પરથી વિચલિત કરનારી'' :-**

  (ઈશ્વરના માર્ગે આગળ વધતાં મુમુક્ષોને કોઈ એવું દર્શન તેના ઇષ્ટના સ્વરૂપમાં આપે છે કે જેમાં હિંસા (જીવબલિ) કે બ્રહ્મચર્યાત્મક વ્રતનો ભંગ કરાવી દે છે. (ઉદાહરણ તરીકે તેને લગ્ન કરવાની પ્રેરણા આપે છે કે જે આ માર્ગ સાથે સુસંગત નથી અથવા બિનજરૂરી છે.)

- **''આકર્ષણ, ઉચ્ચાટન, સ્તંભન, સંમોહન, ઉન્માદ, મારણ જેવી મલિન વિદ્યાઓની અદૃષ્ટ અધિષ્ઠાત્રિ'' :-**

  (મલિન તંત્રમાર્ગમાં એવી અવિદ્યાઓ સિદ્ધ કરવામાં આવે છે કે જેથી મનુષ્ય અન્યો પર પોતાનું આધિપત્ય જમાવી શકે. આ સમગ્ર મલિન વિદ્યાઓની પ્રેરક અવિદ્યા માયા જ છે.)*

---

*આ મલિન વિદ્યામાં મલિન સાધનો પંચમકાર (મદ્ય, માંસ, મિથુન, વગેરે) દ્વારા અપવિત્ર મંત્રો વડે મલિન ક્રિયાવિધિથી, સ્મશાન જેવા અપવિત્ર સ્થાનમાં, અમાસ, કાળીચૌદશ જેવા અપવિત્ર દિવસે, મધ્યરાત્રિએ સાધના કરવામાં આવે છે. બ્રહ્મમાર્ગમાં આ બધાથી તદ્દન ઊલટું હોય છે.

ૐ

- **''જગતના મહત્ અંશના અનિષ્ટનું મૂળ'' :-**

(આ જગતમાં પ્રાચીનકાળથી આજપર્યંત જે કંઈ મહાઅનિષ્ટ રૂપ બનાવો બન્યા છે તેની પાછળની પ્રેરક શક્તિ અવિદ્યા માયા જ છે. વિશ્વમાં આજપર્યંત ભયંકર યુદ્ધો દ્વારા મહાસંહારની પ્રેરક શક્તિ આ જ છે. એવી જ રીતે માનવ જીવનમાં રાગ-દ્વેષ, સંઘર્ષ, વિવાદ, ભય, વગેરે સર્જનાર પણ આ જ શક્તિ છે. સંક્ષેપમાં કહીએ તો પૃથ્વી પરના સમગ્ર અનિષ્ટના મૂળમાં આ અવિદ્યામાયા શક્તિ રહેલી છે. પછી તે કુટુંબ, સમાજ કે રાષ્ટ્રમાં ઉદ્‌ભવતી કોઈપણ પ્રકારની અશાંતિ કે પ્રાકૃતિક આપત્તિ હોય !)

- **''પરિબ્રહ્મ ઈશ્વર (પરમેશ્વર)ના અવતારી કાર્યને છિન્નભિન્ન કરવામાં નિરંતર રત'' :-**

(પરિબ્રહ્મ ઈશ્વર શ્રીવિષ્ણુ ભગવાન જ્યારે પૃથ્વી પર (જીવોના દુઃખપૂર્ણ આક્રંદથી દ્રવિત થઈ) માનવ જન્મ ધારણ કરે છે ત્યારે તેમના અવતારી-કાર્યને છિન્નભિન્ન કરવા આ શક્તિ સઘળા પ્રયત્ન કરે છે. ઈશ્વરાવતાર જે કાર્ય-પ્રયોજન સાથે આવે તેમાં સતત વિઘ્નો નાખી અટકાવે છે. અવતારના સહાયકો (અંતરંગો)ને તેનાથી વિમુખ કરાવી દે છે અને અવતારી કાર્ય કરવામાં ઘણી વખત અસમર્થ બનાવી દે છે. સંક્ષિપ્તમાં કહીએ તો અવતારના પ્રાગટ્યથી મહાપ્રયાણ સુધી મહામાયા સતત તેમને અસહ્ય ત્રાસ આપી તેમના અવતારી કાર્યમાં અવરોધ ઊભો કરતી રહે છે.)

- **''ઈશ્વરના સ્વાંગમાં જગતના જીવો પર નિમ્નકોટીનું અમાનુષી વર્ચસ્વ ધરાવતી'' :-**

(આ શક્તિ લોકોના મનમાં એવા ઊંડા મૂળ નાખી દે છે કે, 'પરમાત્મા જ આ બધું (સારું અને ખરાબ) કરાવી રહ્યા છે.' અને એ રીતે એવા અનેક અનિષ્ટ કાર્યો કરુણામય પરમાત્માને નામે આ મહામાયા સંસારમાં કરતી રહે છે. તેના

ૐ

આ છળથી ભોળવાઈને લોકો પણ તેને અનુસરી તે પ્રમાણે કરતા રહે છે. દા.ત. ભોળા લોકોને સંતાન વૃદ્ધિ માટે પ્રેરણા તે પરમાત્માને નામે જ આપે છે.[1] એવી જ રીતે ઘણા મનુષ્યોને તેમના ઇષ્ટ ઈશ્વરનું સ્વરૂપ ધારણ કરી, દર્શન આપી જીવબલિ આપવા કહે છે. અને ભોળાજનો પણ મહામાયાની છળયુક્ત પ્રેરણાને ઈશ્વરના શબ્દો માની અસંખ્ય નિર્દોષ જીવોનું બલિદાન આપતા રહે છે. આમ માનવ જીવનમાં એવી ઘણી અનિચ્છનીય બાબતો છે કે જે પરમાત્માના નામે અવિદ્યામાયા પ્રવર્તાવે છે, અને તે રીતે મનુષ્ય પર અમાનુષી વર્ચસ્વ સ્થાપી રાખે છે. આને કારણે જ લોકોની સત્ય ઈશ્વરમાંથી શ્રદ્ધા ડગી જાય છે અને નિરીશ્વરવાદનો ફેલાવો પણ આનું જ પરિણામ છે.)

ઉપર્યુક્ત અગીયાર મુદ્દામાં વ્યવસ્થિત રીતે આપણે અવિદ્યામાયાની સમજ મેળવી.[2]

**બ્રહ્મની વ્યાખ્યા સ્વરૂપ તથા સ્વભાવ :**

હવે આપણે બ્રહ્મ (પરમાત્મા) શું છે ? અને તેનું સ્વરૂપ-સ્વભાવ કેવા છે તે જાણીએ-

પ્રભુશ્રીએ બ્રહ્મ શબ્દની એક પૂર્ણ વ્યાખ્યા આપી છે-'**सत्परं चिद्घनं करुणात्मकं ब्रह्म**'. તેનો અર્થ છે 'જે કેવળ સત્ છે, અધ્યાત્મ જ્ઞાનના અર્કરૂપ છે

૧)શ્રી રામકૃષ્ણ ભગવાને તેથી જ કહ્યું છે કે, ''...એક બે છોકરા થઈ જાય પછી પત્નીની સાથે ભાઈ-બહેનની પેઠે રહેવું જોઈએ અને તેની સાથે હંમેશા ઈશ્વરની વાતો કરવી જોઈએ...''-શ્રીરામકૃષ્ણ કથામૃત ભાગ-૨, પાના નં. ૧૭૯

૨)પ્રભુશ્રીએ આ અગીયાર મુદ્દામાં ખૂબ જ મનોમંથન કર્યા પછી અવિદ્યા માયા (મહામાયા) શક્તિના સ્વરૂપ, સ્વભાવ તથા ક્ષેત્રની ઊંડાણપૂર્વક સમજ આપી છે જેને વધુ વિસ્તારથી સમજાવવા એક જુદું જ પ્રકરણ લખવું આવશ્યક છે. પ્રભુશ્રીનું આ લખાણ એટલું ચિંતનાત્મક અને દીર્ઘ વિચાર કર્યા પછીનું હતું કે તે શક્તિએ પ્રભુશ્રીને ત્યારે જ કહેલ કે "I will defeat you"(હું તમને પરાસ્ત કરીશ.) આમ આ શક્તિના આજદિન સુધી ગુપ્ત રહેલા ભેદનું રહસ્ય ખુલ્લું પાડતાં પ્રભુશ્રીને અંતિમ વર્ષોમાં તે શક્તિ દ્વારા સહન પણ ઘણું કરવું પડ્યું હતું.

ૐ

તથા કરુણા જ જેનો આત્મા છે તેવા બ્રહ્મ.'

"Brahm is Eternal Existance, Absolute Consciousness, Compassion Infinite"

આ વ્યાખ્યાના દરેક શબ્દનો અર્થ નીચે પ્રમાણે છે–

**બ્રહ્મ 'સત્' છે :**

આ વ્યાખ્યા અનુસાર બ્રહ્મ 'સત્' છે, એટલે કે માયાની વિષમતા વિનાનું શુદ્ધ અસ્તિત્વ છે. પરમાત્માનું સદાકાળ, સર્વવ્યાપી, અખંડ અસ્તિત્વ રહેલું છે. માત્ર માયાના નિવાસસ્થાન (પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ)માં બ્રહ્મ માયાથી ઢંકાયેલા છે એટલે માયાનું આવરણ દૂર કરીને જ બ્રહ્મને પ્રત્યક્ષ જોઈ શકાય છે.

**બ્રહ્મ 'ચિદ્‌ધન' છે :**

ચિદ્‌ધન એટલે કે અધ્યાત્મ જ્ઞાનના અર્કરૂપ કે જ્ઞાનના ભંડાર છે. બીજા શબ્દોમાં પરમાત્માને 'પ્રજ્ઞાનધન' પણ કહેલ છે.

પરમાત્મા થકી જ મનુષ્યને બ્રહ્મનું સત્ય જ્ઞાન પ્રાપ્ત થવું શક્ય છે. મનુષ્યની શુદ્ધ બુદ્ધિમાં પરમાત્મા સત્‌જ્ઞાન પ્રેરે છે. એટલે **શુદ્ધાત્માઓ કે જેને શુદ્ધબુદ્ધિ (પ્રજ્ઞા) પ્રાપ્ત થયેલ છે તેમને પરમાત્મા વિષેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.** પરમાત્મા સ્વયં અવતાર ધારણ કરી તેમનું વાસ્તવિક સ્વરૂપ-સ્વભાવ કેવા છે તે લોકોને સમજાવે છે.

આ રીતે પરમાત્મા પોતે જ જો પોતાની ઓળખ-સમજ આપે તો જ મનુષ્ય તેમને ઓળખી શકે અને તેમની સાથે આધ્યાત્મિક સંબંધ સ્થાપી શકે. મનુષ્ય જ્યારે સાધના થકી ચિત્તને શુદ્ધ કરે ત્યારે જ તેમાં પરમાત્મા આવશ્યક બ્રહ્મ-જ્ઞાન આપે છે અને એટલે જ પરમાત્મા 'પ્રજ્ઞાનધન' કહેવાય છે.

આમ જ્ઞાનના અર્કરૂપે રહેલ પરમાત્માનું લક્ષણ ચૈતન્ય છે. જ્યાં

ૐ

પરમાત્માનો વાસ હોય ત્યાં ચૈતન્ય રહેલું હોય છે.

**''કરૂણાત્મક બ્રહ્મ'' – પરમાત્મા કરુણામય છે :**

પરમાત્મા આ જગતથી પર રહેલા હોવા છતાં સંસાર સાથે જ્ઞાનાત્મક કરુણાનો ગાઢ સંબંધ ધરાવે છે. કારણ કે 'કરુણા જ તેમનો આત્મા છે' એટલે પરમાત્માનો સ્વભાવ કરુણામય હોવાને કારણે જ તેઓ સમસ્ત બ્રહ્માંડોનું પાલન એક નૈતિક પાલકપિતા રૂપે કરી રહેલ છે. તેમનામાં રહેલી અમાપ કરુણાને કારણે જ તેઓ મનુષ્યોની પ્રાર્થના સાંભળે છે અને તેમના દુઃખદ આક્રંદથી પૃથ્વી પર અવતાર ધારણ કરે છે.

આમ યુગેયુગે (સંતો, ભક્તો કે દુઃખી જીવોની વ્યથાપૂર્ણ પ્રાર્થનાથી) પરિબ્રહ્મ પરમાત્મા પૃથ્વી પર પોતાના યોગબળે જન્મ ધારણ કરે છે અને જે તે સ્થિતિને અનુરૂપ જીવોને સહાય કરી, કાર્ય પૂર્ણ થતાં પાર્થિવ દેહનો ત્યાગ કરે છે.

પરમાત્માનો જીવાત્મા સાથેનો સંબંધ જ્ઞાનાત્મક કરુણાનો છે. તેથી જીવ માત્ર પ્રત્યે કરુણા રહેલી હોવા છતાં દરેકને સહાયરૂપ થવામાં તેમની મર્યાદા છે. વાસ્તવમાં પરમાત્મા 'શરણાગત' છે. જે સર્વને (એટલે કે માયાને) છોડી તેમના શરણમાં આવે તેની તેઓ અવશ્ય રક્ષા કરે છે. તેથી જ તેઓશ્રી અવતાર લઈ સમગ્ર સૃષ્ટિનું શક્ય તેટલું વ્યાપક કલ્યાણ કરે છે.

પ્રભુશ્રીએ પરમાત્માનુ જે સ્વરૂપ પ્રત્યક્ષ નિહાળ્યું અને જે દિવ્ય અનુભૂતિઓ કરી તેનું પૂર્ણ વર્ણન 'અધ્યાત્મ લીલા ઉપનિષદ'ના વિસ્તૃત ભજનમાં કરેલ છે.

પ્રભુશ્રીએ આપેલ વ્યાખ્યા પ્રમાણે ''બ્રહ્મ શુદ્ધ સત્વાકાર, સાંસારિકતાથી પર છતાં સંસાર સાથે જ્ઞાનાત્મક કરુણાનો ગાઢ સંબંધ ધરાવતા વિશુદ્ધ દિવ્ય વ્યક્તિત્વયુક્ત, વિશ્વવ્યાપક 'નિર્ગુણ-સુગુણ' સ્વરૂપને તેનાથી અભિન્ન એવા એના સત્ય અવતારને વ્યક્ત કરે છે.''

આ બ્રહ્મ જ સંપૂર્ણ જ્ઞાનના દ્યોતક તેમજ નિષ્કામ ભક્તિના પ્રેરક છે.

ૐ

હવે જો મનુષ્ય નિર્ગુણાતીત નિરાકાર આનંત્ય ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મ સાથે સીધો સંબંધ સ્થાપવા ઇચ્છે તોપણ તે સ્થાપી શકશે નહીં. કારણ કે તે ચૈતન્ય નિર્ગુણાતીત રૂપે સર્વત્ર રહેલા છે. એટલે મનુષ્ય સ્થાયી સ્વરૂપે સંબંધ તો આ વ્યાખ્યામાં દર્શાવેલા સુગુણ બ્રહ્મ કે જે **જગતના પાલક પિતા છે** અને **દિવ્ય વ્યક્તિત્વયુક્ત તથા કરુણામય છે** તેની સાથે જ સ્થાપી શકે. આ જ સુગુણ સાકાર પરમાત્મા પૃથ્વી પર અવતરે છે અને ભક્તો સાથે રહી દિવ્ય લીલાઓ કરે છે.

**ત્રિગુણાત્મક બ્રહ્મ :**

**બ્રહ્મનું એક સ્વરૂપ ત્રિગુણાત્મક બ્રહ્મ તરીકે ઓળખાય છે. વાસ્તવમાં આ બ્રહ્મ નથી પરંતુ ત્રણ ગુણોથી યુક્ત (સત્ત્વ, રજસ, તમસ્) પ્રકૃતિની બનેલ ઊંડી સૂક્ષ્મ, અહંકારયુક્ત પરિવર્તન પ્રધાન 'સાંસારિક માયા' જ છે. કારણ કે પરમાત્મા તો પ્રકૃતિના ત્રણે ગુણોથી પર છે અને તેમનો સંબંધ માત્ર સત્ત્વગુણ સાથે જ રહેલો છે.** તેથી જ પ્રભુશ્રીએ પરમાત્માને 'સુગુણ' કહેલ છે, સગુણ નહીં. રજસ અને તમસ પ્રકૃતિ સાથેનો સંબંધ તો માયાનો જ છે. આમ શુભ, મંગલકારી, પવિત્ર જે કંઈ છે તે જ 'સુગુણ' બ્રહ્મ સાથે સંબંધિત છે.

સારાંશમાં કહીએ તો પ્રભુશ્રીએ આપેલ વ્યાખ્યા અનુસાર **પરમાત્માનો સ્વભાવ સત્ય, કરુણા તથા પવિત્રતાને અનુસરતો હોવાથી જ આવા બ્રહ્મની પ્રાપ્તિ માટે પાંચ સાધન-સિદ્ધાંતો (સત્ય-કરુણા-સત્કર્તવ્ય-બ્રહ્મમંત્ર જપ-પવિત્રતા)ને આધ્યાત્મિકતાના મૂળભૂત સિદ્ધાંતો તરીકે સ્થાપ્યા છે.** અને તેના વિના કોઈપણ ધર્મ, સંપ્રદાય કે પંથમાં સત્ય ઈશ્વરની પ્રાપ્તિ શક્ય જ નથી.

**દર્શનો, પ્રેરણા કે આંતરવાણી (અવાજ) :**

મનુષ્યોને દર્શન, પ્રેરણા કે આંતરવાણી (ગેબી અવાજ) થતા ઘણી વખત જોવા મળે છે સ્થૂળ શરીર-મનની સ્થિતિથી પર આવા કોઈ અનુભવો જ્યારે

ૐ

વ્યક્તિને થાય છે ત્યારે તેને ભૂલથી ઈશ્વર દ્વારા થયેલ અનુભૂતિ માની લે છે. વાસ્તવમાં બ્રહ્મ અને માયાના રહસ્યજ્ઞાન વિષે આગળ સમજાવ્યા પ્રમાણે કોઈ દર્શનો ઈશ્વરપ્રેરિત તો વળી અન્ય દર્શનો માયાપ્રેરિત હોય છે. તેથી **જે દર્શન કે પ્રેરણા ઈશ્વરપ્રેરિત હોય માત્ર તે દર્શન જ સત્ય છે જ્યારે માયાપ્રેરિત કોઈ દર્શન કે પ્રેરણા અસત્ય છે.**

હવે કોઈ દર્શન સત્ય છે કે અસત્ય છે તેનો માપદંડ શું? પ્રભુશ્રીએ તે માટે સ્પષ્ટ સમજ આપી છે. તેના આધારે મનુષ્યે સત્ય-અસત્યનો નિર્ણય વિવેકબુદ્ધિ પૂર્વક કરવો જોઈએ.

**''જે દર્શનો અહિંસા, બ્રહ્મચર્યાત્મક પવિત્રતા, સત્ (અથવા ઋત) ઈષ્ટ (એટલે કે નૈતિક તથા આધ્યાત્મિક દૃષ્ટિએ ઇચ્છનીય માત્ર ભૌતિક દૃષ્ટિએ જ નહીં), શુભ (સર્વ હિતકારી તેમજ મંગલમય) સત્-ધર્મ (માત્ર પ્રચલિત સંસ્થાકીય ધર્મ નહીં) તથા શુદ્ધ આત્મા (દેહાત્મા અથવા જીવાત્મા નહીં) તરફ લઈ જનારા છે તે જ દર્શનો પરિબ્રહ્મ ઈશ્વરથી અભિન્ન વિદ્યાશક્તિએ આપેલ હોવાથી સત્ય તેમજ વાસ્તવમાં દિવ્ય છે.**

**જ્યારે જે દર્શનો હિંસા, અસત્, અપવિત્રતા, અનિષ્ટ, અશુભ તેમજ અનાત્મા તરફ લઈ જનારા છે તે માયા અથવા અવિદ્યાશક્તિએ આપેલ હોવાથી અસત્ અથવા માયિક છે.''**

ઘણી વખત મનુષ્યને દર્શન આપીને કે ગેબી અવાજ દ્વારા બલિ કે ભોગ માંગવામાં આવે છે, અને વળી મૂઢ મનુષ્ય તેને ઈશ્વરનો શબ્દ માની અનુસરે પણ છે. આના પરિણામ રૂપે આજપર્યંત ભયંકર માનવ સંહાર થયો છે, તેમજ મૂંગા જીવોની અપાર હિંસા થઈ છે વળી અનેકાનેક મનુષ્યોના અધઃપતન થયા છે.

દૃષ્ટાંત માટે જોઈએ તો ચંગીઝખાન જ્યારે એક શહેરને લૂંટી બહાર નીકળ્યો ત્યારે તેને અદૃશ્ય અવાજ સંભળાયો, 'પાછો જા અને વિનાશ કર'. પછી

તેણે ઈશ્વરનો શબ્દ માની લોકોની ક્રૂરતાપૂર્ણ કત્લેઆમ કરી જેનો ઇતિહાસ સાક્ષી છે. એવી જ રીતે અબ્રાહમને દીકરાના બદલે બકરાનો ભોગ આપવા ગેબી અવાજ સંભળાયો અને તેને ઈશ્વરની વાણી માની આજ સુધી અસંખ્ય બકરાની કુરબાની ઇસ્લામમાં ઇદ પર આપવામાં આવે છે. આવી જ રીતે વિશ્વના મહાયુધ્ધોમાં પણ અવિદ્યા માયાના અંતરિક્ષમાં રહેલા પરિબળો દ્વારા યુદ્ધના નિર્ણાયક વ્યક્તિને ખોટી પ્રેરણા મળતી હોય છે જેને કારણે અસંખ્ય લોકોનો સંહાર થઈ જાય છે.

વ્યક્તિગત જીવનમાં પણ આવા માયિક દર્શનો-અવાજ વગેરે મળતા હોય છે જે બધું જ અત્રે વર્ણવવું શક્ય નથી. મનુષ્યે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી બ્રહ્મ કે માયા તરફથી મળેલ સંકેતો વચ્ચેનો ભેદ પારખવો જોઈએ.

**અવતારો :**

બ્રહ્મ અને માયાના રહસ્ય ભેદને જાણ્યા પછી તેના આધારે થતા દર્શનો અવાજ (વાણી) પણ બે પ્રકારના છે તે જાણ્યું. તે જ રીતે અવતારો પણ બ્રહ્મ, માયા, મહામાયા તથા પ્રકૃતિના હોય છે અને તેથી આ સંદર્ભમાં જાણવું અત્યંત જરૂરી છે.

શ્રીરામગીતામાં લખ્યું છે, ''ચૈતન્યલોકમાં વાસ કરતા પરિબ્રહ્મ ઈશ્વરથી ભિન્ન, સ્વર્ગ તથા અંતરિક્ષમાં રહેલ માયા તથા અવિદ્યાના સંચાલકો પણ ઈશ્વરો કહેવાય છે. જેઓ પોતાના અવતારો થકી પૃથ્વી પર પોતાનું વર્ચસ્વ ટકાવી રાખે છે.'' (શ્રીરામગીતા ૧૧/૩૪)

આ પ્રમાણે માયા, મહામાયા તથા પ્રકૃતિના અવતારો પણ પૃથ્વી પર આવી તેમનું કાર્ય કરતા હોય છે. પણ પરિબ્રહ્મ ઈશ્વરના અવતાર આ બધાથી તદ્દન ભિન્ન હોય છે. તેથી તેમના વિષે પ્રથમ જાણીએ.

**પરિબ્રહ્મ પરમાત્માના અવતાર :**

પરિબ્રહ્મ પરમાત્માના સત્ય અવતાર વિષે લોકોને જ્ઞાન હોવું જરૂરી છે. કારણ કે તેમના પ્રાગટ્યથી મહાપ્રયાણ સુધીના અવતારી કાર્યનું યથાર્થ રીતે

ૐ

મૂલ્યાંકન કરવાનું સામર્થ્ય સામાન્ય રીતે દરેક લોકોમાં હોતું નથી.

તેથી પ્રભુશ્રીના જ શબ્દોમાં, ''અધ્યાત્મ લોકમાં આરૂઢ, સૃષ્ટિના નૈતિક તથા આધ્યાત્મિક પાલક, પરિબ્રહ્મ ઈશ્વર (પરમેશ્વર) શ્રીવિષ્ણુ પરમાત્મન પોતાની સહજ કરુણા તેમજ સંતો, ભક્તો તથા આર્તજનોની પ્રાર્થનાથી દ્રવિત થઈ પૃથ્વી પર જન્મ લેવા માતાની પુણ્યશાળી કુખમાં દેહ ધારણ કરે છે ત્યારથી જ, ઝિમરે આપણા પુરાણમાંથી લીધેલા અવતરણ દ્વારા બતાવ્યા પ્રમાણે 'માયાના સ્વયંસંચાલિત આસુરી પરિબળો તેમની સામે પડી જાય છે. તેઓ પરમાત્માને ધિક્કારે છે તેમજ તિરસ્કારે છે (કારણ કે) પોતાના વધતા જતા સ્વાર્થવાદમાં તેમજ (જીવો પરના) વર્ચસ્વમય અનુશાસનમાં પરમાત્મા માટે સ્થાન જ નથી. તેઓ (પરિબ્રહ્મ) ઈશ્વરના અવતારી કાર્ય પ્રયોજનને છિન્નભિન્ન કરવા પોતાની સમગ્ર શક્તિ વડે બનતુ સઘળું કરે છે.'' (હેનરિશ ઝિમર, ફિલોસોફિઝ ઓફ ઇન્ડિયા પૃ. ૨)

ઉપર્યુક્ત હેનરિશ ઝિમરે પુરાણોમાંથી લીધેલ કથન પરથી સ્પષ્ટ થાય છે કે વૈકુંઠના સ્વામી શ્રીવિષ્ણુ ભગવાન સંતો-ભક્તો કે દુઃખી જીવોની પ્રાર્થનાથી દ્રવિત થઈ જન્મ ધારણ કરે છે. અને તેનું એકમેવ કારણ તેમની જીવમાત્ર પ્રત્યેની સહજ કરુણા છે. પરંતુ જ્યારથી માતાની કૂખમાં યોગબળે આવે છે ત્યારથી જ માયાના આસુરી પરિબળો સતત એમની પાછળ પડી જાય છે અને તેમના કાર્યને નિષ્ફળ બનાવવા સઘળા પ્રયત્નો કરે છે.

તેથી જ પરમાત્માને જન્મ પહેલા અને પછી ખૂબ જ તપ કરવું પડે છે. તપના બળે માતાના ગર્ભમાં રહેલ પિંડની તેઓ રક્ષા કરે છે. વધુમાં પરમાત્મા પોતાના યોગબળે પ્રકૃતિની સહાય વડે મનુષ્ય જન્મ ધારણ કરે છે. એટલે સ્વયં પરમાત્મા જ પિંડની રચના કરે છે.

પરમાત્માએ મનુષ્ય જન્મ ધારણ કર્યા પછી યોગ્ય સમયે ભીતર રહેલ પરબ્રહ્મ પરમાત્મા તેમના સ્વસ્વરૂપની પ્રતીતિ કરાવે છે તથા પોતાનો સંકલ્પ

જણાવે છે. આમ અવતારમાં બે વ્યક્તિત્વ જોવા મળે છે. **જે પરબ્રહ્મ સ્વરૂપ તે નિરાકાર, નિર્ગુણ ચૈતન્ય સ્વરૂપે છે. જ્યારે મનુષ્યરૂપે રહેલ અવતાર સાકાર, સુગુણ દિવ્ય વ્યક્તિત્વ રૂપે છે. આ બંને વચ્ચે સંપૂર્ણ ઐક્ય હોવા છતાં પરબ્રહ્મ જે કાર્ય માટે સંકલ્પ કરે તેને પૂર્ણ કરવાનું કામ તેના અવતારી સ્વરૂપનું હોય છે.**

**શ્રી રામકૃષ્ણ ભગવાન તથા પ્રભુશ્રીના અવતારી સ્વરૂપોમાં તેમના આંતર તથા બાહ્ય સ્વરૂપ વચ્ચેની લીલા અનેક વખત જોવા મળેલી છે.**

પરબ્રહ્મ પરમાત્મા જ્યારે તેમના અવતારને તેના સ્વસ્વરૂપની પ્રતીતિ કરાવે ત્યાર પછી જ અવતારના વિશ્વકલ્યાણના કાર્યનો પ્રારંભ થાય છે. આમ અવતારી બ્રહ્મ ત્યાર પછી જ પોતાના પૃથ્વી પરના કાર્યનું આયોજન કરે છે. તેમની સાથે આવેલા સહાયકો (અંતરંગો) શુદ્ધાત્માઓ તેમને સહાય કરે છે. જો કે માયાના પરિબળો આ સહાયકો કે અંતરંગોને પણ વિમુખ કરવા સતત પ્રયત્ન કરે છે.

આમ માયાના પરિબળો સાથેનો અવતારનો સંઘર્ષ અવતાર લીલા દરમ્યાન સતત થતો રહે છે. તેમાં જય-પરાજય પણ થતો રહે છે. પરંતુ અવતાર તો મહાપ્રયાણ સુધી અકલ્પ્ય કષ્ટ સહન કરીને પણ પોતાના કાર્યને પૂર્ણ કરવા પુરુષાર્થ કરતા જ રહે છે.

**હવે પરિબ્રહ્મ ઈશ્વરના અવતારના મુખ્ય સાધન તથા કાર્ય-પ્રયોજન વિષે જાણીએ :**

''પરિબ્રહ્મ ઈશ્વરના અવતારનું મુખ્ય સાધન **અધ્યાત્મવિજ્ઞાન તથા વિશ્વપ્રેમ** છે. જ્યારે તેના અવતરણનું મુખ્ય પ્રયોજન **ઋતનું પ્રવર્તન, વ્યક્તિના પ્રત્યગાત્માની ઉન્નતિ તેમજ વિશ્વ કલ્યાણ છે.''**

અવતાર પોતાનું કાર્ય 'અધ્યાત્મ વિજ્ઞાન'ના જ્ઞાનને આધારે કરે છે. અધ્યાત્મવિજ્ઞાન એક પરાવિદ્યા તેમજ પરમ જ્ઞાન છે. તેથી આ સર્વોચ્ચ પ્રકારનું જ્ઞાન જ અવતારી કાર્યમાં મુખ્ય આધારરૂપ બને છે. તે જ્ઞાનના આધારે લોકોનો

ૐ

સહયોગ મેળવી તેમના પ્રેમના આધારે અવતાર આયોજિત કાર્ય કરે છે.

યુગે યુગે અવતરેલ અવતારી બ્રહ્મનું મુખ્ય પ્રયોજન તો અસત્‌ને દૂર કરી નૈતિક અને આધ્યાત્મિક (ઋત) વ્યવસ્થા સ્થાપવાનું તેમજ વ્યક્તિના આત્માનું સ્તર ઉન્નત કરવાનું અને તે વડે સમગ્ર વિશ્વમાં શાંતિ અને સુખ સ્થાપવાનું હોય છે. પ્રભુશ્રીએ સમજાવેલ દરેક અવતારનું કાર્ય-પ્રયોજન અત્રે વિસ્તૃત રીતે સમજાવવું અશક્ય છે.

**હવે અન્ય અવતારોના સાધન તથા પ્રયોજન વિષે જાણીએ :**

**માયાના અવતાર :**

''માયાના અવતારનું મુખ્ય સાધન (ભૌતિક સ્વરૂપની) સિદ્ધિઓ છે જે ધન, વૈભવ તથા ચમત્કાર વડે લોકોમાં સકામતા ઉત્પન્ન કરી, તેમને માયાના બંધન તરફ લઈ જાય છે, અને એ જ કારણે જે અત્યંત અનિચ્છનીય છે.''

માયાના અવતાર પોતાની સિદ્ધિ દ્વારા સંસારના લોકોમાં ચમત્કાર કરીને તેમની સંપત્તિ-વૈભવમાં વૃદ્ધિ કરાવી આપે છે. આ ઉપરાંત તેમની અન્ય દુન્યવી કામનાઓ પણ પૂરી કરે છે. જેથી ભોળા અજ્ઞાની લોકોનો એક મોટો સમૂહ તેમની પાસે અનુયાયી સ્વરૂપે એકઠો થાય છે. આ માયાના અવતાર પોતે જ સાચા ઈશ્વર છે તેવો ભ્રમ ઊભો કરે છે. ભવ્ય આશ્રમોમાં વૈભવયુક્ત જીવનશૈલી થકી તેમની પ્રતિષ્ઠા- ચળકાટ વધારતા રહે છે અને લોકોને હંમેશા દુન્યવી આકર્ષણોમાં જ ડુબાડી, આત્મકલ્યાણથી દૂર રાખે છે.

**અવિદ્યા માયાના અવતાર (મહામાયા) :**

અવિદ્યાના (મહામાયા) અવતારનું મુખ્ય સાધન આકર્ષણ, વશીકરણ તથા સંમોહન છે, જે કેવળ મલિન વિદ્યા હોવાથી સ્વાભાવિક રીતે જ અતિ નિંદ્ય છે. આત્મસિદ્ધિ (આત્મ-સાક્ષાત્કારના)ના માર્ગમાં આ સાધનો મહાવિઘ્નરૂપ છે. (શ્રી રામગીતા અ.૧૬) સર્વ દૃષ્ટિએ અધઃપતનના જ સોપાન હોવાથી સાધુઓએ સિદ્ધિઓ પાછળ કદી પણ જવું જોઈએ નહીં. એ જ પ્રમાણે લોકો માટે 'સિદ્ધોનો

ૐ

સંસર્ગ ઘોર મોહવર્ધક તેમજ મહાભયંકર હોવાથી સમાજ માટે પણ તે ત્યાગ કરવાને જ યોગ્ય છે.' (શ્રી રામગીતા ૧૬. ૩૦-૩૩)

મલિન વિદ્યાઓ જેવી કે મારણ, ઉચ્ચાટન, સંમોહન, વશીકરણ વગેરે સમાજ માટે ખરેખર ભયંકર અનિષ્ટરૂપ છે. સમાજે તેનો સર્વથા ત્યાગ કરવો જ ઉચિત છે. આવી વિદ્યાના જાણકાર કોઈપણનું મારણવિદ્યાથી મૃત્યુ નિપજાવી શકે છે. વશીકરણ વિદ્યાથી વર્ષો સુધી કોઈપણને વશમાં રાખી શકે છે. પણ અંતમાં તો આ વિદ્યાનો ઉપયોગ કરનાર પોતાનું અધઃપતન જ નોતરે છે. પોતાના સ્વાર્થ માટે આ વિદ્યાનો પ્રયોગ કરાવનાર પણ તેનું પતન નોતરે છે. સંક્ષિપ્તમાં કહીએ તો આવી મલિન સિદ્ધિ ધરાવનારાઓથી દૂર જ રહેવું જોઈએ. કારણ કે તે આત્મકલ્યાણથી દૂર લઈ જાય છે.

**સંમોહન :**

સંમોહન વિદ્યાનો ઉપયોગ આજે સમાજમાં બહુ જ પ્રચલિત થયેલ જોવા મળે છે. પ્રભુશ્રીએ આ સંદર્ભમાં લખ્યું છે,

''અગણિત અનર્થોનું મૂળ સંમોહન (Hypnotism) મદ્ય (દારૂ) તેમજ નૈતિક સંકલ્પબળને શિથિલ કરી, વિવેકબુદ્ધિને નષ્ટ કરી, મનુષ્યને આત્માવિહીન પશુ સમાન બનાવનાર છે. શારીરિક પીડાના શમન તેમજ માનસિક વ્યથાના કારણસંશોધન અર્થે માનસ-પૃથક્કરણમાં થતાં તેના બહોળા ઉપયોગે પશ્ચિમના રાષ્ટ્રોને તો સંયમ તથા સદાચારની દૃષ્ટિએ અધર્મ તથા અપવિત્રતાની ઊંડી ગર્તામાં નાખી દીધેલ છે.

લોકપ્રિયતા તેમજ લોકો પરના આધિપત્ય અર્થે સંમોહનનો થતો ઉપયોગ સમાજ માટે અત્યંત ભયજનક તેમજ રાજકીય ક્ષેત્રે અરાજક્તા ફેલાવનાર લોકશાહીનું ઘાતક હોવાથી દેખીતી રીતે જ વર્જ્ય છે.''

**પ્રકૃતિના સત્ત્વગુણના અવતાર :**

પ્રકૃતિના સત્ત્વગુણના અવતારનું મુખ્ય સાધન પ્રાકૃત ભક્તિ, પરોક્ષ જ્ઞાન તેમજ સૂક્ષ્મ સુખ છે. તેનું પ્રયોજન સામાન્ય ધર્મનું સ્થાપન તથા પુણ્યો થકી

ૐ

જીવાત્માની પરલોકમાં રક્ષા તથા સુખ ભોગનું છે.

પ્રકૃતિના સત્ત્વગુણના અવતાર મનુષ્યને મોક્ષ અપાવી શકતા નથી. પરંતુ લોકોને સામાન્ય ધર્મ બતાવી પુણ્યો કરાવી અને તે પુણ્યોના ફળ સ્વરૂપે આલોક તથા પરલોકમાં સુખ અપાવે છે. આ અવતાર અધ્યાત્મ ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોને અનુસરતા નથી. તેમનામાં તપ અને ત્યાગ પણ ખાસ હોતા નથી. એટલે આવા અવતાર લોકોને આકર્ષી શકે છે, પરંતુ તેમના આત્માની મુક્તિ કરાવી શકતા નથી.

**બ્રહ્મ અને માયા પ્રેરિત – આનંદ–સુખ–શાંતિ :**

મનુષ્યના જીવનમાં આનંદ, સુખ અને શાંતિ હોવા જરૂરી છે, અને દરેક મનુષ્ય તેના માટે હંમેશા ઝંખતો પણ હોય છે. પરંતુ બ્રહ્મ અને માયાનો રહસ્યભેદ જાણ્યા પછી તેમાં પણ સ્પષ્ટ તફાવત રહેલો છે. દા.ત પરમાત્માના ભજનમાં મળતો આનંદ દિવ્ય આનંદ છે, જ્યારે ફિલ્મના અશ્લીલ ગીતોમાં મળતો આનંદ માયિક આનંદ છે.

આવી રીતે પરમાત્મા અને તેના વર્તુળમાં આવતા ક્ષેત્રમાં સત્‌સાધનો દ્વારા મળતો આનંદ સત્‌સુખ અને સત્‌શાંતિ અપાવી શકે છે, અને તે સ્થાયી હોય છે. પરંતુ માયા કે મહામાયા (અવિદ્યા) પ્રેરિત 'સુખ–શાંતિ–આનંદ' અલ્પ સમયના અને આત્મવિકાસના ભોગે જ મળે છે. **આધ્યાત્મિકતાના સિદ્ધાંતોના ભોગે જ આવા આનંદની પ્રાપ્તિ થઈ શકે છે. એટલે જ પ્રભુશ્રીએ કહ્યું છે કે, 'આનંદ નિર્દોષ તથા નિર્વિકાર હોવો જોઈએ.'** એટલે કે એવા આનંદમાં અશ્લીલતા, બીભત્સતા, હિંસા કે અસત્ય ન હોવું જોઇએ. એવો આનંદ મેળવવા અન્યને નુકસાન ન થવું જોઈએ. દા.ત. ઉડતા પક્ષીના શિકારનો શોખ, બે આખલા વચ્ચેનું યુદ્ધ, સિંહ દર્શન, વગેરેમાં હિંસા દ્વારા જ આનંદ મેળવાય છે. એવી જ રીતે દૈહિક સુખ–આહાર–સૌંદયાર્થે મૂક જીવોનો સંહાર કરવામાં આવે છે. અશ્લીલ અને બીભત્સ સાહિત્ય, સંગીત કે કળામાંથી મળતો આનંદ પણ વિકારીત છે. તેથી જ પ્રભુશ્રી ભજનકીર્તન, સામૂહિક પ્રસાદ, યાત્રા અને અધ્યાત્મલક્ષી ઉત્સવોની

ॐ

ઉજવણી જેવા કાર્યક્રમો દ્વારા સુખ-શાંતિ અને આનંદ અપાવતા હતા. તેઓશ્રી નિર્દોષ હાસ્ય નિષ્પન્ન કરીને હસાવતા પણ હતા. નિર્દોષ રમત-ગમત કે વાંચનને પણ પ્રોત્સાહન આપતા હતા. શાસ્ત્રીય સંગીતનો ઉપયોગ ધૂન-ભજનમાં કરતા અને મધુર સંગીતમાં ડૂબાડી મનને શુદ્ધ ભાવથી તરબોળ કરી દેતા. આખી રાત્રિ કીર્તન-ધૂનની ચાલતી રમઝટમાં સવાર ક્યારે પડી જતી તેની ખબર પણ પડતી નહીં. એવી જ રીતે પવિત્ર સાત્ત્વિક પ્રસાદ જમાડી નિર્ભેળ આનંદ કરાવતા હતા.

**લોકોમાં પ્રવર્તતી અજ્ઞાન પ્રેરક અસત્ માન્યતાઓ :**

બ્રહ્મ અને માયા વિષેના જ્ઞાન આધારિત કેટલીક ખોટી માન્યતાઓ વર્ષોથી લોકોમાં પ્રવર્તી રહેલ છે. તેનું નિરાકરણ પ્રભુશ્રીએ ઈશોપનિષદના ઈશાવાસ્ય શ્લોકના આધારે આપ્યું છે.

**ईशा वास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।**

**तेन त्यक्तेन भुज्जीथा मा गृधः कस्यस्विद धनम् ।।१।।**

આ શ્લોકનો પ્રચલિત અર્થ જગત ઈશ્વરથી વ્યાપ્ત છે તેવો કરાયેલ છે. પરંતુ પ્રભુશ્રીએ આ શ્લોકનો અર્થ સુધાર્યો છે.

''જગતમાં આ સર્વ સ્થાવર જંગમ જે કંઈ છે તે (ઈશા-માયા) માયાનું નિવાસ સ્થાન છે એટલે કે તે માયાથી વસેલ છે તેથી કરી ત્યાગપૂર્વક (જીવન તથા વસ્તુઓનો) ઉપભોગ કરો. કોઈપણના ધનમાં લોલુપ થાઓ નહીં.''

એટલે કે આ જગતની સર્વ વસ્તુઓ, મનુષ્યો તથા પ્રાણીઓ વચ્ચેનો સંબંધ માયાથી વસેલ છે, ઈશ્વરથી નહીં. જો આ જગત ઈશ્વરથી જ વસેલું હોત તો ત્યાગની જરૂર જ રહે નહીં, અને સર્વત્ર ઈશ્વરની જ અનુભૂતિ થાય. સર્વત્ર પ્રેમ, ભાઈચારો અને કરુણા જોવા મળે. પરંતુ વાસ્તવમાં તો સંસારમાં ધૃણા, ધિક્કાર, દ્વેષ, હિંસા જ જોવા મળે છે. એટલે **શ્રી રામકૃષ્ણ ભગવાને કહ્યું છે તે પ્રમાણે આ ત્રણે લોક (પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગ) માયાના ઈલાકા છે.** એટલે વિભુરૂપે પરમાત્મા સર્વત્ર

ૐ

છે પણ પ્રભુરૂપે પૃથ્વી પર મર્યાદિત સ્થાનોમાં જ રહેલ છે. તેથી જ પ્રભુરૂપે પૃથ્વી પર જ્યાં પરમાત્માનો વાસ છે ત્યાં જ શ્રદ્ધા, પ્રેરણા, ઉદ્દીપના, દર્શન, જ્ઞાન વગેરે અનુભવી શકાય છે. આમ વાસ્તવમાં તો પૃથ્વી પર સર્વત્ર માયાનો જ વાસ છે.

એટલે જ પ્રભુશ્રીએ લખ્યું છે કે, **''આ જગતમાં સામાન્ય મનુષ્યના દૈનિક જીવનમાં પરમાત્માનો સંકલ્પ કાર્ય કરતો નથી પરંતુ માયા કે જેનું આ ત્રણે લોક પર વર્ચસ્વ છે તેના જ સંકલ્પ પ્રમાણે મુખ્યત્વે બધું બને છે.''**

અવિદ્યા-માયાનું સ્થૂળરૂપે ઉત્કટ સ્વરૂપ મલિન તંત્રમાર્ગની સાધનાઓમાં જોઈ શકાય છે. તેવી જ રીતે માયાનું સ્થૂળ સ્વરૂપે સમાજમાં કામિની કાંચનમાં જોઈ શકાય છે. જગતના મહત્ અંશના માનવ વ્યવહારો કામિની અને કાંચનની આસપાસ જ કેન્દ્રિત થયેલા જોવા મળે છે. કામિની એટલે નિમ્નવાસના (ક્લીં) અને કાંચન એટલે ધન-સંપત્તિ (શ્રીં). માયાનો વાસ કાંચનમાં છે મહામાયાનો વાસ કામિનીમાં છે. **શ્રીરામકૃષ્ણ ભગવાને તેથી જ તેમના ઉપદેશના દરેક શબ્દે 'કામિની-કાંચન'ના ત્યાગની વાત ભારપૂર્વક સમજાવી છે.** કારણ કે મનુષ્યના મન મહત્ અંશે તેમાં જ આસક્ત રહેલા હોય છે. તેથી જ તેની મોહક શક્તિથી મુક્ત થઈ વિવેકપૂર્વક તેનો ત્યાગ કરવો જોઈએ.

આ પ્રમાણે પૃથ્વી પર સર્વત્ર પરમાત્માનો નહી, પણ માયાનો જ વાસ છે. પ્રભુશ્રીએ એક સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે કે વિદ્યુતશક્તિ સર્વત્ર રહેલી છે. પરંતુ તેને ડાયનામો દ્વારા સંચિત કરી અને પછી વિદ્યુત પ્રવાહને યોગ્ય સાધનો (વીજબત્તી-પંખો)માં ઉપયોગ કરીને પ્રકાશ-પવન વગેરે મેળવી શકાય તે જ રીતે વિભુરૂપે તો પરમાત્મા સર્વ વ્યાપક છે જ, પરંતુ જ્યાં પ્રભુરૂપે તેનો વાસ છે ત્યાં જ તેની અનુભૂતિ (દર્શન, પ્રેરણા, જ્ઞાન) તથા તેનું સાન્નિધ્ય અનુભવી શકાય.

પ્રભુરૂપે પરમાત્માનો વાસ તો મર્યાદિત સ્થાનો કે વ્યક્તિઓમાં જ રહેલો હોય છે. એટલે દરેકના હૃદયમાં ઈશ્વર રહેલો છે તેમ કહેવું અસત્ય છે. જો દરેકના હૃદયમાં

ૐ

ઈશ્વર રહેલો હોય તો પછી ઈશ્વર પ્રાપ્તિ માટે કંઈ કરવાનું રહેતું જ નથી. પણ વાસ્તવમાં **હૃદયમાં ઈશ્વરનો વાસ કરાવવા ચિત્ત (હૃદય-બુદ્ધિ) શુદ્ધિ અર્થે દીર્ઘ સમય જપ-સ્મરણ, તપ તથા જ્ઞાન આવશ્યક છે.** આમ હૃદયમાં રહેલા કામ, ક્રોધ, લોભ દૂર થતા અને દૈવી-સંપત્તિમાં વૃદ્ધિ થતાં સહજ પરમાત્માનો વાસ થાય છે. **તેથી જ શ્રી રામકૃષ્ણ ભગવાને માત્ર ભક્તના હૃદયને જ ભગવાનનું દીવાનખાનું કહેલ છે.**

**ઈશ્વરનો વાસ ક્યાં રહેલો છે ? :**

પૃથ્વી પર પ્રભુરૂપે પરમાત્માનો આવિર્ભાવ વ્યક્તિમાં જોઈએ તો ઈશ્વરના સત્ય અવતારો, અંશાવતારો, ઋષિમુનિઓ, સંતો-ભક્તો, જ્ઞાનીઓ, યોગીઓમાં તેમના જ્ઞાન-ભક્તિ-યોગ અનુસાર હોય છે. જ્યારે સ્થળોમાં જોઈએ તો અવતારના લીલા સ્થાનો, ચૈતન્યધામો, જ્યોતિર્લિંગો, પવિત્ર નદીઓ, સરોવરો, પર્વતો, પ્રાચીન પૂજાતા પવિત્ર મંદિરોમાં ઓછાવત્તા અંશે રહેલો હોય છે. પ્રતીકોમાં શાલિગ્રામ તથા શિવબાણમાં પ્રભુરૂપે પરમાત્માનો આવિર્ભાવ હોય છે. સત્ય સ્વરૂપની સૌમ્ય મૂર્તિઓમાં પણ પરમાત્માનો આવિર્ભાવ જોવા મળે છે.

આમ વર્ષોથી પૂજાતા જ્યાં અનેક લોકોની હૃદયપૂર્વકની ભાવભક્તિ રહેલી છે તેવા પવિત્ર મંદિરોમાં ઈશ્વરનો આવિર્ભાવ જોઈ શકાય છે. એટલે મુમુક્ષુ મનુષ્યે આવા સ્થાનોની યાત્રા-દર્શન અવશ્ય કરવાં જોઈએ. સાંસારિક વ્યવહારોના સ્થાનોમાં તો માયા અથવા અવિદ્યાનું જ અસ્તિત્વ વધુ પ્રમાણમાં હોય છે.

એટલું યાદ રાખવું આવશ્યક છે કે કોઈપણ સુંદર સ્થાપત્યવાળું ભવ્ય મંદિર હોવા છતાં તેમાં **પરમાત્માનો વાસ તો તેની આંતર પવિત્રતા, ઉચ્ચ આચારો, ભાવ-ભક્તિ સાથેની સેવા-પૂજા તથા નામ-સંકીર્તન અને તેવા સત્ આધ્યાત્મિક વ્યવહારો પર નિર્ભર છે.** પરંતુ તેનાથી વિપરીત જો મંદિરમાં નિમ્ન પ્રકારના અનૈતિક વ્યવહારો જેવાકે દેવદાસીના અનિચ્છનીય નૃત્યો, મદિરાપાન,

ૐ

પૂજારીના અનૈતિક સંબંધો તથા સેવા-પૂજામાં અનિયમિતતા હોય તો આવા ભવ્ય મંદિરો પણ કાળક્રમે ખંડેર બની નાશ પામે છે અથવા લૂંટાય કે તોડી પડાય છે. આવા મંદિરો પ્રાચીન સ્થાપત્યના ચૈતન્યહીન સ્મારકો માત્ર બનીને રહે છે.

આ સંદર્ભમાં જોઈએ તો સોમનાથનું ભવ્ય મંદિર કેમ લુંટાયું ? તો તેનો જવાબ ઉપર્યુક્ત જ્ઞાનદૃષ્ટિથી શોધતાં ત્યાં અનૈતિક વ્યવહારો, મદિરાપાન તથા દેવદાસીના સંબંધો કારણભૂત હતા. આ બધાના કારણે ત્યાંની પવિત્રતા નષ્ટ થવાથી, પરમાત્માનું ચૈતન્ય જતું રહેવાથી અને માયાનો ત્યા વાસ થઈ જવાના પરિણામે અસુરો ત્યાં આવવા પ્રેરાયેલ હતા અને મંદિર નષ્ટ કરીને ત્યાંની સંપત્તિ લૂંટી ગયા હતા. પરંતુ જો મંદિર દરેક રીતે અત્યંત પવિત્ર હોય અને અસંખ્ય લોકોના હૃદયનો ભાવ ત્યાં ઘનીભૂત થયેલ હોય તો તેની પરમાત્મા રક્ષા કરે જ છે. રાજસ્થાનમાં આવેલ પ્રતાપગઢના ગોમતેશ્વર મહાદેવના મંદિરમાં મોહમદ ગઝનીનું લશ્કર મૂર્તિ તોડવા ગયેલ ત્યારે તેમાંથી અસંખ્ય મધમાખીઓ નીકળતા માઈલો સુધી લશ્કરને ભાગી જવું પડ્યું હતું. આમ જ્યાં પરમાત્માનો વાસ હોય ત્યાં તે સ્થાન કે વ્યક્તિ અવશ્ય રક્ષિત જ હોય છે.

શ્રીમંદિરના સંદર્ભમાં એ પણ અત્યંત અગત્યનું છે કે મંદિર નિર્માણ પૂર્વ (પ્રતિષ્ઠા પૂર્વે) ત્યાં પવિત્રતા સ્થાપવી જરૂરી છે. જો ભવ્ય મંદિરનું સ્થાપત્ય જ અશ્લીલ અને બીભત્સ મૂર્તિઓ ધરાવતું હોય તો ત્યાં પ્રતિષ્ઠા પૂર્વે જ અપવિત્રતા પ્રસરે છે. કારણ કે મૂર્તિ-ઘડતર દરમ્યાન , દીર્ઘ સમય સુધી અનૈતિક-અબ્રહ્મચર્યાત્મક શિલ્પકૃતિની વૈચારિક મનોભાવના દ્વારા ત્યાં વાતાવરણમાં રહેલી અપવિત્રતાથી અવિદ્યામાયાનો જ વાસ થઈ જાય છે. પરિણામે આવા મંદિરો ખંઢેર કે સ્મારક જ બની રહે છે. ખજુરાહો અને કોણાર્કના પ્રાચીન મંદિર તેના પૂરાવા રૂપ છે. પણ કોણાર્કની બાજુમાં જ આવેલ **જગન્નાથજીનું મંદિર તેટલું જ પ્રાચીન હોવા છતાં પવિત્ર-ચિન્મય યાત્રાધામ બની રહ્યું છે.** પ્રભુશ્રીએ તેથી જ 'સત્યયુગ શ્રી રામજી મંદિર'ની પ્રતિષ્ઠા પૂર્વે ત્યાં સાત માસની બ્રહ્મમંત્રની

ૐ

અખંડધૂન તેમજ મૂર્તિનું ઘડતર સતત જપ સ્મરણ સાથે કરાવેલ હતું.

**પ્રલય :**

પ્રલય વિષેની પ્રચલિત માન્યતા એવી છે કે જગતના પાપનો ભાર ઉતારવા ઈશ્વર જ પ્રલય લાવે છે.

આ માન્યતાના સંદર્ભમાં પ્રભુશ્રીએ સમજાવ્યું છે કે, ''લોકોની માન્યતા અનુસાર ઈશ્વર જ આ સૃષ્ટિના સર્જક, પાલક તથા સંહારક છે. પરંતુ વાસ્તવમાં ઈશ્વર તો આ સૃષ્ટિના નૈતિક પાલક પિતા જ છે. તેઓ સૃષ્ટિના રચયિતા કે સંહારક નથી.''

''.... પ્રકૃતિના નિયમો અનુસાર પ્રકૃતિ દ્વારા જ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે તેમજ રચાય છે અને તેના થકી જ અંતિમમાં ક્ષીણતા પામી તેમનું વિસર્જન થાય છે. જ્યારે વચ્ચે થતા મહાવિનાશની સંહારક શક્તિ અવિદ્યા-માયા તથા તેના પરિબળો છે. પરિબ્રહ્મ ઈશ્વર તો કેવળ તેનું પાલન કરે છે.....''

**અવિદ્યા-માયા કેવી રીતે સંહાર કરે છે તે જાણીએ :**

**''.... જ્યારે મનુષ્યોના સમષ્ટિ અનિષ્ટ કર્મો પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે અવિદ્યા શક્તિ તેના પરિબળો થકી પ્રલયને પ્રેરી શકે છે....''**

આમ અવિદ્યા-માયાશક્તિ (મહામાયા) લોકો પાસે અનિષ્ટ કર્મો કરાવે છે પછી તે જ કર્મોના આધારે સંહાર કરે છે. લોકોને આ મહામાયા શક્તિની ચાલની ખબર જ પડતી નથી.

પરમાત્માના સત્ય અવતારો અવિદ્યા માયાના (મહામાયા) અસત્ સામ્રાજ્યનો નાશ કરી સત્ય (ઋત પ્રવર્તન) સ્થાપવા જ પૃથ્વી પર આવે છે. પરંતુ લોકો એવું માને છે કે પૃથ્વી પરથી લોકોના પાપનો ભાર ઉતારવા માટે ઈશ્વર જ વિનાશ કરે છે. વાસ્તવમાં ઈશ્વરાવતારને યુદ્ધ તો અનિવાર્ય કારણસર (ન્યાય-નીતિ, સત્-કર્તવ્ય, ક્ષાત્રધર્મ તથા બ્રહ્મભાવ) જ કરવું પડે છે. એટલે યુદ્ધ એ

અપવાદરૂપ અવતારી કાર્ય છે. અન્ય અવતારો* કરુણા, પ્રેમ અને જ્ઞાન દ્વારા જ કાર્ય કરવા આવ્યા હતા.

સંક્ષેપમાં કહીએ તો **આ જગતના વ્યવહારો તો સમષ્ટિ કર્મો, પ્રકૃતિના નિયમો તથા દૈવ અનુસાર એટલે કે નસીબના આધારે થતા રહે છે.** પરમાત્મા તો પાલક પિતા રૂપે અવતાર લઇ તેમની તપસ્યા તથા પ્રાર્થના દ્વારા શક્ય તેટલા પ્રલયના અનિષ્ટને અટકાવે છે.

**સારાંશ :**

બ્રહ્મ અને માયા વિષે આટલું જાણ્યા પછી સમજી શકાય છે કે વાસ્તવમાં પરમાત્મા અને અવિદ્યા માયાના (મહામાયા) મર્યાદા તથા ક્ષેત્ર જુદા જોવા મળે છે. લોકોમાં ઈશ્વર વિષેની પ્રબળ માન્યતા એવી જ છે કે,

–ઈશ્વર જ આ જગતનું સઘળું સંચાલન કરે છે. તેમની ઈચ્છા વગર પાંદડું પણ ચાલતું નથી.

–ઈશ્વર દયાળુ અને ન્યાયપ્રિય છે તેથી તે માણસને ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સૂવાડતા નથી. પ્રાણીમાત્રનું ધ્યાન રાખે છે.

આવી ઘણી માન્યતાઓ લોકોમાં દૃઢ થયેલી છે. પણ વાસ્તવમાં પૃથ્વી પરની સ્થિતિ જુદી છે. આપણે જોઈ શકીએ છીએ કે અનેક લોકોના ભૂખમરાથી મૃત્યુ થયા છે. અસંખ્ય નિર્દોષ લોકોની ક્રૂરતાપૂર્વક કત્લ કરાયેલ છે. અગણિત મૂંગા જીવોની નિત્ય હિંસા થતી જ રહે છે... આમ નિર્દોષ મનુષ્યો તથા પશુઓને સીધી સહાય કરનાર કોઇ નથી. એ રીતે વાસ્તવમાં પૃથ્વી એક દૃષ્ટિએ નિઃસહાય છે.

હવે પરમાત્મા સર્વશક્તિમાન અને દરેક જીવો પ્રત્યે કરુણા રાખતા હોવા છતાં નિર્દોષ લોકોને સીધી સહાય કરી શકતા નથી. કારણ એ કે તેમને આ પૃથ્વી

*શ્રી કપિલ ભગવાન શ્રી બુદ્ધ ભગવાન, શ્રી ઇશુભગવાન, શ્રી રામકૃષ્ણ પરમહંસ

સાથે સીધો સંબંધ કોઈ નથી. તેથી જ કરુણાથી દુઃખી જીવોને સહાય કરવા તેમને પૃથ્વી પર અવતાર જ લેવો પડે છે. અવતાર લીધા વગર જ જો તેઓશ્રી સહાય કરી શકતા હોત તો રાવણ જેવા રાક્ષસોનો અવતાર લીધા સિવાય સીધો જ સંહાર કર્યો હોત.

તેથી જ લોકોએ માયા અને મહામાયાનું રહસ્યજ્ઞાન સમજી તેનાથી મુક્ત થવા પરમાત્મા સન્મુખ થવું આવશ્યક છે. હૃદયમાં માયાના સ્થાને પરમાત્માને સ્થાપીને જીવન વ્યવહાર કરવાથી અને એ રીતે સત્ કર્તવ્યપરાયણ તથા સત્-નિષ્ઠ બનીને રહેવાથી મનુષ્યનું જીવન સુખ-શાંતિ સભર બની રહેશે. અને તે સાથે તેના આત્મસ્વરૂપને પણ ઓળખી શકશે. સારાંશમાં માયા અને મહામાયાના આધિપત્યને ત્યજી પરમાત્માનું સાર્વભૌમત્વ સ્વીકારે એ જ એક માત્ર ઉપાય છે.

આજની પ્રવર્તમાન સ્થિતિ એવી છે કે જગતની આ દુઃખદ સ્થિતિ જોઈ તેને માટે પરમાત્માને જ જવાબદાર સમજી આ અજ્ઞાનને કારણે લોકોને ઈશ્વરમાંથી શ્રદ્ધા ઊડી ગઈ છે અને તેથી જ નિરીશ્વરવાદ કે નાસ્તિકવાદ ઊભો થયો છે. લોકો દૈવવાદી (નસીબમાં માનતા) બની ગયા છે, અને તેથી પરમાત્માથી વિમુખ બન્યા છે.

પ્રભુશ્રીનું આ તત્ત્વજ્ઞાન સીધી રીતે સમજવામાં થોડું અટપટું લાગે છે. કારણ કે વર્ષોની પરંપરાગત શાસ્ત્રો અનુસારની અસત્ માન્યતા લોકમાનસમાં જડ થયેલી છે. પરંતુ ચિંતન અને મનન સાથે જો પ્રયાસ કરવામાં આવે તો સત્ય અવશ્ય સમજી શકાશે, કારણ કે આ જ્ઞાન તર્ક સુસંગત અને વાસ્તવિકતા સાથે વધુ સુસંગત રહેલું છે.*

---

*અવિદ્યાના (મહામાયા) પ્રલયાત્મક અંધકાર તથા માયાનાં ભૌતિકવાદી મિથ્યાભાસો (ધન-વૈભવ) ની પેલી પાર શ્રી રામકૃષ્ણ પરમાત્માના આધ્યાત્મિક અધિષ્ઠત્વ નીચે ક્ષિતિજ પર ઝળહળતા સત્યયુગનું સોનેરી સુપ્રભાત ઉગી ચૂક્યું છે.

ॐ

**परमात्म् प्रकाशेन आत्मानं पश्य**

प्रકરણ - ૧૨

## પ્રાસંગિક કાર્યો

'શ્યામલ'માં ઇ.સ. ૧૯૬૮-૮૨ના નિવાસ દરમ્યાન પ્રભુશ્રીએ પ્રાસંગિક સ્વરૂપના અનેક કાર્યો કર્યા હતા. આ કાર્યો 'સત્-સંસ્થાપન' તથા તેના જ પૂરક કાર્ય 'પ્રલય નિવારણ'ની અંતર્ગત કરાયેલા હતા.

સામાન્ય રીતે કોઈ અયોગ્ય ઘટના કે પ્રસંગ થકી પરમાત્માનું ગૌરવ હણાતું હોય કે તેમની મર્યાદાનો લોપ થતો હોય અથવા તો આધ્યાત્મિકતાના સનાતન સિધ્ધાંતને હાનિ પહોંચતી હોય તો તે અર્થે પ્રાર્થના કરતા તેમજ બાહ્ય દૃષ્ટિએ પણ આવશ્યક કાર્ય કરતા હતા. આ અર્થે આવશ્યક પત્રવ્યવહાર કરતા તેમજ કોઈ ભક્તને યોગ્ય સમજ આપવા રૂબરૂ મોકલતા હતા. તેમજ પરાત્પરની પ્રેરણા અનુસાર અન્ય આધ્યાત્મિક ક્રિયાત્મક વિધિ પણ કરતા હતા.

તેઓશ્રી કોઈપણ પ્રશ્ને સંઘર્ષ કે વાદ-વિવાદમાં ઊતરવું યોગ્ય માનતા નહીં. પ્રાર્થના જ તેમનું અંતિમ બળ અને અમોઘ શસ્ત્ર હતું. છતાં સમજાવટ દ્વારા કોઈપણ કાર્ય કરવામાં માનતા હતા. તેઓશ્રીએ કહ્યું હતું કે, ''વિવેક દૃષ્ટિએ સ્પષ્ટ જણાતી અયોગ્ય ઘટનાઓનો આવશ્યક વિરોધ પણ દ્વેષ, દ્રોહ અથવા હિંસાત્મક રીતે કદીપણ કરવો જોઈએ નહીં. આવી હૃદયને નિષ્ઠુર કરી આત્માને નષ્ટ કરનારી અધોગામી પ્રવૃત્તિનો અંતરથી સામનો એ જ સાચો ધર્મ છે. અને તે અંગેની સતત જાગૃતિ એ જ પરમ કર્તવ્ય છે.''

આ ચૌદ વર્ષના ગાળામાં નાના-મોટા અગણિત પ્રસંગો બન્યા હતા. તેમાંથી થોડા પ્રસંગોની સંક્ષિપ્તમાં નોંધ કરી છે.

ૐ



**ખંડિત મૂર્તિના વિવાદાસ્પદ બનાવો :**

ગિરનાર પર શ્રી અંબાજી માતાજીની શ્રીમૂર્તિ અમુક અંશે ખંડિત થયેલ છે. તેના આધારે તે મૂર્તિને સ્થાને માતાજીની નવી મૂર્તિ ઘડાવીને તેની પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું નક્કી થઈ ગયું હતું.

હવે નવી મૂર્તિ ગિરનાર તળેટીમાં પ્રતિષ્ઠા અર્થે આવી ગઈ હતી. ત્યારે જૂનાગઢના વયોવૃદ્ધ અગ્રણી વકીલ શ્રી નરોત્તમભાઈ શેઠે તેની પ્રતિષ્ઠા અટકાવી અને કોર્ટમાં આ પ્રશ્ન લઈ ગયા હતા.

આ સમગ્ર પ્રશ્ને પ્રભુશ્રીએ તેમને જરૂરી માર્ગદર્શન અને આધ્યાત્મિક બળ આપ્યું.

પ્રભુશ્રીનું મંતવ્ય એવું હતું કે, **''મા અંબાજીની આ સૌમ્ય, ચિન્મય અને દર્શનીય શ્રી મૂર્તિને બદલાવી ઉચિત નથી.''** આ સંદર્ભમાં તેઓશ્રીએ આધ્યાત્મિક સિદ્ધાંતને ન્યાય-તર્ક સુસંગત રીતે પ્રશ્નોત્તરી રૂપે એક નાની પુસ્તિકામાં પ્રગટ કરેલ હતો. આ પુસ્તિકા ખરેખર જ કોઈપણ મૂર્તિના ઉપર્યુક્ત રીતે વિવાદાસ્પદ પ્રશ્ને અંતિમ નિર્ણાયક રૂપે મહત્ત્વના આધારરૂપ બને તેવી છે.*

અંતમાં સત્યનો જ જય થયો હતો અને શ્રી અંબાજી માતાજીની શ્રી મૂર્તિ યથાવત રહી હતી. શ્રી નરોત્તમભાઈનો સઘળો પુરુષાર્થ સફળ થયો હતો. તેઓ

*પ્રભુશ્રીએ તા. ૧૨-૧૦-૬૯ના રોજ ખંડિતમૂર્તિના પ્રશ્ને પ્રશ્નોત્તરીની પુસ્તિકા પ્રગટ કરી હતી.

ૐ

પ્રભુશ્રીની આજ્ઞાનુસાર ડોળી કરીને ગિરનાર પર અંબાજી માતાને દર્શને ગયા હતા અને ત્યાં પૂજા પણ કરી હતી.

આવો જ એક વિવાદાસ્પદ મૂર્તિનો પ્રશ્ન (જામનગર) પંચેશ્વર મંદિરમાં બન્યો હતો. આ શ્રીમંદિરમાં શ્રી રામચંદ્રજી ભગવાનની શ્રી મૂર્તિના હસ્તને ઇજા થતાં તેને સ્થાને બીજી મૂર્તિ તૈયાર કરાવી અને પ્રતિષ્ઠા અર્થે સમય પણ નક્કી થઈ ચૂક્યો હતો. પરંતુ તે સમયે જ પ્રભુશ્રીને આ ઘટનાની જાણ થતાં તુરત જ એક પત્ર લઈને ભક્તને ત્યાં મોકલ્યા. મંદિરના ટ્રસ્ટી શ્રી બારદાનવાલાએ આ પત્ર વાંચી પુનઃ પ્રતિષ્ઠાનો વિચાર માંડી વાળ્યો અને જૂની મૂર્તિ યથાવત રાખી.

પછીથી તૂટેલી મૂર્તિના હાથને સાંધી કોઈને ખ્યાલ પણ ન આવે તે રીતે રાખેલ હતો. અને ચમત્કાર તો એ થયેલો કે ભક્ત શ્રી બચુભાઈની નિત્ય પ્રાર્થનાથી સાંધો કરેલ તે તિરાડ અદૃશ્ય થઈ ગયેલ હતી ! અને શ્રી મૂર્તિનું પુનઃ અગાઉ જેવું જ દર્શન થતું હતું.

**સેલમનો પ્રસંગ :**

ઈ.સ.૧૯૭૧માં સેલમ (આંધ્રપ્રદેશ)માં જે ધૃણાસ્પદ ઘટના બનેલી તેના આધ્યાત્મિક પ્રતિભાવરૂપે પ્રભુશ્રીએ જે કાંઇ કરેલું તે અત્યંત નોંધનીય છે.

રામસ્વામી નાયકર નામની વ્યક્તિએ પરમાત્માની પ્રતિમાનું જે રીતે જાહેરમાં અપમાન કરી હિન્દુઓની લાગણી દુભાવેલ તેને કારણે ત્યાં સંપૂર્ણ શહેરનું વાતાવરણ કલુષિત થઈ ગયેલ હતું. પ્રભુશ્રીને થયું કે ત્યાં અખંડધૂનરૂપ ભગવત્ સ્મરણ દ્વારા વાતાવરણમાં પવિત્રતા સ્થાપવી તેમજ ત્યાંના લોકોના ધાર્મિક હૃદયને આ નિંદનીય ઘટનાથી જે આઘાત પહોંચ્યો છે તેને સાંત્વના આપવી અત્યંત જરૂરી છે.

ઉપર્યુક્ત હેતુ સાથે તેઓશ્રીએ અગીયાર ભક્તોને ભગવા ઝભ્ભામાં શ્રીચૈતન્ય મહાપ્રભુજીના જન્મદિને (તા.૮-૩-૭૧) સેલમ મોકલ્યા. પરંતુ જ્યારે આ ભક્તો સેલમ પહોંચ્યા ત્યારે ત્યાં ૧૪૪મી કલમ લાગુ પાડી દેવાયેલ

હતી. તેથી સમગ્ર શહેરમાં કીર્તન ધૂન કરતા નીકળવું અશક્ય હતું. ત્યાર પછી અનેક પ્રયત્નો કરવા છતાં શહેરમાં સરઘસાકારે નીકળવાની મંજૂરી ન જ મળી આમ છતાં ત્રણચારના જૂથમાં આ ભક્તો સમગ્ર શહેરમાં કીર્તન કરતાં ફર્યા. અને પ્રભુશ્રીએ સોંપેલ કાર્ય પૂર્ણ કર્યું.

આ યાત્રા દરમ્યાન જે કંઈ આધ્યાત્મિક અનુભૂતિ ભક્તોને થયેલી તેનું વર્ણન કરવું અત્રે શક્ય નથી. તેવી જ રીતે 'શ્યામલ'માં પ્રભુશ્રી સાથે ધૂન કરતા ભક્તોને પણ દર્શન થયા હતા. **જેનો સાર એ જ હતો કે અંતરિક્ષની આસુરી શક્તિ સામે સત્ શક્તિનો વિજય થયો હતો.**

ત્યાર પછી રામનવમીએ ફરી વખત પ્રભુશ્રીએ સાત ભક્તોને સેલમ મોકલ્યા હતા અને વાતાવરણની શુદ્ધિ અર્થે જે કંઈ બાકી રહેલ તે કાર્ય પૂર્ણ કરાવેલ હતું.

**સ્થૂળ જગત પર ઉદ્ભવતા ઘણા અનિષ્ટ બનાવોમાં અંતરિક્ષની આસુરી શક્તિ જ મુખ્ય પ્રેરક બનતી હોય છે.** આ શક્તિ જ મનુષ્યના મન પર અદૃષ્ટ કબજો લઈ તેની પાસે આવા હીન કૃત્યો કરાવતી હોય છે. પ્રભુશ્રીએ આ કાર્યમાં કોઈ પણ દુન્યવી પ્રતિકાર કે સંઘર્ષ કર્યા વગર જ અખંડધૂન (પ્રાર્થના) દ્વારા શુદ્ધિકરણ કર્યું હતું અને એ રીતે સેલમના કલુષિત વાતાવરણમાં શાંતિ સ્થાપી હતી.

**ક્રાંતિકારી આધ્યાત્મિક પુસ્તક (ઈ.સ. ૧૯૭૧-૭૨) :**

પરમ પૂજ્ય પ્રભુશ્રી એક એવું ક્રાંતિકારી આધ્યાત્મિક પુસ્તક લખવા ઇચ્છતા હતા કે જેમાં આધ્યાત્મિકતાના સઘળા મૂળભૂત સિદ્ધાંતોની વ્યવસ્થિત સમજ આપવામાં આવેલી હોય અને આ પુસ્તક જ સત્-અસત્ વચ્ચેનો ભેદ કરવામાં નિર્ણાયક બની રહે. તેથી એ ઉદાત્ત ઉદ્દેશથી આવા એકાદ હજાર પાનાના વિસ્તૃત પુસ્તક લેખનનો પ્રારંભ તેમણે કર્યો અને તે માટેના જરૂરી મુદ્દાઓ પણ વ્યવસ્થિત રીતે તેઓશ્રીએ તૈયાર કર્યા. પરંતુ પુસ્તક લેખનનું કાર્ય હજુ તો આગળ વધે તે પૂર્વે ઈ.સ.૧૯૭૩માં 'સત્યયુગ શ્રી રામજી મંદિર'નું નિર્માણ કાર્ય કરવાનું

ૐ

થયું અને ત્યાર પછી ઈ.સ.૧૯૭૪થી તો 'પ્રલય નિવારણ'ના કાર્યનો પ્રારંભ થઇ ગયો આ કારણોસર આ પુસ્તકનું લેખન તેમના મહાપ્રયાણ પર્યંત સિદ્ધ થઈ શક્યું નહિ.

તેઓશ્રીએ આ પુસ્તક વિષે જે લખ્યું છે તેના પરથી પુસ્તકની મહત્તા સમજી શકાય છે.*

''..જે લખાણ સારાએ જગતમાં આધ્યાત્મિક ક્રાંતિ અર્થે હોય તે એટલું બધું બુદ્ધિગમ્ય, હૃદયગમ્ય તેમજ અલૌકિક હોવું જોઈએ કે તે અમોઘ જ બને કારણ કે અંતિમમાં તો તે જ્ઞાન જ જગતને મદદરૂપ થવાનું છે...''

**''દૂરગામી દૃષ્ટિએ તો વ્યવસ્થિત રીતે લખાયેલું પુસ્તક જ સારાએ જગતમાં સત્યયુગ લાવનારું બની શકે. આ કાર્ય ખરેખર એક ભગીરથ કાર્ય છે કારણ કે તેમાં સારાએ જગતને જ્ઞાનપૂર્વક ઈશ્વર તરફ વાળવાનું છે.''**

''...અગત્યના સઘળા અન્ય ધર્મોને પણ આવરી લઇ હિન્દુ ધર્મના સર્વોચ્ચ સિધ્ધાંતોને મધ્યમાં રાખી, દરેક ધર્મના વિચારકોને થોડી જ વિચારણાથી સહજ રીતે માન્ય બને, અને આજના ભૌતિક, વૈજ્ઞાનિક યુગના સામાજિક શાસ્ત્રો તથા તત્ત્વજ્ઞાન વિચાર પ્રવાહોની અનેક ગૂંચવણો દૂર કરી તેની અસંખ્ય સમસ્યાઓનો ઉકેલ કરે તેવા સત્યયુગના આત્મા સમા સદ્ધર્મના પુસ્તકના સ્વરૂપમાં પ્રગટ કરવા અંતરમનથી તેઓશ્રી સતત મથી રહ્યા જ છે...''

અંતમાં પ્રભુશ્રી લખે છે કે, ''આ પુસ્તકના આયોજન વિષે જેમ જેમ વધુ અને વધુ વિચારવામાં આવે છે તેમ તે આધ્યાત્મિક ક્ષેત્રે MAGNUM OPUS (મહાન સાહિત્યિક કૃતિ) થાય તેમ લાગે છે...''

આ રીતે પ્રભુશ્રીએ આ પુસ્તક લખવા સઘન વિચારણા અને અથાગ પ્રયત્ન કરેલો પણ અન્ય અણધાર્યા અને અનિવાર્ય કાર્યોને કારણે આ દિવ્ય પુસ્તકની

*આ પુસ્તક વિષે પ્રભુશ્રીએ તા. ૨૧–૧૨–૮૦ ના રોજ વાત કરતા કહેલ કે આ જગતના બધા દુઃખોનું Solution (ઉપાય) હું જાણું છું પણ તે સત્યયુગના મોટા પુસ્તકમાં જ સમાવી શકાય.

ૐ

રચનાનું સ્વપ્ન સાકાર થઈ શક્યું નહીં. આને માનવજાતનું દુર્ભાગ્ય જ માનવું રહ્યું.

## સત્યયુગ શ્રી રામજી મંદિરનું નિર્માણ (ઈ.સ. ૧૯૭૩)

**પ્રાસ્તાવિક :**

પરમ પૂજ્ય આત્મન્ પ્રભુશ્રીને આ શ્રીમંદિરના નવનિર્માણનો આકસ્મિક યોગ પ્રાપ્ત થયો હતો. શ્રી ન્યાલભક્ત અન્નક્ષેત્રના ટ્રસ્ટી શ્રી રામજીભાઈ કોટક પ્રભુશ્રી પાસે આવ્યા અને નવા બંધાયેલ મંદિરમાં શ્રીમૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી. જ્યારે પ્રભુશ્રીએ અન્ય કાર્યોમાં વ્યસ્તતાને કારણે અનિચ્છા દર્શાવી ત્યારે તેમણે પ્રભુશ્રીના શ્રીહસ્તે જ પ્રાણ પ્રતિષ્ઠા કરવાનો આગ્રહ રાખ્યો.

પ્રભુશ્રીએ શરત મૂકી કે પ્રાણપ્રતિષ્ઠા જો તેમના આદર્શો અને સિદ્ધાંતો અનુસાર કરવામાં આવે તો જ તેમના માટે આમ કરવું શક્ય છે. શ્રી રામજીભાઈએ તેમની આ આધ્યાત્મિક શરતનો સહર્ષ સ્વીકાર કરતા પ્રભુશ્રીના શ્રીહસ્તે જ આ પવિત્ર કાર્ય સંપન્ન કરવાનો નિર્ણય લેવાયો.

**પ્રાણપ્રતિષ્ઠા પૂર્વેનું કાર્ય :**


જ્યારે પ્રભુશ્રીએ મંદિરે આવીને પ્રાર્થનાગૃહનું નિરીક્ષણ કર્યું ત્યારે હજુ ઘણું કામ બાકી હતું. તેથી પ્રભુશ્રીએ જ અધુરું કાર્ય પુનઃ શરૂ કરાવ્યું તેમજ નિજમંદિર (ગર્ભગૃહ) તોડીને ખંડની વચ્ચે બનાવડાવ્યું. આ સાથે જ પ્રાણપ્રતિષ્ઠાના ભાગરૂપે ખંડમાં બાજુમાં બ્રહ્મમંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'ની અખંડધૂન તેમજ શ્રી રામાયણના પાઠ શરૂ કરાવ્યા. આ સાથે જ નિજમંદિરમાં પધરાવવા અર્થે ગંગાજળ લેવા હરિદ્વાર તથા સરયુ નદીની પવિત્ર રેતી લાવવા પાંચ ભક્તોને અયોધ્યા મોકલ્યા. શ્રી મૂર્તિના ઘડતરનું કાર્ય જામનગરના શિલ્પી શ્રી પોપટભાઈ પાસે શરૂ કરાવ્યું.

**શ્રી મૂર્તિનું ઘડતર :**

શ્રીમંદિરમાં પધરાવવા અર્થેની સર્વ આરસની મૂર્તિઓ શ્રી પોપટભાઈ

ૐ







શિલ્પી (જામનગર) પાસે ઘડાવવામાં આવી હતી. આ શ્રી મૂર્તિના ઘડતર દરમ્યાન ભક્ત શ્રીબચુભાઈને પત્ર દ્વારા પ્રભુશ્રી સતત માર્ગદર્શન આપતા રહેતા હતા. તેમની આજ્ઞાનુસાર શ્રી બચુભાઈ સતત જપપરાયણ રહેતા અને પોપટભાઈને પ્રભુશ્રીના સૂચન નિયમિતપણે પહોંચાડતા હતા. શ્રી મૂર્તિને રાત્રે જુદા સ્વચ્છ કપડાંથી ઢાંકીને રાખવામાં આવતી. શ્રી રામલાલા ભગવાનની શ્રી મૂર્તિ તો પ્રભુશ્રીએ પ્રેરણાનુસાર બીજી વખત ઘડવાનો આદેશ આપ્યો હતો. પોપટભાઈ હતાશ થઈ ગયા હતા. પરંતુ શ્રી બચુભાઈએ તેમને પ્રસાદ આપીને પ્રોત્સાહિત કરી, નવી શ્રી મૂર્તિના ઘડતરનું દિવ્ય કાર્ય પૂર્ણ પાવિત્ર્ય અને ધૈર્ય સાથે પૂર્ણ કરાવ્યું હતું.

**નિજમંદિર (ગર્ભગૃહ) :**

શ્રીમંદિરના આ ગર્ભગૃહને પૂજ્ય પ્રભુશ્રીના માર્ગદર્શન અનુસાર પવિત્રતાપૂર્વક બનાવવામાં આવ્યું હતું. કોઇ કારીગર ચંપલ પહેરીને અત્રે અંદર આવી શકતા નહિ. (એક વખત કોઇ કારીગરથી ચંપલ પહેરી અંદર જવાની ભૂલ થઈ જતા બધી જ લાદીઓ પ્રભુશ્રીના આદેશથી દૂર કરવામાં આવી હતી.) સિંહાસન નીચે સરયુની રેતી પધરાવેલ હતી. ચતુર્ભૂજ શ્રીરામચંદ્રજી ભગવાન, શ્રી સીતા માતાજી, શ્રી લક્ષ્મણજી તથા શ્રી હનુમાનજીની મૂર્તિઓની સહેજ નીચે બાળસ્વરૂપ શ્રી રામલાલાની શ્રી મૂર્તિ પધરાવાયેલ હતી. આ શ્રી મૂર્તિઓની પાછળ કૈલાસ પર બિરાજતા દક્ષિણામૂર્તિ શ્રી સત્ય શિવભગવાન તથા આ સાથે જ ગૌરીકુંડ તથા માનસરોવર એક જ ચિત્રમાં પ્રતિષ્ઠિત કરેલા. સિંહાસનની બાજુમાં ગોખમાં શ્રી ગંગાજીની લોટી તથા અખંડ જ્યોત પધરાવેલ હતી. આમ ગર્ભગૃહનું નિર્માણ સંપૂર્ણ પવિત્રતાપૂર્વક કરવામાં આવ્યું જે આજે પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

**પ્રાણપ્રતિષ્ઠા :**

ઈ.સ. ૧૭-૧૧-૧૯૭૩ (દેવદિવાળી)ના પવિત્ર દિવસે પ્રભુશ્રીએ તેમના સ્વહસ્તે શ્રીમૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. વિશેષમાં આ પ્રતિષ્ઠા વિધિ પરંપરાગત શાસ્ત્રોક્ત વિધિથી કરવાને બદલે સાત માસ સુધી બ્રહ્મમંત્રની અખંડધૂન

ૐ

દ્વારા કરાવેલ હતી. ગંગાજીની પ્રતિષ્ઠા તો આ પૂર્વે ગંગાદશેરાએ જ કરી લીધી હતી. મર્યાદિત ભકતવૃંદ સાથે અતિ ભાવપૂર્ણ પ્રતિષ્ઠા આરતી કરવામાં આવી હતી, અને તે સમયે ઘણા ભક્તોને શ્રી મૂર્તિઓ પર પુષ્પવૃષ્ટિ થતી હોય તેવા દર્શન થયા હતા. આમ સ્વયં પરબ્રહ્મ પરમાત્માના સત્યાવતાર દ્વારા આ શ્રીમંદિરની પ્રાણપ્રતિષ્ઠા એ ખરેખર જગતના આધ્યાત્મિક ઇતિહાસનો સુવર્ણ દિવસ હતો.

**આધ્યાત્મિક સિદ્ધાંતો :**

આ શ્રીમંદિરની પ્રતિષ્ઠામાં પ્રભુશ્રીએ આધ્યાત્મિકતાના પાયાના સિદ્ધાંતોના પાલનની સૂક્ષ્મતમ કાળજી રાખી હતી, જે આજે પણ જોઇ શકાય છે.

આ શ્રીમંદિરનું નામકરણ પરમ પૂજ્ય પ્રભુશ્રીએ 'સત્યયુગ શ્રીરામજી મંદિર' એમ કરેલ છે. આનું કારણ એ છે કે જ્યારથી શ્રીમંદિરનું કાર્ય શરૂ કર્યું ત્યારથી જ પરમકૃપાળુ પ્રભુશ્રીએ પ્રેરણાનુસાર સંકલ્પ કરેલો કે સત્ય પાળતી વ્યક્તિઓ પાસેથી જ આ કાર્ય અર્થે રકમ લેવી અને તે અનુસાર જ કાર્ય પૂર્ણ કર્યું હતું. (આ જ કારણસર શિખરજીના નિર્માણનું કાર્ય તે વખતે બાકી રહી ગયેલ હતું.)

શ્રીમંદિરમાં સેવા અર્થે થતો નિત્યખર્ચ શ્રી પ્રભુશ્રીએ શ્રી ચીમનભાઈ શેઠ (જીબુટી) પાસે પ્રતિમાસ ૫૦૦/- રૂા. નિયત કરેલ હતો. પછીથી ભક્ત શ્રી જયવંતભાઈ મલકાણ કેટલાક વર્ષો સુધી મહિને ૫૦૦/- રૂા. આપતા હતા. આમ પ્રભુશ્રીએ સેવા-પૂજા માટે પણ સત્યનું પાલન કરતા ભક્તો પાસેથી જ વ્યવસ્થાનો આગ્રહ રાખ્યો હતો.

અહિંસાના સિદ્ધાંતની વ્યવહારાત્મક બાજુ મુજબ કોઈ પણ જીવની હિંસા ન થવી જોઈએ. તેથી જ પ્રભુશ્રીએ અખંડજ્યોતના ગોખની વ્યવસ્થા એટલી કાળજીપૂર્વક કરાવેલ કે દિવેલીયામાં સૂક્ષ્મ જીવો પણ પડે નહિ. તેવી જ રીતે શ્રીમંદિરમાં ઉપયોગમાં લેવાતા સંગીતના વાજિંત્રો હાર્મોનિયમ તથા ઢોલક પણ (ચર્મરહિત) પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવ્યા છે. ભગવાનની શ્રીમૂર્તિના

ૐ

પરિધાન (વસ્ત્રો)માં પણ રેશમી કાપડ નો ઉપયોગ ન કરવાનું સૂચવેલ હતું.

(બ્રહ્મચર્યાત્મક) પવિત્રતાના સિદ્ધાંતનું તો સૂક્ષ્મ રીતે ધ્યાન રાખેલું હતું. ધર્મસ્થાનોમાં આ પ્રકારની પવિત્રતા જ તેમના ચૈતન્યનો આધાર છે, અને તે અર્થે પુરુષ ભક્તો તથા સ્ત્રી ભક્તો વચ્ચેની મર્યાદા અત્યંત જરૂરી છે.

પ્રભુશ્રીએ મંદિરમાં ભાઈઓ-બહેનોના આવવા જવાની વ્યવસ્થા અલગ રખાવેલ છે. આ જ રીતે પ્રાર્થના ખંડમાં ભાઇઓ-બહેનો વચ્ચે બેઠક વ્યવસ્થા પણ અલાયદી કરાયેલી છે. મંદિરની મધ્યમાં ત્રણેક ફૂટ પહોળાઈનો સળંગ કઠોડો (પાર્ટીશન) મર્યાદા અર્થે રાખવામાં આવેલ છે. તેમજ બહેનો માટે અખંડધૂનમાં આવવા સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય નક્કી કરેલ છે તેમજ નિજમંદિરની પરિક્રમા પણ રાખેલ નથી.

શ્રીઆત્મન્ પ્રભુશ્રીની આચાર-પવિત્રતાની એક નાની બાબત અત્રે નોંધવા લાયક છે.

દાદરો ચઢતા ભીંતમાં સૂચના કોતરાવેલ છે કે, '...બાળકોને પણ ખુલ્લા પગે ઉપર લઈ જવા...' આનો અર્થ એ છે કે ઘણા વાલીઓ પોતાના બાળકોના બુટ કાઢવાનું ભૂલી જાય છે અને તેથી આ ભૂલનો તેમને ખ્યાલ રહે તે માટે દાદરો ચઢતા ભીંતમાં આ પ્રમાણે લખાણ કોતરાવેલ છે. આ સાથે પ્રભુશ્રીની એ પણ દીર્ઘદૃષ્ટિ જોવા મળે છે કે ભવિષ્યમાં આ સ્થાયી સૂચન કોઈ દૂર ન કરી શકે અને તે માટે ભીંતમાં જ લખાણ કોતરાવેલ છે. એ જ રીતે પ્રાર્થના ખંડમાં પણ ગાયમાતાનું લખાણ ઉપસાવેલ અક્ષરમાં લખાવેલ છે કે જેથી ભવિષ્યમાં ત્યાં કોઈ ફેરફાર ન થઈ શકે.

**પ્રાર્થના ખંડ :**

આ વિશાળ પ્રાર્થના ખંડમાં પ્રભુશ્રીએ પરમાત્માના અવતારી સત્યસ્વરૂપના તેર જેટલાં ચિત્રો બોધાત્મક ઉપદેશ સાથે પધરાવેલ છે. આ ચિત્રો જેટલા સુંદર છે તેટલા જ ચિન્મય છે. પ્રભુશ્રીએ અથાગ પરિશ્રમ થકી તેમને તૈયાર કરાવી એક થી

ૐ

છ માસ સુધી સ્વયં તેમની પૂજા તથા ધ્યાન કરેલ છે. આ સાથે સત્યયુગના બે સીલ (Seal) તથા ઉપદેશના લખાણ વાળા ભીંતચિત્રો પણ પધરાવેલ છે. ગર્ભગૃહની બહારના ભાગે બે સુંદર પીપળાના વૃક્ષો વિવેક અને વૈરાગ્યના પ્રતીકરૂપે કોતરાવેલ છે. ગર્ભગૃહના દ્વાર પર સુવર્ણ અક્ષરે 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્ર કોતરાવેલ છે. દરવાજાની બન્ને બાજુમાં ભીંત પર સચ્ચિદાનંદ શ્રી રામલાલા ભગવાન અને સત્યયુગધારિન શ્રી રામકૃષ્ણ ભગવાનના ચિત્રજી પધરાવેલ છે. આવી રીતે કલાત્મક અને ભવ્ય દર્શન આ દ્વારની આસપાસ થાય છે. ધૂન-ભજન કરતા ભાવિકોને પ્રાર્થના ખંડની ચોતરફ દિવ્યતા અને સત્-સૌંદર્યના અવિરત દર્શન થાય છે.

**અખંડધૂન :**

પ્રભુશ્રી કહેતા કે જે સ્થાનમાં પરમાત્માનું અખંડ નામસ્મરણ થતું હોય ત્યાં નિશ્ચય જ પરમાત્માનો અખંડપણે વાસ રહેલો હોય છે. જે રીતે શ્રીમંદિરની ચિન્મયતાનો આધાર પૂજારીની પવિત્રતા, શ્રીમૂર્તિની સૌમ્યતા તથા ઘરધણીના (ટ્રસ્ટી) ઉત્સાહ પર રહેલ છે, તેટલું જ મહત્ત્વ શ્રીમંદિરમાં અખંડ સંકીર્તનનું છે. તેથી જ પ્રભુશ્રીએ જ્યારે આ મંદિરનો પ્રાર્થનાખંડ પ્રથમ વખત જોયેલો ત્યારે જ તેઓશ્રી જાણી ગયેલા કે ભવિષ્યમાં આ સ્થાન અખંડધૂન માટે ખૂબ જ યોગ્ય રહેશે. પછીથી તેઓશ્રીએ અહીં અખંડધૂન માટે સતત પ્રયત્ન ચાલુ રાખ્યો હતો. જો કે થોડો સમય ધૂન ચાલુ પણ થયેલ પણ પછીથી બંધ થઈ ગઈ હતી. આમ છતાં ધૂન-ભજનના કાર્યક્રમો આ શ્રીમંદિરમાં સમયાંતરે યોજાતા રહેતા હતા.

સંક્ષિપ્તમાં જોઈએ તો મંદિરમાં કથાવાર્તા કે પ્રવચનોને સ્થાને અખંડ સંકીર્તન જ મંદિરના ચૈતન્યમાં વૃદ્ધિ કરનાર અને ભક્તોનું સર્વાંગી કલ્યાણ કરનાર છે.

ઉપર્યુક્ત વિગત જાણ્યા પછી આ મંદિરની કેટલીક વિશિષ્ટતાઓ વિશેષરૂપે જાણવા યોગ્ય છે.

_ આ શ્રીમંદિરની પ્રાણપ્રતિષ્ઠા સ્વયં સત્યાવતાર શ્રીઆત્મન્ પ્રભુશ્રીના

ૐ

વરદ હસ્તે થયેલ છે.

_ શ્રીમંદિરમાં પ્રતિષ્ઠિત ચતુર્ભૂજ શ્રીરામચંદ્રજી ભગવાન વાસ્તવમાં પરિબ્રહ્મ શ્રીવિષ્ણુ ભગવાન સ્વરૂપે સ્થાપિત કરેલ છે અને તેથી જ તેમને ચાર ભૂજામાં દર્શાવાયેલ છે.

_ શ્રીમંદિરની પ્રાણપ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવાને બદલે સાત માસની અખંડધૂન દ્વારા કરાયેલ છે.

_ શ્રીમંદિરના પ્રાર્થના ખંડમાં ભીંત પર પધરાવેલ ચિત્રો (પ્રભુશ્રીના દિવ્ય અધ્યાત્મ જ્ઞાન આધારિત) અવતાર, અંશાવતાર, શક્તિ સ્વરૂપ તથા વિભૂતિના છે. અન્ય કોઈપણ સંતો-ભક્તો કે દાતાની તકતી આ ખંડમાં મૂકવામાં આવેલ નથી.

_ નિજમંદિરની સેવા-પૂજાની સુવ્યવસ્થા અર્થે બંને બાજુ (પૂજારીનું અને સેવા-પૂજા માટે સામગ્રી બનાવવાનું) રસોડું અલાયદા રાખવામાં આવેલ છે. તેમજ બ્રહ્મચારીને જ સેવા પૂજાનો અધિકાર આપેલ છે.

**સારાંશ :**

પ્રભુશ્રીના અવતારી જીવનનું એક વર્ષ આ શ્રીમંદિરના નિર્માણ અર્થે આવશ્યક તપસ્યા કરવામાં ગયું હતું. તેઓશ્રીએ તેના ઘડતરમાં જેટલી સૂક્ષ્માતિત કાળજી લીધી હતી, તેટલી જ કાળજી તેની દરેક ક્રિયા-વિધિ પાછળ લીધી હતી. **કોઈ પણ મંદિરની સાચી ભવ્યતા તેના બાહ્ય દેખાવમાં નહીં પણ તેમાં રહેલી આધ્યાત્મિકતામાં છે**, અને તે અર્થે જ તેઓશ્રીએ અથાગ પરિશ્રમ તથા તપસ્યા કરેલી હતી. શ્રીમંદિરને તેઓશ્રી એક ચૈતન્ય ધામ બનાવવા ઇચ્છતા હતા. તેઓશ્રી કહેતા કે, ''બદ્રીનાથ જેવું આ પણ એક ધામ કેમ ન બને?''

આ સંદર્ભમાં મંદિરના ટ્રસ્ટીને તેઓશ્રીએ કેટલાક સૂચનો પણ કર્યા હતા. વળી તેઓશ્રીએ એક વખત કહેલું પણ ખરું કે, ''હવે જીવનમાં બીજું કોઈ આવું

ૐ

મંદિર બનાવવું હોય તો (મારા માટે) શક્ય નથી.'' વળી તેઓશ્રીએ એ પણ કહેલું કે આ મંદિર સાથેનો તેમનો સંબંધ માત્ર આધ્યાત્મિક છે.*

**સમાપન :**

આ મંદિર વિષેના લેખનનું સમાપન કરતા પૂર્વે તેની વર્તમાન સ્થિતિની સંક્ષિપ્ત સમીક્ષા કરી લઈએ.

ઈ.સ.૧૯૮૨માં પ્રભુશ્રી સ્વધામ પધારી ગયા પછીથી મંદિરના પૂજારી બાબુભાઈ બાર વર્ષ સુધી રહ્યા હતા ત્યાર પછી આજ સુધી એકનિષ્ઠ પૂજારી તરીકે શ્રી સુરેશભાઈ સેવા આપી રહ્યા છે શ્રી તુલસીભાઈ તેમના સહાયક તરીકે વર્ષોથી સેવા આપે છે.

આ શ્રીમંદિરનો વહીવટ ટ્રસ્ટી શ્રી લાભુભાઇએ ઈ.સ.૧૯૯૩ સુધી સંભાળ્યો હતો. તેમણે ત્રણ ઓરડા-રસોડું, વગેરે ધૂનના ભક્તો માટે બનાવી આપ્યા હતા. તેમજ શ્રીમંદિરના શિખરજીનું નિર્માણ કાર્ય પૂર્ણ કર્યું હતું. આ કાર્યના મુખ્ય સહયોગી ભક્ત શ્રી શિવાભાઇ, શ્રી કરશનભાઇ રાઠોડ, શ્રી પ્રવીણભાઈ તથા શ્રી દલપતભાઈ હતા. આ રીતે કળશવિધિ સંપન્ન થયા પછી મહાપ્રસાદનું પણ આયોજન કરેલ હતું.

તેમના પરલોક સિધાવ્યા પછી થોડો સમય ટ્રસ્ટીશ્રી યજ્ઞેશભાઈએ વહીવટ સંભાળ્યો હતો. તેમના પણ પરલોક સિધાવ્યા બાદ પ્રભુશ્રીના ભક્ત શ્રી મણીભાઈએ વહીવટ સંભાળ્યો છે જે આજપર્યંત ચાલુ છે. તેમણે નીચે એક વધુ સત્સંગ ખંડ બનાવ્યો છે, જેની બાજુમાં તેમના કુટુંબીઓ રહે છે. બે-ત્રણ વર્ષ પૂર્વે ભક્તોના સહયોગથી સમગ્ર મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. જો કે

---

*પ્રભુશ્રીના આ કથનનો મર્મ એ જ હતો કે તેમનો મંદિર સાથેનો સંબંધ દુન્યવી (મિલકતનો) ન હતો. તેઓશ્રીનું નિજ સ્થાન 'શ્યામલ' પણ તેઓશ્રીએ ભાડેથી રાખ્યું હતું. તેમના જીવનમાં ક્યારેય કોઈ મિલકત કે મકાન ઊભા કર્યા ન હતા. તેમણે પાર્થિવ શરીર પણ (દેહત્યાગ) ધર્મશાળામાં છોડ્યું હતું. તેઓશ્રી આ સ્થૂળ જગતની દુન્યવી ભૂમિકાથી પર હતા.

ભક્તોના નિવાસસ્થાન તથા નીચેના ભાગમાં ઘણું કાર્ય હજુ બાકી છે.

ભક્તશ્રી ઋતાનંદ (શશીભાઇ) તથા ભક્તશ્રી સત્યયુગાનંદ (સુરેશભાઈ) ઈ.સ. ૧૯૯૧માં સ્થાયી રીતે મંદિરમાં આવ્યા પછી અહીં અખંડધૂન શરૂ કરવામાં આવેલ હતી જે આજ પર્યંત ચાલુ છે.

શ્રીમંદિરમાં અખંડધૂન સાથે આધ્યાત્મિક ઉત્સવોની ઉજવણી, મંત્રલેખન, સાહિત્ય પ્રકાશન જેવી પારમાર્થિક પ્રવૃત્તિ થતી રહે છે.

આ રીતે સ્વામી સત્યયુગાનંદે (શ્રી સુરેશભાઈ) વિપરીત સ્થિતિમાં પણ અખંડધૂનને ટકાવી રાખેલ છે. ઘણા ઉત્સાહી અને ભાવિક ભક્તોનો મંદિરની દરેક પ્રવૃત્તિમાં સહયોગ મળતો રહે છે. આ રીતે મંદિરનો આધ્યાત્મિક વિકાસ નિરંતર આગળ ધપી રહ્યો છે.

**પ્રલય-નિવારણ તથા તેના પૂરક કાર્યો (ઈ.સ. ૧૯૭૪) :**

ઈ.સ. ૧૯૭૩માં સત્યયુગ શ્રીરામજી મંદિરનું કાર્ય પૂર્ણ કર્યું. તે પછીના વર્ષમાં જ પ્રલય-નિવારણનું મહાકાર્ય આવી પડ્યું અને પછી શેષજીવન એ કાર્યના સંદર્ભમાં જ પસાર કર્યું હતું. (પ્રલય નિવારણની સમજ અર્થે પ્રકરણ ૧૪ જુઓ.)

**અખંડધૂનનું કાર્ય :**

ઈ.સ. ૧૯૭૪થી પ્રભુશ્રીના મુખ્ય કાર્યોમાં અખંડધૂનને જ પ્રાધાન્ય હતું. નિજસ્થાન 'શ્યામલ'માં અખંડધૂનનો પ્રારંભ કરાવ્યો અને સાથે જ પ્રલયને અટકાવવા ઠેકઠેકાણે ધૂન ચાલુ થાય તે માટે અથાગ પ્રયત્નો શરૂ કર્યા. જે શહેરોમાં તેમના ભક્તો વસતા હતા તેવા સ્થાનો- કુતીયાણા, જુનાગઢ, રાણાવાવ, જામનગર, અમદાવાદ, ગાંધીનગર, ગોંડલ, મોરબી વગેરેમાં ધૂન શરૂ કરવા ભક્તોને કહેવડાવ્યું. કેટલાક સ્થાનોમાં તેમના આદેશ અનુસાર અખંડધૂન શરૂ પણ થયેલ હતી પણ વિવિધ કારણોસર સ્થિરપણે ટકી શકી નહોતી. રાજકોટમાં સત્યયુગ શ્રીરામજી મંદિર તથા મોરબીમાં સૌથી વિશેષ પ્રયત્ન કરેલો પરંતુ વિવિધ

ॐ

કારણોસર સફળતા મળી ન હતી.

પૂજ્ય પ્રભુશ્રીએ પરમાત્માની પ્રેરણાનુસાર આંધ્રપ્રદેશમાં ધૂન શરૂ કરવા પ્રયત્ન કરેલ હતો. કારણ કે ત્યાં પ્રલયાત્મક આપત્તિઓથી રક્ષા અર્થે ધૂન કરવી જરૂરી હતી.

ગોંડલમાં અખંડધૂન ઈ.સ. ૧૯૮૦ (અષાઢી બીજ ) થી શરૂ થયેલ જે આજપર્યંત ચાલુ છે.

આ જ રીતે પ્રલય નિવારણના સંદર્ભમાં અખંડધૂન સાથે સમૂહમાં ભક્તોને યાત્રાએ મોકલ્યા હતા.

– તા. ૨૩-૪-૧૯૭૬ના રોજ પ્રભુશ્રીએ અગિયાર ભક્તોને ચારધામની યાત્રાએ 'પ્રલય નિવારણ'ના હેતુ અર્થે અખંડધૂન કરતા મોકલ્યા હતા. આ સમય દરમ્યાન પ્રભુશ્રી પણ ઉપવાસ કરતા અને મહત્ સમય સ્વયં ધૂનમાં બેસતા હતા. આ સમયે શારીરિક માંદગીને અવગણીને પણ તેઓશ્રીએ પ્રલય-નિવારણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

– એવી જ રીતે તા.૫-૯-૭૯ના રોજ સપ્ટેમ્બરમાં સૌરાષ્ટ્ર પર વિનાશકારી પ્રલયાત્મક આપત્તિ આવવાના દર્શન થતાં દસ ભક્તોને મેટાડોરમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી સમગ્ર પ્રદેશને આવરી લે તેમ અખંડધૂન કરતાં પ્રદક્ષિણા કરવા મોકલ્યા હતા.

– રાજકોટ શહેર પર બે-ત્રણ વખત અનિષ્ટ થવાની ઝાંખી થતા ભક્તોને સમગ્ર શહેરની અખંડધૂન સાથે પ્રદક્ષિણા કરવા માટે તા. ૨૧-૮-૧૯૮૧ના રોજ સમૂહમાં મોકલ્યા હતા.

– ઈ.સ. ૧૯૭૮માં ગૌરક્ષાનો કાયદો બનાવવા વડાપ્રધાનને અપીલ કરી હતી. આ માટે બે વખત તેઓશ્રીના પત્ર લઈને ભક્ત દિલ્હીમાં વડાપ્રધાન શ્રીમોરારજીભાઈ દેસાઈને (P.M.)ને રૂબરૂ મળ્યા હતા અને તેમની સાથે કાયદાકીય પ્રશ્ને વિસ્તૃત વાતચીત કરી હતી.

ૐ

– 'અખિલ ભારત ગૌસેવા સંઘ'ના પ્રમુખ શ્રી તુલસીદાસ વિશ્રામ પ્રભુશ્રી પાસે આવેલા અને ગૌરક્ષાની સમસ્યા સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન મેળવ્યું હતું.





– એક અગ્રગણ્ય વર્તમાનપત્રમાં છપાવવા માટે પ્રલય વિષેનો વિસ્તૃત લેખ અમદાવાદ મોકલેલ પરંતુ આ લેખ સ્થાન મર્યાદાને કારણે ત્યારે છાપી શકાયો ન હતો.

– આવી જ રીતે જીવરક્ષાના સંદેશ સાથેના બે મોટા કદના ચિત્રજી બનાવડાવ્યા હતા. એકમાં પશુઓના ચિત્ર સાથેનું લખાણ અને બીજામાં ગાયના ચિત્ર સાથેનું લખાણ મૂકેલ હતું. આ બંને ચિત્રોને પ્રભુશ્રીએ જામનગર, મહુવા તથા નારાયણ સરોવરમાં શ્રી મોરારીબાપુની શ્રીરામકથા તથા શ્રી ડોંગરેજી મહારાજની શ્રીભાગવત કથામાં લોકો વાંચી શકે તે રીતે પધરાવ્યા હતા. વળી તેઓશ્રી જાહેર ધર્મસ્થાનોમાં પણ ધૂન-ભજન તથા ચિત્રપ્રદર્શનના કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરતા હતા.

આ પ્રમાણે પ્રભુશ્રી અખંડધૂનરૂપ પ્રાર્થના સાથે પ્રલયનિવારણાર્થે બાહ્ય રીતે પણ યથોચિત કાર્ય કરાવતા હતા.

ૐ

सत्यं च शिवं च शुचित्वं च
इत्येव सुंदरम् तदैव अध्यात्मम् ।

પ્રકરણ - ૧૩

# આધ્યાત્મિક સાહિત્ય-સંગીત-કલા-ભજનો

ॐ
नमो
परमात्मने
श्री सत् चित् आत्मने
सत्ययुग प्रवर्तिने
नमः



ૐ

**આધ્યાત્મિક સાહિત્ય :**

આધ્યાત્મિક સાહિત્ય સર્જનના ક્ષેત્રે પ.પૂ. પ્રભુશ્રીને ઘણું જ કરવાની પ્રબળ ઇચ્છા હતી આમ છતાં સંજોગોવશાત પ્રમાણમાં મર્યાદિત સાહિત્ય સર્જન કર્યું છે પણ જે કાંઈ લખ્યું છે તે તેમના સમગ્ર અધ્યાત્મજ્ઞાનના અર્કરૂપે છે. વિશેષ તો જીવનના અંતિમ ચાર વર્ષો દરમ્યાન અખંડ ઉપવાસ સાથે લેખનકાર્ય કર્યું છે અને તે પણ કરુણા, ગાયમાતા તથા મૂકજીવો અર્થે કરેલું છે.

ઈ.સ. ૧૯૭૫-૭૬માં બે પ્રગટ પત્રો શ્રી મૌની મહારાજને અખંડધૂનના સંદર્ભમાં લખેલા છે. તે પૂર્વે બે નાની પુસ્તિકાઓ ખંડિતમૂર્તિના પ્રશ્ને પ્રશ્નોત્તરીરૂપે તથા શ્રી નારાયણ સ્વામીનું ‘એક સંતનો અનુભવ’ પ્રગટ કરેલા છે.

ઈ.સ. ૧૯૭૮થી ઉપવાસ સાથે ધારા સ્થાપિત ગૌરક્ષા વિષે અંગ્રેજી પુસ્તક લખવાનો પ્રારંભ કર્યો. આ સાથે 'Compassion the light of Brahm'નું લેખનકાર્ય પણ શરૂ કરેલું. ‘પ્રલય નિવારણ’ તથા ‘બ્રહ્મ સલિલ’ (ભક્તોના આધ્યાત્મિક દર્શનોનું સંપાદન) પણ આ સાથે જ લખતા ગયા. પરંતુ ગૌરક્ષાનું અંગ્રેજી પુસ્તક અત્યંત જટિલ હોવાથી પૂરું થઈ શકેલ નહીં. તેથી ચાર વર્ષના ઉપવાસના પારણા કરવા એક નાનું (સંપૂર્ણ) ગાય વિષેનું પુસ્તક ગુજરાતી ભાષામાં લખ્યું પરંતુ તુરંતમાં શરીર છોડવાનું થયું.

‘ગૌરક્ષા’ વિષેના અંગ્રેજી પુસ્તકનું લેખન કાર્ય ચાર વર્ષ સુધી ચાલ્યું હતું. તેમ છતાં પૂર્ણ તો થયુ જ ન હતું. જિજ્ઞાસુ વાચકને પ્રશ્ન થાય કે પ્રભુશ્રીએ આટલું ઉચ્ચ શિક્ષણ લીધું હતું છતાં આટલો વિલંબ કેમ થયો?

ખૂબ જ ગંભીરતાપૂર્વક ચિંતન સાથે વિચારીએ તો ખ્યાલ આવે કે આ પુસ્તક **ઊંડાણપૂર્વકના સંશોધનાત્મક સ્વરૂપનું હતું.** તેમાં વેદકાળની ગાયની સ્થિતિ વિષે લખવા માટે સત્-અસત્નું વર્ગીકરણ કરવું અતિ કઠિન હતું. પોતાની પરાપ્રજ્ઞાથી ઉદ્ભવેલ શુદ્ધ અધ્યાત્મ જ્ઞાન જ તેમના લખાણનો આધાર હતો.

ૐ

તેમણે વેદોના સૂક્ષ્મ અધ્યયન દ્વારા મહત્ત્વના તથ્યો શોધી સત્યને સ્પષ્ટપણે પ્રદર્શિત કર્યું હતું. આમ અથાગ પરિશ્રમ દ્વારા તેમના પરાજ્ઞાન અને ઉચ્ચ અભ્યાસની મદદથી આ ઉચ્ચ કોટિનું સંશોધનાત્મક પુસ્તક લખી શકાયુ છે. પરંતુ આ પુસ્તક સાથે અન્ય પુસ્તકોનું લેખન, કષ્ટમય ઉપવાસ, દૈનિક તપસ્યા, પુસ્તક સંબંધી ટેકનીકલ જવાબદારી (પ્રૂફરીડિંગ, મુદ્રણ) તથા 'શ્યામલ'નું સંપૂર્ણ સંચાલન–અખંડધૂન વગેરેની જવાબદારી પણ પરમ પૂજ્યશ્રી પર હોવાથી ગૌરક્ષાના પુસ્તક લેખનનું કાર્ય ધાર્યા કરતા વધુ સમય ચાલ્યું હતું.

**લેખનશૈલી :**

પ્રભુશ્રીની ઉચ્ચ કોટિની વિશિષ્ટ લેખન શૈલી તેમના લખાણોમાં સહજ જોવા મળે છે. આધ્યાત્મિક લખાણોમાં તેઓશ્રી અતિ ચોકસાઈ રાખતા. એક–એક શબ્દની પસંદગી તેના પર્યાય શબ્દો શોધીને લખાણમાં યોગ્ય સ્થાને દર્શાવતા. (દા.ત. પવિત્રના પર્યાય શુચિ, આર્ષ, પાવન, વગેરે.) સમગ્ર લખાણનું હાર્દ તેઓ અલ્પ શબ્દોમાં, એકાદ વાક્યમાં સમજાવી દેતા. તેમના લખાણોમાં ઘણી વખત તો એક ફકરાનું એક જ વાક્ય જોવા મળે છે, જે તેમના ઉચ્ચ કક્ષાના કાયદાકીય જ્ઞાનની સાબિતી આપે છે. આ સાથે તેઓશ્રી વ્યાકરણનું સમુચિત ધ્યાન રાખતા.

આમ તેમના લખાણોને યથાર્થ રીતે સમજવા ઉચ્ચકક્ષાની બૌદ્ધિક ક્ષમતા સાથે આત્મિક ઊંડાણ અને જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. પ્રભુશ્રીની ભાષા પણ ઘણી ઉચ્ચ કક્ષાની હોવાથી વાંચન સાથે એનું ચિંતનાત્મક મનન કરવું આવશ્યક બને છે.

તેઓશ્રીએ પત્રિકા રૂપે છપાવેલ બ્રહ્મમંત્ર વિષેના લખાણો તથા પ્રસંગોચિત ભક્તોને લખાયેલા પત્રોમાંથી પણ આધ્યાત્મિક જ્ઞાન નિષ્પન્ન થાય છે.

અંગ્રેજી ભાષા પરનું પ્રભુશ્રીનું અસાધારણ પ્રભુત્વ હતું. તેનું મુખ્ય કારણ એ કે તેમનું સમગ્ર શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં જ પૂર્ણ થયું હતું. વધુમાં તેઓશ્રી

ૐ

અમેરિકામાં તેમના નિવાસ દરમ્યાન વિશ્વના પ્રખર લેખકો-ચિંતકોના પણ સંપર્કમાં આવેલ હતા. આમ સાહિત્યિક દૃષ્ટિએ અંગ્રેજી ભાષામાં લેખન તથા કાવ્યોની રચના ખૂબ જ સહજ રીતે કરી શકતા હતા. મુંબઈ અભ્યાસ કરતા ત્યારે પણ કોલેજ મેગેઝિનમાં કાવ્યો લખતાં. વિલિયમ શેક્સપિયરનું ઘણુંખરુ સાહિત્ય તો તેમને કંઠસ્થ જ હતું. આમ છતાં ગુજરાતી તથા સંસ્કૃત ભાષાનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ પણ તેમણે અમેરિકાથી ભારત પરત આવ્યા પછી કર્યો હતો. તેમના બિન અંગ્રેજી લખાણોમાં તેમનો આ પ્રયત્ન સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

**ભજનો – સ્તવનો :**

પ્રભુશ્રીએ પરમાત્માના વિધવિધ સ્વરૂપોના કેટલાક ભાવમય ભજનો તથા સ્તવનો રચેલા છે. આ વિશુદ્ધ આધ્યાત્મિક રચનાઓમાં તેમનું શુદ્ધ દિવ્ય આધ્યાત્મિક જ્ઞાન પ્રગટ થાય છે. વિશેષ તો ભગવાન શ્રી રામલાલાનું ભજન- 'અધ્યાત્મ લીલા ઉપનિષદ' એ વૈશ્વિક આધ્યાત્મિક સાહિત્યની શ્રેષ્ઠ રચના નિઃસંદેહ કહી શકાય તેમ છે.

**પ્રભુશ્રીના સમગ્ર અધ્યાત્મ જ્ઞાનનો સાર કે નિચોડ આ અદભુત રચનામાં સમાયેલો છે.** પ્રભુશ્રીએ પરમાત્માનું જે સ્પષ્ટ આંતરદર્શન અનુભવ્યું તેને જ આ ભજનમાં અભિવ્યક્ત કરેલ છે. પરિબ્રહ્મ પરમાત્મા અવતાર ધારણ કરે છે ત્યારે પરબ્રહ્મ સ્વરૂપે તેના અવતાર સાથે કઈ રીતે કાર્ય કરે છે તે પણ સ્પષ્ટ કરેલ છે. ભજનના અંતમાં પ્રભુશ્રીએ સ્વસ્વરૂપ (નિજઅવતાર) વિષે તથા કાર્ય વિષેની સમજ આપી છે. પ્રભુશ્રીએ આ ભજનને 'સત્યયુગની બ્લુપ્રિન્ટ' કે Spiritual Menifesto (આધ્યાત્મિક નીતિ) કહેલ છે. આ સર્વોત્કૃષ્ટ પરમ દિવ્ય રચનાને જ્યારે પ્રભુશ્રી સંગીતબદ્ધ કરાવતા ત્યારે તેઓ પ્રત્યેક પંક્તિ નિજભક્તોને વિસ્તારપૂર્વક રસાસ્વાદ કરાવતાં, જેમાં કલાક-દોઢ કલાક જેટલો સમય થઈ જતો હતો. આમ આ રચના તેમના સ્વમુખે માણીયે અને જાણીયે ત્યારે જ તેનો સંપૂર્ણ રહસ્યાર્થ સમજી શકાય છે. સાત પાનાંની આ વિસ્તૃત રચનાનું વ્યવસ્થિત

ૐ

અર્થઘટન તો કૃપાપાત્ર વિશુદ્ધ હૃદયની વિદ્વાન વ્યક્તિ દ્વારા જ થવું શક્ય છે.

ભારતમાં શિવ અને શક્તિની ઉપાસના પ્રચલિત છે. તેથી આ બંનેના સત્ય સ્વરૂપના ભજન-સ્તોત્ર પૂજ્યશ્રીએ રચેલા છે.

શિવ ભગવાનની પરંપરાગત ઉપાસનામાં ઘણા સ્થાને અશ્લીલ, અશિષ્ટ કે અનૈતિક-અપવિત્ર સંદર્ભ પણ જોવા મળે છે. આ રીતની ઉપાસના જે શિવ ભગવાનની થાય છે તેને આત્મન પ્રભુશ્રી 'વામશિવ' તરીકે ઓળખાવે છે. તેઓશ્રી અત્યંત સ્પષ્ટ શબ્દોમાં ભાવિકોને તેમજ મુમુક્ષુ આત્માઓને આ સ્વરૂપની ઉપાસના અંગે ચેતવે છે. પ્રભુશ્રીએ તેનાથી તદ્દન ભિન્ન શિવ ભગવાનનું તપોમય, કલ્યાણકારી, પવિત્ર તથા કરુણામય સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. શિવ ભગવાનનું આ જ સત્ય સ્વરૂપ છે. વળી તે પરિબ્રહ્મ વિષ્ણુ ભગવાનનું જ તપ સ્વરૂપ છે. આમ આ કલ્યાણકારી કરુણાવતાર શિવ એ બ્રહ્મજ્ઞાન આપનાર દક્ષિણામૂર્તિ શિવ છે, જે સત્યલોક વૈકુંઠના જ છે.

એવી જ રીતે આદ્યશક્તિ પરામ્બાનું સત્ય સ્વરૂપ 'પરામ્બા મહિમન્ સ્તોત્ર'માં વામ શક્તિથી તદ્દન ભિન્ન વર્ણવ્યું છે. પરામ્બા શક્તિ એ બ્રહ્મની જ અભિન્ન શક્તિ છે. આ શક્તિ કેવી છે અને તેનો ક્યાં વાસ છે તે આ સ્તોત્રમાં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે. આ સાથે કેવી નથી ? તે છેલ્લી બે પંક્તિમાં યથાર્થ સમજાવ્યું છે.

''અમાયા, અકામાક્ષિ, અનવિદ્યા, અમોહિની
અહિંસાત્મિકા સદાસૌમ્યા પૂર્ણામ્બાયે નમો નમઃ ।

અર્થાત્ હે જગદંબા ! તું માયા નથી, કામાક્ષિ નથી, અવિદ્યા નથી અને મોહિની પણ નથી. પરંતુ તું તો સંપૂર્ણ અહિંસક, સૌમ્ય સ્વરૂપમાં રહેલ પૂર્ણ અંબા જ છો. (જે આત્માની જ્યોતિ બની પરમ શાંતિ આપનાર, બ્રહ્મવિદ્યારૂપે વિશ્વની મહાસત્શક્તિ (હ્રીં) છે- આ પછીની પંક્તિની સમજ છે.)

આમ આ ભાવાર્થ પરથી સમજી શકાય છે કે વિકરાળ, રૌદ્ર સ્વરૂપની, બલી

ૐ

માંગનાર માં પરાશક્તિ જગદંબા નથી ! પરમ કૃપાળુશ્રીની આ આધ્યાત્મિક રચનાઓ સાધકો અને ભાવિકોને શિવભગવાન અને માં જગદંબાના વાસ્તવિક સ્વરૂપનું માર્મિક જ્ઞાન આપે છે.

પરમ પરિબ્રહ્મ શ્રીવિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરનાર ક્યા પુષ્પો છે? આ વિષે અંગ્રેજીમાં પ્રભુશ્રીએ સુંદર કાવ્ય લખ્યું છે. આ કાવ્યમાં **નવ પુષ્પો દર્શાવાયા છે. આ નવ પુષ્પો એટલે નવ સિદ્ધાંતો (સાધનો) સત્- કર્તવ્ય, નૈતિક-આધ્યાત્મિક વિચાર (ઋત્), બ્રહ્મચર્ય, કરુણા, અહિંસા, સત્ય, બ્રહ્મમંત્રધ્યાન (જપ), ઈષ્ટ પ્રત્યે પરમ ભાવ અને વિશ્વપ્રેમ- દર્શાવ્યા છે.** જેના થકી પરમાત્મા પ્રસન્ન થઈ મનુષ્યને આધ્યાત્મિક જીવનની સર્વોચ્ચ સ્થિતિએ દોરી જાય છે

'અધ્યાત્મ જીવનની આંતર ચાવી'ના ચિત્રમાં તથા 'સત્ય, કરુણા'... ના શ્લોકમાં આ જ સાધનો દર્શાવેલા છે. (જુઓ પ્રકરણ ૧૭)

પ્રભુશ્રીની કાવ્ય શક્તિનો પરિચય પુષ્પો સાથેની તુલનાત્મક દૃષ્ટિમાં મેળવી શકાય છે આધ્યાત્મિકતાના જે-તે સિદ્ધાંતને અનુરૂપ પુષ્પ  કાવ્યમાં રૂપક તરીકે ઉપયોગ કરેલ છે. દા.ત. બ્રહ્મચર્યના પાલનમાં દૃઢતા અર્થે સૂર્યમુખીનું ફૂલ સરખાવેલ છે. આ પુષ્પ મજબૂત, સ્થિરપણે દિશા બદલતું અને કરમાયા વગર અચલ રહી શકે છે. એવી જ રીતે કરુણાને કદંબના પુષ્પ સાથે કોમળતાના અર્થમાં સરખાવેલ છે. આમ દરેક પુષ્પનો ગુણ-સ્વભાવ ધ્યાનમાં લઈને તેને અનુરૂપ આધ્યાત્મિક સિદ્ધાંત સાથે તેની તુલના કરી છે.

શ્રી રામકૃષ્ણ ભગવાન તથા તેમના ધર્મપત્ની શ્રી શારદામણિદેવી પૂર્ણબ્રહ્મના જ અવતાર હોવાથી પ્રભુશ્રીએ સત્યયુગધારિન શ્રી રામકૃષ્ણ ભગવાનના અવતારી જીવનલીલાને દર્શાવતું ભજન રચ્યું છે. એ જ રીતે શ્રીશ્રીમા શારદામાતાજી જગદંબાનું જ શક્તિ સ્વરૂપ હોવાથી તેમના વિષે પણ ભજન રચેલ છે. આ બંને ભજન સંગીતબદ્ધ સ્વરૂપે સાંભળતા અત્યંત મધુરતા અને દિવ્યતા અનુભવાય છે.

પ્રભુશ્રીના ઈષ્ટ શ્રી રામચંદ્ર ભગવાન તથા બાળસ્વરૂપ શ્રી રામલાલા હોવાથી

ૐ

તેમના ભજનો પણ રચેલ છે. તેઓશ્રી રચિત આરતી, જે નિત્ય ગવાય છે તેમાં તેઓશ્રી દ્વારા સ્વ-રચિત ચાર સંસ્કૃત શ્લોકો તેમના સમગ્ર આધ્યાત્મિક જ્ઞાનના અર્કરૂપ છે.

સંક્ષિપ્તમાં કહીએ તો પ્રભુશ્રીનું સંપૂર્ણ અધ્યાત્મ જ્ઞાન તાત્ત્વિક રીતે સમજવું હોય તો તેમના રચેલા આ ભજનો, શ્લોકો, સ્તવનો, વગેરે આધ્યાત્મિક રચનાઓનો વ્યવસ્થિત અભ્યાસ કરવો જરૂરી છે.

**સંગીત અને કલા :**

મનુષ્યના શરીરમાં આંખ અને કાન એ બંને અગત્યની કર્મેન્દ્રિયો છે. દશ્ય અને શ્રાવ્ય ઇન્દ્રિયો (આંખ-કાન)નો શ્રેષ્ઠ ઉપયોગ પરમાત્મા સંબંધિત કલા અને સંગીતના આસ્વાદનમાં રહેલ છે. આ બંને સાધનોનો ઉચિત સમન્વયી ઉપયોગ પરમાત્માના માર્ગે પ્રગતિ સાધવામાં ઘણો જ ઉપયોગી બને છે. તેથી જ અવતારી બ્રહ્મપુરુષો સંગીત-કલાને આધ્યાત્મિક પ્રગતિના માધ્યમરૂપે તેમના કાર્યમાં પ્રયોજતા હોય છે.

પ્રભુશ્રીને પણ સંગીત અને કલામાં ઘણો જ રસ તથા ઊંડી આંતરસૂઝ હતી. આ બંને માધ્યમોના સમુચિત ઉપયોગ દ્વારા ઈશ્વર પ્રત્યે વિશેષ ભાવ-ભક્તિ વધે તે અર્થે તેઓશ્રી નિરંતર પ્રયત્નશીલ રહેતા હતા.

**તેઓશ્રીની દૃષ્ટિમાં કલા એ 'સત્-સૌંદર્ય'નું સાધન હતું, જ્યારે સંગીત એ 'સત્-આનંદ'નું માધ્યમ હતું.**

**ભક્તિ સંગીત :**

'કીર્તન ભક્તિ'ને સંગીત સાથે સીધો જ સંબંધ રહેલો છે. વિધવિધ શુદ્ધ શાસ્ત્રીય રાગોમાં થતાં દિવ્ય નામ સંકીર્તન દ્વારા ભાવની જે અલભ્ય ઉપલબ્ધિ થાય છે જે અંતમાં મહાભાવ અને પ્રેમમાં પરિણમે છે. આમ ભક્તિમાર્ગમાં ભાવનું જે મહત્ત્વ છે તેનું પ્રગટીકરણ કરવાની સંગીતમાં વિશિષ્ટ ક્ષમતા રહેલી છે. આ કારણસર પ્રભુશ્રીને શાસ્ત્રીય સંગીતમાં ખૂબ ઊંડો રસ હતો.

ૐ

પ્રભુશ્રીને કીર્તન ભક્તિ અતિ પ્રિય હતી. અને તેથી જ વિધવિધ વિશુદ્ધ શાસ્ત્રીય રાગોમાં બ્રહ્મમંત્ર સંકીર્તન કરાવતા અને આવા હૃદયંગમ અલૌકિક સંકીર્તન થકી નિજભક્તોને અપાર આનંદની દિવ્યતમ્ અનુભૂતિ કરાવતા. તેઓશ્રીએ સંગીતનો કોઈ પદ્ધતિસર અભ્યાસ કર્યો ન હતો. તેમ છતાં સંગીતના જુદા જુદા રાગો સંબંધી વિદ્વતાપૂર્ણ ચર્ચા પણ કરી શકતા હતા.

વિવિધ શાસ્ત્રીય રાગોમાં થતા કીર્તનમાં તેમને સૂક્ષ્મ ભાવાત્મક અનુભૂતિ થતી અને તેથી ધૂન તથા ભજનમાં અમુક રાગના પ્રયોજન દ્વારા કેવા ભાવનું ઉદ્દીપન થશે તેની તેઓશ્રી ગાયક ભક્તને સ્પષ્ટ સમજ આપતા હતા. એવી રીતે કોઈપણ ભજનને સંગીતબદ્ધ કરવામાં ઘણી જ મહેનત લેતા હતા. તેઓશ્રીએ રચેલ ભજન 'ચલો રે મન સાકેતપુરી ધામ...' ઘણા સમય સુધી ભક્તશ્રી જયંતિભાઈ પટેલ પાસે ગવડાવી, અથાગ પરિશ્રમ દ્વારા સંગીત બદ્ધ કરાવ્યું હતું. આ પ્રમાણે તેમની ભાવાત્મક આંતર અનુભૂતિ અનુસાર ભજન સંગીતબદ્ધ થાય ત્યારે તેમને અત્યંત પ્રસન્નતા થતી હતી. કરુણ અને આર્તનાદભર્યા દુઃખદ રાગોમાં ગવાતા ભજનોથી તેમને દુઃખ થતું. તેથી જ પરમાત્મા પાસે તો આનંદ અને પ્રસન્નતાના ભાવ પ્રગટે તેવા જ શાસ્ત્રીય રાગોમાં ગાવાનું કહેતા હતા.

તેઓશ્રીના પરમ કલ્યાણકારી દિવ્ય સાન્નિધ્યમાં પ્રત્યેક એકાદશી તથા ઉત્સવો પર ભાવમય કીર્તન થતું જે મોડી રાત્રિ સુધી ચાલતું હતું. કોઈ વખત તો ભાવની પરાકાષ્ટારૂપે આ પ્રમાણે ચાલતાં કીર્તનમાં પ્રભાત પણ થઈ જતું. પ્રભુશ્રી સ્વયં કલાકો સુધી એકાગ્રતાપૂર્વક કીર્તનમાં બેસતા હતા, અને કોઈ વખત તેઓશ્રી સ્વયં પણ કીર્તન કરાવતા હતા.

સંગીતની મહત્તાને તેઓશ્રીએ અખંડધૂન (બ્રહ્મયજ્ઞ)માં વિશેષ રૂપે દર્શાવી છે. અખંડધૂન કરતા ભક્તોને વિવિધ રાગોમાં ધૂન કરતા રહેવાથી કંટાળો તથા થાકમાં રાહત અનુભવાય તે અંગે આપશ્રીએ ખાસ નોંધ કરેલ છે. તેઓશ્રીના નિજસ્થાનમાં થતી અખંડધૂનમાં નિયમિતપણે વિવિધ રાગોમાં ધૂન કરવામાં

ૐ

આવતી. તેમની પરમ કૃપાથી ઘણા ભક્તો હાર્મોનિયમ પર વિવિધ શાસ્ત્રીય રાગોમાં દીર્ઘ સમય સુધી ધૂન કરી શકતા હતા.

તેઓશ્રીએ ભક્તિ-સંગીતને લોકો સુધી પહોંચાડવા માટે રેડિયોના માધ્યમને ઉચિત માનેલ છે. તેઓશ્રીએ લખ્યું છે કે,

**''સંગીતના વિષયમાં પણ દેશની બધી ભાષાઓમાં શુદ્ધ તથા મધુર રાગ રાગિણીઓમાં ઈશ્વરના ભિન્ન ભિન્ન સ્વરૂપો તેમજ અવતારો પરના ભજન, ધૂન, સ્તુતિઓ, સ્તોત્રો, શ્રીમદ્ ભાગવત તેમજ શ્રી રામચરિતમાનસ જેવા સદ્‌ગ્રંથોમાંથી તારવેલ ઊંચી જાતના પ્રેરણાત્મક પ્રસંગો તથા સંવાદો, સ્મૃતિઓમાંથી નીતિવચનો અને પુરાણોમાંથી બોધક કથાઓ, ઉપનિષદોનું વિવેક વૈરાગ્યયુક્ત જ્ઞાન તેમજ ઇતિહાસમાંથી ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિનો સુંદર ખ્યાલ આપતા રસપ્રદ વર્ણનો વગેરેને ટેપ ઉપર ઉતરાવવાની પણ તેટલી જ આવશ્યકતા છે.''**

''આ ખાસ પસંદ કરેલ ઉચ્ચ આધ્યાત્મિક મધુર સંગીત તથા સાહિત્યનો પુરવઠો એટલા વિપુલ પ્રમાણમાં થવો જોઈએ કે આ અર્થે નજીકના ભવિષ્યમાં એક ''આકાશવાણી અયોધ્યા'' જેવું સ્વતંત્ર રેડિયો સ્ટેશન આધ્યાત્મિકતાના પ્રસારણ અર્થે તૈયાર કરાવવા વિચારી શકાય.''*

આ સાથે એ પણ નોંધ લેવી ઘટે કે પ્રભુશ્રીએ સિદ્ધાંતના ભોગે તો સંગીતને સહેજ પણ પ્રાધાન્ય આપેલું ન હતું. તેમના મતે સંગીત માત્ર સાધન છે, સાધ્ય નથી. તેથી જ જ્યારે કરુણાના સંદર્ભમાં મૂક જીવસૃષ્ટિના રક્ષણ અર્થે લેખન કરતા હતા ત્યારે તેઓશ્રીને ચામડાના વાજિંત્રોમાં પશુનું હૃદયદ્રાવક આક્રંદ સંભળાતા હાર્મોનિયમ તથા ઢોલકનો ઉપયોગ સંપૂર્ણ બંધ કરાવ્યો હતો. પછીથી 'શ્યામલ'માં કે અન્ય સ્થાને ધૂનના કાર્યક્રમોમાં ચામડાના વાજિંત્રો ઉપયોગમાં લેવાતા નહીં. જો

* આ લખાણ સમયે ભારતમાં ટી.વી. કે ઇન્ટરનેટનો પ્રારંભ થયેલ ન હતો.

કે ચામડાના પર્યાયરૂપે પછીથી રેગજીનનું હાર્મોનિયમ બનાવવામાં આવ્યું હતું. પરંતુ ઢોલકનો વિકલ્પ તો તેમના સ્થૂળ દેહત્યાગ પછી જ મળેલ હતો.

આમ પ્રભુશ્રીએ સંગીતને આધ્યાત્મિક દિવ્યતા પ્રદાન કરી હતી. ધૂન અને ભજનોને ભાવમય શાસ્ત્રીય સંગીતમાં સ્વરબદ્ધ કરાવીને ભક્તોને ભાવઉદીપન અને દિવ્ય આનંદનો અનુભવ કરાવ્યો હતો. ભક્તોને પણ શાસ્ત્રીય રાગોમાં ધૂન કરવા પ્રોત્સાહિત કરતા, તેમજ કોઈ કોઈને તો હાર્મોનિયમ પણ લઈ આપતા હતા. સંગીતબદ્ધ ભજનોની કેસેટ બનાવીને પણ ભક્તોને આપતા હતા. ભાવિક ગાયકો પ્રત્યે આદર પણ એટલો જ રાખતા હતા.

**આધ્યાત્મિક ચિત્રકળા :**

પ્રભુશ્રીએ સંગીત જેટલી જ અગત્યતા ચિત્રકળાને પણ આપી હતી. આથી જ તેમણે કેટલાય આધ્યાત્મિક ચિત્રો તૈયાર કરાવ્યા હતા. વળી જાહેર સ્થાનોમાં આ ચિત્રોનું પ્રદર્શન પણ યોજેલ હતું.

જ્યારે પણ પ્રભુશ્રીના મનોપ્રદેશમાં કોઈ આધ્યાત્મિક ચિત્ર આકાર લેતું ત્યારે તે અનુસાર ભક્તશ્રી પ્રદ્યુમનભાઈ (બ્રહ્મકિરણ) પાસે અત્યંત ધૈર્યપૂર્વક તૈયાર કરાવતા હતા. તેઓશ્રી તેમના ભાવ અનુસાર નાની-નાની બાબતોની સૂક્ષ્માતિત કાળજી ચિત્રમાં રખાવતા હતા. આમ કેટલીય રાત્રિના અખંડ જાગરણ પછી સંપૂર્ણ ચિત્ર તૈયાર થતું હતું. આ સાથે ચિત્રની પવિત્રતા પણ પૂર્ણપણે જાળવતા હતા. કોઈ નાની સરખી ભૂલ કે અપવિત્રતા ચિત્રમાં જણાતા દિવસોના પરિશ્રમ પછી તૈયાર થયેલ ચિત્રને વિસર્જિત કરાવી દેતા હતા. પરમાત્માના સ્વરૂપનું કોઈ ચિત્ર તૈયાર થતું હોય ત્યારે મર્યાદા અર્થે પોતાના હિંડોળા પર ન બેસતા નીચે દર્ભાસન પર બિરાજતા હતા.

ભક્તોને ત્યાં સેવાપૂજા અર્થે પરમાત્માના સત્ય સ્વરૂપોના અનેક ચિત્રો આપશ્રીએ પધરાવ્યા છે. ઘણા ચિત્રોમાં તો એટલું સૂક્ષ્માતિત ચિત્રકામ કરાવેલ છે કે ખૂબ જ બારીકાઈથી જોઈએ તો જ તેનો બરાબર ખ્યાલ આવી શકે. 'સત્યયુગ

ૐ

શ્રીરામજી મંદિર'માં પણ પ્રચુર માત્રામાં ચિત્ર કાર્ય કરાવેલ છે અને તે અર્થે તપસ્યા પણ આપશ્રીએ એટલી જ કરેલી છે.

'COMPASSION THE LIGHT OF BRAHM' એ મૂક જીવસૃષ્ટિની રક્ષા અર્થેના પુસ્તક લેખન દરમ્યાન બે મોટા ચિત્રો (એક સર્વ પ્રાણીઓનું અને બીજું ગાયનું) તૈયાર કરાવેલ હતા. આ બંને ચિત્રોમાં પણ અનેક વખત પ્રેરણાનુસર સૂક્ષ્મ ફેરફારો કરાવતા રહેતા હતા. જાહેર કથાના સ્થળોએ આ ચિત્રો કથા-શ્રાવકોના ધ્યાનમાં આવે એ રીતે પધરાવતા હતા.

તેઓશ્રી દ્વારા પ્રેરિત ચિત્રોની એક કલાત્મક વિશિષ્ટતા એ હતી કે ચોક્કસ આધ્યાત્મિક પ્રતીકોનો ઉપયોગ આ ચિત્રોમાં કરાવતા હતા. પરમાત્માનાં પ્રતીકરૂપે 'ૐ', શક્તિના પ્રતીકરૂપે 'ત્રિશૂળ', શુભ માંગલિકના પ્રતીકરૂપે 'સ્વસ્તિક', પવિત્રતાના પ્રતીકરૂપે 'કમળ' તથા આત્માના પ્રતીકરૂપે 'હંસ'નો ઉપયોગ પ્રયોજતા હતા. આ સિવાય કુંભ, ઉગતો સૂર્ય, નિર્મળ શાંત સરોવર, પક્ષીઓ (મોર, પોપટ, વગેરે), પ્રાણીઓ (ગાય, હાથી વગેરે) ચિત્રમાં યથોચિત સ્થાને દર્શાવતા હતા.

સંક્ષિપ્તમાં તેમનો ભાવાત્મક દૃષ્ટિકોણ આધ્યાત્મિકતાના સંદર્ભમાં જે શુભ, પવિત્ર, સાત્વિક કે સત્-સૌંદર્યને વ્યક્ત કરતા હોય તેવા ચિત્રો કે પ્રતીકોને ચિત્રમાં દર્શાવવાનો હતો.

પ્રવર્તમાન ધાર્મિક ચિત્રો જોઇને આપશ્રીને અત્યંત દુઃખ થતું હતું. આ સંદર્ભમાં તેઓશ્રીએ લખ્યું છે કે, ''.... હાલના આપણા નીચી કોટિના કળા વગરના નિર્માલ્ય ધાર્મિક ચિત્રોની જગ્યાએ પવિત્રતા, ભવ્યતા, દિવ્યતા તથા સત્ સૌંદર્યનું દર્શન કરાવતાં, ઉચ્ચ પ્રેરણાદાયી ઉદ્દીપક **આધ્યાત્મિક ચિત્રો તૈયાર કરાવી છપાવવા અર્થે આવશ્યક સામગ્રી સહિત એક ચિત્રશાળાની પણ એટલી જ જરૂર છે.''**

તેઓશ્રીના કથનનું તાત્પર્ય એ જ છે કે આજના ધાર્મિક ચિત્રોમાં અશ્લીલતા, ભયાનકતા, ક્રૂરતા તથા હિંસા જોવા મળે છે. પરમાત્મા કરુણામય

તેમજ પાવનકારી છે તેથી તેમના ચિત્રો સૌમ્ય, શાંત અને ઉચિત આયુધો સાથે દર્શાવવા જરૂરી છે. જેથી કરીને લોકોને ચિત્રના દર્શનથી શુદ્ધભાવ અને દિવ્યપ્રેરણા મળી શકે. ધર્મશાસ્ત્રોમાં લખાયેલા કેટલાક અનિચ્છનીય વર્ણનોના આધારે પરમાત્માને પણ સાધારણ મનુષ્ય જેવા નિમ્ન કોટિના દર્શાવવામાં આવે છે. જગદંબાના શક્તિ સ્વરૂપના ચિત્રો વિકરાળ અને ભયાનક સ્વરૂપે દર્શાવાય છે કે જેથી મનમાં ક્રૂરતા અને ભયના ભાવો જ ઉદ્ભવે છે. જગદંબા માતાજીનું ચિત્ર તો અતિ સૌમ્ય ભાવ પ્રગટ કરતી નિર્દોષ બાલિકાના સ્વરૂપે જ હોવું ઉચિત છે. આ રીતે ધાર્મિક ચિત્રના દર્શનથી પ્રસન્નતા, સાંત્વના અને પ્રેમની સ્ફૂરણા થવી જોઈએ.

**આધ્યાત્મિકતાને વેંચાય નહીં :**

પ્રભુશ્રીને એક પુસ્તકની કિંમત નક્કી કરવાની હતી. તેથી કોઈ ભક્તને અભિપ્રાય માટે પૂછ્યું. તે ભક્તે જ્યારે નફો લેવાની વાત કરી ત્યારે પ્રભુશ્રીએ એક ભવ્ય આધ્યાત્મિક સિધ્ધાંત સમજાવ્યો હતો.

તેઓશ્રીએ કહેલું કે, **'આધ્યાત્મિકતાને કોઈ દિવસ વેંચાય નહીં.'** અર્થાત્ સંગીત, કલા કે સાહિત્યના માધ્યમ દ્વારા પરમાત્મા અર્થે કોઈપણ કાર્ય કરવામાં આવે તો તેમાંથી આર્થિક લાભ મેળવવાની દૃષ્ટિ ન હોવી જોઇએ. એ રીતે સાહિત્યકારે તેના આધ્યાત્મિક સાહિત્યમાંથી, ચિત્રકારે તેના ધાર્મિક ચિત્રોમાંથી અને સંગીતકારે તેના ભજનોમાંથી કોઈપણ **આર્થિક કે દુન્યવી લાભ (જેમ કે પ્રતિષ્ઠા) મેળવવાની હીનવૃતિ રાખવી જોઈએ નહીં.** આમ કરવાથી તો તે કૃતિમાંથી પરમાત્માનું ઐશ્વર્ય જતું રહે છે અને તે કલાકાર પરમાત્માની કૃપાથી વંચિત રહે છે અને તેમનાથી દૂર થતો જાય છે.

પ્રભુશ્રી મહાન ભક્ત ત્યાગરાજનું ઉદાહરણ આપતા કહેતા કે, તેમણે ભગવદ્ સ્મરણ દ્વારા જ એક મહાન સંગીતજ્ઞનું બિરુદ મેળવ્યું હતું. એ જ રીતે ભક્તશ્રી નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુલસીદાસ, કબીર, સૂરદાસ, ગોરાકુંભાર,

ૐ

તુકારામ જેવા ભક્તોએ ભક્તિના ભાવમય પદો રચ્યા છે અને પોતાના જ મધુર કંઠે ગાઈને અનેક લોકોને પરમાત્માભિમુખ કર્યા છે. આમ પરમાત્માએ જ તેમને ઉચ્ચ સાહિત્યકાર કે સંગીતકારનું બિરુદ અપાવેલ છે.

પ્રભુશ્રી તેમના ભક્તોની (સંગીત, કલા, સાહિત્ય કે અન્ય ક્ષેત્રે) પાસેથી ઉપર્યુક્ત રીતે જ અપેક્ષા રાખતા હતા, અને ભક્તોને પણ આ બાબતમાં અર્થ-ઉપાર્જન કે પ્રતિષ્ઠાથી દૂર રહેવા સમજાવતા હતા.

**અહિંસા માનવ સત્-ધર્મનું મૂળ છે અને ભાગવતધર્મની પવિત્ર આધારશિલા છે, જેના દ્વારા મનુષ્ય વિશ્વના સર્વોચ્ચ તત્ત્વ બ્રહ્મનો આત્યંતિક સાક્ષાત્કાર કરી શકે.**

**જગતના લોકોએ સમજવું જોઈએ કે વિશ્વવ્યાપી અહિંસા વગર વિશ્વની આત્મોન્નતિ થઈ શકે નહીં અને આત્મોન્નતિ વગર માનવજાતિનું ઊર્ધ્વીકરણ અશક્ય છે.**

**– શ્રી સત્ ચિત્ આત્મન્ ભગવાન**


ॐ

सत्ययुग संस्थापना ।
परब्रह्म आराधना

પ્રકરણ - ૧૪

# સત્યયુગ સંસ્થાપન, પ્રલય નિવારણ

ॐ
नमो
परमात्मने
श्री सत् चित् आत्मने
सत्ययुग प्रवर्तिने
नमः



परित्राणाय ह्रीं ऋतं विनाशाय च अनृतम्।
सध्धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ।।

ૐ

**પ્રભુશ્રીનું અવતારી કાર્ય – સત્ સંસ્થાપન :**

પ્રભુશ્રીએ સ્વમુખે પોતાનું અવતારી કાર્ય 'સત્-સંસ્થાપન'ને બતાવ્યું છે અને તેની સમજ એક જ લીટીમાં આપી છે.

**''સત્ય, કૃત અથવા બ્રહ્મયુગનું સંસ્થાપન એટલે આ જગતમાંથી અસત્ અથવા માયાને હટાવી તેને દૂર કરવી તે જ છે.''**

ઉપર્યુક્ત 'સત્-સંસ્થાપન'ના કાર્ય વિષે પરમ કૃપાળુશ્રીએ કલાકો સુધી વ્યવસ્થિત સમજ તેમના યોગ્ય ભક્તોને આપી છે. પરંતુ સમયના અભાવે તે વિષેનું વિસ્તૃત પુસ્તક આપશ્રી લખી શક્યા ન હતા. તેથી તેમણે જે કાંઈ કહ્યું છે તેને સમજવા પ્રયાસ કરીશું.

**સત્યયુગનું ભવ્ય દર્શન :**

પ્રચલિત લોકમાન્યતાથી વિપરીત અવતારી બ્રહ્મ પુરુષને પણ પોતાનું અવતારી પ્રયોજન શું છે તેનું સંશોધન કરવું પડે છે. ઉપરથી (વૈંકુઠથી) તે બધું નિશ્ચિત થયેલું હોતું નથી. આ જ કારણસર પ્રભુશ્રીએ કલકત્તા શ્રી રામકૃષ્ણ ભગવાનના લીલાસ્થાનો પર છ માસ સુધી રોકાઈને પોતાનું અવતારી કાર્ય સ્પષ્ટ કર્યું હતું.

આ પ્રમાણે પ્રભુશ્રીને તપોસાધના થકી દર્શન સાથે પોતાના અવતારી કાર્ય વિષે સ્પષ્ટ અનુભૂતિ થયેલ હતી. તેઓશ્રીએ સ્વહસ્તે લખ્યું છે કે,

**''પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાનના આધ્યાત્મિક અધ્યક્ષપણા નીચે માત્ર માનવજાતિના શ્રેય માટે જ નહીં પરંતુ સારીએ મૂક ચેતન સૃષ્ટિ માટે પણ એક નવા જ યુગ-સત્યયુગનું તેજોમય સોનેરી પ્રભાત ઝળહળી રહેલ છે.''**

આપના ઉપર્યુક્ત સત્-શબ્દો એ જ સૂચવે છે કે શ્રી રામકૃષ્ણ ભગવાને જ સત્યયુગનો પ્રારંભ કર્યો છે અને તેથી તેઓજ સત્યયુગ ધારણ **(सत्ययुग धारिन)** કરનાર છે.

ૐ

અત્રે સુજ્ઞ વાચકોનું ધ્યાન એ લીલાપ્રસંગ તરફ દોરવું ઉચિત ગણાશે કે જ્યારે શ્રી રામકૃષ્ણ ભગવાને જગદંબાને પ્રાર્થના કરી ત્યારે તેમણે તેમનું સર્વસ્વ માને અર્પણ કરી દીધું હતું પરંતુ 'સત્ય' અર્પણ ન કરતા પોતાની પાસે જ રાખ્યું હતું. આ એજ 'સત્ય' હતું કે જેનું પ્રવર્તન પ્રભુશ્રીનું અવતારી કાર્ય બન્યું છે, અને એ **'સત્ય'માં જ જગતમાં આવનાર સત્યયુગનું નવનિર્માણ સમાયેલ છે.**

શ્રી રામકૃષ્ણ ભગવાને બ્રહ્મ અને માયાના ભિન્નત્ત્વનું જે રહસ્ય દુર્ગમ સાધના થકી જાણ્યું તે સઘળું પ્રકરણ-૧૧માં વિસ્તારથી સમજાવ્યું છે. હવે આ જ માયા તથા મહામાયાને દૂર કેમ કરવી તે પ્રભુશ્રીનું અવતારી કાર્યનું પ્રયોજન છે. એટલે કે **શ્રીરામકૃષ્ણ ભગવાનના સંશોધિત સત્યનું પ્રવર્તન કરવું એ જ પ્રભુશ્રીનું અવતારી કાર્ય છે.** સંપૂર્ણ આંતરિક અનુભૂતિ સાથે પ્રભુશ્રીને આ જ્ઞાન સ્પષ્ટ થયું હતું.

આમ પ્રભુશ્રીને ન્યૂયોર્કમાં સાક્ષાત્કાર દ્વારા પોતાના બ્રહ્મસ્વરૂપની સ્પષ્ટ પ્રતીતિ થયેલ હતી. **ત્યાર પછીના બાર વર્ષની એકધારી તપોસાધના થકી તેમના કાર્ય પ્રયોજન અને તેના સાધનરૂપે બ્રહ્મમંત્રની પ્રાપ્તિ થયેલ હતી.** આ બાર વર્ષમાં આપશ્રીએ અવિરત તપોસાધના થકી અવિદ્યા તથા માયાને હટાવવા માટે, તે કયા કયા ક્ષેત્રોમાં અને કઈ કઈ રીતે માનવ જીવનમાં તેની કુચાલ દ્વારા આધિપત્ય સ્થાપી રહેલ છે તે જાણ્યું હતું. આ શક્તિએ મનુષ્યોને અજ્ઞાનના આવરણ નીચે રાખી અને પરમાત્માના નામે અનિચ્છનીય કૃત્યો કરાવીને સતત રીતે દુઃખની ગર્તામાં ડૂબાડી રાખેલ છે, અને એ રીતે પરમાત્માના કરુણામય પ્રેમાળ સત્ય સ્વભાવની સાચી ઓળખ થવા દીધી નથી.

'સત્-સંસ્થાપન' કરવું એ પરમાત્માનો સંકલ્પ છે અને પરમાત્માનો સંકલ્પ અમોઘ હોય છે. તેથી પરમાત્માના જ અવતારી સ્વરૂપ શ્રીઆત્માન ભગવાન દ્વારા આ કાર્યનું વ્યવસ્થિત આયોજન ત્રણ મુદ્દાના કાર્યક્રમ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ ત્રણ મુદ્દા નીચે પ્રમાણે છે :

ૐ

## અધ્યાત્મ-યુગનું આયોજન

**(૧) સત્યયુગ (અધ્યાત્મયુગ)- સંસ્થાપનમાં વચ્ચે આવતા અનિષ્ટ કર્મોના પરાપ્રાકૃત કારણોની સમ્યક્ સમજ દ્વારા સન્નીતિ-સભાન, સત્કર્તવ્ય-પ્રધાન સમાજ થકી વ્યષ્ટિ તથા સમષ્ટિ પાપોનું પ્રશમન.**

**(૨) જગતના પ્રવર્તમાન ધર્મોના અધ્યાત્મિકરણ, ધર્મશાસ્ત્રોના સત્-શુદ્ધિકરણ તથા અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, રાજ્ય-શાસન શાસ્ત્ર, આંતરરાષ્ટ્રિય કાયદા શાસ્ત્ર, વગેરે સામાજિક શાસ્ત્રોના સન્નૈતિકરણ દ્વારા શક્ય 'વસુધૈવ કુટુંબકમ'ની ઉદાત્ત ભાવના પર સંપ્રતિષ્ઠિત વિશ્વ રાજ્યની રચના થકી જગતમાં સત્યયુગનું સંસ્થાપન.**

**(૩) અધ્યાત્મયુગના ઈષ્ટમંત્ર ''ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'' ની વ્યાપક અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ દ્વારા પ્રલયનું નિવારણ.**

**(૧) સત્-સભાન સમાજ :**

પ્રથમ મુદ્દા દ્વારા પ્રભુશ્રી લોકોને તેમના વૈયક્તિક તથા સામૂહિક અનિષ્ટ કર્મો વિષેની વ્યવસ્થિત સમજ આપીને તે કર્મો પાપકર્મો હોવાથી યોગ્ય સમયે ભોગવવા જ પડે છે એમ સમજાવે છે. તેથી લોકોએ આ પાપકર્મો કરવાનું ટાળવું જોઈએ. આમ કર્મો વિષેની આ વ્યવસ્થિત પરાપ્રાકૃત સમજ દ્વારા પાપોનું પ્રશમન થઈ શકે છે. પરંતુ આ કાર્ય 'સત્-સભાન સમાજ' દ્વારા જ થવું શક્ય છે. સત્-નીતિથી સભાન અને પોતાના સત્ કર્તવ્યથી જાગૃત સમાજ જ આવા પાપકર્મો કરતા લોકોને યથાર્થ સમજ આપી આ પ્રકારના અનુચિત કર્મો કરતાં અટકાવી શકે છે.

તેથી એક સત્-સભાન સમાજનું નિર્માણ થવું અતિ આવશ્યક છે. પ્રભુશ્રીએ સત્-સભાન સમાજ કોને કહેવો તે વિષે લખ્યું છે કે, **''જ્યાં સુધી મનુષ્યને આધ્યાત્મિકતા તથા માયા, બ્રહ્મકેન્દ્રિત પવિત્રતા તથા માયાપ્રેરિત**

ॐ

**અપવિત્રતા, સાંસારિક સ્વાર્થમયતા તથા સર્વાત્મક આત્મૌપમ્યતા વગેરેનું વિવેકયુક્ત ધર્મજ્ઞાન નથી ત્યાં સુધી તે સમાજને સત્-સભાન કહી શકાય નહીં.''**

એટલે લોકોને આધ્યાત્મિકતા તથા માયા વચ્ચેના રહસ્યભેદનો ખ્યાલ હોવો જોઈએ (જુઓ પ્રકરણ-૧૧) બીજું પવિત્રતા અને અપવિત્રતા વચ્ચેના તફાવતની સમજ હોવી જોઈએ (જુઓ પ્રકરણ-૮) એટલે કે મનુષ્ય બ્રહ્મચર્ય પાળી ન શકતો હોવા છતાં બ્રહ્મચર્યાત્મક પવિત્રતા સૌથી ઉચ્ચ છે તે જાણતો હોવો જોઈએ. અને ત્રીજું એ કે સ્વઅર્થે કરાતા કાર્યો અને અન્ય અર્થે (પરમાર્થે) કરાતા કાર્યો વચ્ચેની ભેદદષ્ટિ પણ હોવી જોઈએ. આમ આવી જ્ઞાન-સમજ ધરાવતો સત્-સભાન સમાજ જ વ્યષ્ટિ-સમષ્ટિના પ્રવર્તમાન પાપોને લોકોની દૃષ્ટિ સમક્ષ લાવી વ્યવસ્થિત માર્ગદર્શન દ્વારા (મૂક જીવોની હિંસા જેવા) સમષ્ટિ પાપકર્મો કરતા અટકાવી શકે છે.

પ્રભુશ્રીએ મુદ્દા નંબર-૨ માં ત્રણ મુખ્ય કાર્યો બતાવ્યા છે. તેમણે ત્રણ ક્ષેત્રો એવા બતાવ્યા છે કે જેમાં માયા રહેલી છે. અને આ ત્રણે ક્ષેત્રો મનુષ્યના જીવનને સીધી રીતે સ્પર્શે છે. તેથી આ ત્રણે ક્ષેત્રોમાંથી અસત્ (માયા)ને દૂર કરવું હોય તો (૧) ધર્મોનું અધ્યાત્મિકરણ, (૨) ધર્મશાસ્ત્રોનું શુદ્ધિકરણ, (૩) સામાજિક શાસ્ત્રોનું સત્ નીતિકરણ કરવું અત્યંત આવશ્યક છે.

**૨ (अ) ધર્મોનું અધ્યાત્મિકરણ :**

જગતના દરેક ધર્મનું અંતિમ લક્ષ્ય તો મનુષ્યના આત્માના ઊર્ધ્વીકરણ દ્વારા પરમ તત્ત્વ-પરિબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિનું જ છે. **એટલે સારીયે માનવજાતિના પરમાત્મા તો એક જ છે. પરંતુ તે પરમાત્માના સ્વરૂપ સ્વભાવ 'सत्परं चिद्‌धनं करुणात्मकं' હોવા જોઈએ.** આવા પરમાત્મા સાથેનો સંબંધ જ મનુષ્યને તેના ગંતવ્ય સ્થાને લઈ જઈ શકે છે. તેથી દરેક ધર્મના ઈશ્વર સાકાર કે નિરાકાર ગમે તે હોય પરંતુ તે ઉપર્યુક્ત સ્વરૂપ-સ્વભાવના જ હોવા જોઈએ. પછી

ૐ

ભલે તે ધર્મના ઈષ્ટરૂપે રહેલ પરમાત્માનું બાહ્ય સ્વરૂપ, તેની ઉપાસના તથા તેમના ક્રિયાત્મક વ્યવહારો- પૂજા, પ્રાર્થના અલગ હોય પણ તે **પરમાત્માની પ્રાપ્તિનો આધાર તો સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય જેવા શાશ્વત સિદ્ધાંતો પર જ હોવો જોઈએ. એટલે આ પ્રમાણે જે કોઈ ધર્મો રહેલા હોય તે જ ધર્મો અધ્યાત્મ ધર્મનાં અંગરૂપ બની શકે છે.** સંક્ષિપ્તમાં કહીએ તો દરેક ધર્મમાં રહેલ સત્-તત્ત્વને યથાવત રાખી અસત્‌રૂપ તત્ત્વોને તેમાંથી દૂર કરવા તે જ અધ્યાત્મ ધર્મનું ધ્યેય છે. તેથી કોઈ પણ સત્ ધર્મમાં હિંસા, અપવિત્ર આચરણ કે કોઈ નિમ્ન ક્રિયાવિધિઓને સ્થાન ન હોવું જોઈએ. **દરેક ધર્મના ઈષ્ટ (ઈશ્વર) અને તેની ઉપાસના પદ્ધતિ ભિન્ન હોઈ શકે, પણ તે બધાનું સ્વરૂપ શુદ્ધ હોવું જોઈએ. માયિક કે અવિદ્યાત્મક ન જ હોવું જોઈએ.**

પ્રભુશ્રીએ દર્શાવેલ અધ્યાત્મ ધર્મ (સદ્ધર્મ)એ કોઈ જુદો ધર્મ નથી પણ સર્વધર્મના ઉચ્ચ સત્યો સાથે તેને અનુરૂપ પાયાના આદર્શોની સમજુતી દ્વારા એક સમવાયી સત્યધર્મનો માપદંડ બતાવે છે. તેઓશ્રીએ દર્શાવેલ અધ્યાત્મ ધર્મની સત્-કલ્પના નીચે પ્રમાણે કહી શકાય :

અધ્યાત્મ ધર્મ કે જે માયિક, પ્રાકૃત, કે વામ પ્રકારના ધર્મોથી તદ્દન ભિન્ન છે. અધ્યાત્મ ધર્મમાં દેહને સ્થાને આત્મા જ કેન્દ્રમાં રહેલ છે. પરમ સાધ્ય પરિબ્રહ્મ પરમાત્મા છે. ત્યાગ, વૈરાગ્ય, તપ, પ્રાર્થના, તિતિક્ષા, સંયમ, વિવેક અને પ્રેમ જેવા તત્ત્વો તેના આધારરૂપ છે. **સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, જપ (બ્રહ્મમંત્ર ધ્યાન) તથા સત્ કર્તવ્ય તેના ''પાયાના સિદ્ધાંતો'' છે.** (શુદ્ધ) ભક્તિ, (સમ્યક) જ્ઞાન અને (અધ્યાત્મ) યોગ એ ધ્યેય પ્રાપ્તિના માર્ગો છે. સંપૂર્ણપણે જીવનમાં આચરી શકાય તથા અનુભવી શકાય તેવો આ ધર્મ કોઈપણ રહસ્યજ્ઞાન, ગુપ્તતા કે ગૂઢતાથી પર રહેલ છે. વિશ્વના પ્રત્યેક ધર્મમાં રહેલ સત્યને સ્વીકારે છે અને તે જ રીતે પ્રત્યેક ધર્મના લોકોને પોતાના ઈષ્ટ કે શાસ્ત્રોના ત્યાગ વગર આ ધર્મ (સદ્ધર્મ) ઉપર્યુક્ત પાયાના સિદ્ધાંતોના પાલન સાથે અનુસરવાનું સ્વાતંત્ર્ય આપે છે. કોઈપણ બાહ્ય

ॐ

ચમત્કાર, દમામ કે દંભ વગર કેવળ શ્રદ્ધાપૂર્વકના આચરણ અને અનુભૂતિને જ પ્રાધાન્ય આપે છે.* **સમગ્ર વિશ્વનું શ્રેય ઇચ્છતો અને સર્વ મનુષ્યના આત્માને ઊંચે લાવવા તત્પર અને સક્ષમ હોવાથી આ ધર્મને 'સર્વાત્મક સદ્ધર્મ' પણ કહેલ છે.** વિશ્વનું સંચાલન ઋત્ અનુસાર (નૈતિક આધ્યાત્મિક નિયમાનુસાર) કરવા માટે પાયાની સમજણ આપે છે. **આ ધર્મનો મહામંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' છે.** જ્યારે તેના ઇષ્ટ (ઈશ્વર) તરીકે દરેક વ્યક્તિના (સત્ય)ઇષ્ટ છે. તે બ્રહ્મના સાકાર તથા નિરાકાર બંને સ્વરૂપને સ્વીકારે છે. પાપ-પુણ્ય, કર્મ, પુનર્જન્મના સિદ્ધાંતને આત્માના અમરત્વના સિદ્ધાંત સાથેના જોડાણ દ્વારા સ્પષ્ટ કરે છે. **પ્રાર્થના અને સમજાવટને દરેક સમસ્યાના ઉકેલ માટેનું એક માત્ર અમોઘ સાધન માને છે.** પરમાત્માનો સંબંધ પૃથ્વી સાથે કેવળ નૈતિક-પાલકપિતાના સ્વરૂપમાં જુએ છે. બ્રહ્મની અગાઉ આપેલી વ્યાખ્યા **(सत्परं चिद्धनं करुणात्मकं ब्रह्म)** અનુસાર પરમાત્માની ઓળખ આપે છે. અને તે અનુસાર જ જીવ, જગત, માયા તથા બ્રહ્મ વચ્ચેના સંબંધોને સ્પષ્ટ કરે છે.

અધ્યાત્મ વિજ્ઞાનના સુદૃઢ પાયા પર રચાયેલ આ ધર્મનું ધ્યેય સત્યયુગ સંસ્થાપન છે. તે અર્થેનું અમોઘ આધ્યાત્મિક સાધન અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ છે. જેની વિશ્વમાં સર્વ સ્થાનો પર તાત્કાલિક આવશ્યકતા છે. કારણ કે આ બ્રહ્મયજ્ઞ એક અખંડ પ્રાર્થના છે, ચિન્મય સત્-શક્તિ છે.

**(બ) ધર્મશાસ્ત્રોનું શુદ્ધિકરણ :**

ધર્મશાસ્ત્ર શુદ્ધિકરણનું કાર્ય એ સત્ સંસ્થાપનના ભાગરૂપે એક અત્યંત મહત્ત્વનું કાર્ય છે. પ્રભુશ્રીએ આ સંદર્ભમાં નીચે પ્રમાણે સમજાવ્યું છે.

**''....માયા મનુષ્યોને તેમના સાંસારિક જીવનમાત્રમાં જ નહીં પરંતુ**

---

*શુદ્ધ બુદ્ધિના ન્યાયયુક્ત નિર્ણયો તેમજ અંતરાત્માની અનુભૂતિઓ સત્ધર્મ (અધ્યાત્મધર્મ) ના અંતિમ પ્રમાણો છે.

ॐ

**માયિક પ્રેરણા વડે ધર્મશાસ્ત્રો દ્વારા નીતિ તથા ધર્મમાં દાખલ થઈ, મનુષ્યોમાં દ્વિધા, દ્વેષ તથા અશ્રદ્ધા ઉત્પન્ન કરાવી કરોડો મનુષ્યોને ઈશ્વર વિમુખ કરી દીધેલ છે. આ જ કારણે પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાને ધર્મશાસ્ત્રોને સત્ તથા અસત્ અથવા ખાંડ અને રેતીના મિશ્રણ કહેલ છે.''**

''એટલે આપણું પ્રથમ કાર્ય **આ બધા ધર્મશાસ્ત્રોને સત્યની કસોટી પર ચઢાવી વિવેકજ્ઞાન વડે સત્-અસત જુદા કરી તેમને સત્ શાસ્ત્રો બનવાનું છે,** સાથે સાથે આપણું ધ્યેય એક વિશ્વવ્યાપક સત-ધર્મ સ્થાપવાનું હોવાથી આપણું કાર્ય માત્ર આપણા જ ધર્મશાસ્ત્રોમાંથી નહીં પરંતુ જગતના બધા જ ધર્મશાસ્ત્રોમાંથી અસત્ દૂર કરવાનું છે. આ એક જ કાર્ય એક મનુષ્યની જીવનભરની એકધારી પ્રવૃતિ માંગી લે છે, કારણ કે એકલા હિન્દુધર્મમાં જ ચાર વેદો ઉપરાંત કેટલાએ બ્રાહ્મણો તથા આરણ્યકો તેમજ હજારથી વધુ ઉપનિષદો, અઢાર પુરાણો (જેમાનું મહાભારત એક જ બાર હજાર પાનાંનું છે) તેમજ અઢાર સ્મૃતિઓ અને અસંખ્ય નાના મોટા ભાષ્યો તથા જ્ઞાનગ્રંથોનો સમાવેશ થાય છે.''

''સત્ અસત મિશ્ર શાસ્ત્રોમાંથી સત્‌ને છૂટું પાડવાની વિવેકશક્તિ ત્યારે જ ઉપલબ્ધ થાય છે જ્યારે તેની પાછળ વરસોની **અખંડ સાધના** હોય.''

પ્રાચીનકાળથી માંડીને આજપર્યંતના ધર્મશાસ્ત્રોમાં કેટલીય વિસંવાદિતાઓ જોવા મળે છે. તેથી સાચું શું અને ખોટું શું તેનો નિર્ણય કરવો મુશ્કેલ બની જાય છે.

ઈતિહાસના આ દીર્ઘકાળના પ્રવાહમાં ધાર્મિક સાહિત્ય કેટલીય રીતે અથડાતું આવ્યું છે. મૂળભૂત શાસ્ત્રોમાં કેટલાયે (ઘણી વખત બિનજરૂરી)સુધારા થયા છે, નવું ઉમેરાયું છે તેમજ કેટલુય કાઢી પણ નખાયું છે. કેટલાક પવિત્ર ગ્રંથો નાશ પણ પામ્યા છે અને તેમની જગ્યા બીજા ગ્રંથોએ લીધી છે. રાજ્યના શાસકો જે ધર્મને અનુસરતા હોય તે ધર્મના શાસ્ત્રો રક્ષાયેલા છે. કેટલાક ઝનૂની વિધર્મી શાસકોએ ધર્મશાસ્ત્રોનો નાશ પણ કર્યો છે.

ૐ

આ શાસ્ત્રોમાં મિથ્યા માન્યતાઓ, અસત્ ખ્યાલો તથા જડ રિવાજોનો અનિચ્છનીય ઉમેરો થયેલો છે જે પરમાત્માના વાસ્તવિક સ્વરૂપથી તદ્દન ભિન્ન જોવા મળે છે. સત્ય, અહિંસા અને બ્રહ્મચર્ય જેવા ઉચ્ચ આધ્યાત્મિક સિદ્ધાંતોથી તદ્દન વિરોધી બાબતો શાસ્ત્રોમાં સમાવિષ્ટ છે. આમ શાસ્ત્રોમાં ક્ષેપકરૂપે ઘણું જ મિશ્રિત અને ગેરમાર્ગે દોરતી બાબતો જોવા મળે છે.

ધર્મશાસ્ત્રોમાં ભગવાન શિવ અને ભગવાન શ્રીકૃષ્ણના ભવ્ય આધ્યાત્મિક વ્યક્તિત્વથી તદ્દન વિરુદ્ધના લખાણો પણ જોવા મળે છે. વળી શાસ્ત્રોમાં જે મિથ્યા માન્યતા કે સિધ્ધાંતો એક વખત દાખલ થઈ જાય પછી તેનો વિરોધ કરવાનું સામર્થ્ય કોઈનામાં હોતું નથી. ઘણા વિદ્વાનો આ સંદર્ભમાં મૌન ધારણ કરે છે અથવા કોઈ જુદા અર્થઘટનોથી સમજાવે છે. જેમ કે વેદોને પરમાત્માનું સ્વરૂપ માનવામાં આવે છે. પરંતુ તેમાં પણ કેટલીય અસત્ બાબતો જોવા મળે છે. વાસ્તવમાંતો ચાર વેદના સ્થાને ત્રણ જ મૂળભૂત વેદ હતા. અથર્વવેદ જે અનાર્યનો હતો જેમાં મેલી-જાદુઇ વિદ્યા રહેલી છે અને જે આર્યોના વેદોમાં ઉમેરાયેલ છે. ગીતાજી અને કૌટિલ્યે તો ત્રણ વેદોનું જ સમર્થન કર્યું છે.*

આમ શાસ્ત્રોમાં અસત્ વર્ણનોના આધારે પરમાત્માનું સત્ય સ્વરૂપ લોકોને સમજાયું જ નથી. અને એ રીતે તેમની શ્રદ્ધા ચલિત કરી નાખેલ છે. તેથી જ ધર્મશાસ્ત્રોનું શુદ્ધિકરણ કરવાનું પરમ પૂજ્ય પ્રભુશ્રીનું વ્યવસ્થિત આયોજન હતું.

ધર્મશાસ્ત્રોમાં રહેલી વિસંવાદિતામાં શું સત્ય છે અને શું અસત્ય છે તે નક્કી કરવા તેમણે લખ્યું છે કે,

**‘‘.... પર્યાપ્ત સમય સુધીની સમ્યક્ (એટલે કે જેમાં સત્ય, બ્રહ્મચર્ય તથા અહિંસાનું પાલન મુખ્ય છે તેવી) સાધના થકી ઉદ્‌ભવતી પરાપ્રજ્ઞાથી જાણી શકાય, પૂર્વગ્રહ વગરની સામાન્ય બુદ્ધિથી સમજી શકાય તેમજ જાગૃત**

*ગીતા માહાત્મ્ય શ્લોક – ૯ તથા અધ્યાય ૯/૨૦-૨૧

ૐ

**અંતરાત્માથી અનુભવી શકાય તેવું માત્ર અધ્યાત્મ, સન્નીતિ તથા ન્યાય સુસંગત શુદ્ધ જ્ઞાન જ સત્યયુગના બ્રહ્મ વિજ્ઞાનનો અંતર્ગત ભાગ છે.''**

એટલે કે ધર્મશાસ્ત્રોના આ જ્ઞાનમાં સત્ અને અસત્‌ને જુદું પાડવા મનુષ્યે પાયાના સિદ્ધાંતો- સત્ય, અહિંસા, બ્રહ્મચર્યના પાલન સાથે વર્ષો પર્યંત સાધના દ્વારા ચિત્તશુદ્ધિ કરવી આવશ્યક છે. એ રીતે તેની પ્રજ્ઞામાં(બુદ્ધિમાં) સત્ય જ્ઞાનની સમજ આવશે. જે સામાન્ય બુદ્ધિ તથા અંતરાત્માના સમર્થનરૂપ હશે. આ જ્ઞાન તર્ક, ન્યાય અને નીતિની કસોટીએ સુસંગત હોવું જરૂરી છે.

આમ લોકોને પરમાત્માની સાચી કૃપાથી વંચિત રાખનારા ધર્મશાસ્ત્રો કે જે નિર્દોષ જીવોના બલિ કે અબ્રહ્મચર્યાત્મક અપવિત્રતાનું સમર્થન કરે છે તેને દૂર કરવા જોઈએ. **પ્રભુશ્રીનું 'શાસ્ત્ર શુદ્ધિકરણ અભિયાન' એક વિશ્વવ્યાપી કાર્ય છે. જે મુજબ માત્ર હિન્દુ ધર્મશાસ્ત્રોમાંથી જ નહીં પરંતુ અન્ય ધર્મના શાસ્ત્રોમાંથી પણ અસત્‌ને દૂર કરવું અત્યંત આવશ્યક છે.**

**(क) સામાજિકશાસ્ત્રોનું સત્-નીતિકરણ :**

સામાજિક શાસ્ત્રોને જ્યાં સુધી સત્-નીતિના આધાર પર સુધારવામાં ન આવે ત્યાં સુધી સત્યયુગ સંસ્થાપનનું કાર્ય પૂર્ણ થવું અશક્ય છે.

તેઓશ્રીએ લખ્યું છે કે,

''...સદ્ધર્મના સિદ્ધાંતોને જ્યાં સુધી મનોવિજ્ઞાન તથા સામાજિક શિક્ષણશાસ્ત્રો (જેવા કે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજયકારણશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, આંતરરાષ્ટ્રીય રાજકારણ શાસ્ત્ર, આંતરરાષ્ટ્રીયકાયદા શાસ્ત્ર તથા વિશ્વ રાજ્યશાસ્ત્ર)માં સત્‌નીતિશાસ્ત્ર દ્વારા ઉતારવામાં ન આવે ત્યાં સુધી જગતમાં સત્યયુગ લાવવો શક્ય નથી.''

પ્રવર્તમાન સમાજને સ્પર્શતા સામાજિક શાસ્ત્રોની સત્ નીતિ અનુસાર

પુનઃરચના કરવી અથવા તો તેમાંથી સત્-નીતિ વિરુદ્ધનું હોય તે દૂર કરવું તે જ પ્રભુશ્રીનું સત્-નીતિકરણનું કાર્ય આયોજન હતું. તેમણે દર્શાવેલા પાયાના સિદ્ધાંતો પ્રમાણેની સત્-નીતિ જ આ સુધારણાનો માપદંડ હતી. આવી નીતિ કે જેમાં આધ્યાત્મિકતાના ઉચ્ચ મૂલ્યો રહેલા હોય અને જેની અંતર્ગત માનવતા, કરુણા, ન્યાય સહજ સમાય જાય છે. સંક્ષિપ્તમાં કહીએ તો તેમાં માનવ સહિત સમગ્ર જીવંત સૃષ્ટિના કલ્યાણનો આદર્શ સમાયેલો હોવો જોઈએ. પરંતુ વિશેષ તો સામાજિક શાસ્ત્રોનું આત્યંતિક હાર્દ આધ્યાત્મિકતાના સંદર્ભમાં જ હોવું જોઈએ. તે આધ્યાત્મિકતાના જ પોષક, પ્રેરક કે અનુરૂપ હોવા જોઈએ. **માનવજીવનમાં સાચુ સુખ, શાંતિ અને સમૃદ્ધિ જગતમાં સર્વત્ર આધ્યાત્મિકતાના સ્થાપન દ્વારા જ શક્ય છે.** આ પ્રમાણે સામૂહિક અંતરાત્માની જાગૃતિ દ્વારા ઋત-વિશ્વરાજ્યનું નિર્માણ થતા અવની ઉપર ‘સત્યયુગ સંસ્થાપન’ શક્ય બનશે. પરંતુ આ પૂર્વે અસત્‌ના સ્વરૂપે માયાશક્તિના કેન્દ્ર સ્થાન વસ્તુ-વિષયો કે જેમાં મુખ્યત્વે ધર્મ, ધર્મશાસ્ત્રો તથા સામાજિક શાસ્ત્રો રહેલા છે તેનું શુદ્ધિકરણ - સત્‌નીતિકરણ કરવું અત્યંત આવશ્યક છે.

પરમ પૂજ્ય પ્રભુશ્રીએ લખ્યું છે કે, **‘‘....જ્યાં સુધી પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને સામાજિક શાસ્ત્રોના ક્ષેત્રે ભૌતિકવાદની માન્યતાના પાકરૂપે ઉગી નીકળેલા આ અનેક વાદો, વૈચારિક સિદ્ધાંતો વગેરેનો અસરકારક રીતે તર્કબદ્ધ, ન્યાયયુક્ત સામનો થઈ શકે નહીં ત્યાં સુધી સત્-ધર્મ સર્વાત્મક બની શકે નહીં.’’**

દૃષ્ટાંત રૂપે તેમણે નીતિવિહીન અર્થશાસ્ત્રનું ઉદાહરણ આપતા સમજાવેલ કે કરોડો પશુઓની નિર્દયી કતલ  કરી તેના માંસની નિકાસ દ્વારા વિદેશી હુંડિયામણ કમાવવાનું અર્થશાસ્ત્ર એ શું સાચું અર્થશાસ્ત્ર છે? કરુણાના સિદ્ધાંત અનુસાર એ જ સત્-નીતિ છે કે ગમે તેવો આર્થિક લાભ થતો હોય તો પણ નિર્દોષ જીવોની હિંસા કરવી જોઈએ નહીં.

ૐ

બીજી વાત કરેલ કે વર્ષો પહેલા અમેરિકામાં ઘઉંનું પુષ્કળ ઉત્પાદન થયેલ, પરંતુ તેને વેચવા માટે વૈશ્વિક બજારમાં યોગ્ય કિંમત નહીં મળવાથી તેને સમુદ્રમાં પધરાવી દેવામાં આવેલા હતા. જ્યારે વિશ્વના અનેક દેશોના લોકો ભૂખમરાથી અન્ન વગર મરતા હોય ત્યારે આ રીતે ઘઉંનો નાશ કરવો તે સાચું અર્થશાસ્ત્ર છે ? ભૂખ્યા માનવોને અન્ન પહોંચાડવું એ જ સત્-નીતિયુક્ત માનવતા અને ભ્રાતૃભાવ આધારિત અર્થશાસ્ત્ર કહી શકાય.

એ જ રીતે મનુષ્યના જીવનમાં ન્યાયયુક્ત સ્વાતંત્ર્ય અત્યંત જરૂરી છે. ન્યાયયુક્ત સ્વાતંત્ર્ય એટલે વ્યક્તિ સંપૂર્ણ રીતે પોતાનો આધ્યાત્મિક વિકાસ કરી શકે તેવું વાતાવરણ કે સ્થિતિ હોવી જોઈએ. ન્યાયયુક્ત સ્વાતંત્ર્ય થકી મનુષ્યનો આત્મવિકાસ શક્ય બનશે. પ્રભુશ્રીએ 'નિદિધ્યાસન'ના સાતમા ફકરામાં સમજાવ્યું છે કે **વ્યક્તિ આર્થિક શોષણ, ગુલામી-દૂષણ તથા સર્વ પ્રકારના દમનયુક્ત શાસનમાંથી મુક્ત હોવી જરૂરી છે.** એકાદ વ્યક્તિ અઢળક સંપત્તિનો માલિક બની અસંખ્ય લોકોનું શોષણ કરતો હોય તો તેમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય છીનવાઈ જાય છે. એ જ રીતે મનુષ્યને ગુલામ બનાવી તેની પાસે કામ કરાવવામાં આવે તે પણ અત્યંત ધૃણાસ્પદ જ છે. વળી એવું શાસન હોય કે જેમાં વ્યક્તિ પર કોઈપણ પ્રકારનું દમન કરવામાં આવતું ન હોય, શાસકનો એવો જુલમ લોકો પર ન હોવો જોઈએ કે વ્યક્તિની સ્વતંત્રતા છીનવાઈ જાય અને પોતાની ઈશ્વર ઉપાસના પણ ન કરી શકે. આ રીતે ઋત અનુસાર (નૈતિક-આધ્યાત્મિક વ્યવસ્થા)નું શાસન જ આધ્યાત્મિકતાનું પોષક છે.

**ઉપર્યુક્ત ત્રણે અત્યંત મહત્ત્વના કાર્યો દ્વારા જ વિશ્વમાં એક સત્-ધર્મનું નિર્માણ થઈ શકશે. અને તેના થકી 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના જાગૃત થતાં 'વિશ્વરાજ્ય' જેવી એક વ્યવસ્થા શક્ય બનશે.**

**(ડ) વિશ્વ રાજ્ય :**

વિશ્વનું એક રાજ્ય બને એ આમ તો અત્યારે કેવળ કલ્પના જ લાગે છે.

પરંતુ પ્રભુશ્રીની દૃષ્ટિએ તે સત્-કલ્પના છે જે વાસ્તવિકતા બની શકે તેમ છે. પ્રભુશ્રીએ વિશ્વપ્રસિદ્ધ કોલંબિયા યુનિવર્સિટી (U.S.A.)માં આંતરરાષ્ટ્રીય કાયદાનો ઉચ્ચ અભ્યાસ કરેલો તેથી વિશ્વને એક રાજ્ય બનતું અટકાવતા અવરોધક પરિબળો વિષે તેઓ ઊંડાણથી જાણતા હતા, વળી તેના ઉપાયો પણ જાણતા હતા પરંતુ પાયાની આવશ્યકતા એવા સદ્ધર્મના સ્થાપન પછી આ બધું થવું શક્ય છે.

જો સમગ્ર વિશ્વનું એક રાજ્યમાં નિર્માણ થઈ શકે તો વિશ્વની અનેક સમસ્યાઓનો આપોઆપ અંત આવી જશે. દરેક દેશોના વિશાળ લશ્કરો અને શસ્ત્ર સરંજામ પાછળ થતો અઢળક ખર્ચ બંધ થઈ જશે. બે દેશો વચ્ચે સતત ચાલતા ઝઘડા અને વૈમનસ્યનો અંત આવશે અને યુદ્ધ દ્વારા થતો માનવ સંહાર અટકી જશે. તેથી આ અનાવશ્યક ખર્ચાઓ બંધ થતાં તે સંપતિ માનવ તથા માનવેત્તર જીવોના કલ્યાણમાં વાપરી શકાય છે.

**સત્યયુગની રૂપરેખા :**

સત્યયુગ વિષેની વાત પૂર્ણ કરતા પહેલા પ્રભુશ્રીએ આપેલી 'સત્યયુગની રૂપરેખા' સમજવાથી સત્યયુગ ક્યારે આવે તે જાણી શકાય છે. તેમના જ શબ્દોમાં :-

સત્યયુગની વાસ્તવિકતા તથા સંસ્થાપનનો સંપૂર્ણ ખ્યાલ તો એક મહાગ્રંથ દ્વારા જ આપી શકાય છતાં સંક્ષિપ્તમાં :

(૧) **પરમાત્મા છે.**

(૨) આ પરમાત્મા '**सत्तपरं चिद्धनं करुणात्मकं ब्रह्म**' છે એટલે કે માયા રહિત 'સત્' જેનું સ્વરૂપ છે, જ્ઞાનના અર્કરૂપ 'ચૈતન્ય' જેનું લક્ષણ છે તથા કેવળ 'કરુણા' જ જેમનો સ્વભાવ છે તેવા શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છે.

(૩) પરમાત્માના આ સમ્યક્ સ્વરૂપને જ પોતપોતાના ઇષ્ટનું સ્વરૂપ ગણી જગતના લોકો જો તેને જ હૃદયમાં રાખી તેની સાક્ષીએ જીવન જીવશે તો

ૐ

વ્યક્તિગત રીતે : **મનુષ્ય સુખ, શાંતિ તેમજ સત્ સંપત્તિનો અધિકારી થશે તેમજ સમષ્ટિ રીતે વિશ્વશાંતિ, સાત્વિક સમૃદ્ધિ સાથે સમગ્ર જગત એક કલ્યાણ રાજ્ય બની જશે. વળી પરમાત્માનું સ્વરૂપ સંપૂર્ણ સત્ હોવાથી પૃથ્વી પર ઉગતો સૂર્ય પણ સત્યયુગનો જ હશે.**

પ્રભુશ્રીની આટલી સીધી અને સરળ લાગતી બાબત વાસ્તવમાં વ્યવહારમાં સ્વીકાર્ય કરાવવી મુશ્કેલ છે, કારણ કે જગતનો મહત્ અંશ તો નાસ્તિક છે. જ્યારે કેટલાક ઈશ્વરની માન્યતામાં તટસ્થ છે (ઈશ્વર છે અથવા નથી તે બંનેથી પર છે.) બાકીના થોડા લોકો ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખે છે અને તેમાંથી પણ મોટાભાગના માયિક નિમ્ન (સકામતાયુક્ત) ઈશ્વરમાં જ માને છે. એટલે હકીકતમાં સાચા હૃદયથી સત્ય પરમાત્માની નિષ્કામ ભક્તિ કરતા લોકો તો અલ્પ સંખ્યામાં છે તેથી ઉપર્યુક્ત પ્રભુશ્રીની ત્રણે બાબતો સ્વીકાર્ય કરાવવી મુશ્કેલ છે.

'અધ્યાત્મયુગનું આયોજન'ના ત્રીજા મુદ્દા પ્રલય નિવારણ વિષે જાણીએ

**(૩) પ્રલય નિવારણ :**

ઈ.સ.૧૯૭૪-૮૨ ના સમયગાળા દરમ્યાન પ્રભુશ્રીનું કાર્ય પ્રલય નિવારણ તથા તેના કારણ તેમજ ઉપાયરૂપે-મૂક જીવોની રક્ષા તથા અખંડધૂન પ્રવર્તનનું હતું. તેઓશ્રીએ લખ્યું છે કે,

**''ઈ.સ.૧૯૭૪નું વર્ષ સમગ્ર જીવસૃષ્ટિ માટે પરાત્પર પરમાત્માની દિવ્ય કરુણાનો અને માનવજાતિ માટે પ્રલયના નિવારણની અધ્યાત્મ વૈજ્ઞાનિક રીતિ તથા સત્યયુગ સંસ્થાપન અર્થેની કટિબદ્ધતાનો આર્ષ સંદેશ લાવનાર બન્યું...''**

આમ પ્રભુશ્રીએ ઈ.સ.૧૯૭૪થી 'પ્રલય નિવારણ' કાર્યનો પ્રારંભ કર્યો અને તા. ૨૬-૮-૭૪થી નિજસ્થાનમાં બ્રહ્મમંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'ની અખંડધૂન શરૂ કરાવી.

ૐ

પ્રલય, તેનું કારણ તથા ઉપાય વિષેની વિસ્તૃત સમજ 'પ્રલય નિવારણ' પુસ્તિકામાં આપી છે. પરંતુ અહીં સંક્ષિપ્તમાં એ વિષે સમજીએ.

**પૂર્વભૂમિકા :**

ઈ.સ.૧૯૭૪ના વર્ષના અંત ભાગમાં પ્રભુશ્રીને પ્રલય વિષેના દર્શનો થવા લાગ્યા.* આ દર્શનો એટલા ભયંકર હતા કે કોઈપણને ધ્રુજાવી દે તેવા હતા. આધ્યાત્મિકતાની સર્વોચ્ચ મનોભૂમિએથી થતા આ દર્શોનોની સત્યતા વિષે પણ સંશયનું કારણ ન હતું. તેથી પ્રભુશ્રી અત્યંત વ્યાકુળ થઈ સમસ્ત જગતની રક્ષા કાજે સતત ચિંતિત રહેતા. એવું પણ બનતું કે તેઓશ્રી જગત હિતાર્થે રાત્રે સૂઈ પણ શકતા ન હતા.

વધુમાં તેમને આ જ પ્રલયને સમર્થન આપતા અન્ય પ્રમાણ મળ્યા. પ્રભુશ્રીના સંબંધમાં લખાયેલ સંહિતાઓ (ભૃગુ, સૂર્ય, ચંદ્ર)ના અભ્યાસપૂર્ણ વાંચન દ્વારા સ્પષ્ટ થતું હતું કે, **પ્રલયના સમયે તેઓશ્રી (પ્રભુશ્રી) પ્રાર્થના દ્વારા તેમના અનુયાયીઓની સહાયથી પ્રલયને અટકાવશે.**

એ ઉપરાંત જગતના જાણીતા જ્યોતિષશાસ્ત્રીઓ તથા આર્ષદૃષ્ટાઓની ભવિષ્યવાણીમાં પણ પ્રલયનો સમય આ જ દર્શાવવામાં આવ્યો હતો. એ જ રીતે

*પ્રભુશ્રીને પ્રલય વિષેના ઘણા દર્શનો થયા હતા. 'શ્યામલ'માં તેમને 'જળ પ્રલય' સ્વપ્નમાં દેખાયો હતો. તેઓશ્રીએ જોયું કે સર્વત્ર જળબંબાકાર પાણી દેખાઈ રહ્યું હતું. ભયાનક સ્વરૂપે પાણીના મોજા ઉછળી રહ્યા હતા. તેના ઉપર પૃથ્વી તરતી હતી ! આમ ચોતરફ પાણી સિવાય કંઈ જ ન હતું. તો આ દર્શન જળ–પ્રલય આવવાના સૂચન રૂપે હતું.

બીજું વર્ષો પહેલા આવેલું એક પ્રલય વિષેનું સ્વપ્ન તેમની સ્મૃતિમાં પૂર્ણ રૂપે રહેલું હતું. (તેઓશ્રી વેકેશનમાં મુંબઈથી જામનગર આવેલા ત્યારે આ સ્વપ્ન જોયું હતું.) તેઓશ્રીએ જોયું કે તેઓ તથા તેમના અનુયાયીઓ કોઈ હિમાલય જેવા પર્વત પર આગળ ને આગળ જઈ રહેલ છે તે દરમ્યાન એક સમડી ત્યાં ઊડતી ઊડતી આવે છે તેના મુખમાં સળગતું ઘાસનું તણખલું હતું. પછી તે તણખલાને પર્વત પર નાખે છે અને તે સાથે જ ચોતરફ ભયાનક અગ્નિની જ્વાળાઓ પ્રસરી જાય છે, અત્ર તત્ર સર્વત્ર વિનાશનું દૃશ્ય દેખાય છે. આવા જ બીજા પણ ઘણા દર્શનો પ્રલય વિષે થયેલા હતા.

ॐ

કેટલાક ધર્મશાસ્ત્રોમાં પણ આ જ સમયને પ્રલયનો કાળ કહેલ હતો.

**પ્રલયની નિશ્ચિતતા તથા ઉપાય :**

ઉપર્યુક્ત કારણોસર પ્રભુશ્રીને પ્રલય એક સંભાવના જ નહીં પણ વાસ્તવિકતા જણાતી હતી, અને તેનો સમય ઈ.સ.૧૯૭૫ થી ૨૦૦૦ સુધીનો હતો. જેમાં મુખ્યત્વે વિશ્વયુદ્ધ, હિમયુગ તથા જળપ્રલય હતા. અન્ય નાની પ્રલયાત્મક આપત્તિઓ જેવી કે અનાવૃષ્ટિ, ઉલ્કાપાત, અતિવૃષ્ટિ, મહાવાત, ભૂપ્રકંપ, સામુદ્રિક તોફાન, હિંસક ક્રાંતિ તથા સાંક્રમક રોગો પણ વિશ્વમાં એક યા બીજા પ્રકારે ઈ.સ. ૨૦૦૦ પછી પણ ચાલુ રહેવાની શક્યતા હતી.

આથી પ્રભુશ્રીએ તેમનું સત્યયુગ સંસ્થાપનનું અન્ય કાર્ય – પુસ્તક લેખન એક બાજુ મૂકી દીધું અને પ્રલય નિવારણના કાર્યને જ અગ્રતા આપી કારણકે જો પ્રલય આવી જાય તો પછી જીવસૃષ્ટિના વિનાશ પછી સત્યયુગનું કાર્ય કરવાથી શો લાભ? પ્રલયના વ્યાપક વિનાશ પછી બાકી રહેલા ભયંકર ખંઢેરમાં સત્યયુગ આવે તો પણ તેનો શો લાભ ? તેથી પ્રલય નિવારણ એ સત્યયુગના પૂરક કાર્યરૂપે અગ્રતા ક્રમે આવી ગયું.

**ઉપાય :**

પ્રભુશ્રી ઊંડા ચિંતન-મનન પછી એ સ્પષ્ટ નિષ્કર્ષ પર પહોંચ્યા કે અખંડધૂન દ્વારા પ્રલયને અવશ્ય અટકાવી શકાશે. આનું કારણ એ હતું કે આ જ વર્ષમાં (ઈ.સ.૧૯૭૪, ઓગસ્ટ) દુષ્કાળની ભયંકર સ્થિતિમાં અખંડધૂનનો પ્રયોગ કરેલ હતો. અને તેમાં સંપૂર્ણ સફળતા મળી હતી. આમ અખંડધૂનની પ્રાયોગિક સફળતા પછી તેઓશ્રીએ કહ્યું કે, **''પ્રલયના જ એક અંગ દુષ્કાળને અખંડધૂન દ્વારા અટકાવી શકાય તો પ્રલયના અન્ય અંગોને કેમ ન અટકાવી શકાય?''** જો કે વ્યાપક પ્રલયને અટકાવવા ધૂનની સર્વવ્યાપકતા પણ એટલી જ જરૂરી હતી.

વધુમાં સંહિતામાં પણ લખ્યું હતું કે, પ્રભુશ્રી તેમના અનુયાયીઓ સાથે પ્રાર્થના દ્વારા પ્રલયને અટકાવશે. તેથી અખંડધૂન રૂપી પ્રાર્થના સાથે પ્રભુશ્રીનું

અપાર તપોબળ તથા સત્‌સંકલ્પ પ્રલય નિવારણમાં અતિ ઉપયોગી બને તેમાં લેશ માત્ર સંશય નહોતો.

**આમ પ્રભુશ્રીએ અખંડધૂનને એક અખંડ પ્રાર્થનાનું સ્વરૂપ આપીને પ્રલયને અટકાવવા માટેના એક અમોઘ આધ્યાત્મિક સાધન તરીકે પ્રસ્થાપિત કરી નિજસ્થાન 'શ્યામલ'માં અખંડધૂન શરૂ કરાવી.**

**પ્રલયનું કારણ :**

પ્રભુશ્રીને અખંડધૂનની મહત્તાની પ્રત્યક્ષ અનુભૂતિ થતા તેઓશ્રીએ ઠેકઠેકાણે આ ધૂન શરૂ થાય તે માટે અવિરત પ્રયત્ન શરૂ કર્યો. લોકોને પ્રલય વિષે તથા તેમના અવતારી કાર્ય અને પ્રયોજન વિષે સાચી સમજ આપવી જરૂરી હતી, કારણકે લોકો તો એમ જ માને છે કે જ્યારે સમષ્ટિ પાપનો ઘડો ભરાય જાય ત્યારે ઈશ્વર જ પ્રલય દ્વારા સંહાર કરે છે. એટલે કે પ્રલયના કર્તા ઈશ્વર જ છે !

પ્રભુશ્રીએ સમજાવ્યું કે, ''**પરિબ્રહ્મ ઈશ્વર સૃષ્ટિના સર્જક કે સંહારક નથી તે તો પાલક માત્ર જ છે.** પ્રકૃતિના નિયમો અનુસાર પ્રકૃતિ દ્વારા જ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે તેમજ રચાય છે અને તેના થકી જ અંતિમમાં ક્ષીણતા પામી તેનું વિસર્જન થાય છે. જ્યારે વચ્ચે થતાં મહાવિનાશની સંહારક શક્તિ અવિદ્યા-માયા તથા તેના પરિબળો છે....''

અવિદ્યા-માયા કેવી રીતે પ્રલય દ્વારા સંહાર કરે છે તે વિષે પ્રભુશ્રીએ સમજાવ્યું કે, **''જ્યારે મનુષ્યોના સમષ્ટિ અનિષ્ટ કર્મો પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે અવિદ્યા શક્તિ તેના પરિબળો થકી પ્રલયને પ્રેરી શકે છે....''**

એટલે મનુષ્યોના અનિષ્ટ પાપકર્મો સંચિત થાય ત્યારે જ તેના દ્વારા પ્રલયને લાવવાનું અવિદ્યા શક્તિ માટે શક્ય બને છે. તેથી લોકોને આવા પાપકર્મો કરતા અટકાવવા અનિવાર્ય છે. **પરંતુ અવિદ્યા શક્તિ જ લોકોને**

ૐ

**અજ્ઞાનના આવરણ નીચે રાખી તેમને પાપકર્મો કરવા માટે પ્રોત્સાહિત કરે છે.** ખરેખર તો પાપકર્મોની પ્રેરક અવિદ્યાશક્તિ (મહામાયા) જ છે. વિડંબના એ છે કે લોકોને તેનો ખ્યાલ પણ આવતો નથી.*

**કર્મનો સિદ્ધાંત :**

કર્મના સિદ્ધાંતના સંદર્ભમાં શ્રી રામગીતામાં સ્પષ્ટ લખ્યું છે કે મનુષ્યે કરેલા શુભ અથવા અશુભ કર્મના ફળો અવશ્ય ભોગવવા જ પડે છે. ફળો ભોગવ્યા વિના કર્મોનો કરોડો કલ્પો સુધી પણ ક્ષય થતો નથી. (શ્રી રામગીતા ૧૦-૧૨)

ઉપરના જ સિદ્ધાંતના સંદર્ભમાં પ્રભુશ્રીએ સમજાવ્યું કે, ‘‘જ્યારે સામાન્ય વિજ્ઞાન પ્રત્યેક ભૌતિક ઘટના અથવા પરિણામ પાછળ રહેલ એક સ્થૂળ અથવા સૂક્ષ્મ કારણ સ્વીકારે છે ત્યારે બાહ્ય જગતમાં બનતાં છતાં આંતર મનને સ્પષ્ટપણે સ્પર્શતા બનાવો પાછળ સ્થૂળ અથવા સૂક્ષ્મ કારણો હોવા જોઈએ તે સ્વીકારવું જ પડે. એટલે કર્મના આ કાર્યકારણના નિયમના અનુસંધાનમાં **જગતભરમાં થઈ રહેલ નિર્દોષ પશુઓની ઘોર હિંસા જ પૃથ્વી પર આવતી અથવા આવી રહેલ પ્રલયકારી આપત્તિઓનું મુખ્ય કારણ છે તે સ્પષ્ટ થાય છે.**

**પ્રલય નિવારણના સાધનો :**

પ્રભુશ્રીએ પ્રલય નિવારણના સાધનરૂપે પ્રથમ ‘સત્-સભાન સમાજ’ વિષે કહ્યું છે તે તો આપણે આગળ જોઈ જ ગયા છીએ. બીજું, અધ્યાત્મયજ્ઞ (અખંડધૂન) દ્વારા ભૂતકાળના સમષ્ટિ પાપકર્મોના વિનિયોગની પ્રક્રિયા સમજાવી છે.

અખંડધૂન એક અખંડ પ્રાર્થના છે અને આ પ્રાર્થનાની શક્તિ લોકોના ભૂતકાળના એકત્રિત થયેલ પાપકર્મોને છુટા પાડી કે વિખેરી નાખે છે જેથી તે પાપ

*‘‘...મહામાયા જગતને મોહિત કરીને સૃષ્ટિ સ્થિતિ પ્રલય કરે છે. તેણે જ બધાને અજ્ઞાન કરીને રાખેલ છે.’’ – શ્રી રામકૃષ્ણ કથામૃત ભાગ ૧/૬૮.

ૐ

કર્મો કે જે અનિચ્છનીય ફળ આપવા તત્પર હોય તે ફળ આપી શકતા નથી, અને આ રીતે પ્રલયરૂપી વિનાશ અટકી જાય છે. અથવા તો પ્રલયની તીવ્રતા મંદ પડી જાય છે. આ એક અધ્યાત્મ વિજ્ઞાન અનુસારની પ્રલયને અટકાવવાની (આધ્યાત્મિક) વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ રીતે પ્રાર્થના (અખંડધૂન) દ્વારા કર્મોનો વિનિયોગ તથા લોકોના હૃદયમાં દયાને પ્રગટાવવાનું કાર્ય થાય છે.

વધુમાં પ્રભુશ્રીએ એ પણ સમજાવ્યું છે કે, **''જગતના વ્યવહારો લોકોના સમષ્ટિ કર્મો, પ્રકૃતિના નિયમો તથા દૈવ અનુસાર થયા કરતા હોવા છતાં પરમાત્માની સંકલ્પશક્તિ સદા મુક્ત હોવાથી તેમના અવતાર થકી તે નિમિત્તે કરેલ અથવા કરવામાં આવતી તપસ્યા થકી આ આપત્તિઓને ટાળી શકાય એટલું જ નહીં પરંતુ તેમના જ્ઞાનયુક્ત માર્ગદર્શન પ્રમાણે લોકોના સહકાર થકી સારાએ જગતને મહાવિનાશમાંથી બચાવી પણ શકાય.''**

આમ પરમાત્માના અવતારના માર્ગદર્શન અનુસાર લોકો જો પરમાત્મા સન્મુખ બની પ્રાર્થના (અખંડધૂન) સાથે સત્કર્તવ્ય રૂપે સહકાર આપે તો પરમાત્મા પણ માનવજાતના ઉદ્ધારક, નિયામક તથા સંરક્ષક બની જગતને મહાવિનાશમાંથી બચાવી શકે છે.

**ઉપસંહાર :**

પ્રભુશ્રી ઈ.સ.૧૯૭૪-૮૨ સુધી પ્રલય નિવારણ અર્થે અખંડધૂન સાથે મૂક જીવોની રક્ષા અર્થે સતત લેખનકાર્ય કરતા રહ્યા હતા. આ સાથે અતિ કષ્ટમય ઉપવાસ તેમજ તપસ્યા પણ કરતા હતા. પરિણામે જ્યારે કોઈ પણ પ્રલયાત્મક આપત્તિ આવવાના સમાચાર (રેડિયો-વર્તમાનપત્ર) મળતા કે તુરત જ મધ્યરાત્રિએ પણ ભક્તોને ઉઠાડી સામૂહિક પ્રાર્થના કરાવતા હતા, અને કેટલીય આવી આપત્તિઓ અટકી ગયાનું પ્રમાણ પણ મળ્યું હતું. આ સાથે એ પણ અવશ્ય કહી શકાય કે તેમના જ તપોબળે ઈ.સ. ૨૦૦૦ સુધી જે (ત્રણ) મહાપ્રલયની શક્યતા

ૐ

હતી તે નિવારી શકાયેલ હતી. જો કે બીજી નાની-નાની (આઠેક) પ્રલયાત્મક આપત્તિઓ વિશ્વમાં કોઈને કોઈ ભાગમાં ચાલુ રહેવાની શક્યતા તો છે જ અને તેથી જ ઠેકઠેકાણે બ્રહ્મમંત્રના અખંડધૂનની અનિવાર્યતા છે.*

---

*જુઓ પરમાત્મન શ્રી સત્-ચિત્-આત્મન્ દ્વારા લિખિત 'પ્રલય નિવારણ' પુસ્તક.

(આઠ પ્રકારની નાની પ્રલયાત્મક આપત્તિઓ - અનાવૃષ્ટિ, ઉલ્કાપાત, અતિવૃષ્ટિ, મહાવાત્, ભૂપ્રકંપ, સામુદ્રિક તોફાન, હિંસક ક્રાંતિ તથા સાંક્રમક રોગો)

**આપણું ધ્યેય એક વિશ્વ વ્યાપક સત્-ધર્મ સ્થાપવાનો હોવાથી આપણું કાર્ય માત્ર આપણાં જ ધર્મ શાસ્ત્રોમાંથી નહીં, પરંતુ જગતનાં બધાં જ ધર્મશાસ્ત્રોમાંથી અસત્ દૂર કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. આ ઉપરાંત આપણા પ્રાચીન સંસ્કૃત તેમજ છેલ્લા પચાસેક વર્ષથી (આશરે હાલમાં લગભગ ૯૦ વર્ષ) બ્રિટિશ તથા અમેરિકન ઇંગ્લીશ સાહિત્યમાંથી અશ્લિલતા દૂર કરવાનું કાર્ય પણ ખૂબ જ અગત્યનું છે, કારણ કે તેમ કરવાથી શાળા તથા કોલેજોમાં ચાલતાં પાઠ્યપુસ્તકો નીતિ, ધર્મ તેમજ આધ્યાત્મિકતાની બાબતમાં ધારી અસર કરી શકે.**

**- શ્રી સત્ ચિત્ આત્મન્ ભગવાન**

ॐ

यज्ञानाम् जपयज्ञोऽस्मि
जपयज्ञानाम् ब्रह्मयज्ञोऽस्मि

પ્રકરણ - ૧૫

# બ્રહ્મમંત્ર તથા અખંડધૂનરૂપ બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞ

**પ્રાસ્તાવિક :**

પૂજ્ય પ્રભુશ્રીનું અવતારી કાર્ય 'સત્-સંસ્થાપન' નિશ્ચિત થયા પછી આ સમગ્ર કાર્ય અર્થે એક શક્તિશાળી આધ્યાત્મિક સાધનની આવશ્યકતા હતી. તેથી પ્રભુશ્રીએ તેમની દીર્ઘ તપોસાધના દ્વારા કોઈ સંપ્રદાય, સંસ્થા કે આશ્રમ દ્વારા વિશાળ અનુયાયીગણ ઊભો કરવાની જગ્યાએ એક મહામંત્રનું સર્જન કર્યું કે જેના દ્વારા દીર્ઘકાળ સુધી સારાએ વિશ્વને સાચો આધ્યાત્મિક લાભ મળતો રહે.

બ્રહ્મમંત્રના આવિર્ભાવ પછી તેની પ્રાયોગિક સિદ્ધિ પ્રથમ વખત ભક્તશ્રી બચુભાઇ દ્વારા મેળવી હતી. આ મંત્ર થકી શ્રી બચુભાઈને અનેકાવિધ આધ્યાત્મિક અનુભૂતિઓ થયેલી હતી. તેમજ તેઓ બ્રહ્મમાર્ગમાં સારી પ્રગતિ સાધી શક્યા હતા. તે જ રીતે આ મંત્રની વિશ્વ કલ્યાણ અર્થે પ્રાયોગિક સિદ્ધિ 'અખંડધૂન'માં ઈ.સ.૧૯૭૪માં કરી હતી, અને એ રીતે તેમાં સફળતા પ્રાપ્ત કરી હતી. આમ આ મંત્ર વ્યષ્ટિ-સમષ્ટિના કલ્યાણનો એક અમોઘ મહામંત્રરૂપે પ્રસ્થાપિત થયો હતો.

પ્રભુશ્રીના સમગ્ર આધ્યાત્મિક સાહિત્ય સર્જનનો નિચોડ જેમ 'અધ્યાત્મ લીલા ઉપનિષદ' ભજનમાં સમાયેલો છે તે જ રીતે સમગ્ર ભજનનો સારરૂપ નિચોડ બ્રહ્મમંત્રમાં સમાયેલ છે. એટલે પ્રભુશ્રીએ ભારપૂર્વક કહેલું કે **તેમના સમગ્ર અધ્યાત્મ જ્ઞાનનો સાર તથા કાર્યનો આધાર આ બ્રહ્મમંત્ર છે.** રાજકોટમાં

ૐ

'શ્યામલ'ના તેમના ચૌદ વર્ષના નિવાસ દરમ્યાન આ બ્રહ્મમંત્ર કેન્દ્ર રૂપે રહેલ હતો.

બ્રહ્મમંત્ર વિષે તેઓશ્રીએ પત્રિકા રૂપે ભાવાર્થ, રહસ્યાર્થ, માહાત્મ્ય, નિદિધ્યાસન, વગેરે લખેલા છે. અને તેમાં મંત્ર વિષેનું સંક્ષિપ્ત પણ માર્મિક લખાણ તેમના અગાધ આધ્યાત્મિક જ્ઞાનને દર્શાવે છે જેને વ્યવસ્થિત રૂપે અલગ પ્રકરણ દ્વારા જ દર્શાવી શકાય. તેથી અહીં મંત્ર વિષેની યથોચિત સમજ આપવા પ્રયાસ કરીશું.

**બ્રહ્મમંત્રનો ઉદ્ભવ :**

આ મંત્રનો ઉદ્ભવ ૐ માંથી થયો છે. એટલે કે **સ્વયં પરમાત્મા દ્વારા થયો છે. પરમાત્માના સત્યાવતાર શ્રી આત્મન્ ભગવાનની બાર વર્ષની એકધારી કઠિન તપોસાધના તથા તેમના પ્રજ્ઞાન દ્વારા મંત્રનો આવિર્ભાવ થયો છે.*** સ્વયં સચ્ચિદાનંદ પરમાત્માના સત્ સંકલ્પ અનુસાર વિશ્વમાં અધ્યાત્મ યુગના પ્રયોજનાર્થે એક અમોઘ સત્ શક્તિ રૂપે આ પાવનકારી મંત્ર પ્રવર્તિત થયેલ છે. આમ આ મંત્ર ચમત્કારિક રીતે દર્શન, ધ્યાન, સ્વપ્ન કે દિવ્યવાણીરૂપે સીધો જ પ્રાપ્ત થયો નથી. એવી જ રીતે પૂર્વના ધર્મશાસ્ત્રો કે **અન્ય કોઈ મંત્રના આધારે રચાયેલ નથી.** (જેમ કે શ્રીરામ જય રામ જય જય રામ)પરંતુ સંપૂર્ણ સ્વતંત્ર રીતે આ મંત્ર ઉદભવેલ છે. એટલે પૂર્વમાં આ પ્રકારનો વિશ્વકલ્યાણનો કોઈ મંત્ર અસ્તિત્વમાં ન હતો. મંત્રનું બંધારણીય સ્વરૂપ પરમાત્માના પ્રજ્ઞાન અનુસારનું છે. જ્યારે તેની પશ્ચાત્ રહેલી સત્ શક્તિ તેમની દીર્ઘ પવિત્ર તપસ્યા છે. આમ આત્મન્ પ્રભુશ્રી દ્વારા વ્યષ્ટિ-સમષ્ટિના કલ્યાણ અર્થે આ મંત્ર પ્રવર્તિત થયેલ છે.

**બ્રહ્મમંત્રનો ભાવાર્થ :**

આઠ શબ્દનો આ મંત્ર તેના ધ્યેય અનુસાર ત્રણ ભાગમાં દર્શાવાયેલ છે.

---

*પ્રજ્ઞાન : પરમાત્મા પ્રજ્ઞાનઘન (ચિદ્ઘન) છે, જ્ઞાનના અર્કરૂપ છે, તેમના દ્વારા જે (અધ્યાત્મવિજ્ઞાન) જ્ઞાન પ્રગટ થાય છે તે પ્રજ્ઞાન છે.

ૐ

પ્રભુશ્રીના શબ્દોમાં -

**ૐ હ્રીં રામ** = આર્ષ સંપત્તિપ્રદાયક, સત્-વિદ્યાશક્તિ યુક્ત મારા (પોતપોતાના) આરાધ્ય ઇષ્ટના સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપનો મને સાક્ષાત્કાર, પ્રતીતિ અથવા જ્ઞાનપ્રાપ્તિ થાઓ.

**જય રામ** = સારાએ જગતમાં સત્ય (યુગ)નું સંસ્થાપન થાઓ.

**જય જય રામ** = ત્રણે લોક (પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગ)માં આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.

ઉપર્યુક્ત ભાવાર્થમાં પ્રથમ ભાગમાં આવતા ત્રણ શબ્દો 'ૐ હ્રીં રામ' મંત્રના રહસ્ય જ્ઞાનને પ્રગટ કરે છે, તેથી ત્રણે શબ્દનો ક્રમશઃ અર્થ નીચે પ્રમાણે થાય છે–

**ૐ** = બ્રહ્મના નિર્ગુણાતીત નિરાકાર સ્વરૂપનો પ્રતીક તથા નિર્ગુણ-સુગુણ ચિન્મય સ્વરૂપોનો વાચક શબ્દ. આ રીતે સાકાર-નિરાકાર ઉપાસકો માટે ૐ એ પ્રતીક કે વાચક શબ્દ છે અને તેથી જ બ્રહ્મના દરેક મંત્રનો પ્રારંભ ૐ થી થાય છે.

**હ્રીઁ** = બ્રહ્મની આર્ષ સંપત્તિ પ્રદાયક શુદ્ધ વિદ્યાત્મક સત્-શકિત અથવા આધ્યાત્મિક દૈવી સંપત્તિ આપનાર ઈશ્વરથી અભિન્ન વિદ્યાશક્તિ.

પરંતુ પ્રભુશ્રીએ શ્રીં અને ક્લીં શક્તિને હ્રીં થી તદ્દન જુદી જ માયા તથા મહામાયાની શક્તિરૂપે દર્શાવી છે. એટલે તે પણ જાણી લઈએ–

**શ્રીં** = સાંસારિક ધનસંપત્તિ તથા દુન્યવી વૈભવો અપાવનાર સંદિગ્ધાત્મક, બ્રહ્મનિરપેક્ષ માયાશક્તિ.

**ક્લીં** = અંતરિક્ષના આસુરી પરિબળો થકી મનુષ્ય તથા પ્રાણી પર અનિચ્છનીય વર્ચસ્વ તથા નિમ્ન કોટિના ભોગ વિલાસ

ૐ

અપાવનાર મલિન-વિદ્યાત્મક, બ્રહ્મવિરોધીની, અવિદ્યા માયા શક્તિ.

પ્રભુશ્રીએ 'હ્રીં' શક્તિને પરમાત્માની જ અભિન્ન સત્-શક્તિ બતાવી છે. **તે જ આદ્યશક્તિ છે.** તેને જ દિવ્યશક્તિ કે પરાશક્તિ પણ કહેલ છે. આત્માની જ્યોતિરૂપે છે.બ્રહ્મવિદ્યા સ્વરૂપે રહીને મનુષ્યોને દૈવી-સંપત્તિ આપનાર છે. જ્યારે 'શ્રીં' શક્તિ એ માયારૂપે લોકોને દુન્યવી વૈભવ તથા ધન-સંપત્તિ અપાવનાર છે. આ પરમાત્મા વિરોધી શક્તિ દુન્યવી ધન-સંપત્તિમાં મનુષ્યને ભ્રમિત કરી તેમાં જ ડૂબાડી રાખી ઈશ્વર તરફ જવા દેતી નથી. 'ક્લીં' શક્તિ અંતરિક્ષના આસુરી પરિબળો દ્વારા મનુષ્યોને અત્યંત નીચા પ્રકારના ભોગ-વિલાસ તરફ લઈ જાય છે. આ શક્તિ તદ્દન બ્રહ્મવિરોધિની શક્તિ છે.

**આપણા ધર્મશાસ્ત્રોમાં આ સૂક્ષ્મભેદનું રહસ્યજ્ઞાન હજુ સુધી દર્શાવવામાં આવ્યું નથી. પ્રભુશ્રીએ તેમની દીર્ઘ તપોસાધનાના ફળ સ્વરૂપે આ રહસ્ય જ્ઞાન સ્પષ્ટ કરેલ છે.**

**ૐ હ્રીં રામ** = મંત્રના પ્રથમ ભાગમાં આવતા 'રામ' શબ્દનો અર્થ 'બ્રહ્મ' (પરમાત્મા) કરવામાં આવ્યો છે. એટલે 'રામ' શબ્દ 'બ્રહ્મ'ના પર્યાય તરીકે લેવાયેલ છે. (**रामः साक्षात् परंब्रह्म** -અધ્યાત્મ રામાયણ) રામચંદ્રજી ભગવાન પરમાત્માના જ સત્યાવતાર હોવાથી મંત્રમાં 'બ્રહ્મ'ના સ્થાને 'રામ' વપરાયેલ છે. આમ મંત્રમાં 'રામ' શબ્દમાં 'બ્રહ્મ'(પરમાત્મા)ના દરેક સત્ય સ્વરૂપો સમાવિષ્ટ થઈ જાય છે.*

આ ત્રણે શબ્દનો અર્થ થાય છે-મારા હ્રીં યુક્ત ઇષ્ટનો સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપે મને

---

*પ્રભુશ્રીએ બ્રહ્મમંત્રના રહસ્યાર્થમાં 'રામ' શબ્દમાં સમાવિષ્ટ પરમાત્માના સ્વરૂપો – અવતારો, અંશાવતારો, વિભૂતિ, શક્તિ સ્વરૂપો તથા અન્ય ધર્મના સત્ય સ્વરૂપોની સંપૂર્ણ યાદી આપી છે.

ૐ

સાક્ષાત્કાર કે જ્ઞાન પ્રાપ્તિ થાઓ.

જય રામ = સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન થાઓ. મંત્રના બીજા ચરણમાં 'રામ' શબ્દનો અર્થ 'સત્ય' કરવામાં આવેલ છે. (**सत्यं ज्ञान अनंत ब्रह्म** -શ્રીપ્રશ્નોપનિષદ) બ્રહ્મનું નિર્ગુણ લક્ષણ સત્ય છે એટલે રામ = બ્રહ્મ = સત્ય થાય છે. આમ બ્રહ્મના જ પર્યાય તરીકે 'રામ' શબ્દનો અર્થ અહીં સત્ય કરવામાં આવેલ છે. તેનો અર્થ સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન થાઓ એવો થાય છે.

જય જય રામ = મંત્રના ત્રીજા ચરણમાં 'રામ' શબ્દનો અર્થ 'અધ્યાત્મ' કરેલ છે. (બ્રહ્મ) સ્વભાવ : **(ब्रह्म) स्वभाव : अध्यात्म उच्यते**-શ્રીમદ્ ભગવત્ગીતા) ગીતામાં બતાવ્યા પ્રમાણે બ્રહ્મનો સ્વભાવ અધ્યાત્મ છે. તેથી બ્રહ્મના જ પર્યાય શબ્દ રૂપે ત્રણે લોકમાં આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તે તેવો ધ્યેય રહેલ છે. આ ત્રણે લોક પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગમાં મુખ્યત્વે માયાનો વાસ છે. તેની જગ્યાએ આધ્યાત્મિકતા પ્રવર્તે તેવી મંત્ર દ્વારા પ્રાર્થના કરાયેલ છે.

**બ્રહ્મમંત્રના વિવિધ પ્રયોજન તથા ઉપયોગિતા-લાભો :**

**મંત્રના વ્યક્તિક લાભો :**

કોઈપણ જિજ્ઞાસુને પ્રશ્ન થાય કે આ મંત્ર કરવાથી મને શું લાભ થશે? આ પ્રશ્ન સહજ છે અને તેથી તે સંબંધમાં જાણવા પ્રયાસ કરીએ.

આ બ્રહ્મમંત્રમાં 'સત્શક્તિ' અવ્યક્તરૂપે રહેલી છે અને તે શક્તિ મંત્રમાં દર્શાવેલ પ્રથમ ધ્યેય અનુસાર આત્મસાક્ષાત્કાર કે ઈશ્વર પ્રાપ્તિ કરાવનાર છે. જો કે સર્વોચ્ચ અધ્યાત્મિક લાભનું મૂલ્ય દુન્યવી બુદ્ધિથી સમજી ન શકાય. તેથી જ લોકો

**માયિક જગતના મિથ્યા પદાર્થોમાં જ આસક્ત છે અને ભૌતિક ભોગ-લાલસામાં જ સંમોહિત થઈ ગયા છે તેમને આ મંત્ર ક્રમશઃ માયાના પાશમાંથી મુક્ત કરવાનું કાર્ય કરે છે.** એ રીતે મનુષ્યની બુદ્ધિ કે જે દેહ સાથે જોડાયેલી છે તેને આત્મા તરફ લઈ જાય છે. આમ મનુષ્યને આ જગતના ભૌતિક સંપત્તિના સુખ-સાધનોના આકર્ષણથી છોડાવે છે. મનુષ્યની સંપત્તિ વૃદ્ધિની લાલસા-તૃષ્ણા શનૈઃ શનૈઃ નષ્ટ થતી જાય છે અને તેની પાસે જે છે તેમાં જ સંતોષ, સુખ, શાંતિ અનુભવે છે.

હવે જેની પાસે જીવનનિર્વાહ માટે પર્યાપ્ત સાધન સગવડ નથી તેને બ્રહ્મમંત્ર શક્તિ (પરમાત્મા) દ્વારા શુભ કર્મોની પ્રેરણા આપી અને તે **કર્મોના પુણ્યના બળે તેને જોઈતી આવશ્યકતા પૂરી પાડે છે.** જો કે મનુષ્યે તેના પ્રારબ્ધ કર્મો તો ભોગવવા જ પડે છે, પણ પરમાત્મા કરુણામય હોવાથી કર્મ ભોગવવામાં શક્ય તેટલી સહાય કરે છે. અને એ રીતે કર્મના આધારે આવતી વિપત્તિ કે દુઃખોમાં - 'સૂડીનો ઘા સોયથી'- શક્ય તેટલી રાહત અપાવે છે. સંક્ષિપ્તમાં કહીએ તો **મનુષ્યનું અજ્ઞાન દૂર કરી તેને સાત્ત્વિક સુખશાંતિની અનુભૂતિ કરાવે છે.**

**સત્-સંસ્થાપન દ્વારા વિશ્વકલ્યાણ :**

બ્રહ્મમંત્રના બીજા તથા ત્રીજા ધ્યેય અનુસાર તેમા સમષ્ટિનું કલ્યાણ સમાયેલું છે. પ્રભુશ્રીએ બ્રહ્મમંત્રના મુખ્ય આઠ કાર્યપ્રયોજન દર્શાવ્યા છે.

**૧. સત્યયુગ સંસ્થાપન**
**૨. પ્રલય નિવારણ**
**૩. સર્વજીવ સંરક્ષણ**
**૪. સત્-ધર્મનું પ્રતિષ્ઠાપન**
**૫. શુદ્ધભક્તિનું વિવર્ધન**
**૬. સમ્યક્ (સાચા) જ્ઞાનનું સંવર્ધન**
**૭. વિશ્વરાજ્યની સુરચના**
**૮. સર્વલોકના સુહિતાર્થે**

બ્રહ્મમંત્રનું સામર્થ્ય પ્રભુશ્રી દ્વારા લિખિત 'નિદિધ્યાસન'માંથી સમજી શકાય છે. મંત્રના ધ્યાન દ્વારા જે ધારણા કરવાની હોય છે તેમાં આ મંત્રનું સામર્થ્ય સ્પષ્ટ થાય

છે. ઉપર્યુક્ત આઠેય પ્રયોજન તેમાં સમાવિષ્ટ કરાયેલ છે.

**બ્રહ્મમંત્રના વિશિષ્ટતાદર્શક, સારરૂપ મહત્ત્વના મુદ્દાઓ :**

- આ બ્રહ્મમંત્ર સ્વયં પરમાત્માના પવિત્ર તપ તથા પ્રજ્ઞાન થકી ઉદ્‌ભવ્યો છે અને તેથી જ તે **એક અમોઘ મંત્ર છે.** સંપૂર્ણપણે ફળદાયી છે.
- **મંત્ર સ્વયં સંપૂર્ણ ચિન્મય મંત્ર છે,** સત્‌શક્તિ સ્વરૂપ છે. તેમજ પૂર્ણરૂપે સિદ્ધ થયેલ છે. તેથી મંત્રને જીવનમાં અપનાવવા કે ધારણ કરવા (આત્મસાત્) અર્થે કોઈ વ્યક્તિને વિધિવિધાન કે ગુરુની આવશ્યકતા નથી. દરેક વ્યક્તિ તેની યોગ્યતા અનુસાર મંત્ર દ્વારા આધ્યાત્મિક ફળ મેળવી શકે છે.
- મંત્રમાં પ્રયોજાયેલ પ્રથમ 'રામ' શબ્દનો વ્યાપક અર્થ કોઈપણ વ્યક્તિના (પોતાના) સત્ય ઇષ્ટ (ઈશ્વર) એમ થતો હોવાથી **વિશ્વના કોઈપણ ધર્મ, સંપ્રદાય, જાતિ કે વર્ણના ભાઈ-બહેનો સમાનપણે આ મંત્ર અપનાવી આધ્યાત્મિક લાભની પ્રાપ્તિ કરી શકે છે.**

મંત્રની વિશિષ્ટતા એ છે કે પોતાના ધર્મનો ત્યાગ કર્યા વગર આ મંત્ર-સ્મરણ કરી શકે છે. એ રીતે દરેક ધર્મો, તેના ઇષ્ટ સ્વરૂપો તથા મંત્રોને આ મંત્ર સમાનપણે અપનાવી વિસંવાદિતા દૂર કરે છે.

- બ્રહ્મમંત્રમાં વ્યક્તિના ઇષ્ટના સાક્ષાત્કાર સાથે વિશ્વકલ્યાણનું ઉચ્ચતર ધ્યેય પણ સમાયેલું છે. **આ બ્રહ્મમંત્ર થકી વિશ્વકલ્યાણના ધ્યેયની પૂર્તિ દ્વારા મનુષ્યને ઉચ્ચ પુણ્યની પ્રાપ્તિ થાય છે.** આવું ઉચ્ચ પુણ્ય જ દુન્યવી જીવનને ઉજ્જવળ બનાવી પરમાત્મ પ્રાપ્તિમાં સહાયરૂપ બને છે.
- 'હ્રીં'બીજક આ મંત્રનું મહત્ત્વનું અંગ છે જે વ્યક્તિને સત્-સંપત્તિ કે **દૈવી સંપત્તિ આપનાર છે** અને સત્ય પરમાત્મા તરફ દોરી જાય છે. વળી માયિક કે અવિદ્યાત્મક શક્તિ સામે રક્ષણ આપે છે.

ૐ

- બ્રહ્મમંત્રની સર્વશ્રેષ્ઠ શક્તિ તેના અખંડ-અતૂટ સામૂહિક ગાનમાં (અખંડધૂન) સમાયેલી છે. નિયમપૂર્વકની અખંડધૂન દ્વારા પ્રલય જેવી મહાવિનાશકારી આપત્તિને તો અટકાવી શકાય છે પરંતુ તે સાથે (સત્યયુગ સંસ્થાપન દ્વારા) **લોકોને પરમાત્મા સન્મુખ થવાની પ્રેરણા પણ આપે છે.**

- બ્રહ્મમંત્રનું બંધારણીય સ્વરૂપ વ્યક્તિ અને વિશ્વના આત્યંતિક કલ્યાણના ધ્યેય અનુસારનું છે અને તેથી આ મંત્ર સમસ્ત માનવજાત સહિત **સર્વ મૂકજીવોનું પણ સર્વાંગી કલ્યાણ કરનાર છે.**

- બ્રહ્મમંત્રમાં તેના ત્રણ ધ્યેય અનુસાર ઈશ્વર સાથેના સંબંધમાં **નિષ્કામતા, અનન્યતા તથા સત્કર્તવ્યપરાયણતા રહેલી છે. આ ત્રણેય આધ્યાત્મિકતાના હાર્દરૂપ અંગો** હોવાથી મંત્ર દ્વારા આધ્યાત્મિકતામાં સહજ સતત વૃદ્ધિ થતી રહે છે. આમ આ મંત્ર એ રીતે ક્રિયાત્મક કે રચનાત્મક આધ્યાત્મિકતાનો મંત્ર બની રહે છે.

- બ્રહ્મમંત્રનું સામર્થ્ય કોઈપણ પ્રકારની બાહ્ય શક્તિ પર આધારિત નથી. તેમજ તેમાં કોઈ માયિક પ્રકારના આકર્ષણો દ્વારા લોકોને પ્રલોભન અપાયેલ નથી. ઉદાહરણ તરીકે અમુક સંખ્યામાં જપ કરવાથી. આ પ્રકારનું ફળ મળશે અથવા તો મંત્ર જપ દ્વારા ચોક્કસ સિદ્ધિ શક્તિ પ્રાપ્ત થશે વગેરે, આમ આ મંત્ર સંમોહનાત્મક લોભ-લાલસાથી પર છે.

- **આ મંત્ર એક સ્વયં સંપૂર્ણ સિદ્ધ મંત્ર છે.** જેનો આત્યંતિક આધાર નિર્ગુણાતીત નિરાકાર ચૈતન્ય છે. અને તેની આંતરિક રચના પણ સંપૂર્ણ તર્કબદ્ધ, ન્યાયયુક્ત તથા હૃદયથી અનુભવી શકાય તેવી બુદ્ધિ સુસંગત છે. મંત્રમાં ગુઢતા, ગુપ્તતા કે રહસ્ય જેવું કંઈ નથી. તેથી જ **આ મંત્ર કોઈપણ વ્યક્તિને તેની નિષ્ઠા, શ્રદ્ધા તથા ભાવ સાતત્ય અનુસાર ચોક્કસપણે ફળ આપે જ છે.** આમ આ મંત્ર એક અમોઘ મંત્ર છે જે મહા મંગલકારી તથા પરમ પાવનકારી છે.

ૐ

- બ્રહ્મમંત્રની સર્વશ્રેષ્ઠ ઉપયોગિતા અખંડધૂન સ્વરૂપે રહેલી હોવા છતાં **તેને અનુષ્ઠાન, નિત્યનિયમ, મંત્રલેખન કે પ્રસંગોચિત સામૂહિક ધૂનમાં અવશ્ય પ્રયોજી શકાય છે.** એ રીતે આ મંત્ર દ્વારા સમુચિત આધ્યાત્મિક લાભ અવશ્ય મેળવી શકાય છે. **આ પરમ પાવનકારી મંત્રનું માનસિક સ્મરણ કોઈપણ સ્થાન અને સમયે થઈ શકે છે** જે કોઈપણ પ્રકારના માયિક પરિબળોથી રક્ષા કરે છે.
- આ બ્રહ્મમંત્ર એક પ્રાર્થના છે. પ્રભુશ્રીએ લખ્યું છે કે ''બ્રહ્મમંત્રનો મહિમા અનંત છે. કારણ કે તેમા ભાગવત નામ સ્મરણ ઉપરાંત સારાએ જગતમાં સત્યયુગ સંસ્થાપન તેમજ ત્રણે લોકમાં આધ્યાત્મિકતા પ્રર્વતે તેવી વિશ્વના પરમ કલ્યાણ અંગેની પરબ્રહ્મને પ્રિય મહામંગલમય પ્રાર્થના છે.''

અંતમાં પ્રભુશ્રીએ મંત્રની ભવ્યતા તથા દિવ્યતા દર્શાવતા લખ્યું છે કે –

**''અધ્યાત્મ-વિજ્ઞાનની આધારશિલા પર સમગ્ર વિશ્વનું સંચાલન કરતો, ઋષિઓ, મુનિઓ, દેવો તથા ભકતો વડે પ્રદક્ષિણા કરાતો, બ્રહ્મયુગનો આત્મા, સત્-જનોનો પ્રાણ તેમજ ત્રણે લોક(ભૂર્ભુવઃ સ્વઃ)નું આધ્યાત્મિક સંવિધાન- સદ્ધર્મ અથવા ઋત બની અખંડ મંડળમાં વ્યાપી રહેલ છે.''** અને તેથી જ સ્તો પરમકૃપાળુ પ્રભુશ્રીએ પરિબ્રહ્મને કરવામાં આવતી પ્રાર્થનારૂપે બ્રહ્મમંત્રની મહત્તા દર્શાવતો શ્લોક દૈનિક આરતીમાં સમાવિષ્ટ કરેલ છે.

**परिप्रध्वंसकः प्रलयबंधानाम्,**
**सत् संस्थापकः समग्रावन्याम् ।**
**बृहत् ब्रह्ममंत्र अध्यात्म धर्मानाम्,**
**ॐ ह्रीं राम, जय राम, जय जय राम ।।**

## :: અખંડધૂન ::
## (બ્રહ્મયજ્ઞ - અધ્યાત્મયજ્ઞ)

પરમ કૃપાળુ ભક્તવત્સલ પ્રભુશ્રીએ વિશ્વને એક અજોડ શક્તિશાળી

ૐ

સાધનની ભેટ આપી છે. આ સાધન વિશ્વની કોઈ પણ જટિલ સમસ્યાનો ઉકેલ કરી લોકોનું સર્વાંગી કલ્યાણ કરનાર છે. તેથી વ્યષ્ટિ-સમષ્ટિના આત્યંતિક કલ્યાણનું સામર્થ્ય ધરાવતા આ અખંડધૂન રૂપ બ્રહ્મયજ્ઞની જ્ઞાન સમજ લોકોને મળે તે અત્યંત આવશ્યક છે.

**કીર્તન ભક્તિ :**

વિશુદ્ધ અને નિષ્કામ ભક્તિ જ પરમાત્મ-પ્રાપ્તિનું અત્યંત સરળ છતાં શ્રેષ્ઠ સાધન છે. ભક્તિ નવ પ્રકારની છે, જેને નવધાભક્તિ કહે છે. આ નવધા ભક્તિમાંની એક કીર્તન ભક્તિ છે.

પરમાત્માના દિવ્યનામ અને સુગુણોનું ઉચ્ચ સ્વરમાં ભાવવાહી ગાન એ કીર્તન ભક્તિ છે. કોઈપણ મનુષ્ય માટે તે અત્યંત સરળ અને વળી સુગમ છે. આવી કીર્તન ભક્તિનો મહિમા મહર્ષિ નારદજી તથા સ્વયં મહાવીર હનુમાનજીએ બતાવ્યો છે. વળી જ્યારે સામાન્ય જનસમૂહ માટે પરમાત્મ-પ્રાપ્તિ અર્થે કીર્તન ભક્તિની જરૂર ઊભી થઈ ત્યારે સ્વયં પરિબ્રહ્મ પરમાત્માએ શ્રી ચૈતન્ય મહાપ્રભુ સ્વરૂપે બંગાળમાં અવતાર ધારણ કર્યો. તેમણે સંકીર્તનનો અર્થ અને મહિમા પ્રત્યક્ષ રીતે દર્શાવ્યા હતા. એમ કહેવાય છે કે તેમના અતિ મોહક દિવ્ય કીર્તન વખતે પશુ-પંખી જેવા અબોલ જીવો પણ તન્મય બની જતા હતા. આવી તેમની પ્રભાવક કીર્તન ભક્તિ આબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ સૌ કોઈને સ્પર્શી જતી હતી અને તેથી જ સ્તો તેઓશ્રી કીર્તનાવતાર તરીકે પ્રસિદ્ધ છે. તેમણે વિદ્વાન પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને સિદ્ધ કર્યું કે,

**यत्फलं नास्ति तपसा न योगेन समाधिना ।**
**तत्फलं लभते सम्यक फलौ केशवकीर्तनात् ।**

અર્થાત્ કલિકાલમાં તપ, યોગ કે સમાધિથી જે ફળ નથી મળતું તે સંકીર્તનથી મળે છે.

ૐ

તત્પશ્ચાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી રામકૃષ્ણ ભગવાન* તેમજ અનેકાનેક સંતો ભક્તો તથા આચાર્યોએ કીર્તન ભક્તિમાં પ્રબળ પ્રાણ પૂર્યો હતો, અને એ રીતે કલિયુગમાં કીર્તન ભક્તિ જ મુક્તિનું સર્વશ્રેષ્ઠ સાધન છે તે સિદ્ધ કર્યું હતું.

**અખંડ સંકીર્તન :**

સંકીર્તન ભક્તિનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ તો નિઃસંદેહ અખંડ સંકીર્તન જ છે. જેમાં પરમાત્માના નામ કે મંત્રનું અખંડ અને અહર્નિશ (દિવસ-રાત) ગાન કરવામાં આવે છે. તેની વિશેષતા એ છે કે તે એક જ સ્થાનમાં એકથી વધુ વ્યક્તિ દ્વારા સમૂહમાં કરવામાં આવે છે. ભારતમાં આવા અસંખ્ય અખંડ સંકીર્તનના કેન્દ્રો છે.

**પ્રભુશ્રી પ્રવર્તિત અખંડધૂન :**

પ્રભુશ્રીએ સમસ્ત ભારતવર્ષની યાત્રા કરેલી હતી અને તે દરમ્યાન જગન્નાથપુરી જેવા ચૈતન્ય યાત્રાધામો તથા ગંગાજી તેમજ નર્મદાજી જેવી પવિત્ર નદીના તટ પર કેટલાય સ્થાનોમાં અખંડ સંકીર્તન થતું પ્રત્યક્ષ નિહાળ્યું હતું. એ જ રીતે રાજકોટના દીર્ઘ સાધનાકાળ દરમ્યાન શ્રી રૂખડીયા હનુમાનજીની જગ્યામાં થતી અખંડધૂનમાં પણ જતા અને ઘણા સમય સુધી ધૂનમાં બેસતા હતા. જામનગર રહેતા ત્યારે પણ તળાવની પાળે શ્રી બાલા હનુમાનજીના મંદિરમાં થતી અખંડધૂનમાં જતા હતા. આમ અખંડધૂનમાં જવાથી તેમને અખંડધૂન વિષેની ઉચ્ચ અનુભૂતિ થઈ હતી. તેઓશ્રીએ આ પવિત્ર સ્થાનોમાં પરમાત્માનો પ્રગટ આવિર્ભાવ અનુભવ્યો હતો. તેથી જ આપશ્રી રાજકોટ ‘શ્યામલ’માં પધાર્યા પછી કીર્તન-ધૂનને ખૂબ જ મહત્ત્વ આપતા હતા. એકાદશી અને ઉત્સવો પર મોડી રાત્રી સુધી ભાવમય કીર્તન થતું હતું. એવી જ રીતે પ્રસંગોચિત પણ કેટલોક સમય સુધી અખંડધૂન કરાવતા હતા. (અગાઉ જણાવ્યા મુજબ સત્યયુગ શ્રી રામજી મંદિરમાં

*કળિયુગમાં કેવળ નારદીય ભક્તિ, ઉંચા અવાજે માત્ર નામ કીર્તન કરવાથી જીવ ઉદ્ધાર પામશે. (શ્રીરામ કૃષ્ણ લીલા પ્રસંગ ભાગ-૫)

ૐ

શ્રી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા પૂર્વે સાત માસ સુધી અખંડધૂન કરાવેલ હતી.)

**અખંડધૂનના પ્રવર્તન પૂર્વેની ભૂમિકા :**

ઈ. સ. ૧૯૭૪માં દુષ્કાળની ભયાવહ સ્થિતિમાં વરસાદ અર્થે અખંડધૂન સ્વયં પ્રભુશ્રીએ પોતાના સાન્નિધ્યમાં શરૂ કરાવી હતી. અને આ અખંડધૂનરૂપી પ્રાર્થનાના ફળરૂપે પરમાત્મ કૃપાથી પર્યાપ્ત વરસાદ થયો હતો. આ પ્રાયોગિક સફળતાની સંપૂર્ણ નોંધ આગળ કરી છે.

આ જ વર્ષના (ઈ.સ.૧૯૭૪) અંતમાં વિશ્વ પર મહાપ્રલયના મહાભયાનક ઓળા તેમના ધ્યાનમાં આવ્યા. જેના ત્રણ કારણો આગળ ‘પ્રલય નિવારણ’માં સમજાવ્યા છે. ત્યાર પછી તેના કારણો અને ઉપાયોનું ઊંડુ સંશોધન તેમના અધ્યાત્મ જ્ઞાનના આધારે પૂજ્યશ્રીએ કર્યું. અને એ રીતે પ્રલય અટકાવવાના પણ ત્રણ ઉપાયો તેમને પ્રાપ્ત થયા. જે આગળ સમજાવ્યા છે. આ ત્રણ ઉપાયોમાં એક અખંડધૂન એટલે કે બ્રહ્મયજ્ઞ (અધ્યાત્મયજ્ઞ) છે. હવે અહીં અખંડધૂન વિષે સવિસ્તાર સમજીએ.

**પ્રભુશ્રીનું અખંડધૂન વિષેનું સંક્ષિપ્ત લખાણ :**

આમ તો પ્રભુશ્રીએ અખંડધૂન વિષે જેટલી વિસ્તૃત સમજ મૌખિક રીતે આપેલી છે તેટલી લેખિત નોંધ કરાવેલ નથી. પરંતુ તેમણે એક સંક્ષિપ્ત પણ સંપૂર્ણ લખાણ અખંડધૂન વિષે કર્યું છે. અને તેનેજ આપણે અખંડધૂનનું સંક્ષિપ્ત બંધારણ સમજી યથોચિત ચર્ચા કરીશું. કારણકે આ લખાણમાં ધૂનની મહત્તા, વ્યાપકતા, ઉપયોગીતા તથા પાયાની આવશ્યકતા વર્ણવી છે. આ સાથે ધૂનનું ધ્યેય અને તેના દ્વારા વ્યક્તિ અને વિશ્વને થતા આધ્યાત્મિક લાભની પણ સંપૂર્ણ સમજ આપેલી છે.

ૐ

## : પૂજ્યશ્રીનું શબ્દશઃ લખાણ નીચે મુજબ છે :

સત્યયુગ-સંસ્થાપન, પ્રલય નિવારણ

બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞ

**પરબ્રહ્મ પરમાત્માના પવિત્ર તપ તથા પ્રજ્ઞાન થકી અનાહતમાંથી ઉદ્‌ભવેલ ચિદાકાશમાં ગુંજી રહેલ, રચનાત્મક આધ્યાત્મિકતાના સર્વધર્મ સત્સંસ્થાપક 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બૃહત્ બ્રહ્મમંત્રની, અધ્યાત્મ વિજ્ઞાન અનુસારની, કેવળ પરમાત્મ-પ્રીતિ તથા વિશ્વ કલ્યાણ અર્થેની અહર્નિશ થતી અતૂટ ધૂન એક સામૂહિક સાધના છે - સર્વોત્કૃષ્ટ સત્-તત્ત્વની અખંડ ઉપાસના છે; પોતપોતાના સત્ય ઈષ્ટની અનુપમ આરાધના છે; વિશ્વયુદ્ધ, હિમયુગ તથા જળસંવર્ત જેવી આપત્તિઓની શક્યતા ધરાવતા વર્તમાન પ્રલયબંધના વિનિયોગ તથા નિર્દોષ, મૂકજીવોની સર્વત્ર સંવિધાનાત્મક રક્ષા તેમજ લોકહૃદયમાં દયા સંચાર અર્થેની સમાવર્તી પ્રાર્થના છે; વિશ્વને અવિદ્યાત્મક કલિના ગુરુત્વાકર્ષણમાંથી ઊંચકી સત્યયુગની નૈતિક-આધ્યાત્મિક ભ્રમણકક્ષામાં સંપ્રતિષ્ઠા અર્થેના બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞની ચિન્મય સત્-શક્તિ છે.**

સત્યયુગાવતાર

શ્રી સત્-ચિત્-આત્મન્

ૐ

ઉપર્યુક્ત લખાણને આપણે પાંચ વિભાગમાં વહેંચીને ક્રમશઃ તેની સમજ મેળવીએ

(૧) શીર્ષક, (૨) મૂળભૂત આવશ્યક અંગો, (૩) અખંડધૂન-સાધના - ઉપાસના - આરાધના, (૪) પ્રલય અર્થેની પ્રાર્થના, (૫) સત્યયુગ સંસ્થાપનની સત્ શક્તિ.

**૧. શીર્ષક – 'બૃહદ બ્રહ્મ મહાયજ્ઞ' :**

પ્રભુશ્રીએ અખંડધૂનને આપેલું શીર્ષક 'બૃહત્ બ્રહ્મ મહાયજ્ઞ' તેની ભવ્યતા, મહત્તા તથા વ્યાપકતા દર્શાવે છે.

અખંડધૂનને 'યજ્ઞ' નામ આપેલ છે. યજ્ઞનો અર્થ 'પૂજાનું કાર્ય અથવા કોઈ પણ ભક્તિ સંબંધી ક્રિયા' એવો થાય છે. વેદકાળમાં યજ્ઞના માધ્યમથી પરમાત્માની પૂજા-ભક્તિ થતા હતા. પરંતુ કળિયુગમાં કીર્તન ભક્તિ ને જ કળિયુગનું એકમાત્ર શ્રેષ્ઠ સાધન બતાવ્યું છે. તેથી પરમાત્મા સાથેનો સંબંધ કળિયુગમાં કેવળ કીર્તન-ધૂન દ્વારા સરળતાથી સ્થાપી શકાય છે. આમ પરમાત્માની પૂજા-ભક્તિ અખંડધૂન દ્વારા થતી હોવાથી તેને 'બ્રહ્મયજ્ઞ' નામ આપેલ છે. અખંડધૂન એ માત્ર સામાન્ય 'યજ્ઞ' નથી પરંતુ યજ્ઞોમાં પણ તે સર્વશ્રેષ્ઠ- એક મહાયજ્ઞ છે.

જેવી રીતે યજ્ઞોમાં પરિબ્રહ્મ ઈશ્વરના સત્ય સ્વરૂપના નામનો અથવા પવિત્ર મંત્રનો જપયજ્ઞ શ્રેષ્ઠ છે. **(यज्ञानाम् जपयज्ञोऽस्मि** – ભગવદ્ગીતા ૧૦/૨૫ ) તેવી જ રીતે જપયજ્ઞોમાં ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્રની અખંડધૂન રૂપ બ્રહ્મયજ્ઞ સહજ રીતે જ સર્વશ્રેષ્ઠ છે. **जपयज्ञानाम् ब्रह्मयज्ञोऽस्मि.**

**આમ ભગવદ્ગીતાના મહાવાક્ય यज्ञानाम् जपयज्ञोऽस्मि ને जपयज्ञानाम् ब्रह्मयज्ञोऽस्मि દ્વારા તે પરિપૂર્ણ કરે છે.** (પ્રભુશ્રી લિખિત આધ્યાત્મિક પત્રો. પા.૧૪૩)

ૐ

ઉપર્યુક્ત રીતે શીર્ષકમાં દર્શાવેલ 'બ્રહ્મ-મહાયજ્ઞ'નો અર્થ સારી રીતે સમજી શકાય છે. હવે 'બૃહત્' શબ્દ વિષે જાણીએ. આ બ્રહ્મયજ્ઞને પણ મંત્રની જેમ બૃહત્ કહેલ છે, કારણ કે આ બ્રહ્મયજ્ઞ પણ સાંપ્રદાયિક ધર્મોથી પર રહી સર્વધર્મના સત્ય ઈષ્ટ સ્વરૂપોને પોતાના કરી બ્રહ્મના સાકાર-નિરાકાર સ્વરૂપને ધારણ કરી સમગ્ર વિશ્વમાં સત્યયુગનું સંસ્થાપન કરે છે. તેથી આ સ્વરૂપનો બ્રહ્મયજ્ઞ એક પ્રાર્થનારૂપે ઠેકઠેકાણે થાય તે જ બૃહત્ બ્રહ્મયજ્ઞની યથાર્થ ભાવના છે.

આ રીતે પરમ પૂજ્ય પ્રભુશ્રીના વિશ્વ કલ્યાણના કાર્ય પ્રયોજનને પરિપૂર્ણ કરવા અર્થે આ બ્રહ્મયજ્ઞનું મહત્ત્વ સમગ્ર વિશ્વના સંદર્ભમાં રહેલું છે. એટલે કે તેની વ્યાપકતા પૃથ્વી સહિત ત્રણે લોકને સ્પર્શે છે. તેથી વિશ્વના સર્વ સત્ધર્મના અનુયાયીઓ તેમના સત્ય ઈષ્ટ સમક્ષ આ અખંડધૂન રૂપ બ્રહ્મયજ્ઞ દ્વારા વિશ્વ કલ્યાણના પરમ શ્રેયસ્કર કાર્યમાં સહયોગ આપી શકે છે. તેથી જ આ બ્રહ્મયજ્ઞ કોઈ ચોક્કસ સ્થાન કે નિશ્ચિત સમય મર્યાદા માટે પ્રયોજાયેલ નથી. તેમજ કોઈ મર્યાદિત ઉદ્દેશની પૂર્તિ અર્થે પણ નથી. **પરંતુ તેની અનિવાર્યતા સાર્વત્રિકપણે અને સતત (સદાકાળ) રહેલી છે.** તેમજ વિશ્વની પ્રવર્તમાન વિષમ સ્થિતિમાં તો તેની ઉપયોગિતા અનેક જટિલ સમસ્યાઓના નિવારણાર્થે અવગણી જ ન શકાય તેવી છે.

સંક્ષિપ્તમાં કહીએ તો આ બ્રહ્મયજ્ઞનો ઉદ્દેશ્ય વિશ્વમાં **આધ્યાત્મિકતાના પ્રવર્તન થકી (સત્) સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવવાનો છે.** તેથી જ પ્રભુશ્રીએ આ બ્રહ્મયજ્ઞને સર્વધર્માત્મક, પ્રલય નિવારક, સત્-સંસ્થાપક જેવા વિશેષણો આપીને તેની યથાર્થ મહત્તા દર્શાવી છે. આમ સર્વ દૃષ્ટિએ આ યજ્ઞ (ધૂન)નું શીર્ષક 'બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞ' આપેલ છે તે યોગ્ય જ છે.

**૨. મૂળભૂત આવશ્યક અંગો :**

એક પરિપૂર્ણ બ્રહ્મયજ્ઞ અર્થે તેના ચાર પાયાના આવશ્યક અંગો છે, એમ કહી શકાય કે અખંડધૂનના આ પાયાના બંધારણીય ઘટકો છે, અને તેમના વગર ધૂન અપૂર્ણ

ૐ

રહે છે. તેથી આ આવશ્યક ઘટકોની પૂર્તિ દ્વારા જ અખંડધૂન એક પ્રબળ આધ્યાત્મિક સાધન રૂપે સિદ્ધ થઈ શકે છે. આ ચાર અંગો કે બંધારણીય ઘટકો નીચે મુજબ છે –

**(अ)** મંત્ર – અખંડધૂનનો મંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' જ હોવો અનિવાર્ય છે.

**(ब)** અખંડધૂન સંપૂર્ણપણે અધ્યાત્મ વિજ્ઞાનના સિદ્ધાંતો તથા પ્રક્રિયાને જ અનુસરતી હોવી જોઈએ.

**(क)** અખંડધૂનનો ધ્યેય એકમાત્ર-પરમાત્મ પ્રીતિ તથા વિશ્વ કલ્યાણ હોવો જોઈએ.

**(ड)** અખંડધૂન દિવસ-રાત (અહર્નિશ) અખંડ અને અતૂટપણે થવી જોઈએ.

હવે આ ચાર અંગો કે બંધારણીય ઘટકો વિષે વિગતવાર જાણીએ :

**(अ)** પૂજ્ય પ્રભુશ્રી દ્વારા પ્રવર્તિત અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞમાં 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' મંત્ર પ્રયોજાયેલ છે. **પ્રભુશ્રીએ આ અધ્યાત્મ યજ્ઞમાં અન્ય કોઈ મંત્રના સ્થાને આ એકમાત્ર મંત્રને સ્થાન આપેલ છે અને તેને અખંડધૂનનું એક અભિન્ન અંગ કહેલ છે.**

બ્રહ્મમંત્ર અને અખંડધૂન (બ્રહ્મયજ્ઞ) બન્નેનું પ્રયોજન વિશ્વ કલ્યાણનું છે. એ રીતે અખંડધૂન (બ્રહ્મયજ્ઞ)માં બ્રહ્મમંત્ર એક ચિન્મય સત્‌શક્તિરૂપે અખંડ પ્રાર્થનાની ક્રિયા સાથે જોડાયેલ છે. અખંડધૂન એ એક અખંડ પ્રાર્થના છે. અને બ્રહ્મમંત્ર પણ એક પ્રાર્થના જ છે. આમ બ્રહ્મમંત્રનું અખંડગાન બ્રહ્મયજ્ઞના ધ્યેયને પૂર્ણ કરવાનું બળ આપે છે. એ રીતે અખંડધૂન સાથે બ્રહ્મમંત્રનું સંયોજન વિશ્વકલ્યાણના ધ્યેયની પૂર્તિ અર્થે એક અમોઘ શક્તિ બની રહે છે. આ રીતે બ્રહ્મમંત્ર અખંડધૂનનું એક અનિવાર્ય અવિભાજ્ય અંગ બની રહે છે.

અખંડધૂનમાં આ મંત્ર જ શા માટે ? અન્ય મંત્ર કેમ નહીં ? પ્રભુશ્રીએ આ

પ્રશ્નની સમજ આપી છે કે,

**"…. જો કે પરાવિદ્યાના સર્વ મંત્રો પવિત્ર જ છે તો પણ આ બ્રહ્મમંત્ર જ સ્વયં સંપૂર્ણ અને સદ્ધર્મના સારરૂપ હોવાથી તે વાસ્તવિકતામાં જ વિશ્વવ્યાપક છે."**

વધુમાં સમજાવ્યું છે કે, "મંત્રમાં વ્યક્તિ અંગેનો પોતાના ઇષ્ટના સચ્ચિદાનંદ સ્વરૂપના સાક્ષાત્કારનો પૂર્ણ નિષ્કામ પરમ ઉચ્ચ આદર્શ તથા સમષ્ટિ અંગેનું સત્યયુગ સંસ્થાપનનું શુદ્ધ સાત્વિક ધ્યેય તેમજ ત્રણે લોકના કેવળ આધ્યાત્મિકતાના સામ્રાજ્યનો ઇષ્ટ આશય…."

આ ત્રણે ધ્યેય બ્રહ્મમંત્ર પૂર્ણ કરતો હોવાથી અખંડધૂનમાં આ જ મંત્રનું અનુષ્ઠાન પરમ ઉચિત તથા ઇચ્છનીય છે. અન્ય કોઈ મંત્રમાં આ ત્રણેય ધ્યેય સમાહિત નથી.

**ટૂંકમાં જ્યારે આ પાવનકારી મહામંગલકારી બૃહત્ બ્રહ્મમંત્રમાં સઘળા મંત્રોનો સમાવેશ થઈ જાય છે, ત્યારે બીજા મંત્રોમાં આ મંત્ર સમાઈ શકતો ન હોવાથી સત્યયુગ સંસ્થાપન, પ્રલય નિવારણ તેમજ નિષ્કામ શુદ્ધ ભક્તિ અર્થે તો બીજા મંત્રને બદલે આ જ મંત્ર સમુચિત તથા સુયોગ્ય છે.** *

એટલે 'શ્રી રામ જય રામ જય જય રામ' એ મંત્ર બાહ્ય દૃષ્ટિએ આ મંત્ર જેવો જ જણાતો હોવા છતાં ઉપર આપેલ સમજ પ્રમાણે તેમાં એ ત્રણેય ધ્યેય સમાયેલ નથી. એ જ રીતે પરાવિદ્યાના અન્ય મંત્રો માટે પણ કહી શકાય.

**(બ) અધ્યાત્મ વિજ્ઞાન અનુસારની અખંડધૂન :**

આ અખંડધૂન સંપૂર્ણપણે અધ્યાત્મ વિજ્ઞાન અનુસારની હોવાથી પ્રથમ તો અધ્યાત્મ વિજ્ઞાન શું છે તે જાણી લઈએ.

---

*પ્રભુશ્રીની આ સમજ આપવા પાછળનો એક ઉદ્દેશ એ છે કે જ્યારે કોઈ ધાર્મિક સંસ્થા, મંદિર કે આશ્રમમાં ધૂન શરૂ કરવામાં આવે ત્યારે સ્વાભાવિકપણે ત્યાં જે મંત્ર પ્રચલિત હોય કે પરંપરાગત રહેલો હોય તે જ ધૂનમાં પ્રયોજવામાં આવે છે. જ્યારે ઉપરોક્ત સમજ અનુસાર અખંડધૂનમાં આ જ બ્રહ્મમંત્ર પ્રયોજવો ઉચિત છે.

ૐ

**પરબ્રહ્મ પરમાત્માના સત્ય અવતારના કાર્યનો આધાર અધ્યાત્મ વિજ્ઞાન છે.** આ વિજ્ઞાન દ્વારા જ તેઓ પૃથ્વી પર અવતારી કાર્ય કરે છે. પ્રભુશ્રીનું સત્યયુગ સંસ્થાપનનું કાર્ય પણ અધ્યાત્મ વિજ્ઞાન પર આધારિત છે.

પૂજ્ય પ્રભુશ્રીએ સમજાવ્યું છે કે, શ્રી કપિલ ભગવાનના સાંખ્ય દર્શન અનુસાર પ્રકૃતિને ત્રણ ગુણમાં વિભાજિત કરી છે. આ ત્રણ ગુણો સત્ત્વ, રજસ, તમસનું પૃથ્થકરણ જ અધ્યાત્મ વિજ્ઞાનના પાયામાં રહેલ છે. **આ ત્રણ ગુણોમાં સત્ત્વગુણ પ્રકૃતિનો જ સંબંધ પરમાત્મા સાથે છે.** જ્યારે રજસ-તમસ્‌નો સંબંધ માયા અને અવિદ્યામાયા સાથે છે. આ રીતે વિદ્યાનો સંસાર 'સત્ત્વ' પ્રકૃતિનો છે જેના આધારે પરમાત્માના અવતાર કાર્ય કરે છે. તેથી જ પરમાત્માને સુગુણ કહેલ* છે પરમાત્માની સત્‌શક્તિનો વાસ (શુદ્ધ સત્ત્વરૂપેણ સંસ્થિતા) શુદ્ધ સત્ત્વમાં જ રહેલ છે. આમ પ્રભુશ્રીના 'બ્રહ્મ અને માયા'ના ભિન્નત્વના સિદ્ધાંતમાં આ ત્રણ ગુણોનું પૃથ્થકરણ અત્યંત મહત્ત્વનું છે.

પરમાત્માનો સ્વભાવ-સ્વરૂપ **सत्परं चिद्घनं करुणात्मकं**- અનુસારના છે. આવા પરમાત્માનું પરમજ્ઞાન એટલે પ્રભુશ્રીએ દર્શાવેલા પાંચ સાધન- સત્ય, કરુણા, સત્કર્તવ્ય, બ્રહ્મમંત્ર ધ્યાન તથા પવિત્રતા છે. આ પાંચ સાધનને '**सत्यं करुणा**..'ના શ્લોકમાં બ્રહ્મની જ્યોતિરૂપ પરમજ્ઞાન બતાવ્યું છે અને આ પાંચ જ ઈશ્વર પ્રાપ્તિમાં મૂળભૂત સાધન હોવાથી તેને બ્રહ્મવિદ્યાના સાધન કહી શકાય તેમ છે. આમ પ્રભુશ્રીએ કહેલ **અધ્યાત્મ વિજ્ઞાન એક પરાવિદ્યા તેમજ પરમ જ્ઞાન છે તે સમજી શકાય છે.**

આ સાથે પરમ કૃપાળુશ્રીએ એમ પણ સમજાવ્યું છે કે પરમાત્માના સંબંધમાં રહેલું શાસ્ત્રો અનુસારનું સઘળું જ્ઞાન અધ્યાત્મ વિજ્ઞાન નથી. પરંતુ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય જેવા સિદ્ધાંતોને અનુસરતું જ્ઞાન કે જે પરાપ્રજ્ઞા (શુદ્ધબુદ્ધિ)થી જાણી

---

*સગુણ એટલે પ્રકૃતિના ત્રણ ગુણ સત્ત્વ, રજસ્, તમસ્ અને સુગુણ એટલે શુદ્ધ સત્ત્વગુણ, જેમના આધારે જ અવતાર લીલા થાય છે. ત્રણે ગુણોથી ઉપર રહી શુદ્ધ સત્ત્વમાં લીલા કરે છે. તેથી સુગુણ બ્રહ્મ કહેલ છે.

શકાય, અંતરાત્માથી અનુભવી શકાય અને સામાન્ય બુદ્ધિથી સમજી શકાય તેવું ન્યાયયુક્ત, તર્કબદ્ધ શુદ્ધજ્ઞાન જ અધ્યાત્મ વિજ્ઞાનનો ભાગ બની શકે છે.

**આ પ્રમાણે અધ્યાત્મ વિજ્ઞાનને પ્રભુશ્રીએ સત્યયુગનું સંવિધાન તેમજ તેના સંસ્થાપનની આધારશિલા તરીકે દર્શાવેલ છે.** કેમ કે સંપૂર્ણ અધ્યાત્મ વિજ્ઞાનનું ઉદ્દગમ સ્થાન પરમાત્માનું પ્રજ્ઞાન છે. પરમાત્મા પ્રજ્ઞાનઘન(ચિદ્ઘન) છે.*

**બ્રહ્મયજ્ઞ અને અધ્યાત્મ વિજ્ઞાન :**

અખંડધૂનરૂપે થતા આ બ્રહ્મયજ્ઞનું સંપૂર્ણ બંધારણીય માળખું અધ્યાત્મ વિજ્ઞાન અનુસારનું છે. એટલે અખંડધૂનનો મંત્ર પરમાત્માનો સત્-સંકલ્પ તથા તપોબળ, અખંડ પ્રાર્થના, ધૂનની અખંડતા-અતૂટતા તથા ધૂનમાં પાળવાના આચારના નિયમો એ બધું અધ્યાત્મ વિજ્ઞાન અનુસારનું છે. આ સર્વ અંગો સાથે મળી અધ્યાત્મ વિજ્ઞાનની સર્વોચ્ચ વૈજ્ઞાનિક પ્રક્રિયા અનુસાર કાર્ય કરે છે.

પ્રભુશ્રી એ લખ્યું છે કે, **''આ અખંડધૂન રૂપે થતી પ્રાર્થના એક સામાન્ય પ્રાર્થના નથી પરંતુ સ્વયં સચ્ચિદાનંદ પરમાત્માના સત્-સંકલ્પ અનુસારની પ્રલયને અટકાવવાની એક સર્વોચ્ચ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.''**

સારાંશમાં કહીએ તો આ અધ્યાત્મ વિજ્ઞાન માયાથી તદ્દન ભિન્ન એક શુદ્ધ આધ્યાત્મિક જ્ઞાન છે. જેનો સંબંધ મનુષ્યના આત્મા સાથે રહેલો છે. આગળ દર્શાવેલ પાંચ સાધન દ્વારા જ આત્માનું પરમાત્મા સાથેનું પૂર્ણ ઐક્ય થઈ શકે છે.

પ્રવર્તમાન અધ્યાત્મ વિજ્ઞાનના અધિષ્ઠાતા શ્રી રામકૃષ્ણ ભગવાન છે...

---

*આત્મા તથા પરમાત્માના સતત સંદર્ભમાં કોઈપણ વિષયની પરાબૌદ્ધિક છતાં બુદ્ધિ સાથે અસુસંગતતા નહીં તેવી સમજ તે 'જ્ઞાન' છે. દિવ્ય તથા આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા મળેલ આ પ્રકારનું જ્ઞાન તે વિજ્ઞાન અને આવા વિજ્ઞાનનું ઉદ્ગમ સ્થાન તે 'પ્રજ્ઞાન' – પ્રભુશ્રી

ૐ

જેમના પ્રજ્ઞાન દ્વારા માયા અને અવિદ્યામાયા* બ્રહ્મવિરોધી શક્તિનું રહસ્યજ્ઞાન ઉદ્ભવ્યું છે. આ રહસ્યજ્ઞાનનું પ્રવર્તન શ્રી આત્મન પ્રભુશ્રીએ કર્યું છે. આમ વિશ્વને અધ્યાત્મ વિજ્ઞાન દ્વારા જ સાચી આધ્યાત્મિકતા શું છે તે સમજાવેલ છે.

## (क) પરમાત્મ-પ્રીતિ તથા વિશ્વકલ્યાણ અખંડધૂનનો ધ્યેય :

અખંડધૂનનો આત્યંતિક ધ્યેય તો સત્-સંસ્થાપન દ્વારા વિશ્વ કલ્યાણ કરવાનો છે. સમષ્ટિના વિશ્વાત્માઓનું સર્વાંગી કલ્યાણ એ જ ધૂનનો મુખ્ય ધ્યેય છે. તેથી કોઈ સીમિત હેતુ સાથે કે મર્યાદિત ધ્યેયના સંદર્ભમાં આ અખંડધૂન કરવામાં આવે તો તે સુસંગત નથી; પરમાત્માની પ્રસન્નતા અર્થે જ અખંડ ધૂન થવી જોઈએ. કોઈ નિજી સ્વાર્થ અર્થે ધૂન કરવી ઉચિત નથી. જે કોઈ સ્થાનમાં આ અખંડધૂન કરવામાં આવતી હોય ત્યાં વિશ્વમાં કોઇપણ સ્થળે બનતા અનિષ્ટને અટકાવવા અર્થે પ્રાર્થના કરવી જોઈએ. એ રીતે માત્ર પોતાના જ શહેર, સમાજ કે દેશ માટે જ સંકુચિત ભાવના સાથેની અખંડધૂન કરવી યોગ્ય નથી. જો કે એ પણ સત્ય છે કે જે સ્થાનમાં અખંડધૂન થતી હોય તે સ્થાન તથા શહેરને પરમાત્મા સુરક્ષિત રાખે જ છે.

આ સાથે એ પણ યાદ રાખવું જરૂરી છે કે ચોક્કસ ઉદ્દેશ સાથે મર્યાદિત સમય માટે આ ધૂન કરવામાં આવે તો તે શુભ હેતુ અર્થે હોવી જોઈએ. વળી તેમાં પણ આત્યંતિક ધ્યેય તો ઉપર્યુક્ત રીતે વિશ્વ કલ્યાણનો જ હોવો જોઈએ. આમ આ અખંડધૂનની વિશેષતા વૈશ્વિક શ્રેયના સંદર્ભમાં રહેલી છે. અને વળી નિષ્કામ હૃદયે થતી ધૂન પરમાત્માને પ્રસન્ન કરનાર છે. પરમાત્માએ જીવમાત્રને પોતાની કરુણાથી સમાનપણે અપનાવેલ છે. અને આ ધૂન પણ સર્વ જીવોનું કલ્યાણ કરનારી છે.

*શ્રી રામકૃષ્ણ ભગવાને કષ્ટમય સાધના થકી બ્રહ્મ વિરોધી શક્તિ માયાને જાણી અને તેને કામિની-કાંચનરૂપે દર્શાવી. પૂજ્ય પ્રભુશ્રીએ આ બ્રહ્મવિરોધી શક્તિ માયાને કાંચન(ધન-વૈભવ) અને મહામાયાને કામિની (નિમ્ન ભોગ વાસના) રૂપે વ્યવસ્થિતપણે સ્પષ્ટ કરેલ છે. મહામાયાનો પર્યાય શબ્દ અવિદ્યામાયા છે.

ૐ

## (ડ) અખંડધૂન (બ્રહ્મયજ્ઞ) અહર્નિશ અને અતૂટપણે થવી જોઈએ.

આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ એક અખંડ પ્રાર્થના સ્વરૂપે છે. તેથી પ્રાર્થના દિવસ-રાત (અહર્નિશ) અખંડ અને અતૂટપણે સતત ચાલુ રહેવી જોઈએ. ધૂનની અખંડિતતા તથા અતૂટતા જ તેની સફળતાનો એકમેવ આધાર છે.

પ્રભુશ્રીએ અખંડધૂનની પ્રાયોગિક સફળતા પછી સ્પષ્ટ કર્યું હતું કે જો અખંડધૂન અતૂટ રહે નહીં તો તેનું ઇચ્છિત પરિણામ પ્રાપ્ત થઇ શકતું નથી. તેઓશ્રીએ કહેલું કે, **'આ પ્રાર્થના તો તૈલધારાવત અખંડધૂનના સ્વરૂપમાં સતત થવી જોઈએ.'** એટલે કે જેમ તેલની ધારા અખંડ અને અતૂટ હોય છે તેમ ધૂન પણ અતૂટપણે સતત દિવસ-રાત ચાલુ રહેવી જોઈએ. આ સંદર્ભમાં ધૂનની ઉપયોગીતા સમજાવતાં પાવર હાઉસની ઉપમા આપેલી હતી. ''જેવી રીતે વીજળીના ઉત્પાદન અર્થે વિદ્યુતઘર સતત ચાલુ રહેવું જોઈએ તેવું જ વિશ્વવ્યાપક પ્રલય અટકાવવા અંગેની આ ધૂનની બાબતમાં છે.'' તેથી જ તેમના સાન્નિધ્યમાં થતી અખંડ ધૂનમાં સતત જાગૃતતા રાખતા હતા.*

તેઓશ્રીએ કહેલ કે **'કોઈપણ આધ્યાત્મિક સાધનની સફળતા તેના સાતત્યપણામાં તથા તે સાથે થતી એકધારી તપસ્યામાં રહેલ છે.'** એટલે જેમ કોઈપણ પ્રાર્થના સાથે તપસ્યા પણ જરૂરી છે તે જ રીતે અખંડધૂન એક અખંડ પ્રાર્થના હોવાથી તેમાં પણ તપસ્યા અર્થે અખંડતા-અતૂટતા એટલી જ અનિવાર્ય છે. આમ અખંડધૂન સાથેની આ તપસ્યા પ્રલય જેવી ભયાવહ અને મહાવિનાશક આપત્તિઓને નિવારવામાં મદદરૂપ બને છે.

અંતમાં સારરૂપે કહીએ તો અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ એક અમોઘ આધ્યાત્મિક સાધન છે. તે પદ્ધતિસર અને નિયમબદ્ધ રીતે શ્રદ્ધાપૂર્વક અખંડ અને અતૂટપણે

*તેઓશ્રીના સાનિધ્યમાં થતી અખંડધૂન કોઈ કારણવશ તૂટી ગયાનું જાણવામાં આવતાં તેઓશ્રી સ્વયં પ્રાયશ્ચિતરૂપે ઉપવાસ કરી લેતા હતા. ઉત્સવ વખતે ભજન ગવાતા ત્યારે સતત બે ભક્તોને જપ ચાલુ રાખવા ભારપૂર્વક કહેતા હતા.

ૐ

કરવામાં આવે તો જ ધ્યેયલક્ષી બની શકે છે, તેમજ ઇચ્છિત પરિણામની પ્રાપ્તિ કરાવી શકે છે.

ઉપર્યુક્ત રીતે પ્રભુશ્રીના સંક્ષિપ્ત લખાણના ક્રમાંક-૨માં દર્શાવેલ ધૂનની પાયાની ચાર આવશ્યકતાઓ વિષે જાણ્યું. હવે ક્રમાંક-૩માં અખંડધૂનના વ્યક્તિગત લાભ કે જેમાં સાધના, ઉપાસના, આરાધના તથા તેના ફળ સ્વરૂપ મળતા લાભ-આત્મોન્નતિ, ઈશ્વર સેવા તથા વિશ્વકલ્યાણ વિષે જાણીએ.

**(૩) અખંડધૂન (બ્રહ્મયજ્ઞ)ના વ્યક્તિગત આધ્યાત્મિક લાભ-સાધના-ઉપાસના-આરાધના.**

અખંડધૂન દ્વારા વિશ્વકલ્યાણ તો થાય જ છે. પણ તે સાથે ધૂનમાં (પ્રત્યક્ષ કે પરોક્ષ) સહભાગી દરેક વ્યક્તિનું પણ અવશ્ય કલ્યાણ થાય છે. આ કલ્યાણ મુખ્યત્વે આધ્યાત્મિક લાભની સાથે ઉચ્ચ પુણ્ય દ્વારા પ્રાપ્ત થાય છે. આ ઉચ્ચ પુણ્ય જ આત્મવિકાસમાં દુન્યવી અનુકૂળતા પૂરી પાડે છે.

પ્રભુશ્રીએ લખ્યું છે કે, **''આ અખંડધૂન એક સામૂહિક સાધના છે સર્વોત્કૃષ્ટ સત્-તત્ત્વની અખંડ ઉપાસના છે; પોતપોતાના સત્ય ઈષ્ટની અનુપમ આરાધના છે.''**

આ ત્રણે સાધના-ઉપાસના-આરાધના-અખંડધૂનમાં ધૂનકર્તાને આધ્યાત્મિક લાભરૂપે પ્રાપ્ત થાય છે. હવે આ ત્રણે વિષે જાણીએ.

**બ્રહ્મયજ્ઞ એક સામૂહિક સાધના છે :**

જે કોઈ સ્થાનમાં એકથી વધુ વ્યક્તિ સામૂહિક રીતે વિશ્વકલ્યાણના સમાન ધ્યેય સાથે બ્રહ્મમંત્રના (ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ) અખંડ ગાનરૂપે અહર્નિશ, અખંડ અને અતૂટ પ્રાર્થના કરતા હોય ત્યારે તે સામૂહિક સાધનાનું સ્વરૂપ બની જાય છે. કારણ કે સ્વયં સચ્ચિદાનંદ પરમાત્માના સંકલ્પ અનુસાર આ એક

સર્વોચ્ચ ધ્યેયની પ્રાર્થના છે. તેથી આવા ઉદ્દાત્ ધ્યેય સાથે કરાયેલ સામૂહિક પ્રાર્થના દ્વારા ધૂનકર્તાને વ્યક્તિગત સાધના દ્વારા જે આધ્યાત્મિક લાભ પ્રાપ્ત થાય છે તે સઘળા આ ધૂન થકી સામૂહિક સાધનારૂપે પ્રાપ્ત થાય છે.

કોઈપણ સાધનામાં 'તપસ્યા' અનિવાર્ય અંગ છે. અખંડધૂનમાં તેની અખંડતા-અતૂટતાના સાતત્ય દ્વારા તપસ્યાનું ઉપાર્જન થાય છે અને **આ તપસ્યા વ્યક્તિગત રીતે ધૂન કરનારની ચિત-શુદ્ધિ કરે છે.** પ્રભુ પ્રાપ્તિ માટે બ્રહ્મમાર્ગે જનાર એકાંતિક સાધકનો ઉદ્દેશ્ય પ્રથમ ચિત્તશુદ્ધિ એટલે કે તપસ્યા દ્વારા કર્મ શુદ્ધ કરવાનો હોય છે. આમ આ ધૂન પણ ચિત્ત (હૃદય-બુદ્ધિ)ને શુદ્ધ કરવાનું અગત્યનું કાર્ય કરે છે.

વ્યક્તિગત આધ્યાત્મિક સાધનામાં સાધકનું સુવ્યવસ્થિત આયોજન રહેલ હોય છે. સાધ્ય પ્રાપ્તિનું સાધન અને માર્ગ પણ સ્પષ્ટ હોય છે. વળી જો સદ્ગુરુ હોય તો તેનું પણ માર્ગદર્શન મળતું રહે છે. પરંતુ આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞમાં ધૂનનું સ્થાન, બ્રહ્મમંત્ર, પ્રાર્થના તથા ઉચ્ચ ધ્યેય વગેરે વ્યક્તિગત સાધનાના જ પર્યાય બની રહે છે. વિશેષમાં પરમાત્મકૃપારૂપી રક્ષણ તથા માર્ગદર્શન પણ જિજ્ઞાસુને પ્રેરણારૂપે મળતા રહે છે. કારણ કે આ બ્રહ્મયજ્ઞ પરમાત્માની વિભૂતિરૂપે તેમના જ શબ્દને અનુસરે છે અને તેથી તેમનું સાન્નિધ્ય અવ્યક્તરૂપે બ્રહ્મયજ્ઞમાં રહેલું જ હોય છે. આમ અખંડધૂનનું સ્થળ સામૂહિક સાધનાનું પવિત્ર સ્થાન બની રહે છે. સામૂહિક સાધનારૂપે સર્વોત્કૃષ્ટ સત્-તત્ત્વની અખંડ ઉપાસના થાય છે.

**સર્વોત્કૃષ્ટ સત્‌તત્ત્વની અખંડ ઉપાસના :**

અખંડધૂન એ સર્વોત્કૃષ્ટ સત્-તત્ત્વની અખંડ ઉપાસના છે. ઉપાસનાનો અર્થ પરમાત્માની સેવામાં તેની સમીપ બેસવું કે ઉપસ્થિત રહેવું તેવો થાય છે. એટલે અખંડધૂનમાં ધૂન કરનાર પરમાત્માની જ સતત સમીપ રહી તેમનું સ્મરણ કરે છે.

સર્વોત્કૃષ્ટ સત્-તત્ત્વ એટલે પરમ બ્રહ્મ તત્ત્વ ધૂનના મંત્ર (ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ) નો આત્યંતિક આધાર નિર્ગુણાતિત નિરાકાર ચૈતન્ય સાથેનો

ॐ

છે. વધુમાં મંત્રના 'ૐ હ્રીં રામ'નો અર્થ જ પરિબ્રહ્મ પરમાત્માના કોઈપણ સત્ય સ્વરૂપ થતો હોવાથી બ્રહ્મમંત્રના સ્મરણ સાથે પરમાત્માના પવિત્ર નામનું અખંડ ગાન થાય છે. વળી આ અખંડધૂન સચ્ચિદાનંદ પરમાત્માના જ દિવ્ય સંકલ્પ અનુસારની છે એટલે **પરમાત્માની દિવ્ય વિભૂતિરૂપ આ બ્રહ્મયજ્ઞમાં પરમાત્માનો અખંડપણે વાસ રહેલો હોય છે.** આ રીતે અખંડધૂન દ્વારા બ્રહ્મમંત્રના અખંડગાન થકી સર્વોત્કૃષ્ટ બ્રહ્મતત્ત્વનું સાનિધ્ય ધૂન કરનારની ઉપાસના બની રહે છે.

**ધૂન-સ્થાનનું મહત્ત્વ :**

અખંડધૂન જે સ્થાનમાં થાય છે તેનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે બ્રહ્મમંત્રના અખંડ અને નિયમિત અહર્નિશ ગાન થકી **પરમાત્માનું ચૈતન્ય ત્યાં સતત ઘનીભૂત થતું રહે છે.** બ્રહ્મમંત્ર પરમ પાવનકારી છે અને તેથી સ્થાનને પણ પવિત્ર કરે છે. વળી જ્યાં આત્યંતિક પવિત્રતા છે ત્યાં ચૈતન્યનો સહજ આવિર્ભાવ રહેલો છે. આમ સમયાંતરે ધૂનનું સ્થાનક એક ચૈતન્યધામ બની તીર્થનું સ્વરૂપ ધારણ કરે છે, અને આવું નવનિર્મિત તીર્થ ભાવિકો માટે શ્રદ્ધા અને આસ્થાનું એક પ્રબળ આકર્ષણ કેન્દ્ર બની જાય છે. આ સ્થાનમાં ધૂનકર્તા કે દર્શનાર્થી ભાવિક મનુષ્યોને તેમની આંતર યોગ્યતા અનુસાર આધ્યાત્મિક અનુભૂતિ - **દર્શન, પ્રેરણા, ભાવ, ઉદ્દીપના, ધ્યાન, જ્ઞાન, દિવ્યાનંદ કે પરમ સુખ-શાંતિ, વગેરે અવશ્ય થાય છે.**

**પોતપોતાના સત્ય ઈષ્ટની અનુપમ આરાધના :**

અખંડધૂન (બ્રહ્મયજ્ઞ) દ્વારા મુખ્ય વ્યક્તિગત લાભ એ થાય છે કે બ્રહ્મમંત્રના ગાન સાથે વ્યક્તિના પોતાના જ ઈષ્ટની અનુપમ આરાધના પણ સહજ રીતે થાય છે. અને તેથી ધૂન કરનારને પોતાના ઈષ્ટની આ અપ્રતિમ આરાધના રૂપે સેવા-અર્ચનાનું સર્વોત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

પ્રભુશ્રીએ આ સંદર્ભમાં 'રામ' શબ્દ વિષે નીચે પ્રમાણે લખ્યું છે.

''આ યજ્ઞ પ્રવૃત્તિમાં બ્રહ્મમંત્રની વિશિષ્ટ ઉપયોગીતા તેના પ્રથમ પાદમાં

આવતા પરમ પવિત્ર 'રામ' શબ્દમાં રહેલ છે, જે શબ્દ પોતપોતાના (બ્રહ્મના સત્ય સ્વરૂપ) આરાધ્ય ઇષ્ટના પર્યાય તરીકે વપરાયેલ હોવાથી **આ બૃહત્ બ્રહ્મમંત્ર દ્વારા સર્વધર્મો તથા સંપ્રદાયોના લોકોના પોતપોતાના સત્ય ઇષ્ટની પ્રાપ્તિ** સાથે સત્યયુગ સંસ્થાપન તથા પ્રલય નિવારણનું પરમ ઉત્કૃષ્ટ ધ્યેય સારુએ જગત પ્રાપ્ત કરી શકે.''

બ્રહ્મમંત્રમાં 'ૐ હ્રીં રામ'નો અર્થ થાય છે 'મારા આરાધ્ય ઇષ્ટનો મને સચ્ચિદાનંદ સ્વરૂપે સાક્ષાત્કાર થાઓ.' તેથી ધૂનમાં દરેક વખતે ધૂન કરનાર આ શબ્દો ઉચ્ચારતો હોવાથી પોતાના જ ઇષ્ટની આરાધના કરતો રહે છે.

અહીં એ સમજવું આવશ્યક છે કે અખંડધૂન જે સ્થાનમાં થતી હોય તે મંદિર-આશ્રમમાં કોઈપણ (સત્ય) પરમાત્માના સ્વરૂપની પ્રતિષ્ઠા- પૂજા-અર્ચના કરવામાં આવતી હોવા છતાં ત્યાં ધૂનમાં આવનાર વ્યક્તિ માટે તો બ્રહ્મમંત્રના ગાન દ્વારા પોતાના જ ઇષ્ટની આરાધના થાય છે.*

આ પ્રમાણે બ્રહ્મયજ્ઞમાં સહભાગી દરેકને પોતાના ઇષ્ટની આરાધનાની ઉત્તમ અનુકૂળતા પૂરી પાડે છે.

ઉપર્યુક્ત રીતે સામૂહિક સાધનારૂપે બ્રહ્મતત્ત્વની અખંડ ઉપાસના તથા પોતાના ઇષ્ટની આરાધના થતી રહે છે. તેથી વ્યક્તિગત જીવનમાં કોઈપણને ઉપાસના કે આરાધના કરવાની હોય તો તે આ અખંડધૂનમાં શ્રદ્ધાપૂર્વકના બ્રહ્મમંત્રના ગાન દ્વારા જ કરી શકે છે.

**આ પ્રમાણે સામૂહિક સાધના, ઉપાસના તથા આરાધના દ્વારા વ્યક્તિને ત્રિવિધ આધ્યાત્મિક લાભ, આત્મોન્નતિ, ઈશ્વર સેવા તથા વિશ્વ કલ્યાણની**

*આ અખંડધૂન વર્તમાનમાં ગોંડલમાં શ્રી બાલા હનુમાનજીના મંદિરમાં તથા રાજકોટમાં સત્યયુગશ્રી રામજી મંદિરમાં ચાલી રહેલ છે. પરંતુ અન્ય ધર્મ-સંપ્રદાયની વ્યક્તિ આ સ્થાનમાં શિવભગવાન, માતાજીનાં સ્વરૂપો, શ્રી ઇશુ ભગવાન, શ્રીપાર્શ્વનાથ ભગવાન વગેરે, કોઈપણ (સત્ય) સ્વરૂપની ધૂન દ્વારા આરાધના ભક્તિ કરી જ શકે છે.

**પ્રાપ્તિ થાય છે.** આ આધ્યાત્મિક લાભનું મહત્ત્વ માનવજીવનનાં સર્વોચ્ચ ઉદ્દેશ્ય મોક્ષપ્રાપ્તિ માટે ઘણું જ વિશેષ હોવાથી એ વિષેનું જ્ઞાન આવશ્યક છે.

**આત્મોન્નતિ :**

આત્મસાક્ષાત્કાર અથવા ઈશ્વરપ્રાપ્તિ એ જ માનવજીવનનો એકમાત્ર ધ્યેય છે. જો કે આ ધ્યેયની પ્રાપ્તિ અર્થે જુદા-જુદા સાધન માર્ગ ધર્મશાસ્ત્રોમાં બતાવ્યા છે. પણ અખંડધૂનરૂપ આ બ્રહ્મયજ્ઞ દ્વારા સહજપણે મળતો પ્રથમ લાભ વ્યક્તિના પોતાના આત્માની ઉન્નતિનો છે. કારણ કે મંત્રના પ્રથમ ધ્યેયમાં જ સુસ્પષ્ટ રીતે આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરપ્રાપ્તિનો સમાવેશ થઈ જાય છે. તેથી બ્રહ્મમંત્રનું અખંડગાન સૌ પ્રથમ તો આત્મોન્નતિ તરફ લઈ જનાર છે. વળી આ સાથેના વિશ્વકલ્યાણના ધ્યેય રૂપી નિષ્કામ કર્મ પણ આત્માનો વિકાસ કરનાર જ છે.

આ સાથે અખંડધૂન સતત એક જ સ્થાનમાં કરતા રહેવાથી ઉદ્‌ભવતા તપ દ્વારા વ્યક્તિના ચિત્તની શુદ્ધિ નિરંતર થતી જ રહે છે જે તેની આત્મોન્નતિમાં સહાયરૂપ બને છે.

આવી રીતે ધૂન કરવાથી મળતા અનેકવિધ આધ્યાત્મિક લાભો વ્યક્તિના આત્માની ઉન્નતિને બળ આપતા રહે છે.

**ઈશ્વર સેવા :**

આ અખંડધૂન (બ્રહ્મયજ્ઞ) દ્વારા પરમાત્માની નિત્ય સેવા થાય છે. તેથી ધૂન કરનારને ઇશ્વર-સેવાનું ફળ પણ મળે છે, આ બ્રહ્મયજ્ઞ સ્વયં પરમાત્માના સત્ સંકલ્પ અનુસાર સમષ્ટિના વ્યાપક કલ્યાણ અર્થે પ્રયોજાયેલ છે. **તેથી પરમાત્માના જ કાર્યમાં સહાયક કે સહભાગી થવું તે તેમની પ્રત્યક્ષ સેવા છે.**

ઈશ્વરની સેવા આમ તો ઘણી રીતે થઈ શકે છે. પરમ દિવ્ય વ્યક્તિત્વ સ્વરૂપે વિધવિધ પ્રકારે સેવા-પૂજા થઈ શકે છે. આ રીતે અર્ચના-પૂજા અને આરતી દ્વારા સેવા થકી પરમાત્માને અવશ્ય પ્રસન્ન કરી શકાય છે. આમ છતાં **ઈશ્વરને જે પ્રિય**

**હોય અથવા જેના થકી ઈશ્વર પ્રસન્ન થતા હોય તેવું કાર્ય કરવું તે જ ઈશ્વરની સર્વોત્તમ સેવા છે.** અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ એ સચ્ચિદાનંદ પરમાત્માના દિવ્ય સંકલ્પ અનુસાર, તેમના સત્ય અવતાર થકી માનવ સહિત સર્વ મૂકજીવોના કલ્યાણ અર્થે પ્રયોજાયેલ છે. તેથી સ્વયં પરમાત્મા પ્રવર્તિત આ બ્રહ્મયજ્ઞમાં હૃદયપૂર્વક સહભાગી થવું તે પરમાત્માની જ સેવા નહીં તો બીજું શું છે?

**ઈશ્વર સેવાનું ફળ શું ?**

માનવજીવનમાં ઈશ્વર સેવાની તક મળે તો તેને અનુસરવામાં જ જીવનની ધન્યતા સમાયેલ છે. ઈશ્વર સેવાથી જ પરમાત્માને પ્રસન્ન કરીને તેમની કૃપા પ્રાપ્ત કરી શકાય છે. એ રીતે પરમાત્મા જેના પર પ્રસન્ન થાય  તેના પર કૃપા કે અનુગ્રહ કરે છે. **આધ્યાત્મિક દષ્ટિએ ઈશ્વરનો અનુગ્રહ થવો તે જીવનમાં સર્વોચ્ચ લાભ છે, કારણ કે વર્ષોપર્યંત જપ-તપ-વ્રત તથા ધ્યાન-યોગ કર્યા પછી પણ ઈશ્વરના અનુગ્રહની પ્રતિક્ષા કરવી પડે છે.** અનુગ્રહ થયા પછી જ ઈશ્વર તે જીવને પોતાના શરણમાં લઈ અપનાવે છે. (પોતાનો બનાવે છે). એ રીતે ઈશ્વરની નિષ્કામભાવે સેવા દ્વારા તેમની પ્રસન્નતા થકી અસીમ કૃપાના અધિકારી બની શકાય છે. **અખંડધૂન એ ઈશ્વર સેવાનું ઉત્તમ માધ્યમ છે.** કેમ કે તે સ્વયં પરમાત્મા દ્વારા જ પ્રવર્તિત થયેલ છે. વિશ્વના સર્વાંગી કલ્યાણનું તેમાં સુવ્યવસ્થિત આયોજન છે. વળી પરમાત્મા સ્વયં જે કાર્યમાં જોડાવા માનવજાતને આહ્‌વાન કરતા હોય તેમાં સહભાગી થવું તે તેમની કૃપાને પ્રાપ્ત કરવાનો સહજ  સુયોગ છે, અને તેમાં જ જીવનની સાર્થકતા સમાયેલી છે.

**વિશ્વકલ્યાણ :**

અખંડધૂન દ્વારા આત્મોન્નતિ, ઈશ્વરસેવા સાથે મળતો ત્રીજો મુખ્ય લાભ વિશ્વકલ્યાણનો છે. આ ત્રિવિધ લાભ એક સાથે જ ધૂન કરનારને થાય છે.

વિશ્વનું કલ્યાણ શા માટે કરવું જોઈએ? આ પ્રશ્ન ઘણા જિજ્ઞાસુઓને

ઉદ્‌ભવતો હોય છે. પ્રભુશ્રીએ આ વિષે સમજાવેલ કે દરેક મનુષ્યમાં રહેલ શુદ્ધાત્મા ઈશ્વરનો જ અંશ છે. તેથી આ બધા શુદ્ધાત્મા વાસ્તવમાં એક જ હોવાથી અન્યનાં કલ્યાણમાં વ્યક્તિના પોતાના જ આત્માનું કલ્યાણ સમાયેલું છે. તેથી જ પ્રાર્થનામાં પ્રભુશ્રીએ લખ્યું છે કે, 'મારી દૃષ્ટિ પ્રત્યેક પ્રાણીમાં પોતાને જોતી ઉદાર, અંતરસ્થ તથા તત્ત્વાન્વેષી બનો'. એટલે અન્ય પ્રાણીમાં પોતાને જોવાની દૃષ્ટિ એ જ સાચી આધ્યાત્મિક દૃષ્ટિ છે. એ રીતે 'આત્મૌપમ્યતા'ની ઉદાત્ત ભાવનાના વિકાસ દ્વારા વિશ્વ કલ્યાણના કાર્યમાં ભાગ લેવાની પ્રેરણા થાય છે. તેથી વિશ્વના અન્ય જીવોના કલ્યાણ માટે કંઈક કરવું જોઈએ. પ્રભુશ્રી કહેતા કે વ્યક્તિગત તપ-સાધનાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. પરંતુ વિશ્વકલ્યાણ થકી વિશેષ લાભ થાય છે. પારમાર્થિક વૃત્તિના વિકાસ વગર આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકે નહીં. આ સંદર્ભમાં પ્રભુશ્રીએ લખ્યું છે કે,

**''વિશ્વકલ્યાણ અર્થે કાર્ય કરવાની પ્રબળ ભાવના જ એક મહાપુણ્ય છે, જેના બળે પરમાત્મા માનવજન્મ ઉપરાંત મનુષ્યને આત્મવિકાસની વિરલ તક તથા અનુકૂળ સંજોગોની પ્રાપ્તિ કરાવી આપે છે.''**

**વિશ્વકલ્યાણનું કાર્ય એક મહાપુણ્ય છે :**

પુણ્ય શું છે તે પ્રથમ સમજીએ. મનુષ્ય જે શુભ કર્મો કરે છે તેના ફળ સ્વરૂપે તેને પુણ્યની પ્રાપ્તિ થાય છે. એ જ રીતે અશુભ કે અનિષ્ટ કર્મો કરે છે તેના ફળ સ્વરૂપે પાપની પ્રાપ્તિ થાય છે. આમ પુણ્ય અને પાપ વ્યક્તિના જીવનમાં જમા થાય છે. તે તેણે વર્તમાન કે ભવિષ્યમાં અવશ્ય ભોગવવા જ પડે છે. ભોગવ્યા વગર તેનો નાશ થતો જ નથી. એ રીતે પુણ્યો પણ ભોગવવા જન્મ લેવો પડે છે.

હવે પુણ્ય અને મહાપુણ્ય (ઉચ્ચકક્ષાનું પુણ્ય) વચ્ચેનો તફાવત સમજી લઈએ. પરમાત્માનું જ કોઈ કાર્ય કરવાથી મહાપુણ્યની પ્રાપ્તિ થાય છે. જ્યારે અન્ય કોઈ શુભ કાર્ય કરવાથી સામાન્ય પુણ્ય પ્રાપ્ત થાય છે. **પરમાત્માનું કાર્ય એટલે કે**

ૐ

**પરમાત્માના સંબંધમાં કે તેના જ ધ્યેય અર્થેનું કાર્ય કે જે મહાપુણ્યની પ્રાપ્તિ કરાવે છે.** પરંતુ જીવનવ્યવહારમાં કોઈ દુઃખીને મદદ કરવા જેવા કાર્યો દ્વારા સામાન્ય પુણ્ય પ્રાપ્ત થાય છે.

મહાપુણ્યનો સંબંધ 'શુદ્ધ સત્ત્વ' સાથે રહેલો છે. એટલે **આ ત્રિગુણાત્મક પ્રકૃતિમાં શુદ્ધ સત્વગુણમાં જ પરમાત્માની સત્‌શક્તિ રહેલી છે.*** અને તેના દ્વારા જ ઉપાર્જિત થતું પુણ્ય એ મહાપુણ્ય છે. તેથી કોઈ ઉચ્ચ કોટિના સંતની સેવા દ્વારા અને સામાન્ય મનુષ્યની સેવા દ્વારા પ્રાપ્ય પુણ્યનો તફાવત સમજી શકાય છે.

સામાન્ય મનુષ્ય પોતાની પ્રબળ ઈચ્છા હોવા છતાં પ્રતિકૂળ સ્થિતિમાં આધ્યાત્મિક ઉન્નતિ કરી શકતો નથી. આધ્યાત્મિક ઉન્નતિ માટેનું યોગ્ય વાતાવરણ હોય તો જ તેને વિકાસમાં મદદરૂપ થઈ શકે છે. તેથી તેના જીવનમાં અનુકૂળ સંજોગોનું નિર્માણ થાય તે અત્યંત જરૂરી છે. અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ દ્વારા પરમાત્માના કાર્યમાં સહયોગ થકી ઉચ્ચ પુણ્યની પ્રાપ્તિ વડે ભક્તિ-સાધના માટે આવશ્યક અનુકૂળ સ્થિતિ કે સંજોગોનું નિર્માણ થાય છે. દુન્યવી જીવનમાં આર્થિક, કૌટુંબિક, સ્વાસ્થ્ય જેવી અનેક સમસ્યાઓમાં શક્ય તેટલી અનુકૂળતા (પૂર્વના કર્માનુસાર) પુણ્યના બળે પ્રાપ્ત થાય છે. જો કે આ ઉચ્ચ પુણ્યનો સંબંધ મનુષ્યના આત્મા સાથે રહેલો છે. એટલે પરમાત્મા આ પુણ્યના બળે તેના આત્મકલ્યાણની આવશ્યકતા પરિપૂર્ણ કરે છે. જેમાં યોગ્ય ગુરુ કે માર્ગદર્શકની સહાય સાથે વર્તમાન કે પછીના માનવજન્મમાં આવશ્યક ભૌતિક સુવિધાઓની જરૂરિયાત પણ પૂર્ણ કરે છે. **આમ આ પ્રકારનું ઉચ્ચ પુણ્ય મનુષ્યને સુખ-શાંતિપૂર્ણ** આધ્યાત્મિક જીવન દ્વારા ઈશ્વર તરફ લઈ જાય છે. એટલે આ પ્રકારનું પુણ્ય દુન્યવી સુખ-ભોગ તરફ લઈ જતું નથી. તેથી જ પ્રભુશ્રીએ પ્રાર્થનામાં લખ્યું છે કે, ''મારા પુણ્યો આત્મસાક્ષાત્કારની સામગ્રીરૂપ બનો.'' પુણ્યો જો સકામતા સાથે કરાયેલા હશે તો

---

*પરાંબા સ્તુતિમાં પ્રભુશ્રીએ લખ્યું છે કે, 'યા દેવી સર્વભૂતેષુ શુદ્ધ સત્ત્વરૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ મહાપુણ્યાયૈ નમો નમઃ।।'

ૐ

તે દુન્યવી સુખોની પ્રાપ્તિ કરાવશે જે અંતમાં તો બંધનનું કારણ બનશે.

સારાંશમાં કહીએ તો અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ દ્વારા આત્મોન્નતિ, ઈશ્વરસેવા અને વિશ્વકલ્યાણના ફળસ્વરૂપે મનુષ્યને 'અમિત પુણ્યપુંજ'ની પ્રાપ્તિ થાય છે. વ્યક્તિગત રીતે વિશ્વકલ્યાણ કરવાનું સામર્થ્ય દરેક મનુષ્યમાં હોતું નથી પરંતુ આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક સહભાગી થવાથી અમિત પુણ્યના પુંજનો અધિકારી બની અનેકવિધ આધ્યાત્મિક લાભોની પ્રાપ્તિ કરી શકે છે. પ્રભુશ્રીએ સ્વમુખે આ સત્ય નિજભક્તોને સમજાવેલું છે.

**(૪) અખંડધૂન (બ્રહ્મયજ્ઞ) એક અખંડ પ્રાર્થના છે :**

પ્રભુશ્રીના સંક્ષિપ્ત લખાણના ક્રમાંક-૪માં લખ્યું છે કે, ''... વિશ્વયુદ્ધ હિમયુગ તથા જળસંવર્ત જેવી આપત્તિઓની શક્યતા ધરાવતા વર્તમાન પ્રલયબંધના વિનિયોગ તથા નિર્દોષ મૂકજીવોની સર્વત્ર સંવિધાનાત્મક રક્ષા તેમજ લોકહૃદયમાં દયાસંચાર અર્થેની સમાવર્તી પ્રાર્થના છે....''

પ્રલયને અટકાવવા ત્રણ પ્રાર્થના કરાયેલ છે. પ્રાર્થના વિષે થોડું જાણી લઈએ...

**પ્રાર્થના એ અધ્યાત્મ વિજ્ઞાન અનુસારનું એક શક્તિશાળી સાધન છે.** તેની અસરકારકતા સંપૂર્ણપણે સિદ્ધ થયેલી છે. તેથી જ દરેક ધર્મ કે સંપ્રદાયમાં તેનું સમાનપણે મહત્ત્વ સ્વીકારાયેલું છે. ઉચ્ચકોટિના સાધુ-સંતોએ પણ ઈશ્વર સાથેના સંબંધમાં એકમાત્ર પ્રાર્થનાનો જ આશ્રય લીધેલ છે. આમ પ્રાર્થના એ એક શુદ્ધ અને અમોઘ આધ્યાત્મિક સાધન છે. તેથી જ પરમ પૂજ્ય પ્રભુશ્રીએ પણ તેઓશ્રીના અવતારી કાર્યમાં 'પ્રાર્થના'ને જ એક આધારપૂર્ણ સાધનરૂપે અપનાવેલ છે.

પ્રાર્થનાના આવશ્યક તત્ત્વો **શુદ્ધ હૃદય, શુભ ભાવના તથા નિષ્કામતા છે વળી તે સાથે તપસ્યા પણ આવશ્યક છે.** કરુણાને કારણે જ પરમાત્મા પ્રાર્થના સાંભળી આવશ્યક સહાય કરે છે. **આમ કરુણાનું તત્ત્વ જ પરમાત્મા તથા મનુષ્ય વચ્ચે સેતુ બનીને રહેલ છે.** તેથી જ પ્રાર્થનામાં શરણાગતિ, દીનતા, નમ્રતા તેમજ

ૐ

અંતરનો આર્તનાદ હોવો જોઈએ.

હવે પ્રાર્થનાને પ્રભુશ્રીએ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞમાં કેવી રીતે પરિવર્તિત કરી તે જાણીએ...

જ્યારે પ્રભુશ્રીને પ્રલય વિષેનું સ્પષ્ટ આંતરદર્શન થયું ત્યારે વિશ્વમાં આવી રહેલ ભયાનક પ્રલયની પ્રબળ શક્યતાઓથી તેઓશ્રી ધ્રૂજી ઊઠ્યા, અને સતત અહર્નિશ તેના નિવારણના ઉપાયમાં જ પ્રવૃત્ત બન્યા. આ દરમ્યાન તેઓશ્રીને (પોતાના) અવતારના સંદર્ભમાં પ્રાચીન ઋષિઓએ લખેલી ભૃગુ, સૂર્ય, વરાહ વગેરે સંહિતાઓ યાદ આવતા તેનું ઊંડુ અધ્યયન કર્યું. તેમાંથી તેમને સ્પષ્ટ તારણ મળી આવ્યું કે, ''તેમના (પ્રભુશ્રી) અંતરંગો તથા અનુયાયીઓ દ્વારા કરાયેલ પ્રાર્થના પ્રલયને અટકાવવામાં મદદરૂપ થશે.''

તેથી તેઓશ્રીએ વિચાર્યું કે પ્રાર્થના શક્તિશાળી સાધન હોવા છતાં માત્ર સાધારણ પ્રાર્થનાથી વિશ્વવ્યાપક પ્રલય જેવી સર્વવિનાશક મહાઆપત્તિઓને અટકાવી શકાય નહીં. તેથી પ્રાથનાની પર્યાપ્ત શક્તિ અર્થે તેમણે સમજાવ્યું કે, ''ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્રના અખંડ અને અતૂટ ગાન સાથે (દિવસ-રાત) સામૂહિક રીતે, ઠેકઠેકાણે પ્રાર્થના કરવામાં આવે તો જ પ્રલયની મહાઆપત્તિઓને અવશ્ય અટકાવી શકાય.'' આમ અધ્યાત્મ વિજ્ઞાનના આ દિવ્ય જ્ઞાન પર પ્રાર્થનાને અખંડધૂનમાં પરિવર્તિત કરીને **એક બૃહત્ બ્રહ્મ મહાયજ્ઞ રૂપે પ્રલય નિવારણનું એક અમોઘ શસ્ત્ર માનવજાતને ભેટ આપ્યું.**

આ અખંડધૂનરૂપ પ્રાર્થનામાં ત્રણ બાબત કહેલી છે. વિશ્વયુદ્ધ, હિમયુગ તથા જળપ્રલય, આ ત્રણેય મહાઆપત્તિઓ દ્વારા વિશ્વના મોટાભાગની જીવસૃષ્ટિના નાશની શક્યતા રહેલી હોવાથી પ્રથમ તો **વર્તમાન પ્રલયબંધનો વિનિયોગ**ની પ્રાર્થના છે. તેથી પ્રલયબંધના વિનિયોગની પ્રક્રિયા શું છે તે સમજવું રસપ્રદ બનશે.

આ એક સંપૂર્ણપણે અધ્યાત્મ વિજ્ઞાન અનુસારની પ્રક્રિયા છે. આગળ જોયા

ૐ

પ્રમાણે વિનાશક પ્રલયની આપત્તિઓનું કારણ મનુષ્યોના સમષ્ટિ પાપ કર્મો છે, તેથી આ પાપકર્મો જ્યારે તેની પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે મહામાયા તેના પરિબળો દ્વારા પ્રલયને પ્રેરી મહાવિનાશ સર્જે છે. પરંતુ પરાકાષ્ટાએ પહોંચેલા આ સમષ્ટિ પાપકર્મોનો બ્રહ્મમંત્રની અખંડધૂનરૂપી પ્રાર્થના દ્વારા વિનિયોગ કરવામાં આવે છે. એટલે કે **આ પાપકર્મો વિનાશ સર્જે તે પૂર્વે જ તેને છૂટા પાડી નાખવામાં આવે છે.** પરિણામે તેના થકી સર્જાતા વિનાશની તીવ્રતા મંદ કે નહિવત્ થઈ જાય છે અને પ્રલયના સંયોગો વિખેરાઈ જાય છે. આમ આ અધ્યાત્મ વિજ્ઞાન અનુસારની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે જેનું મુખ્ય બળ પ્રાર્થના છે અને તેની પાછળ પરમાત્માનો સત્સંકલ્પ તથા તપોબળ રહેલા છે.

આ સાથે જ દ્વિતિય પ્રાર્થના નિર્દોષ મૂકજીવોની સમગ્ર વિશ્વમાં બંધારણીય કાયદા દ્વારા રક્ષા કરવામાં આવે તે અર્થેની છે. કારણ કે મૂકજીવોની જુદા-જુદા હેતુસર અકલ્પનીય રીતે થતી ક્રૂરતાપૂર્વકની અમાપ હિંસા જ મનુષ્યના સમષ્ટિ પાપકર્મોમાં મુખ્ય છે, અને તેથી આ હિંસા અટકાવવા મૂકજીવોને કાયદાથી રક્ષણ મળવું જોઈએ. આમ આ દ્વિતિય પ્રાર્થના સમગ્ર વિશ્વમાં મૂકજીવોની રક્ષાનો કાયદો બનાવવા અર્થેની છે.

પ્રલયને અટકાવવા ત્રીજી પ્રાર્થનામાં 'લોકોના હૃદયમાં દયાનો સંચાર થાય' એમ કહેવામાં આવ્યું છે. જો લોકોના હૃદયમાં પ્રાણીઓ પ્રત્યે અનુકંપા ઉદ્ભવે તો જ તેઓ હિંસા કરતા અટકે. એટલે જ પ્રભુશ્રીએ 'સત્સભાન' સમાજના નિર્માણ દ્વારા વિધવિધ હેતુ અર્થે હિંસા કરતા લોકોને તેનું યથાર્થ ભાન કરાવવું અત્યંત જરૂરી માન્યું હતું. જો લોકોના સુષુપ્ત અંતરાત્મા જાગૃત થાય અને હૃદયમાં દયાનું ઝરણું પ્રગટે તો જ આ ઘોર પાપમય હિંસા અટકે અને તેટલે અંશે સમષ્ટિ પાપકર્મો ઓછા થતાં જાય.

આમ પ્રભુશ્રીએ અધ્યાત્મ વિજ્ઞાનની પ્રક્રિયા અનુસાર ત્રણ સમાવર્તી પ્રાર્થના કરેલ છે.

ૐ

અહીં કોઈપણને એવો પ્રશ્ન સહજ ઉદ્ભવે કે ઉપર સમજાવ્યા પ્રમાણે સમષ્ટિ પાપકર્મોને (વિનિયોગ) પ્રાર્થના દ્વારા છૂટા પાડી નાખવામાં આવે છે, જેથી પ્રલયની વિનાશકતા નહિવત્ થઇ જાય છે. પરંતુ તે છૂટા પડેલા પાપકર્મોનું શું થાય છે? કર્મના અટલ નિયમ અનુસાર કોઈપણ કર્મ ભોગવ્યા વગર નાશ પામતું નથી અને તેથી આ સમષ્ટિ પાપકર્મો તો લોકોને પ્રલયરૂપે અકલ્પ્ય દુઃખો અને યાતનાઓ દ્વારા ભોગવવા જ પડે ને ?

આ સંદર્ભમાં પ્રભુશ્રીએ સ્પષ્ટતા કરતા કહેલ કે અખંડધૂનએ એક એવું સમષ્ટિ કલ્યાણનું શુભ કર્મ છે કે જેના દ્વારા આ પાપકર્મો પરમાત્મા પોતાની મુક્ત સંકલ્પ શક્તિ વડે ક્રમશઃ ધોઈ નાખે છે. પરમાત્મા આ જગતથી પર હોવાથી તેઓ દ્વારા કરાયેલ સંકલ્પ અમોઘ હોય છે અને તેથી તેમની અવતારી શક્તિના અકલ્પનીય તપોબળ થકી લોકોની શ્રદ્ધાપૂર્વક કરાયેલ ધૂનરૂપ પ્રાર્થના દ્વારા સમષ્ટિ પાપકર્મોને ધોઈ પ્રલયને નિવારી શકે છે. તેમના જ શબ્દોમાં...

**''સચ્ચિદાનંદ પરમાત્માના મુક્ત સત્સંકલ્પ અનુસાર તથા તેના અવતાર થકી થઈ રહેલ આવશ્યક તપસ્યા સાથે આ પાવનકારી વ્યાપક બ્રહ્મમંત્રની અખંડધૂન એક સર્વોચ્ચ સમષ્ટિ શુભકર્મ હોવાથી, જો તેને સમજપૂર્વકની શ્રદ્ધા સાથે કરવામાં આવે તો લોકોના સમષ્ટિ પાપકર્મોને ધોઈ નાખી તેમના અનિષ્ટ પરિણામરૂપ પ્રલયકારી આપત્તિઓને અવશ્ય અટકાવી નિવારી શકે.''**

સારાંશમાં કહીએ તો કોઈપણ પ્રાર્થનામાં શક્તિ રહેલી છે પરંતુ અખંડધૂનરૂપે થતા બ્રહ્મયજ્ઞમાં થતી અખંડ પ્રાર્થના એ કોઈ સામાન્ય પ્રાર્થના નથી. તે તો સ્વયં પરમાત્માએ પોતાના સત્સંકલ્પ તથા અપાર તપોબળ સાથે અધ્યાત્મ વિજ્ઞાનની સર્વોચ્ચ વૈજ્ઞાનિક પ્રક્રિયા અનુસાર કરેલ છે અને તેથી જ તે એક પ્રલય નિવારણનું અમોઘ સાધન બની રહે છે. લોકો જો અચળ શ્રદ્ધા તથા અંતઃકરણપૂર્વક, યથાર્થ રીતે ધૂનયજ્ઞમાં સહકાર આપે તો તે અવશ્ય ફળદાયી બની રહે છે.

ૐ

(૫) પ્રભુશ્રીના ધૂન વિષેના સંક્ષિપ્ત લખાણના ક્રમાંક-૫માં લખ્યું છે;

**''(ધૂન) વિશ્વને અવિદ્યાત્મક કલિના ગુરુત્વાકર્ષણમાંથી ઊંચકી સત્યયુગની નૈતિક આધ્યાત્મિક ભ્રમણ કક્ષામાં સંપ્રતિષ્ઠા અર્થેના બૃહત્ બ્રહ્મ-મહાયજ્ઞની ચિન્મય સત્શક્તિ છે.''**

**અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞનો મુખ્ય ધ્યેય :**

અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞનો ઉદ્ભવ સંભવિત મહાપ્રલયને અટકાવવાના ઉદ્દેશ સાથે થયો હોવા છતાં તેનો અંતિમ અને મૂળભત ઉદ્દેશ તો વિશ્વમાં આધ્યાત્મિકતાનું સ્થાપન કરવાનો જ છે. સમગ્ર વિશ્વમાંથી માયા અને અવિદ્યામાયાનું અનિષ્ટ સામ્રાજ્ય દૂર થાય અને ઈશ્વરનું રાજ્ય સ્થપાય તે જ આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞની સત્શક્તિનો આત્યંતિક ધ્યેય છે. તેઓશ્રીએ લખ્યું છે કે,

''આપણી અખંડધૂનનું તાત્કાલિક પ્રયોજન પ્રલયનિવારણ કે જેમાં લૌકિક ભૌતિક આપત્તિઓમાંથી બચવાનું હોવા છતાં **અખંડધૂનનો આત્યંતિક ધ્યેય તો લોકોને ઈશ્વર સન્મુખ કરવા આધ્યાત્મિક માર્ગે લઈ જવાનો છે.''**

આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞની શક્તિમાં સારાયે વિશ્વનું પરિવર્તન કરવાની ક્ષમતા રહેલ છે. પ્રવર્તમાન વિશ્વ માયા અને અવિદ્યામાયા શક્તિના ભરડામાં પીસાઈ રહ્યું છે અને તેને કારણે અનેકવિધ યાતનાઓ ભોગવી રહેલ છે. પરમાત્મા વિરોધી આ શક્તિ મનુષ્યને અનિષ્ટ કર્મો કરવા પ્રેરી તેના દ્વારા પ્રલયરૂપે મહાસંહારકનું અતિવિનાશક કાર્ય કરે છે તેથી આ શક્તિના ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત કરાવવાનું સામર્થ્ય માત્ર પરમાત્માના સંકલ્પ અનુસારની અખંડધૂનની ચિન્મય સત્શક્તિમાં રહેલું છે.આમ આ બ્રહ્મશક્તિ વિશ્વને કલિરૂપી (મહામાયા) રાક્ષસી શક્તિથી મુક્ત કરાવી અને (ઋત્) નૈતિક આધ્યાત્મિકતાના સામ્રાજ્યમાં સંપ્રતિષ્ઠિત કરે છે. એટલે કે વિશ્વમાં સત્યયુગનું સામ્રાજ્ય સ્થાપે છે તેમજ સદ્ધર્મનું પ્રવર્તન કરે છે.

ૐ

પરમ કૃપાળુ ભક્તવત્સલ પ્રભુશ્રીએ એક સ્થાન પર આ લખાણને સુંદર ઉપમા દ્વારા સમજાવેલ છે. તેમણે સત્યયુગ સંસ્થાપનના કાર્યને એક ગ્રહ પર મોકલવા માટે અવકાશયાનની ઉપમા આપેલ છે, અને બ્રહ્મમંત્રની અખંડધૂનને તે અવકાશયાનને કલિ એટલે કે અવિદ્યા માયાની શક્તિના ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત કરીને સત્યયુગની ભ્રમણકક્ષામાં મોકલવા માટેની બળતણ શક્તિ (Fuel) સાથે સરખાવેલ છે.

આ રીતે પ્રભુશ્રીએ નિજસ્થાનમાં તા. ૨૬-૮-૭૪થી શરૂ કરેલ બ્રહ્મયજ્ઞ પ્રલયનિવારણ અર્થે જ શરૂ કરાયેલ હતો. પરંતુ સમયાંતરે આ ધૂનની શક્તિને પિછાણીને સ્પષ્ટ આંતરિક અનુભૂતિ પછી ઘોષિત કર્યું કે આ અખંડધૂન દ્વારા જ વિશ્વમાં સત્યયુગ સંસ્થાપન થઈ શકશે.

તેથી જ તેઓશ્રીએ કહ્યું કે, **''પરમાત્માનું પ્રવર્તમાન ઈશ્વરી કાર્ય એક અખંડ વિશ્વવ્યાપક અધ્યાત્મ-યજ્ઞ દ્વારા જ શક્ય છે.''**

**પરમાત્માનો સત્સંકલ્પ :**

આ અખંડધૂન પરમાત્માના સત્સંકલ્પ અનુસારની છે. તેથી આ સત્સંકલ્પના સંદર્ભમાં જાણવું આવશ્યક છે.

સ્વયં સચ્ચિદાનંદ પરમાત્માએ આ ધૂનરૂપ બ્રહ્મયજ્ઞ દ્વારા વિશ્વમાં સત્સંસ્થાપન અને પ્રલયનિવારણનો સત્સંકલ્પ કરેલ છે. તેથી આ **સત્સંકલ્પ જ અખંડધૂનનું મુખ્ય પ્રેરકબળ છે.** હવે જ્યારે સ્વયં સચ્ચિદાનંદ પરમાત્મા જ સંકલ્પ કરે છે ત્યારે તે અમોઘ હોય છે. તે ક્યારેય નિષ્ફળ જતો નથી. કારણ એ છે કે પરમાત્માની સંકલ્પ શક્તિ સદા મુક્ત હોય છે, એટલે કે પરમાત્માનું પ્રાગટ્ય કેવળ લોક કલ્યાણ અર્થે થયેલું હોય છે. તેઓ આ જગતથી પર રહેલા છે.

આ વિષે પ્રભુશ્રીએ સમજાવ્યું છે,

ૐ

**''જો સત્-શક્તિ, સત્ સાધન વડે, સત્ સંસ્થાપનનો, સત્ સંકલ્પ કરે તો સત્યમેવ જયતેના આધારે સત્નું સંસ્થાપન થવું જ જોઈએ.''**

આમ સ્વયં પરમાત્માના દિવ્ય સંકલ્પ અનુસાર તેના સત્ય અવતાર દ્વારા થતું સત્ સંસ્થાપનનું કાર્ય અવશ્ય સફળ થાય જ કારણ કે **પરમાત્માનો સંકલ્પ અમોઘ હોય છે.** તેમાં પ્રશ્ન શક્યતાનો નહીં પણ સમયના ગાળાનો છે. અર્થાત્ લોકો ઈશ્વરમાં શ્રદ્ધાન્વિત બની તેમના કાર્યમાં જેટલા અંશે અંતઃકરણપૂર્વક સહકાર આપે તેટલી જ કાર્યની સફળતા વહેલી થાય છે. આ સંદર્ભમાં લખ્યું છે કે,

**''જો લોકો કેવળ પરિબ્રહ્મ ઈશ્વરમાં જ શ્રદ્ધાન્વિત બને તો સત્-સ્વરૂપ પરમાત્માની સંકલ્પ શક્તિ સદા મુક્ત હોવાથી,** અધ્યાત્મ વિજ્ઞાનના આધારે, યોગ્ય સાધન દ્વારા, પદ્ધતિસરની પ્રક્રિયા પ્રમાણેના સમ્યક્ પુરુષાર્થ વડે પ્રલયની આપત્તિઓને પરમાત્માની સહાય થકી અવશ્ય નિવારી શકાય.''

એ જ રીતે અન્ય લખાણમાં કહ્યું છે કે,

''જગતના વ્યવહારો લોકોના સમષ્ટિ કર્મો, પ્રકૃતિના નિયમો તથા દૈવ અનુસાર થયા કરતા હોવા છતાં **પરમાત્માની સંકલ્પ શક્તિ સદા મુક્ત હોવાથી તેમના અવતાર થકી તે નિમિત્તે કરેલ અથવા કરવામાં આવતી તપસ્યા** થકી આ આપત્તિઓને ટાળી શકાય, એટલું જ નહીં પરંતુ તેમના જ્ઞાનયુક્ત માર્ગદર્શન પ્રમાણે લોકોના સહકાર થકી સારાએ જગતને મહાવિનાશમાંથી બચાવી પણ શકાય.''

પરમાત્માના સંકલ્પને પૂર્ણ કરવાનું કાર્ય તેમના સત્ય અવતાર પોતાની અકલ્પ્ય તપસ્યા દ્વારા કરે છે. આ સાથે અવતાર લોકોને યોગ્ય સાધન દ્વારા અધ્યાત્મવિજ્ઞાન અનુસારનું માર્ગદર્શન પણ આપે છે.

અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞની પાછળ સ્વયં પરબ્રહ્મ પરમાત્માના જ દિવ્ય સંકલ્પ તથા તપોબળ રહેલા છે. અને તેથી જ સ્તો ધૂનની સફળતા વિષે શંકાનું કોઈ

ૐ

કારણ રહેતું જ નથી. લોકોને સમજપૂર્વકની એટલી ખાત્રી પ્રાપ્ત થાય કે પરમાત્માની વિભૂતિરૂપ આ બ્રહ્મયજ્ઞ એ સામાન્ય યજ્ઞ નથી. પરંતુ પરમાત્માએ સ્વયં તેમાં પ્રવૃત થવા આહ્વાન કરેલ છે. **'જ્યાં સત્‌સંકલ્પ છે ત્યાં ઉચ્ચ સિદ્ધિ અવશ્ય છે.'** પ્રભુશ્રીનું આ સુવાક્ય એ રીતે સમજી શકાય છે.

**અખંડધૂનના નિયમો :**

આદર્શ અખંડધૂન (અધ્યાત્મ યજ્ઞ) અર્થે પ્રભુશ્રીએ વ્યવસ્થિત નિયમો બનાવ્યા છે. અહીં તેનો સારાંશ જાણી લઈએ.

- અખંડધૂનમાં પૂજાતા (સત્ય) સ્વરૂપની નિત્ય સેવા-પૂજા તથા **ત્રિકાળ આરતી થવી જોઈએ.** આ સાથે ત્યાં એક **અખંડ દીપ** પ્રભુશ્રીના નિયમાનુસાર રાખવો આવશ્યક છે. પૂજાની સાથે અન્ય (નિમ્ન) દેવ-દેવી કે સંતોના ચિત્રો કે મૂર્તિઓ ન પધરાવવા જોઈએ.
- અખંડધૂનમાં ભાઈઓ તથા બહેનો વચ્ચે સંપૂર્ણ મર્યાદા અત્યંત આવશ્યક છે. **પ્રભુશ્રીએ બ્રહ્મચર્યાત્મક પવિત્રતાના સિદ્ધાંત અનુસાર તેનું ચુસ્ત પાલન કરવા કહ્યું છે.** (મહામાયા ધૂન જેવા પવિત્ર સ્થાનમાં જ અનિચ્છનીય સ્થિતિ સર્જતી હોવાથી પ્રભુશ્રી આ બાબતમાં ખૂબ જ જાગૃત રહેવા ભાર મૂકતા હતા.)
- અખંડધૂનમાં બ્રહ્મમંત્રનું **સંપૂર્ણ અને સ્પષ્ટ ઉચ્ચારણ થવું જોઈએ.** મંત્રનું ગાન મધ્યમ સ્વરે કરવું તેમજ થાક અને કંટાળાના ઉપાય રૂપે ધૂનમાં જુદા જુદા રાગ બદલતા રહેવું જોઈએ. તેથી આનંદ અને ઉદ્દીપના થાય છે. (આ ધૂનનો મંત્ર કોઈપણ શાસ્ત્રીય કે લોકઢાળના રાગમાં ગાઈ શકાય છે.)
- **અખંડધૂન અખંડ અને અતૂટ રહે તે તેની પ્રાથમિક આવશ્યકતા છે.** તેથી બે સભ્યો સતત ધૂનમાં હોવા જોઈએ. ભજન કે પ્રવચન વખતે પણ બે સભ્યોએ ધૂન ચાલુ રાખવી જોઈએ.

ૐ

- અખંડધૂનના સભ્યો માટે નિયમિતતા, સ્વચ્છતા, સુઘડતા, સ્નાન સ્વચ્છ વસ્ત્રો વગેરે સદાચાર માટે અનિવાર્ય છે.
- અખંડધૂનના સભ્યે મંત્રના અર્થ સાથે નિદિધ્યાસનની ધારણા નિત્ય કરવી જોઈએ. એ રીત **ધૂનને ધ્યેયલક્ષી બનાવવી જોઈએ.**
- અખંડધૂનમાં ચામડાના વાજિંત્રોનો ઉપયોગ સદંતર વર્જ્ય છે.
- અખંડધૂનમાં એક સંચાલક કે વ્યવસ્થાપક હોવા જરૂરી છે. જે સંપૂર્ણ ધૂનનું વ્યવસ્થિત સંકલન કરી શકે.
- સામાન્ય રીતે પ્રભુશ્રીએ આધ્યાત્મિક જીવન અર્થે ત્યાગીને આઠ કલાક અને ગૃહસ્થને ચાર કલાક ધૂનમાં સમય આપવા કહેલ છે.
- અખંડધૂનના કોઈ સક્રિય ધૂનપ્રેમી સભ્યને આર્થિક મુશ્કેલીમાં અન્ય કોઈ સહાયરૂપ થાય તે ઇચ્છનીય અને યોગ્ય જ છે.

સમાપન સાથે કહેવાનું કે આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ પરમાત્માની દિવ્ય વિભૂતિરૂપ વિશ્વકલ્યાણનું એક અમોઘ સાધન છે. પ્રભુશ્રીએ જે રીતે બાર વર્ષની અખંડ તપોસાધના પછી શક્તિશાળી બ્રહ્મમંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' જગતને ભેટ આપેલ છે. તે જ રીતે ત્યાર બાદ દશ વર્ષ પછી તે જ મંત્રની શક્તિને અખંડ કીર્તનમાં અખંડ પ્રાર્થના રૂપે પરિવર્તિત કરી એક શક્તિશાળી આધ્યાત્મિક સાધન વિશ્વને ભેટ આપેલ છે. આમ પ્રભુશ્રીની બાવીસ વર્ષની કઠિન સાધનાના ફળ સ્વરૂપે આ અખંડધૂનરૂપ અધ્યાત્મયજ્ઞની પ્રાપ્તિ થઈ છે. એટલે આ બ્રહ્મયજ્ઞની યથાર્થ મહત્તાને સમજવી અને નિજજીવનમાં ઉતારવી એ તો સ્વયં બ્રહ્મયજ્ઞ દ્વારા ઈશ્વર કૃપાને પ્રત્યક્ષ ઝીલવા બરાબર છે.

આગળ જોયા પ્રમાણે આ અખંડધૂન એ કોઈ સામાન્ય ધૂન નથી પરંતુ સંપૂર્ણપણે એક વૈજ્ઞાનિક અભિગમ અનુસાર અધ્યાત્મ વિજ્ઞાન પ્રમાણે તેની રચના થયેલ છે. પ્રાર્થના જ તેમાં મુખ્ય હાર્દરૂપે રહેલ છે. બ્રહ્મમંત્ર (ૐ હ્રીં રામ, જય

રામ, જય જય રામ) તેમાં રહેલી સત્શક્તિ છે. અખંડધૂનની અખંડિતતા તથા અતૂટતા તેમજ નિયમો તેના તપરૂપે છે અને વિશ્વકલ્યાણ તેનો મૂળભૂત ધ્યેય છે. વિશેષ તો પરમાત્માનો સત્ સંકલ્પ એ જ તેનું પ્રેરકબળ છે કે જેના થકી આ ધૂનનો આવિર્ભાવ અને પ્રવર્તન થયેલ છે.

પ્રભુશ્રીએ આ અખંડધૂનની સંપૂર્ણ આંતર-અનુભૂતિ પછી જ તેની મહત્તા તથા ઉપયોગીતાને લોકો સમક્ષ રજૂ કરી હતી. તેઓશ્રી ઇચ્છતા હતા કે ભારતવર્ષના દરેક શહેરમાં એક અખંડધૂન તો હોવી જરૂરી છે. પરંતુ તેઓશ્રી ઉપવાસ સાથે ચાર વર્ષ (૧૯૭૮-૮૨) ગાય તથા મૂક પશુઓના બંધારણીય રક્ષા અર્થે લખાણમાં જ વ્યસ્ત રહ્યા હતા.* તેથી તેમના અથાગ પ્રયત્ન છતાં 'શ્યામલ' સિવાય માત્ર એક ગોંડલમાં જ ધૂન શરૂ થઈ શકી હતી.

------------------

**सत्ययुग संस्थापना**
**परब्रह्म आराधना**

– શ્રી સત્ ચિત્ આત્મન્ પ્રભુશ્રી

સત્યયુગનું કોઈપણ કાર્ય પોતાના જ ઇષ્ટ પરબ્રહ્મની આરાધના છે.

*ગોંડલ – બાલા હનુમાનજીની જગ્યામાં ભક્તશ્રી ગિરીશભાઈ તથા શ્રી ગીરધરભાઈએ સહજ રીતે અખંડધૂન (ઈ.સ.૧૯૮૦) શરૂ કરાવેલ અને પછી પ્રભુશ્રીની કૃપાથી આજ પર્યંત ચાલુ રહેલ છે.

આ પુસ્તક લેખકના બાલ્યકાળના સંસ્મરણો આ સ્થાન સાથે સંકળાયેલા છે. ગોંડલ તાલુકા સ્કૂલમાં ભણતા ત્યારે (ઈ.સ. ૧૯૫૬-૫૭) આ દેરીના ઓટલે બેસી રમતા હતા. એ વખતે કલ્પના પણ નહીં કે ફૂટપાથ પરની આ હનુમાનજીની નાનકડી દેરી ભવિષ્યમાં પૂ. આત્મન પ્રભુશ્રીની અખંડધૂનનું દિવ્ય કેન્દ્ર બની જશે અને ભક્તવત્સલ પ્રભુશ્રીની આ સ્થાનમાં શ્રીમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવશે.




જય જય પરમ બ્રહ્મ-અવતાર,
ચિદ્‌ઘન, અધ્યાત્મ-લીલાકાર;
ઋતમન, વિશુદ્ધપ્રેમ-વિસ્તાર;
ભગવન્,  નિર્વાણશાંતિ-દ્વાર;
બ્રહ્મન્,  સત્-સંસ્થાપનકાર!



ॐ

# બૃહત્ બ્રહ્મ - મહાયજ્ઞ



અખંડધૂન **તારીખ :** ૧૪-૦૭-૧૯૮૦થી અવિરત ચાલું

**સ્થળ :** શ્રી બાલ હનુમાનજી મંદિર, ગુલમ્હોર રોડ, ગોંડલ (ગુજરાત).

ૐ

# બૃહત્ બ્રહ્મ - મહાયજ્ઞ









અખંડધૂન **તારીખ :** ૧૦-૦૪-૧૯૯૧થી અવિરત ચાલું

**સ્થળ :** સત્યયુગશ્રી રામજી મંદિર, ન્યાલ ભક્ત આશ્રમ, બાલ સંરક્ષણ ગૃહ સામે, ગોંડલ રોડ, રાજકોટ (ગુજરાત).

ૐ



**પૂજ્ય પ્રભુશ્રીના સ્વહસ્તે લખાયેલ બ્રહ્મમંત્ર લેખન**

ૐ

**વિશ્વવ્યાપક કરુણા એ ઉચ્ચ જીવનનો મહાનિયમ છે.**
**અહિંસાના વ્યાપક પાલન વિના આ જગતમાં આધ્યાત્મિકતા શક્ય નથી.**

પ્રકરણ - ૧૬

# કરુણા - અહિંસા ધર્મ - ગૌરક્ષા

**પ્રાસ્તાવિક :**

વિશ્વપર પ્રલયાત્મક આપત્તિઓની શક્યતાને આંતર અનુભૂતિ દ્વારા જાણ્યા પછી પ્રભુશ્રીએ આ પ્રલય નિવારણના સંદર્ભમાં જ પોતાની સંપૂર્ણ શક્તિ કેન્દ્રિત કરી હતી અને તે અર્થે જ ઈ.સ.૧૯૭૪ પછી તેઓશ્રી મુખ્યત્વે કાર્યો કરતા હતા.

પ્રલયનું કારણ અને ઉપાય અંગેના સંપૂર્ણ સંશોધન પછી તેઓશ્રી એવા સ્પષ્ટ તારણ પર આવ્યા કે લોકોના સમષ્ટિ પાપકર્મો જ જગતપર તોળાતા મહાઆપત્તિનું વિનાશકારી મુખ્ય કારણ છે અને આ સમષ્ટિ પાપકર્મો મુખ્યત્વે જગતભરમાં થતી અસંખ્ય મૂંગાજીવોની ક્રૂરતાપૂર્વકની હિંસાના કારણરૂપ છે.

તેથી પ્રભુશ્રીએ પશુઓની આ વ્યાપક હિંસાના સંદર્ભમાં ઊંડુ ચિંતન કર્યું તેમજ આ સાથે સમષ્ટિ પાપકર્મોના વિનિયોગ અર્થે પ્રાર્થના પણ શરૂ કરાવી દીધી.

આમ જેમ જેમ હિંસાના વિષયમાં દિવસ-રાત તેઓશ્રીનું ચિંતન આગળ વધતું ગયું તેમ તેમ તેમની સમક્ષ વિશ્વમાં ચોતરફ અહર્નિશ થતી પશુહિંસાનું સંપૂર્ણ અને ભયાનક ચિત્ર સામે આવીને ઊભું રહ્યું. પરિણામે તેમનું કરુણામય આંતર સ્વરૂપ પૂર્ણરૂપે પ્રગટ થયું કે હવે આ નિસર્ગની નિરુપદ્રવી મૂકસૃષ્ટિની અહર્નિશ ચાલતી ઘોર પાપમય હિંસાને કઈ રીતે અટકાવી શકાય ?

ॐ

ઈ.સ. ૧૯૭૮માં તેઓશ્રી એવા નિર્ણય પર આવ્યા કે હવે જગતને આ બધુ તત્કાળ જણાવવાની જરૂર છે અને તે અર્થે એક વ્યવસ્થિત પુસ્તક લખવું અત્યંત આવશ્યક છે. તેથી તેઓશ્રીએ ગાય તથા મૂકપશુઓની ધારા સ્થાપિત સુરક્ષાની આવશ્યકતા અંગે પુસ્તક લખવાનો પ્રારંભ કર્યો. ગૌમાતાની રક્ષા  અર્થે જુદુ પુસ્તક લખવું જરૂરી એટલા માટે હતું કે તેની રક્ષામાં મુખ્ય અવરોધક પરિબળ ''વેદકાળમાં ગૌમાંસ ખવાતું હતું.'' એવી ખોટી માન્યતા પ્રચલિત હોવાથી તેનો પણ સચોટ પ્રત્યુત્તર આપવો અત્યંત આવશ્યક હતો.

પરમ કૃપાળુશ્રીએ આ બન્ને પુસ્તકો સાથે જ લખવા શરૂ કર્યા. પરંતુ તેમની આંતરિક વેદના એટલી તો તીવ્ર હતી કે તેમને આ સાથે તપસ્યા પણ જરૂરી જણાતા તેમણે અન્નનો પણ ત્યાગ કરી માત્ર ચાર કપ ચા અને એક ગ્લાસ મોસંબીના રસ પર ઉપવાસ શરૂ કર્યાં ! પરંતુ ગાય વિષેનું લખાણ એટલું જટિલ અને સંશોધનાત્મક સ્વરૂપનું હતું કે તેમના ઉપવાસ પણ લંબાતા ગયા અને વળી લખાણનો કોઈ અંત દેખાતો નહોતો.

પ્રારંભના છ માસના ઉપવાસ દરમ્યાન પ્રભુશ્રીનું શરીર એટલું તો કૃશ થઈ ગયું કે તેમનું અંતરંગ ભક્તમંડળ તેઓના સ્વાસ્થ્યને લઈને ખૂબ જ ચિંતિત હતું. પ્રભુશ્રી પણ કોઈ વખત લખતા લખતા કહેતા કે ''હવે આ શરીર કેટલું ટકશે ?'' પરંતુ દૃઢ મનોબળથી અનેક સમસ્યાઓ અને ચિંતાઓ વચ્ચે પણ અવિરત લેખન કાર્ય કરતા રહેતા.

આ લેખન સાથે જે રીતે સતતપણે શારીરિક સમસ્યાઓ આવતી રહેતી હતી, તે જ રીતે બીજી પણ અનેક સમસ્યાઓનો સતત પ્રતિકાર કરવાનો થતો હતો.

અખંડધૂનમાં સતત બે ભક્તોને બેસવાનું હોવાથી 'શ્યામલ'માં આ માટે આઠ-દસ ભક્તોની વ્યવસ્થા તથા તેમને લગતા પ્રશ્નો પણ પ્રભુશ્રીને જ સંભાળવા પડતા હતા. જ્યારે અન્ય કોઈ દર્શનાર્થી ભક્ત આવતા ત્યારે પણ પ્રભુશ્રીનો

ૐ

કિંમતી સમય વેડફાઈ જતો. વળી પુસ્તકનું લેખનકાર્ય કર્યા પછી તેના મુદ્રણની સંપૂર્ણ જવાબદારી પણ પ્રભુશ્રી જ સ્વયં સંભાળતા હતા. લખાણનું કમ્પોઝ (બીબાં ગોઠવવાં)નું કાર્ય પણ  તેમના પૂનિત સાંનિધ્યમાં જ થતું હતું. અને આ બધા કાર્યોના નિભાવ અર્થે જરૂરી એવા નાણાકીય સંસાધનોની તંગી તો ચાલુ જ હતી. આમ અનેકવિધ કાર્યો સાથે ઉપવાસ અને મૂક પશુઓની અવિરત ચિંતામાં જ તેઓશ્રી દિવસો પસાર કરતા હતા. તેમની કથળતી શારીરિક સ્થિતિ જોઈ ભક્તો વારંવાર ઉપવાસ છોડી દેવા વિનંતી કરતા હતા પરંતુ પ્રભુશ્રી પ્રત્યુત્તર આપતા કે,

''આ વિષય નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક તેમજ સાંસારિક દૃષ્ટિએ પણ એટલો ગહન તથા વિસ્તૃત છે કે તેને પૂરેપૂરો ન્યાય કરવામાં સમય પણ પૂરતો જ હોવો જોઈએ. બીજું ઉપવાસ તથા તેને ચાલુ રાખવા છતાં.... પશુઓની દશા જોઈને પ્રભુશ્રીને હજુ પણ તપસ્યાની માત્રામાં ઇચ્છા છતાં ફેરફાર થઈ શકતો નથી.... જગતના અસંખ્ય જીવોને રાહત આપવામાં આથી પણ વધુ તપસ્યાની જરૂર હોય તેમ લાગે છે.''

આમ તેઓશ્રી પુસ્તક લખાણમાં થતા વિલંબને પરિણામે ઉપવાસ પણ છોડી શકતા ન હતા. શારીરિક રીતે અત્યંત અશક્ત થઈ ગયા હોવાથી પ્રભુશ્રીએ ગાય વિષે ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત અને સંપૂર્ણ પુસ્તક તત્કાળ લખવાનો નિર્ધાર કર્યો. આમ એકાદ મહિનામાં આ ગુજરાતી પુસ્તક લખ્યું અને અષાઢી પૂનમે પારણું કરી લીધું. પરંતુ આ પછી તેઓશ્રી ખોરાક જ ન લઈ શક્યા અને સ્થિતિ વધુ નાજુક થતી ગઈ આથી તેઓશ્રીએ શ્રાવણ સુદ-૧૩ (તા. ૦૨-૦૮-૮૨)ના રોજ મહાસમાધિ લઈ લીધી. તેઓશ્રીએ દેહત્યાગ કર્યો તે પૂર્વે કહેલું અંતિમ કથન સમગ્ર માનવજાતને સમજવા અને ચિંતન-મનન કરવા જેવું છે.

**''જ્યાં સુધી મનુષ્ય માનવેત્તર પ્રાણીઓને સાથે રાખી જીવન જીવશે નહીં ત્યાં સુધી તે કોઈ દિવસ (પૂર્ણ) સુખી થઈ શકવાનો નથી.''**

ૐ

આ રીતે જીવનના અંતિમ દિવસો તેઓએ નિર્દોષ મૂક જીવસૃષ્ટિની રક્ષા અને કલ્યાણ અંગેની ચિંતામાં જ કાઢ્યા હતા. નિત્યની આરતી દરમ્યાન કેટલીય વખત તેમની આંખોમાંથી અશ્રુપાત થતો જોવા મળેલ હતો. વળી જ્યારે લેખન કરતા ત્યારે પણ ઘણી વખત પશુઓની દયનીય સ્થિતિ હૃદયમાં અનુભવતા અને આંખમાંથી અશ્રુપ્રવાહ શરૂ થઈ જતો હતો. આમ પરમ કૃપાળુશ્રીનો ઈહલોકમાં અંતિમ સમય 'કરુણા'નું ભવ્યાતિભવ્ય મૂર્તિમંત દર્શન કરાવતું હતું. એમ કહેવામાં અતિશયોક્તિ નહીં થાય કે આ મૂક સૃષ્ટિની રક્ષા અર્થે જ તેઓશ્રીએ પોતાના અમૂલ્ય જીવનનું બલિદાન આપી દીધું હતું.

**કરુણા :**

'કરુણા' એ માનવ જીવનનો મુખ્ય આધાર છે. સામાજિક જીવનના અસ્તિત્વને ટકાવી રાખનાર પ્રેરક તત્ત્વ છે અને **આધ્યાત્મિક જીવન માટે તો તે ચિન્મય પોષક તત્ત્વ છે. એ રીતે 'કરુણા' એ ઉચ્ચ જીવનનો મહાનિયમ છે.** અને તેથી જ પ્રભુશ્રીએ આપેલા પાંચ સાધન-તત્ત્વોમાં એક 'કરુણા'નું તત્ત્વ છે.

કરુણા જ પરમાત્માનો આત્મા છે. અને તેથી તેમનું સ્વરૂપ અને સ્વભાવ પણ કરુણામય છે. આમ પરમાત્માની કરુણા જ પૃથ્વી પરના માનવજીવન સાથે સેતુરૂપ બની પ્રાર્થનાના માધ્યમથી જીવોને સહાય કરે છે. પરમાત્મા તેમના આ **કરુણામય સ્વભાવને કારણે જ જગતના અસહાય લાચાર જીવોને સહાય કરવા સદા તત્પર રહે છે.** અને એ રીતે કરુણાથી જ આ જગતના નૈતિક પાલકપિતા રૂપે સંચાલન કરે છે.

પરંતુ વાસ્તવિકતા એ છે કે જગતના નિઃસહાય પીડિત જીવોના દુઃખદ આક્રંદથી (પ્રાર્થના) તેમને માનવ અવતાર લેવો પડે છે. એ રીતે આ પૃથ્વી પરના નિરાધાર જીવોને સહાય કરવા પોતાના તપોબળ તથા પ્રજ્ઞાન દ્વારા તેમને દુઃખમાંથી મુક્ત કરવા શક્ય બધું જ કરે છે. વળી પરમાત્મા **જીવસૃષ્ટિને અવતાર લીધા સિવાય સીધી રીતે સહાયરૂપ થઈ શકતા નથી.** (માત્ર અપવાદરૂપે તેમના અનન્ય

ૐ

શરણાગત ભક્તને મદદ કરતા રહે છે.)

જ્યાં કરુણા છે ત્યાં પરમાત્માનો વાસ છે. અને જ્યાં પરમાત્માનો વાસ છે ત્યાં કરુણા રહેલી છે. આ બન્ને પરસ્પર સાથે રહેલા છે. તેથી જ માનવજીવનમાં કરુણાને જેટલે અંશે સ્થાપિત કરી શકાય તેટલે અંશે સમાજ પરમાત્મા સન્મુખ થઈ શકે છે.

માનવ હૃદયમાં પડેલી સુષુપ્ત કરુણાને જાગૃત કરી તેને એક વટવૃક્ષ બનાવવા **કરુણાના કાર્યો કરતા રહેવું એ અત્યંત આવશ્યક છે.** તેથી મનુષ્યે તેના જીવનમાં નિરંતર કરુણાના કાર્યો કરતા રહી આત્મોન્નતિ દ્વારા ક્રમશઃ પરમ બ્રહ્મ તત્ત્વનો આત્યંતિક સાક્ષાત્કાર કરવાનો રહે છે. માનવતા તથા જીવદયાના કાર્યો એ વ્યાપક કરુણાનો જ ભાગ છે.પરમાત્માએ જીવમાત્રને પોતાની કરુણાથી અપનાવેલા છે. અને તેથી અન્ય જીવ પ્રત્યે કરુણાના સંદર્ભમાં કોઈપણ કાર્ય કરવું તે પરમાત્માના જ કાર્યનો અંતર્ગત ભાગ છે. રોગીઓ અને વૃદ્ધોની સેવા, ભૂખ્યાને અન્ન તથા મૂકજીવોના કલ્યાણ અર્થેના કાર્યો એ કરુણાના જ કાર્યો છે. આવા પરહિતના નિઃસ્વાર્થ સત્કાર્યોથી હૃદયમાં દયાનું ઝરણુ વહેવા લાગે છે. હૃદય શુદ્ધ થાય છે. ચિત્ત નિર્મળ થતાં પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે.

આ સાથે એ પણ સમજવું જરૂરી છે કે પરમાત્માની દૃષ્ટિએ દરેક જીવ સમાન કરુણાનો અધિકારી છે. તેમને ઉચ્ચ કે નીચનો ભેદ નથી. તેથી જ પરમ કૃપાળુ આત્મન્ પ્રભુશ્રીએ કહ્યું છે કે, ''ગાયની બંધારણીય રક્ષાનો નૈતિક આધાર વિશ્વવ્યાપક કરુણા કે જે ઉચ્ચ જીવનનો મહાનિયમ છે તે પર જ હોવો જોઈએ. કારણ કે હાથી અને શ્વાન તથા વિદ્વાન બ્રાહ્મણ અને ચાંડાલ વચ્ચે ઉચ્ચનીચનો ભેદ હોવા છતાં **કરુણાની દૃષ્ટિએ તો પરમાત્માએ સર્વને સમાન ભાવે અપનાવેલ છે.''**

એટલે જ ગાયની રક્ષાને પ્રાથમિકતા આપવા છતાં તેની રક્ષા અન્ય પ્રાણીઓના ભોગે તો ન જ થવી જોઈએ. એટલે ગાયની રક્ષા અન્ય પશુઓની વધુ માત્રામાં હિંસા કરીને ન થવી જોઈએ. માનવજીવનમાંથી અન્ય રીતે હિંસા ઓછી

કરીને ગાયોની રક્ષા થાય તે જ યોગ્ય છે. અને તેથી જ સ્તો પ્રભુશ્રીએ એવું સૂચન કરેલ છે કે રેલ્વે, બસ સ્ટેશન, બંદરો કે સરકારી અતિથિગૃહોમાં માંસાહારી ભોજન બંધ કરી દેવું જોઈએ.

'કરુણા' જ માનવ અસ્તિત્ત્વને ટકાવી રાખનાર તત્ત્વ છે. તેથી માનવ હૃદયમાંથી કરુણા લુપ્ત થતા શું સ્થિતિ થાય છે તેનું હૃદયસ્પર્શી વર્ણન પ્રભુશ્રીએ અંગ્રેજી કાવ્ય 'When Compassion Leaves....' માં કર્યું છે તેનો સારાંશ નીચે પ્રમાણે છે.

**કરુણા વગરના મનુષ્યના જીવનનું શું થાય છે?**

- તેની વિવેકબુદ્ધિની તેજસ્વીતા નાશ પામે છે.
- સદ્ગુણની સુગંધ ઊડી જાય છે.
- અજ્ઞાની અને ઉપેક્ષિત આત્મા ઊંડી તંદ્રામાં ગરકાવ થઈ જાય છે.
- માનવજાતના સામૂહિક અંતઃકરણ પર નૈતિક સડો વ્યાપી જાય છે.
- આત્માવિહીન વિજ્ઞાન અને નીતિહીન અર્થશાસ્ત્રથી અધઃપતન પામેલી સંસ્કૃતિ ખાલી ખોખા જેવી બની જાય છે.
- ખોટા સમૃદ્ધિના દુન્યવી ઝળહળાટથી મુગ્ધ થયેલ લોકો સદાચાર અને સદ્વિચારથી દૂર થઈ, અંધારી ખીણમાં પોતાનો માર્ગ ભૂલી જાય છે.
- અંતમાં– **જ્યાં કરુણા નથી ત્યાં લોકોનો વિનાશ થાય છે.**


નિચોડરૂપે કહ્યું છે કે 'Where there is no compassion, people perish' એટલે કે કરુણા રહિત સમાજમાં લોકોનો વિનાશ થાય છે. આવો સમાજ સમૃદ્ધ અને શિક્ષિત હોય તોપણ તેને 'રૂપાળા મહોરાવાળા રાક્ષસોનો બનેલ સમાજ' કહીએ તો ખોટું નથી.

પ્રભુશ્રીએ સર્વ પશુઓનું એક વિશાળ ચિત્ર બનાવડાવેલ અને તેમાં નીચે

ૐ

પ્રમાણેનું લખાણ લખાવ્યું હતું. આ લખાણ દ્વારા લોકોને કરુણા, અહિંસાનો સંદેશ આપવા માગતા હતા. તેથી જ તે ચિત્રને જાહેર (પ્રચલિત કથાકારો દ્વારા) કથાના સ્થળે લોકો વાંચી શકે તે રીતે મૂકાવેલ હતું.

પ્રભુશ્રીની સહી સાથે "When Compassion Leaves..." નું લખાણ



When Compassion leaves ...

WHEN COMPASSION FOR ALL LIVING CREATURES LEAVES THE HEART OF MAN, THE LIGHT OF THE DISCRIMINATIVE FACULTY DIES, THE FLOWER OF FREE WILL FADES, THE AROMA OF VIRTUE EVAPORATES AND LIFE LOSES ITS TRUE PURPOSE.

IGNORED AND UNHEEDED, THE SOUL SINKS INTO A DEEP SLUMBER AND DEHUMANIZED MAN DEGENERATES INTO AN UNETHICAL AUTOMATON, PULLED BY VISIBLE SELF-INTEREST AND PUSHED BY THE EVIL POWERS OF ANTARIKSHA.

A MORAL BLIGHT DESCENDS ON THE COLLECTIVE CONSCIENCE OF THE COMMUNITY. POLITICS OF POWER REPLACES THE RELIGION OF THE SPIRIT. CULTURE BECOMES A PAPER-FLOWER, WHILE CIVILIZATION SUBVERTED BY A SOULLESS SCIENCE AND AN ETHICLESS ECONOMICS, IS REDUCED TO AN EMPTY SHELL.

STRUCK BY THE MATERIALISTIC GLITTER OF A FALSE PROSPERITY, DERIVED FROM A RUTHLESS EXPLOITATION AND A RECKLESS DESTROYING OF INNOCENT LIFE, THE PEOPLE DISLODGED FROM RIGHT THOUGHT AND CONDUCT, LOSE THEIR WAY INTO THE DARK VALE OF MAN-MADE MISERY AND SELF-DESTRUCTION.

WHERE THERE IS NO COMPASSION, THE PEOPLE PERISH.

ૐ

## સર્વજીવ-રક્ષા, સદ્ધર્મ-પ્રતિષ્ઠા

આહાર, રોગઔષધ-સંશોધન તથા વૈભવાર્થે મૂક, નિર્દોષ પ્રાણીઓની અહર્નિશ થતી માનવતાહીન, મહાહિંસાનું સર્વત્ર, સંપૂર્ણ, અહિંસક નિવારણ - એક ઋત-મહાયજ્ઞ.

પવિત્ર જીવનતત્ત્વની સ્વાભાવિક અખંડતા તથા તેના નિર્દોષ પ્રાણયુક્ત રૂપોની મૂળભૂત અનન્યતાના શાશ્વત સંદર્ભમાં, જગતભરમાં ગૌમાતા તથા સર્વ સૌમ્ય પ્રાણીઓની માનવયોજિત મહાહિંસામાંથી સંવિધાનાત્મક (બંધારણીય) સમરક્ષા, સાહજિક ન્યાય છે નૈતિક તેમજ આધ્યાત્મિક આવશ્યકતા છે, પ્રલયના પરિબળો વડે ઝડપથી ઘેરાતા જગતને બચવા માટેનો કરુણાત્મક પરમેશ્વરનો સર્વ મંગલમય સંકેત છે

માનવ સદ્ધર્મનું મધ્યવર્તી મૂળ, આધ્યાત્મિક જીવનનું ચિન્મય પોષકતત્ત્વ, સમ્યક વિશ્વશાંતિ તથા સાત્ત્વિક સમૃદ્ધિ અંગેનું તે એક અનિવાર્ય પૂર્વ-કર્તવ્ય છે, વિશ્વયુદ્ધ, હિમયુગ તથા જળ-પ્રલય જેવા મહાવિનાશને અટકાવવાનું અમોઘ સાધન છે.

આર્ય સંસ્કૃતિનો અમર આત્મા, આધ્યાત્મિક ભારતનું સનાતન ગૌરવ, સત્યયુગના ખીલતા પ્રભાતનું સુનૈતિક સૌંદર્ય તે, હિંદને જાગૃત થઇ, સત્યના મહાન વારસામાં પ્રવેશી, સમગ્ર જગતને ચિરકાળથી કરવાના પ્રીતિદાનની સ્મૃતિ કરાવતો, પરમાત્માનો દિવ્ય શંખધ્વનિ છે, બ્રહ્મનાદ છે.

સત્યયુગાવતાર

શ્રી સત્-ચિત્-આત્મન્

ૐ




ઉપર્યુક્ત લખાણ દ્વારા પરમાત્મા જગતને એ જ સંદેશ આપવા માંગે છે કે અખંડધૂન (બ્રહ્મયજ્ઞ) દ્વારા સર્વ નિર્દોષ પ્રાણીઓની કાયદા દ્વારા જગતભરમાં સર્વત્ર હિંસા બંધ થાય તે નૈતિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ અનિવાર્ય છે. આ રીતે જ ભવિષ્યમાં આવનારી પ્રલયાત્મક આપત્તિઓને અટકાવી શકાશે.

ૐ

અહિંસા એ તો આર્ય સંસ્કૃતિનું મૂળભૂત તત્ત્વ છે જેને ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરે જીવંત રાખેલ છે અને આજપર્યંતના ભાવિક ભક્તોએ યથાવત ટકાવી રાખેલ છે.

ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિના મહાન વારસારૂપ 'અહિંસા'ના આ ભવ્ય છોડને એક વટવૃક્ષ બનાવીને સમગ્ર વિશ્વને તેનું આધ્યાત્મિક સોગાતરૂપે પ્રદાન કરવાનું છે. કારણ કે ભારત જ એક એવો દેશ છે, જે સમગ્ર વિશ્વને કરુણાન્વિત બનાવી શકે છે. પ્રભુશ્રીએ લખ્યું છે કે ભારત જ બ્રહ્મનિષ્ઠ અને તપોયુક્ત થવાને શક્તિમાન છે. જ્યારે શેષ વિશ્વ તો માત્ર સમજપૂર્વકના જ્ઞાન દ્વારા કરુણાન્વિત બની સત્યનિષ્ઠ બની શકે છે. **સમસ્ત વિશ્વ આધ્યાત્મિક બનવાને સક્ષમ નથી.** પરંતુ વિશ્વના લોકો  આ ક્રૂર અમાનવીય હિંસાને યથાર્થ રીતે સમજી, હિંસા કરતાં અટકી જાય તે તદ્દન શક્ય છે. તેથી જ પ્રાર્થના દ્વારા કહેવાયેલ છે કે, લોકોના સુષુપ્ત અંતરાત્માને જાગૃત કરી અને તેમના હૃદયમાં દયાના ઝરણાને પુનઃ વહેવડાવવામાં આવે... પરમાત્માનો આ જ બ્રહ્મનાદ છે. અને આ નાદ શંખધ્વનિ બની જગતમાં સર્વત્ર પ્રસરે તે જ પ્રભુશ્રી (બ્રહ્મભાવે) કહેવા ઇચ્છતા હતા.

**અહિંસા :**

પૂ. પ્રભુશ્રીએ મૂકજીવોની હિંસાનું સંપૂર્ણ વર્ણન અંગ્રેજી પુસ્તક 'Compassion the light of Brahm'માં બતાવ્યું છે. આ પુસ્તકનો સંક્ષિપ્ત સાર બ્રહ્મમંત્રના નિદિધ્યાસનના પાંચમાં ફકરામાં સમાવી લીધેલ છે. આ સંદર્ભમાં પ્રભુશ્રીના અહિંસા વિષેના વિચારોને સમજીએ.

જગતભરમાં મનુષ્યો દ્વારા મૂક પ્રાણીઓની અકલ્પનીય અને અમાપ હિંસા થઇ રહેલ છે. આનું કારણ જોઈએ તો મનુષ્યે આત્માને સ્થાને શરીરને જ સુખ અને આનંદનું સાધન બનાવ્યું છે. એટલે કે શરીર દ્વારા પ્રાપ્ત થતાં સુખ-આનંદ માટે માનવી નિરંતર પ્રયત્નશીલ રહે છે. અને આ સ્થૂળ સુખ

મેળવવામાં તેને આજનું વિકસિત ભૌતિક વિજ્ઞાન મુખ્ય સહાયક બનેલ છે. વિજ્ઞાન દ્વારા જે સંશોધનો છેલ્લા વર્ષોમાં થયા છે તેના થકી મનુષ્યજીવન સગવડતાભર્યું તો બન્યું છે પણ મુખ્યત્વે આવી શોધો દૈહિક સુખ અને આનંદની વૃદ્ધિ માટે કરવામાં આવી છે. આ પ્રકારની આત્માવિહીન આધુનિકતાને કારણે માનવીમાં વિવેકજ્ઞાન ન રહેતા તે નીતિ તથા માનવતાહીન બનતો ગયો છે. આનું એક અનિચ્છનીય પરિણામ એ જોવા મળેલ છે કે માનવી પોતાના આનંદ અને ભૌતિક સુખ માટે આહાર-ફેશન વગેરે હેતુથી મૂક પ્રાણીઓની નિર્મમ હત્યા કરવા લાગેલ છે. જીવંત સંવેદનશીલ પ્રાણીઓને પણ પોતાના સ્વાર્થ ખાતર શાકભાજીની જેમ કાપી નાખતા લેશમાત્ર ખચકાતો નથી. ભૌતિક વિજ્ઞાનના આધુનિક સંશોધનો આ માનવતાહીન અનૈતિક પ્રવૃત્તિમાં સહાયરૂપ બન્યા છે.

મનુષ્ય જે જુદા જુદા હેતુસર જીવહિંસા કરી રહેલ છે તે નીચે પ્રમાણે છે.

**આહાર :**




વિશ્વની માનવ વસ્તીનો મહત્ ભાગ આજે માંસાહારી છે. તેમના જીવનમાં માંસાહાર જ મુખ્ય આહાર છે. આ ખોરાક માટે તે અકલ્પનીય માત્રામાં નિર્દોષ જીવોની દૈનિક હત્યા કરે છે. આ હિંસાનું સ્વરૂપ એટલું વ્યાપક અને ભયાનક છે કે તેણે એક મહાઉદ્યોગનું સ્થાન લઈ લીધું છે માંસાહારી ખોરાક માટે વિરાટ આધુનિક યાંત્રિક કતલખાના ઊભા કરવામાં આવેલ છે, જ્યાં દિવસ-રાત અગણિત સંવેદનશીલ પ્રાણીઓની અમાનુષી કતલ થાય છે. આ કતલખાના એટલા વિશાળ

અને આધુનિક બનાવવામાં આવેલ છે કે તેમાં બધું જ સ્વયં સંચાલિત હોય છે. જીવંત પશુઓની નિર્દયી કતલથી માંડીને અંતમાં તેના માંસનું પેકિંગ સહિત બધું જ યાંત્રિક રીતે થાય છે! યાતાયાતની સગવડોના વિકાસને કારણે સમગ્ર વિશ્વમાં જ્યાં માંગ હોય ત્યાં તત્કાળ પહોંચાડી શકાય છે. આમ સમસ્ત વિશ્વમાં માંસાહારનું વિશાળ માર્કેટ ઊભું થયેલ છે. સરકારને પણ તેમાંથી કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ મળે છે.

આમ થોડા વર્ષો પૂર્વે મર્યાદિત રીતે પશુઓની કતલ થતી હતી તે આજની આધુનિક યાંત્રિક વ્યવસ્થાને કારણે અમાપપણે થઈ રહેલ છે. મનુષ્ય પણ તેનો આહારમાં છૂટથી ઉપયોગ કરવા લાગેલ છે.

વિવેકહીન બનેલા આધુનિક શિક્ષિત સમાજમાં માંસાહાર એક ઉચ્ચ પ્રકારના શોખ અને પ્રગતિના માપદંડ રૂપે જોવામાં આવે છે. પરંતુ માંસાહાર એક મહાપાપ છે. મનુસ્મૃતિમાં તો આ ક્રિયામાં સહભાગી આઠ પ્રકારની વ્યક્તિને તેના ઘોરપાપના હિસ્સેદાર ગણવામાં આવેલ છે.

**રોગ – ઔષધ – સંશોધન :**

શારીરિક આરોગ્ય ક્ષેત્રે આજે ઘણો જ વિકાસ થઈ રહ્યો છે. પરંતુ આ સાથે અસાધ્ય રોગોનું પ્રમાણ પણ એટલું જ ચિંતાજનક રીતે વધ્યું છે.

વિવિધ રોગોના ઉપચાર અર્થે તેમાં સંશોધન કરવા માટે જીવંત પ્રાણીઓનો ઉપયોગ થાય છે. આ સંશોધન એટલું ક્રૂર અને અમાનવીય રીતે થાય છે કે કોઈપણ મનુષ્યનું હૃદય દ્રવી ઊઠે છે.

જીવંત નિરોગી પ્રાણીઓ પર પ્રયોગ કરવા માટે તેને પ્રથમ રોગગ્રસ્ત કરવામાં આવે છે. એટલે કે જે રોગના ઉપચારનું સંશોધન કરવાનું હોય તે રોગ પ્રાણીના શરીરમાં અત્યાચારે દાખલ કરવામાં આવે છે. જેમ કે કેન્સરનું સંશોધન કરવા અર્થે વાંદરાને બાંધીને, તેને સતત સિગારેટ પીવડાવી

ૐ

કેન્સરગ્રસ્ત કરવામાં આવે છે ! અને પછી તબીબો તેના પર કેન્સરના ઉપચાર અર્થેના પ્રયોગો કરે છે આથી તેને ખૂબ જ રિબાવું પડે છે અને અંતે રિબાતા તડફડતા મૃત્યુ પામે છે. આવી જ રીતે જીવતા સસલાની આંખો કાઢી તેનું પરીક્ષણ કરાય છે ! એ જ રીતે દેડકા જેવા અન્ય નિર્દોષ પ્રાણીઓ પર અમાનવીય પ્રયોગો થતાં રહે છે. અસંખ્ય જીવોને આ માટે ગોદામ જેવી પ્રયોગશાળામાં ગોંધી રાખવામાં આવે છે. આમ માનવજીવન લંબાવવા માટે નિર્દોષ પશુઓના જીવનનો અકાળે ક્રૂર અંત લાવવો તે કેટલું અનુચિત છે !

એ જ રીતે કેટલીક દવાઓ બનાવવામાં પણ પ્રાણીઓનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે.

**મનોરંજન (આનંદ-પ્રમોદ) મિથ્યા સૌંદર્યાર્થે :**

આત્માવિહીન આધુનિક માનવ તેના મનોરંજન અર્થે તેમજ મિથ્યા સૌંદર્યાર્થે અસંખ્ય પ્રાણીઓની કંપારી છૂટે તે રીતે હિંસા કરે છે.

મનુષ્ય પોતાના આનંદ ખાતર પ્રાણીને સતાવે છે, રિબાવે છે અને મારી પણ નાખે છે. બે પ્રાણીઓ જેમ કે કૂકડા, આખલા વચ્ચે લોહીયાળ યુદ્ધ કરાવવામાં આવે છે અને સંવેદહીન માણસો તે જોઈને આનંદ અનુભવે છે. એવી જ રીતે **ઉડતા પંખીનો શિકાર કરી, તેને તડફડતુ નીચે પડતું જોઈને પાશવી આનંદ મેળવે છે.** સિંહદર્શન જેવા કાર્યક્રમોમાં પણ નિર્દોષ અસહાય બકરાનું ભક્ષણ થાય તે જોવામાં ક્રૂર અમાનવીય આનંદ મેળવે છે. આવી રીતે અસંખ્ય રીતે પશુઓના માધ્યમ દ્વારા મનુષ્ય ઘાતકી આનંદ મેળવે છે.

મનુષ્ય પોતાના સુખ-સગવડ માટે પણ અગણિત પ્રાણીઓની હિંસા કરે છે. દા.ત. ક્રોમવાળા બૂટ પહેરવા માટે જીવતા તાજા જન્મેલ વાછરડાને ઉકળતા પાણીમાં નાંખી તેની ચામડી કાઢી લેવામાં આવે છે અને તેનો ક્રોમ બૂટ બનાવવામાં ઉપયોગ થાય છે ! એવી જ રીતે આધુનિક વસ્ત્રોના ઉત્પાદન માટે પશુઓના

ચામડાનો ઉપયોગ થાય છે. રૂવાંટીવાળા પશુઓને મારી તેના વસ્ત્રો બનાવવામાં આવે છે. સૌંદર્યના સાધનોમાં હાથીદાંત જેવા પ્રાણીજ તત્ત્વોનો ઉપયોગ થાય છે. આ માટે હાથીની નિર્મમ હત્યા કરાય છે. લિપસ્ટિક જેવા અતિ પ્રચલિત સૌંદર્ય પ્રસાધનમાં પણ પશુની ચરબી વાપરવામાં આવે છે. ઘેટાંને પણ કુદરતે તેના રક્ષણ માટે આપેલ ઊનને ગરમ કપડા માટે કાઢી લેવામાં આવે છે. રેશમી કાપડ પણ રેશમના કીડાને મારીને જ બનાવવામાં આવે છે.

આમ અનેક પ્રકારની જીવહિંસા મનુષ્ય પોતાના અવિચારી આનંદ અને ભૌતિક સુખ માટે કરતો જ રહે છે.

**ધાર્મિક વિધિ-વિધાનમાં હિંસા :**

ધર્મના નામે પણ પ્રાણીઓની અમાપ હિંસા થાય છે. વાસ્તવમાં પરમાત્મા તો કરુણામય છે. એટલે સ્વભાવથી જ કરુણા જેનામાં હોય તે પરમાત્મા જીવ બલિ કે ભોગ કઈ રીતે માગે ? પરંતુ લગભગ દરેક ધર્મમાં ઈશ્વરના નામ પર આવશ્યક વિધિ કે ક્રિયારૂપે અસંખ્ય પશુઓની નિર્મમ હિંસા કરવામાં આવે છે.

હિન્દુ, ખ્રિસ્તી તથા મુસ્લિમ ધર્મમાં ઈશ્વરના નામે જુદી જુદી વિધિઓ માટે પશુઓની હિંસા કરવામાં આવે છે. આ ધર્મોના મૂળમાં અહિંસા રહેલી હોવા છતાં, આ અજ્ઞાની પ્રથાઓ પરંપરામાં પરિવર્તિત થઈને લોકોના જીવનમાં એક જડ રિવાજ રૂપે સ્થાપિત થઈ ગયેલ છે. અને પછી તો જે તે સમાજ તેને અવિચારીપણે અનુસરતો રહે છે. ધર્મશાસ્ત્રોનું ખોટું અર્થઘટન પણ તેમાં કારણભૂત છે. પરમ પૂજ્ય પ્રભુશ્રીએ આ બધું વિસ્તારપૂર્વક ગૌરક્ષાના પુસ્તકમાં સમજાવ્યું છે. આ પ્રચલિત બનેલ બલિ કે કુરબાનીની પ્રથાઓ દ્વારા જે રીતે અસંખ્ય પશુઓની હિંસા થાય છે તે સર્વથા અનુચિત છે. આ દુઃખદ સ્થિતિને સમજપૂર્વક બંધ કરવી એ આપણું પરમ કર્તવ્ય છે. દરેક ધર્મના પાયાના મૂળભૂત સિદ્ધાંત અહિંસાને આવી પ્રથાઓના ઔચિત્યની પરીક્ષા કરતી વખતે લક્ષમાં રાખવો જોઈએ.

ૐ

**ન્યાય નિર્ણયમાં અહિંસા :**

ન્યાયની કોઈપણ પ્રક્રિયામાં હિંસા થવી ન જોઈએ. રાજ્યશાસન દ્વારા એવા કાયદા ન ઘડાવા જોઈએ કે જેને લીધે ગુનેગાર વ્યક્તિને મૃત્યુદંડ, અંગવિચ્છેદ કે શારીરિક દમનની સજા ભોગવવી પડે. ગુનેગાર પ્રત્યે માનવીય અભિગમ અપનાવી તેને પોતે કરેલા ગુના અંગે સાચો પશ્ચાતાપ થાય તેમ કરવું જોઈએ. વિશ્વના ઘણા દેશોએ તેમના દેશમાંથી મૃત્યુદંડની સજા રદ કરેલ છે. એ જ રીતે રાષ્ટ્ર, સમાજ, જ્ઞાતિ કે કુટુંબના સંઘર્ષમાં ન્યાય અર્થે બદલાની ભાવનાથી હિંસા ન કરવી જોઈએ. પ્રાણીઓ પ્રત્યે પણ માનવીય દષ્ટિકોણ રાખી તેમને મારવા કે મારી નાખવા જોઈએ નહીં. દા.ત. બિલાડી દૂધ પી જાય તે માટે તેને મારી ન નખાય, કૂતરો કરડે એટલે તેનો પગ ભાંગી ન નખાય. આમ પશુઓ દ્વારા કોઇ નુકસાન થતાં ન્યાયના ભાગરૂપે તેને દંડ આપવામાં આવે છે તે યોગ્ય નથી.

**સંતતિ નિયમનમાં અહિંસા :**

સંતતિ નિયમનમાં આધુનિક વિજ્ઞાન અનુસાર જે રીતે જીવંત ગર્ભપિંડનો નાશ કરવામાં આવે છે તે હિંસા જ છે. કાયદાનું સમર્થન હોય કે ન હોય તો પણ આવા પ્રાણયુક્તપિંડનો નાશ કરવો તે સંપૂર્ણ હિંસા જ છે. ધર્મશાસ્ત્રોમાં તો તેને માનવ હિંસા જેટલું જ પાપ ગણવામાં આવેલ છે. આ પ્રકારની હિંસા આજે સહજ બની ગયેલ છે. આધુનિક વૈજ્ઞાનિક સંશોધન તેમાં સહાય રૂપ થાય છે **આ પ્રકારે માનવ કે પશુના ગર્ભપિંડને ઇજા કરવી કે નાશ કરવો તે એક અક્ષમ્ય પાપકર્મ છે.**

આ પ્રાણીઓની હિંસા કયા પ્રકારથી અને કેવી રીતે થાય છે તે જાણીએ.

**અમાનુષી કૃત્રિમ ઉછેર તથા અક્ષમ્ય સંવર્ધન :**

જગતભરમાં વિવિધ હેતુસર અગણિત પ્રાણીઓની દૈનિક હિંસા થાય છે. આ પ્રાણીઓ સંવેદનશીલ હોય છે. એટલે હિંસા થકી જે પીડા માનવ શરીરને થાય

ૐ

છે તે જ પીડા આ પ્રાણીઓને પણ થાય છે. પ્રાણીઓનો મહત્તમ ઉપયોગ કરવા તેમનો કૃત્રિમ ઉછેર કરવામાં આવે છે. જેથી તેમની સંખ્યા એટલી બધી વધી જાય છે કે થોડા સમયમાં અસંખ્ય માત્રામાં જોવા મળે છે. ત્યાર પછી તેમને ઈન્જેક્શનો કે દવા સાથે એવો આહાર આપવામાં આવે છે કે જેથી આ પ્રાણીઓના શરીર-ચરબી ખૂબ જ વધી જાય છે. તેઓ સરખી રીતે ચાલી પણ શકતા નથી. વધુમાં તેમના રહેઠાણ એવી જગ્યાએ હોય છે કે જ્યાં સૂર્ય પ્રકાશ પણ આવતો નથી. અત્યંત ગીચ રીતે અસંખ્ય પ્રાણીઓને આવી હવા ઉજાસ વિનાની જગ્યાએ રાખવામાં આવે છે. આ રીતે જે હેતુ માટે જે પ્રકારના પશુઓની જરૂર હોય તેવા કૃત્રિમ ઉછેર કેન્દ્રો ઊભાં કરવામાં આવે છે અને તેમાં આ અબોલ જીવોનું સંવર્ધન થતું રહે છે. આમ **આ અમાનુષી કૃત્રિમ સંવર્ધનની પ્રક્રિયામાં નિરાધાર, લાચાર મૂકજીવોને અકાળ મૃત્યુ પહેલા અસહ્ય પીડામાં રીબાતા રહેવું પડે છે !**

**પશુ-પક્ષી તથા જળચરો :**

પૃથ્વી પર મુખ્યત્વે ત્રણ પ્રકારના જીવો જોવા મળે છે. પાણીમાં રહેતા જળચરો, આકાશમાં ઊડતા પક્ષીઓ તથા જમીન પરના ચોપગા પ્રાણીઓ રહેલા છે. આ બધા જ પ્રકારના જીવોની આગળ બતાવ્યા પ્રમાણે વિવિધ હેતુસર અમાપ હિંસા થાય છે. જળચરોમાં માછલીઓનો મહત્તમ ઉપયોગ આહારમાં થાય છે. એ જ રીતે પક્ષીઓ તથા ચોપગા પ્રાણીઓનો પણ આહાર તથા અન્ય હેતુસર ઉપયોગ કરાય છે. આ હિંસાની માત્રા એટલી વ્યાપક છે કે જગતની કોઈ જગ્યા એવી નથી કે જ્યાં આ હિંસા ન થતી હોય ! તેવી જ રીતે આ હિંસા પણ દિવસ-રાત થતી રહે છે. તેમાં વિશ્રામનો જરાપણ અવકાશ નથી એટલે જ પરમ દયાળુ શ્રી આત્મન્ પ્રભુશ્રીએ આ હિંસાના સ્વરૂપને પ્રાણીઓ માટેનો **'માનવસર્જિત દૈનિક પ્રલય'** કહેલ છે. મનુષ્ય માટે પ્રલય આવે કે ન પણ આવે પરંતુ પ્રાણીઓ માટે તો માનવસર્જિત નિત્ય પ્રલય ચાલુ જ છે.

ૐ

**ઘોર પાપમય હિંસા :**

મૂક જીવોની આ સમગ્ર હિંસાને પ્રભુશ્રીએ **'ઘોર પાપમય હિંસા'** કહેલ છે. એટલે આ હિંસા અત્યંત ભયાનક તેમજ ભીષણ સ્વરૂપની છે. જેને શબ્દ-દેહ થકી વર્ણવવી અશક્ય છે. તેથી આવી ઘોર હિંસાનું પાપ સમષ્ટિ અનિષ્ટ કર્મ રૂપે પ્રલયાત્મક વિનાશમાં પરિણમે છે. લોકોને આ ઘોર હિંસાનું યથાર્થ ભાન કરાવવું આવશ્યક છે, કે જેથી તેમનો સુષુપ્ત અંતરાત્મા જાગૃત થતાં હૃદયમાં દયાનું ઝરણું પુનઃ વહેવા લાગે અને મૂકજીવોની હિંસા કરતા અટકી જાય.

પરમ પૂજ્ય પ્રભુશ્રી વિરચિત નિદિધ્યાસનના પાંચમાં ફકરાની ઉપર્યુક્ત રીતે વિસ્તૃત સમજ મેળવી. હવે અંતરિક્ષ વિષે જાણીએ.

**અંતરિક્ષ :**

પૃથ્વી પરના મનુષ્યોને હિંસા કરવા માટે ઉત્તેજન આપતું પ્રેરકબળ અંતરિક્ષ પણ છે. **અંતરિક્ષ એટલે અંધકારલોક કે જેને મૃતજીવોનો લોક (પ્રેતલોક) પણ કહે છે.** પરંતુ અહીં એ સમજવું જરૂરી છે કે સ્થૂળ આંખે દેખાતું આકાશ જેને ભૌતિક વિજ્ઞાન અંતરિક્ષ કહે છે તે આ અંતરિક્ષ નથી. આ એક સૂક્ષ્મલોક છે જે નરી આંખેથી જોઈ શકાતો નથી. પરંતુ તેની પૃથ્વી પરના માનવ જીવન પર પ્રબળ અસર રહેલી છે. પૃથ્વી પરના મનુષ્યો મૃત્યુ પછી તેમની અતૃપ્ત-વાસનાને કારણે આ લોકમાં વાસ કરે છે. અંતરિક્ષમાં ભટકતા આ દુઃખી જીવો તેમની અતૃપ્ત વાસનાને પૂર્ણ કરવા પૃથ્વી પર આવે છે. **આ જીવોની જે પ્રકારની તૃષ્ણા કે વાસના હોય તેવા જ પ્રકારના મનુષ્યોના માધ્યમથી (તેમના શરીર દ્વારા) તે વાસનાને પૂર્ણ કરે છે.** તેમની દારૂ, માંસ, નિમ્નકક્ષાના ભોગવાસનાની પ્રબળ ઈચ્છા પૃથ્વી પરના મનુષ્યને આવું હિનકાર્ય કરવા માટે પ્રેરે છે. એટલે માંસાહારી ખોરાકના સ્થાન પર આવા સૂક્ષ્મ જીવાત્માઓ રહેલા હોય છે. આમ જીવ હિંસામાં અંતરિક્ષ પણ મહત્ત્વનું પ્રેરકબળ છે.

ૐ

આ સાથે એ પણ જાણવું જરૂરી છે કે પૃથ્વી પર આવતી નાની-મોટી આપત્તિઓમાં અંતરિક્ષના આસુરી પરિબળો જ પ્રકૃતિના નિયમનને અવરોધી વિનાશ કરતા રહે છે. તેથી જ પ્રભુશ્રીએ આ અંતરિક્ષ વિષે વ્યાપક પ્રકાશ પાડ્યો છે. તેમજ તેમના સત્-સંસ્થાપનના કાર્યક્રમમાં અંતરિક્ષ શુદ્ધિકરણ પણ એટલું જ મહત્ત્વનું છે.

આ સૃષ્ટિની સૂક્ષ્મ પ્રક્રિયાઓ દરેક મનુષ્ય સમજી કે અનુભવી શકે નહીં. આ સંદર્ભમાં તેઓશ્રીએ લખેલ અગત્યની નોંધ અહીં આપી છે.

**‘‘...દુન્યવી ક્ષેત્રે કુશળતા ધરાવતા લોકો, પછી ભલે તેઓ બૌદ્ધિક, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક કે રાજકારણ ક્ષેત્રે નિપુણ હોય તોપણ તેમને માટે સદ્ધર્મનું આ સૂક્ષ્મતત્ત્વ સંપૂર્ણપણે સમજવું શક્ય નથી, એટલે નિર્દોષ પ્રાણીઓ તથા ગાયો પર થતી ક્રૂરતા તથા અમાનુષી હિંસા અને દેશ પર આવતી આપત્તિઓ વચ્ચેનો સંબંધ તેઓ જોઈ શકે નહીં. આવો સૂક્ષ્મ સંબંધ તો આધ્યાત્મિક આર્ષદ્દષ્ટાઓ જ જોઈ શકે...’’***

તેથી જ પ્રભુશ્રીએ સ્પષ્ટ ચેતવણીના સૂરમાં કહ્યું છે કે રાજ્યના શાસકોએ આર્ષદ્દષ્ટા સંતની વાણીમાં વિશ્વાસ રાખીને હિંસા બંધ કરવી જોઈએ. અન્યથા તો દેશ પર આવતી આપત્તિ ભોગવવી જ પડશે.

કરુણાનિધાન પ્રભુશ્રીએ પ્રાણીઓ વિષેના એક લખાણના શીર્ષકમાં ધ્યાનાકર્ષક રીતે લખ્યું છે.

All harmless Creatures have a Moral Right to Live.
No one on Earth has an inherent right to destroy life.
બધા નિર્દોષ પ્રાણીઓને જીવવાનો નૈતિક અધિકાર છે. પૃથ્વી પર કોઈપણને તેમના જીવનનો નાશ કરવાનો સ્વાભાવિક અધિકાર નથી.

*ધારાસ્થાપિત ગૌરક્ષા – લે. સત્-ચિત્-આત્મન્, પાના નં. ૮

ૐ

પ્રભુશ્રીનું ઉપર્યુક્ત લખાણ સારીયે માનવજાતને ગર્ભિત આદેશાત્મક રીતે સૂચવે છે કે મનુષ્યને જે રીતે જીવન જીવવાનો અધિકાર છે તે જ રીતે પ્રાણીમાત્રને છે. તેથી જ સહજક્રમમાં જીવન પૂરું થાય નહીં ત્યાં સુધી કોઈ તેને છીનવી શકે નહીં. આમ મનુષ્ય અને અન્ય પ્રાણીઓને સમાન રૂપે આ પૃથ્વી પર વસવાટનો તથા જીવવાનો અધિકાર મળેલ છે.

અન્ય પ્રાણીઓને પણ સંવેદના અને સમજ રહેલી છે મનુષ્ય પાસે માત્ર બુદ્ધિચાતુર્ય વિશેષ હોવાથી મૂક જીવસૃષ્ટિ જગત પર તે આધિપત્ય ભોગવે છે અને સ્વાર્થ અર્થે અન્ય જીવોનો એક સાધન રૂપે જ ઉપયોગ કરે છે.

આત્મૌપમ્યની ઉદાત્ત ભાવના સર્વ પ્રાણી પ્રત્યે રાખવી જોઈએ. એક **નાની સરખી સોય ભોકાવાથી મનુષ્યને જે રીતે પીડા થાય છે તે જ રીતે દરેક સંવેદનશીલ પ્રાણીઓને પણ થતી હોય છે.** આમ મનુષ્યે પ્રાણીઓની પીડાને આત્મૌપમ્યની ભાવના અનુસાર પોતાના શરીર પર અનુભવવી જોઈએ. તો અવશ્ય મૂકપ્રાણીઓ પ્રત્યે અનુકંપા ઉદ્‌ભવશે જ.

મૂકજીવો પર આચરવામાં આવતી ક્રૂરતાની સામૂહિકવેદના સમગ્ર માનવજાતને અસર કરે છે. વ્યક્તિગત મનુષ્યના શરીર-મનને પણ વિવિધ રીતે સહન કરવું પડે છે. આ બધું દેખીતી રીતે અનુભવી શકાતું ન હોવા છતાં પણ એક અફર વાસ્તવિકતા છે કે સમગ્ર સમાજ આ બધું ભોગવી જ રહેલ છે. પ્રભુશ્રીએ તો પ્રાણીહિંસા અને માંસાહાર સંબંધે સામાજિક, રાજકીય, આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક એમ વિવિધ દૃષ્ટિકોણથી સમજ આપી છે તેઓશ્રી સ્પષ્ટ કહેતા કે નૈતિક-આધ્યાત્મિક દૃષ્ટિએ જે ઉચિત છે તે જ યોગ્ય છે, લાભદાયી છે. કદાચ આર્થિક નુકસાન થાય તોપણ તે ગૌણ છે.

તેઓશ્રીના ચાર વર્ષના કઠોર ઉપવાસ સાથે સંપૂર્ણ પ્રાણી હિંસા વિષેનું આ સંપૂર્ણ લખાણ પોતાના બ્રહ્મભાવ સાથે રહીને, સમગ્ર મૂક જીવસૃષ્ટિના પ્રબળ

ૐ

પક્ષકાર તરીકે માનવજાતને અત્યંત હ્દયપૂર્વક અશ્રુપૂર્ણ વેદના સાથે આદેશાત્મક સંદેશ આપે છે.*

## :: ગૌરક્ષા ::

### आर्य सन्नीतिः सा एव अदितिः ।

(ગૌમાતા એટલે સત્ય પર આધારિત દયા અને અહિંસાની આર્ય સત્-નીતિનું મૂર્ત સ્વરૂપ)

**પ્રાસ્તાવિક :**

ઈ.સ.૧૯૭૮-૮૨ દરમ્યાન પરમ ભક્તવત્સલ પ્રભુશ્રીએ ગાય તથા નિર્દોષ જીવો પર થતી અતિ ક્રૂર પાપમય હિંસા વિષે પુસ્તક લેખનકાર્ય કર્યું હતું.

ગાયમાતાના ભારતીય સંસ્કૃતિમાં રહેલા ઉચ્ચ આધ્યાત્મિક સ્થાનને કારણે અન્ય પ્રાણી સાથે ગાયમાતાનું પણ જુદું પુસ્તક લખવાની પ્રેરણા થઇ. પરંતુ જ્યારે તેઓશ્રીએ જાણ્યું કે, **'વેદકાળમાં આર્યો ગૌમાંસ ખાતા હતા!'** ત્યારે તેમને અત્યંત આઘાત લાગ્યો તેઓશ્રીએ વિચાર્યું કે આ પ્રશ્નનો ગાયની રક્ષા અર્થે સચોટ પ્રત્યુત્તર આપવો અત્યંત આવશ્યક છે.

તેઓશ્રીની ધારણા હતી કે ગૌરક્ષાનું પુસ્તક ત્રણ-ચાર મહિનામાં તો લખાઈ જશે. તેથી મનથી દૃઢ નિશ્ચય કર્યો કે જ્યાં સુધી આ ગાયનું પુસ્તક પૂર્ણ થાય નહીં ત્યાં સુધી અન્ન લેવું નહીં. (માત્ર ચાર કપ ચા-એક કપ મોસંબીનો રસ લેતા હતા) પરંતુ જેમ જેમ આ લખાણના ઊંડાણમાં ઉતરતા ગયા તેમ તેમ ખ્યાલ આવતો ગયો કે આ એક ગંભીર અને ગૂંચવાડાભર્યો સંશોધનાત્મક સ્વરૂપનો પ્રશ્ન છે, આમ વિવિધ સંદર્ભગ્રંથોમાંથી વાંચન અને ઊંડું ચિંતન કરતાં ગયા તેમ અનેક

*અહીં કોઈ એવો પ્રશ્ન વ્યક્ત કરે કે કરુણામય પરમેશ્વર આવી રક્ષા કેમ કરતા નથી ? તો તેનો જવાબ એ છે કે એક તાંત્રિક વિદ્યાની માયિકશક્તિથી તથા ભ્રાંતિમૂલક આ સંસારથી તદ્દન પર સત્ય પરમેશ્વર અથવા પરિબ્રહ્મ ઈશ્વરને માયાના ઈલાકા સાથે સીધો સંબંધ નથી.

ઝીમ્મર ની 'Indian Philosophes'માં ઉપરનું ઉદાહરણ આ બાબતનો પૂર્ણ ખ્યાલ આપે છે.

(જુઓ આગળ પ્રકરણ ૧૧)

ॐ

તથ્યો પ્રગટ થતા ગયા અને પુસ્તક લેખનનું કાર્ય તો લંબાતું જ ચાલ્યું આમને આમ અન્ન ત્યાગ કર્યે લગભગ ચાર વર્ષ પૂરા થવા આવ્યા. ત્યારે વિચાર્યું કે (શારીરિક સ્થિતિ જોતા ઉપવાસ છોડવા અર્થે) એક નાનું પણ સંપૂર્ણ ગુજરાતી પુસ્તક લખવું આમ તે લઘુ પુસ્તક એક બે મહિનામાં પૂર્ણ કરી લીધું અને પૂનમના દિવસે પારણું કર્યું. પરંતુ શરીર સંપૂર્ણ કૃશ થયેલ હોવાથી પરમાત્માના આદેશથી પ્રભુશ્રીને મહાસમાધિ લેવાનું થયું.

સ્વાભાવિક એ પ્રશ્ન તો થાય કે, પ્રભુશ્રી આટલું ઉચ્ચ શિક્ષણ અને આધ્યાત્મિક જ્ઞાન ધરાવતા હોવા છતાં કેમ ચાર ચાર વર્ષ સુધી પુસ્તકનું લેખનકાર્ય ચાલ્યું હશે ?

સંક્ષિપ્તમાં કહીએ તો પ્રભુશ્રીને આ જટિલ અને સંશોધનાત્મક સ્વરૂપનું લખાણ ઉપવાસ સાથે કરવાનું હતું. તેથી નબળાઈ અને અશક્તિની સાથે વળી દૈનિક તપસ્યા-ધ્યાનમાં પણ કેટલોક સમય જતો હતો. વધુમાં આ પુસ્તક મુદ્રણની સમગ્ર ટેકનિકલ જવાબદારી પણ પ્રભુશ્રી સ્વયં સંભાળતા હતા એટલું જ નહીં પ્રૂફરીડિંગ પણ સ્વયં આપ જ કરતા હતા. તેમજ પ્રત્યેક પાનુ શુભ મૂહુર્તમાં જ છાપવાનો નિયમ રાખેલ હતો. આ સાથે અનેક નાની-મોટી સમસ્યાઓનું નિરાકરણ પણ તેમને જ કરવાનું થતું. વળી નાની સરખી પણ ભૂલ થતાં પુનઃ મુદ્રણ કરાવતા હતા. તેઓશ્રી પોતાના કોઈ નિર્ણયમાં સહેજપણ બાંધછોડ કરતા નહીં. તેઓશ્રીના કાર્યમાં કચાશને કોઇ અવકાશ ન હતો. આમ દિવસોના દિવસો સુધી લેખન ચાલતું રહેતું હતું. જોકે આ સાથે બીજું પણ કેટલુંક લેખન કાર્ય કરતા હતા.

**ગાયનું આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ :**

ગાય એ કોઇ સામાન્ય પ્રાણી નથી પરંતુ પવિત્રતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. તેથી જ તો તેને 'પાવની' પણ કહેલ છે. પાવની એટલે માત્ર પવિત્ર નહીં પણ 'અન્યને પવિત્ર કરનાર' એવો અર્થ થાય છે. તેથી **આધ્યાત્મિક દૃષ્ટિએ જે**

**પવિત્ર છે તે અધ્ન્ય છે, તેને હણી શકાય નહીં,** કારણ કે પવિત્રતાનો સીધો સંબંધ પરમાત્મા સાથે રહેલો છે. તેથી જ ભગવાન શ્રીરામચંદ્રજીએ ગાયો માટે અવતાર લીધો હતો. **(विप्र धेनु सुर संत हित, लिन्ह मनुज अवतार।)** ગાયની આ પવિત્રતા તથા સ્વભાવગત સાત્ત્વિકતાને કારણે જ તે પૃથ્વીનું મંગલ કરનારી માતા પણ છે. **(कृशातुराः गावः पाल्या मातृपितृवत् – ब्रह्मपुराण)**

પ્રભુશ્રીએ લેખન દરમ્યાન ગાયમાતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રત્યક્ષ નિહાળ્યું. તેઓશ્રીને ગાયમાતાના વિવિધ દર્શનો ઘણી વખત થતા હતા. ગાયની સૌમ્યતા, પવિત્રતા, સાત્ત્વિકતા, નિઃસ્વાર્થતા તથા નિઃસહાયતાને દર્શન દ્વારા પ્રત્યક્ષ સ્વરૂપે નિહાળતા હતા. **ગાયના આક્રંદપૂર્ણ રૂદનને તેઓ સાંભળી શકતા હતા.** કોઈ વખત ખુલ્લી આંખે એવા દર્શન થતાં કે, તેમનાં આસન (ખુરશી) પાસે ગાય આવીને ખોળામાં માથું ઘસવા લાગતી. આમ બ્રહ્મ સ્વરૂપે બિરાજતા પરમકૃપાળુ પ્રભુશ્રી પાસે આવીને ગાયમાતા તેની દુઃખદ વેદના આ પ્રકારના દર્શનો દ્વારા વ્યક્ત કરતી હતી.

પ્રભુશ્રી ગાયમાતાની આવી દુઃખદ સ્થિતિ જોયા પછી અત્યંત વ્યથિત થઈ ગયા હતા. તે અર્થે અખંડધૂનમાં નિત્ય પ્રાર્થના કરાવતા. ગાયમાતાનું એક મોટું ચિત્ર બનાવેલ અને તેમાં ગાય વિષેની સમજૂતી આપતું લખાણ કરાવેલ હતું. આ ચિત્ર જાહેર કથાના સ્થળોએ લોકો વાંચી શકે તેમ પધરાવતા. વધુમાં વડાપ્રધાનશ્રી મોરારજીભાઈને પણ બે વખત પત્ર દ્વારા ગાયની કાયદાકીય રક્ષા થાય તે માટે વિસ્તૃત પત્રો લખ્યા હતા. આ કાર્ય ખૂબ જ અગત્યનું હોવાથી વડાપ્રધાનને પ્રત્યક્ષ સમજાવવા ભક્તને પત્ર લઈને વિમાન દ્વારા તેમની પાસે મોકલ્યા હતા.

પ્રભુશ્રી દૃઢપણે માનતા હતા કે ગાય એ સર્વ પ્રાણીઓના પ્રતિનિધિ રૂપે રહેલ છે. એટલે પ્રથમ ગાયમાતાની રક્ષા થઈ શકશે તો પછી તેના જ સત્-

ૐ

પુણ્યના બળે ક્રમશઃ અન્ય પશુઓની પણ રક્ષા થઈ શકશે. આમ જેમ જેમ માનવ જીવનમાંથી હિંસાની માત્રા ઘટતી જશે તેમ તેમ પરમાત્માનો દૈવીપ્રકાશ માનવ હૃદય સુધી પહોંચતો જશે, જે સમગ્ર માનવજીવનને સાત્ત્વિક સુખ-શાંતિ આપશે.

**ગૌરક્ષામાં અવરોધક સમસ્યા :**

દીન જીવોના પરમ બેલી પ્રભુશ્રીએ પુસ્તક લેખનનો પ્રારંભ કર્યો ત્યારે તેઓશ્રી સમક્ષ ત્રણ પ્રશ્નોનું નિરાકરણ કરવું અત્યંત જરૂરી હતું. ગૌરક્ષાની બાબતોમાં એક આક્ષેપ એવો હતો કે વેદકાળમાં તો લોકો ગૌમાંસ ખાતા હતા તેનું શું ? બીજુ અન્ય ધર્મના લોકો ગૌરક્ષાને કઈ દૃષ્ટિથી જુએ છે ? અને ત્રીજું ભારતના બંધારણ અનુસાર ગૌરક્ષાનો કાયદો શક્ય છે ? ગાંધીજીએ ગૌરક્ષા વિષે વ્યક્ત કરેલ મંતવ્યનું શું ? આ બધા પ્રશ્નોનો વ્યવસ્થિત જવાબ આપવો અત્યંત જરૂરી હતો.

પ્રથમ તો વેદકાળમાં ગૌમાંસ વિષેનો થયેલ ઉલ્લેખ જાણીને તેઓશ્રીને દુઃખદ આશ્ચર્ય થયેલ હતું. કારણ કે **આર્યોની પવિત્ર ઉચ્ચ સંસ્કૃતિમાં ગાયનું જે ઉચ્ચ સ્થાન રહેલું છે તે જોતા એ કેવી રીતે શકય બને કે વેદકાળમાં લોકો ગાયનું માંસ ખાતા હોય ?**

સમગ્ર વૈદિક સાહિત્યના ઊંડા મનનપૂર્વકના અભ્યાસ પરથી તેઓશ્રીને સ્પષ્ટ જણાયું કે તેમાં બે પ્રકારના વિરોધી પ્રવાહો જોવા મળતા હતા. મૂળભૂત રીતે આર્યો જ્યારે ભારતમાં આવ્યા તે સમયનું તેમનું જીવન સાત્ત્વિક, ઉચ્ચ આચાર સાથેનું ત્યાગપ્રધાન હતું. તેમના યજ્ઞો સૌમ્ય, શુદ્ધ અને અહિંસક હતા. તેમના ઉપાસ્ય દેવો, તેમની પૂજા, ધરાવાતા ભોગો, વગેરે પણ પવિત્ર અને ઉચ્ચ સ્વરૂપના હતા.ગાયને આર્યો તેમના સમગ્ર જીવનના કેન્દ્રરૂપે ખૂબ જ પૂજનીય અને પવિત્ર માનતા હતા. તો હવે પ્રશ્ન એ થાય છે કે આવું ઉચ્ચ કોટિનું જીવન જીવતા આર્યોના વેદોમાં હિંસક યજ્ઞો, નિમ્ન સ્વરૂપના ભોગો તથા ક્રિયાવિધિઓ કેવી રીતે દાખલ થઈ ગયેલ હશે ?

ૐ

ઉપર્યુક્ત પ્રશ્નના સંદર્ભમાં પ્રભુશ્રીએ દીર્ઘ ચિંતન કર્યા પછી તેમની સત્પ્રજ્ઞા દ્વારા સાચું રહસ્ય શોધી કાઢ્યું કે, **આર્યોના આગમન પૂર્વે ભારતમાં વિભિન્ન જાતિના લોકો વસતા હતા. આ જાતિઓની (અનાર્યોની) સંસ્કૃતિ કે જેમાં તેમના આચારો, ક્રિયાઓ, દેવો તથા તેની ઉપાસના પદ્ધતિ તેમજ સામાજીક જીવન આ આર્યોથી તદ્દન ભિન્ન હતા.**

હવે આ બંને જાતિઓ (આર્યો તથા અનાર્યો)ની ભિન્ન સંસ્કૃતિઓ કાળક્રમે એકબીજામાં મળી જવાને કારણે આર્યોના ધર્મશાસ્ત્રોમાં પણ અન્ય અનાર્ય સંસ્કૃતિના કેટલાક અનિચ્છનીય તત્ત્વો દાખલ થઇ ગયા હતા. દષ્ટાંત રૂપે જોઈએ તો **આર્યોના શુદ્ધ અને સાત્ત્વિક સ્વરૂપના યજ્ઞોમાં નાના જીવની પણ હિંસા ન થાય તે માટે યજ્ઞની વેદીની આસપાસ પાણીની ત્રણ પરિધિ બનાવવામાં આવતી હતી, કે જેથી નાના જીવો અજાણતા અગ્નિમાં પ્રવેશી ન શકે, જ્યારે આ જ આર્યોના યજુર્વેદમાં પશુ અને નરબલિના અસંખ્ય યજ્ઞોની ક્રિયાવિધિઓ કેવી રીતે આવી હશે તે સમજી શકાતું જ નથી.** આવી જ રીતે આર્યો તેમના યજ્ઞમાં સાત્ત્વિક સ્વરૂપની સોમ વનસ્પતિના પર્ણોના રસમાં ઘી, દૂધ, મધ વગેરે ભેળવીને સોમરસ બનાવતા હતા. જ્યારે આ જ વેદમાં એવો પણ ઉલ્લેખ છે કે ઘઉંના લોટના આથા સાથે સોમના પર્ણનો રસ ભેળવીને સોમરસ બનાવવામાં આવતો હતો. તો આવી રીતે સોમરસ બનાવવાની બે વિરોધી ક્રિયાઓ કઈ રીતે હોઈ શકે? વાસ્તવમાં સૂરા (એક પ્રકારની મદિરા) અનાર્યોનું પીણું હતું. પરંતુ આર્યોના સોમરસને તેઓ આથો અપાવીને માદક સ્વરૂપમાં રૂપાંતરિત કરીને પછી સોમરસ નામ આપીને ધરાવતા હતા. આવી જ રીતે અસંખ્ય વિરોધાભાસી બાબતો પવિત્ર વેદોમાં જોઈ શકાય છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે આર્ય અને અનાર્ય સંસ્કૃતિઓ એકબીજામાં ઈતિહાસની કોઈ વિચક્ષણ ઘટનાઓથી ભળી જતા આર્યોના ધર્મશાસ્ત્રોમાં પણ આ જાતની ભેળસેળ થઇ ગયેલ હતી.

વેદોમાં એવો પણ ઉલ્લેખ છે કે અમુક લોકો ચોક્કસ વ્યક્તિની પરોણાગતમાં

ૐ

ગાયનું માંસ પીરસતા હતા, જ્યારે આર્યોના જીવનમાં તો પ્રથમથી જ ગાયનું સ્થાન પૂજનીય રહેલું હતું. તો આવો વિરોધાભાસ અનાર્ય જાતિઓના રિવાજો તથા સંસ્કારો વેદોમાં દાખલ થઈ જવાને કારણે જોવા મળતો હતો. સંક્ષેપમાં કહીએ તો **આર્યોની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકૃતિ પૂજક હતી, જ્યારે અનાર્યોની સંસ્કૃતિ નિમ્ન પ્રકૃતિ તોષક હતી.**

આજપર્યંત સમગ્ર શ્રુતિ-શાસ્ત્રોને ઈશ્વરનો જ શબ્દ માની તેનાથી વિરુદ્ધ કોઈએ કશું વિચારેલ નથી કે કહેલ નથી. તેમ છતાં ઘણા વિદ્વાનોનો એવો સ્પષ્ટ મત છે કે અથર્વવેદના કેટલાક નિમ્ન મલિન વિદ્યાના સિદ્ધાંતો અને પ્રયોગો મૂળ આર્યોના ન હતા. જોકે ભગવદ્‌ગીતામાં તો ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટપણે ત્રણ વેદોનો જ ઉલ્લેખ કરેલ છે. અને કૌટિલ્યના સમય સુધી ત્રણ વેદો જ પ્રચલિત હતા. એટલે અથર્વવેદ ક્ષેપકરૂપે પાછળથી તેમાં ઉમેરાયેલ હોવાની પુરી શક્યતા છે! તેવી જ રીતે યજુર્વેદના હિંસક યજ્ઞનું સ્વરૂપ આર્યોના મૂળ અધ્વર્યુ વેદથી તદ્દન ભિન્ન છે. આ જ રીતે ઋગવેદ તથા સામવેદમાં પણ કેટલાક મંડળો તથા ઋચાઓ પાછળથી આ વેદોમાં ક્ષેપક રૂપે આવી ગયાનું અનુમાન છે.

પ્રભુશ્રીએ આ સમગ્ર પ્રશ્નોના નિચોડરૂપે સ્પષ્ટ કર્યું છે કે **વેદકાળમાં આર્ય સંસ્કૃતિમાં ગાયનું સ્થાન ખૂબ જ ઊંચું હતું** અને આર્ય લોકો તેને પવિત્ર તથા પૂજનીય માનતા હતા. પરંતુ અનાર્યોની સંસ્કૃતિમાં જે કંઈ નિમ્ન હતું તેમાનું ઘણું દુર્ભાગ્યે આર્યોના વેદોમાં પણ આવી ગયેલ છે. તેથી જ ભગવાન શ્રી રામકૃષ્ણ દેવના કથન અનુસાર **'આપણા શાસ્ત્રો ખાંડ અને રેતીનું મિશ્રણ થઈ ગયેલ છે એટલે તેમાંથી આ બંને (સત્ અને અસત્) જુદા પાડી લોકોને માત્ર ખાંડ જ આપવી જોઈએ.**

ત્યાર પછી બીજી સમસ્યાના સમાધાન તરીકે જુદા-જુદા ધર્મમાં ગાયનું અથવા અહિંસાનું સ્થાન શું છે તે પ્રભુશ્રીએ સ્પષ્ટ કર્યું. **કોઈપણ ધર્મમાં ગાયની**

**હિંસા કરવાનું તો કહેલ જ નથી. મુસ્લિમ ધર્મમાં પણ શ્રી મહંમદ પયગંબરે કહ્યું છે કે ‘‘ગાયનું દૂધ આરોગ્ય છે, ગૌમાંસ રોગ છે, ગાયનું માખણ ઔષધ છે, ગાયનું દૂધ રોગનો ઉપચાર છે, તથા આરોગ્યની પુનઃપ્રાપ્તિનું સાધન છે.’’** તેથી ગાયની રક્ષા કરવી તે સર્વધર્મની દૃષ્ટિએ પવિત્ર કર્તવ્ય છે.

એવી જ રીતે ભારતના બંધારણમાં કલમ ૪૮ નીચે ગૌરક્ષાનો કાયદો ઘડવા વિષે પ્રભુશ્રીએ વિસ્તૃત સમજ આપી છે. તેનો સાર એ જ છે કે બંધારણમાં સુધારો કર્યા વગર સંસદ સામાન્ય બહુમતીથી ગાયની રક્ષા કરવાનો કાયદો ઘડી જ શકે છે.

ગૌરક્ષાની બાબતમાં શ્રીગાંધીજીએ, આપણો દેશ બિનસાંપ્રદાયિક છે તેવું કહીને જે મંતવ્ય વ્યક્ત કરેલ છે તેનો પણ ઘણા લોકો આધાર લઈને ગૌરક્ષા થતી અટકાવે છે. પરંતુ પ્રભુશ્રીએ ખૂબ જ વ્યવસ્થિત અને વિસ્તૃત રીતે ન્યાય અને નીતિના (Logic & Ethics) દૃષ્ટિકોણથી ગાંધીજીના આ મંતવ્યની સુંદર આલોચના કરી છે. કોઈપણ બુદ્ધિજીવી વિચારકે તે ખરેખર વાંચવા યોગ્ય છે. (જુઓ પ્રભુશ્રી લિખિત – ‘ધારા સ્થાપિત– ગૌરક્ષા એક નૈતિક આધ્યાત્મિક અનિવાર્યતા.’)

**આર્ય સંસ્કૃતિમાં ગાયનું સ્થાન :**

આદિકાળથી પવિત્ર ગાયમાતા માનવજાતની સેવા કરતી આવેલ છે. આર્યોના જીવનમાં ગાયના દૂધ, માખણ, ઘી, વગેરેનો તેમની પૂજા, ઉપાસના તથા આહારમાં ઉપયોગ થતો હતો. તેમની પર્ણકુટીમાં પણ ગાયના છાણનું લીંપણ થતું હતું. ગાયના વાછરડાનો પુખ્તવયે ખેતીમાં બળદ તરીકે ઉપયોગ કરતા હતા. આમ **ગાય અને આર્ય સંસ્કૃતિ એકબીજાના પર્યાય બની ગયેલા હતા.** ગાયો વસાવવી–વધારવી એ જ શરૂઆતના ભારતીય આર્યોનું જીવન કર્તવ્ય હતું. એ જ રીતે ગાય એ જ તેમની સંપત્તિ, ગાય એ જ તેની સંતતિ, ગાયોનો સમૂહ જ તેમની કીર્તિ, ગાયની સેવા એ જ તેમની ભક્તિ, ગૌસંગ તેમની આસક્તિ, ગાયનું દૂધ તેમની શક્તિ, ગાયનું મૂત્ર

ૐ

તેમની ઔષધિ, ગાયનું ગૌચર એ તેમનું મંદિર હતું તેમ કહી શકાય.

આધ્યાત્મિક જીવનમાં જેમ ગંગાજી, તુલસીજી, વગેરે પવિત્ર છે તેવી જ રીતે ગાયને પણ પવિત્ર માની તેને 'પાવની' રૂપે અન્યને પવિત્ર કરનાર કહેલ છે. ગાયમાતામાં રહેલ સદ્ગુણ અને તેની ઉપયોગિતાના સંદર્ભમાં તેને જુદા જુદા નામોથી સંબોધન થયેલ છે. જેમકે અદિતિ, પાવની, વશા, યજ્ઞપદી, વિશ્વાસુ, જગતી, ભૂરીમહી, ભદ્રવિશ્રુત અને ગૌમાતા વગેરે નામોનો ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખ છે.

ગાયમાં રહેલી **કરુણા, સૌમ્યતા તથા નિઃસ્વાર્થતાને** જોતાં કહી શકાય કે પૃથ્વી પર ગાયથી વિશેષ આવી ઉચ્ચ પ્રકૃતિ ધરાવતું બીજું કોઈ પ્રાણી નથી. ઘણા લોકો કોઈ કર્મના પરિપાકરૂપે અથવા પુણ્યાર્થે ગાયને ઘાસ કે રોટલા ખવડાવે છે. આનું કારણ **ગાયમાં રહેલી પવિત્રતા દ્વારા તેમના પાપકર્મો શુદ્ધ થાય છે.** વધુમાં ગાયનો સંબંધ તેની સાત્ત્વિક પ્રકૃતિને કારણે પરમાત્મા સાથે હોવાથી તેમની પણ કૃપા-આશિષ ગાયની સેવા દ્વારા મળે છે. ગાયમાં સમજશક્તિ પણ અન્ય કોઈ પ્રાણીથી વિશેષ રહેલી છે. ઘણા વૃદ્ધો પાસેથી સાંભળ્યું છે કે ગાય રડતી હોય છે, અને તેની આંખોમાંથી આંસુ પડતા હોય છે. એટલે ગાયની આંતર-સંવેદના કોઈ કોઈ લોકો જ જાણતા હોય છે. અને તે અર્થમાં ગાયના આશીર્વાદ લેવા ઉચિત છે. તેને ક્યારેય દુઃખી કરી શાપ ન લેવો જોઈએ.

પ્રભુશ્રી ગાયોની રક્ષા **અહિંસાના સમાવર્તી સિદ્ધાંત પર કરવા ઇચ્છતા હતા.** તેઓશ્રીએ સમજાવ્યું હતું કે **મૂકજીવોની રક્ષા અર્થે માંસાહારી ખોરાક અટકાવવાના કાર્યના પ્રથમ ભાગરૂપે ગાયોની રક્ષા આધ્યાત્મિક દૃષ્ટિએ અનિવાર્ય છે. પરંતુ તે અન્ય પ્રાણીઓના ભોગે થવી જોઈએ નહીં.** તેથી જ તેઓશ્રીએ સૂચન કરેલું કે રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશનો, વિમાની મથકો તેમજ સરકારી અતિથિગૃહો વગેરેમાં માંસાહારી આહાર આપવાનું બંધ કરવું જોઈએ.


ૐ

અંતમાં સારરૂપે પ્રભુશ્રીએ જે ગાયો અર્થે આટલી તપસ્યા કરી તેમજ ચાર વર્ષ સુધી ઉપવાસ કર્યા અને જે લખાણ કર્યું તે સમગ્ર લખાણના અર્કરૂપે ‘સત્યયુગ શ્રી રામજી મંદિર’ની દિવાલ પર (નિજમંદિર પાસે) શિલાલેખ રૂપે, નીચેના શબ્દો કોતરાવ્યા છે.

**પરમ હિતકારિણી પાવની**

**‘‘જગતભરના મનુષ્યોને પરમાત્માની કરુણારૂપી જીવન પ્રદાયક દુગ્ધાનુમૃત વડે પોષતી, સ્વભાવથી જ સાત્ત્વિક તથા પવિત્ર તેમજ સ્વર્ગના દેવોનું અવની પરનું આશ્રયસ્થાન ગાય એક સામાન્ય પ્રાણી નથી. પરંતુ આર્યસંસ્કૃતિની જનેતા, પૃથ્વીને પાવન કરનારી, વિશ્વનું મંગલ કરનારી પરમ પરોપકારી માતા છે.’’**

– સત્યયુગાવતાર શ્રી આત્મન્ ભગવાન




ૐ

| | | |
|---|---|---|
| ગૌ – પશુ પાલન<br>પ્રલય – નિવારણ | કરુણા – કૃતજ્ઞતા<br>માનવ – કર્તવ્યતા | શુદ્ધ – ધાન્યહાર<br>સમ્યક્ – આચાર |

**તા.ક. તેઓશ્રીએ લખેલ ગૌરક્ષાના અંગ્રેજી પુસ્તકમાં માત્ર વેદકાલિન સમસ્યાની સમજ આપેલી છે. પરંતુ આ અપૂર્ણ પુસ્તકના પર્યાયરૂપે તેઓશ્રીએ સંક્ષિપ્તમાં ગુજરાતી ભાષામાં ગૌરક્ષાની વચ્ચે આવતા અવરોધક પ્રશ્નો સમાવી લીધા છે.**

"જગત ગાયના એક શિંગડા પર ટકી રહેલ છે."
— ઇસ્લામી પ્રણાલી



"ગાયનું દૂધ આરોગ્ય છે, ગૌમાંસ રોગ છે; ગાયનું માખણ ઔષધ છે, ગાયનું દૂધ રોગનો ઉપચાર છે, તથા આરોગ્યની પુનઃપ્રાપ્તિનું સાધન છે."
—શ્રી મહમદ પયગંબર   નાશિયાત હાદી

"गायका गोस्त मर्ज है, उसका दूध सफा है और उसका घी दवा है।" (કુરાન-તુલ્ય, ઇસ્લામ ધર્મના સારરૂપ)
દલ ઉલુમ અલ-દિન   —અલ ગજાલી સાહેબ

"न तो कुरान और न अरबकी प्रथा ही गौकी कुरबानीका समर्थन करती है।"   —હકીમ અજમલખાન સાહેબ

ॐ

**अहिंसा प्रथम पुण्यं  पुष्पामन्द्रिय निग्रहं ।**
**सर्व भूतदया पुष्पं क्षमा पुष्पं विशेषतः ।।**
**शांतिः पुष्पं तपः पुष्पं ध्यानं पुष्पं तथैव च ।**
**सत्यमष्टविधं पुष्पं विष्णोः प्रीतिकरं भवेत।।**

પ્રકરણ - ૧૭

## અધ્યાત્મ જ્ઞાનોપદેશ

**પ્રાસ્તાવિક :**

પૂજ્ય પ્રભુશ્રીએ 'શ્યામલ'માં ચૌદ વર્ષ (ઈ.સ.૧૯૬૮-૮૨) સુધી અખંડપણે રહીને અધ્યાત્મ જ્ઞાનોપદેશ આપ્યો છે. તેઓશ્રીની 'બ્રહ્મભાવ'ની અવસ્થાને કારણે અમુક અપવાદ સિવાય ભાગ્યે જ 'શ્યામલ'ની બહાર ગયા હતા, અને તેથી લોકોને તેમનો પ્રત્યક્ષ સત્સંગ કે ઉપદેશનો લાભ પ્રાપ્ત થઇ શક્યો નથી. જો કે 'શ્યામલ'માં પણ તેમના ઉપદેશની કોઈ વ્યવસ્થિત નોંધ થઈ શકેલ નથી. માત્ર તેઓશ્રીએ લખેલ મર્યાદિત સાહિત્ય તેમજ લખાવેલ પત્રો કે નોંધ જ તેમના ઉપદેશના પ્રમાણરૂપ છે, તેમ છતાં તેમના ગહન તત્વજ્ઞાન કે અગાધ આધ્યાત્મિક જ્ઞાનની વ્યાપક સમજ અર્થે આ લખાણ મહત્ત્વના આધાર મુદ્દા બની રહે છે.

પરમ પૂજ્ય પ્રભુશ્રીનું અધિષ્ઠાન 'શ્યામલ' ગુજરાત રાજ્યના રાજકોટ શહેરમાં આવેલું એક નાનકડું એવું મકાન છે. જ્યાં પ્રભુશ્રીએ દીર્ઘ  સમય સુધી જિજ્ઞાસુની જ્ઞાન-તૃષ્ણાને સંતોષેલ છે. તેમની પાસે આવતા દરેકને પ્રભુશ્રી સમદૃષ્ટિથી આવકારતા અને તેમની યોગ્યતા અનુસાર જ્ઞાનબોધ આપતા હતા. અહીં વિવિધ વર્ગ અને કક્ષાની વ્યક્તિઓ* પરમ કૃપાળુશ્રીના દર્શને આવેલ હતી.

*ધાર્મિક ક્ષેત્રની વ્યક્તિઓમાં સંત-મહંત, વિદ્વાન બ્રાહ્મણો, કથાકાર પૂજારી તથા ભજનિક આવતા હતા, જ્યારે સામાજીક ક્ષેત્રની વ્યક્તિઓમાં પ્રોફેસર, ડોક્ટર, વકીલ, ઈજનેર, ઉદ્યોગપતિ, વેપારી, ખેડૂત, કારીગર તથા વિદ્યાર્થી આવતા હતા. કેટલીક પ્રતિષ્ઠિત અગ્રણી વ્યક્તિઓ

ૐ

પ્રભુશ્રી તેમના ભક્તો સાથે તો પ્રસંગોચિત સ્થાન અને સમયની મર્યાદા વગર કલાકો સુધી (ઉપદેશાત્મક) વાર્તાલાપ કરતા. પ્રેરણાનુસાર કોઈ વિશેષ ભક્તને તો બોલાવી તેની આત્મોન્નતિ અર્થે જ્ઞાનોપદેશ પણ આપતા.

પ્રભુશ્રીની ઉપદેશની પદ્ધતિ અને પ્રકાર પણ વ્યક્તિના આધ્યાત્મિક સ્તર અનુસાર બદલાતા હતા. નાના બાળક કે ગામડાના અભણ વૃદ્ધ સાથે પણ તેઓશ્રી પ્રેમપૂર્વક વાતો કરતા. બુદ્ધિજીવી શિક્ષિત વ્યક્તિને તેને અનુરૂપ અંગ્રેજીમાં પણ વિદ્વતાપૂર્ણ ઉપદેશની વાતો કરતા. કોઈને પણ ક્યારેય નિરાશ કરતા નહીં. વળી સંત-સાધુ, સંન્યાસી કે બ્રાહ્મણને ઉચ્ચ આદર આપતા. માત્ર શોખથી કે અહંકારથી કોઈ જાણવા ખાતર જ પ્રશ્ન પૂછે તો તેની સાથે મૌનની ભાષામાં જ જવાબ આપતા. આ સંદર્ભમાં એક રસપ્રદ પ્રસંગ જાણીએ.

એક વખત કોઈ શિક્ષિત યુવાન પ્રભુશ્રી પાસે આવેલ હતા. બહારગામથી આવેલા આ યુવાનને પ્રભુશ્રીએ આવકારી બેસાડ્યા પરંતુ બેસતાની સાથે જ પ્રશ્ન કર્યો, ''શ્રી રામકૃષ્ણ પરમહંસ પાસે જે પ્રશ્ન લઈને વિવેકાનંદ ગયા હતા તે જ પ્રશ્ન લઈને આપની પાસે આવ્યો છું.....''

પ્રભુશ્રીએ સહેજ મૌન રાખી પછી કહ્યું, ''થોડીવાર નીચે બેસો પછી બોલાવું છું.''

પ્રભુશ્રીએ પૂજા-ધ્યાન પૂર્ણ કર્યા પછી તેને બોલાવવા માટે કોઈને કહ્યું પરંતુ જાણવા મળ્યું કે તેઓ થોડીવાર બેસીને જતા રહ્યા હતા.

પછી પ્રભુશ્રીએ સહેજ હસતા હસતા કહ્યું કે, શ્રી વિવેકાનંદ તો શ્રી રામકૃષ્ણ ભગવાન પાસે ઉઘાડા પગે અને શરીરનું પણ ભાન ન હતું તેવી સ્થિતિમાં (ઈશ્વરને જાણવાની) પ્રબળ ઉત્કટતાથી ગયા હતા જ્યારે આ તો થોડી વાર બેસવાની ધીરજ પણ રાખી ન શક્યા.

**(ચાલુ)** પણ દર્શને આવેલ હતી, જેમ કે યુનિવર્સિટીના ઉપકુલપતિ, વરિષ્ઠ સરકારી અધિકારી, ધારાસભ્ય, જાણીતી સંસ્થાના ચેરમેન, ટ્રસ્ટી, ન્યાયાધીશ, અખબારના તંત્રી, કોલેજના પ્રિન્સિપાલ આવેલ હતા. તેમજ અન્ય ધર્મના અનુયાયીઓ પણ દર્શને આવેલ હતા.

ૐ

આ પ્રમાણે કોઈ જો પ્રશ્ન માત્ર પૂછવા ખાતર જ પૂછે તો તેને પ્રભુશ્રી શું સમજાવે ? આવા ઘણા કારણોને લઈને પછીથી પ્રભુશ્રીએ **કોઈપણને પૂર્વ રજા લઈને જ આવવા દેવાનો નિયમ બનાવ્યો હતો.**

અધ્યાત્મવિજ્ઞાન એ જ પ્રભુશ્રીના જ્ઞાનનો પાયો છે. જેના મૂળમાં બ્રહ્મ અને માયાના ભિન્નત્વનું તત્વજ્ઞાન રહેલું છે. આ જ્ઞાનના આધાર પર પ્રભુશ્રીએ કોઈપણ દુન્યવી વિષયનું આધ્યાત્મિક દૃષ્ટિએ મૂલ્યાંકન કરીને ઉકેલ સૂચવ્યા હતા.

જો કે પ્રભુશ્રીનું પવિત્રત્તમ જીવન અને શુદ્ધ આચરણ જ એક ઉપદેશરૂપ હતું. તેમના નિજ અને જાહેર જીવનના પ્રત્યેક વ્યવહારો, કાર્યો સંપૂર્ણપણે અધ્યાત્મલક્ષી જ જોવા મળતા હતા. પ્રભુશ્રી સ્વયં આધ્યાત્મિકતાના એક આદર્શ માપદંડ હતા અને તેથી જ (પ્રભુશ્રી) આધ્યાત્મિકતાના નિયમોનું સો ટકા પાલન કરે તો જ બીજા નવાણું ટકા કરશે એ પ્રભુશ્રી સમજતા હતા.

**જ્ઞાનોપદેશના સારરૂપ શ્લોક :**

પ્રભુશ્રીના સમગ્ર ઉપદેશનો સાર નીચેના શ્લોકમાં સમાયેલ છે.

તેઓશ્રીના અંતિમ દિવસો દરમિયાન નાસિક (મુક્તિધામ)માં દેહત્યાગના ત્રણ દિવસ પૂર્વે તેમને પૂછ્યું, 'આપ કંઈ કહેવા ઈચ્છો છો ? ત્યારે અસહ્ય નબળાઈ હોવા છતાં તૂટકપણે આ શ્લોક પૂર્ણપણે બોલ્યા અને પછી કહ્યું, **''આ શ્લોક મારી સમગ્ર જીવન સાધનાનો નિચોડ છે. તેમાં (મારો) સમગ્ર ઉપદેશ સમાય જાય છે. આજ મારા ઉપદેશનો સાર છે... (મારે) જે કંઈ કહેવાનું હતું તે બધું તેમાં કહી દીધું છે.''**

**'सत्यं, करुणा, सत्कर्तव्यं, ब्रह्ममंत्र ध्यानं, पावित्र्यम्'**
**कृतयुग–ऋतविश्वस्य चिन्मय–मार्गः बृहत् वरम्।**
**सत्भक्ति सम्यक् ज्ञानम्, अध्यात्मयोग प्रदायकम्**
**मायामुक्त शुद्ध जीवनस्य ब्रह्मज्योतिः संवित् परम्।।**

ૐ

ભાવાર્થ : સત્ય, કરુણા, સત્-કર્તવ્ય, બ્રહ્મમંત્રધ્યાન તથા (બ્રહ્મચર્યાત્મક) પવિત્રતા' એ સત્યયુગના ઋત્ અનુસાર (નૈતિક-આધ્યાત્મિક નિયમો દ્વારા સંચાલિત) વિશ્વનો ચિન્મય મહામાર્ગ છે. તે સદ્‌ભક્તિ, સમ્યક્ (સાચું) જ્ઞાન તથા અધ્યાત્મ યોગ આપનાર છે અને તે જ માયાથી મુક્ત શુદ્ધ જીવન અર્થે બ્રહ્મની જ્યોતિ રૂપ પરમજ્ઞાન છે.

સંક્ષિપ્તમાં કહીએ તો શ્લોકમાં દર્શાવેલ પાંચ સાધનોનો ઉપયોગ જ વિશ્વમાં નૈતિકતા અને આધ્યાત્મિકતાનું શાસન પ્રવર્તિત કરવા માટેનો મહામાર્ગ છે. વ્યક્તિગત જીવનમાં ભક્તિ, જ્ઞાન અને યોગની પ્રાપ્તિ પણ આ પાંચ સાધન થકી અવશ્ય થઈ શકશે અને માયાથી મુક્ત થવા અર્થે બ્રહ્મની જ્યોતિરૂપ પરમજ્ઞાન એ આ પાંચ સાધન જ છે.

ઉપર્યુક્ત શ્લોકની રચના પ્રભુશ્રીએ તેમના દિવ્ય અવતારી જીવનના અંતિમ વર્ષોમાં કરી છે. પરંતુ આત્મસાક્ષાત્કાર (ઈ.સ.૧૯૫૨) પછી તેઓશ્રીને જે અનુભૂતિ-જ્ઞાન પ્રાપ્ત થયું તેમાં ચાર સાધન મુખ્ય હતા. ત્યારે તેઓશ્રીએ નીચે પ્રમાણે લખ્યું હતું.

**સત્યં, કરુણા જપઃ પાવિત્ર્યમ્**
**સત્યુગસ્ય સાધનમ્ પરમ્**
**મુક્તયા સત્-સાધનમ્**

પછી છેલ્લી બે પંક્તિઓમાં ફેરફાર કરી લખેલ,

**સદ્‌ભક્તિ ચિદ્‌બોધ પ્રદાયકમ્**
**સમ્યગમ્ મુક્તયાઃ વર્ત્મ વરમ્ ।**

પ્રભુશ્રીએ બ્રહ્મના સ્વરૂપ અને સ્વભાવ અનુસાર આ પાંચ સાધન-તત્ત્વોને બ્રહ્મ સાથેના સંબંધમાં મુખ્ય દર્શાવેલા છે. શ્રી રામકૃષ્ણ ભગવાનના મહાવાક્ય (**'ઈશ્વર પ્રાપ્તિ જ માનવ જીવનનો ઉદ્દેશ છે'**) મુજબ ઈશ્વરપ્રાપ્તિ જ

ૐ

માનવજીવનનો એક માત્ર ઉદ્દેશ હોવાથી તે પરમ ઉદ્દેશની પ્રાપ્તિ માટે જ પ્રભુશ્રીએ ઉપરોક્ત પાંચ સાધન ચીંધ્યા છે.

પ્રભુશ્રીએ અત્યંત સ્પષ્ટપણે કહેલું છે કે **''મનુષ્ય માત્ર આ પાંચ સાધન સિદ્ધાંતોને યોગ્ય રીતે સમજી અને તેનું જીવનમાં સંપૂર્ણપણે પાલન કરે તો, તેને અંતમાં જે કંઈ પ્રાપ્ત થશે તે સમ્યક્ (મુક્તિ, નિર્વાણ, મોક્ષ, કૈવલ્ય, વૈકુંઠ કે પરમ પદ) જ હશે.** એટલે જુદા જુદા માર્ગો, પંથો, ધર્મો કે વિચારધારાઓના તત્ત્વજ્ઞાનના ઊંડા રહસ્યોમાં ન અટવાતા માત્ર આ પાંચ સાધનના સિદ્ધાંતો અનુસાર જીવનમાં વર્તે તો તેને આત્મસાક્ષાત્કાર કે સચ્ચિદાનંદની પ્રાપ્તિ ચોક્કસ થઈ શકે છે.''

| | | |
|---|---|---|
| ૧. સત્ય | – | જીવનમાં સત્યનું પાલન |
| ૨. કરુણા | – | અહિંસાનું આચરણ |
| ૩. સત્ કર્તવ્ય | – | સત્ કર્તવ્યનું અનુસરણ |
| ૪. બ્રહ્મમંત્ર ધ્યાન | – | બ્રહ્મમંત્રનું સ્મરણ (ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ) |
| ૫. પાવિત્ર્યમ્ | – | બ્રહ્મચર્યનું પરિશીલન |

**અન્ય ધર્મોમાં આ સિદ્ધાંતોનું મહત્ત્વ :**

હિન્દુ, બૌદ્ધ અને જૈન ધર્મના પાંચ મહાવ્રતો, નિયમો કે સિદ્ધાંતોમાં પ્રથમ ત્રણ સત્ય, કરુણા, બ્રહ્મચર્ય દર્શાવેલા છે. અસ્તેય અને અપરિગ્રહને સ્થાને પ્રભુશ્રીએ સત્કર્તવ્ય અને બ્રહ્મમંત્રજપ મૂકેલ છે. તેનાથી પૂર્ણ આધ્યાત્મિકતાની પ્રાપ્તિ અર્થેના સર્વ સાધન આ શ્લોકમાં સમાય જાય છે. સત્ય, કરુણા (અહિંસા) અને બ્રહ્મચર્ય એ તો કોઈપણ સાચા ધર્મના મૂળભૂત આધારસ્તંભ છે. તેના વગર કોઈપણ ધર્મ સદ્ધર્મ બની શકતો નથી. આર્ય ધર્મોમાં તેથી જ આ સિદ્ધાંતો તેના પાયાના હાર્દ રૂપે રહેલા છે. કોઈપણ ધર્મમાં જેટલે અંશે આ સિદ્ધાંતોનો અભાવ હશે તેટલે અંશે તેમાં આધ્યાત્મિકતાનું સત્વ મળશે નહીં.

ॐ

**શ્લોક અનુસાર પાંચ સાધનનું મહત્ત્વ :**

પ્રભુશ્રીએ 'બ્રહ્મ' શબ્દની વ્યાખ્યા '**सत्परं चिदधनं कुरुणात्मकं ब्रह्म**' આપેલ છે. આ વ્યાખ્યા અનુસાર બ્રહ્મની પ્રાપ્તિ ઉપર્યુક્ત શ્લોકમાં દર્શાવેલ સાધનો દ્વારા જ શક્ય છે. પૂજ્ય આત્મન્ ભગવાને ભારપૂર્વક કહેલું કે, **''આ સાધન-સિદ્ધાંતોના પાલન વગર કોઈ કહે કે તેને પરમાત્માનો સાક્ષાત્કાર થયેલ છે તો તે માત્ર ભ્રમ છે. માયાના આભાસરૂપે જ તેને મિથ્યા દર્શન કે ભ્રામિક અનુભૂતિ થયેલી હોય છે.''**

બ્રહ્મ અને માયા વચ્ચેની ભેદરેખા જ સિદ્ધાંતોના અનુસરણથી સ્પષ્ટ થાય છે. શ્લોકમાં છેલ્લી લીટીમાં લખ્યું છે કે માયાથી મુક્ત થવા આ પાંચ સાધન જ બ્રહ્મની જ્યોતિરૂપ પરમજ્ઞાન છે. એટલે પાંચ સાધન જ પરમાત્માની પ્રાપ્તિ માટે 'બ્રહ્મવિદ્યા'ના મૂળભૂત પાયા છે. તે જ મનુષ્યને માયાના બંધનથી છોડાવે છે. પ્રભુશ્રીનું સમગ્ર અધ્યાત્મ વિજ્ઞાન આ પાંચ સાધનોમાં રહેલું છે. આ પાંચને સદ્ધર્મના અંગરૂપ કહેલ છે. અને તેથી વિશ્વમાં આ સત્ધર્મ જ સાચી આધ્યાત્મિકતાનું પ્રવર્તન કરી શકવા સક્ષમ છે.

આ પાંચ સાધનની વ્યવસ્થિત સમજ મેળવતા પૂર્વે પ્રભુશ્રીએ તેનું અન્ય સ્થાને દર્શાવેલ મહત્ત્વ જાણીએ.

આ પ્રકરણના પ્રારંભમાં જ મૂકેલ શ્લોકને પ્રભુશ્રીએ ઘણું જ મહત્ત્વ આપેલ અને તેમને બહુજ ગમતો હોવાથી તેના પરથી તેઓશ્રીએ એક અંગ્રેજી કાવ્ય* લખેલ છે. આ કાવ્યમાં પણ પરિબ્રહ્મ પરમાત્મા શ્રી વિષ્ણુ ભગવાનને પ્રિય નવપુષ્પો નવ સાધન-સિદ્ધાંતોરૂપે દર્શાવ્યા છે. આ બધા પુષ્પોના ગુણધર્મો અનુસાર નવ સાધન-તત્ત્વોને સમજાવ્યા છે. આ રીતે આધ્યાત્મિકતાના મૂળભૂત સાધન સિદ્ધાંતોને પુષ્પોની ઉપમા આપી તેનું ઉચ્ચત્તમ મૂલ્ય સ્પષ્ટ કર્યું છે. પ્રભુશ્રી

57. "A HYMN TO PARAM BRAHM" - COMPASSION THE LIGHT OF BRAHM P.1

રચિત શ્લોકના પાંચ સાધન-સિદ્ધાંતોને આ કાવ્યમાં દર્શાવીને તે રીતે તેની મહત્તા પણ સમજાવી છે.

**અધ્યાત્મ જીવનની આંતર ચાવી : (ચિત્ર)**

પ્રભુશ્રીએ જ્ઞાનોપદેશ આપતું એક સુંદર ચિત્ર બનાવડાવ્યું છે. આ ચિત્રમાં હંસની ચાંચમાં એક ચાવીનો ઝૂડો છે. તેમાં ત્રણ ઝૂમખામાં બાર ચાવીઓ દર્શાવી છે. આ ચાવીઓ આધ્યાત્મિક જીવનરૂપ તાળાને ખોલવા માટેની છે.

આધ્યાત્મિક જીવનમાં પ્રવેશવા અને પૂર્ણ આત્મા (હંસ) થવા આ ચાવીઓ જ મુખ્ય છે. તેના વિના આધ્યાત્મિકતાની પૂર્ણતાએ પહોંચવું અશક્ય છે.

ચાવીના ઝૂડાના પ્રથમ ઝૂમખામાં પાંચ ચાવીઓ છે. તેમાં સિદ્ધાંત કે સાધન અનુસાર ચાવી દ્વારા પાલનનો નિયમ બતાવ્યો છે. જેમ કે સત્ કર્તવ્યપરાણયણતા અર્થે અપ્રમાદ, સત્ નૈતિકતા અર્થે નિઃસ્વાર્થતા(નિષ્કામતા), બ્રહ્મચર્યાત્મક પવિત્રતા અર્થે સંયમ, જ્ઞાનયુક્તકરુણા અર્થેની બે ચાવીમાં દયા અને આત્મૌપમ્યતાની સમજ આપી છે.

બીજા ઝૂમખામાં 'સત્ય'ની ત્રણ ચાવીઓમાં સત્યના સિદ્ધાંતની સંપૂર્ણ સમજ આપી છે. (સમજ અર્થે જુઓ પ્રકરણ - ૯)

ત્રીજા ઝૂમખાની ચાર ચાવીઓમાં મંત્ર અર્થે બ્રહ્મમંત્રનું સ્મરણ, ઇષ્ટ પ્રત્યેના પરમ ભાવમાં નિષ્કામતા, અન્યનાં ઇષ્ટ પ્રત્યેના વર્તનમાં જ્ઞાનદૃષ્ટિ અને વિશ્વપ્રેમના સિદ્ધાંતમાં સર્વત્ર શુભ ભાવનાની ચાવી દર્શાવી છે. બધી ચાવીઓની મુખ્ય કડીમાં અધ્યાત્મના અર્કરૂપે 'ૐ હ્રીં ઋતમ્' લખેલ છે.

આ પ્રમાણે પ્રભુશ્રીએ શ્લોકમાં દર્શાવેલ પાંચેય સાધન-સિદ્ધાંતોને ચિત્રમાં સારી રીતે સમાવિષ્ટ કરી તે અર્થેના પાલન માટેનો નિયમ ચાવીમાં લખીને દર્શાવેલ છે.


ૐ

આ બાર ચાવીના ફળસ્વરૂપ વ્યષ્ટિ-સમષ્ટિને સત્ સૌંદર્ય, સાત્ત્વિક ધન-ધાન્ય, સત્-શાંતિ, પરા શાંતિની પ્રાપ્તિ થાય છે.

સંક્ષેપમાં કહીએ તો પ્રભુશ્રીએ તેમના સંપૂર્ણ અધ્યાત્મજ્ઞાનનો સાર આ ચિત્રમાં દર્શાવેલ છે જે આગળના પ્રકરણમાં સમજાવેલ છે.

પ્રભુશ્રી રચિત 'પ્રાર્થનોપનિષદ' તથા બ્રહ્મમંત્રના નિદિધ્યાસનના વ્યવસ્થિત અભ્યાસ પરથી પણ સમજી શકાય છે કે શ્લોકમાં દર્શાવેલા પાંચેય સાધન-તત્ત્વોને તેમાં સમાવિષ્ટ કરેલ છે. આમ પ્રભુશ્રીના સંપૂર્ણ અધ્યાત્મ વિજ્ઞાનના કેન્દ્રમાં આ શ્લોક રહેલ છે.

**'એક સંતનો અનુભવ' પુસ્તિકા :**



ઈ.સ.૧૯૬૨માં પ્રભુશ્રીએ 'એક સંતનો અનુભવ' પુસ્તિકા છપાવી હતી. તેઓશ્રીને સાક્ષાત્કાર થયાના થોડા વર્ષો પછી એક પુસ્તિકા વાંચવામાં આવી હતી તેમાં જે લખ્યું હતું તે જ **તેમના ઉપદેશનો સાર હતો.** આ ઉપરાંત અન્ય કેટલીક બાબતો જે આ પુસ્તિકામાં લખાયેલ તે પણ ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં એટલી જ મહત્ત્વની હતી તેથી પ્રભુશ્રીએ પોતાના સ્વાનુભવને લોકો સમક્ષ મૂકવા આ પુસ્તકને છપાવવું ઉચિત માન્યું.

પ્રસ્તુત પુસ્તિકામાં **શ્રીનારાયણ સ્વામીને જે રીતે ખુલ્લી આંખે વિષ્ણુ ભગવાનનો સાક્ષાત્કાર થયેલ તે જાણી પ્રભુશ્રી અત્યંત પ્રસન્ન થયા હતા.** કારણ કે આ કલિયુગમાં પરમાત્માને જ ગુરુ માની શ્રીનારાયણ સ્વામીએ માત્ર જપ દ્વારા

જ પરમ સાક્ષાત્કાર કર્યો હતો.

શ્રી નારાયણ સ્વામીએ પોતાના અનુભવાત્મક વૃતાંતમાં ઈશ્વર પ્રાપ્તિના જે સાધનો બતાવ્યા છે તેને પ્રભુશ્રીએ પૂર્ણરૂપે આત્મસાત્ કર્યા હતા.વધુમાં **નારાયણ સ્વામીએ માત્ર 'જપ'ને જ મુખ્ય આધારરૂપ સાધન બનાવી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો.** તેઓશ્રી નિત્ય ક્રમશઃ જપની સંખ્યા વધારતા **બાવીસ કલાક જપ કરતા અને માત્ર બે કલાક સુતા હતા !** આ રીતે તેમને ત્રણ વર્ષ છ માસ અને ચોવીસ દિવસમાં ખુલી આંખે પરિબ્રહ્મ શ્રીવિષ્ણુ ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો. ચાણોદ પાસેની નિર્જન 'યમહાસ'ની જગ્યામાં લગભગ સો વર્ષ પૂર્વ આ અદ્ભુત ઘટના બની હતી.

ઈશ્વર પ્રાપ્તિના સંતોના અનુભવોમાં આ સર્વોત્તમ ઉદાહરણ હોવાથી જ પ્રભુશ્રીએ આ પુસ્તિકા છપાવેલ હતી. એટલું જ નહિ પણ ભક્તવત્સલ પ્રભુ સ્વયં શ્રી નારાયણ સ્વામીના દર્શને ગયા હતા. પ્રભુશ્રીએ પુસ્તકમાં તેમના નિવેદનમાં લખ્યું છે કે,

**''આવા દિવ્ય જીવનની ગુરુચાવી તેઓશ્રીના ત્યાગ, વૈરાગ્ય, તપ, દૃઢ વ્રતબદ્ધ રહેણી અને કેવળ પ્રભુપરાયણતામાં હતી. નિરંતર 'નારાયણ' નામનો જપ, મહત્ સમયનું મૌન, અતિ અલ્પનિદ્રા, અલ્પાહાર, એકાદશી પૂર્ણિમા અને અમાવસ્યાના નિર્જળા ઉપવાસ, શણીયાની લંગોટી અને શણીયાનું આસન, ધન, માન, મઠ પૂજા આદિથી દૂર રહેવું; ભગવાન અને ભગવત્પ્રેમની વાતો સાંભળતા જ અશ્રુધારા વહેવી એ જ એમનું જીવન. એવા અનન્ય પ્રભુ ભક્તના ચરણકમળમાં અનંત કોટી વંદન.''**

**''સંતોનું જીવન ખરેજ માનવ પુષ્પની સુરભિ સરિખું છે.''** આ સાથે પ્રભુશ્રીએ તે પરમ વંદનીય સંતના ભક્તિમય જીવનની બે ઘટના પણ નોંધી છે :

ૐ

(૧) નારાયણ સ્વામી સ્વયં સાક્ષાત્ બદ્રીનાથ ભગવાનને વર્ષમાં એકવાર સ્વહસ્તે જમાડતા હતા ! (૨) સ્વયં પરમાત્માએ તેમની મરડાની બીમારીમાં તેમને સાફ કરી પોતાના પરમભક્તની સેવા કરી હતી !

**શ્લોકમાં દર્શાવેલ સત્યયુગના પાંચ સાધનની સમજ :**

**(૧) સત્ય :**

સત્ય વિષે પ્રકરણ નવમાં વ્યવસ્થિત સમજ આપી છે. તેથી અહીં તે બધું પુનઃ લખવું આવશ્યક નથી.

'સત્ય'ને પ્રભુશ્રીએ પાંચ સાધનમાં પ્રથમ સ્થાન આપ્યું છે. તેઓશ્રીનું સમગ્ર અવતારી કાર્ય સત્યના પાયા પર જ રહેલું છે. વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં સત્યના પાલન વગર સાચી સુખ-શાંતિ કે સમૃદ્ધિ મળવી મુશ્કેલ છે. આધ્યાત્મિક માર્ગે જનાર માટે તો સત્યપાલન સૌથી અગત્યનું છે. બીજા બધાં સિદ્ધાંતો, નિયમો કે વ્રતોનું પાલન કરે પણ મૂળમાં સત્યનું પાલન નહીં હોય તો સાધકને ઉચિત ફળ મળતું નથી. પરંતુ પ્રથમ 'સત્ય' પાળવાનું શરૂ કરશે તો ક્રમશઃ અન્ય સિદ્ધાંતોની પ્રેરણા અને શક્તિ મળતી જ રહેશે.

**(૨) કરુણા :**

પ્રભુશ્રીના 'જ્ઞાનયુક્ત કરૂણા'ના સાધનની પ્રકરણ - ૧૬માં વિસ્તૃત સમજ આપી છે.

**(૩) બ્રહ્મચર્યાત્મક પવિત્રતા :**

પૂજ્ય પ્રભુશ્રી નિર્દેશિત આ સાધનની પ્રકરણ-૮માં વિસ્તૃત સમજ આપી છે. પરંતુ આ સાધનના સંદર્ભમાં પ્રભુશ્રીના શબ્દો અત્યંત મનનીય છે.

**''સૂર્ય તથા ચંદ્ર સરિખા બે ચિન્મય શબ્દો 'પવિત્રતા' તથા 'કારુણ્યતા' મન તથા હૃદયની શુદ્ધિ અર્થેના ધ્યાનના સુંદર બીજ છે. વ્યક્તિક તથા**

ૐ

**સામૂહિક જીવનમાં બ્રહ્મચર્યાત્મક પવિત્રતા તથા જ્ઞાનયુક્ત કરુણા આત્માને મુક્ત તથા પૂર્ણ બનાવવાના સાધન છે.''**

**(૪) સત્ કર્તવ્ય :**

મનુષ્યમાત્રે જીવનપર્યંત કર્તવ્ય કરતા રહેવું અનિવાર્ય છે. કર્તવ્યથી કોઈપણ વિમુખ થઈ શકે નહીં. દુન્યવી જીવનમાં કુટુંબ, નોકરી, વગેરે પ્રત્યે એક ફરજરૂપે કર્તવ્ય કરતા રહેવું પડે છે. પરંતુ પરમ કૃપાળુશ્રીએ અહીં જે 'સત્-કર્તવ્ય' વિષે કહેલ છે તે દુન્યવી કર્તવ્યથી તદ્દન ભિન્ન છે. નૈતિકતા અને આધ્યાત્મિકતા અનુસારના કાર્યો જેમાં સમાયેલા છે તે જ 'સત્કર્તવ્ય' છે. તેમાં પ્રમાદ થઈ શકે નહીં, અને તેમાં જ જીવનની યથાર્થ સાર્થકતા રહેલી છે. પ્રભુશ્રીએ તો સત્કર્તવ્યતાને એટલું મહત્ત્વ આપેલ છે કે નિજ ઉપદેશના સારરૂપ શ્લોકમાં તેને સ્થાન આપીને ઈશ્વરપ્રાપ્તિના પાંચ સાધનમાં સમાવિષ્ટ કરેલ છે.

સત્કર્તવ્ય એટલે સત્(બ્રહ્મ) પ્રત્યેનું કર્તવ્ય કે જેમાં પરમાત્મા સંબંધિત સર્વ કાર્યો સમાય જાય છે. પરમાર્થ અને પરાર્થના સર્વ કાર્યો સત્કર્તવ્ય છે. પરમાત્માનો જીવ સાથેનો સંબંધ જીવ માત્ર પ્રત્યે કરુણાનો છે. તેથી તેમની વ્યાપક કરુણાની અંતર્ગત કરુણાના સઘળા કાર્યો સત્કર્તવ્ય છે. માનવતાના સંદર્ભમાં મનુષ્ય પ્રત્યેના તેમજ મૂકજીવો પ્રત્યેના કાર્યો સત્કર્તવ્યમાં સમાયેલા છે.

પરંતુ આ સાથે એ પણ સમજવું જરૂરી છે કે પરમાત્મા સાથે સંબંધ સ્થાપવા અર્થેના તથા આત્મકલ્યાણના કાર્યો એ સત્કર્તવ્ય છે. આધ્યાત્મિકતાના ઉચ્ચ મૂલ્યો પ્રસ્થાપિત કરવા એ મનુષ્ય માટે શ્રેષ્ઠ સત્કર્તવ્ય છે.

આ સાથે સાંસારિક જીવનમાં પણ કાર્યો કરવા અનિવાર્ય હોવા છતાં તેને સત્કર્તવ્ય કહી શકાય નહીં. તેને માત્ર સામાન્ય કર્તવ્ય કહી શકાય. ઘણા લોકો તેમના મૂલ્યવાન જીવનનો મહત્ સમય કોઈ એકાદ ધ્યેયની પરિપૂર્ણતામાં જ ખર્ચી નાખતા હોય છે. દા.ત. કોઈ પુત્રના ઉચ્ચ શિક્ષણ માટે, તો કોઈ વ્યક્તિગત રીતે

ૐ

મહાન કવિ થવા કે વૈજ્ઞાનિક થવા કે અન્ય ધ્યેય અર્થે જીવનની સમગ્ર શક્તિ ખર્ચી નાખે છે. જો કે આવા દુન્યવી ધ્યેય સહજ અપેક્ષિત છે, પરંતુ સાથે સાથે નૈતિક-આધ્યાત્મિક સ્વરૂપના કાર્યો પણ કરતા રહેવું જોઈએ. એટલું જ નહીં પણ તેને જીવનમાં અગ્રસ્થાન આપવું જોઈએ. આત્મિક કલ્યાણ વિષે પણ નિરંતર વિચારતા રહેવું જોઈએ. **પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાનના કથન અનુસાર માનવજીવનનો એક માત્ર ઉદ્દેશ ઈશ્વર પ્રાપ્તિ છે.**

**પ્રભુશ્રીનું 'સત્-સંસ્થાપન'નું કાર્ય :**

પ્રવર્તમાન સમયમાં પ્રભુશ્રીએ બતાવેલ 'સત્-સંસ્થાપન'નું કાર્ય જ એક સત્કર્તવ્ય છે. આ સંદર્ભમાં એક દષ્ટાંત જોઈએ.

એક ગૃહસ્થ ભક્તે સંન્યાસ લેવાની રજા માગી ત્યારે પ્રભુશ્રીએ કહ્યુંઃ ''હાલના સંજોગોમાં તમારા માટે કુટુંબનો ત્યાગ કરી સંન્યાસ લેવો ઉચિત નથી. સંન્યાસના આવશ્યક વ્રતો સાથે સત્યયુગ સંસ્થાપનના દિવ્ય ઈશ્વરી લોકકલ્યાણના કાર્યમાં સ્વ-સંકલ્પથી હૃદયપૂર્વક ભાગ લઈ ઉપયોગી થવા ઈચ્છા ધરાવતા હો તો તેમાં તમારા માટેના **મુખ્ય સત્-કર્તવ્યનો સંપૂર્ણ સમાવેશ થઈ જાય છે,** એટલું જ નહીં પરંતુ તેમાં જ જીવનની સાર્થકતા રહેલ છે **સત્યયુગ સંસ્થાપના - પરબ્રહ્મ આરાધના.''**

ઉપર્યુક્ત પ્રત્યુત્તરમાં વ્યક્તિ માટે સંન્યાસી થવા કરતાં પણ સંન્યાસના આવશ્યક વ્રતો (સત્ય, કરુણા, બ્રહ્મચર્ય, વગેરે)નું પાલન વધુ અગત્યનું છે. તે સાથે જ પરમાત્માનું દિવ્ય કાર્ય શક્ય તેટલું કરતા રહેવું જોઈએ. તેમાં જ સાચી સત્કર્તવ્ય પરાયણતા રહેલી છે.

પ્રભુશ્રીએ તો એટલે સુધી કહેલ છે કે સાધુ-સંતો એકાંતમાં રહી પોતાના જ આત્મકલ્યાણ અર્થે સાધના કરતા રહે તે સાથે તેમણે વિશ્વ કલ્યાણનું પણ વિચારવું જોઈએ. સાધુ-સંતોએ નિષ્ક્રિય ન રહેવું જોઈએ. આમ **સાધુ-સંતો માટે પણ**

ૐ

**સત્કર્તવ્યપરાયણ થવું અત્યંત આવશ્યક છે.**

શ્રી આત્મન્ પ્રભુશ્રી પ્રવર્તિત અખંડ પ્રાર્થનારૂપે થતો 'બ્રહ્મયજ્ઞ' એ વ્યષ્ટિ તથા સમષ્ટિના કલ્યાણનો સર્વોચ્ચ મહાયજ્ઞ છે. **પરમાત્માના સત્સંકલ્પ અનુસારના આ અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞમાં સહભાગી થવું એ મનુષ્ય માટે સર્વોત્તમ સત્કર્તવ્ય બની રહે છે.** તેનાથી આત્મિક કલ્યાણ સાથે અન્ય જીવોનું પણ એટલું કલ્યાણ થાય છે.

**સત્સભાન સમાજ :**

'સત્સંસ્થાપન'ના કાર્યની અંતર્ગત લોકોને 'સત્' તરફ લઈ જવા અને અનિષ્ટ પાપો કરતા અટકાવવા પણ એટલું જ આવશ્યક છે. તેથી લોકોને કર્તવ્યાભિમુખ બનાવવા એક 'સત્સભાન સમાજ'ની રચના કરવી આવશ્યક છે. આવો એક જાગૃત સમાજ જ લોકોને સત્ અને અસત્ વચ્ચે રહેલ ભેદનું વિવેકજ્ઞાન સમજાવી કર્તવ્યાભિમુખ કરી શકે છે. આનું કારણ એ કે લોકોને જ્યાં સુધી તેઓ જે કંઈ કરે છે તે ખોટું છે તેનો જ ખ્યાલ નથી ત્યાં સુધી તેમને ખોટા કર્મોનો દોષ કેવી રીતે આપી શકાય ? લોકોને સત્ય સમજાવવાથી અવશ્ય સાચા મનુષ્યો તેને અનુસરશે અને હિંસા જેવા પાપકર્મ કરતા અટકી જશે.

પરંતુ આ માટે પ્રભુશ્રીએ કહ્યું છે તેમ સત્સભાન સમાજ માટે આધ્યાત્મિકતા અને માયા, પવિત્રતા અને અપવિત્રતા (બ્રહ્મચર્યાત્મક દૃષ્ટિએ), સ્વાર્થમયતા અને આત્મૌપમ્યતા વચ્ચેની ભેદરેખાની સ્પષ્ટ સમજ લોકોને હોવી જરૂરી છે.

તેથી જ બૌદ્ધિક વિકાસની લગભગ પરાકાષ્ટાએ પહોંચેલ જગત માટે તર્કબદ્ધ અને ન્યાયયુક્ત (સત્ય) સમજાવટ અવશ્ય સફળ થઈ શકે છે.

**(૫) બ્રહ્મમંત્ર ધ્યાન (જપ) :**

સત્યયુગના પાંચ અતિ મહત્ત્વના સાધનમાં એક સાધન 'બ્રહ્મમંત્ર ધ્યાન'

ૐ

છે. બ્રહ્મમંત્ર ધ્યાનનો અર્થ પ્રભુશ્રીએ શરૂઆતનું નામસ્મરણ એવો કરેલ છે. **પરમાત્મા સન્મુખ થવાનું સરળમાં સરળ સાધન પરમાત્માનું નામ સ્મરણ છે.**

આધ્યાત્મિકતામાં આગળ વધવા નામસ્મરણ એ એક શક્તિ છે.જેમ રોકેટને અવકાશમાં મોકલવા બળતણ(Fuel)ની જરૂર પડે છે તેમ આધ્યાત્મિકતામાં ઊંચે જવા જપ-સ્મરણની જરૂર છે.

માત્ર સહજ ઇષ્ટ સ્મરણ અને જપ-સ્મરણ વચ્ચેનો ભેદ પણ સમજવો જરૂરી છે. સ્મરણ એટલે સહજ રીતે વ્યવહારમાં પોતાના ઇષ્ટ પરમાત્માના નામની સ્મૃતિ હોય તે માત્ર સ્મરણ છે. જ્યારે વ્યવસ્થિત રીતે માળા કે અન્ય સાધન સાથે પરમાત્માનું નામ કે તેના મંત્રનું સ્મરણ કરવામાં આવે તે જપ-સ્મરણ છે. આમ જપ-સ્મરણ જ વધુ લાભદાયી છે. પ્રભુશ્રીએ તો એમ કહ્યું છે કે, **''જપ વગરનું સ્મરણ વાસ્તવિકતામાં તપની વૃદ્ધિ કરતું નથી.''** એટલે જપ દ્વારા એક પ્રકારનું તપ ઉત્પન્ન થાય છે અને આ તપ જ સાધકની આત્મિક ઉન્નતિમાં સહાયક થાય છે.

જપ એ પ્રભુશ્રીએ બતાવ્યા પ્રમાણે એક વખત અંકુરિત થઈ જાય તો પછી તે દિનપ્રતિદિન આધ્યાત્મિકતામાં વૃદ્ધિ કરતું રહે છે. પ્રભુશ્રીએ ભક્ત શ્રી બચુભાઈનું દૃષ્ટાંત આપી કહેલ કે, ''બચુભાઈએ જપમાં આગળ વધતા વધતા અજપાજપની સ્થિતિ પ્રાપ્ત કરેલ અને આધ્યાત્મિકતાનું એક સરોવર બની ગયા હતા.'' એટલે માત્ર **જપના એક સાધન દ્વારા જ આધ્યાત્મિકતાની સર્વોચ્ચ સ્થિતિ નિઃસંશય પ્રાપ્ત કરી શકાય છે.**

એટલે જ પ્રભુશ્રી જપ પર બહુ જ ભાર મૂકતા હતા. તેઓશ્રીના નિજસ્થાન 'શ્યામલ'માં ઘણા સ્થાનો પર 'જપઃ' 'જપઃ'ના શબ્દો લખેલા જોવામાં આવે છે. તેઓશ્રી ઇચ્છતા કે કોઈ દુન્યવી કાર્ય પણ જપ કરતાં કરતાં જ કરવું જોઈએ. **નવરાશની પળોમાં કોઈ વ્યર્થ વાતો થતી હોય તો ઠપકા સાથે જપ કરવા સૂચન કરતા હતા.**

જેમ સત્ય એ આધ્યાત્મિકતાની પ્રથમ ચાવી છે તેમ **સતત જપ-સ્મરણ એ**

**આધ્યાત્મિકતાની ગુરુ ચાવી છે. સતત જપ કરતા રહેવાથી અનેક લાભ થાય છે.** જપ દ્વારા તપ થતું હોવાથી ચિત્તની શુદ્ધિ સહજ થતી જાય છે. અને ચિત્ત શુદ્ધ થતાં હૃદયમાં પરમાત્માની કૃપા-શક્તિ અનુભવી શકાય છે. એ જ રીતે જપ એ એક યોગિક પ્રક્રિયા પણ છે. જપથી નિરંતર પ્રાણાયામ થતો રહે છે. યોગીને જે ક્રિયા અર્થે નિરંતર સાધના કરવી પડે છે તે જપ દ્વારા સહજ જ થાય છે.

જપમાં એક એવી શક્તિ રહેલી છે કે તે માયાના કોઈપણ પરિબળોના ઉપદ્રવ સામે **કવચરૂપ** બની રહે છે. માયાશક્તિ અનેક રીતે મનુષ્યના જીવનમાં ઉપદ્રવ કરતી જ હોય છે. પરંતુ જ્યાં સતત જપસ્મરણ થતું હોય ત્યાં માયિક શક્તિનું કશું ચાલતું નથી. તેથી જ પ્રભુશ્રીએ અખંડ જપસ્મરણરૂપે 'બ્રહ્મયજ્ઞ' નું પ્રવર્તન કર્યું છે.

પરમાત્માના કોઈ નામનો જપ કરવા કરતા પણ તેના મંત્રનો જપ વધુ લાભદાયી છે. આનું કારણ એ છે કે મંત્ર એ પૂર્વના કોઈએ સિદ્ધ કરેલો હોય છે અથવા સમર્થ ગુરુ કોઈ મંત્ર આપે તો તે પણ તેમની શક્તિથી સિદ્ધ કરીને આપેલ હોય છે. મંત્રના સ્મરણ દ્વારા અનેક લોકોએ સાક્ષાત્કાર કરેલો છે. આમ સિદ્ધ મંત્રમાં એક પ્રકારની ચૈતન્ય શક્તિ રહેલી હોય છે જે જપકર્તાને પરમાત્માની પ્રાપ્તિમાં સહાયક થાય છે.

જપના પ્રકાર તથા નિયમો છે અનુષ્ઠાન કે નિત્ય-નિયમરૂપે કરવાથી મંત્રની વિશેષ શક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

પ્રાચીન કાળથી આજપર્યંત અનેક સાધુ-સંતો તથા ગૃહસ્થીઓએ જપ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરી છે. શાસ્ત્રોમાં જપનો એટલો બધો મહિમા દર્શાવ્યો છે કે જપને પરમાત્મપ્રાપ્તિના એક સરળ અને સુલભ સાધનરૂપે સર્વત્ર માન્ય કરાયેલ છે. સામાન્ય રીતે બાર કરોડ જપ બાર વર્ષમાં પૂર્ણ કરે તો સાધક ભક્તને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ પ્રભુશ્રીએ કહેલું છે કે 'રામ' એ પવિત્ર નામના ૯૬ કરોડ જપ ભક્ત ત્યાગરાજે કરેલા હતા અને તેમને પરમાત્માની પ્રાપ્તિ થઈ હતી. જ્યારે

ૐ

ભક્ત શ્રીનારાયણ સ્વામીએ તો માત્ર સાડા ત્રણ વર્ષમાં પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો. એટલે જપની માત્રા સાથે **નિષ્ઠા, એકાગ્રતા, સિદ્ધાંતોનું પાલન, વગેરે પણ એટલા જ મહત્ત્વના છે. આમ જપ દ્વારા અનેક સંતોએ પરમાત્માની પ્રાપ્તિ કરી છે એ નિર્વિવાદ છે.**

પ્રભુશ્રીએ પ્રવર્તિત કરેલ 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ' **બ્રહ્મમંત્ર એક પરિપૂર્ણ અને સિદ્ધમંત્ર છે.** આ મંત્ર સત્‌શક્તિરૂપ, પાવનકારી અને મહામંગલકારી છે. તેથી મંત્રમાં રહેલી સત્‌શક્તિ અવ્યક્તરૂપમાં રહીને વ્યક્તિને પરમાત્માની પ્રાપ્તિ સાથે વિશ્વકલ્યાણનું ઉચ્ચ ધ્યેય પણ સિદ્ધ કરાવનાર છે. એટલે સ્વયં પરમાત્મા દ્વારા પ્રવર્તિત આ મંત્રના નિત્ય જપ-સ્મરણ શ્રદ્ધા અને ભાવ સાથે કરવાથી અવશ્ય ફળદાયી બને છે. પરમકૃપાળુ પ્રભુશ્રીના શબ્દોમાં,

**''મનુષ્ય બ્રહ્મમંત્રના નિદિધ્યાસન (ધ્યાન) યુક્ત સ્મરણ (જપ) થકી નિષ્કામતા તથા અનન્યતાની દિવ્ય પાંખો પર આત્માકાશમાં ઊડી, અખંડ આનંદમય પરમાત્માનું સાનિધ્ય અનુભવી શકે.''**

પ્રભુશ્રીએ જપ વિષે આપેલ દિવ્ય ઉપદેશ અને ('શ્યામલ'ધામના)અનુભવોને વ્યવસ્થિત રીતે અહીં વર્ણવવા તો અશક્ય છે, પરંતુ ઉપર્યુક્ત રીતે આપેલ સંક્ષિપ્ત સમજ પણ પર્યાપ્ત છે. (જપતાં, સ્મરતાં, ભજન કરતા જવું રે ભવ-ભય તરી, ભજોરે મન રામકૃષ્ણ હરિ...) પ્રભુશ્રી રચિત શ્રીરામકૃષ્ણ દેવના ભજનની આ અંતિમ પંક્તિ જપનું માહાત્મ્ય સ્પષ્ટ કરે છે.

**શુદ્ધભક્તિ :**

સત્યયુગ શ્રીરામજી મંદિરના પ્રાર્થનાગૃહમાં બન્ને દિવાલમાં લંબચોરસ આકારમાં સત્યયુગના સીલ પર મોટા અક્ષરોમાં લખેલ નીચેના શબ્દો સૌ કોઈ દર્શનાર્થી તથા ભક્તો વાંચી શકે છે :

**''શુદ્ધ ભક્તિ વિવર્ધનાર્થે - સત્યયુગ સંસ્થાપનાર્થે''**

ૐ



આ શબ્દો ધ્યાનાકર્ષક રીતે લખવાનું પ્રભુશ્રીનું પ્રયોજન એ જ છે કે તેઓશ્રીના અવતારી ધ્યેય અને કાર્યમાં મુખ્ય તો આ બે જ છે :- (૧) સત્યયુગનું સંસ્થાપન કરવું, અને (૨) શુદ્ધ ભક્તિનું વિવર્ધન કરવું. તેથી હવે શુદ્ધ ભક્તિ શું છે તે પણ સમજીએ.

પ્રભુશ્રીએ લખ્યું છે કે, ''બ્રહ્મની નિષ્કામ, અનન્ય, સદ્ભક્તિ તે શુદ્ધ ભક્તિ.''

પ્રાર્થનોપનિષદમાં પણ લખ્યું છે કે, ''મારી ભક્તિ મારા ઇષ્ટના ચરણકમળમાં પરમ ભાવયુક્ત, અનન્ય (છતા અન્યના ઇષ્ટના દ્રોહ વિનાની), નિષ્કામ (છતા જીવોના દુઃખ નિવારણની સ્પૃહાવાળી) રહો.

કોઈ ભક્તે એક વખત પ્રભુશ્રીને પ્રશ્ન કર્યો કે, પરમાત્મા પાસે શું માગવું જોઈએ ? પ્રભુશ્રીએ આ સરળ પ્રશ્નનો સરળ ઉત્તર આપતા એટલું જ કહ્યું કે, ''પરમાત્મા પાસે તો માત્ર એટલું જ માગવું કે, 'મને શુદ્ધ ભક્તિની પ્રાપ્તિ થાઓ.'' ઘણા ભક્તોને કહેતા કે નિત્ય ભગવાન પાસે આ શ્લોક બોલવો.

**नान्या स्पृहा रघुपते हृदयेऽस्मदीये सत्यं वदामि च भवानखिलान्तरात्मा ।**

**भक्तिं प्रयच्छ रघुपुंगव निर्भरां मे कामादिदोषरहितं कुरु मानसं च ।।**

ભાવાર્થ : હે રઘુનાથજી ! હું સત્ય કહું છું અને વળી, આપ સર્વના અંતરાત્મા જ છો (સઘળું જાણો જ છો) કે મારા હૃદયમાં બીજી કોઈ ઇચ્છા નથી. હે રઘુકુળ શ્રેષ્ઠ ! મને આપની નિર્ભરા (ભરપુર) ભક્તિ આપો અને મારા મનને કામ

ૐ

આદિ દોષોથી રહિત કરો.

આમ પ્રભુશ્રી હંમેશા કહેતા કે પરમાત્માની પાસે માગવા જેવું કંઈ હોય તો તે એક 'શુદ્ધભક્તિ' જ છે.

પરમ પૂજ્ય પ્રભુશ્રીની બોધાત્મક સમજ અનુસાર પરમાત્માની પ્રાપ્તિ અર્થે ભક્તિ જ આધારપૂર્ણ સાધન છે. બ્રહ્મ અને જીવને જોડતો સેતુ છે. ભક્તિ જ એવું સીધું અને સરળ માધ્યમ છે કે, જેના દ્વારા કોઈપણ મનુષ્ય પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે ભક્તિ એ જ પૂર્ણ આધ્યાત્મિક જીવનનો ભવ્ય આદર્શ છે.

પરંતુ પ્રભુશ્રી દ્વારા ઉપદેશિત ભક્તિ એ જ્ઞાનયુક્ત ભક્તિ છે. સમજપૂર્વક ઉચિત જ્ઞાન સાથેની ભક્તિ જ મનુષ્યને પરમાત્મા સન્મુખ લઈ જાય છે. તેઓશ્રીએ બ્રહ્મની જે વ્યાખ્યા સમજાવી છે તે અનુસાર સત્ય પરમાત્માની આધ્યાત્મિકતાના ઉચ્ચ સિદ્ધાંતોના પાલન સાથે અનન્ય અને નિષ્કામ ભક્તિ એ જ જ્ઞાનયુક્ત ભક્તિ છે, તેને જ પ્રભુશ્રીએ શુદ્ધ ભક્તિ કહેલ છે.

શુદ્ધ ભક્તિ અને માયિક-પ્રાકૃત ભક્તિ વચ્ચેનો ભેદ જાણી લેવો જરૂરી છે. નિમ્ન સ્વરૂપના દેવ-દેવીની, મલિન ક્રિયા તથા સાધનો દ્વારા કોઈ સકામ ઉદ્દેશની પ્રાપ્તિ અર્થે કરવામાં આવતી ભક્તિ એ માયિક ભક્તિ છે, જ્યારે મનુષ્ય પોતાની પ્રકૃતિના આશ્રયે, દુન્યવી સુખો મિશ્રિત, પ્રકૃતિના જ કોઈ સ્વરૂપની ભક્તિ કરે તે પ્રાકૃત ભક્તિ છે. શુદ્ધભક્તિમાં માયિકતાનો થોડો પણ અંશ આવતા તે માયિક-પ્રાકૃત બની જાય છે. પ્રકૃતિના ત્રણ ગુણોમાંથી રજસ અને તમસ્‌ના આશ્રયે થતી ભક્તિ પ્રાકૃત ભક્તિ છે. કારણ કે પરમાત્માના સ્વભાવ અનુસાર તેઓ નિર્ગુણ હોવા છતાં સુગુણ(સત્ત્વગુણ) સાથે સંબંધ ધરાવે છે. જ્યારે રજસ અને તમસ્‌ તો માયા અને અવિદ્યામાયા સાથે જોડાયેલા છે. તેથી તેવા ગુણો અનુસારની ભક્તિ પ્રાકૃત ભક્તિ બની જાય છે. દા.ત. તામસિક પ્રકૃતિ અનુસાર ક્રોધયુક્ત રીતે, હઠાગ્રહ સાથે કરાયેલ ભક્તિ કે રાજસિક પ્રકૃતિ અનુસાર પોતાના ઇચ્છિત

ૐ

વૈભવયુક્ત ભોગોને અનુસરતી ભક્તિ એ પ્રાકૃત ભક્તિ છે.

તેઓશ્રીએ યોગ માર્ગના પ્રાણાયામ, આસન, ધ્યાન, કે કુંડલિની જાગૃતિ જેવા વિષયો પર 'શ્યામલ'માં ક્યારેય કોઈ જાહેર મંતવ્યો આપ્યા ન હતા. તેમજ કોઈ ભક્તને પણ તેમાં જવા પ્રોત્સાહિત કર્યા ન હતા. તેઓશ્રીનું દઢપણે માનવું હતું કે, **મનુષ્યનું અંતિમ લક્ષ્ય તો પરમાત્માની પ્રાપ્તિ જ છે,** જે માટે આ કલિયુગમાં 'શુદ્ધ ભક્તિ' જ સર્વશ્રેષ્ઠ માર્ગ છે. તેના દ્વારા કોઈપણ મનુષ્ય પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે તેથી અન્ય કોઈ માર્ગે જવાની આવશ્યકતા નથી.

શુદ્ધ ભક્તિમાં એકમાત્ર અવલંબન પરમાત્માનું જ હોવાથી અને પરમાત્મા અંતર્યામી તેમજ સર્વજ્ઞ હોવાને કારણે જીવને કઈ રીતે પૂર્ણત્વ તરફ લઈ જવો તેનું તેમને સંપૂર્ણ જ્ઞાન હોય છે અને તેથી ભક્તની આંતર સ્થિતિ અને **પ્રકૃતિ પ્રમાણે આગળ લઈ જવા તે અનુસારના ઉચિત સાધન તથા ક્રિયા-કાર્યો કરવા પ્રેરણા આપે છે.**

જો કે ભક્તને ઉચ્ચ ભૂમિકાએ પહોંચતા ઘણી યોગિક અનુભૂતિઓ પણ થતી હોય છે. તેવી જ રીતે તેની પાસે સિદ્ધિ પણ આવે છે. પરંતુ સાચો શરણાગત ભક્ત તેનો સ્વીકાર કરતો નથી.

પ્રભુશ્રીએ ભક્તિના ભાવ અને જ્ઞાનને નુકશાનકર્તા અદ્વૈત વેદાંતના શુષ્ક, નીરસ જ્ઞાનથી દૂર રહેવા ભક્તોને સમજાવ્યું હતું. જો કે રામગીતાના અનુભવાત્મક અદ્વૈતજ્ઞાનનો સ્વીકાર કરેલ પરંતુ તે સમજવામાં કઠિન હોવાથી કોઈને ઉપદેશેલ નહીં. તેમના મતે '**अहं ब्रह्मास्मि**' કહેવું એ ભક્તિમય જીવનના દીનતા, શરણાગતિ, નિષ્કામતાથી તદ્દન વિરુદ્ધનું છે. ધર્મોદ્ધારક શ્રીસ્વામીનારાયણ ભગવાને તો શુષ્ક વેદાંતીનો સંગ પણ ન થાય તેવી પ્રાર્થના કરવા કહેલ છે. કારણ કે ભક્તિમાં જે સદાચારનું પ્રાધાન્ય છે તેનું આવા શુષ્ક વેદાંતી તેના મિથ્યા જ્ઞાન અનુસાર પાલન કરતા નથી, અને દેહ-મનને મુક્તપણે વર્તવા દે છે. સંક્ષેપમાં કહીએ તો વેદાંતના સૂત્ર '**अहं ब्रह्मास्मि**' અનુસાર જીવ ક્યારેય પણ બ્રહ્મ બની

ૐ

શકે નહીં. જીવ જયારે પૂર્ણ આત્મા બને ત્યારે જ તે બ્રહ્મનો અંશ છે.

તેઓશ્રીએ નિજભક્તોને ભક્તિમાં પણ 'દાસ્યભાવ'નો જ આધાર લેવા સૂચવ્યું હતું. પરમાત્માની દાસ્યભાવે (શ્રીહનુમાનજીની જેમ) ભક્તિ કરવી ઘણી જ સરળ છે. તેમાં કોઈ જ ભય સ્થાન રહેલ નથી. અન્ય ભાવે ભક્તિ કરવામાં તો ભક્તે સતત જાગ્રત રહેવું પડે છે. વળી મધુરભાવમાં તો કોઈ વખત ભક્તનું પતન થવાની પણ શક્યતા રહેલ છે.

**પરાભક્તિ અને પરમાત્મ-કૃપા :**

**ભક્તિનું સર્વોચ્ચ સ્વરૂપ પરાભક્તિ છે.** ભક્તિરૂપી સીડીનું તે અંતિમ પગથિયું છે.પરાભક્તિની પ્રાપ્તિ થાય ત્યારે પરમ સાક્ષાત્કાર થાય છે. તેથી ભક્તિ કરતા મનુષ્યનું અંતિમ લક્ષ્ય તો પરાભક્તિ છે.

સાધારણ ભક્તિ સૌ કોઈ પોતાના પુરુષાર્થ દ્વારા કરી શકે છે. પરંતુ પરાભક્તિની પ્રાપ્તિ તો પરમાત્માનો અનુગ્રહ થાય ત્યારે જ થાય છે. આ સંદર્ભમાં પ્રભુશ્રી રચિત પ્રાર્થનોપનિષદની પ્રાર્થનાના અંતિમ શબ્દો સમજવા જરૂરી છે.

તેમાં લખ્યું છે કે, **''મારી આ પ્રાર્થનાના સમગ્ર ધ્યેયની પૂર્ણ પ્રાપ્તિ અર્થે પરમાત્માની કૃપાના અધિકારી થવા હું સદા સર્વદા પ્રયત્નશીલ રહું.''**

આ પ્રાર્થનાની વિસ્તૃત સમજ તો અહીં આપવી અશક્ય છે. પરંતુ તેના દરેક શબ્દ-પુષ્પો સમજવા જેવા છે. તેમાં આધ્યાત્મિકતા સાથે સંબંધિત મનુષ્યની આંતર-પ્રાકૃત સ્થિતિને ઉચ્ચતર સ્થિતિએ લઈ જવાની પ્રાર્થના કરાયેલ છે. તેમાં એક માત્ર ધ્યેય આત્મિક કલ્યાણનો છે. (સકામ કે દુન્યવી ધ્યેય સમાવિષ્ટ નથી.) પરંતુ આ પ્રાર્થનાના પ્રત્યેક શબ્દો અત્યંત ચિંતનીય છે. દા.ત. મન, બુદ્ધિ, હૃદય, વગેરે.

પરમાત્માની કૃપા કે અનુગ્રહ વગર મનુષ્ય વર્ષો પર્યંત ભક્તિ કરવા છતાં ત્યાંનો ત્યાં જ અથડાતો રહે છે. તેથી જ પ્રભુશ્રીએ સમગ્ર ધ્યેયની (પૂર્ણ

ભક્તિની) પ્રાપ્તિ અર્થે **પરમાત્માની કૃપાના અધિકારી થવા હંમેશાં પ્રયત્નશીલ રહેવા કહ્યું છે,** કારણ કે પરમાત્માની કૃપા ત્યારે જ થાય છે કે જ્યારે મનુષ્ય તેને યોગ્ય બને છે. અને આવી યોગ્યતા માટે તેને નિરંતર પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. જેમ જેમ મનુષ્ય પરમાત્મા પ્રત્યેના ભક્તિ સંબંધી આવશ્યક સત્કર્તવ્યો કરતો રહે છે, તેમ તેમ તેની યોગ્યતાનુસાર, તેના પર પરમાત્માનો અનુગ્રહ થતો જાય છે અને એ રીતે પરમાત્મા તેને અંતમાં પરાભક્તિનું પ્રદાન કરી પોતાના આત્યંતિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે.

**આમ અનુગ્રહ થયા વગર કોઈપણ મનુષ્ય પરમાત્માની પ્રાપ્તિ કરી શકતો નથી.** તેથી જ સ્તો પ્રભુશ્રીએ એક વખત એટલે સુધી કહ્યું હતું કે, **'પૂર્ણ યોગીને પણ વૈકુંઠના દ્વારે પહોંચ્યા પછી પરમાત્માના અનુગ્રહની રાહ જોવી પડે છે.'** મનુષ્યે શુદ્ધ થઈ, આત્મ સ્વરૂપની અનુભૂતિ કર્યા પછી પણ પરમાત્માના અનુગ્રહ માટે તેને નિવેદન કરવું પડે છે.

સંક્ષેપમાં કહીએ તો આધ્યાત્મિક જગતમાં જવા ઇચ્છુક કોઈપણ માટે **પરમાત્માનો અનુગ્રહ આવશ્યક છે.** પરંતુ પ્રારબ્ધ પર છોડી, યથાશક્તિ પુરુષાર્થ ન કરતા, 'પરમાત્મા કૃપા કરશે ત્યારે ભક્તિ કરીશું' એવા નિરર્થક વિચાર કરીને નિષ્ક્રિય રહેનારને પરમાત્માની કૃપા ક્યારેય મળતી નથી.

આ સાથે એ પણ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે સ્વપુરુષાર્થ દ્વારા આગળ વધતા વ્યક્તિએ પણ કૃપાની યાચના કરવી જ પડે છે. સ્વબળે પરમાત્માની પ્રાપ્તિમાં એક સૂક્ષ્મ અહ્‌મ તત્ત્વ રહેલું છે, જે માયાને સ્પર્શે છે. તેથી જ **પરમાત્માની શરણાગતિ સ્વીકારતા આ અહ્‌મ દૂર થાય છે.** તેથી જ પ્રભુશ્રી ઘણી વખત કહેતા કે, પરમાત્માના હાથમાં એક કરણ બનીને રહેવું જોઈએ એટલે કે તેઓ જેમ રાખે તેમાં જ તેમની ઇચ્છા છે તેમ રહેવાથી ભક્તિમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

ૐ

આમ પરમાત્મા કરુણામય, ભક્તવત્સલ અને અહેતુકી કૃપા કરનારા છે. પરંતુ તેની સાથે મનુષ્યે પણ સત્કર્તવ્ય કરવાનું રહે છે.

પરમાત્માની અહેતુકી કૃપા થતા જ મનુષ્યના જીવનમાં પરિવર્તન આવે છે. તેને **કૃપાફળરૂપે દર્શન, ભાવ, જ્ઞાન, આનંદ કે ધ્યાન થવા લાગે છે.** કોઈપણ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિ પરમાત્મા કરાવે છે. વિવેક-વૈરાગ્ય જાગૃત થાય છે અને જગત પણ એક જુદા સ્વરૂપે દેખાય છે.

સારાંશમાં કહીએ તો પ્રભુશ્રીએ 'શુદ્ધ ભક્તિ'નું માહાત્મ્ય પોતાના વિશુદ્ધ પરાભક્તિમય જીવન થકી જ સમજાવ્યું છે. તેમના પાવનકારી જીવનના પ્રત્યેક ક્રિયા-કાર્યો ભક્તિરસથી તરબોળ હતા. 'શ્યામલ'માં તેમના માર્ગદર્શન અનુસાર નિરંતર સેવા-પૂજા, આરતી, જપ, કીર્તન, વગેરે ભક્તિમય કાર્યો થતા રહેતા હતા.

ભક્તવત્સલ પ્રભુ તો ભક્તોને હંમેશાં ભક્તિવિષયક જ્ઞાન આપતા રહેતા. ભૂતકાળમાં થઈ ગયેલા મહાન સંતો-ભક્તોના ચરિત્રો ભાવપૂર્વક સમજાવતા. ભક્તશ્રી બોડાણા, શ્રી નરસિંહ મહેતા, શ્રી મીરાબાઈ, શ્રી તુકારામ જેવા ભક્તોની પરમ ભક્તિની વાતો કરતા ત્યારે સ્વયં ભાવવિભોર થઈ જતા હતા.

એક વખત પ્રભુશ્રી ભક્ત નરસિંહ મહેતાના જીવનની વાતો કરતા હતા ત્યારે ત્યાં બેઠેલ ભક્તે કહ્યું, ''મને તો આ દંતકથા જેવું લાગે છે.'' પ્રભુશ્રીએ સહેજ ઉગ્ર સ્વરે કહ્યું, 'શું બોલો છો?' **પરમાત્મા ભક્તના કોઈપણ કાર્ય કરવા પૃથ્વી પર આવે જ છે. તેમણે અનેક ભક્તોના કાર્યો કર્યા છે.***

આ વાત દ્વારા પ્રભુશ્રીએ પરમાત્માની ભક્તવત્સલતા સમજાવી અને કહ્યું કે પરમાત્મા પોતાના (સાચા) ભક્ત માટે સદા ચિંતિત રહે છે. ભક્તનું

*ભક્તશ્રી નાભાજીકૃત વિસ્તૃત પુસ્તક 'ભક્તમાળ'માં પરમાત્માએ અનેક ભક્તોને મદદ કર્યાની સુંદર વાતો છે. આ રીતે જ પરમાત્માએ ભક્તવત્સલતાનું બિરુદ પ્રાપ્ત કર્યું છે. ભક્તિમાર્ગી કોઈપણ ભક્તે આ પુસ્તક વાંચવા યોગ્ય છે.

ૐ

કોઈપણ કાર્ય કરવામાં પરમાત્માને ક્ષોભ થતો નથી. એ રીતે **પરમાત્મા ભક્તાધીન છે.** સરળ ભક્તોના જીવનમાં બનેલ અસંખ્ય ઘટનાઓ પરચારૂપે પ્રસિદ્ધ થયેલ છે. વાસ્તવમાં સાચો ભક્ત સરળ, દયાળુ અને બુદ્ધિ ચાતુર્ય વગરનો હોવાથી તેને કપટી અને નિમ્ન કક્ષાના બુદ્ધિશાળી લોકો ફસાવી દે છે અને તેથી તેની આબરુ સાચવવા પરમાત્માને મદદ કરવા આવવું પડે છે. તેથી જ ભગવાને ગીતામાં કહ્યું છે કે, **'મને જ્ઞાની ભક્ત પ્રિય છે કારણ કે આવા ભક્તની ભગવાનને ચિંતા રહેતી નથી.'**

જ્ઞાની ભક્ત પોતાના જપ-તપ પરમાત્માને જ અર્પણ કરી દે છે. પ્રભુશ્રી પણ વારંવાર કહેતા કે, **જે કાંઈ જપ-તપ-વ્રત કરો તે બધુ પરમાત્માને અર્પણ કરી દેવું** (ભગવાનની બેંકમાં જમા કરી દેવું). અન્ય કોઈ અર્થે જપ-તપ આપવા હોય તો પરમાત્માને પ્રાર્થના કરવી. જેથી પરમાત્મા અંતર્યામી હોવાથી જેટલું અને જે રીતે યોગ્ય કરવું હશે તે કરશે ! આમ ભક્તના તપ-પુણ્ય દુન્યવી રીતે વેડફાઈ ન જાય તે અર્થે પરમાત્માને અર્પણ કરવા કહેતા હતા. (અત્રે એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે પરમાત્મા સ્વયં સંપૂર્ણ અને સંતુષ્ટ છે. તેમને પોતાના માટે અન્ય કોઈના જપ-તપની જરૂર નથી.)

તેઓશ્રી ભક્તિસંવર્ધન અર્થે તુલસીકૃત રામાયણનું પઠન કરવા ઘણાને કહેતા. એવી જ રીતે અવતારી પુરુષો જેવા કે શ્રી ચૈતન્ય મહાપ્રભુ, શ્રી સ્વામીનારાયણ ભગવાન કે શ્રી રામકૃષ્ણ ભગવાનના જ જીવન ચરિત્રો તથા ઉપદેશ (વિવેકપૂર્વક) વાંચવા કહેતા હતા. **ભક્તિને નુકશાનકર્તા ગ્રંથો નહીં વાંચવાની સલાહ આપતા.**

**શુદ્ધ ભક્તિ અને શુદ્ધ જ્ઞાન :**

શ્રી રામકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, ''શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ભક્તિ એક જ છે.'' પ્રભુશ્રીએ આ કથનને વ્યવસ્થિત રીતે સમજાવી આ બન્ને એક જ છે તેમ સિદ્ધ કરેલ છે.

શુદ્ધ ભક્તિ વિષે આગળ સમજાવ્યું છે કે, **પરમાત્માની નિષ્કામ, અનન્ય**

ૐ

**સદ્‌ભક્તિ તે 'શુદ્ધ ભક્તિ' છે. જ્યારે શુદ્ધ જ્ઞાન એટલે પરમાત્મા એક જ સત્, સાર, ઈષ્ટ તથા આત્મા છે.**

પ્રભુશ્રીએ 'બ્રહ્મ'ની વ્યાખ્યા '**सत्परं चिदधनं करुणात्मकं ब्रह्म**' આપી છે. આ વ્યાખ્યાના આધાર પર તેઓશ્રીએ સમજાવ્યું છે કે,

**''... આ ક્રાંતિકારી વ્યાખ્યા ભક્તિ તથા જ્ઞાન વચ્ચેની દીર્ઘકાળની વિસંવાદિતાનો એક વખત અને હંમેશને માટે સંપૂર્ણપણે અંત લાવે છે.**

**'ભક્તિ' હવે પ્રાકૃત મટી સદિવ્ય તેમજ ચિન્મય, નિશ્ચલ તેમજ નિત્ય બને છે અને જ્ઞાન પણ 'अहं ब्रह्मास्मि'ની સૂક્ષ્મ અસ્મિતામાં નહીં અટવાતાં શુદ્ધ બ્રહ્મના પરાત્પરપણાની સત્ય સમજમાં પરિણમે છે.''**

સંક્ષેપમાં માયાના અસત્ ઈશ્વરની સકામ ભક્તિ અશક્ય બની પરિબ્રહ્મ ઈશ્વરના સચ્ચિદાનંદ સુગુણ સ્વરૂપ સત્ય અવતાર દ્વારા (સત્ય) પરમાત્માની જ બની રહે છે. અને જ્ઞાન વ્યક્તિના વિસ્તૃત અહ્‌મમાં નહીં સમાય જતાં ખરેખર જ વ્યાપક બને છે.

આ રીતે પ્રભુશ્રીએ સમજાવ્યા પ્રમાણે 'શુદ્ધ જ્ઞાનની પરોક્ષ સમજ વગર શુદ્ધ ભક્તિની સમજ જ અશક્ય છે. જ્યારે શુદ્ધ ભક્તિ વગર આત્મામાં સ્ફૂરતા શુદ્ધ જ્ઞાન સુધી પહોંચવું શક્ય નથી.

**સિદ્ધાંતલક્ષી ભાવ :**

પ્રભુશ્રીનો ઉપદેશ ભાવલક્ષી કરતા સિદ્ધાંતલક્ષી વધારે જોવા મળતો હતો. કારણ કે ભાવ તો અગ્નિ પર મૂકેલ દૂધ જેવો હોય છે. અગ્નિ દૂર થતા દૂધનો ઉભરો બેસી જાય છે.

ચૈતન્યમય વાતાવરણ કે બ્રહ્મપુરુષનું સાનિધ્ય સહજ રીતે ભાવનું ઉદીપન કરે છે. પરંતુ ત્યાંથી દૂર થતાં જ ભાવ સમી જાય છે. તેથી ભાવ સાથે જ્ઞાન પણ હોવું

આવશ્યક છે. સિદ્ધાંતનિષ્ઠ ભાવની ઉત્તરોતર વૃદ્ધિ થતી રહે છે.

પ્રભુશ્રી પાસે આવતા એક સરળ ભક્ત ભાવમય સ્થિતિમાં રહેતા, પરંતુ એક વખત પોતાની આવશ્યક પૂજા-સેવાનું કર્તવ્ય પણ ભૂલી ગયા. 'ભાવ સાથે જ્ઞાન પણ હોવું જોઈએ' તે વાત પ્રભુશ્રીએ તેમને પત્રમાં લખીને સમજાવેલ હતી.

**''મનુષ્યને ગમે તેટલા ઉચ્ચ ભાવો થતા હોય તથા દિવ્ય દર્શનો થતા હોય તોપણ દિવ્યજ્ઞાન વગર તેઓ માયા તરફ જ ઘસડાઈ જશે... મનુષ્યે પોતાની સત્ કર્તવ્યપરાયણતા અને શુદ્ધ સમ્યક્ જ્ઞાનની મર્યાદામાં જ ભાવમગ્ન રહેવું જોઈએ.''**

એટલે જ પ્રભુશ્રીએ ચેતવણીના સૂરમાં કહેલ કે, **''જે વ્યક્તિ પોતાના ભાવમાત્રમાં રહેવા ઈચ્છે છે તે પરમાત્માના કાર્યમાં મદદરૂપ સહજપણે થઈ શકે નહીં...''**

ઘણી વખત એવું જોવા મળે છે કે ભાવ પ્રધાન ભક્તો પોતાના ગુરુનું એઠું પાણી પી જતા હોય છે. આ શુદ્ધ જ્ઞાન સાથેનો સમ્યક્ આચાર નથી. **તેથી જ પ્રભુશ્રી પોતાની થાળી પણ જાતે જ સાફ કરી લેતા હતા.** આમ આધ્યાત્મિક જીવનમાં ભાવમય મનુષ્યોએ આવેશમાં ભેટી પડવું કે એઠું ખાવું એવા વ્યવહાર કરવા ન જોઈએ. આધ્યાત્મિક સિદ્ધાંતો અને નિયમોની મર્યાદામાં જ ભાવને સ્થાન આપવું જોઈએ. (દરેક વ્યક્તિ પવિત્ર હોતી નથી તેથી ભક્તને આ જ્ઞાન હોવું જોઈએ.)

**પ્રભુશ્રીનો અન્ય ઉપદેશ :**

**આત્મા :**

પ્રભુશ્રીનો દિવ્ય બોધ-ઉપદેશ 'આત્મા' વિષેનું યથાર્થ જ્ઞાન આપે છે. ''પ્રત્યેક મનુષ્ય ઈશ્વરના અંશરૂપે આત્મા હોવા છતાં તેના માયા સાથેના સંબંધથી જીવાત્મા કે દેહાત્મા રૂપે રહેલ છે. અને તેથી **બ્રહ્મની જ્યોતિરૂપ પાંચ સાધન (સત્ય, કરુણા, સત્કર્તવ્ય, બ્રહ્મમંત્ર ધ્યાન, બ્રહ્મચર્યાત્મક પવિત્રતા) દ્વારા**

ॐ

**માયાથી મુક્ત થઈ શુદ્ધ જીવનની પ્રાપ્તિ કરી શકાય છે.''**

પ્રભુશ્રી ઘણા ભક્તોને 'આત્મભાવે' રહેવાનો ઉપદેશ આપતા. એટલે કે 'હું આત્મા છું' (દેહ નથી) એવો ભાવ કેળવવાથી કોઈપણ દુઃખમય સ્થિતિમાં ટકી શકાય છે. આત્માની સ્મૃતિ એ જ પરમ જાગૃતિ છે. **(आत्मानुस्मृति पराजागृति)**

**'દરેકે આત્મા બનવાનું છે.'** આ ઉપદેશ અંતિમ દિવસોમાં કહેલ હતો.

**ઉચ્ચજીવન અને નિમ્નજીવન :**

પ્રભુશ્રીએ માનવજીવનનું બે વિભાગમાં વર્ગીકરણ કર્યું છે. જે રીતે બ્રહ્મ અને માયાના વર્ગીકરણ દ્વારા અહિંસા-હિંસા, પવિત્રતા-અપવિત્રતા, શુભ-અશુભ, સત્ત્વ-તમસ્, આધ્યાત્મિકતા અને દુન્યવીતા એવા બે સ્પષ્ટ વિભાગો દર્શાવ્યા છે, તે જ રીતે આ બન્ને વિભાગોને અનુસરનારા મનુષ્યોના પણ બે વર્ગો છે. આ બન્ને વર્ગોના મનુષ્યોના વ્યવહાર તેમજ રહેણીકરણીના આધારે ઉચ્ચજીવન અને નિમ્નજીવન (Higher Life & Lower Life) એવા બે નામ પ્રભુશ્રીએ આપ્યા છે.

જે જીવન સત્યમય, પવિત્ર, સાત્ત્વિકતાયુક્ત, ઉચ્ચ આચાર સાથે સરળ, સાદગીસભર, સુઘડ અને સ્વચ્છ હોય તે ઉચ્ચ જીવન છે. જ્યારે તેનાથી ઊલટું બાહ્ય દૃષ્ટિએ ભભકાભર્યું હોય પણ તેમાં અસત્ય, અપવિત્રતા, નિમ્નકોટિના આચાર-વ્યવહાર, મિથ્યા આડંબર રહેલા હોય તે નિમ્ન જીવન છે. આવી રીતે પ્રભુશ્રીએ બન્ને જીવનની વ્યાપક સમીક્ષા કરી, તેમની વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજાવ્યો છે. **ઉચ્ચ જીવન જ આધ્યાત્મિકતાનું પોષક છે.** તેથી લોકોએ સુખમય અને શાંતિપૂર્વક જીવન જીવવા ઉચ્ચ જીવનને જ અનુસરવું જોઈએ.

આવી જ રીતે પ્રભુશ્રીએ કર્મનો સિદ્ધાંત, તપસ્યા, વિવેક-વૈરાગ્ય, શ્રદ્ધા, નિષ્ઠા, નિષ્કામતા, પુણ્ય-પાપ જેવી કેટલીય બાબતો પર ઊંડુ જ્ઞાન આપ્યું છે.

ૐ

**કર્મનો નિયમ અને તપસ્યા :**

શ્રી રામગીતામાં લખ્યું છે : **''કરેલા શુભ અથવા અશુભ કર્મોના ફળો અવશ્ય ભોગવવા જ પડે છે, ફળો ભોગવ્યા વિના કર્મોનો કરોડો કલ્પો સુધી પણ ક્ષય થતો નથી.''** (શ્રીરામગીતા ૧૦-૧૨)

વ્યક્તિગત અને સામૂહિકરીતે કર્મો અનુસાર તેના ફળો ભોગવવા જ પડે છે.

પૂર્વજન્મના એટલે કે વર્તમાન જીવનમાં ભોગવાતા પ્રારબ્ધ કર્મો અનુસાર મનુષ્યનું જીવન જોવા મળે છે. કર્મના નિયમમાં ઘણી જટિલતા રહેલી છે. કારણ કે ક્યા કર્મનું કેવું અને કેટલું ફળ ક્યારે ભોગવવાનું થશે તેની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા નથી. પરંતુ **પરમાત્માના શરણે ગયા પછી કર્મોનું શુદ્ધિકરણ શરૂ થાય છે,** અને ગમે તેવા પાપકર્મો પણ પરમાત્મા ધોઈ નાખે છે. પ્રભુશ્રી ભક્ત નામદેવનું ઉદાહરણ આપી કહેતા કે અનેક મનુષ્યોનો હત્યારો પણ અનન્યભાવે (સંપૂર્ણ) પરમાત્માને શરણે આવે તો પરમાત્મા તેને તે કર્મમાંથી મુક્ત કરાવે છે.

આમ સાચા **શરણાગત ભક્તને પરમાત્મા તે ભક્તની શક્તિની મર્યાદા અને પ્રકૃતિ અનુસાર તેવા શુભ કર્મો કરાવી અને અશુભ-પાપકર્મોથી છોડાવે છે.**

પ્રભુશ્રી પાસે આવતા ભક્તના પૂર્વના કર્મોને જાણી જતા અને પછીથી તેની ક્રમશઃ શુદ્ધિકરણની પ્રક્રિયા કરાવતા રહેતા હતા. આજ્ઞાપાલક ભક્તના વર્તમાન કર્મોની ગતિવિધિ પર પણ દૃષ્ટિ રાખતા હતા, અને તેથી જ પ્રથમ સત્ય પાળવા પર ભાર મૂકતા કે જેથી નવા કોઈ કર્મનું બંધન થાય નહીં.

અહીં પ્રશ્ન એ થાય છે કે સાચા ભક્તને જીવનમાં અનેકવિધ કષ્ટો સહન કરવા પડે છે, તેનું કારણ શું ? સામાન્ય મનુષ્ય તો તેના કર્મ ભોગવતા જીવે છે પરંતુ ઈશ્વરમય જીવન જીવતા ભક્તના જીવનમાં પણ અસહ્ય દુઃખો જોવા મળે છે.

પ્રભુશ્રીના અત્યંત નિકટના ભક્તોના જીવનમાં પણ આવું જોવા મળતું

ૐ

હતું. પ્રભુશ્રી તેમના કર્મશુદ્ધિકરણમાં સહાયક થવાની સાથે સાચી સમજ પણ આપતા રહેતા હતા.

તેઓશ્રી ઘણીવાર કહેતા કે, **''ભક્તોના કર્મો ભગવાન હથેળીમાં રાખી ધોવડાવે છે.''** ભગવાન અત્યંત કરુણામય અને ભક્તવત્સલ હોવા છતા ભક્ત વિરહાગ્નિમાં તપે છે તેનું કારણ ગતજન્મના તેના અશુભ કર્મો કે જે તેને ઈશ્વર સાથેના સંબંધમાં નડતરરૂપ હોય છે. તેથી પરમાત્મા ઓછામાં ઓછી વેદના અને કષ્ટ પડે તે રીતે અશુભ કર્મોનો નાશ કરવામાં તે ભક્તને મદદ કરે છે. આ સાથે માયાના અનિષ્ટ પરિબળોથી પણ તેનું રક્ષણ કરે છે. આ માટે પ્રથમ તો ભક્તનો આત્મભાવ જાગૃત કરી, તેનાથી સહન થઈ શકે તેવી પીડા-યાતના દ્વારા કર્મોનું શુદ્ધિકરણ કરે છે.

પ્રભુશ્રીના અંતરંગ ભક્ત શ્રી કરશનભાઈ રાઠોડને સતત માથામાં દુઃખાવાની તકલીફ રહેતી હતી. આથી પ્રભુશ્રી તેમને બદામપાક પરમાત્માને ધરાવીને મોકલતા હતા. એ લેવાથી કરશનભાઈને રાહત પણ થતી હતી. આ સાથે પત્રમાં લખતા કે, **''ભક્તોના જીવનમાં ભોગવવામાં આવતી માંદગી અથવા સંપૂર્ણ સ્વાસ્થ્યનો અભાવ ઘણી વખત ભક્તના કર્મ ધોઈ નાખવા નિમિત્તે ઈશ્વરપ્રેરિત હોય છે, જેથી કરી ભક્ત સતત નિર્મળ રહે.''**

આ રીતે ભક્તના જીવનમાં નાની-મોટી બીમારી રહેતી હોય તો તે ચિત્તની શુદ્ધિ અર્થે કર્મ ધોવાનું કાર્ય કરતી હોય છે. ઉપર્યુક્ત ભક્તે પછીથી સારા સ્વાસ્થ્ય સાથે ૯૬ વર્ષનું દીર્ધાયુષ્ય ભોગવ્યું હતું. આવી જ રીતે ભક્તશ્રી બચુભાઈ ચંદ્રેશા* આધ્યત્મિકતામાં ખૂબ જ આગળ વધ્યા હોવા છતાં શારીરિક અને કૌટુંબિક દૃષ્ટિએ અસહ્ય કષ્ટ ભોગવતા હતા. તેમને પણ પ્રભુશ્રીએ પત્રમાં લખી સમજાવ્યું હતું કે,

**''જે કંઈ મુશ્કેલી તથા યાતનાઓમાંથી તમો પસાર થઈ રહ્યા છો તે**

*ભક્તશ્રી કરશનભાઈ અને ભક્તશ્રી બચુભાઈ પ્રભુશ્રીના બાલ્યકાળના મિત્ર હતા અને તેમની ભક્તિને કારણે પ્રભુશ્રીને તેમના પ્રત્યે અનન્યભાવ હતો. તેથી તેમના માટે પ્રભુશ્રી ચિંતિત રહેતા.

ૐ

**બધાએ તમારા ખૂબ ખૂબ કર્મો કાપી નાખેલ છે. એ જ જ્ઞાનદ્દષ્ટિયુક્ત થઈ હવે કેવળ અખંડ ભજનના આનંદનો જ સૂર્ય ઉગવાનો છે એ હૃદયમાં ધરી કેવળ આનંદમાં જ રહેશો.''**

આ ભક્તને જીવનમાં બે વખત મૃત્યુના મુખમાંથી પરમાત્માએ બચાવી લીધા હતા. આમ પરમાત્માની અત્યંત નિકટ હોવા છતાં કષ્ટમય જીવનમાંથી પસાર થવું પડ્યું હતું અને તેનું કારણ કર્મનું સંપૂર્ણ શુદ્ધિકરણ હતું.

તપસ્યા એ કર્મશુદ્ધિ અર્થેનું એક આવશ્યક અંગ છે અને તેથી આધ્યાત્મિકતામાં તપને અનિવાર્ય માનેલ છે. આ રીતે પરમાત્માને માર્ગે જનારે તપ તો કરવું જ પડે છે. પણ પ્રભુશ્રી સુ-તપ કે આર્ષતપ પર ભાર મૂકતા. તપના સાધન અને સાધ્ય બન્ને શુદ્ધ હોય તેને જ સુતપ કહી શકાય. તેથી પવિત્ર સાધનો દ્વારા શુભ હેતુ અર્થે જ તપ કરવું જોઈએ. જેનો **આત્યંતિક ધ્યેય તો ચિત્તશુદ્ધિ અને વિશ્વકલ્યાણ જ હોવો જોઈએ.** ચિત્તશુદ્ધિ અર્થે જ કર્મ ધોવા પડે છે અને તેથી જ તપની આવશ્યકતા રહે છે.

આમ છતાં પ્રભુશ્રી ભક્તોને જીવનમાં અતિકઠોર તપસ્યાથી દૂર રહેવા કહેતા હતા. તેઓશ્રીને સ્વયં તો બ્રહ્મસ્વરૂપે વિશ્વકલ્યાણ અર્થે જ અકલ્પનીય તપસ્યા કરવી પડી હતી. પરંતુ દરેક મનુષ્યે તેટલી તપસ્યા કરવી જરૂરી નથી, છતા પણ મર્યાદિત તપસ્યા તો અનિવાર્ય છે જ કારણ કે કોઈપણ આધ્યાત્મિક કાર્ય તપસ્યા વગર સિદ્ધ થઈ શકે નહીં. તેથી પ્રભુશ્રી સહજક્રમમાં આવશ્યક તપસ્યા કરવા ભક્તોને પ્રેરતા હતા.

તપસ્યાનું માહાત્મ્ય દર્શાવતા તેઓશ્રીએ કહેલ કે, **''સારાએ જગતમાં આધ્યાત્મિકતા પ્રવર્તાવવા... તપસ્યાની અનિવાર્ય આવશ્યકતા છે, જે તપસ્યા પ્રાચીનકાળથી... ભારત જ અસરકારક રીતે પૂરી પાડવા સમર્થ છે.''**

એટલે જ પ્રભુશ્રીએ પૃથ્વીના બે ગોળાના ચિત્રમાં 'તપોયુક્ત ભારત'

ૐ

દર્શાવેલ છે. શેષ વિશ્વ માટે તપોયુક્ત શબ્દ વાપરેલ નથી. કારણ કે ભારત જ વિશ્વમાં એક માત્ર એવો દેશ છે જેની સંસ્કૃતિ અને સમાજજીવન આધ્યાત્મિક અને તપોપ્રધાન છે. **વર્ષોથી ભારતના જનજીવનમાં તપસ્યા સહજ રીતે વણાયેલ છે.** વિશ્વ માટે તો એટલી જ અપેક્ષા રાખી શકાય કે તે સત્યનિષ્ઠ, કરુણાન્વિત અને જ્ઞાનયુક્ત બને.

**સમાપન :**

પ્રભુશ્રીએ આધ્યાત્મિકતાના વિષય પર સંપૂર્ણ જ્ઞાન આપ્યું છે. છતાં દરેક મનુષ્યને ઈશ્વરપ્રાપ્તિના કોઈપણ માર્ગે જવા એકનિષ્ઠાપૂર્વક વળગી રહેવા કહ્યું છે.

**''જેને સમ્યક્જ્ઞાન થકી સ્વસ્વરૂપતા અને સ્થિતપ્રજ્ઞતાની પ્રાપ્તિ અથવા પરાભક્તિ થકી પોતાના ઈષ્ટની સચ્ચિદાનંદ સ્વરૂપે પ્રાપ્તિ અથવા નિર્વિકલ્પ સમાધિ થકી આત્માનુભૂતિ વગેરેની પ્રતીતિ કરવી છે તેણે તો ભક્તિની અનન્યતા, માયા તરફ વિતરાગતા તેમજ કર્મોમાં નિષ્કામતા કેળવવાની જરૂર છે... સર્વપ્રથમ તો એક જ માર્ગ- જેને પોતાની બુદ્ધિ, અનુભૂતિ તથા અંતરાત્મા સર્વોચ્ચ માનતો હોય તેમાં એકનિષ્ઠાથી જ ઉપલબ્ધ થવું શક્ય છે.''**

પ્રભુશ્રીએ પોતાના જીવનમાં મેળવેલ ઉચ્ચ શિક્ષણ અને સાક્ષાત્કાર પછી **વર્ષોપર્યંતની તપ-સાધનાના ફળ સ્વરૂપે પ્રાપ્ય જ્ઞાન-શક્તિનો ઉપયોગ લોકોનો (સત્ય) ઈશ્વર સાથે કઈ રીતે સંબંધ સ્થાપિત થાય તેમાં જ કર્યો છે.** પરંતુ તેઓશ્રી એ પણ જાણતા હતા કે પરમ સાક્ષાત્કાર તો કોઈક વિરલ વ્યક્તિ જ કરી શકે તેમ છે. તેથી દરેક સાધારણ મનુષ્ય માટે સુખમય અને શાંતિપૂર્ણ જીવન જીવવા પરમાત્માની અનેક રીતે સહાય ઉપલબ્ધ હોવાથી તેનો ઉચિત જ્ઞાન સાથે યોગ્ય સાધન દ્વારા ઉપયોગ કરવો આવશ્યક છે. કારણ કે **દુન્યવી જીવનમાં મહત્ દુ:ખો સાથે મનુષ્ય જે કષ્ટ સહન કરી રહેલ છે તેને સ્થાને પરમાત્મા પ્રત્યેની નિષ્કામ ભક્તિ અને શરણાગતિ સ્વીકારવાથી તેને અલ્પ કષ્ટ દ્વારા અનેકગણી રાહત મળી શકે તેમ છે.**

ॐ


'શ્યામલ' ધામ તો પ્રભુશ્રીની આધ્યાત્મિક પ્રયોગશાળા હતી કે જ્યાં તેઓશ્રીએ ચૌદ વર્ષ સુધી અખંડપણે આધ્યાત્મિકતાના સૂક્ષ્મતમ સિદ્ધાંતો, નિયમો, આચારો તથા કાર્યોને પ્રત્યક્ષ પ્રમાણ સાથે દર્શાવ્યા હતા. જેમ એક ઉદ્યમી વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળામાં કોઈ ઉપયોગી સંશોધન કરી જગતને ભેટ આપે અને જેના દ્વારા અસંખ્ય માનવીઓનું જીવન સુખમય બને છે તે જ રીતે આધ્યાત્મિક ઉર્ધ્વ જીવનનો આ સરેરાસ દુન્યવી જીવન સાથે ઉચ્ચતમ સંબંધ સ્થાપિત કરી, તેના દ્વારા જગતને સાચા સુખ-શાંતિ અને આનંદનું દર્શન કરાવવાનો પ્રભુશ્રીનો ધ્યેય હતો.

જ્યાં સુધી આ જગતમાં સત્ધર્મ થકી આધ્યાત્મિકતાનું પ્રવર્તન નહીં થાય, ત્યાં સુધી ચિરશાંતિ કે સાત્ત્વિક સમૃદ્ધિ અસંભવ અને સ્વપ્નવત્ જ છે.* માત્ર બાહ્ય કે દેખાવની ધાર્મિકતાથી સાચી આધ્યાત્મિકતા આવી શકતી નથી. વિશાળ માનવ સમુદાય માત્ર દેખાડાની ધાર્મિકતાના નામ પર એકત્રિત તો થાય, પરંતુ સાચી આધ્યાત્મિકતા વગર તેનું પરિણામ શૂન્ય જ આવે. લોકો હૃદયથી (સત્ય) ઈશ્વર સન્મુખ થાય તે જ પ્રાથમિક જરૂરિયાત છે.

---

*સત્–ધર્મના સંસ્થાપન અર્થે પ્રથમ તો હિન્દુ ધર્મના ધર્મશાસ્ત્રોમાં રહેલી વિસંવાદિતાના નિવારણ માટે તેમને સત્ અને અસત્માં વર્ગીકૃત કરવા આવશ્યક છે, કારણ કે હિન્દુ ધર્મ કોઈ એક વ્યક્તિએ એક જ સમયે સ્થાપિત કરેલ નથી. કાળક્રમે અનેકવિધ વિભૂતિઓ દ્વારા રચિત શાસ્ત્રો હવે તો પ્રચલિત હિન્દુ ધર્મનું અંગ બની ગયેલ છે તેથી શ્રીરામકૃષ્ણ ભગવાને કહ્યું છે તેમ ખાંડ અને રેતીને (સત્ અને અસત્) શાસ્ત્રોમાંથી જુદા કરવા અનિવાર્ય છે. આ રીતે જ સત્ પ્રાપ્ત થશે તે જ સદ્ધર્મ કે અધ્યાત્મધર્મની અંતર્ગત ઉપયોગી બનશે. તેથી પ્રભુશ્રીએ કહ્યું છે કે, **"શુદ્ધ બુદ્ધિના ન્યાયયુક્ત નિર્ણયો તેમજ અંતરાત્માની અનુભૂતિઓ, સત્-ધર્મના અંતિમ પ્રમાણો છે."** દા.ત. શિવપુરાણમાં શિવ ભગવાનની ભવ્યતા અને ગૌરવને અનુરૂપ લખાણ ઘણે સ્થળે જોવા મળતું નથી. આ રીતે બધા શાસ્ત્રોમાંથી સત્–અસત્ને જુદા પાડી શકાય. તેથી જ પ્રભુશ્રી ઘણા શબ્દો આગળ 'સત્' શબ્દ લખતા હતા. જેમ કે સત્આચાર, સત્સૌંદર્ય, સત્આનંદ, સત્નીતિ, સત્જ્ઞાન, સત્ધર્મ, સત્કર્તવ્ય.... વગેરે.

ૐ




ચિત્રસમજ : શ્રી આત્મન ભગવાને ચાવીઓના ઝૂડા દ્વારા અધ્યાત્મ જીવનની પ્રાપ્તિ અર્થેના સિદ્ધાંતોને ખૂબ જ સૂક્ષ્મ રીતે બતાવેલ છે. સંપૂર્ણ અધ્યાત્મ વિજ્ઞાન અનુસાર આ ચિત્રમાં આધ્યાત્મિકતાના પાયાના સિદ્ધાંતો - સત્ય, કરુણા, સતુકર્તવ્ય, બ્રહ્મમંત્રજપ તથા બ્રહ્મચર્યાત્મક પવિત્રતા ને ચાવીઓની અંદર તથા તેની બાજુમાં સમજ સાથે બતાવેલ છે. જે રીતે તાળુ અને ચાવી વચ્ચેનો સંબંધ રહેલો છે તે જ રીતે આ (ચાવીઓ) સિદ્ધાંતોને અધ્યાત્મજીવન સાથે સંબંધ રહેલો છે. આ સિદ્ધાંતોના પાલન દ્વારા જ અધ્યાત્મ જીવનની પ્રાપ્તિ શક્ય છે અને ત્યારપછી જ માનવજીવનનું એકમાત્ર લક્ષ્ય પરમતત્ત્વ-બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે.


સત્યયુગ સંસ્થાપન - પ્રલય નિવારણ
ૐ ह्रीं राम जयराम जयजयराम
सतपरं चिदघनं करुणात्मकं ब्रह्म
સત્યયુગ સંસ્થાપનાર્થે
પ્રલયયોગ નિવારણાર્થે
पवित्रता
कारुण्यता
ઈશ્વર
સેવા
આત્મોન્નતિ
વિશ્વકલ્યાણ
જય જય રામ.
નિષ્કામતા
નિયમિતતા
સત્ શ્રધ્ધા
જપયજ્ઞાનાં બ્રહ્મ યજ્ઞોઽસ્મિ

ॐ

'सत्परं चिद्घनं करुणात्मकं ब्रह्म'

પ્રકરણ - ૧૮

# સ્વધામ પ્રયાણ - મહાસમાધિ

પૂજ્ય પ્રભુશ્રીનું સંપૂર્ણ જીવન વિશ્વકલ્યાણ અને સત્-સંસ્થાપનના કાર્ય અર્થે અનેકવિધ સંઘર્ષ, કષ્ટ તથા કઠિન તપશ્ચર્યાપૂર્ણ હતું. નિજસ્વરૂપના સાક્ષાત્કાર પૂર્વેનો સંઘર્ષ ઉચ્ચ અભ્યાસ અર્થેનો હતો. જ્યારે પછીના ત્રીસ વર્ષ વિશ્વકલ્યાણ અર્થેની કષ્ટમય તપસ્યા તથા તે સંબંધિત કાર્યોને જ સમર્પિત હતા. એક માનવ શરીર અને મનની સહનશીલતાની પરાકાષ્ટાનું ચરમબિંદુ જ્યાં આવેલું છે ત્યાં સુધી પ્રભુશ્રીએ અવિરતપણે સહન કર્યું હતું. વિશેષ તો જીવનનાં અંતિમ ચાર વર્ષ ઉપવાસ સાથે અત્યંત કઠિન તપસ્યા પ્રલયનિવારણ તેમજ ગાય તથા નિરુપદ્રવી મૂક જીવોની રક્ષાના કાર્યો અર્થે જ વ્યતિત કરેલ હતા. આ બધું જ અકલ્પનીય હતું. તેઓશ્રી જે કંઈ કરતા તે માત્ર સમષ્ટિના કલ્યાણ અર્થે જ કરતા હતા.

**ચાર વર્ષના ઉપવાસ :**

સતત ચાર વર્ષ સુધી ઉપવાસ કરવાથી આપશ્રીનું દિવ્ય તેજોમય શ્રીશરીર ખૂબ જ ક્ષીણ થતું ગયું હતું અને પછી તો હાડકા સુધ્ધાં ગળતા જતા હતા. તેમ છતાં એ કેટલી આશ્ચર્યજનક વાત છે કે તેમની પારલૌકિક શારીરિક અને માનસિક સ્ફૂર્તિ તો યથાવત જળવાઈ રહેલ હતી. અંતિમ વર્ષોમાં લેખન કાર્યમાં અત્યંત વ્યસ્ત રહેવા છતાં તેમની દૈનિક તપસ્યા સાથે માનસિક પૂજા, ધ્યાન, વગેરેમાં પણ પૂર્ણપણે ઓતપ્રોત રહેતા હતા. સામાન્ય રીતે નબળાઈમાં પણ પોતાનું કાર્ય તો જાતે જ કરી લેતા હતા.

ૐ

તેઓશ્રીના ઉપવાસની ચુસ્તતા એટલી સખત હતી કે દાળના વઘારની સુગંધને પણ (મનથી) દૂર રાખવી પડતી હતી. ચાર કપ ચા અને એક ગ્લાસ મોસંબીના રસ સિવાય કોઈ દવા* પણ તેઓશ્રી લેતા નહીં. ઉલટાનું વિશેષ તપ અર્થે કોઈ વખત તો ચા પણ એક કપ ઓછી લેતા હતાં! ગરમીમાં પણ ચાને બદલે છાશ પણ નિયમની ચુસ્તતાને કારણે લઈ શકતા નહીં.

તેઓશ્રીની શારીરિક સ્થિતિ પણ આ પ્રકારના સંશોધનાત્મક કાર્ય અર્થે પૂર્ણપણે સાનુકૂળ ન હતી. ડાબી આંખે તો મોતિયો આવી ગયો હતો. બે વખત આંખના સર્જન આવીને તપાસી ગયા હતા. પરંતુ તેમના દિવ્ય સત્-સંકલ્પ અનુસાર લખાણ પૂરું થાય પછી જ ઓપરેશન શક્ય હતું. આને કારણે આંખમાં બે દૃષ્ટિ થવાથી લખવા વાંચવામાં ખૂબ જ મુશ્કેલી થતી. વધુમાં ઉપવાસી મુખ પર ચશ્મા રહેતા નહીં અને વારંવાર પડી જતા હતા. આવી જ રીતે દાંતની પીડા પણ થતી રહેતી. એક વખત તો એક ભક્તને લઈને 'શ્યામલ'ની સામે જ ડૉ. ઠાકરને ત્યાં મોડી રાત્રે દાંત કઢાવવા જવું પડ્યું હતું.

માત્ર ચા અને મોસંબીનો રસ જ પીવાથી કોઈ વખત તો ઉબળીયા પણ આવવા લાગતા. એક વખત તો સતત ત્રણ દિવસ સુધી આ તકલીફ રહી હતી. ત્રીજા દિવસે વળી મોંમાં તુલસીનું પાન મૂકવાથી રાહત થઈ હતી. એક વખત સ્નાન, આરતી, વગેરે પૂર્ણ કરી ઉપર આવ્યા ત્યારે આંખો સખત લાલ થઈ ગઈ હતી. તેમને બળતરા થતી હતી પણ પુસ્તક લખાણની ચિંતામાં ભૂલી ગયા હતા. તેમને કારણ પૂછતા ખબર પડી કે કપડા ધોવા સર્ફનું પેકેટ ઊંચેથી લેવા જતા દૃષ્ટિની સમસ્યાને કારણે સીધું આંખ પર પડેલ હતું. પછી તત્કાળ આંખના ટીપા લાવી નાખતા રાહત થયેલ હતી. વળી નાની-મોટી બીમારી કે કમર, માથાનો દુઃખાવો વગેરે તો સતત પરેશાન કરતા હતા પરંતુ આ સઘળી પીડા સહન કરીને પણ અહર્નિશ વિશ્વકલ્યાણ અર્થે કાર્ય કરતા રહેતા હતા.

---

*દવામાં અપવાદરૂપે માત્ર હિંગાષ્ટક અને માથાના દુઃખાવાની કોડોપાયરીન ટીકડી લેતા હતા.

ૐ

ઉનાળાની સખત ગરમીમાં નિજખંડમાં બળબળતા પતરા નીચે બેસી લખતા. વળી તપસ્યાના ભાગરૂપે પંખો પણ રાખતા નહીં ! બાહ્ય રીતે પગમાં ગાયનું ઘી ઘસતા અથવા માથામાં દૂધીનું તેલ નાખતા તેથી થોડી રાહત મળતી હતી.

આ ઉપરાંત પ્રભુશ્રીને જન્મથી જ એક કીડની હતી, તેમજ વર્ષો પહેલાં સારણગાંઠનું ઓપરેશન પણ કરાવેલ હતું. તેથી આ નબળાઈને પણ ધ્યાનમાં લઈને ભક્તોને તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા રહેતી.

**પ્રેસનું કાર્ય :**

પ્રભુશ્રીનો નિજખંડ અને તેની સાથેની ઓસરી એક નાનકડા પ્રેસમાં પરિવર્તિત થઈ ગઈ હતી. લેખન કાર્ય સાથે તેને કમ્પોઝ કરાવવાનું (બીબા ગોઠવવાનું) કાર્ય ઓસરીમાં થતું હતું. અંગ્રેજી-ગુજરાતી ટાઈપની ચેસો, પ્રુફ મશીન, બ્લોકનો કબાટ, વગેરે સાધનોને કારણે ઓસરીમાં માત્ર બેસવા જેટલી જ જગ્યા રહેતી હતી. જ્યારે ઓરડાની મધ્યમાં હિંડોળો હતો, તેની પાછળ મોટા કબાટમાં બ્લોક્સ રાખ્યા હતા. બાજુમાં મોટા ટેબલ પર અસંખ્ય પુસ્તકો, શબ્દકોષો, વગેરે રાખ્યા હતા. આ રીતે પ્રભુશ્રીનું નિજસ્થાન સંપૂર્ણપણે એક નાનકડા પ્રેસમાં પરિવર્તિત થઈ ગયુ હતું. કમ્પોઝીટર શ્રી રમણીકભાઈ જોષી કમ્પોઝ કરવા નિયમિત આવતા હતા.

નાની મોટી માંદગી તેમજ સતત ઉપવાસ સાથે પ્રભુશ્રી સતત વાંચન અને સંશોધનાત્મક લખાણ કરતા રહેતા. રફ કાગળમાં લખી ટાઇપ કરાવતા અને પછી તેને ઓસરીમાં કમ્પોઝીટરને કમ્પોઝ કરવા આપતા હતા. કમ્પોઝ થયા પછી પ્રૂફરીડિંગ ખૂબ જ કાળજીપૂર્વક કરતા અને જરૂર હોય તો પુનઃ તેમાં ફેરફાર પણ કરાવતા હતા. આ પ્રમાણે ચાર પાનાં પૂર્ણ થતાં તેને પ્રેસમાં છપાવવા માટે મોકલાવતા હતા. ત્યાં પણ શુભ મુહૂર્તની રાહ જોવી પડતી હતી. આમ આજના જેવા આધુનિક યંત્રવિજ્ઞાનના વિકાસના અભાવે તેમજ વળી પ્રભુશ્રીના ઉચ્ચ

કોટિના નિયમોના અખંડ પાલનના આગ્રહને લીધે કાર્ય ઝડપથી થઈ શકતું નહીં. કોઈ વખત છપાઈ ગયેલ પાનામાં નાનકડી ભૂલ દેખાતા પ્રભુશ્રી તે ચાર પાનાં ફરીથી (બે હજાર નકલ) છપાવતા હતા.

**અન્ય કાર્યો :**

અખંડ ઉપવાસના આ કષ્ટમય ચાર વર્ષ દરમિયાન લેખનકાર્ય સાથે અન્ય કાર્યો પણ એટલા જ અગત્યના હોવાથી પ્રભુશ્રીને તે અર્થે પણ એટલું જ ધ્યાન આપવું પડતું હતું.

પ્રલય નિવારણના ઉદ્દેશથી ઇ.સ.૧૯૭૪થી શરૂ કરાયેલ અખંડધૂનને જાળવી રાખવી એટલી જ આવશ્યક હતી. વળી એક સાથે બે અખંડધૂન રાખેલી હતી. એક સત્યયુગ સંસ્થાપનના ભવ્ય ધ્યેય અર્થે અને બીજી પ્રલય તથા જીવહિંસા અટકાવવાના શુભ હેતુ અર્થેની હતી. અને તેથી જ કોઈ પણ બે ભક્તો 'શ્યામલ'માં સતત ધૂન કરતા જોવા મળતા હતા. કોઈ વખત કોઈ કારણસર ધૂન તૂટી જાય તો પ્રભુશ્રી તેના પ્રાયશ્ચિત્તરૂપે વધારાની તપસ્યા પણ કરી લેતા હતા. તેઓશ્રી સ્વયં પણ ધૂનમાં આવીને આનંદપૂર્વક તેમાં ભાગ લેતા હતા.

ધૂનમાં ભક્તોની ખેંચ રહેતી ત્યારે કોઈ ધૂન બંધ કરવા સૂચન કરતું ત્યારે હંમેશા કહેતા કે, **''ધૂન એ તો લોકોની જીવાદોરી છે તેને હાલની સ્થિતિમાં બંધ કરવી યોગ્ય નથી.''** આમ લેખનકાર્ય સાથે અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં ધૂન જાળવી રાખી હતી. આ કારણોસર આઠ-દસ ભક્તો 'શ્યામલ'માં તેમની સાથે રહેતા હતા.*

અખંડધૂન સાથે શ્રી રામલાલા ભગવાનની સેવા-પૂજા, આરતી, ભોગ-થાળ પણ નિયમિત થતા હતા. તેથી રસોડાનું કાર્ય વધી જતું હતું. નિત્ય પંદરેક

*પ્રભુશ્રી સદા ઇચ્છતા કે તેમના નિજ ખંડમાં એક ભક્ત અખંડ જપ કરતા રહે જેથી કરી તેમનું કાર્ય વિના વિઘ્ને સરળતાથી થયા કરે અને તેથી જ તેઓશ્રી ભક્ત શ્રી બચુભાઈ, શ્રી રાવલ ભાઈ, (જુનાગઢ), તથા શ્રી ભટ્ટભાઈને તેમના સાનિધ્યમાં બેસી જપ કરવા વારંવાર કહેતા. ભક્ત શ્રી પદ્યુમનભાઈ જ્યારે રાત્રે ચિત્રકામ કરવા આવતા ત્યારે તેમને ઘણીવાર પ્રથમ ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ કરવા કહેતા હતા.

ૐ

ભક્તોનો પ્રસાદ 'શ્યામલ'ના રસોડે તૈયાર થતો હતો. પ્રસંગોચિત આવતા ભક્તોની વ્યવસ્થા તથા પરમાત્માના જન્મોત્સવ પણ નિયમિતપણે ઊજવાતા હતા. આમ આ નાનકડા 'શ્યામલ'માં અત્યંત આર્થિક મુશ્કેલી વચ્ચે પ્રભુશ્રી સંપૂર્ણ વ્યવસ્થા ચલાવતા હતા.

પ્રભુશ્રીએ જે અમૂલ્ય આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કરેલું છે તે બધું જ આ ચાર વર્ષના (ઇ.સ.૧૯૭૮-૮૨) ઉપવાસ સાથે કરેલું હતું. આમ ગૌરક્ષા અંગેના પુસ્તક સાથે અન્ય લખાણ પણ તેઓશ્રી કરતા રહેતા હતા.

**પૂજ્ય પ્રભુશ્રીની અંતિમ બીમારી :**

પ્રભુશ્રીની અંતિમ બીમારીના છેલ્લા ત્રણ મહિનાનો ઘટનાક્રમ નીચે પ્રમાણે છે.

**ગૌમાતાના ગુજરાતી પુસ્તકનો પ્રારંભ (તા.૨૮/૦૫/૧૯૮૨) :**

પ્રભુશ્રીના અખંડ અવિરતપણે ચાલતા ઉપવાસને લગભગ ચાર વર્ષ પૂરા થવા આવ્યા હતા અને શારીરિક નબળાઈ સાથે ધીમો તાવ પણ આવવો શરૂ થયેલ હતો. ઘણા સમયથી લખાઈ રહેલું વિસ્તૃત અંગ્રેજી પુસ્તક નજીકના સમયમાં પૂર્ણ કરી શકાય તેમ શક્ય ન હતું.

તેથી તેઓશ્રીએ એક મહત્ત્વનો નિર્ણય કર્યો કે ગૌમાતાની રક્ષા અર્થે નાનું ગુજરાતી પુસ્તક લખીને ઉપવાસ છોડી પારણા કરવા. જો કે (ઈ.સ.૧૯૭૮) ઉપવાસના પ્રારંભ સાથે કોઈ સંકલ્પ કર્યો ન હતો. માત્ર સહજ તપસ્યા અર્થે જ લેખન સાથે ઉપવાસ કરતા હતા. પરંતુ તેમનો સામાન્ય વિચાર પણ એક સુદૃઢ સંકલ્પ બની જતો હતો. તેથી અંગ્રેજી પુસ્તકના સારરૂપ તથા અન્ય બે મુદ્દાને સમાવી એક સંક્ષિપ્ત ગુજરાતી પુસ્તકના લેખનનો પ્રારંભ તા.૨૮/૫/૮૨થી કર્યો.

**પુસ્તકના લેખનમાં અવરોધ :**

પ્રસ્તુત પુસ્તકના લખાણનો પ્રારંભ કર્યો ત્યાં જ મુશ્કેલીઓ આવવી શરૂ થઈ ગઈ હતી.

ૐ

તા.૧૭/૫ ના રોજ ગોંડલ અખંડધૂનમાં ભક્તને મોકલી પ્રાર્થના કરાવતા તાવમાં રાહત થઈ હતી. તેથી પુસ્તક લેખનનો પ્રારંભ તો કરી દીધો. પરંતુ તા.૨૮/૫ ના રોજ શ્રી રમણીકભાઈ કમ્પોઝીટર[1] કાર્ય સંબંધે દુઃખ થતા જતા રહ્યા. આ સાથે ભક્ત શ્રી કરસનભાઈ પણ અસહ્ય ગરમીથી કંટાળી ગયા હતા તેમજ શ્રી રમણીકભાઈના પ્રશ્ને તેમને પણ દુઃખ થયેલું તેથી તેઓ પણ જામનગર જતા રહ્યા. જ્યારે શ્રી ભટ્ટભાઈની રજા પુરી થતા અને સરકારી ક્વાર્ટરમાં દૂર રહેવા જતા 'શ્યામલ'માં નિયમિત આવી શકતા ન હતા. આમ પ્રભુશ્રીના આ કાર્યમાં સતત સાથે રહી સહાયક બની શકે તેવું કોઈ રહ્યું ન હતું. તેથી કાર્યનો સંપૂર્ણ ક્રમ અવ્યવસ્થિત થઇ ગયો હતો.

આ બધી સમસ્યાઓ વચ્ચે પણ જૂન'૮૨માં પ્રભુશ્રીએ ગૌરક્ષાનું સંક્ષિપ્ત ગુજરાતી પુસ્તક લગભગ પૂર્ણ કર્યું હતું. અને તેથી ગુરુપૂર્ણિમાએ ઉપવાસનાં પારણાં કરવા નક્કી કરેલું.

તા.૧૯/૬ના રોજ શ્રી ભટ્ટભાઈને ગોંડલ અખંડધૂનના સાધુઓને જમાડવા સૂચના આપી.

તા.૨૬/૬ ના રોજ નવ ભક્તોને[2] શ્રી અમરનાથ ભગવાનની યાત્રાએ મોકલ્યા અને શ્રી શિવાભાઈને તેમને વળાવવા સ્ટેશને મોકલ્યા હતા.

---

૧) શ્રી રમણીકભાઈ જોષી કમ્પોઝીટર તરીકે ત્રણ વર્ષથી વધુ સમયથી કાર્ય કરતા હતા. સ્વભાવે ક્રોધી અને તમાકુના વ્યસની હોવા છતાં કાર્યમાં નિષ્ઠા અને પ્રમાણિકતાને કારણે પ્રભુશ્રીને તેમના પ્રત્યે ભાવ હતો. અંતિમ વર્ષોમાં પરમાત્માની કૃપાથી તેમનું સંપૂર્ણ જીવન પરિવર્તન થઇ ગયેલ હતું. તેઓ એકાંતિક જીવનમાં રહી, અખંડ દીવો પ્રગટાવી સતત જપ કરતા રહેતા અને યાત્રાઓ કરતા હતા. પ્રભુશ્રીએ અહેતુક કૃપા વડે ઘણા ભક્તોના જીવન પરિવર્તન કર્યા હતા.

૨) આ નવ ભક્તો (૧) શ્રી બાબુભાઈ, (૨) શ્રી લલિતભાઇ, (૩) શ્રી માણેક ભાઈ, (૪) શ્રી મગનભાઈ, (૫) શ્રી નારણભાઇ, (૬) શ્રી દિપકભાઇ તથા ગૃહસ્થ ભક્તો (૭) શ્રી પ્રદ્યુમનભાઈ, (૮) શ્રી જયંતીભાઈ, (૯) શ્રી વિનુભાઈ.

ૐ

**ઉપવાસના પારણા (તા.૬-૭-૮૨ ગુરુપૂર્ણિમા) :**

જૂન મહિનાના અંતથી પુનઃ તાવ આવવો શરૂ થઈ ગયેલ હતો અને વળી શારીરિક નબળાઈ પણ વધતી જ જતી હતી.

ગૌરક્ષાનું સંક્ષિપ્ત ગુજરાતી પુસ્તક પૂર્ણ થઈ ગયું હોવાથી હવે પારણાં કરવાનું નક્કી જ કરેલું હતું. તેથી તા.૬/૭ **ગુરુપૂર્ણિમાના દિવસે ભક્તશ્રી રામલાલભાઈના ઘરેથી દહીં મંગાવી દીર્ઘ ઉપવાસના પારણા કરી લીધા.**

પ્રભુશ્રીને પારણા કર્યા પછી એમ હતું કે થોડો ખોરાક લઈ શકાશે અને પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાશે. પરંતુ તાવ અને નબળાઈની સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નહીં, મહામુશ્કેલીથી નીચે પધારી સ્નાન-ધ્યાન કરી ઉપર જતા હતા.

તેમના માટે ડૉ. કમલભાઈ દવા લઈને આવ્યા હતા. પ્રભુશ્રીએ તે શ્રી શિવાભાઈને આપવા કહ્યું. શ્રી શિવાભાઈ તે લઈને પ્રભુશ્રીને આપવા નજીક ગયા પરંતુ કેપસ્યુલ તેમના હાથમાં જ ચોંટી ગઈ અને પછી નીચે પડી ગઈ. અંતર્યામી પ્રભુશ્રીએ કહ્યું કે 'હવે દવાની જરૂર નથી.' ત્યાર પછી તેઓશ્રીએ ક્યારેય દવા લીધેલ નહીં.

પ્રભુશ્રી હવે આ બીમારીના કારણો વિષે વિચારતા જાય છે. જેમ જેમ તેનો ખ્યાલ આવતો જાય છે તેમ તેમ તેનો અમલ શરૂ કરી દીધો છે.

પ્રભુશ્રી કહે છે કે, **''અસત્યથી મળતી કોઈપણ મદદને કારણે ઘણું સહન કરવું પડેલ છે...''** શ્રી વલ્લભદાસભાઈને ત્યાંથી આવતી સામગ્રી તથા પ્રેસનું કાર્ય બંધ કરેલ છે. તેમજ શ્રી નવનીતભાઈની રકમ લેવાનું પણ બંધ કરેલ છે. 'શ્યામલ'ની કેટલીય વસ્તુનું વિસર્જન કરાવી નાખેલ છે.

તેઓશ્રી સત્ય પર વધુ ભાર મૂકતા કહે છે કે, **'અત્યારે બીજા તપ-સાધન કરવા કરતાં સત્યનું પાલન કરે અને જપ થકી પોતાના આત્માને ટકાવી રાખે તો બસ છે...'** સૂતા સૂતા હાથ ઊંચો કરી સહેજ મોટા અવાજે કહે છે, **''સત્યના**

**પાલન વગર ઈશ્વર પ્રાપ્તિ શક્ય નથી... અને નથી જ...''** પછી શાંત થઈ થોડીવાર મૌન થઈ જાય છે.

તેઓશ્રીના ખંડમાં પ્રેસના કાર્યના સાધનો, પુસ્તકો તથા તેમનો હિંડોળો, વગેરેનું વિસર્જન કરેલ છે. નીચેના ખંડમાંથી બાંકડો વગેરે વસ્તુઓનું વિસર્જન કરેલ છે. આમ જેમ જેમ પ્રેરણા થતી જાય છે તેમ તેમ તે વસ્તુઓને દૂર કરી જળમાં પધરાવી દેવા કહે છે. તેમજ પહેલાંની જેમ કોઈપણને મળવાનું પણ બંધ કરેલ છે.

ઉપવાસના પારણા કર્યા પછી આહારવિહારમાં કેટલાય ફેરફારો કરવા છતાં તેમની બીમારીની સ્થિતિમાં જરા પણ સુધારો જણાતો નથી. ઊલટાનું હવે શારીરિક નબળાઈ વધી ગયેલ છે.

**મહામાયાનો ભરડો :**

તા. ૧૨/૭ સોમવારના રોજ વાત કરતાં કહે છે, **''અત્યારે મહામાયાએ ભરડો લીધો છે.** ગાયના કાર્યમાં અત્યાર સુધી ડૂબી ગયેલ તેથી કયા કયા પરિબળો અસર કરી રહેલ છે તે જોઈ શકેલ નહીં. પરંતુ હવે આ પરિબળોને હટાવવાનું મુખ્ય છે... પણ મારું તપ ખલાસ થઈ ગયું છે... વધુ થઈ શકે તેમ નથી... જ્યાં સુધી તપ કરતો ત્યાં સુધી બધાનું ધ્યાન રાખતો... કોઈ ભક્તને ઊની આંચ આવવા દીધી નથી. હવે હું અલિપ્ત રહી... નિરાકાર સ્વરૂપે રહેવા ઇચ્છું છું.''

**મહાસમાધિનો આદેશ :**

તા. ૧૮/૭ રવિવારના રોજ કહે છે, **''મારે મહાસમાધિ લેવાનું થાય પણ હું ઈચ્છતો નથી.** મારું શરીર જગત કલ્યાણ અર્થે ટકી રહે તેવી પ્રાર્થના પાંચ ભક્તો કરશે તો ઉપયોગી થશે.'' ભક્તવત્સલ પ્રભુ તો આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિતાપને નિષ્કામપણે સહન કરી જગત હિતાર્થે હજુ પણ વધુ કષ્ટો સહી વિશ્વકલ્યાણનો જ નિરંતર વિચાર કરે છે !

ઉપર્યુક્ત વાતના સમર્થનમાં થોડા સમય પૂર્વે પરમ પૂજ્ય પ્રભુશ્રીએ

ૐ

એક પરમ વિસ્મયકારી દર્શનની વાત કરી હતી. વિશેષ સમજ અર્થે આ દર્શનનું વર્ણન ઉપયોગી થશે.

પરમ પૂજ્ય આત્મન્ પ્રભુશ્રી દીર્ઘ ઉપવાસ અને નિત્યની તપસ્યાના સંદર્ભમાં વિચારી રહેલ કે, આવું અસહ્ય શારીરિક કષ્ટ ક્યાં સુધી સહન કરવાનું હશે? કેટલો સમય આમ જ સહન કરવું ? **''તે જ વખતે પ્રભુશ્રીના શરીરમાંથી સચ્ચિદાનંદ પરમાત્મા બહાર આવ્યા અને પ્રભુશ્રી ને કહે છે ''આમ જુઓ, હું પણ કેટલું સહન કરી રહ્યો છું !''** પ્રભુશ્રીએ જોયું તો સ્વયં પરબ્રહ્મ પરમાત્મા પરસેવાથી રેબઝેબ થઈ ગયેલ અને મુખ પર અસહ્ય કષ્ટની વેદના રહેલી હતી ! પછીથી તે સ્વરૂપ પુનઃ પ્રભુશ્રીમાં સમાય ગયું.

ખુલ્લી આંખે થયેલ આ દર્શન પ્રભુશ્રી અને સચ્ચિદાનંદ પરમાત્મા વચ્ચેનો પરાત્પર સંબંધ સ્પષ્ટ કરતા તેની સમજ આપેલ કે, ''તમે અને હું જુદા નથી તમે જે કંઈ સહન કરો છો તે હું પણ સહન કરી રહેલ છું'' ધન્ય પ્રભુ ! ધન્ય !

પરંતુ આજે (૧૮/૭) સચ્ચિદાનંદ પરમાત્માએ જ મહાસમાધિ લેવાનો આદેશ આપેલ છે. કારણ કે પ્રભુશ્રીનું શરીર હવે ટકી શકે તેમ ન હતું તેમ છતાં પ્રભુશ્રી જગત કલ્યાણ અર્થે શરીર ટકાવવા ઈચ્છતા હતા કારણ કે સંહિતામાં લખ્યા પ્રમાણે તેમનું હજુ પાંચ વર્ષનું આયુષ્ય બાકી હતું.

**સચ્ચિદાનંદ પરમાત્માનું સ્વરૂપ જે દર્શનમાં જોયેલ તે પ્રભુશ્રીના જેવું જ હતું.** એટલે એ રીતે જોતા ઈશ્વર અને તેના અવતાર જુદા નથી અને છતાં અમુક રીતે ભિન્નતા રહેલી છે. આમ અવતારની પૃથ્વી પરની ભૂમિકાનું રહસ્ય આવા ગુઢ અને ગહન દર્શન દ્વારા જાણવા મળતું હતું. એ જ રીતે અવતારને આ અવની પર માનવ સ્વરૂપે આટલું બધું સહન શા માટે કરવું પડે છે તે પણ સમજાતું હતું. પંચમહાભૂતનું (પ્રકૃતિ) શરીર ધારણ કરે ત્યારે આ સહન કરવું પડે છે.

**આમ સચ્ચિદાનંદ આદેશ આપે તેને શબ્દશઃ અનુસરી પ્રભુશ્રીએ જીવનપર્યંત દઢ સંકલ્પ સાથે અમાપ તપસ્યા સાથે કાર્ય કર્યું હતું.**

ૐ

**મહામાયા (અવિદ્યામાયા) પ્રેરિત અસત્ દર્શનો :**

મહામાયાએ પ્રભુશ્રીને ઘેરી લીધા હતા. કારણ કે તેમની પાસે મહામાયાનો પ્રતિકાર કરવા જેટલું તપ હવે રહ્યું ન હતું. ભૂતકાળમાં એક વખત જ્યારે મહામાયા વિષેના રહસ્યનું લેખન કરાવતા હતા ત્યારે જ તે શક્તિએ કહેલ કે 'I will defeat you' પરંતુ સત્યયુગાવતાર પ્રભુશ્રી કહે, **'જે કરવું હોય તે કરે સત્ય તો કહીશ જ'** આમ હવે વિષમ શારીરિક સ્થિતિને લીધે પહેલાં જેટલું તપ ન કરી શકતા પ્રભુશ્રીની સ્થિતિનો લાભ લઇને અસત્ દર્શનો આપી તે શક્તિ ત્રાસ આપી રહેલ હતી.

માયાના અંતરિક્ષના પરિબળો પ્રભુશ્રીને ચેન લેવા દેતા ન હતા. એક વખત હાથમાં કેળાના પતીકાનો વાટકો લઈને બેઠા ત્યાં જ તે... આવીને સામે બેઠા. પ્રભુશ્રી કહે, 'આ વાટકો પાછો લઈ જાઓ, આ બધા અહીં શા માટે આવતા હશે?' આવી રીતે અંતરિક્ષના ઘણા આસુરિક પરિબળો તથા વામમાર્ગી તાંત્રિકો વગેરે અસત્ દર્શનો દ્વારા તેમને હેરાન કરતા હતા. તેને કારણે જ પ્રભુશ્રીએ ભક્તોને ત્યાં પૂજામાં પધરાવેલ પરમાત્માના ચિત્રજીનું વિસર્જન કરવાનો પણ આદેશ આપ્યો હતો.

પ્રભુશ્રીની શારીરિક નબળાઈ હવે ઘણી વધી ગઈ હતી. ઊભા થવામાં પણ મુશ્કેલી પડતી હતી. તેથી ભક્ત શ્રી કિશોરભાઈને બોલાવીને ભીંત પર લાકડાની થાંભલી ટેકા માટે લગાડવા કહ્યું, અને શ્રી કિશોરભાઈએ તે પ્રમાણે આદેશનું પાલન કર્યું. પ્રભુશ્રીએ જોઈને કહ્યું આ તો 'હાથીના પગ જેવી જાડી છે.' શ્રી કિશોરભાઈ ગળગળા થઈ ગયા. પ્રભુશ્રી કહે, ''અત્યારે મારે ભાવ નહિ જ્ઞાનની જરૂર છે. તમો અહિંસાના બેરીકેડ બનો.'' પ્રભુશ્રી આવી સ્થિતિમાં પણ દુઃખ સાથે બોધ આપતા રહેતા.

**પૂજ્ય પ્રભુશ્રીને તમ્મર આવતા પડી ગયા :**

પૂજ્ય પ્રભુશ્રીને મહાસમાધિના આદેશ પછી તેમની સ્થિતિ દિનપ્રતિદિન વધુ ગંભીર જોવા મળતી હતી. તાવ અને નબળાઈ સાથે વારંવાર કફનો હુમલો

ૐ

આવતો હતો. તેથી મોં, ગળું સાફ કરવા વારંવાર ઓસરીમાં જવું પડતું હતું.આ રીતે અશક્તિને કારણે જ્યારે કફ વિસર્જન બાદ ચોકડી સાફ કરી અતિ મુશ્કેલીથી ઓરડામાં પરત ફરીને પથારીમાં સૂવા જતાં હતા ત્યારે એકદમ અચાનક પછડાટ સાથે જમીન પર પડી ગયા અને તમ્મર આવી ગયા. તેઓ મહામહેનતે બેઠા થઈ થોડી ક્ષણો માથું પકડીને બેસી ગયા. ત્યાર પછી તેમણે નારિયેળનું પાણી મંગાવીને પીધું તેથી થોડી રાહત જણાઈ.

પ્રભુશ્રીની આ વિષમ સ્થિતિ ભક્તોથી ક્ષણભર પણ જોઈ શકાતી ન હતી. આવી શારીરિક સ્થિતિ વચ્ચે પણ અત્યાર સુધી ભક્તોની સેવા લેતા ન હતા. અને દિનચર્યાના કાર્યો જાતે જ કરતા હતા !

**પ્રભુશ્રીને ધૂનખંડમાં પધરાવ્યા (તા. ૨૩/૭) :**

પ્રભુશ્રીએ આજપર્યંત કોઈની સેવા લીધી ન હતી. તેમજ આચારના નિયમોનું ચુસ્તપણે શરીરમાં શક્તિ હોય ત્યાં સુધી પાલન કર્યું હતું. અરે, પોતાના કપડાં પણ સ્વયં ધોઈ લેતા હતા ! પરંતુ હવે તે બધું શક્ય ન હતું. છેલ્લા થોડા સમય દરમિયાન તો બે-ત્રણ વખત પડી ગયાનું પણ બન્યું હતું. અને તેથી ભક્ત શ્રી શિવાભાઈએ પ્રભુશ્રીને આગ્રહપૂર્વક વિનંતી કરી કે, **''અમોને સેવા કરવાની આજ્ઞા આપો.''** ત્યાર પછી પ્રભુશ્રીએ મૌન રહીને સંમતિ આપી હતી.

તેથી તા.૨૩/૭થી પૂજ્ય પ્રભુશ્રીને નીચેના ધૂનખંડમાં પધરાવ્યા. અહીં આરામ ખુરશી પર તેમને સૂવડાવેલ હતા કે જેથી વારંવાર બાથરૂમમાં લઈ જવા ખુરશીને ઢસડીને લઈ જઈ શકાય. તેઓશ્રીના શ્રીચરણોને ધૂનખંડના બારણા પાસે નાનકડા ટેબલ પર ટેકવ્યા હતા. અને શ્રી શિવાભાઈ તેમની પાસે બેસી સતત જપ કરતા અને ભગવાનશ્રીનો કફ લૂછતા રહેતા હતા.

પ્રભુશ્રીને શરીરમાં અસહ્ય વેદના થઈ રહેલ હતી. તેઓશ્રી કહેતા કે, **'અત્યારે ચૂનાની ભઠ્ઠીમાં પડ્યો છું મારાથી સહન થતું નથી...'**

ૐ

હવે જ પ્રભુશ્રીની આંતર વેદનાનું વાસ્તવિક સ્વરૂપ જોવા મળતું હતું. શારીરિક પીડાઓ તો સતત રહેતી જ હતી પરંતુ તે સાથે મહામાયા સાથેનું સંઘર્ષમય યુદ્ધ શરૂ થઇ ચૂક્યું હતું. ઉપરાંત અનેકના કર્મો જાણેઅજાણે તેમના પર આવેલા તે પણ પૂરા કરવાના હતા. આ રીતે તેમને થતી શારીરિક-માનસિક પીડા-વેદના સામાન્ય લોકોથી સમજી શકાય નહીં તેવી હતી.

તેઓશ્રી બોલ્યા કે, ''મારી આ સ્થિતિ જોઈ કોઈ એમ ન માનતા કે સત્ય ઈશ્વર નથી... આ સત્ય ઈશ્વર છે... અને છે... **મારે અને પરમાત્મા વચ્ચે એક મર્યાદા રહેલી છે** તેથી તેઓ વધારે કંઈ ન કરી શકે... મારે જ આ બધું સહન કરવું પડે... છેલ્લા સાત મહિનાથી સૂઈ શક્યો નથી... તે શક્તિ સૂવા જ ન દે... મને ગાળી નાખ્યો... ખબર ન પડવા દીધી... પણ જગત કલ્યાણ માટે જ ટકી રહેવા ઇચ્છું છું.''... આવી આવી ઘણી વાતો (પ્રભુશ્રી ભકતોમાં અશ્રદ્ધા ન ઉદ્‌ભવે માટે) તેમની વાસ્તવિક સ્થિતિ વિષેની સમજ આપી કહે છે.

**ભક્તોની વ્યવસ્થા :**

પ્રભુશ્રીને નીચે ધૂનખંડમાં પધરાવ્યા પછી તેમની સેવામાં શ્રી શિવાભાઇ તથા શ્રી વિજયભાઈ બે ભક્તો હતા. જ્યારે શ્રી ભટ્ટભાઇ (આ પુસ્તકના લેખક) તથા શ્રી કિશોરભાઈ બંને પ્રભુશ્રીએ સોંપેલ બહારના કાર્યો કરતા હતા. પ્રભુશ્રીએ તેમની બીમારીના પ્રારંભ પછી ક્રમશઃ નજીકના બધા ભક્તોને તેમનાથી દૂર કરી દીધા હતા.

ઘણા વર્ષોથી પરમ પૂજ્યશ્રીની સાથે જ રહેતા ભક્ત શ્રી રમણીકભાઈ કાટકોરીયાને રાજકોટ છોડી હરિદ્વાર જતા રહેવાનો આદેશ આપેલ હતો. ભક્ત શ્રી ગિરિશભાઈ પલાણને પણ 'શ્યામલ' છોડી જતા રહેવા કહ્યું હતું. અન્ય સાથે રહેતા ભક્તોને શ્રી અમરનાથ ભગવાનની યાત્રાએ મોકલ્યા હતા. પરંતુ શ્રી શિવાભાઈને સૂચના આપેલ કે, તેઓ અમરનાથ યાત્રાએથી પાછા આવે પછી તમારા ઘેર પ્રસાદ લેવડાવી, તેમના ઘરે જતા રહેવા કહેશો. સાથે રહેતા યુવાન ભક્ત શ્રી કિશોરભાઈ સોનીને (પ્રભુશ્રીની માનતા હોવાથી)કાશીના

ૐ

શ્રીસંકટમોચન હનુમાનજીના દર્શને લઈ જવા શ્રી દશરથભાઈને સૂચના આપેલી હતી. ત્યાંથી આવ્યા પછી તેમને પણ તેમના ઘરે લાલપુર જતા રહેવાનું કહ્યું હતું. શ્રી હર્ષદભાઈ વોરાને કાશી કે અન્ય સ્થાને જતા રહેવા કહ્યું હતું. આમ સર્વ કોઈ સાથે રહેતા કે નજીકના ભક્તોને લાગણી, મોહ કે બંધનથી મુક્ત કરાવવા પોતાનાથી દૂર કરેલા હતા. જો કે આ સૌ ભક્તો પર તેમની કૃપા અહર્નિશ વરસતી જ; કોઈને વિમુખ નહોતા કર્યા.

**પૂજ્ય પ્રભુશ્રીનો પ્રાગટ્ય દિવસ (તા. ૨૫/૭ અનંતપંચમી) :**

પ્રભુશ્રીને છેલ્લા બે દિવસથી નીચે ધૂનખંડમાં પધરાવેલ હતા. તેમની સ્થિતિ વધુ ગંભીર થતી જતી હતી. આજે તો અવની પર પરમ કૃપાળુ પ્રભુશ્રીનો પ્રાગટ્ય દિવસ હતો. બે ત્રણ ભક્તો તેમની સેવા-સુશ્રુષા કરી રહ્યા હતા.

ગયા વર્ષે (તા.૫/૮/૮૧) 'શ્યામલ'માં પ્રભુશ્રીના પ્રાગટ્યોત્સવ પર ભક્તોની ભારે ભીડ જોવા મળેલ હતી. ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. ઘણા ભક્તો તો તેમના બાળકો સાથે આવેલ હતા. પ્રભુશ્રીએ સ્વયં પોતાના હસ્તે બાળકોને જમાડયા હતા. સર્વત્ર આનંદમય દિવ્ય વાતાવરણ હતું. પરંતુ આજે સર્વત્ર ઉદાસી છવાયેલી હતી. પ્રભુશ્રીની ગંભીર બીમારીને કારણે કોઈપણને આવવાનું આમંત્રણ કે આજ્ઞા નહોતી. જો કે દેખીતા સૂનકાર વચ્ચે પણ પૂજ્યશ્રીની હાજરીથી ભક્તો દિવ્યભાવ સાથે નિર્ભયતા અનુભવતા હતા.

**તા. ૨૬/૭ સોમવાર :**

ઉમા પ્રેસમાં ચાર લેટરપેડ છાપવા આપેલા હતા. તેમાં 'સત્ય કરુણા...' નો શ્લોક મૂકેલ. શ્રી ભટ્ટભાઈ તેનું પ્રુફ લઈને આવ્યા. પ્રભુશ્રીની સ્થિતિ વાંચી શકે તેવી ન હોવા છતાં તેમને બતાવવું જરૂરી હોય તેમના હાથમાં આપ્યું. આવી સ્થિતિમાં પણ તેમણે પ્રૂફ જોયું અને તેમાં એક નબળો ટાઈપ બતાવ્યો.

તેમના પરમ તેજોમય દિવ્ય આધ્યાત્મિક જીવનનું અંતિમ કાર્ય, તેમના સદ્દુપદેશના સારરૂપ 'સત્ય કરુણા....' ના આ શ્લોકનું પ્રૂફરીડિંગ કર્યું તે હતું.

ૐ

**પુસ્તકની વ્યવસ્થા વિષે સુચના :**

પ્રભુશ્રીએ સ્વહસ્તે કષ્ટમય ઉપવાસ સાથે લખેલ ગૌરક્ષાનું અંગ્રેજી પુસ્તક તત્કાલ પ્રગટ કરવા આદેશ આપ્યો હતો. તે માટે શ્રી કિશોરભાઈ શાહને જરૂરી નોંધ લખાવી શ્રી જયંતિભાઈ ઉદાણી પાસે મોકલ્યા હતા અને તેમને પુસ્તકનું ત્વરીત પ્રકાશન કરવા સૂચના આપેલ હતી, તેમજ પ્રગટ પુસ્તકને તુરત જ પાર્લામેન્ટમાં પહોચાડવા કહ્યું હતું.

ગુજરાતી ગૌરક્ષાના પુસ્તકમાં થોડું છાપવાનું કામ બાકી હતું. તેથી તે કામ શ્રી ભટ્ટભાઈને સોંપ્યું હતું. આ કાર્ય માટે તેમને બે હજાર રૂપિયા પણ આપ્યા હતા અને અધુરું કાર્ય ઉમા પ્રેસમાં પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો. ત્યાં શ્રી આરદેસણાભાઈ તેમને પૂરતો સહકાર આપશે તેમ પણ કહ્યું હતું.

'બ્રહ્મસલિલ' પુસ્તકને તેમને થયેલ અનુભૂતિ અનુસાર જળમાં પધરાવી દેવા કહ્યું હતું. (માયિક શક્તિના અવરોધને કારણે ત્યારે પુસ્તકની ઉપયોગિતા સિદ્ધ થઈ શકે તેમ ન હતી.)

ઉપર્યુક્ત રીતે પરમ પૂજ્યશ્રીએ બીમારી દરમ્યાન પુસ્તકોની વ્યવસ્થા વિષે સૂચના આપેલી હતી.

પ્રભુશ્રીએ બીમારીના છેલ્લા દિવસો દરમ્યાન શ્રી ભટ્ટભાઈને કેટલાક અગત્યના કાર્યો સોંપેલ હતા. તે સાથે કેટલીક નોંધ પણ કરાવેલ હતી.*

પ્રભુશ્રીને ધૂનખંડમાં પધરાવ્યા પછી તેઓ કંઈને કંઈ યાદ આવતી વાત તૂટક તૂટક કહેતા રહેતા હતા. દરેક વાત સાચી હોવા છતા તેમાં અનુસંધાન રહેતું ન હતું.

*** પ્રભુશ્રીએ શ્યામલ અર્થે કરાવેલ નોંધ :-**

- શ્યામલમાં બાથરૂમ પાસે શ્રીશારદા માતાજીના લખાણના સ્થાને 'સત્–શ્રદ્ધા–બ્રહ્મનિષ્ઠા–અનન્યતા, નિષ્કામતા'નું લખાણ મૂકવું. તેમજ શ્રી શારદા માતાજીનું ભજન કેવળ નાની નિર્દોષ બાલિકાએ જ ગાવું.
- 'શ્યામલ'ના રસોડાના દ્વાર પર રહેલ શ્રી ગણેશજીની તકતી દૂર કરવી. શ્રીગણેશજી એ સ્વર્ગના દેવ છે. શ્રી વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ નથી...
- 'શ્યામલ'માં એક બોર્ડ લખીને મૂકવું કે, 'અહીં શ્રી રામલાલા ભગવાનનું જળ આધ્યાત્મિકતા માટે છે, રોગ મટાડવા માટે નથી.'

ૐ

તેમજ તે બધું સ્પષ્ટ સમજાતું પણ ન હતું. કદાચ મગજ પર તાવની સ્થિતિને કારણે પણ બનતું હોય ! તેઓશ્રીએ કહેલી વાતો :

ઘણા ભક્તોના નામ સાથે તેમની ભૂતકાળની વાતો યાદ આવતા કહેતા હતા. ''... આ ભક્ત સકામ હોવા છતાં તેની સકામતાની (મને) ખબર જ ન પડવા દીધી... એ મને ઘણો ત્રાસ આપ્યો છે... તેઓએ ઘણી મદદ કરી છે પણ અત્યારે બદલાઈ ગયા છે... મેં કોઈનું બગાડ્યું નથી... મને માફ કરે...''

આમ અસ્પષ્ટ રીતે ઘણા ભક્તોની સ્મૃતિ મનમાં આવે છે તે અત્યારે કહી દે છે. થોડી વાર પછી બીજી વાત કરે છે

- ''... બેલુર મઠમાં પડ્યો છું તેવા દર્શન થાય છે... તે લોકો બધું ખાય છે... તેણે મિશનને નીચું લાવી દીધું છે...''

આ પ્રમાણે શ્રી રામકૃષ્ણ મિશન વિષે થતા દર્શનોની વાત કરે છે.

એક વખત રાત્રે અચાનક કહે છે, ''મને આશન પર લઇ લ્યો'' વારંવાર આ પ્રમાણે બોલે છે, કંઇ સમજાતું નથી પછી શ્રી શિવાભાઇ ભગવાનના કબાટ

---

- **(ચાલુ)** ભક્તોને કહેવાનું કે, 'કોઈએ અનસન કરવા નહીં'
- 'શ્યામલ'ની ડેલીએ અંદર લોક લગાડવું (બીમારીમાં કોઈ આવે નહીં)

**અન્ય બહારના સોંપેલા કાર્યો :-**

- એક જૂના ભક્તને કહેવાનું કે તેમની ઈચ્છા અંતિમ સમયે મુખમાં રામનું નામ હોય તેવી છે પરંતુ તે તેમના માટે શક્ય નથી (તેમનું જીવન તેને અનુરૂપ હોવું જરૂરી છે,).
- શ્રી જયંતિભાઈ પટેલને ત્યાં જઈ કહેવાનું કે તેઓ ભક્તિ સંગીતનો ઉપયોગ પ્રભુપ્રીત્યર્થે નિષ્કામતાપૂર્વક કરે. તેમજ અન્ય બાબતોની સૂચના આપી છે તે પ્રમાણે રહે.
- જામનગર 'દેવ નિવાસ'માં પડેલી અનિચ્છનીય વસ્તુનું વિસર્જન કરવા કહેવું.
- 'શ્યામલ'માં મહાદેવ પ્રેસની બે ટાઈપની ચેસ તેને ત્યાં પહોંચાડવી.
- ગોંડલ જઈ ત્યાં અખંડધૂનમાં કેટલાક પડદા વગેરે દૂર કરવા.
- અમેરિકા શ્રી મહેશભાઈને તાર કરવો. પ્રભુશ્રીએ તાર આ મુજબ લખાવ્યો. "If you want to see the Darshan of Sat Chit Atman come immediately. First take Ganga Snan."
- એક ભક્તને ત્યાં જઈ કહેવું કે, તેઓ અહીં આવવાની ઈચ્છા ન કરે.
- શ્રી શાસ્ત્રીજીને 'બ્રહ્મસલિલ' પુસ્તકના હિન્દી ભાષાંતરની રકમ ચૂકવી દેવી.
- 'શ્યામલ'ની નજીકના ખાતેદારોની રકમ ચૂકવવી. ('શ્યામલ'ની નજીકના ખાતેદારો– શાક, ફ્રૂટ, મીઠાઈ, કરીયાણુ, દૂધ, કાપડ વગેરેનો હિસાબ શ્રી ભટ્ટભાઈ અન્ય ભક્ત સાથે ચૂકવી આવેલ હતા.)
- સત્યયુગ શ્રી રામજી મંદિરના પૂજારી શ્રી ભગવાનજીભાઈને ત્યાંથી રજા આપી ઘરે જતા રહેવા કહેવું.

ૐ

પાસે નમીને પ્રાર્થના કરે છે અને કહે છે 'પ્રભુશ્રી લઈ લીધા.' પછી પ્રભુશ્રી શાંત થઈ જાય છે.

સવારથી બીજી એક વાત કહેતા હતા કે, ''મારે મુક્તિધામ જાવું છે મને ત્યાં લઈ જાઓ. ગયા વર્ષે ગયેલો ત્યારે ત્યાં પ્રકાશ દેખાયો હતો... મારી શક્તિ (શ્યામરામ) ત્યાં પડેલી છે. ગમે તે થાય પણ મને મુક્તિધામ (નાસિક) લઈ જાઓ.'' પ્રભુશ્રી નાસિક શ્યામરામ ભગવાનના દર્શને અનેક વખત ગયેલા હતા. શ્રી શ્યામરામ પ્રભુ તેઓશ્રીના ઇષ્ટદેવ હતા.

## પ્રભુશ્રીનો 'શ્યામલ'માં અંતિમ દિવસ (તા. ૨૭/૭/૮૨)

પ્રભુશ્રીનો આજે 'શ્યામલ'માં અંતિમ દિવસ હતો. છેલ્લા ચાર દિવસથી ખુરશી પર જ સૂતા સૂતા અસહ્ય વેદનામાં દિવસ-રાત પસાર કર્યા હતા. ચૂનાની ભઠ્ઠીમાં જે બળતરા થાય તેવી પ્રભુશ્રીને પીડા થતી હતી. શરીર સંપૂર્ણ રીતે અશક્ત થઈ ગયુ હતું. હાથ પણ સ્વપ્રયત્ને ઊંચો થઈ શકતો ન હતો. શ્રી શિવાભાઈ તેમના કફ લૂછતા રહેતા હતા.

## આજના દિવસે શું બન્યું તે જાણીએ

વહેલી સવારે પ્રભુશ્રીએ શ્રી શિવાભાઈ તથા શ્રી પદ્યુમનભાઈને સાત હનુમાન (નવાગામ પાસે) દર્શને મોકલ્યા હતા. શ્રી ભટ્ટભાઈ નીચે સૂતા હતા. શ્રી શિવાભાઈએ ત્યાંથી આવી શ્રી ભટ્ટભાઈને જગાડ્યા અને સાત હનુમાન જઈ આવ્યા તે વાત કરી. પછી શ્રી ભટ્ટભાઈ સ્નાન કરી તુરત પ્રભુશ્રી પાસે આવ્યા અને પ્રણામ કરીને બેઠા. પ્રભુશ્રી કહે ''મારી સામે (સીધી)દૃષ્ટિમાં બેસો'' પછી કહે છે 'તમારામાં કેમ પ્રકાશ જતો રહ્યો છે..... ફરી આવશે.... આવશે..... શ્રી જયંતિભાઈ (ભટ્ટ)ની ભગવાન રક્ષા કરે..... તેને કાંઈ ન થાય.....' આવી ઘણી વાતો કરે છે. શ્રી ભટ્ટભાઈ જપ કરતા બેઠા છે ત્યાં કોઈ સમાચાર લાવે છે કે ''શ્રી બચુભાઈ તથા શ્રી સુમનભાઈ જામનગરથી આવ્યા છે.'' પ્રભુશ્રી કહે છે શ્રી બચુભાઈ ભલે ઉપર આવે, સુમનભાઈ ન આવે.

ૐ

આમ પ્રભુશ્રી શ્રી બચુભાઈને અંતિમ સમયે દર્શનની રજા આપે છે. છેલ્લા દિવસોમાં જે કોઈ ભક્તો આવતા તેમને પ્રભુશ્રીએ મળવાની ના કહી હતી. **પરંતુ પ્રભુશ્રીને ભક્ત શ્રી બચુભાઈ પ્રત્યે અનન્ય સ્નેહ હતો.**

શ્રી બચુભાઈ પ્રણામ કરીને પ્રભુશ્રીની બાજુમાં બેસે છે અને આખો દિવસ તેમના કફ લૂછતા સેવા કરે છે. સાંજે મોડેથી થાકી જતા જામનગર પરત જવાની રજા માગે છે. પ્રભુશ્રી સ્નેહપૂર્વક રજા આપે છે અને બીજી પણ કેટલીક વાતો કહે છે...

રાત્રે લગભગ નવ વાગ્યે છ-સાત ભક્તો પ્રભુશ્રીની આસપાસ બેઠા છે અને પ્રભુશ્રી પુનઃ આ ભક્તોને કહે છે, **''મારે મુક્તિધામ જવું છે... ગમે તે થાય પણ મારે મુક્તિધામ જવું છે.''** પ્રભુશ્રી ખૂબ જ મક્કમપણે વારંવાર જવાનું કહે છે. ભક્તો બધા એકબીજાની સામે જુએ છે અને વિચારે છે કે આવી સ્થિતિમાં ત્યાં (નાસિક) કેવી રીતે લઈ જવા ? ભક્તો ચિંતામાં છે અને પ્રભુશ્રી પોતાના નિર્ણય પર અડગ છે.

શ્રી શિવાભાઈ તો લઈ જવાની સ્પષ્ટ ના કહે છે, પરંતુ પ્રભુશ્રીના નિર્ણયને અનુસરવું તો ભક્તો માટે અનિવાર્ય હતું. અંતે ખૂબ જ વિચારણા પછી ભક્તો સંમત થાય છે અને એ રીતે જવાનું નક્કી થાય છે. **પ્રભુશ્રી જે ભક્તોને સાથે લઈ જવા ઈચ્છતા હતા તેના નામ બોલતા જાય છે.** આ પ્રમાણે સાત ભક્તોના નામ બોલે છે.*

**મુક્તિધામ (નાસિક) જવાની તૈયારી :**

મોડી રાત્રે ભક્તોએ નાસિક જવાનો નિર્ણય કર્યા પછી તે માટેની તૈયારી શરૂ કરવામાં આવી. નાસિક મેટાડોરમાં જવાનું નક્કી કર્યું. તે કાર્ય શ્રી રણજિતભાઈને સોંપ્યું. મોડેથી તેઓ મેટાડોર લઈને આવ્યા. દરમ્યાન શ્રી વિજયભાઈએ પ્રભુશ્રીની દરેક લઈ જવાની આવશ્યક વસ્તુઓને યાદ કરી એકત્ર કરી લીધી હતી. ભક્તોએ પણ પોતાના કપડા વગેરે તૈયાર કરી લીધા. ત્યાર પછી પ્રભુશ્રીને કહ્યું, ''ગાડી

---

*પ્રભુશ્રી સાથે નાસિક ગયેલા ભક્તો જે પ્રભુશ્રીએ જાતે જ નક્કી કરેલા હતા : શ્રીશિવાભાઈ, શ્રીપ્રદ્યુમનભાઈ, શ્રીવિજયભાઈ, શ્રીભટ્ટભાઈ, શ્રીકિશોરભાઈ, શ્રીભાર્ગવભાઈ, શ્રીદશરથભાઈ.

ૐ

આવી ગઈ છે હવે નીકળવું છે ને ?'' તેઓશ્રી એ સંમતિ આપતા તેમને ખુરશી સાથે બાથરૂમ પાસે લઈ આવ્યા.

તે વખતે કિશોરભાઈએ અન્ય એક ભક્તને નાસિક સાથે લઈ જવા પ્રભુશ્રીને પૂછ્યું !

પ્રભુશ્રીએ તુરત કહ્યું, ''તેઓ બ્રહ્મચર્યનું પાલન કરશે ? જીવનમાં પવિત્ર રહી શકશે ?''* સૌ કોઈ મૌન થઈ ગયા.

હવે ભક્તો વિચારી રહ્યા હતા કે પ્રભુશ્રીને નીચે કેવી રીતે લઈ જવા. દરમ્યાન પ્રભુશ્રીએ કહ્યું, **'બ્રહ્મકિરણભાઈ (પ્રદ્યુમનભાઈ) પવિત્ર છે. તેઓ નીચે લઈ જશે.'** તેથી પ્રદ્યુમનભાઈએ હળવેથી બે હાથ વડે પ્રભુશ્રીને ઉંચકી ધીમેથી દાદરો ઉતરીને નીચેના ખંડમાં પધરાવ્યા.

ત્યાર પછી મેટાડોરમાં સામાન ગોઠવવામાં આવ્યો અને જે કાંઈ યાદ આવે તે વસ્તુઓ સાથે લઈ લીધી. બધી તૈયારીઓ પૂર્ણ થયા પછી પ્રભુશ્રીને પૂછ્યું, 'નાસિક જવું છે ને?' તો કહે, 'ના' ફરી પૂછ્યું તો કહે, 'હમણાં નહીં' આમ મધ્યરાત્રિ પછી ભક્તો ચિંતામાં હતા કે પ્રભુશ્રી હવે જવાની ના કેમ કહે છે. વહેલી સવારે ફરીથી પૂછ્યું તો કહે 'હા' એટલે ભક્તોને રાહત થઈ. સામાન ગોઠવેલ તૈયાર હતો. માત્ર પ્રભુશ્રીને લઈને મેટાડોરમાં પધરાવવાના હતા.

**'શ્યામલ'થી વિદાય પૂર્વેના કાર્યો પૂર્ણ કર્યા :**

'શ્યામલ'માં ચૌદ વર્ષ સુધી રહીને પ્રભુશ્રીએ જે જગત કલ્યાણ અર્થે કાર્યો કર્યા તે બધા આટોપી લીધા હતા. **જે કોઈને આદેશ, સૂચન કે ઉપદેશરૂપે કહેવાનું**

---

*અંતિમ બીમારીના દિવસોમાં પ્રભુશ્રીનું બ્રહ્મચર્યાત્મક પવિત્રતા માટે સખત આગ્રહ જોવા મળતો હતો. સાષ્ટાંગ પ્રણામ કરવાની પણ ભક્તોને ના પાડી દીધી હતી. (સાષ્ટાંગ પ્રણામથી તે વ્યક્તિનું તમસ પ્રભુશ્રી પર આવતું હતું.) તેમજ અત્યંત નિકટના બે-ત્રણ ગૃહસ્થ ભક્તોને તો બ્રહ્મચર્ય સંબંધે સખત ઠપકો પણ આપ્યો હતો. પ્રભુશ્રી પોતાના નજીકના ગૃહસ્થ ભક્તો પણ બ્રહ્મચર્ય પાળે તેમ ઈચ્છતા હતા પરંતુ પ્રેરણા થાય તેને જ કહેતા હતા.

ૐ

**હતું તે કહી દીધું હતું.** જેને જે કંઈ આપવાનું હતું તે આપી દીધું હતું.

પ્રભુશ્રી તેમના કાર્યમાં કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગીને કંઈ ને કંઈ આપીને ગયા હતા. **તેઓશ્રી કોઈપણનું નાનું સરખું પણ ઋણ રાખવા ઈચ્છતા ન હતા.** તેઓશ્રીએ એક વખત કહેલું કે,

**'જે કોઈએ આ (કાર્ય) કર્યું છે તે માટે મારી પ્રાર્થના છે કે તેમને આધ્યાત્મિકતા સાથે આવશ્યક બધું (દુન્યવી) મળી રહે. ગૌરક્ષાનું (મારું) પુણ્ય દરેકને તેની યોગ્યતાનુસાર મળે.'** આમ ભક્તવત્સલ પ્રભુશ્રી માનવદેહે કરેલ સમગ્ર પુણ્યનું ફળ તેમના અનુયાયીઓને આપીને ગયા હતા ! પ્રભુશ્રીને સ્વઅર્થે પોતાનું કંઈ જ ન હતું. **તેઓશ્રીએ કરેલું સમગ્ર કાર્ય વિશ્વકલ્યાણ અર્થે જ હતું.** પોતાના વપરાશની વસ્તુઓનું પણ જળમાં વિસર્જન કરાવી દીધું હતું.

આમ 'શ્યામલ' છોડતા પૂર્વે તેઓશ્રીએ સંપૂર્ણ સત્યના પાલન અર્થે નાની સરખી બાબતો પણ યાદ કરીને પૂર્ણ કરાવેલ હતી.

**નાસિક (મુક્તિધામ) જવા પ્રસ્થાન : (તા.૨૮/૭/૮૨ બુધવાર)**

લગભગ સવારે ૬:૩૦ વાગ્યે પ્રભુશ્રીને મેટાડોરમાં ડ્રાઈવરની સીટ પાછળ કાળજીપૂર્વક સૂવાડ્યા. હવે એ પણ સમજાયું કે **પ્રભુશ્રી શુભમુહૂર્તની રાહ જોતા હશે એટલે જ રાત્રે જવાની ના પાડતા હતા.**

'શ્યામલ'ની ડેલી બહાર કોઈ કોઈ ભક્ત પ્રભુશ્રીના અંતિમ દર્શન કરવા ઊભા હતા.

ગાડી ઉપડતા પહેલાં અંતર્યામી પ્રભુશ્રી કહે છે, **'આ આનંદયાત્રા છે (માટે) કોઈ ભય રાખશો નહીં, પરમાત્મા બધું જ ધ્યાન રાખશે !'** વાતાવરણ થોડું ભારે હતું. છતાં પરમાત્માએ જ ભક્તોનાં હૃદયમાંથી શોક અને ભય હણી લીધાં હતાં. બધા ભક્તો સ્વસ્થતાથી ગાડીમાં ગોઠવાયા. પ્રભુશ્રીની

સામેની સીટ પર શ્રી ભટ્ટભાઈ, શ્રી શિવાભાઈ, શ્રી વિજયભાઈ અને શ્રી પ્રદ્યુમનભાઈ બેઠા હતા. પાછળની સીટ પર શ્રી કિશોરભાઈ, શ્રી ભાર્ગવભાઈ તથા શ્રી દશરથભાઈ બેઠા હતા. ગાડી ઉપડી ત્યારે ગમગીની હતી. પરંતુ ગાયક ભક્ત **શ્રી ભાર્ગવભાઈએ 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'ની ધૂન બાગેશ્વરી રાગમાં મધુર સ્વરે શરૂ કરી અને તેના મંગલ સ્પંદનોને કારણે પ્રભુશ્રીને પણ ઊંઘ આવી ગઈ.**

પ્રભુશ્રી વચ્ચે જાગી ગયા, તેમનાથી ગાડીનો અવાજ સહન થતો ન હતો. તેથી વારંવાર કહેતા હતા કે, ''મશીન બંધ કરો.'' દસેક વાગે ધોળકા નજીક પહોંચ્યા ત્યારે પ્રભુશ્રીને ખૂબ જ તાવ ચડી ગયો હતો. ભક્તોને ચિંતા થઈ કે શું કરવું ? ધોળકામાં ગાડી ઉભી રાખી બરફ લઈ આવ્યા અને પછી સતત માથા પર બરફ ઘસવાનું ચાલુ રાખ્યું. તેથી રાહત તો થઇ ગઇ પરંતુ પ્રભુશ્રી અવાજ સહન ન થતા ગાડી ઉભી રાખવાનું કહેતા હતા. તેથી ગાડીને ધીમી ગતિએ આગળ ચલાવ્યે જતા હતા. લગભગ ત્રણેક વાગ્યે વડોદરા પહોંચ્યા. ગાડીને અનુકૂળ સ્થળે ઊભી રાખીને પ્રભુશ્રીને સ્નાન કરાવ્યું. ભક્તોએ થોડી વિશ્રાંતિ લીધી અને પછી ફળાહાર કર્યો.

રાત્રે સાડા સાત વાગ્યે વડોદરાથી પુનઃપ્રસ્થાન કર્યું અને વચ્ચે થોડો વખત સુરત રોકાયા હતા. મધ્યરાત્રિએ ડાંગના જંગલમાં પહોંચ્યા હતા. ડ્રાઈવર થાકી ગયેલ અને તેને ઊંઘ આવતી હતી. તેથી રસ્તાની એક બંધ હોટલમાં ગાડી ઉભી રાખી ડ્રાઇવર તથા ભક્તો આરામ કરવા સૂતા. પરંતુ એકાદ કલાક થઈ ત્યાં પ્રભુશ્રીએ ગાડી ઉપાડવા કહ્યું. તેથી ડ્રાઈવરને ઉઠાડી આગળ જવા પ્રસ્થાન કર્યું.

થોડા સમય પછી પ્રભુશ્રીએ ફરી સ્નાન કરવાની ઇચ્છા કરી. તેથી ડાંગના આ ગાઢ જંગલમાં રસ્તાની એક બાજુ ગાડી ઉભી રાખી ચોતરફ ગાઢ અંધકાર અને ઊંચા તોતિંગ વૃક્ષો હતા. **સર્વત્ર ભેંકાર શાંતિમાં માત્ર તમરાનો જ અવાજ સંભળાતો હતો. ગાડીની ડેકીમાંથી ભરેલી પાણીની ડોલ તથા પ્રાઇમસ કાઢી,**

ૐ

**પાણી ગરમ કરીને ગાડીમાં જ પ્રભુશ્રીને સ્નાન કરાવ્યું.** પછી બધું વ્યવસ્થિત કરી ગાડી ઉપાડી. વહેલી સવારે એક આદિવાસીની હોટલે ગાડી ઉભી રાખી ચા પીધો તથા તાપણા પાસે થોડી વાર બેઠા.

આવી રીતે ધીમી અને ઝડપી ગાડી ચલાવતા સાપુતારા વટાવી સવારે લગભગ સાડા નવ વાગ્યે નાસિક-મુક્તિધામ પહોંચ્યા.

**મુક્તિધામ (નાસિક) પ્રથમ દિવસ : (તા. ૨૯/૭/૮૨ ગુરુવાર)**

સવારે લગભગ સાડા નવ વાગ્યે મુક્તિધામ પહોંચ્યા. આ વિશાળ મુક્તિધામ સંકુલમાં આગળના ભાગમાં મંદિર અને તેની પાછળ અતિથિગૃહ છે જેમાં યાત્રીઓને રહેવા માટેની સગવડ છે. **પ્રભુશ્રી માટે ગોવર્ધન બ્લોકમાં રૂમ નં. ૯૪ નિયત કર્યો** અને તેની સામે જ રૂમ નંબર ૮૮ અને ૮૯ ભક્તો માટે રાખેલ.

સૌથી પ્રથમ કાર્ય પ્રભુશ્રીના રૂમની સફાઈ કરી. ત્યાર પછી પ્રભુશ્રીને મેટાડોરમાંથી તેમના રૂમમાં પધરાવ્યા. શ્રી શિવાભાઈ પ્રભુશ્રી પાસે બેઠા અને ભક્તો સ્નાનાદિ કાર્ય અર્થે ગયા.

આ મુક્તિધામ મંદિર તથા નાસિક શહેર ભક્તો માટે અજાણ્યું સ્થળ હતું તેથી અહીં કોઈ પરિચિત પણ હતા નહિ. પ્રભુશ્રી માટે ગાયનું દૂધ તથા અન્ય જરૂરી વસ્તુઓ શોધવામાં થોડી મુશ્કેલી પડી પણ શ્રી હરિની સેવાની તક મળી એથી વિશેષ તો ભક્તોને શું જોઈએ?

ભક્તવત્સલ પ્રભુશ્રી આવી વિષમ શારીરિક સ્થિતિમાં પણ ભક્તોને પૂછે છે 'પ્રસાદ (ભોજન) લઇ આવ્યા ? પ્રસાદ લઇ આવો.' બધા ભક્તો અતિથિગૃહનાં ભોજનાલયમાં પ્રસાદ લેવા ગયા. શ્રી શિવાભાઈએ સતત ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો હતો.

બપોર પછી ભક્તોએ ત્રંબકેશ્વર (જ્યોર્તિલિંગ) દર્શને જવા વિચાર્યું.

પ્રભુશ્રીને પૂછ્યું તો કહે, 'તમે બધા જઈ આવો.' તેથી શ્રી શિવાભાઈ પ્રભુશ્રીની સેવામાં રહ્યા અને બાકીના ભક્તો મેટાડોરમાં ત્રંબકેશ્વર જવા નીકળ્યા. ત્યાં પહોંચી કુંડમાં સૌએ સ્નાન કર્યું. ત્રંબકેશ્વર મહાદેવની ભીના વસ્ત્રે જ પૂજા કરવાનો નિયમ હોવાથી શ્રી વિજયભાઈ સીધા નિજમંદિરમાં જઈ પૂજા કરી. મોડી રાત્રે મુક્તિધામ શ્રી હરિની સેવામાં પાછા ફર્યા.

રાત્રે બધા ભક્તો પ્રભુશ્રીની આસપાસ બેઠા હતા. પ્રભુશ્રીની સ્થિતિ યથાવત હતી. તેઓશ્રીને જે કંઈ યાદ આવતું હતું તેનો અમલ કરવા કહેતા હતા. રાજકોટ 'શ્યામલ'માં બાકી રહેલ કાર્ય પૂર્ણ કરવા કહ્યું. બીજી પણ ઘણી બધી વાતો કહી પરંતુ અસ્પષ્ટ હોવાથી સમજાતી ન હતી. રાત્રે ભક્તોએ રાજકોટ ફોન કરી પ્રભુશ્રીના આદેશ પ્રમાણે અમલ કરવા કહ્યું. રાત્રે શ્રી શિવાભાઈ પ્રભુશ્રી પાસે જ જપ કરતા બેઠા અને બાકીના ભક્તો થાકેલા હોવાથી સૂઈ ગયા.

**બીજો દિવસ : (તા.૩૦/૭/૮૨ શુક્રવાર)**

વહેલી સવારે શ્રી શિવાભાઈએ ભક્તોના રૂમમાં આવી વાત કરી કે, 'પ્રભુશ્રી આજે કઈ તિથિ છે તે પૂછતા હતા અને ભક્તોને ત્રણ દિવસ ઉપવાસ કરવા કહ્યું છે.' પ્રભુશ્રીની વાતનું રહસ્ય સમજાતું ન હતું !

દશેક વાગ્યા પછી પ્રભુશ્રીને સ્નાન કરાવ્યું અને પછી તેઓશ્રીને ખુરશી પર પધરાવ્યા. પ્રભુશ્રીને અસહ્ય નબળાઈ અને વેદના હોવા છતાં આજે થોડા પ્રસન્ન જણાતા હતા. ભક્તો તેમની ખુરશી આસપાસ વીંટળાઈને બેઠા હતા. પ્રભુશ્રીને પૂછ્યું, ''આપ કંઈ લખવા ઇચ્છો છો ?'' તેઓશ્રીએ સંમતિ આપતાં તેમને ચશ્મા તથા કાગળ-પેન હાથમાં આપ્યાં. પરંતુ અશક્તિ એટલી બધી હતી કે માત્ર 'ૐ' મુશ્કેલીથી લખી શક્યા. તેથી તેઓશ્રીએ શ્રી ભટ્ટભાઈને નજીક બોલાવવા સંકેત કર્યો અને તેમની પાસે થોડું લખાવ્યું.

પ્રભુશ્રી ખૂબ જ ધીમું અને તૂટક તૂટક બોલતા હતા. તેથી સંપૂર્ણ સમજી શકાતું

ૐ

ન હતું. તેઓશ્રી પ્રથમ 'સત્ય, કરુણા...'નો શ્લોક બોલ્યા. આ બોલતા ઘણી વાર લાગી પરંતુ સંપૂર્ણ શ્લોક બોલ્યા અને કહ્યું કે, **'આ જ મારા સંપૂર્ણ ઉપદેશનો સાર છે....'** ત્યાર પછી **'આત્મા'** વિષે લખાવ્યું જેનો સાર નીચે પ્રમાણે છે.

**''... મનુષ્યની અંદર રહેલ બીજરૂપ આત્માને ભાવ-ભક્તિ, જ્ઞાન તથા સત્ કર્તવ્ય દ્વારા પૂરેપૂરો ખીલવવામાં આવે તો તે આત્મા બની શકે. આત્માને શાંતિથી ખીલવવા સ્પીડની જરૂર નથી. વિધિવિધાન મારી નાખશે. અમુક સમયે મનુષ્ય આત્મા બનશે. દરેકે આત્મા જ બનવાનું છે પૂર્ણ આત્મા બન્યે તે મુક્તિનો અધિકારી થશે.''**

ત્યાર પછી ભક્તો પોતાના સ્થાને જતા રહ્યા. શ્રી ભટ્ટભાઈ ખુરશી પાસે બેઠા હતા. પ્રભુશ્રી ધીમા સ્વરમાં ગાઈ રહ્યા હતા 'પ્રભુ અંતર્યામી ...જીવન જીવન દીન શરણા... માત-પિતા, બંધુ...' થોડીવાર પછી કહે છે, **'જગત જાણે કે આ જ (સ્વયં) રામલાલા છે, આ જ રામકૃષ્ણ છે અને શિવ પણ આ જ છે !'**

**પ્રભુશ્રીની ગંભીર સ્થિતિ : (શનિવાર થી સોમવાર તા. ૩૧/૭ થી ૨/૮)**

શનિવાર(તા.૩૧/૭)થી પ્રભુશ્રીની સ્થિતિ વધુ ગંભીર થતી જતી હતી. ક્યારેક થોડું બોલતા અને તે પણ સમજી શકાતું ન હતું. **ખુલ્લી આંખે, દીર્ઘ શ્વાસ દ્વારા મહામાયા સાથે મૂક યુદ્ધ કરી રહ્યા હતા.** એક વખત તો પોતાની ચાદર દૂર કરીને સળગાવી નાખવા કહ્યું. (ભક્તોએ પાછળના રવેશમાં તેને બાળી નાખી.) આમ તેઓશ્રીની આંતરસ્થિતિને સમજી શકાતી ન હતી. દિવસ દરમિયાન ક્યારેક થોડું દૂધ કે પાણી લેતા હતા. દવા તો પ્રથમથી જ લેવાની બંધ કરેલ હતી.

આ સાથે બાહ્ય વાતાવરણની ભયાનકતા પણ એટલી જ જોવા મળતી હતી. વાદળીયો વરસાદી અંધકાર સર્વત્ર છવાયેલો હતો અને પવનના જોરદાર સુસવાટા કાળજુ કંપાવી જતા હતા. બારીઓ પણ બંધ રાખવી પડતી હતી. વરસાદી છાંટા અવારનવાર આવતા હતા. આમ છતાં ભક્તો સ્વસ્થતાપૂર્વક સેવાકાર્ય કરતા રહેતા

હતા. પ્રભુશ્રીએ જ (એ વાતમાં લેશમાત્ર સંશય નથી કે તેમના દ્વારા રચિત ભજનની પંક્તિ 'શોક મોચન-મોહ વિમોચન...' અનુસાર) ભક્તોને શોક, મોહ કે ભયની અનુભૂતિ થવા દીધી ન હતી.

નાસિક આવ્યા પછી ભક્તોએ યથાશક્તિ પ્રભુશ્રીની સેવાનું કાર્ય સંભાળી લીધું હતું. શ્રી શિવાભાઈ તો સતત પ્રભુશ્રીની પાસે બેસી અખંડ જપ કરતા રહેતા હતા. માત્ર બે-ત્રણ કલાક જ આરામ કરતા હતા. બ્રહ્મચારી ભક્ત શ્રી વિજયભાઈ પ્રભુશ્રીની અંગત સેવાના કાર્યો કરતા હતા. શ્રી ભટ્ટભાઈ આ કાર્યોમાં સહાય કરતા હતા. જોકે છેલ્લા બે દિવસ તેમને સખત તાવ અને માથાના દુઃખાવાને લઈને માત્ર પ્રભુશ્રીના દર્શન કરી સૂઈ જતા હતા. શ્રી પ્રદ્યુમનભાઈ નિત્ય ૧૦૮ શ્રી હનુમાનચાલીસાના પાઠ કરતા તેમજ અન્ય સેવા કરતા હતા. શ્રી ભાર્ગવભાઈ, શ્રી કિશોરભાઈ તથા શ્રી દશરથભાઈ બહારના બધા કાર્યો તથા સેવામાં સહાય કરતા હતા. વળી સૌ ભક્તો સાથે બેસી સમૂહમાં ધૂન પણ કરતા હતા. આમ પ્રભુશ્રીની કૃપાથી કાર્યની સહજ ગોઠવણ થઈ ગઈ હતી.

શનિવારે સાંજે ભક્તો શ્યામરામ પ્રભુના મંદિરે દર્શન અર્થે ગયા હતા. પ્રભુશ્રીને પૂછ્યું તો કહે 'તેમને અહીં તેડતા આવો !' આમ પ્રભુશ્રીની ગૂઢ આંતરસ્થિતિ સમજી શકાતી નહીં. માત્ર તેમની આજ્ઞાને અનુસરવું એ જ સૌ ભક્તોનું કર્તવ્ય હતું.

રવિવાર (તા.૧/૮)થી પ્રભુશ્રીના શ્વાસોશ્વાસ બદલાઈ ગયા હતા. શરીરમાંથી સંપૂર્ણ શક્તિ જતી રહી હતી અને ખુલ્લી આંખે જ દિવસભર સૂતા રહેતા હતા. તેમને સ્નાન કરાવવા સૂતા સૂતા જ બાથરૂમ પાસે લઈ જવા પડતા હતા. વધુ પડતા સૂતા રહેવાથી ચામડી ઘસાઈ જવાથી તેની પણ બળતરા થતી રહેતી હતી.

**પ્રભુશ્રીની આવી સ્થિતિ હોવા છતાં તેમના ઓરડામાં જો કોઈ અપરિચિત આવી જતું તો તુરત જ તેમને ખ્યાલ આવી જતો અને તેને બહાર**

ૐ

**જતા રહેવા સંકેત કરતા હતા.** એક વખત ડ્રાઈવર ઓરડામાં આવી ખૂણામાં એક બાજુ બેઠા કે તરત જ પ્રભુશ્રીએ તેને બહાર જવાનો સંકેત કર્યો.આમ પ્રભુશ્રી તેમના અંતિમ દિવસોમાં કોઈપણને દૃષ્ટિથી પણ પર રાખવા ઇચ્છતા હતા.

**પરમાત્માનો અવની પરનો અંતિમ દિવસ : (સોમવાર તા.૨/૮/૮૨)**

પરમ પરિબ્રહ્મ પરમાત્મા શ્રી મહાવિષ્ણુ ભગવાનના સત્યાવતાર એવા પરમ કૃપાળુ પતિતપાવન પ્રભુશ્રીનો આજે (તા.૨/૮/૮૨) પૃથ્વી પરનો અંતિમ દિવસ હતો. શ્વાસોશ્વાસની સ્થિતિમાં પણ પરિવર્તન જોવા મળતું હતું. તેમના શ્વાસ રૂંધાઈ રહ્યા હતા. એક વખત શ્વાસ લીધા પછી કેટલીકવારે શ્વાસ આવતો હતો. શરીર તો જોઈ જ ન શકાય તેટલું ક્ષીણ થઈ ગયું હતું. બપોરે ત્રણ પછી તેમની સ્થિતિ કંઈક વધુ ગંભીર જણાતી હતી અને છેલ્લા શ્વાસ ઘૂંટાઈ રહ્યા હતા. તેથી શ્રી શિવાભાઈએ શ્રી વિજયભાઈને દૂધ કરી લાવવા સંકેત કર્યો. તરત જ શ્રી વિજયભાઈ દૂધ કરીને લાવ્યા. ધીમે-ધીમે બે ત્રણ ચમચી દૂધ પીવડાવ્યું અને પછી તરત જ શ્રીહરિ અમ અણસમજુ ભક્તોને છોડીને મહાસમાધિમાં જતા રહ્યા. ત્યારે સમય ૩:૫૦નો થયો હતો. ભક્ત શ્રી પ્રદ્યુમનભાઈ તો હનુમાનચાલીસાના પાઠ કરી રહ્યા હતા જ્યારે અન્ય ભક્તો બાજુના ખંડમાં હતા.

**પ્રભુશ્રી પાંસઠ વર્ષ અને નવમા દિવસે આ પૃથ્વીલોકને છોડી પોતાના સ્વધામમાં પધારી ગયા.**

શ્રી શિવાભાઈ બાજુના ઓરડામાં ભક્તોને બોલાવવા આવ્યા.શ્રી ભટ્ટભાઈ ગઈકાલથી સખત તાવમાં હતા. માથામાં અસહ્ય પીડા પણ થઈ રહી હતી. પરંતુ શ્રી શિવાભાઈએ સમાચાર આપ્યા એટલે ક્ષણના વિલંબ વગર ઊભા થઇ ગયા તાવ સંપૂર્ણ હટી ગયો ! બધા ભક્તો પ્રભુશ્રીની આસપાસ આવીને બેઠા કોઈ કોઈ ભક્ત રડતા પણ હતા.

નાસિકમાં આમ તો કોઈ ઓળખીતું ન હતું. પરંતુ ભક્ત શ્રી કમલભાઈના

મામાના સંબંધી અગાઉ પ્રભુશ્રીની ખબર પૂછી ગયા હતા અને તેમણે આપેલ ફોન નંબર પર વાત કરતા તેઓએ પ્રભુશ્રીની અંતિમ વિધિ માટે માહિતી આપી. દરમિયાન શ્રી કિશોરભાઈ નજીકમાં જ 'મુક્તિધામ' પાસેના ડૉ. થોલેને બોલાવી લાવ્યા. તેમણે પ્રભુશ્રીને તપાસી 'જીવન પૂર્ણ થયું છે' તેમ કહ્યું પોલીસ પણ નિયમ અનુસાર તપાસ કરી ગઈ હતી.

હવે ભક્તોએ સ્વધામ પધારેલ શ્રી હરિ સ્વરૂપ પ્રભુશ્રીના પવિત્ર પાર્થિવ દેહની અંતિમ ક્રિયા માટે વિચારણા કરી, તેઓશ્રીના ચિન્મય શ્રીશરીરને રાજકોટ લઇ જવું કે નાસિકમાં જ અંતિમક્રિયા કરવી એ વિષે રાજકોટ ફોન કરી તેઓશ્રીના કુટુંબીજનોને તથા ભક્તોને સમાચાર આપી તેમનો અભિપ્રાય લેવાનું નક્કી કર્યું.

જોકે ભક્ત શ્રી શિવાભાઈએ તો સ્પષ્ટ કહ્યું કે પ્રભુશ્રીની આજ્ઞાનુસાર નાસિકમાં જ ક્રિયા કરવી અને રાજકોટથી પણ કોઇને બોલાવવાની ના પાડી હતી. પરંતુ ભક્તોએ સર્વસંમતિથી નક્કી કર્યું કે રાજકોટ ફોન કરીને ખબર આપવા. તેથી શ્રી ભટ્ટભાઈ તથા શ્રી દશરથભાઈ નજીકના પી.સી.ઓ. પર ફોન કરવા ગયા. ફોન ઘણા વખત પછી લાગ્યો પણ કોઈ સ્પષ્ટ નિર્ણય જાણવા મળ્યો નહીં. તેથી થોડીવાર પછી ફરી બીજા ભક્તને ત્યાં ફોન કર્યો અને તેમણે સમાચાર આપ્યા કે પ્રભુશ્રીના પૂર્વજીવનના કુટુંબીજનો તથા તેમનું ભક્તવૃંદ રાત્રે મોડેથી નાસિક આવવા નીકળે છે. તેમના સૌના ત્યાં પહોંચ્યા પહેલા અંતિમવિધિ કરશો નહીં.

રાત્રે બધા ભક્તોએ પ્રભુશ્રીને પ્રદક્ષિણા કરી અને પ્રણામ કર્યા તેમની નજીક એક ચિઠ્ઠી વાંચી શકાય તેમ મૂકી કે કોઈએ સ્પર્શથી પ્રણામ કરવા નહીં. રાત્રે પ્રભુશ્રીની સન્મુખ બેસી જપ કરતા બધા ભક્તોએ જાગરણ કર્યું. જો કે થોડી થોડી વાર બધાએ આરામ કરી લીધો હતો.

મુંબઈથી વહેલી સવારે પ્રભુશ્રીના દુન્યવી ભાણેજ લક્ષ્મીચંદભાઈ તથા તેમના પુત્ર આવી ગયા હતા. પરંતુ બપોર થવા છતાં રાજકોટથી કોઈ આવ્યું ન હતું. ભક્તો બધા સતત ચિંતા કરતા હતા. લગભગ ત્રણેક વાગ્યે બે કાર આવી. એકમાં

ॐ

પ્રભુશ્રીના કુટુંબીજનો તથા બીજીમાં ભક્તો હતા. થોડીવાર પછી એક મીની બસ પણ આવી. તેમાં ભક્ત શ્રી કશ્યપભાઈ ભક્તોને લઈને આવ્યા હતા. આમ શ્રી કશ્યપભાઈએ પોતાની મીની બસમાં ભક્તો માટે નિષ્કામ સેવા કરી હતી અને તેથી આ ભક્તોને પ્રભુશ્રીના અંતિમ દર્શનનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

સૌ ભક્તો આવી ગયા હોવાથી હવે પ્રભુશ્રીની અંતિમવિધિનો પ્રારંભ કર્યો. ગોદાવરી નદીનું પવિત્ર જળ લાવવામાં આવ્યું અને પ્રભુશ્રીના ચિન્મય પાર્થિવ શરીરને તેનાથી સ્નાન કરાવ્યું. સફેદ વસ્ત્રો પહેરાવ્યા પછી ચંદન, કંકુ, પુષ્પહાર વગેરે કર્યા. બધા ભક્તો પ્રભુશ્રીની આસપાસ ઊભા રહી ગયા. બ્રહ્મચારી શ્રી વિજયભાઈએ પ્રભુશ્રીના ચિન્મય શરીરની ભાવમય આરતી શરૂ કરી. શ્રી દીપકભાઈએ હાર્મોનીયમ પર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ, બ્રહ્મમંત્રનું ગાન કરાવ્યું. આરતી પૂર્ણ થતા ભક્તોએ પ્રણામ કર્યા. પ્રભુશ્રીના પાર્થિવ શરીરની આ અંતિમ આરતી સાથે ભૂતકાળની અનેક સ્મૃતિઓ તાજી થતી હતી. પ્રભુશ્રીનો છેલ્લો ફોટો લેવાયો. **તેઓશ્રીનું તેજોમય મુખમંડળ અને વધેલી દાઢી સાક્ષાત શ્રી રામકૃષ્ણ ભગવાનની પ્રતીતિ કરાવતા હતા.**

ત્યાર પછી બ્રહ્મમંત્રના સતત સ્મરણ સાથે પ્રભુશ્રીને નીચેના ચોગાનમાં લાવવામાં આવ્યા. ત્યાં મુક્તિધામના કેટલાક અપરિચિત ભાઈઓ હાથમાં પુષ્પની માળા લઈને પ્રભુશ્રીને પહેરાવવા માટે રાહ જોઈને ઊભા હતા. મેટાડોરમાં વચ્ચેની સીટ કાઢી નાખી અને પાછળના દરવાજેથી મેટાડોરમાં પધરાવ્યા બંને બાજુ ભક્તો બેઠા હતા.

પંચવટીના સ્મશાનગૃહે પ્રભુશ્રીને અગ્નિદાહ માટે લાવવામાં આવ્યા. ત્યાં તેમની ચિતા ગોઠવાઈ. મસ્તક પર સુખડ મૂક્યું અને લગભગ સંધ્યાકાળે ૬:૪૦ વાગે બ્રહ્મચારી શ્રી વિજયભાઈએ પ્રભુશ્રીને અગ્નિદાહ આપ્યો. (કૌટુંબિક સંબંધે પ્રભુશ્રીના મોટાભાઈએ તેમના બે વર્ષના પૌત્રને સાથે રાખેલ પણ હસ્ત પાસે અગ્નિ પ્રગટ થતા તે દૂર જતો રહેલ.)

પ્રભુશ્રીને અગ્નિદાહ અપાયા પછી થોડી વારે કેટલાક ભક્તો કારમાં આવ્યા

ૐ

પણ તેમને અંતિમદર્શનનો લાભ મળી શક્યો નહીં.*

લગભગ ૯:૩૦ વાગે પ્રભુશ્રીનું ભૌતિક શરીર પંચમહાભૂતમાં ભળી ગયું. તેમની પવિત્ર ભસ્મ ગોદાવરીના જળમાં પધરાવવામાં આવી પરંતુ ગોદાવરીનું જળ અત્યંત ગંદુ હોવાથી મોટાભાગની ભસ્મ વ્યવસ્થિત રીતે લઈ લીધી અને સાચવીને મેટાડોરમાં રખાવી દીધી. બધા ભક્તોએ પોતપોતાની ગાડીમાં મુક્તિધામ જવા પ્રયાણ કર્યું.

ભક્તોએ મુક્તિધામ પહોંચી સ્નાન કર્યું અને ભોજનાલયમાં પ્રસાદ લીધો. રાત્રે મોડેથી પ્રભુશ્રી સાથે આવેલ ભક્તો રાજકોટ જવા નીકળ્યા તેમની સાથે બીજા ભક્તો પણ જગ્યા હોવાથી નીકળ્યા.


મધ્યરાત્રીએ ડાંગના જંગલમાં રસ્તો ભૂલી ગયા તેથી વહેલી સવાર સુધી રાહ જોઈ પછી આગળ વધ્યા. ભરૂચ પાસે મા નર્મદાજીમાં પ્રભુશ્રીની પવિત્ર ભસ્મ તથા વસ્ત્ર વગેરે પધરાવ્યા. રાજકોટ 'શ્યામલ' રાત્રે ૯:૩૦ વાગે પહોંચ્યા. (શ્રી શિવાભાઈએ તો પ્રભુશ્રીના દેહત્યાગ પછી પાણી પણ પીધું ન હતું આમ બે દિવસ પછી ચા અને પાણી લીધા ધન્ય છે તેમની ટેકને !)

ગયા બુધવારે નીકળ્યા ત્યારે સાક્ષાત શ્રી હરિ સદેહે અમારી સાથે બિરાજતા હતા જ્યારે આ બુધવારે તેઓ સદેહે અવની પર ન બિરાજતાં હોવા છતાં તેમના પરમ તેજોમય દૈદીપ્યમાન શાશ્વત એવા સાકેતપુરીધામ વૈકુંઠ લોકમાંથી સૌ ભક્તો પર અને આ અવનિ પર તેમની દિવ્યકૃપા નિરંતર વરસાવી રહ્યા છે! કેવા અહોભાગ્ય અમ સૌ ભક્તોના કે સાક્ષાત શ્રી હરિના ચરણોમાં અમે સૌ અનેક વર્ષો સુધી રહ્યા ! પરમ કૃપાળુ ભક્તવત્સલ પ્રભુશ્રીએ અમ સૌ નાદાન ભક્તોની અનેક

*રાજકોટથી પ્લેનમાં પાંચ ભક્તો શ્રી ધરમશીભાઈ, શ્રી જયંતિભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ વોરા, શ્રી પિયુષભાઈ તથા શ્રી સુમનભાઈ માધાણી મુંબઈ આવેલા અને ત્યાંથી હર્ષદભાઈ જોબનપુત્રા સાથે કારમાં નાસિક પહોંચ્યા, પરંતુ નાસિકમાં ગેરસમજ થતા સોમેશ્વરના સ્મશાનગૃહે જતા રહેવાથી અહીં પંચવટીમાં વિધિમાં સમયસર પહોંચી શક્યા ન હતા.

ॐ

ભૂલોને પ્રેમથી વિસરાવીને અમને તેમના દિવ્ય જ્ઞાનોપદેશની અમીવર્ષા થકી મોક્ષપિપાસુ પૂર્ણાત્મા બનવાનો ભવ્ય આદર્શ આપ્યો! ધન્ય શ્રી હરિ સત્યયુગાવતાર શ્રી સત્-ચિત્-આત્મન્ પ્રભુ આપના પવિત્ર ચિન્મય શ્રીચરણોમાં અમારા કોટી કોટી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ!



ચિન્મય ચરણોનું પાવન દર્શન

ॐ

परित्राणाय ह्रीं ऋतं विनाशाय च अनृतम् ।
सद्धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ।।

પ્રકરણ - ૧૯

# બ્રહ્મલીલા - સાર

ॐ ह्रीं ऋतम्



ૐ

## સત્ પ્રવર્તક શ્રી આત્મન્ પ્રભુશ્રીના અવતારત્વનું સંક્ષિપ્ત દર્શન :

પરાત્પર બ્રહ્મ પૃથ્વી પર આવી માનવદેહે જે લીલાઓ કરે છે તેને બુદ્ધિગમ્યરીતે તાર્કિક પ્રમાણોથી સમજાવી શકાય નહીં. પરંતુ જેમનું હૃદય શુદ્ધ હોય, મન પૂર્વગ્રહ વગરનું ખુલ્લું હોય અને (અંતરની) પ્રબળ ઉત્કંઠા હોય ત્યારે સ્વયં પરમાત્મા જ કૃપા થકી પોતાના અવતારી સ્વરૂપની પ્રતીતિ કે જ્ઞાનાત્મક અનુભૂતિ કરાવે છે.*

આ રીતે પ્રભુશ્રીની અલૌકિક લીલાની આંતરઅનુભૂતિ દરેક માટે શક્ય ન હોવા છતાં તેમના જીવનની કેટલીક ઘટનાઓ, વ્યવહારો તથા કાર્યો દ્વારા તેમના અવતારત્વનું દર્શન કરી શકાય છે. એ રીતે કોઈપણ ઉચ્ચ કોટિના સંત-ભક્તથી તેમનું જીવન અને કાર્ય ભિન્ન જોવા મળે છે.

હવે પૂ.પ્રભુશ્રીના અવતારત્વના સમર્થનરૂપ મહત્ત્વના કેટલાક મુદ્દાનું ચિંતન કરીએ.

- પ્રભુશ્રીના પ્રાગટ્ય સમયે બનેલી **કંકુંયુક્ત સોપારીની ઘટના** તેમના અવતારી પ્રાગટ્યનો શુભ સંકેત હતો. ત્યાર પછી બાલ્યાવસ્થામાં **નિત્ય મંદિરે દર્શન કરવા જતા ત્યારે સહજ રીતે ધ્યાનમાં ડૂબી એકાગ્ર બની જતા હતા.** અને એ રીતે બચપણથી જ પરમાત્માનું આંતર ખેંચાણ જોઈ શકાતું હતું.

  તેઓશ્રીએ અમેરિકામાં (U.S.A.) ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યું હતું. તેમની સમગ્ર શૈક્ષણિક કારકિર્દી અત્યંત તેજસ્વી રહી હતી. એ રીતે તેમનામાં મેધાવી બૌદ્ધિક પ્રતિભાનું દર્શન થાય છે.

- અમેરિકામાં ચાર વર્ષના અવિરત પુરુષાર્થ પછી પીએચ.ડી અર્થેનો પૂર્ણ મહાનિબંધ સાક્ષાત્કાર થતાં તત્કાળ જળમાં પધરાવી દીધો. **તેઓશ્રીના**

---

*આજ પર્યંત જ્યારે જ્યારે પરિબ્રહ્મ પરમાત્માના અવતારો પૃથ્વી પર આવેલા છે ત્યારે ત્યારે માત્ર કૃપા-પાત્ર વ્યક્તિઓ જ તેમને ઓળખી શક્યા છે. જેમ કે ભગવાન શ્રીરામચંદ્રજીને માત્ર બાર ઋષિઓ જ પૂર્ણ બ્રહ્મના અવતાર રૂપે ઓળખી શક્યા હતા.

ૐ

**દુન્યવી ત્યાગની આ એક અસાધારણ ઘટના હતી.**

- પ્રભુશ્રીને થયેલ પરમ સાક્ષાત્કાર આધ્યાત્મિક ક્રમમાં એક અપવાદ રૂપ કહી શકાય, કારણ કે **તેઓશ્રીને કોઈપણ ગુરુ કે માર્ગદર્શક વગર સાધના કર્યા પૂર્વે જ સીધો સાક્ષાત્કાર થયો હતો.** સામાન્ય રીતે મનુષ્યને વર્ષોપર્યંત તપો સાધના કર્યા પછી જ આ પ્રકારનો સાક્ષાત્કાર થાય છે.
- પ્રભુશ્રીને સાક્ષાત્કાર થતાની સાથે જ પરમાત્માએ તેમનું અવતારી પ્રાગટ્ય તથા પ્રયોજન સ્પષ્ટ રીતે બતાવ્યું હતું. તે સાથે તેની સંપૂર્ણ આંતર પ્રતીતિ પણ કરાવી હતી. અને ત્યાર પછી પ્રભુશ્રીને પરબ્રહ્મ સ્વરૂપ થકી સતત **આધ્યાત્મિક અનુભૂતિઓ (દર્શન, પ્રેરણા, વાણી) થતા રહેતા હતા.** તે અનુસાર ન્યૂયોર્કમાં (U.S.A.) જ તેઓશ્રીએ અકલ્પનીય કઠિન તપોસાધનાનો પ્રારંભ કર્યો હતો.
- ભારતમાં પુનરાગમન કર્યા પછી તેમની વૈશ્વિક તપોસાધના ચાલુ જ રહી હતી. પરંતુ અમુક સમય પછી પરમાત્માએ **તેઓશ્રીને બ્રહ્મભાવે રહેવાનો આદેશ આપ્યો હતો.** તેથી તેઓશ્રીને સ્વઅર્થે અન્ય સાથેના વ્યવહારમાં આ ભાવની પૂર્ણ મર્યાદાને અનુસરવું અનિવાર્ય હતું. તેઓશ્રીના બ્રહ્મભાવની પ્રતીતિ તેમના ઘણા ભક્તો તથા દર્શનાર્થીઓને થઈ હતી. **તેમને પ્રભુશ્રીના સાનિધ્યમાં અનેક વખત તેમના ઈષ્ટ સ્વરૂપના દર્શન થતા હતા.** પ્રભુશ્રી પણ કોઈ કોઈ કૃપાપાત્ર વ્યક્તિને ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિઓ કરાવતા હતા. અહીં એ સમજવું આવશ્યક છે કે કોઈપણ આધ્યાત્મિક અનુભૂતિ સહજ રીતે (દર્શન, પ્રેરણા, ધ્યાન-જ્ઞાન) ભક્તોને કરાવવાનું સામર્થ્ય કેવળ બ્રહ્મપુરુષોમાં જ રહેલું હોય છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુજી, શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી રામકૃષ્ણ ભગવાનના અવતારી જીવનમાં આ બધું જોઈ શકાય છે.
- **આર્ષદષ્ટા પ્રાચીન ઋષિઓએ રચેલ સંહિતાઓ જેવી કે ભૃગુ, વરાહ,**

ૐ

**સૂર્ય, ચંદ્રમા પણ પ્રભુશ્રીના અવતારી પ્રાગટ્ય તથા કાર્યના સંદર્ભમાં સ્પષ્ટ ઉલ્લેખ થયેલ જોવા મળેલ હતો. પ્રભુશ્રીના અવતારત્વનું અત્યંત આધારપૂર્ણ પ્રામાણ્ય આ સંહિતાઓએ પૂરું પાડેલ છે.**

- પ્રભુશ્રીના જીવનમાં નિરંતર **વિશ્વ કલ્યાણની પ્રબળ ઝંખના** જોવા મળતી હતી. **वसुधैव कुटुंबकम्** એટલે કે વિશ્વને જ પોતાનું કુટુંબ માની તેના જ કલ્યાણની સતત ચિંતા તેઓશ્રી કરતા રહેતા. આ કારણે જ તેઓશ્રીને ત્રીસ-ત્રીસ વર્ષ સુધી એકધારી સાધના તથા હાડ ગાળી નાખતી કઠિન તપસ્યા કરવી પડી હતી. આ પ્રમાણેની જીવમાત્રના કલ્યાણની પ્રબળ ઝંખના સાથેની કલ્પનાતિત અમાપ તપસ્યા ઈશ્વરાવતાર દ્વારા જ શક્ય છે.
- શ્રી ભગવત્ ગીતામાં **દૈવી સંપત્તિના ૨૬ સદ્‌ગુણો દર્શાવ્યા છે.** આ બધા જ સદગુણોનું* દર્શન પ્રભુશ્રીના પ્રત્યેક વ્યવહારમાં જોવા મળતું હતું. **જીવમાત્ર પ્રત્યે કરુણા અને પ્રેમ તો તેમનો આત્મા જ હતો.**
- સામુદ્રિક શાસ્ત્ર અનુસાર તેમના શારીરિક અંગો તથા જ્યોતિષશાસ્ત્ર અનુસાર **તેમના જન્મ-ગ્રહો દિવ્ય પુરુષનું પ્રામાણ્ય આપતા હતા.**

ઉપર્યુક્ત સર્વ બાબતોનો ખુલ્લા મને પૂર્વગ્રહ વિના ચિંતનાત્મક અભ્યાસ કરતા પ્રભુશ્રીમા અવતારત્વનું સંપૂર્ણ દર્શન થાય છે. **તેઓશ્રી સાક્ષાત પરિબ્રહ્મ પરમાત્માના અવતાર સ્વરૂપે પૃથ્વી પર આવ્યા હતા.**

**પ્રભુશ્રીનું અવતારી પ્રયોજન :**

પરમાત્માના દરેક અવતારનું આત્યંતિક પ્રયોજન તો

*પૂજ્ય પ્રભુશ્રીમાં વિદ્યમાન સદ્‌ગુણોને વર્ણવીએ તો એક નાનું પુસ્તક બની જાય ! જેમ કે પ્રેમ,કરુણા,ધૈર્ય,તિતિક્ષા,કૃતજ્ઞતા,નિષ્કામતા,શ્રદ્ધા,સાદાઈ,સ્વાશ્રયી,અસંચય,અભય,સમભાવ, પરોપકારિતા,સેવા,અપરિગ્રહ,તપસ્વિતા,સ્થિતપ્રજ્ઞતા,સરળતા,આતિથ્યભાવના,એકાગ્રતા, કરકસર,ઉદારતા... આવા અનેક સદ્‌ગુણો તેમના વ્યવહારમાં પ્રસંગોચિત જોવા મળતા હતા.

ॐ

**परित्राणाय ह्रीं ऋतं विनाशाय च अनृतम् ।**

**सत्-धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ।।-**

જ હોય છે. એટલે કે સત્- (ઋત) ન્યાય નીતિની રક્ષાર્થે અસત્ (મહામાયા)ના વિનાશ અર્થે તથા સત્ધર્મના સંસ્થાપનાર્થે પરમાત્મા પૃથ્વી પર યુગે યુગે અવતરે છે.

પરંતુ દરેક અવતારનું અવતારી કાર્ય ભિન્ન હોય છે. જેમકે શ્રી રામચંદ્રજી ભગવાનનું કાર્ય રાવણ જેવી આસુરિક શક્તિનો નાશ કરવાનું હતું તો શ્રી બુદ્ધ ભગવાનનું કાર્ય મૂકજીવોની રક્ષાર્થે કરુણાના કાર્યો કરવાનું હતું. એ રીતે પ્રભુશ્રીનું પણ નિશ્ચિત અવતારી પ્રયોજન હતું. પરંતુ તેમનું કાર્ય પૂર્વના અવતારોના સમન્વયરૂપ હતું. અને તે અધ્યાત્મ લીલા ઉપનિષદ ભજનની અંતિમ પંક્તિમાં સંક્ષિપ્તપણે વર્ણવ્યું છે.

પ્રભુશ્રીનું અવતારી પ્રયોજન **સારાએ વિશ્વમાં સત્-સંસ્થાપન કરવાનું હતું.** આ ભવ્ય અને વ્યાપક કાર્યની અંતર્ગત પ્રલય નિવારણ તથા ગાય તેમજ મૂકજીવોની રક્ષાનું કાર્ય રહેલું હતું અને તેથી જ અધ્યાત્મ લીલા ઉપનિષદમાં વર્ણવ્યા પ્રમાણે તેઓશ્રીને 'પરમ બ્રહ્મ અવતાર' અવશ્ય કહી શકાય.*

પ્રભુશ્રી વિરચિત આ ઉપનિષદની અંતિમ ત્રણ કડીઓ તેઓશ્રીના અવતારી સ્વરૂપ તથા કાર્યની સચોટ સમજ આપે છે, પરંતુ તે બધુ અહીં વિસ્તૃત રીતે તો સમજાવી શકાય તેમ નથી.

પ્રભુશ્રીને અમેરિકામાં સાક્ષાત્કાર થયા પછી તેમનું અવતારી પ્રયોજન નિશ્ચિત થયું. પરંતુ **તેનું આયોજન તો સમય અને સંજોગો અનુસાર પછીથી નિર્ધારિત થયું હતું.** કારણ કે ઈશ્વરાવતારને તેમના સંપૂર્ણ કાર્યનું આયોજન

*જય જય પરમ બ્રહ્મ-અવતાર, ચિદ્દ્ઘન અધ્યાત્મ-લીલાકાર, ઋતમન, વિશુદ્ધ પ્રેમ- વિસ્તાર; ભગવન્, નિર્વાણશાંતિ-દ્વાર; બ્રહ્મન્, સત્ સંસ્થાપનકાર !

ૐ

અગાઉથી ગોઠવાયેલું હોતું નથી. ‘શ્યામલ’ના નાનકડા મકાનમાં ચૌદ વર્ષ સુધી રહેવાનું કોઈ પૂર્વાયોજન ન હતું. સત્ય તો એ છે કે **ઈશ્વરાવતારનું કાર્ય તો જે તે સંજોગો-સ્થિતિ અનુસાર અહર્નિશ ચાલ્યા જ કરતું હોય છે.** અને તેથી ઈશ્વરાવતારના કાર્યની સફળતા-નિષ્ફળતાનું મૂલ્યાંકન કોઈ મનુષ્ય કરી જ ન શકે. પ્રભુશ્રીએ કહેલું કે, **‘સચ્ચિદાનંદ જ સત્યયુગ લાવવાનો સંકલ્પ કરે છે ત્યારે તે અમોઘ જ હોય છે. શેષ પ્રશ્ન માત્ર સમયગાળાનો જ રહે છે.’** આમ પરમાત્મા જે સંકલ્પ કરે અને તેમના અવતાર પોતાના તપોબળે આ સંકલ્પનું પ્રવર્તન કરે તે અમોઘ જ હોય એટલે કે અવશ્ય થઈ ને જ રહે છે. તેમાં સમયની મર્યાદાનો આધાર લોકસહકાર તથા અંતરંગની નિષ્ઠા પર ઘણો રહે છે.

પ્રભુશ્રીએ ‘સત્-સંસ્થાપન’ના કાર્ય અર્થે ત્રણ મુદ્દાનું વ્યવસ્થિત આયોજન કરેલું અને તે અનુસાર તેઓશ્રી અંતિમ શ્વાસ સુધી કાર્ય કરતા રહ્યા હતા. (જુઓ પ્રકરણ-૧૪)

**પ્રભુશ્રીએ અવતારી-કાર્ય દ્વારા વિશ્વને કરેલું પ્રદાન :**

પ્રભુશ્રીએ તેમની દીર્ઘ તપોસાધના તથા પ્રજ્ઞાનના ફળસ્વરૂપ વિશ્વને ઘણું મૂલ્યવાન આધ્યાત્મિક જ્ઞાન પ્રદાન કર્યું છે જે નીચે પ્રમાણે છે.

(૧) બ્રહ્મ અને માયા આ બંને વિરોધી શક્તિના અસ્તિત્વનું રહસ્યજ્ઞાન જગતને પ્રથમ વખત પ્રભુશ્રીએ સમજાવ્યું છે. આ બ્રહ્મ અને માયાના ભિન્નત્વના સિદ્ધાંતનું તત્ત્વજ્ઞાન જ માનવજગતને તેની આધ્યાત્મિક ઉન્નતિમાં અત્યંત ઉપયોગી બને તેમ છે. (જુઓ પ્રકરણ-૧૧)

(૨) ‘બ્રહ્મ’ શબ્દની એટલે કે પરમાત્માના સ્વરૂપ અને સ્વભાવ દર્શાવતી **એક પરિપૂર્ણ વ્યાખ્યા-‘सत्परं चिद्‌धनं करुणात्मकं ब्रह्म’ આપી છે.** આ વ્યાખ્યા જ ભક્તિ અને જ્ઞાન વચ્ચે સેતુ બની તેમની વચ્ચે રહેલી વિસંવાદિતા હંમેશને માટે દૂર કરે છે.

ૐ

(૩) **બ્રહ્મની વ્યાખ્યા અનુસાર તેમની પ્રાપ્તિના પાંચ સાધન બતાવ્યા છે.** વ્યક્તિ અને વિશ્વને પરમાત્મા સન્મુખ લઈ જઈ તેના દ્વારા સુખ, શાંતિ અને સમૃદ્ધિ અપાવે છે. પ્રભુશ્રીએ આ પાંચ સાધનની મહત્તા તથા માહાત્મ્ય દર્શાવતો એક શ્લોક રચી **(सत्यं, करुणा...)**તેને જ તેમના **સમગ્ર ઉપદેશનો અર્ક (સાર) કહેલ છે** તેમજ તેને નિત્યની આરતીમાં સ્થાન આપેલ છે.

(૪) બ્રહ્મની પ્રાપ્તિના સાધન પ્રભુશ્રીએ સ્પષ્ટ રીતે દર્શાવ્યા તે જ રીતે મહામાયાના પ્રતિકારનું એક અમોઘ સાધન જગતને ભેટ આપ્યું છે. **પ્રભુશ્રીના અવતારી કાર્યની મહાન સિદ્ધિ એટલે 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્ર છે.** આ મંત્ર તેઓશ્રીએ બારવર્ષ અખંડ તપોસાધના તથા પ્રજ્ઞાન દ્વારા વિશ્વમાં પ્રવર્તિત કર્યો છે. આ મંત્રની વિશેષતા એ છે કે તે સ્વયં સંપૂર્ણ અને સિદ્ધ હોવાથી કોઈ પણ મનુષ્ય તેને અપનાવી તેનો યથાર્થ લાભ પ્રાપ્ત કરી શકે છે.

(૫) **પ્રભુશ્રીએ 'પ્રાર્થના'ને કોઈપણ સમસ્યાના ઉકેલ માટેનું અજોડ સાધન બતાવ્યું છે.** તેઓશ્રી તેમના કાર્ય અર્થે નાની-મોટી સમસ્યા ઉદ્ભવતા તેના ઉપાય અર્થે પ્રાર્થના જ કરતા હતા. બ્રહ્મમંત્ર તથા અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ એ બંને પ્રાર્થનાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે.

(૬) વિશ્વ પર પ્રલય જેવી મહાઆપત્તિની શક્યતા હતી ત્યારે તેને અટકાવવા પ્રાર્થના જ એકમાત્ર ઉપાય હતો. તેથી **તે પ્રાર્થના બ્રહ્મમંત્રના માધ્યમ દ્વારા, અખંડ પ્રાર્થનાના ગાન સ્વરૂપે નિજસ્થાનમાં પ્રારંભ કરાવ્યો** અને તેની સંપૂર્ણ પ્રાયોગિક સફળતા સિદ્ધ થયા પછી આ અખંડધૂનને બ્રહ્મયજ્ઞ (અધ્યાત્મ યજ્ઞ અથવા ઋત યજ્ઞ) નામ આપી **એક અમોઘ આધ્યાત્મિક સાધન રૂપે પ્રસ્થાપિત કર્યું.** વિશ્વની કોઈપણ જટિલ સમસ્યાઓના ઉકેલનું સંપૂર્ણ સામર્થ્ય આ બ્રહ્મમંત્રની અખંડધૂનમાં રહેલ છે. પ્રભુશ્રીએ તેમના

ૐ

સમગ્ર અવતારી કાર્યની પૂર્તિ અર્થે અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞને જ એક પરિપૂર્ણ શક્તિશાળી સાધન કહ્યું છે. **વિશ્વમાં સર્વત્ર આવા બ્રહ્મયજ્ઞ પ્રવર્તમાન સ્થિતિમાં અત્યંત આવશ્યક છે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.**

(૭) ઈ.સ.૧૯૭૫થી ઈ.સ.૨૦૦૦ દરમિયાન વિશ્વપરની પ્રલયાત્મક આપત્તિઓની સંભાવનાને મહ્દઅંશે બ્રહ્મમંત્રની અખંડધૂનરૂપી પ્રાર્થના દ્વારા અટકાવી શકાયેલ હતી.

**અવતારી જીવનમાં અવરોધક પરિબળો-સમસ્યાઓ :**

- ઈશ્વરાવતારને તેમના અવની પરના પ્રાગટ્ય સાથે જ મહામાયાના પરિબળો ઘેરી લઈ જીવનના અંત સુધી શાંતિ લેવા દેતા નથી. પ્રભુશ્રીને આ માયાના ઈલાકામાં રહીને જ અવતારી કાર્ય કરવાનું હતું અને તે પણ આ માયા એટલે કે અસત્‌ના પ્રદેશમાં સંપૂર્ણ સત્યના માળખામાં રહીને જ કરવાનું હતું.
- પ્રભુશ્રીને તેમના કાર્યમાં સહાયક બને તેવા સંપૂર્ણ સમર્પિત અંતરંગ ભક્તો મળી શક્યા ન હતા. આનું કારણ એ હતું કે અંતરંગમાં રહેલી સ્વભાવગત નબળાઈઓનો માયા ગેરલાભ લઇ પ્રલોભનો દ્વારા પ્રભુશ્રીના અવતારી કાર્યથી વિમુખ કરી દેતી હતી. તેથી પ્રભુશ્રીને અંતરંગની રક્ષાર્થે વિશેષ તપસ્યા કરવી પડતી હતી. આમ સંપૂર્ણ સમર્પિત ત્યાગી ભક્તોના અભાવે પ્રભુશ્રીનું અપેક્ષિત અવતારીકાર્ય પૂર્ણતયા થઈ શક્યું ન હતું.
- પ્રભુશ્રીને આધ્યાત્મિકતાના સર્વોચ્ચ સિદ્ધાંતોના સંપૂર્ણ પાલન સાથે જ કાર્ય કરવાનું હતું. સત્યનું મન-વચન-કર્મથી પાલન મુખ્ય હોવાથી તેની સીધી અસર આર્થિક વ્યવહારો પર પડતી હતી. તેથી જીવનપર્યંત આ મુશ્કેલી માનસિક તપ રૂપે તેમના સ્વાસ્થ્ય પર અસર કરતી હતી.
- તેઓશ્રીને અવારનવાર પરાત્પર બ્રહ્મ તરફથી આવતી પ્રેરણા, દર્શન કે વાણીને કારણે કાર્યનો ક્રમ અસ્તવ્યસ્ત થઈ જતો હતો. કારણ કે પરમાત્મા જ્યારે જે

ૐ

કહે તેને અનુસરવામાં ન આવે તો મહાહાનિ થવાની સંભાવના રહેલી હતી. આમ પ્રભુશ્રી આંતરપ્રેરણાને શબ્દશઃ અનુસરતા હતા.

- પ્રભુશ્રીને નિત્યની વૈશ્વિકકલ્યાણ અર્થેની તપસ્યા સાથે પ્રસંગોચિત કોઈને કોઈ નિમિત્તે વિશેષ તપસ્યા પણ કરવાની થતી હતી. તેથી ચાલુ કોઈ કાર્ય અટકાવી દેવું પડતું હતું અને વધુ પડતી શારીરીક નબળાઈ પણ કાર્ય કરવામાં કવચિત વિલંબ કરાવતી હતી.

- **માયા-અવિદ્યાના પરિબળો પ્રભુશ્રીના અવતારી કાર્યને અવરોધવા બિનજરૂરી નકામી વ્યક્તિઓને 'શ્યામલ'માં મોકલી ખોટો સમય વેડફાવતા હતા.** તેથી જ કોઈ પણ ત્રાહિત વ્યક્તિને નહીં મળવા નક્કી કરેલું છતાં પરમ કૃપાળુશ્રીની સ્વભાવગત કરુણાને કારણે તે પ્રમાણે થઈ શકતું નહીં.

સંક્ષિપ્તમાં કહીએ તો પ્રભુશ્રીને કાર્ય અર્થે અનુકૂળ સ્થિતિનું સર્જન અવિદ્યા માયા શક્તિએ થવા દીધું ન હતું. અને તેથી જ પ્રભુશ્રી આધ્યાત્મિકતાના વિષય પરનું વિસ્તૃત પુસ્તક લખી શક્યા ન હતા. વૈશ્વિક જનસમાજ બૌદ્ધિક રીતે પુખ્ત હોવાથી આ પુસ્તક જ સત્ અને અસત્ વચ્ચેનો ભેદ સમજાવી સત્-સંસ્થાપનના કાર્યમાં ઉપયોગી થઈ શકે તેમ હતું. પ્રલયાત્મક આપત્તિના નિવારણ તથા અન્ય કારણોને લીધે પણ આ સમાજોપયોગી પુસ્તકનું લેખનકાર્ય અટકાવી દેવું પડયું હતું.

બ્રહ્મભાવે પ્રભુશ્રીને કર્તવ્યરૂપ સતર્કતા પ્રત્યેક ક્ષણે રાખવી પડતી. નાની સરખી ભૂલ કે પ્રમાદ થતાં જ આંતરસ્વરૂપ (સચ્ચિદાનંદ પરમાત્મા) દ્વારા ઠપકો મળતો હતો. તેઓશ્રીના જીવનમાં વિશ્રાંતિ જેવો શબ્દ જ ન હતો. બે-ત્રણ કલાક આવશ્યક આરામ સિવાય નિરંતર ધ્યાન, તપ અને કાર્યમાં જ તેઓશ્રી પ્રવૃત રહેતા હતા. આમ પ્રભુશ્રીનું જીવન કાંટાની શૈયા પર અનેક સંઘર્ષો અને કષ્ટો વચ્ચે વિશ્વકલ્યાણના ઉચ્ચ ધ્યેયને જ સમર્પિત હતું. અને તેમાં પણ અંતિમ વર્ષોના ઉપવાસમાં તેમની સ્થિતિ ભક્તોથી તો જોઈ શકાતી ન હતી. તેઓશ્રીએ એક વખત સહજ વાત કરતા કહેલ કથન તેમની સ્થિતિને સમજવા પર્યાપ્ત છે.

ૐ

"Jesus Christ was on the cross for some time, Whereas I have been constantly on the cross. Right from the day I started 'Sadhna' to this very moment !"

(શ્રી ઈશુપ્રભુ તો થોડા સમય વધસ્તંભ પર રહ્યા હતા, જ્યારે હું તો સાધનાના પ્રારંભથી અત્યારની ક્ષણપર્યંત વધસ્તંભ પર છું !)

આમ પ્રભુશ્રીને સત્-સંસ્થાપનના સર્વોચ્ચ ધ્યેય અર્થે અપાર કષ્ટો અને શારીરિક-માનસિક વેદના સહન કરવી પડી હતી.

**પ્રસિદ્ધિ કે પ્રચારથી અલિપ્તતા :**

પ્રભુશ્રી જીવનપર્યંત લોકસમૂહથી પ્રયત્નપૂર્વક દૂર રહ્યા હતા. જો કે તેઓશ્રીના દર્શનાર્થે સમાજની ઘણી જ અગ્રણી અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આવી ગયેલ હતી. પરંતુ **પ્રભુશ્રી માન-સન્માન કે કીર્તિને તેમના અવતારી કાર્યમાં બાધક માનતા હતા.** તેથી જ તેઓશ્રી તેમની ઓળખ કે જેના દ્વારા પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા વધે તેમ ક્યારેય ઇચ્છતા ન હતા.*

પ્રભુશ્રીએ તેમના અભ્યાસકાળની ઘણી ઘટનાઓ પ્રશંસાના સંદર્ભમાં અમોને કરી ન હતી. (પ્રભુશ્રીના અભ્યાસકાળના મિત્રએ અમોને વાત કરેલ કે રાજ્યશાસ્ત્રના વિશ્વપ્રસિદ્ધ લેખક હેરોલ્ડ લાસ્કી, શ્રી જવાહરલાલ નેહરુ (પી.એમ.) તથા શ્રી ગગનવિહારી મહેતા (અમેરિકામાં ભારતના એલચી) જેવા કેટલાય મહાનુભાવો અમેરિકામાં પ્રભુશ્રીની વિદ્વતાથી અત્યંત પ્રભાવિત થયા હતા.)

પ્રભુશ્રી પર આવતા પત્રોમાં તેમની કોઈએ પ્રશંસા કરી હોય તો તે પત્રને તેઓશ્રી ભગવાનને ધરાવી જળમાં પધરાવી દેતા હતા.

તેઓશ્રીએ તેમના સ્વ-સ્વરૂપની ઓળખ (પરમાત્માના સત્યાવતાર તરીકે)

*પ્રભુશ્રીએ ગૌરક્ષા અર્થે વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ સાથે પત્ર વ્યવહાર કર્યો હતો. વળી તે દરમિયાન બે વખત પ્રાર્થના દ્વારા તેમની જીવનરક્ષા કરેલી હતી. પરંતુ તેઓશ્રીએ આ વાતની કોઈપણ ને જાણ થવા દીધી ન હતી. માત્ર વર્તમાનપત્રોમાં પી.એમ.નું જીવન બચી ગયાનો ઉલ્લેખ જાણવા મળેલ હતો.

ૐ

માત્ર કાર્યમાં સહયોગી અંતરંગ ભક્તોને જ આપી હતી અને તેમને પણ તેમના અંતરાત્માને અનુસરીને જ આ વાત માનવા કહેતા હતા.

**'શ્યામલ'– આધ્યાત્મિક પ્રયોગશાળા :**

પ્રભુશ્રીએ 'શ્યામલ'ને પોતાની આધ્યાત્મિક પ્રયોગશાળા બનાવીને ત્યાંજ સ્વઆચરણ દ્વારા **આધ્યાત્મિક સાધનોની સંપૂર્ણ પ્રાયોગિક સિદ્ધિ** પ્રત્યક્ષ કરી હતી. તેઓશ્રીને જે આંતરઅનુભૂતિ થયેલી તેને તેઓશ્રીએ યોગ્ય સાધનરૂપે જીવોના કલ્યાણમાં પ્રયોજેલ હતી. આ રીતે **તેઓશ્રીએ જે કોઈ આધ્યાત્મિકતાના આદર્શો, મૂલ્યો, સિદ્ધાંતો, નિયમો કે આચારો પ્રસ્થાપિત કર્યા છે તે સમગ્ર માનવજાતને અત્યંત ઉપયોગી બને તેવા છે.**

તેઓશ્રીનું સમસ્ત અધ્યાત્મજ્ઞાન તથા ઉપદેશ સંપૂર્ણ માનવજાતને ઉપયોગી હોવાથી તેમણે પોતાનું સાંપ્રદાયિક કે સંસ્થાકીય વર્તુળ ઉભું કર્યું ન હતું. તેમની સમસ્ત આધ્યાત્મિક સાધનાના નિચોડ સ્વરૂપ આધ્યાત્મિક જ્ઞાન કોઈ સીમિત ક્ષેત્રમાં સ્થાપિત ન થઇ જતા સમગ્ર વિશ્વમાં સંપ્રસારિત થાય તેમ તેઓશ્રી ઇચ્છતા હતા. તેથી જ તેઓશ્રીએ તેમની સંપૂર્ણ આધ્યાત્મિક શક્તિને વ્યષ્ટિ–સમષ્ટિના કલ્યાણમાં જ પ્રયોજી હતી. આમ તેઓશ્રી સન્યસ્તાશ્રમ કે ગૃહસ્થાશ્રમથી પર રહી 'શ્યામલ'ના ભાડાના મકાનમાં વર્ષો સુધી અદભૂત અલૌકિક લીલાઓ કરતા રહ્યા હતા.

પ્રભુશ્રીએ અમૂલ્ય આધ્યાત્મિક સાહિત્ય લખ્યું છે કે જેમાંથી આધ્યાત્મિકતાના પાયાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે સમસ્ત માનવજાતને માયા મુક્ત શુદ્ધ જીવન જીવવાનો માર્ગ ચીંધે છે. તેઓશ્રીએ ભજન, ભક્તિ સંગીત તથા કળાના ક્ષેત્રે પણ અમૂલ્ય પ્રદાન કર્યું છે.

**કરુણાની પરાકાષ્ટારૂપ અંતિમ ચાર વર્ષો :**

પ્રભુશ્રીના અંતિમ ચાર વર્ષ 'કરુણા'ના હતાં. અંતિમ વર્ષોમાં તેમની

ૐ

કરુણાનું આંતરસ્વરૂપ પૂર્ણરૂપે પ્રગટ થઈ બાહ્ય વ્યવહારોમાં જોવા મળતું હતું. ગાય તથા મૂકજીવોની રક્ષા અર્થેનું લેખન કરતા ત્યારે પશુઓ પર થતી અમાનવીય ક્રૂર હિંસાની સ્મૃતિ તેમને અવારનવાર થઈ આવતી અને તેથી તેમનું કરુણાપૂર્ણ હૃદય દ્રવી ઊઠતું. **તેમની આંખોમાંથી અશ્રુધારા એક પ્રવાહ બની વહેવા લાગતો !** આવું દુઃખદ દર્શન અનેક વખત જોવા મળતું હતું. આમ ચાર વર્ષ તેઓશ્રીએ અસહ્ય વેદનામાં પસાર કર્યા. ગાય તથા મૂકજીવો પર આચરવામાં આવતી અમાનુષી હિંસા સ્વયં અનુભવતા. અંતમાં તપો સાધનાથી ક્ષીણ થયેલ ચિન્મય પાર્થિવ શરીરને મહાસમાધિ લેવાનું અનિવાર્ય બન્યું હતું. તેઓશ્રીએ આપેલું બલિદાન તેમના દેહત્યાગ પૂર્વેના નીચેના શબ્દોમાં સમાયેલું છે.

**''જ્યાં સુધી મનુષ્ય માનવેત્તર પ્રાણીઓને સાથે રાખી જીવન જીવશે નહીં, ત્યાં સુધી તે કોઈ દિવસ (પૂર્ણ) સુખી થઈ શકવાનો નથી.''**

સારાંશમાં કહીએ તો પ્રભુશ્રીને આ માયાનું જગત જોઇ અત્યંત દુઃખ થતું હતું. મનુષ્યોનો આ જગત પ્રત્યેનો મોહ-આકર્ષણ જોઈ કહેતા કે, **''આ પૃથ્વીને તમોએ તમારું ઘર કર્યું છે પણ તમારું (સાચું) ઘર તો ઈશ્વર છે.''***

પરમાત્માના સત્ય અવતાર એવા કરુણાનિધાન પ્રભુશ્રી આ જગતથી તો સાવ પર જ હતા. માત્ર ઈશ્વરીય કરુણાથી જીવમાત્રના કલ્યાણ અર્થે પાર્થિવદેહના ભોગે કાર્ય કરતા રહ્યા હતા. કોઈ વખત કહેતા કે 'This is a hell' (આ તો નરક છે !) અહીં રહેવા જેવું નથી, ચોતરફ રાગદ્વેષ, યાતના અને હિંસા જ રહેલા છે. અહીં (પૃથ્વી પર) એક જ લાભ છે કે મનુષ્ય જન્મ દ્વારા (ભક્તિ-સાધના થકી) મુક્તિ મેળવી શકાય છે.

**અંતિમ ઉપદેશ :**

પ્રભુશ્રીએ તેમના અંતિમ ઉપદેશમાં કહેલ છે કે આ જગતના લોકો જો પાંચ સાધન (સત્ય, કરુણા, સત્કર્તવ્ય, બ્રહ્મમંત્ર ધ્યાન (જપ) અને બ્રહ્મચર્યાત્મક

*You have made this earth your home (but) God is your (true) home Jesus Christ.

ૐ

પવિત્રતા) અનુસાર આચરણ રાખશે તો તેઓ ઈશ્વરના રાજ્યના અધિકારી થઈ સાચા સુખ, શાંતિ અને આનંદ સાથે સાત્વિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકશે.

અખંડધૂનરૂપ બ્રહ્મયજ્ઞ જ મનુષ્યને પરમાત્મા સન્મુખ કરવાનું મુખ્ય સાધન છે. સત્ય, કરુણા, સત્કર્તવ્ય અને બ્રહ્મચર્યાત્મ પવિત્રતાના પાલન સાથે જો મનુષ્ય નિરંતર બ્રહ્મમંત્રનું ધ્યાન-સ્મરણ કરે તો તે પરમાત્માને પ્રાપ્ત કરશે જ એમા લેશમાત્ર સંશય નથી જ નથી.

સૂર્ય, ચંદ્ર, ભૃગુ, વરાહ વગેરે પ્રાચીન સંહિતાઓએ જેમના યશોગાન ગાયા છે તેવા મહાન તપરૂપ, પરમ પાવનકારી, કરુણાનિધાન, પ્રજ્ઞાનઘન અને ભક્તવત્સલ પ્રભુશ્રી ને કોટિ કોટિ પ્રણામ.

**'પરમ બ્રહ્મ શ્રી વિષ્ણુ ભગવાનના મહાન અવતાર સાંખ્યેશ્વર શ્રી કપિલ ભગવાને સમજાવેલ પ્રકૃતિ-પુરુષ વિવેક તથા પ્રકૃતિના પોતાના સત્ત્વ, રજસ્ તથા તમસ્ ગુણોના પૃથક્કરણ વિના અધ્યાત્મ વિજ્ઞાન અશક્ય હોત, જેના આધારે જ હાલના અવિદ્યાત્મક સંસારમાંથી પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાને બતાવ્યા પ્રમાણેનો વિદ્યાનો સંસાર શક્ય છે અને આ અધ્યાત્મ વિજ્ઞાન જ સત્યયુગનું સંવિધાન તેમજ તેના સંસ્થાપનની આધારશિલા છે.'**

**- શ્રી સત્ ચિત્ આત્મન્ ભગવાન**

# પરિશિષ્ટ - ૧

## પૂજ્ય પ્રભુશ્રીના સ્વધામ પ્રયાણ પછીની સ્થિતિ પર દ્રષ્ટિપાત

સત્યયુગાવતાર પ.પૂ. શ્રી આત્મન્ ભગવાન નાસિક (મુક્તિધામ)માં તારીખ ૨ ઓગસ્ટ, ૧૯૮૨ના રોજ સ્વધામ પધારી ગયા. પરમાત્માના સ્વધામગમન પશ્ચાત ભક્તોએ હૃદયમાં અવર્ણનીય આઘાતની લાગણી અનુભવી. બીજા દિવસે પ્રભુશ્રીના પાર્થિવ શરીરની અંતિમક્રિયા પંચવટી સ્મશાનગૃહે (ગોદાવરી તટે) ભારે હૃદય સાથે કરવામાં આવી. ઊંડા શોકની લાગણી સાથે રાત્રે પ્રભુશ્રી સાથે ગયેલા ભક્તો રાજકોટ આવવા નીકળ્યા.

બે ત્રણ દિવસ વીત્યા પછી પ્રભુશ્રીના સ્વધામગમન પૂર્વેના નિજસ્થાન ‘શ્યામલ’માં ભક્તો ભેગા થયા અને ભાવિ કાર્ય અર્થે કોઈ નક્કર આયોજનની વિચારણા કરી. પ્રભુશ્રીના મોટાભાઈ શ્રી વલ્લભદાસભાઈ ‘શ્યામલ’ને તેમના કૌટુંબિક વારસારૂપે તેનું સંચાલન થાય તેમ ઇચ્છતા હતા. ભક્તશ્રી શિવાભાઇ નાસિકથી આવ્યા પછી ‘શ્યામલ’માં જ રહેવા ઇચ્છતા હતા. પણ દિવાળી સુધી રોકાઈ પછી તેમના ઘરે જતા રહ્યા હતા અને ત્યાં જ તેમના ઘરના ભોયરામાં ભક્તિસાધના શરૂ કરી હતી. પ્રભુશ્રી સાથે નાસિક ગયેલા મોટાભાગના ભક્તોએ પણ સત્યયુગ શ્રી રામજી મંદિરે જવાનું શરૂ કર્યું કારણ કે આ શ્રી મંદિરની પ્રભુશ્રીએ જ પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. ભક્તોની પ્રબળ ભાવના હોવાથી શનિ-રવિ ૨૪ કલાક અખંડધૂન શરૂ કરવામાં આવી. વધુમાં શ્રી મંદિરનો પાટોત્સવ (દેવદિવાળીએ), શ્રી શારદામાતાજીનો જન્મોત્સવ તથા પૂજ્ય પ્રભુશ્રીનો પ્રાગટ્ય દિવસ, વગેરે ઉત્સવોની ઉજવણી પણ યથોચિત રીતે થતી રહી. પરંતુ ટ્રસ્ટી શ્રી લાભુભાઇનો સક્રિય સહકાર ન હોવાથી ઉત્સાહી ભાવિક ભક્તો વડીલ ભક્ત શ્રી શિવાભાઈને ઘરે આગળના કાર્યના આયોજન અર્થે મળ્યા. આ ભક્તોની ઈચ્છા એક એવા સ્થાનની હતી કે જ્યાં એકનિષ્ઠ ભક્તો સાથે મળીને વિચારવિમર્શ દ્વારા સત્સંગ,

ધૂન તથા પ્રભુશ્રીનું કાર્ય આગળ વધારી શકે. ભક્તોએ તેમનું મંતવ્ય શ્રી શિવાભાઈને જણાવ્યું. ભક્ત શ્રી શિવાભાઈએ થોડું વિચારીને તેમનું દિવાનપરાનું મકાન આ હેતુ અર્થે આપવા સંમતિ દર્શાવી. તા.૧૭-૧૨-૧૯૮૩, શ્રી શારદામાતાજીના પ્રાગટ્ય દિવસે પાંચ ભક્તોએ (શ્રી શિવાભાઇ, શ્રી ભટ્ટભાઈ, શ્રી દેવજીભાઇ, શ્રી વિજયભાઈ, શ્રી મલકાણભાઈ) પૂ. પ્રભુશ્રીના ચિત્રની મંગલ આરતી કરી, અખંડ દીપ પ્રગટાવ્યો અને સ્થાનનું નામકરણ 'શ્રી રામલાલા કુટિર' કર્યું અત્રે સર્વ ભાવિક ભક્તોને ભક્ત શ્રી શિવાભાઈની સદા નિષ્કામ સેવા તથા તપોબળ મળતા રહ્યા. અહીં દર શનિ-રવિ ૨૪ કલાકની અખંડધૂન રાખવામાં આવતી. વીસ-પચ્ચીસ ભક્તોનો સમૂહ અહીં આવતો રહેતો. આ સાથે મંત્ર-લેખન તથા ઉત્સવોની ઉજવણી પણ ભાવપૂર્વક થતી રહેતી હતી. મંત્ર વિષેની સમજ આપતી એક નાની પુસ્તિકા પણ પ્રગટ કરી હતી. આમ ભક્તોમાં અનેરા આનંદ અને ઉત્સાહનો જાણે કે ધોધ વહી રહ્યો હતો. પ્રસંગોચિત પ્રભુશ્રીના જુના ભક્તો જામનગર, મુંબઈ, ગાંધીનગર, અમેરિકા જેવા દૂરના સ્થળોએથી દર્શનાર્થે આવતા રહેતા હતા. અહીંનું નોંધનીય કાર્ય કહીએ તો બે વર્ષ પછી તા.૧૭-૨-૮૬ થી અખંડધૂન શરૂ કરવામાં આવી હતી.

લગભગ અઢી મહિના પછી (તા.૧૫-૫-૧૯૮૬) આ કાર્ય- અખંડધૂન સંજોગોવસાત ભક્ત શ્રી દેવજીભાઇને ત્યાં 'વૃજવિહાર'માં સ્થળાંતરિત કરવામાં આવી હતી. અહીં પણ અખંડધૂન સાથે મંત્રલેખન, ઉત્સવોની ઉજવણી તથા સામૂહિક પ્રસાદનું આયોજન અવારનવાર થતું હતું. આ કાર્યમાં દેવજીભાઈનો સક્રિય સહયોગ મળતો રહેલ હતો. દરમિયાન ભક્ત શ્રી લાભુભાઇ કે જેઓ સત્યયુગ શ્રીરામજી મંદિરના ટ્રસ્ટી હતા તેઓ અહીં આવેલા અને ભક્તોને અખંડધૂન શ્રીસત્યયુગ રામજી મંદિરે કરવા વિનંતી કરેલ. આથી ભક્તોએ સૂચવ્યું કે ત્યાં આઠ-દસ ભક્તો રહી શકે તેવી વ્યવસ્થા થઈ શકે તો જ અખંડધૂન અર્થે ભક્તો ત્યાં આવી શકે. ભક્તોનું સૂચન તેમને યોગ્ય લાગ્યું અને તેઓએ બે

ૐ

ઓરડા-રસોડું વગેરે બંધાવી આપેલ હતા. આમ દેવજીભાઈને ત્યાં ત્રણેક વર્ષ અખંડધૂન ચાલ્યા પછી તા.૨૦-૦૫-૧૯૮૯, બુદ્ધજયંતિના દિવસે સત્યયુગ શ્રી રામજી મંદિરે અખંડધૂન લઈ જવામાં આવી હતી. પરંતુ થોડા સમય પછી અનુભવ્યું કે સભ્યોના અભાવે ધૂન અખંડ રહેતી ન હતી. બ્રહ્મચારી યુવાન ભક્તો શ્રી શશીભાઈ તથા શ્રી સુરેશભાઈ વિતરાગ સોસાયટીમાં રહી એકાંતિક ભક્તિ-સાધના કરતા હતા. પ્રભુશ્રીના કાર્ય અર્થે  તેમનામાં ઘણો જ ઉચ્ચભાવ અને ઉત્સાહ હતો. હરિદ્વારમાં રહીને પાંચ ભક્તોએ (શ્રી શશીભાઈ, શ્રી સુરેશભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી ભટ્ટભાઇ તથા શ્રી કાકરેચાભાઈ) એક માસ અખંડધૂન કરી હતી. તેમજ વરસાદ અર્થે પણ એક માસ વિતરાગ સોસાયટીમાં ધૂન કરી હતી અને તેનું શુભ પરિણામ પણ અનુભવ્યું હતું. આ બંને ભક્તોને સત્યયુગ શ્રી રામજી મંદિરે અખંડધૂનમાં સહભાગી થવા સૂચવ્યું. એ સૂચન વધાવીને તેઓ બંને હૃદયપૂર્વક શ્રી મંદિરે રહેવા આવી ગયા. આમ તા.૧૦-૦૪-૧૯૯૧ એકાદશીથી પુનઃ અખંડધૂન શરૂ કરી જે આજ પર્યંત ચાલુ છે.

પૂ. પ્રભુશ્રીનો દિવ્ય સંકલ્પ હતો કે આ શ્રી મંદિરમાં અખંડધૂન શરૂ થવી જ જોઈએ, જે પૂર્ણ થયેલ છે. પરંતુ તેઓશ્રીએ શ્રી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કર્યા પછી તેના શિખરજીનું અપૂર્ણ કાર્ય ભક્તો પર છોડેલ હતું. તા.૨૩-૦૨-૯૩ શ્રી રામકૃષ્ણ ભગવાનના પ્રાગટ્ય દિવસે શ્રી મંદિરના શિખરજીનું કાર્ય પૂર્ણ થયું હતું. આ દિવસે શ્રી મંદિરના શિખર પર કળશ તથા ધજા ચઢાવેલ હતી. આ સંપૂર્ણ કાર્યમાં ભક્ત શ્રી કરશનભાઇ રાઠોડે આર્થિક સહયોગ આપેલ હતો. ભક્ત શ્રી દલપતભાઈ તથા શ્રી કાંકરેચાભાઈએ નિઃસ્વાર્થભાવે શિખરજીનું સંપૂર્ણ ચણતરકાર્ય કરી આપ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ સર્વ કાર્યની પાછળ પ્રેરક તપોબળ ભક્ત શ્રી શિવાભાઈનું હતું. તેઓશ્રી સવારથી સાંજ સુધી (ચણતરકાર્ય થતું ત્યાં સુધી) અગાસીમાં જ બેસી અખંડજપ કરતા હતા. આમ સાંજે કાર્ય પૂરું થયા પછી જ ઘરે જતા હતા. કળશ વિધિ સંપન્ન થયા પછી ભક્ત શ્રી લાભુભાઇએ ભક્તો અર્થે

ॐ

પ્રસાદનું આયોજન કરેલ તેમજ ઉપર્યુક્ત ભક્તોનું શાલ ઓઢાડી સન્માન કરેલ હતું.

ટ્રસ્ટી ભક્ત શ્રી લાભુભાઇને પ્રભુશ્રી પ્રત્યે અનન્ય નિષ્ઠા તથા ભાવ હતા. તેઓ શ્રીમંદિર અર્થે કંઈક નક્કર આયોજન કરવા ઇચ્છતા હતા. પરંતુ ઈ.સ. ૧૯૯૩, ડીસેમ્બરમાં હૃદયરોગના જીવલેણ હુમલાથી અચાનક પરલોકવાસી થયા હતા. એ પૂર્વે આ રીતે શ્રી મંદિરમાં તેમણે ઘણી સેવા કરી હતી. ત્યાર પછી ભક્ત શ્રી યજ્ઞેશભાઈ દેસાઈએ શ્રી મંદિરનું સંચાલન સંભાળેલ હતું. પરંતુ તેઓ પણ થોડા સમયમાં પરલોકવાસી થયા હતા. ત્યાર પછી પ્રભુશ્રીના જુના ભક્ત શ્રી મણીભાઈ કોટકે શ્રી મંદિરનું સંચાલન સંભાળ્યું હતું અને આજપર્યંત નિઃસ્વાર્થ ભાવે શ્રી મંદિરમાં સેવા આપી રહેલ છે.

ભક્ત શ્રી કરસનભાઇ રાઠોડે કરેલ સેવા પ્રદાનની પણ અત્રે નોંધ લેવી આવશ્યક છે. ભક્ત શ્રી કરશનભાઇ રાઠોડ પ્રભુશ્રીના બાળસખા હતા અને પ્રભુશ્રીના આગ્રહથી જ ઇંગ્લેન્ડ છોડી સેવા અર્થે ભારત આવ્યા હતા. પ્રભુશ્રી પ્રત્યે તેમને અનન્ય ભક્તિભાવ હતા. પ્રભુશ્રીના સ્વધામ-પ્રયાણ પછી તેઓ સતત આર્થિક સહયોગ આપતા રહેલ હતા. તેઓશ્રીએ (શ્રી ભટ્ટભાઈને) બે મહત્ત્વના સૂચન કર્યા હતા. (૧) પૂ. પ્રભુશ્રીના કાર્ય અર્થે એક ટ્રસ્ટની રચના કરવી. (૨) પ્રભુશ્રીના જીવન અને કાર્ય વિષે પુસ્તક પ્રગટ કરવું. તેમના આ બંને સૂચન અનુસાર શ્રી આત્માન ભગવાન ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી અને ઈ.સ. ૮-૮-૧૯૯૭ (શ્રાવણ સુદ-૫, અનંત પંચમીના) દિવસે પ્રભુશ્રીનું જીવન લીલા દર્શન પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું હતું.

શ્રી કરશનભાઈનો ટ્રસ્ટ રચવા પાછળનો ઉદ્દેશ તેઓ મોટી રકમ પ્રભુશ્રીના કાર્યાર્થે આપવા ઇચ્છતા હતા. (જે તેમણે ટ્રસ્ટની રચના થયે આપી પણ હતી.)

આજપર્યંત સત્યયુગ શ્રી રામજી મંદિરમાં ભક્તોના સહયોગ દ્વારા અખંડધૂન, શ્રી મંદિરની નિત્યની સેવાપૂજા, ઉત્સવોની ઉજવણી, સાહિત્ય

ૐ

પ્રકાશન જેવા વિવિધ કાર્યો થઇ રહેલ છે. થોડા વર્ષો પૂર્વે શ્રી મંદિરનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે. જો કે રહેવાસી ભક્તોના નિવાસનું નવીનીકરણ હજુ બાકી જ છે. ગયા શ્રાવણમાસમાં વિ.સ. ૨૦૭૩ શ્રાવણ સુદ-૫, અનંતપંચમી (ઈ.સ.૨૦૧૭) પૂ. પ્રભુશ્રીના પ્રાગટ્યને સો વર્ષ પૂર્ણ થતા શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. શહેરના રાજમાર્ગ પર અતિ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. અનેક સ્થાનો પર પ્રભુશ્રીના ચિત્રજીનું પૂજન-અર્ચન થયું હતું. શ્રી રામકૃષ્ણ આશ્રમના સ્વામીઓએ પણ પૂજન કર્યું હતું. બે દિવસ મહાપ્રસાદ તથા કથા-પ્રવચનના કાર્યક્રમોનું આયોજન થયું હતું.

પ્રવર્તમાન સ્થિતિમાં ભક્ત શ્રી સુરેશભાઈ (સ્વામી સત્યુગાનંદ) શ્રી મંદિરનું સંપૂર્ણ સંચાલન સંભાળી રહ્યા છે. વિપરીત પરિસ્થિતિ અને પ્રતિકૂળ સંજોગોમાં પણ અખંડધૂન તથા સેવા પૂજાનું કાર્ય તેમણે નિષ્ઠાપૂર્વક જાળવી રાખેલ છે. ભક્ત શ્રી શશીભાઈ પણ બાર વર્ષ જુનાગઢ સાધના પૂર્ણ કર્યા પછી અહીં જ સેવામાં છે. આમ પ્રભુશ્રી પ્રતિષ્ઠિત ચૈતન્યસભર શ્રીમંદિરની આંતર-બાહ્ય દર્શનીયતા ભવ્ય બની રહેલ છે.

**પૂજ્ય પ્રભુશ્રીના અન્ય સ્થાનો પર થતા કાર્ય :**

અત્યંત ધ્યાનાકર્ષક અખંડધૂનનું કાર્ય ગોંડલમાં શ્રી બાલાહનુમાનજીની જગ્યામાં થઇ રહેલ છે. પ્રભુશ્રીની હયાતીમાં (ઈ.સ.૧૯૮૦, અષાઢી બીજ) અહીં અખંડધૂન શરૂ કરવામાં આવી હતી જે આજપર્યંત સારી રીતે ચાલી રહેલ છે. રસ્તા પરની બાજુમાં આ નાનકડી હનુમાનજીની દેરીનો ક્રમશઃ વિકાસ થતો રહેલ છે. બાજુમાં જ નવા બંધાયેલ મંદિરના નીચેના ખંડમાં પ્રભુશ્રીના લખાણો તથા ચિત્રજી પધરાવેલ છે. તેની ઉપરના ભાગમાં પૂ.પ્રભુશ્રીની તથા બાજુમાં શ્રી રામચંદ્રજી ભગવાન, શ્રી લક્ષ્મણજી, શ્રી સીતામાતાજી તથા શ્રી હનુમાનજીની શ્રીમૂર્તિઓ પધરાવેલ છે અને તેની બાજુમાં સત્ મહેશ્વર શ્રી શિવ ભગવાનના શિવબાણની પ્રતિષ્ઠા કરેલ છે. નિત્ય સેવા-પૂજા તથા આરતી થાય છે. અત્રે

ૐ

પ્રસંગોચિત ઉત્સવોની ઉત્સાહપૂર્વક ઉજવણી પણ થાય છે. વધુમાં અખંડધૂનનો વ્યાપ આજુબાજુના વિસ્તારો તથા ગ્રામ્યવિસ્તારોમાં પણ સારી રીતે થઇ રહેલ છે.

પૂજ્ય પ્રભુશ્રીનું અધિષ્ઠાન એવા શ્યામલધામમાં પણ પરમાત્માનું કાર્ય થઇ રહેલ છે. (જો કે પર્યાપ્ત માહિતી ઉપલબ્ધ ન હોવાથી અહીં વિશેષ લખેલ નથી.) સ્વ. ભક્ત શ્રી ગિરીશભાઈ પલાણ (સ્વામી શ્રી ૐ શિવગીરી) પણ યથોચિત તેમનાથી શક્ય કાર્ય કરતા રહ્યા હતા. તેમણે પણ ટ્રસ્ટની રચના કરી હતી. જૂનાગઢમાં સ્વ.શ્રી ગુલાબબેન શેઠ પણ અંતિમ સમય સુધી પ્રભુશ્રીનું લેખન-કાર્ય તથા ધૂન કરતા રહ્યા હતા. આ ઉપરાંત અન્ય ભક્તો દ્વારા પણ પ્રેરણાનુસાર પ્રભુશ્રીના કાર્ય-પ્રવૃત્તિ થતા જ હશે જે વિષે માહિતી ઉપલબ્ધ ન હોવાથી તેની નોંધ કરેલ નથી. પ્રભુશ્રીના ઘણા અંતરંગ ભક્તો પરલોક થયા છે. તેમણે પણ પ્રભુશ્રીના કાર્યમાં યથોચિત યોગદાન આપ્યું હતું. તેથી તેમને પણ ભૂલી શકાય તેમ નથી.

સમાપન કરતા અત્રે એ નોંધવું આવશ્યક છે કે પ્રભુશ્રીના સ્વધામ પધાર્યા પછી જે કોઈ સ્થાન પર કાર્ય-પ્રવૃત્તિ (અખંડધૂન) શરૂ કરવામાં આવેલ છે ત્યાં માયા શક્તિ પ્રેરિત વિઘ્નોની સતત અનુભૂતિ થયેલ છે. આ માયાશક્તિએ ભક્તોની પ્રાકૃતિક સ્વભાવગત નિર્બળતાને આધારે તેમની વચ્ચે રાગ-દ્વેષ ઊભા કરી કાર્યને ખંડિત કરી નાખેલ છે. અને એ રીતે કોઈ સુસંગઠિત આયોજન થવા દીધું નથી. છતાં પણ જે કંઈ કાર્ય હાલ થઈ રહેલ છે તે પરબ્રહ્મ પરમાત્મા શ્રી સત્-ચિત્-આત્મન્ પ્રભુશ્રીના દિવ્ય સંકલ્પ અને તેમની નિરંતર અમ ભક્તો પર વરસતી કૃપાને જ આભારી છે. પૂજ્યશ્રીના પવિત્ર ચરણોમાં કોટિ-કોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.


ૐ

# પરિશિષ્ટ - ૨

## પૂજ્ય પ્રભુશ્રીના જન્માક્ષર

| | | |
|---|---|---|
| નામ | : | પી. ડી. માધાણી |
| દેશ | : | ભારત |
| જન્મ સ્થળ | : | વઢવાણ |
| અક્ષાંશ | : | ૨૨ ૪૨ ૦ ઉત્તર |
| રેખાંશ | : | ૭૧ ૪૨ ૦ પૂર્વ |
| જન્મ તારીખ | : | ૨૪-૦૭-૧૯૧૭ |
| દિવસ / વાર | : | મંગળવાર |
| ઈષ્ટ સંપાદિ કાલ | : | ૨-૨૧-૩૬ |
| જન્મ સમય સ્ટેંડર્ડ | : | ૭ - ૦ - ૦ |
| જન્મ સમય સ્થાનિક | : | ૬ - ૧૬ - ૪૮ |
| ઝોનલ સમય | : | ૫ - ૩૦ - ૦ |
| સ્થાનિક સમય તફાવત | : | ૦ - ૪૩ - ૧૨ |
| ટાઈમની ફેરબદલી | : | ૦ - ૦ - ૦ |
| જન્મ તિથિ | : | શુકલ પક્ષ - ૫ - શ્રાવણ |
| યોગ | : | પરિગ્રહ |
| અયનાંશ | : | ૨૨ - ૪૦ - ૨૨ |
| નામાક્ષર | : | પ, ઠ, ણ (પ્રતાપભાઈ) |
| લગ્ન | : | કર્ક |
| લગ્ન સ્વામી | : | ચન્દ્ર |
| રાશિ | : | કન્યા |
| રાશિ સ્વામી | : | બુધ |
| નક્ષત્ર | : | ઉફાલ્ગુની |
| નક્ષત્ર સ્વામી | : | સૂર્ય |

ૐ



પૂજ્ય પ્રભુશ્રીની જન્મ લગ્ન કુંડળી

ૐ

# પરિશિષ્ટ - ૩

## છાયાશાસ્ત્રીનો પત્ર

**પ્રાચીન સંહિતાઓના પ્રખર અભ્યાસી છાયાશાસ્ત્રી શ્રી શાન્તિપ્રસાદ જ. શર્મા દ્વારા પૂ.પ્રભુશ્રીના અવતારી જીવન વિષે પ્રથમ વખત પ્રકાશ પાડવામાં આવ્યો હતો.**

શ્રી નારાયણાય નમઃ

શ્રી ભાસ્કારાય નમઃ
પોસ્ટ ઓફિસ સામે,
પાટણ, (ઉ.ગુજરાત)

સંપાદક શ્રી બ્રહ્મભક્ત,

પ્રભુશ્રીના સંપર્કમાં આવેલ ભક્તજનોને થયેલ દિવ્ય દર્શનો તથા આધ્યાત્મિક અનુભૂતિઓ પુસ્તકાકારે પ્રગટ થઈ રહેલ છે તેવા શુભ સમાચાર મળતાં અતિ આનંદ થયો.

આપ મને થયેલ અનુભવો લખી જણાવવાનું કહો છો પરંતુ જે સ્વયમ્ શુદ્ધ વેદ સ્વરૂપ પ્રભુ જ છે, સત્ય-યુગાવતાર પરમાત્મા છે અને જેમના યશોગાન શ્રી સૂર્ય, ભૃગુ, વરાહ તથા ચંદ્ર જેવી સંહિતાઓએ ગાયાં છે તેના વિષે હું શું વધુ લખું ? હું તો એટલું જ કહી શકું કે મે અનેક સંતો, તપસ્વીઓ તથા વિદ્વાનોનાં ચરિત્રો સંહિતાઓ દ્વારા વાંચ્યા છે પરંતુ આધ્યાત્મિક દિવ્યતા તો મેં ભગવાનશ્રીમાં જ જોયેલ છે.

પ્રભુશ્રીનું પ્રથમ દર્શન મને જામનગર વાડીમાં એક મોટા કમળ પર ૐ સ્વરૂપે થયેલ. બીજા દર્શનો યાદ રહેલ નથી. પરંતુ તેમના વિષેની મેં વાંચેલ સંહિતાઓનો સાર એ જ છે કે તેઓશ્રી સત્-ધર્મ થકી પૃથ્વી પરથી પ્રલયના નિવારણ તથા જગતમાં સત્યયુગના સંસ્થાપન માટે અવતાર ધારણ કરેલ પૂર્ણાવતાર, પરંબ્રહ્મ નારાયણ જ છે.

છાયશાસ્ત્રી
શાન્તિપ્રસાદ જ. શર્માના જય શ્રી પ્રભુ.

ૐ

# પરિશિષ્ટ - ૪

## બ્રહ્મસ્વરૂપ શ્રી હરિહર મુનિ મહારાજના પત્રમાંથી

ડૉ. ઓધડનો ખાંચો
હાઈકોર્ટ સામે, ભાવનગર
સંવત ૨૦૩૨, રામનવમી

પરમ પૂજ્ય, કૃપાળુ, શ્યામલ પરમાત્મા,

જેમ શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતામાં અર્જુનને વિરાટ દર્શન (કરાવ્યુ તેમ આપે પણ કરાવ્યુ) અનંત તેજ–અનહદ, અમાપ, અપાર સૂર્ય–નારાયણ જેવો પ્રકાશ.

પરમ પૂજ્ય આપ અહીં (ભાવનગર) પધાર્યા ત્યારે આપના દર્શન સાક્ષાત્ પરમ પૂજ્ય પરમાત્મા શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવરૂપે થયા હતા. હજુ પણ દરરોજ રાતના બે વાગ્યાથી છ વાગ્યા વચ્ચે (દર્શન) થાય છે.

**બ્રહ્મસ્વરૂપ શ્રી હરિહર મુનિ મહારાજ**

ૐ

# પરિશિષ્ટ - ૫

## સંન્યાસ ધર્મનો આદર્શ

'શ્યામલ'
૧૦, સરદારનગર,
રાજકોટ.
તા. ૨૩/૧૨/૭૧

પ્રતિ,
શ્રી રામકૃષ્ણ મિશન,
બેલુર મઠ, કલકત્તા.

સ્વામી શ્રી વિરેશ્વરાનદજી,

પરમ પૂજ્ય શ્રી (આત્મન્ ભગવાન) આ સાથે સંલગ્ન પત્ર આપશ્રીના અભ્યાસ અર્થે મોકલે છે. તે સંદર્ભ તેમજ તેના અંતિમ ધ્યેયની પૂર્તિ માટે તેઓશ્રી ભારપૂર્વક સૂચન કરે છે, કે આપ એટલા સતર્ક રહો કે શ્રી રામકૃષ્ણ મિશનનાં સાધુઓ સ્ત્રીઓની સાથે હળે મળે નહીં, તેમજ તેઓને (સ્ત્રીઓને) તેમના સાધુઓના ચરણ સ્પર્શ કરવાની ભારતમાં છૂટ ન આપે અથવા પરદેશમાં હસ્તધુનન ન કરવા દે. અને બીજો મુદ્દો એ છે કે તેઓ સાધુઓ દુનિયામાં ગમે ત્યાં વિચરતા હોય ત્યારે માંસાહારી ભોજન ન લે.

પહેલી વાતમાં પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાનનો સ્પષ્ટ ઉપદેશ આપના ખ્યાલમાં લેશો. ''સાધુઓએ સ્ત્રીઓના ફોટા સામે પણ જોવુ જોઈએ નહિ.'' ખોરાક અંગેના નૈતિક વિવેકની બાબતમાં કોઈપણ સાધુએ સંન્યાસ લીધા પછી સંપૂર્ણ શાકાહારી રહેવું જોઈએ અથવા થવું જાઈએ. જો આ આદેશનો ભંગ થાય તો તે (સાધુ) દિક્ષાની પવિત્રતા અને દિક્ષિતપણાના નિયમનું ઉલંઘન કરે છે. કારણ કે દિક્ષા, અન્ય બાબતો સાથે સૂચવે છે કે પોતે (સાધુ) પૂર્ણ રીતે સમર્પિત થયેલ છે.

ૐ

‘‘પ્રાણી માત્રને અભય* આપે છે.

પરમાત્મન્શ્રીના પ્રેમ સહિત સાદર

(આર. એમ. કાટકોરીયા)

નોંધ : આ પત્ર પૂ. પ્રભુશ્રીના 'Compassion the light of Brahm' પુસ્તકમાં આપેલ મૂળ અંગ્રેજીનો અનુવાદ છે. ફૂટનોટ પ્રભુશ્રીએ લખાવ્યા પ્રમાણે વિશેષ સમજ અર્થે લખેલ છે.

---

* ‘અભય’– અહિયાં ‘અભય’ શબ્દ જે સાચા સંન્યાસની આધાર શિલા છે તેનો એક સામાન્ય પણ અતિ મહત્વના પ્રયોગાર્થે કરવામાં આવેલ છે, નહી કે મારી મચડીને, તેના સાચા અર્થને ગુંગળાવી દે કે જેથી તેનો અર્થ જ માર્યો જાય, તેવા અર્થમાં પ્રયોગ કર્યો નથી.

ૐ

# પરિશિષ્ટ - ૬

## (જપનું માહાત્મ્ય)

'શ્યામલ'
૧૦, સરદારનગર,
રાજકોટ.
તા. ૨૪/૨/૭૩

ભાઈશ્રી...

આપનો પત્ર મળ્યો છે. આપના જન્મદિન નિમિત્તે પ્રસાદ સાથે પ્રભુશ્રીએ મોકલેલ લાલ રીફીલ વાળું, વિધિસર ધરાવેલ સુખડનું હોલ્ડર પ્રેરણારૂપે આપના ભજનાનંદમાં અભિવૃદ્ધિ અર્થે હોય, આપના હવે પછીના તે અંગેના શુભ સંકલ્પને તમારી પાસેથી જ સારી રીતે જાણવાની ઇચ્છાથી આ પહેલાનો પત્ર લખવા કહેલ.

તેઓશ્રીને ઘણાં વખતથી થયા કરે છે કે **જેમ એક રૉકેટને ચંદ્ર અથવા કોઈપણ ગ્રહ પર મોકલવામાં complex મશીનરી સાથે તેને યોગ્ય Fuel Power ની પણ જરૂર છે તે રીતે આધ્યાત્મિક ક્ષેત્રે ઉંચે ઉડતા રહેવામાં જ્ઞાન સાથે યોગની જરૂર છે. અને જેનું સરળમાં સરળ સ્વરૂપ સતત નામસ્મરણ છે.**

આ બાબતમાં એક ખાસ યાદ રાખવું એ પણ આવશ્યક છે, કે પરમાત્માનાં કોઈપણ સ્વરૂપમાં તેના પ્રત્યેના આધ્યાત્મિક આકર્ષણને અંગે સ્મરણ સહજ હોય તો પણ તે સ્મરણ નામ સ્મરણની જગ્યાએ મૂકી શકાય નહિ. ધ્યાન અર્થે ફેરવવામાં આવતી (તુલસી અથવા રૂદ્રાક્ષની) માળાને સંસ્કૃતમાં '**स्मरणी**' કહે છે તે પણ સંજ્ઞાત્મક રૂપે સમજવા જેવી હકીકત છે. માળા, કે જેમાં નામ સ્મરણ કરવાનું હોય છે તેને '**स्मरणी**' કહી, સ્મરણનો વાસ્તવિક અર્થ નામ સ્મરણ છે તેની તે યાદી આપે છે. **જપ વગરનું સ્મરણ વાસ્તવિકતામાં તપની વૃદ્ધિ કરતું નથી.** તેતો કરેલ તપ અથવા કૃપાના કારણે તેટલો વખત આનંદ માત્ર આપે છે.

ૐ

જપ અથવા નામ સ્મરણમાં કેટલી શક્તિ છે તેનો ખ્યાલ આપવા પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાનું એક વચન પૂરતું છે પરમાત્મા કહે છે, કે જપ એ પીપળાનું સૂક્ષ્મ બીજ જેવું છે. સામાન્ય રીતે તે નજરે પણ ન પડે છતાં જો એક વખત અંકુરિત થઇ વિકશે તો ફૂલીફાલી એક સુંદર વૃક્ષ બને. તેવીજ રીતે **બીજરૂપ નામ સ્મરણ સતત ચાલુ રહે તો આધ્યાત્મિકતાનું એક સુંદર ઝાડ બની જાય.**

હવે લખાણની બાબત લઇએ તો જે લખાણ તેઓશ્રીએ હાથમાં લીધેલ છે, તે શ્રી રામલાલા શ્રી હરિના ભજનનુ એક world scale ઉપર ચિંતનાત્મક projection જ થવાનું છે. એટલે કે તે પુસ્તકનો નિચોડ, તારતમ્ય અથવા સાર તો આ દિવ્ય ભજન જ રહેવાનું છે. જે તમારી પાસે જ છે. અને જેનો તમોએ ઉંડો ઉત્સાહ યુક્ત અભ્યાસ કરેલ છે. આ સારરૂપ ભજનનો પણ પરમ સાર ''ૐ હ્રીં રામ જય રામ જય જય રામ''માં રહેલ છે. કારણ કે આ **બ્રહ્મમંત્રમાં સત્-શક્તિ અવ્યક્તરૂપે રહેલ છે.** જેનું અર્થયુક્ત સતત રટણ અવશ્ય તે દિવ્યશક્તિને પ્રથમ પોતાના આત્મામાં, આત્મ સાક્ષાત્કાર અથવા પરમાત્મ પ્રાપ્તિરૂપે અને ત્યારબાદ અથવા સાથે સાથે સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન રૂપે પ્રકટ કરનારૂં છે. શ્રી રામતાપીની ઉપનિષદ્‌માં કહેલ છે કે જો મનુષ્ય ૯૬ કરોડ રામનામ લે તો તેના જન્મોજન્મના સઘળા પાપો ધોવાઇ જઇ તે રામસ્વરૂપ બની જાય. હવે જો મનુષ્ય દરરોજ ૧૦ કલાક આ પ્રમાણે જપ કરે તો પણ લગભગ સાડા બાવીસ વર્ષ લાગે. આ પ્રમાણેના જપ દક્ષિણના મહાન સંત શ્રી ત્યાગરાજે કરેલા છે. તે તથા તેનું ત્યાગરાજ સંગીત (જેમાં કેવળ તેમના ઇષ્ટ શ્રી રામચંદ્રજીનાજ ગુણગાન છે)તેની તમોને કદાચ જાણ હશે.

આ ઉપરથી જપનું અસીમ મહત્વ તમો જોઇ શક્યા હશો. ખરી રીતે આ **સતત નામ સ્મરણ આધ્યાત્મિકતાની ગુરુચાવી છે.** શ્રીમદ્ કથામૃતમાં જ એક quotation છે. જેમાં કહેલ છે કે **''જેવાં મનુષ્યના જપધ્યાન તેવો તેનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ અને જેવો તેનો પ્રેમ તેવો તેનો (આધ્યાત્મિક) લાભ અને શ્રદ્ધા બન્ને**

ૐ

**(જપ ધ્યાનથી ઉત્પન્ન થતો પ્રેમ અને પ્રેમથી થતી પરમાત્મ પાપ્તિ)ના મૂળ છે.''**

ઉપરના આ સરળ સત્યને દ્રષ્ટિ સમક્ષ રાખી પ્રભુશ્રી ઇચ્છે છે કે તમો એકજ માત્ર નહિ પણ સારૂં એ ઘર જપ પરાયણ બની, થોડો સમય જ વાંચન માટે રાખો. જે વાંચનમાં શ્રી રામચરિતમાનસ, શ્રીમદ્ ભાગવતનો પહેલો ભાગ, શ્રીમદ્ કથામૃત અને શ્રી ગીતાજી મુખ્યત્વે હોય તેજ ઇચ્છનિય છે.

એજ પ્રમાણે અંગતરીતે તમો ''મા'' મને જે પ્રમાણે રાખશે તે પ્રમાણે હું રહીશ. તેવું વલણ અપનાવી તેમના જ હાથમાં એક કરણ બની જાઓ, તેમ તેઓશ્રી ઇચ્છે છે. જો ''માં'' ની જ ઇચ્છા તમોને જુનાગઢને બદલે બીજી કોઇ જગ્યામાં લઇ જવાની હશે તો તમારા કંઇ પણ કર્યા વગર બધા સંજોગો એવાજ થશે કે તમારે ત્યાં જવાનું થાય અને એ ''મા''ની જ ઇચ્છાથી થઇ રહ્યું છે તે તમો સ્પષ્ટપણે જોઇ પણ શકશો.

પ્રભુશ્રી કહે છે કે તેઓનું સર્વોચ્ચ સ્વરૂપ 'મા' સ્વરૂપેજ આપની સાથે છે એટલે બાહ્ય રીતે સાથે રહી શકાય કે ન રહી શકાય તે બહુ અગત્યનું નથી. પુસ્તક પણ જ્યારે ચોક્કસ આકાર લેશે ત્યારે તમોને જેમ જેમ જપમય થવાનું થશે તેમ તેમ તેઓશ્રીના વિચારો એક અથવા બીજીરીતે તમારી પાસે મૂર્તિમાન થઇ પ્રગટ થતા રહેશે. હાલમાં તો કેવળ ધૈર્ય ધારી દૃઢસંકલ્પ કરી, જપ પરાયણ બનો તેમ તેઓશ્રી ઇચ્છે છે.

એજ.લી. પ્રભુશ્રીના લખાવ્યા પ્રમાણે
રમણીકલાલના જય પરમાત્મન્

તમો આનંદમાં હશો,

તા.ક.: **જપમય જીવન બનાવવા આગ્રહ પૂર્વક કહેવા પાછળનો આશય એ છે કે તે માયાના કોઇપણ પરિબળના દરેક ઉપદ્રવ સામે એક કવચ રૂપ છે.**

ૐ હ્રીં રામ જય રામ જય જય રામ.

ૐ

# શ્રી આત્મન્ પ્રભુશ્રીનું સાહિત્ય

૧. Constitutional Protection of Cows...

૨. Compassion the Light of Brahm.

૩. ધારાસ્થાપિત - ગોરક્ષા - એક નૈતિક આધ્યાત્મિક અનિવાર્યતા

૪. પ્રલય નિવારણ

૫. અધ્યાત્મ લીલા ઉપનિષદ્

૬. આધ્યાત્મિક પત્રો

૭. સત્યયુગ સંસ્થાપન - પ્રલય નિવારણ

૮. પૂજાતી પ્રતિમાઓની .....

વિશેષ માહિતી માટે :

http://preventionofdisasters.in/